# જૈન સાહિત્ય વિમર્શ

## (જૈન તીર્થ, સજ્ઝાય અને ભાવના)


સંપાદન :
ગુણવંત બરવાળિયા, ડો. અભય દોશી,
ડો. માલતીબહેન શાહ, ડો. સેજલ શાહ





પ્રકાશક
વીરતત્વ પ્રકાશક મંડળ - શિવપુરી - શ્રી રૂપમાણક ભણશાલી
ટ્રસ્ટ મુંબઈ

1926-13

# જૈન સાહિત્ય વિમર્શ

(જૈન તીર્થ, સજ્ઝાય અને ભાવના)

: સંપાદન :


ગુણવંત બરવાળિયા

ડો. અભય દોશી

ડો. માલતીબહેન શાહ

ડો. સેજલ શાહ


શ્રી મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈ

આયોજિત

**૨૩મો જૈન સાહિત્ય સમારોહ**

**સૌજન્ય : રૂપ-માણક ભણશાલી ટ્રસ્ટ**

સ્થળ : સોનગઢ - સૌરાષ્ટ્ર,

તા. ૪ થી ૮ ફેબ્રુઆરી-૨૦૧૬

પ્રાપ્ત શોધપત્રો નિબંધોનું સંકલન


: પ્રકાશક :

શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ - શિવપુરી

તથા

શ્રી રૂપ-માણક ભણશાલી ટ્રસ્ટ

૧૨૮/૧૨૯ મિતલ ચેમ્બર્સ,

નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.

Ph. : 022-66376491

**Jain Sahitya Vimarsh**

**Edited by:** Gunvant Barvalia, Dr. Abhay Doshi,
Dr. Malati Shah & Dr. Sejal Shah
July-2018

**Sponsord by :**
Roop - Manak Bhansali Trust
Collection & Reserach paper of
23nd Jain Sahitya Samaroh
Feb. - 2016, at Songardh Shurashrta
Mahavir Jain Charitra kalyan Ratnashrana.....

**Organised by :** Mahavir Jain Vidyalaya
Mumbai - Co. Ordination Dr. Dhanvant Shah

**Price Rs. 200.00**

**Publisher :** Shree Veertatva Prakashak Mandal
Samadhi mandir - UTP Chowk
Shivpuri - 473551.
Mukesh Bhanavat - 09425136615

Guaileble at -
Roop-manak Bhansali Trust
128-129 Mital Chamber
228, Nariman point, Mumbai-400021.
Ph. : 022-66376491, M. : 9987106501

**જૈન સાહિત્ય વિમર્શ**
સોનગઢ મુકામે યોજાયેલ ૨૩મા જૈન સાહિત્ય સમારોહના પ્રાપ્ત શોધપત્રોનો
સંચય રૂપ-માણક ભણશાલી ચૅરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી
શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત

**સંયોજક** : **ડૉ. ધનવંત શાહ**
**પરામર્શક** : **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
**મુદ્રણ વ્યવસ્થા** : **સસ્તું પુસ્તક ભંડાર - અમદાવાદ.**

# જૈન સાહિત્ય વિમર્શ

## સંપાદકીય...

શ્રી મહાવીર જૈન વિદ્યાલય ૧૯૭૭થી શ્રુતયજ્ઞરૂપ જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરે છે. જેમાં ચોક્કસ વિષયો વિદ્વાનોને અગાઉથી જણાવી, તેમના શોધ નિબંધો પ્રસ્તુત કરવાનું આમંત્રણ આપવામાં આવે છે.

૨૩મો જૈન સાહિત્ય સમારોહ તા. ૪ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના સોનગઢ (જિ. ભાવનગર) મુકામે યોજાયો. જેમાં ચાર વિષયો પર વિદ્વાનોએ પોતાના શોધપત્રો પ્રસ્તુત કર્યા હતા.

**પહેલો વિષય :** 'જૈન આગમ અને પરમાગમ વિશેના સાહિત્ય પરનું સાહિત્ય' આ વિષયમાં ૩૯ વિદ્વાનોના પ્રાપ્ત શોધપત્રોનો સંચય 'આગમ અવગાહન' રૂપે સમારોહના સમયે જ પ્રગટ કરવામાં આવ્યો હતો.

**બીજો વિષય :** તીર્થ સંબંધી સાહિત્ય.

**ત્રીજો વિષય :** જૈન સજ્ઝાય.

**ચોથો વિષય :** બાર ભાવના અને ચાર પરભાવના આ ત્રણે વિષયના કેટલાંક શોધપત્રોના સંચયને ***'જૈન સાહિત્ય વિમર્શ'*** રૂપે ગ્રંથસ્થ કરી પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

સાહિત્ય સમારોહમાં ભાગ લેનાર તમામ વિદ્વાનોનો આભાર માનીએ છીએ.

સૌજન્ય માટે 'વીરતત્વ પ્રકાશક મંડળ', શિવપુરી રૂપ-માણક ભણશાલી ટ્રસ્ટ, સુંદર આયોજન માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈનો આભાર. સતત માર્ગદર્શન માટે ડૉ. કુમારપાળ દેસાઈનો આભાર.

ડૉ. ધનવંતભાઈ શાહના સતત સંપર્ક પુરુષાર્થને કારણે સાહિત્ય સમારોહને સફળતા મળી હતી. આજે આપણી વચ્ચે નથી એવા શ્રુત પૂજક ડૉ. ધનવંતભાઈ શાહની પાવન સ્મૃતિને આ તકે અભિવંદના કરીએ છીએ.

સમયસરના આ સમગ્ર સુંદર મુદ્રણકાર્ય માટે સસ્તું પુસ્તક ભંડારના વિજયભાઈ તથા યોગેશભાઈનો આભાર.

**ગુણવંત બરવાળિયા**
**ડો. અભય દોશી**
**ડો. માલતીબહેન શાહ**
**ડો. સેજલ શાહ**

મુંબઈ
જૂન - ૨૦૧૬

# જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે

जहा सूई पडिआ न विणस्सइ ।

तहा जीवे रसुत्ते संसारे न विण्स्सइ ॥

**Just as a threaded needle does not get lost even when it falls on the ground, Similarly the soul with knowledge of scriptures is not lost in the world of birth and death.**

**જેમ દોરો પરોવેલી સોય પડી જાય**
**તો પણ ખોવાઈ જતી નથી,**
**તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.**

***(ઉત્તરાધ્યયન સૂત્ર, ૨૯-૫૯)***

विद्यां चाचिद्यां चत यस्तद् वेदोमयं सह
अविधया मृत्युं तीत्वां विधयामृतमश्नुते ।

**વિદ્યા અને અવિદ્યા બંને સાથે અને યથાર્થતઃ જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યુ તરી જાય છે અને વિદ્યા દ્વારા અમૃતને પામે છે.**

***(ઇશોપનિષદ : ૧૧)***

**જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ-દુઃખ રહિત ન કોઈ;**
**જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોઈ,**

***(શ્રીમદ્ રાજચંદ્ર)***



# પ.પૂ. આચાર્ય વિજયધર્મસૂરિશ્વરજી

| | | |
|---|---|---|
| આગમન | : | સંવત ૧૯૨૪ - સન ૧૮૬૮, મહુવા, જિ. : ભાવનગર |
| દીક્ષા | : | સંવત ૧૯૪૩ - સન ૧૮૮૭ |
| શાસ્ત્રવિશારદ | : | સંવત ૧૯૬૪ - સન ૧૯૦૮ |
| કાળધર્મ | : | સંવત ૧૯૭૮ - સન ૧૯૨૨ |
| પ્રથમ સાહિત્ય સંમેલન | : | જોધપુરમાં સંવત ૧૯૭૦ - સન ૧૯૧૪ |
| સ્થાપનકર્તા | : | શિવપુરી પાઠશાળા<br>યશોવિજય સંસ્કૃત પાઠશાળા - બનારસ<br>વીરતત્વ પ્રકાશક મંડળ - મુંબઈ<br>જૈન સ્વયંસેવક સંઘ - મુંબઈ |



ઋષિતુલ્ય પિતાશ્રી

## શ્રી રૂપચંદજી પન્નાલાલજી ભંસાલી

જન્મ તા. ૧૫-૧૧-૧૯૧૫

સ્વ. તા. ૪-૦૬-૨૦૦૭



પરમ પાવન માતુશ્રી

# શ્રીમતી રૂપકુંવર રૂપચંદજી ભંસાલી

૧૯૨૦ - ૧૯૯૫



સંસ્કારપુરુષ કુટુંબવત્સલ

જયેષ્ઠ ભ્રાતાશ્રી માણેક રૂપચંદજી ભંસાલી

જન્મ તા. ૫-૧૨-૧૯૪૮

સ્વ. તા. ૫-૨-૨૦૦૧

# એક પ્રેરણાત્મક જીવન

# શ્રી રૂપચંદજી ભંસાલી

કેટલાક પ્રસંગોનું નિમિત્ત વ્યવહાર હોય છે. કેટલાકનું આનંદ અભિવ્યક્તિનું તો કેટલાકનું પારંપારિક, પરંતુ આ બધાથી પણ કુદરત અને શુભ કર્મો પણ પોતાનું નિમિત્ત પોતે જ શોધીને એક ભવ્ય પ્રસંગનું સર્જન કરાવી દે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત ૨૦મા જૈન સાહિત્ય સમારોહનો પ્રસંગ એક ઋષિતુલ્ય વ્યક્તિ અને એમના પરિવારના શુભ કર્મોનું નિમિત્ત બની ગયો.

'જૈન ગ્રંથ ગૌરવ' શીર્ષકથી યોજાયેલ ત્રિદિવસીય આ સમારોહ રતલામ ખાતે જાન્યુઆરી - ૨૯, ૩૦, ૩૧ના યોજાયો અને માર્ચ - ૨૦૧૨માં ૨૧મો જૈન સાહિત્ય સમારોહ રાજસ્થાન-પાવાપુરીમાં યોજાયો અને માર્ચ-૨૦૧૪માં ૨૨મો સમારોહ મોહનખેડામાં યોજાયો. જેમાં જૈન ધર્મના ચારેક ફિરકાના અને અજૈન એવા પણ ૨૫૦ વિદ્વદ્જનોએ એકછત્ર નીચે એકત્રિત થઈ જૈન સાહિત્યના ગૌરવભર્યા વિવિધ ગ્રંથો અને વિવિધ સાહિત્યની ચર્ચા-ચિંતન કર્યા.

આ સમગ્ર જ્ઞાનોત્સવનું યજમાનપદ શોભાવ્યું. ઋષિતુલ્ય પિતા શ્રી રૂપચંદજી અને જ્યેષ્ઠ બંધુ સુશ્રાવક માણેકચંદજી ભંસાલીના પરિવારે.

આજના શણગાર, વૈભવ અને ઉત્સવપ્રિય સમાજ વચ્ચે એક પરિવારે પોતાના પિતા અને જ્યેષ્ઠ બંધુને જ્ઞાનાંજલિ દ્વારા શ્રદ્ધાંજલિ આપી એ એક અમૂલ્ય અને પ્રેરણાત્મક ઘટના છે. ઉત્તમ પિતૃ-ભ્રાતૃ તર્પણ છે.

પૂ. રૂપચંદજી આ સાહિત્ય સમારોહના પ્રણેતા અને આ સંસ્થા - શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પૂર્વપ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહના જ્ઞાનમિત્ર હતા અને આ સંસ્થાના આવા જ એક મહામાનવ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પૂ. રૂપચંદજીના પ્રેરક પુરુષ હતા.

ડૉ. રમણલાલ ચી. શાહના બે ગ્રંથો 'જૈન ધર્મ દર્શન' અને 'જૈન ધર્મ આચાર દર્શન'નો હિન્દી અનુવાદ પણ આ ભંસાલી પરિવારે પ્રકાશિત કર્યો છે.

આ પ્રકાશન દરમિયાન પૂ. રૂપચંદજીના જીવનને અને એમના પરિવારમાં સરસ્વતી અને લક્ષ્મી બંને આસનસ્થ છે, તેમજ હૃદયમાં અને જીવનચર્યામાં જૈન ધર્મ દૃઢસ્થ છે એવા એ કુટુંબીજનોને ઓળખવાનો અને સમજવાનો એક અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો.

'બાપુજી સા : એક પ્રેરણાદાયી જીવન' એ શીર્ષકથી ગુજરાતી, હિન્દી અને હવે અંગ્રેજીમાં એમના પુત્ર શ્રી વલ્લભ ભંસાલીએ એક નાની પુસ્તિકા આ સમયે પ્રકાશિત કરી. પુત્રની કલમે લખાયેલી આ પુસ્તિકામાં સહજ પ્રવેશો પછી પૂરી જીવનાભૂતિ પામ્યા પછી જ તમે એના બે મુખ્ય પૃષ્ઠોને ભેગાં કરી શકો એવી આ પુસ્તિકામાં પિતૃભક્તિની ગંગા છે.

પૂ. રૂપચંદજીનો જીવનકાળ ૧૯૧૫ થી ૨૦૦૭, આયુષ્ય સાડા એકાણું વર્ષ. જન્મ રાજસ્થાનના મારવાડ - પાલીમાં. એમના પૂર્વજો રાજ્યના પદાધિકારી હતા. પિતાનું નામ પન્નાલાલજી અને માતાનું નામ ગુમાનબાઈ. આ દંપતીને બે પુત્ર, રૂપચંદજી અને પારસમલ. પિતાએ બંને પુત્રોને નાનપણમાં જૈન છાત્રાલયમાં મોકલી દીધા. રૂપચંદજી આઠ વર્ષની ઉંમરમાં જ પૂ. વલ્લભસૂરિના શિષ્ય મુનિ તિલકદાસની સાથે ઘેર પત્ર મોકલી સાધુ બનવા માટે ચાલી નીકળ્યા હતા. આ રૂપચંદજી ૧૧-૧૨ વર્ષની ઉંમરે ગ્વાલિયર નજીક શિવપુરીમાં પૂ. વિજયધર્મસૂરિજી (કાશીવાળા) દ્વારા સ્થપાયેલ વીરતત્ત્વ પ્રકાશક મંડળના વિદ્યાર્થીગૃહમાં ગયા. રૂપચંદજીએ ચાર વર્ષ શિવપુરીમાં રહીને સંસ્કૃતમાં ઉત્તર માધ્યમની પરીક્ષા પાસ કરી. ધાર્મિક સૂત્રો શીખ્યાં. અહીં શિક્ષણ અને અધ્યયનની ઊંડી લગન લાગી. ૧૪-૧૫ વર્ષની વયે રૂપચંદજી રજાઓમાં પાલી આવે અને શેરી સફાઈ જેવું સમાજસેવાનું કામ પણ કરે. ૧૭ વર્ષની ઉંમરે રૂપચંદજી મુંબઈ આવ્યા અને દાદીના સંબંધી પેઢી ઉપર કામે લાગ્યા.

પાલીના ઉત્તમ કુટુંબમાં છાજેડ પરિવાર. એમની સૌથી મોટી પુત્રી રૂપકુંવર સાથે રૂપચંદજીની સગાઈ થઈ. ૧૯ વર્ષનો વર અને ૧૫ વર્ષની કન્યા. પાલીનો પ્રતિભાશાળી છોકરો અને સમર્થ પરિવારની ગંભીર

અને બુદ્ધિમાન છોકરી. બંને આત્માનું મિલન થયું. શાનદાર વિવાહની યોજના થઈ, પરંતુ એ ૧૯૩૩ની ગાંધી ચળવળનું વર્ષ અને ચારેતરફ રાષ્ટ્રીય જુવાળ. રૂપચંદજી આ વાતાવરણથી બાકાત કેમ રહી શકે ? ખાદી પહેરવી, રેંટિયો કાંતવો, ભૂગર્ભ પ્રવૃત્તિમાં રસ લેવો, સ્વાતંત્ર્યવીરોને સહકાર આપવો વગેરે રૂપચંદજીની પ્રવૃત્તિ બની અને લગ્ન માટે શરતો મૂકી, ખાદી જ પહેરશે અને જૈન વિધિથી જ લગ્ન કરશે. અને દઢ માનવીની આ શરતો સ્વીકારાઈ અને લગ્નની શરણાઈ ગૂંજી ઊઠી.

રૂપચંદજીને દાદા ગુરુ પૂ. આચાર્ય વિજયધર્મસૂરિજીમાં અનન્ય શ્રદ્ધા હતી. જીવનની વિકટ પળોએ એઓ 'બાપજી'ને યાદ કરતા અને સહાય મળી રહેતી. રોજ સવાર-સાંજ આ 'બાપજી'ની તેઓ આરાધના કરતા. આ આરાધના એમનામાં શ્રદ્ધા, સંસ્કાર અને બળ જન્માવતા. આ આરાધના જ એમની બધી સફળતાનો આત્મા હતી.

હવે કેટલાક અમી છાંટણા શબ્દો એમના સુપુત્ર વલ્લભભાઈની ઉપર નિર્દેષેલ પુસ્તિકામાંથી અવતારીએ.

મહામાનવ રૂપચંદજીનું જીવન એટલી બધી ઘટનાઓ અને પ્રતિભાઓથી અલંકૃત છે કે તેને સંક્ષિપ્તમાં લખવાનું અસંભવ છે.

રૂપચંદજીને શિવપુરીથી નાની ઉંમરમાં જ વિભિન્ન વિષયોમાં રસ પડ્યો અને તેનાથી આરંભ થયો પુસ્તક સંગ્રહનો અને તેમાંના દરેક પુસ્તકના અધ્યયન અને ચિંતનનો.

યોગ, સાહિત્ય, વિભિન્ન મતોના ધાર્મિક પુસ્તકો અને ગ્રંથો, ઈતિહાસ, કાવ્ય ઈત્યાદિ વાંચ્યા અને યથાશક્તિ બાળકોને વંચાવ્યાં.

જ્યોતિષશાસ્ત્ર તથા હસ્તરેખાશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. જ્યોતિષ છોડીને આયુર્વેદને અપનાવ્યું. આયુર્વેદના પુસ્તકોનો વિપુલ સંગ્રહ કર્યો. ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેને સેવાનું માધ્યમ બનાવ્યું. અનેક ઔષધિઓ બનાવી. જીવનભર પોતે સ્વાસ્થ્ય સાચવ્યું. (સોનેરી વાળને કાળા બનાવ્યા અને અંત સુધી વાળ કાળા રહ્યા.) અન્યોની સેવા કરી, ત્યાં સુધી કે હૉસ્પિટલોમાં ડૉક્ટરો તથા નર્સોના પણ ઉપચાર કર્યા.

હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓ ઉપર સારી નિપુણતા. જૈન સૂત્રો, સ્તોત્રો અને અનેક શાસ્ત્રોનું, ગીતાના શબ્દ, અર્થ અને ભાવાર્થનું જ્ઞાન. ઘણું બધું કંઠસ્થ.

વિષયના દરેક પાસાં પર ચિંતન કરતા અને તેને આત્મસાત્ કરતા. તેમની ટિપ્પણો અદ્વિતીય, સરળ અને માર્મિક હતી. કોઈ પણ વિષય પરની વાત સંક્ષિપ્ત હોય. ચર્ચા નહિવત્, કદાગ્રહ ક્યારેય નહિ.

પૂ. બાપુજી કહેતા : "આપણાં અસ્તિત્વના ત્રણ પાસાં છે તન, મન અને ધન. મન સૌથી વ્યાપક છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આપણે સૌથી વધારે સમય અને શક્તિ ધનના ક્ષેત્ર ઉપર, ત્યાર પછી તન ઉપર અને ઓછામાં ઓછા સમય મન પાછળ આપીએ છીએ.

પૂજ્ય બાપુજી રોજ જિનેશ્વર ભગવાનની પૂજા કરતા. પૂજા ઘણી જ શાંતિથી કરતા, સારગર્ભિત એવા ચૈત્યવંદન અને સ્તવન જ ગાતા. તેઓશ્રી રોજ સામાયિક કરતા. નવરાશના સમયમાં પણ સામાયિક કરતા. શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહનો દાખલો આપતા કે રોજ એક સામાયિક કરવાના નિયમને કારણે તેઓ આટલા મોટા વકીલ, સમાજસેવક અને સાહિત્યકાર બની શક્યા હતા.

રોજ સવાર-સાંજ નવસ્મરણના પાઠ અને ગુરુદેવ વિજયધર્મસૂરિજીની પૂજા, જાપ, આરતી ઈત્યાદિ કરતા. આ બધું અર્થપૂર્ણ રીતે અને પરમ ભક્તિભાવથી કરતા હતા. નિયમોનું શાંતિપૂર્ણ અનુશાસન કરતા, તેમના નિયમોમાં કદીય ચૂક નથી આવી. છેલ્લા મહિનાઓમાં અસ્વસ્થ હોવા છતાં યથાશક્તિ નિયમો પાળતા. તેઓ ભારપૂર્વક કહેતા કે - 'એવા અને એટલા નિયમો ન રાખો જેથી તમને કે અન્યોને તે નિયમો ભારસ્વરૂપ લાગવા માંડે.'

પર્યુષણમાં ઉપવાસ ઉપરાંત દરરોજ આઠ સામાયિક કરતા. આખો દિવસ મૌન રાખતા. સામાયિકમાં નવકારનો જાપ, પૂ. વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબ, પૂ. આનંદઘનજી મ.સા., પૂ. યશોવિજયજી મહારાજ રચિત સજઝાય, સ્તવનનું સ્વાધ્યાય કરતા. ધ્યાન કરતા. સંવત્સરીના દિવસે ઉપાશ્રયમાં 'કલ્પ સૂત્ર' સાંભળતા અને ઘરે પણ વાંચતા, ઘણાં વર્ષોથી સમગ્ર પરિવાર સાથે સવાર-સાંજ પ્રતિક્રમણ કરતા.

પૂ. બાપુજીએ કરોડો નવકાર જાપ કર્યા. ૧૫-૨૦ વર્ષથી રોજ યશોવિજયજી રચિત જ્ઞાનસાગર, તત્ત્વાર્થ સૂત્ર અને યોગસારનો સ્વાધ્યાય કરતા. ૧૭ વર્ષથી રોજ શ્રીમદ્ ભાગવદ્ ગીતા તથા આદ્ય શંકરાચાર્ય રચિત 'ભજગોવિંદમ્' વાંચતા.

તેમની ભક્તિમાં પ્રેમ ઊભરાતો હતો - રૂઢિ જરા પણ નહિ. તેઓ કહેતા કે - 'શુદ્ધ હોય તો પણ લોકોથી વિરુદ્ધ હોય તે ન કરવું, ન આચરવું.' આટલા માટે આપણી પોતાની સમજ સાચી હોય તો પણ આવશ્યકતા ન હોય તો લોકોથી વિરુદ્ધ કામ ન કરવું, ધર્મ સગવડિયો ન થઈ જાય તેનું તે હંમેશાં ધ્યાન રાખતા.

આત્મશુદ્ધિ માટે તપની અનિવાર્યતા તેમને પૂર્ણ રૂપે પ્રાપ્ત હતી. તેમાં પણ સહજ અને અભ્યંતર તપની. તપના તમામ પ્રકાર તેમણે અપનાવ્યા હતા. સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ બધું તેમના જીવનમાં હતું.

રોજ ૪-૦૦ થી ૪-૩૦ વાગે ઊઠતા. ૧૨ વર્ષની ઉંમરથી જ આ નિયમ બનાવ્યો હતો. ૮૫ વર્ષની ઉંમર સુધી પૂર્ણ રીતે સ્વાવલંબી જીવન હતું. જાતે જ કપડાં ધોવાં, પથારી ઉપાડવી, પાણી ગરમ કરવું ઈત્યાદિ. ઘરમાં દીકરા, વહુઓ, નોકર બધાં જ હતા, પણ સંભવતઃ કોઈને પણ કશું કામ કરવાનું કહેતા ન હતા. બહુ જ નાની ઉંમરથી ચૌદશનો ઉપવાસ, પ્રતિક્રમણ ઈત્યાદિ કરતા. લગભગ ૬૫ વર્ષ સુધી આ નિયમનું પાલન કર્યું. ૬૦-૬૫ અઠ્ઠાઈઓ (આઠ દિવસના ઉપવાસ), ૧૦૦-૧૨૫ નવપદજી(નવરાત્રી)ના નવ દિવસના આયંબિલ તપ કર્યાં. આયંબિલ દરમિયાન મંદિરમાં માત્ર ખમાસમણાં ઈત્યાદિ કરતા અને પૂજા ઘેર વાંચતા.

૮૯ વર્ષની ઉંમરે છેલ્લી અઠ્ઠાઈ કરી. તેઓ કહેતા : 'શક્તિ પ્રમાણે તપ કરવું જ જોઈએ. તેનાથી ઓછું કે વધારે પણ નહિ. શક્તિથી વધારે તપ કરવાથી અહંકાર અને મિથ્યાત્વનો ભાવ જાગે છે; ઓછું કરવાથી પ્રમાદ ઉપર વિજય પ્રાપ્ત થતો નથી.'

પૂ. બાપુજીએ ૪૨ વર્ષ (૧૯૬૫ થી ૨૦૦૭) પત્ની રૂપકુંવરનો વિયોગ સહજ અને સમતાપૂર્વક સહન કર્યો.

તેમનું જીવન ગાંધીજી પ્રેરિત હતું. ખાદી પહેરતા હતા. રૂમાલ, ટુવાલ, જૂતાં બધું જ ખાદીભંડારમાંથી લાવતા હતા. જરૂરિયાતો ઓછામાં ઓછી રાખતા. ૪૦ વર્ષ પહેલાં વર્ષમાં રૂપિયા ૫૦(પચાસ)ના સ્વખર્ચનું લક્ષ્ય હતું. મોંઘવારીને કારણે વધુમાં વધુ રૂપિયા ૨,૦૦૦/- થઈ ગયું હશે. ધોતી, ઝભ્ભો, ટોપી અને બંડી જ પહેરતા. પરંતુ કોઈ રૂઢિ ન હતી.

**સત્ય અને પ્રેમની એક ઝલક :**

ભાગીદારીના ધંધામાં ગડબડ થતી દેખાઈ એટલે છૂટા થઈ ગયા. આર્થિક તંગીએ તેમને ભીંસમાં મૂક્યા. નોકરી કરવા નીકળી પડ્યા. શેઠજીએ થોડા દિવસ બાદ કહ્યું કે - 'બે નંબરનો હિસાબ પણ રાખવો પડશે. તેમણે ના પાડી અને પગાર ચારસો રૂપિયાથી અઢીસો રૂપિયા થઈ ગયો. આ સમય એવો હતો કે જ્યારે ડૉક્ટરની ફી પણ બાકી રહેતી. ભલે બાકી રહે, પણ ઈમાનદારી - સત્ય સૌથી પહેલું હોય.'

રાજકારણમાં સ્વાર્થનો પ્રવાહ જોઈને તેમણે રાજકારણનો સદંતર ત્યાગ કરી દીધો.

મુંબઈ આવ્યા પછી સેવાના નવા અનેક ક્ષેત્રો ખુલ્યાં, જેમાં એક કામ આજીવન ચાલ્યું. એ હતું બહારથી આવતા વિદ્યાર્થીઓને મદદ કરવી. અજાણ્યા વિદ્યાર્થીઓની સાથે જઈ તેમને છાત્રાલયમાં દાખલ કરાવવા, સી.એ. કોર્સ માટે આર્ટિકલ તરીકે રખાવવા, તેમના માટે ડિપૉઝિટ ભરવી, નોકરી અપાવવી વગેરે. તેમાંથી કેટલાક વિદ્યાર્થીઓ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનારા પણ નીવડ્યા.

આ બાબતમાં એટલા ઉત્સાહી હતા કે કેટલાય લોકોને પોતાનાં નાના ઘરમાં લાવીને રાખ્યાં. બે યુવકોના પિતા બનીને લગ્ન પણ કરાવ્યું. આ એમના અદ્‌ભુત આત્મવિશ્વાસ અને પત્નીના અનુપમ સાથને કારણે શક્ય હતું. વધારે સંપત્તિ ન હતી અને ૬ બાળકોનો પરિવાર હોવા છતાં આ બધું ચાલ્યા કર્યું. ૨૦૦૧માં એક યુવક દીપકભાઈને ઉપાશ્રયમાંથી લાવ્યા હતા. કેટલાય માસ ઘેર રાખ્યો. એને હીરાનું કામ શીખવાડ્યું. મૂડી આપી. પ્રેમ અને પ્રેરણા આપ્યાં. આજે તે સફળ વ્યાપારી અને આદર્શ ગૃહસ્થ છે.

તેઓ કહેતા - "માત્ર હોશિયાર વિદ્યાર્થીને જ મદદ કરો, જેની ઇચ્છા પ્રબળ હોય તેને વિશેષ મદદ કરો.'

'આગળ વધો અને અન્યને આગળ વધવાની પ્રેરણા આપો' એ જ રૂપચંદજીનું સૂત્ર હતું.

તેઓ પોતે ઘણા અપરિગ્રહી હતા.

ગરીબોની હૉસ્પિટલમાં જવાની શરૂઆત વ્યાપારમાં હતા ત્યારથી કરી દીધેલી. એમણે ત્રણ હૉસ્પિટલોમાં અભિયાન શરૂ કર્યું - સૅન્ટ

જ્યોર્જ, જી.ટી. અને કામા. ધીરે-ધીરે કે.ઈ.એમ., કસ્તુરબા, નાયર અને જે.જે.ને પણ તે અભિયાનમાં જોડી દીધાં. વિશાળ કદની જે.જે.માં અઠવાડિયામાં એક વાર જતા અને અન્ય જગ્યાએ બે-ત્રણ વાર. અઠવાડિયામાં ૫-૬ દિવસ પૂરા પાંચ-છ કલાક આ કામમાં વ્યસ્ત રહેતા. કોઈ પણ કારણસર આ કાર્યમાં વિઘ્ન આવે તે તેઓ સહન કરી શકતા ન હોતા.

સને ૧૯૯૬માં પોતે જ કૅન્સરમાં સપડાયા. રોગના ઉપચાર (રેડીએશન) વખતે પણ તેઓ નિયમિત રીતે હૉસ્પિટલોમાં જતા હતા. પરિવાર તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતિત હતો, ત્યારે પણ તેઓ તો મસ્ત હતા લોકસેવામાં જ. તેઓ દરેક દર્દી પાસે જતા અને સ્નેહ દર્શાવતા. સુખ-દુઃખની વાતો કરતા. જે પણ નાનામાં નાનું અને મોટામાં મોટું કામ હોય તે કરતા. તન, મન, અને ધનથી દરદી સાથે એકાત્મતા કેળવવાનો પ્રયાસ કરતા. તેના માટે પૉસ્ટકાર્ડ લખતા. સંદેશ પહોંચાડતા. એવી નાની બાબતોમાં રસ લેતા જેથી દરદીને પોતાના પ્રત્યે દયનીયતા નહિ પણ પોતાપણું લાગે.

ધીરે-ધીરે હૉસ્પિટલના વ્યવસ્થાપકોમાં તેઓ અજાણ્યાને બદલે અભૂતપૂર્વ વિભૂતિ બની ગયા. કેટલાક ડૉક્ટરો અમને કહેતા કે - 'જ્યારે આપના પિતાજી કોઈ દર્દી પાસે ઊભા હોય ત્યારે અમને એમનામાં સાક્ષાત્ ઈશ્વર જ દેખાય છે.'

તેઓ ક્યારેય વ્યવસ્થા કે પ્રસિદ્ધિમાં પડ્યા ન હતા. ગમે તેટલું દબાણ પણ તેમને નમાવી શક્યું ન હતું. યથાસંભવ તેઓ 'કાકાજી'ના નામથી ઓળખાતા, ઘણાં પત્રકારો તેમની પાસે જતા પરંતુ તેઓ તેમનાથી અળગા રહેતા.

'**कर्मफलहेतु र्भूर्मा**' ને તેઓ બરાબર જાણતા હતા. આ નિત્યક્રમ ૩૦ વર્ષ સુધી ચાલ્યો.

નાયર હૉસ્પિટલે તેમની પ્રેરણાથી પોતાની વધારાની જગામાં વ્યવસાય પ્રશિક્ષણ શરૂ કર્યું. સ્વતંત્રતા અને સ્વાવલંબનની તેમની ભાવના અહીં પણ દેખાઈ.

કહેતા કે - 'એક વ્યક્તિ કામ પર લાગે તો પાંચના પેટ ભરાય.'

જેમ-જેમ જીવનમાં આર્થિક સમૃદ્ધિ આવતી ગઈ તેમ-તેમ વધારો વહેંચવાની હંમેશાં વૃત્તિ રહી. મુંબઈ હૉસ્પિટલ તેમની પ્રેરિત સંસ્થા હતી અને ત્યાં લગાતાર યોગદાન અપાતું રહ્યું.

પોતાના જન્મસ્થળ પાલીમાં કન્યા મહાવિદ્યાલય બનાવ્યું, જેની ત્યાં અત્યંત જરૂર હતી.

પાલીની શાનદાર ગૌશાળામાં મોટો ફાળો આપ્યો. આ તેમનું અને તેમના નાના ભાઈ પારસમલજીનું મહત્ત્વપૂર્ણ યોગદાન હતું.

તેઓ કહેતા કે - 'પ્રામાણિકતાથી ખૂબ કમાઓ અને સારા કામમાં ખર્ચો. લોકોના કામમાં આવો. ઉચ્ચ શિક્ષણની ઈચ્છાવાળાને વિશેષ શિક્ષણ આપો.' આ વાત ઉપર વિશેષ ભાર મૂકતા હતા. દાનમાં તેમની ભાવના હંમેશાં સેવાની જ હતી - દાતાની નહિ.

તે કહેતા - 'બોધિ-લાભ અર્થાત્ મોક્ષપ્રાપ્તિ માટે શરીરથી સ્વસ્થ હોવું અનિવાર્ય છે. તે માટે જ આરોગ્યની પ્રાર્થના બોધિથી પહેલાં કરવામાં આવી છે.' 'આરુગ્ગ'નો અર્થ-ભાવ આરોગ્ય (સ્વસ્થતા) એવો અર્થ કરવો જોઈએ. તે માટે જૈન દૃષ્ટિકોણની ચર્ચા કરી રહ્યા છે; કારણ કે તેમણે સ્વાસ્થ્યને સૌંદર્ય, શૃંગાર અથવા ભોગનું સાધન નહિ, પરંતુ મોક્ષનું જ સાધન બનાવ્યું.

'માંદગીને વધવા ન દો' - આ તેમનું સૂત્ર હતું.

જે સજાગ અને સ્વસ્થ હોય છે, તેમને થોડો પણ ફેરફાર તરત જ ખ્યાલમાં આવી જાય છે અને તે માટે તેમને સહજ ચિંતા થતી હતી. બીજું, જ્યારે કોઈ સમસ્યા નાની હોય ત્યારે તેનું સમાધાન કરવું સરળ હોય છે. આ બીજી વાતમાં ઊંડો અનુભવ અને અત્યંત કૌશલ્ય સમાયેલું છે.

મુંબઈમાં ૪૫ વર્ષ સુધી કોઈ મોટા ઘરમાં રહેવાની સુવિધા પ્રાપ્ત થઈ ન હતી, પરંતુ તેઓ દિવસમાં કેટલીય વાર ઊંચો દાદરો ચઢી-ઊતરીને પણ પછી મરીન ડ્રાઈવ કે હેન્ગીંગ ગાર્ડન ચાલવા જતા. કોઈક વાર ત્યાં સુધી ન જઈ શકાય તો નાના એવા રૂમમાં પણ સેંકડો ચક્કર લગાવતા અને ઘણી તન્મયતાથી નિયમિત યોગાસન કરી લેતા હતા.

તેમણે જાણી લીધું હતું કે સ્વાસ્થ્ય, સેવા અને આત્મકલ્યાણ આ ત્રણે એકબીજા પર આધારિત છે.

મારું એવું માનવું છે કે તેમના જેવી વ્યક્તિ સંસારથી મુક્ત થવા માટે જ સંસારમાં આવે છે. તે સમજી જાય છે કે - 'સ્વતંત્ર' થવા માટે 'સ્વસ્થ' હોવું જરૂરી છે. આવી ઊંડી અને સ્પષ્ટ સમજ કોઈ વિરલને જ હોય છે.

એમણે મને ઘણી વાર ચેતવ્યો હતો કે મોહ ન રાખવો, હું એમની એ ચેતવણીને પ્રૌઢ થયા પછી જ થોડી-થોડી સમજી શક્યો છું.

એમના વ્યવહારનું વિશ્લેષણ કરવાથી કેટલાક સિદ્ધાંતો સમજમાં આવે છે.

અનાવશ્યક ચર્ચા-પ્રપંચ કરવો નહિ. પ્રપંચ કરતાં-કરતાં તથ્યો ઘટનાઓની સાથે બીજાઓના અભિપ્રાય જોડાઈ જાય છે અને સ્વયં આપણે પણ અભિપ્રાય બાંધવા-બનાવવા મંડી પડીએ છીએ, એવું કરવાથી મનમાં વ્યર્થ કષાયો વધે છે અને એમની છાયા સંબંધો ઉપર પડે છે.

એક સૂક્ષ્મ પ્રભાવ પડે છે કે આ સિવાય અભિપ્રાય ઊંડા રાગ-દ્વેષમાં બદલાઈ જાય છે. આનાથી ભરાયેલું મન સરળતાથી નિર્ણયો લઈ શકતું નથી. કાર્ય પણ કરી શકતું નથી.

પોતાના પિતાજીના અકાળ અવસાન પછી પોતાની માતાની વિકટ સ્થિતિ ઘણી દુઃખદાયક હતી. મહિનાઓ સુધી એ ઘરની બહાર નીકળી શકતા નહિ. આવી સ્થિતિમાં એ માત્ર બે સપ્તાહ પછી જ માતુશ્રીને રિવાજોની પરવા કર્યા વગર મુંબઈ લઈ આવ્યા. શોભાસ્પદ વસ્ત્રો પહેરાવ્યાં અને ગૌરવપૂર્ણ જીવન જીવવાનું શીખવ્યું.

અચાનક આર્થિક સ્થિતિ ખરાબ થઈ જતાં તેઓએ ગભરાયા વગર દીકરાના શ્વસુર પાસે જઈને પોતાની સ્થિતિ બતાવી. શાનદાર જાન બોલાવવાને બદલે એમણે દીકરીના સસરાના શહેરમાં લઈ જઈ ત્યાં લગ્ન કરાવી દીધું. પછી બે દીકરીઓનાં લગ્ન એકીસાથે કરાવી દીધાં. ખર્ચ ભરપૂર કર્યો, પણ નિરર્થક મહેનત ટાળી દીધી. બધાં સ્નેહીજનોમાં એમની સ્નેહભરી ધાક રાખી.

એમનો સંદેશ - 'મોહ મત કરો' એ આ સંદર્ભમાં દ્યોતક છે. ભાઈ-સાહેબનું શિક્ષણ અધવચ્ચે જ છૂટી જવું, વ્યાપારમાં ઘણી ઊથલ-પાથલ થઈ જવી, નાની વયમાં મારા માતાજીનું નિધન થઈ જવું, જેવી ઘટનાઓમાં એ પોતાની શક્તિ મુજબના પ્રયાસો કરી જોતા અને નિષ્ફળ જાય તો આગળ વધતા.

પોતાની પરિસ્થિતિને કર્મફળ સમજીને સમયના પ્રવાહને એમણે અપનાવી લીધો. કોઈને દોષ ન દીધો, ન કોઈને ઠપકો આપ્યો. જે કરવું પડે તે એમણે કર્યું.

ધન ઉપાર્જન કરવાની બાબતમાં એમની સમજણ સ્પષ્ટ હતી. ગૃહસ્થે પ્રત્યેક સમયે ધન મેળવવાનો ઉત્સાહ સેવવો જોઈએ, પણ એને માટે લાલસા રાખવી જોઈએ નહિ. ખોટા માર્ગો કે ખોટી રીતિઓથી ધન કમાવું જોઈએ નહિ, ધનનો ખોટો ઉપયોગ કરવો જોઈએ નહિ. જોકે એ ૬૧ વર્ષની ઉંમરે ધન કમાવવાની પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા હતા, તો પણ સંતાનોને થોડી પણ ચિંતામાં જોતાં તો કહેતા કે - 'ગભરાઓ છો કેમ, હું કમાઈશ - ચાલો, મારી સાથે. મુશ્કેલી આવી છે તો શું થઈ ગયું ? શૂન્ય થઈ જાવ તો ફરીથી પાછા ચાલવાનું શરૂ કરવું.' ક્યારેય આવી કઠિન સ્થિતિ આવી નહિ, પરંતુ એમને વિવશતા કે દીનતા કદી પસંદ નહોતી. પોતાના મનને તરત ઉત્સાહમાં લાવવાનું એ ખૂબ જાણતા હતા.

કહેતા કે - 'વધારે પડતી સંપત્તિ દુઃખનું મૂળ છે, ખૂબ કમાઓ અને શુભ માર્ગે ખર્ચ કરો.'

'સંસારમાં થોડું જ વધારે આનંદ આપે છે' આ સિદ્ધાંત જ એમની જીવનશૈલી દ્વારા અમને શીખવી ગયા.

તેમના જીવનનો સંદેશ કે મૂલ્યાંકન છે - 'આચરણ અધિક, ઉપદેશ - ચર્ચા ઓછી.'

વિદ્યાવિજયજી મ.સા. પાસેથી શિવપુરીમાં શીખેલી અને અપનાવેલી વિચારધારા :

'જે થવાનું હશે તે થશે, જે થાય તે સારાને માટે.

ઉતાવળ ન કરો, અને ખેદ ન કરો.'

'**कषायमुक्ति किलमुक्तिरैव**' કષાયોથી મુક્તિ જ ભવ-મુક્તિ છે. એ સિવાયની કોઈ બાબત પર લક્ષ્ય રાખવું નિરર્થક છે.

'**समयं गोयम ! मा पमाय**' મહાવીરે મુખ્ય ઉપદેશ પરમ શિષ્ય ગૌતમને સંબોધીને આપ્યો હતો - 'હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ ન કરો. જૈન ધર્મનો આ જ સાર છે. સારો માર્ગ જાગૃતિનો છે. જે ક્રિયાઓમાંથી જાગૃતિનું લક્ષ્ય નીકળી ગયું છે તે ક્રિયાઓ માત્ર નિરર્થક જ નહિ, નુકસાન કરવાવાળી છે.'

પાંડિત્યપૂર્ણ વાતો સાંભળી અવારનવાર કહેતા - 'બહુ જ સારું, પરંતુ હોશમાં રહેજો.'

'अहं-ममेति मंत्रोय' - 'અહં અને મમ' મોહના બે મહાશાસ્ત્રો છે. આ શત્રુ દરેક સ્થાને છુપાઈને આવે છે, ખાસ તો પંડિતાઈમાં વિશેષ રૂપથી.

અમને ખિન્ન અને મૂંઝાયેલી સ્થિતિમાં જોતા ત્યારે કહેતા - 'શાંત રહો, જે થઈ રહ્યું છે તે જુઓ. સ્વયંને જુઓ. મનને ભારે થવા ન દેશો.'

વર્ષોથી વિપશ્યના ધ્યાન કરતાં-કરતાં આ જ સમજાયું કે મનનો ભાર શરીર પર અભિવ્યક્ત થાય છે અને જો સાધક તેને તરત સમજી લે તો તે કષાયોમાં ફસાતો નથી અને નીકળવા માંડે છે.

'परस्पृहा महादुःखं स्पिृंहत्वं महासुखं' - 'બીજાની અથવા બીજા દ્વારા અપેક્ષા મહાદુઃખ છે અને તેનાથી મુક્તિ મહાસુખ છે.' 'જ્ઞાનસાર'ના આ ઉપદેશનું પુનરાવર્તન કરતા રહેતા હતા.

જીવનમાં આર્થિક દૃષ્ટિએ કેટલાક પડતીના પ્રસંગો પણ આવ્યા એ સમયમાં જે લોકોથી ઘોર નિરાશા પ્રાપ્ત થઈ તેમના પ્રત્યે મનમાં કોઈ કટુતા આવવા ન દીધી. તેમની સાથે આજીવન સ્નેહસંબંધો બનાવી રાખ્યા. અમને સંસાર સ્વરૂપ સમજાવવા માટે એક ઘટના વિશે કહેતા. અમુક વ્યક્તિને તૈયાર કરી તેનું લગ્ન કરાવ્યું. તે સમયે તે કહેતો - 'મારી ચામડીના જૂતાં બનાવીને પહેરાવું તો પણ આપના ઉપકારનો બદલો વાળી શકીશ નહિ.' એ જ વ્યક્તિએ મુશ્કેલીના સમયમાં કહ્યું કે - 'જાવ-જાવ, તમને આપવા માટે મારી પાસે કશું નથી. મને નહિ પણ આપની પત્ની અને બાળકોને પ્રેમ કરો.' આવા પ્રસંગો વર્ણવી કહેતા કે - 'બુદ્ધિ કર્માધીન છે.'

પૂજ્ય માતાજીને નાની ઉંમરે કેન્સર થયું હતું. તેમના જેવી વિદુષી, ધર્મપરાયણ, તપસ્વી, કર્મઠ અને સમર્પિત સંગિની તો અનેક જન્મોમાં પણ ન મળે. ઘણાં ઉપચાર કરાવ્યા પરંતુ નિદાન ઘણું મોડું થયું. તેમણે ઘણી સેવા કરી. એક વર્ષ બધું છોડી રાત-દિવસ તેમની પાસે રહ્યા. એક દિવસ સાંધ્ય-પ્રાર્થના કરતી વખતે તેમને આભાસ થયો કે અંતિમ દિવસ આવી ગયો છે. અમને કહ્યું : "ત્રણ કલાક અથવા ત્રણ દિવસ એટલો જ સમય બાકી છે." એક કલાકમાં જ માતાજીની સ્થિતિ બહુ જ ખરાબ થઈ. બાપુજી સંપૂર્ણ સજાગ થઈ ગયા અને સંગિનીના

સમાધિમરણની યોજના તૈયાર કરી લીધી. તેમણે માતાજીને કહેવાનું શરૂ કર્યું : “તમારો અંતિમ સમય આવી ગયો છે. તમને ભૂમિ પર સુવાડી રહ્યા છીએ.” ઘોર અને અસહ્ય વેદનામાં પણ તેમનો સંદેશો માતાજીના મનમાં વીજળીની જેમ વ્યાપી ગયો, તેઓ પૂરેપૂરા જાગી ગયાં. પૂજ્ય બાપુજી આગળ બોલ્યા : “સંસારમાંથી મન ઊઠાવી લો. અને પોતાના આત્મામાં ધ્યાન લગાવી દો. કોઈ આખરી ઈચ્છા હોય તો કહો.” ત્રણ પુત્રીઓ ત્રણ પુત્રો કરતાં મોટી અને ત્રણ પુત્રો ત્રણે ઉંમરમાં નાના જ હતા. મોટો ૧૬ વર્ષનો અને સૌથી નાનો ૧૧ વર્ષનો પરિવાર હતો. પરંતુ તેઓ આવા આત્મલીન થયાં કે બધું જ ભૂલી ગયાં. વિચારીને ધીમા સ્વરે બોલ્યાં : “મારા ગળાની કંઠી મોટી પુત્રીને આપી દેજો.” હાથ જોડીને પાસે ઊભેલા બધા જ પરિવારજનોની ક્ષમાયાચના કરી અને પછી શાંત થઈ ગયાં અને શાંતિમુદ્રામાં જ સંસાર છોડી દીધો.

૩૧ વર્ષનો સાથ, બાળકો, પોતાની ઉંમર ૫૦-૫૧ વર્ષ. એક વર્ષથી દિવસ-રાત જેની સેવામાં હતા તેવી પત્ની ચાલી ગઈ. તેઓ હિમાલય જેવા બની ગયા - કંઠમાંથી એક શબ્દ નહિ, આંખોમાં આંસુ નહિ. ઘરમાં કેટલાય સભ્યો ઉપસ્થિત હતા. નાના-મોટા બધાં અસ્વસ્થ થયાં, પરંતુ તેઓ અટલ હતા. આગામી ૪૨ વર્ષ સુધી પત્નીને જરૂર યાદ કરતા હશે. પરંતુ તેના અભાવનું દુઃખ જણાવા દીધું નથી. બાળકોની સફળતા અને સંપન્નતા જોઈને એક-બે વાર કહ્યું હશે કે - ‘તે કેવળ તંગી જોઈને ચાલી ગઈ. સુખ જોઈ શકી નહિ.’

તેઓ આવી વિપરીત સ્થિતિમાં આટલા અચલ કેવી રીતે રહ્યાં ? મૃત્યુને કદાચ ઊંડાણથી જાણતાં હતાં. આથી કેવળ પત્નીનું જ નહિ પરંતુ કોઈ પણ મૃત્યુ તેમને હલાવી શક્યું નથી.

સને ૧૯૬૫માં પત્નીનો વિયોગ થયો. ૨૦૦૧ સુધી કોઈ અકાળ અકારણ ઘટના બની નહિ. પાછો ભૂકંપ આવ્યો. પૌત્રી શુભાના લગ્નના માત્ર સાત દિવસ પહેલાં સૌથી મોટા પુત્ર માણેક, જે તેમના હૃદયનો માણેક હતો, દવાઓની મિશ્ર પ્રતિક્રિયાથી ગંભીર રીતે બીમાર થઈ ગયો. તે ગંભીર સ્થિતિમાં હૉસ્પિટલમાં હતો. ત્યારે જેમ તેમ કરી પૌત્રીના લગ્ન પતાવ્યાં.

૫-ફેબ્રુઆરી, ૨૦૦૧, સવારે ૮-૩૦ વાગે હું ઘેર આવ્યો. તેઓ પોતાના નિત્યક્રમમાં વ્યસ્ત હતા. થોડી વારમાં નિત્યક્રમ પરવારીને

આવ્યા. મેં કહ્યું : "બેસી જાવ." "બોલ બેટા." મેં કહ્યું : "ભાઈસાહેબ હવે રહ્યા નથી." તેમનો ચહેરો ગંભીર બની ગયો. શરીર સ્તબ્ધ થઈ ગયું. સ્થિતિ વિકટ થવા લાગી. પછી અચાનક બોલ્યા : "મને એક મિનિટ આપ. આંખો બંધ થઈ ગઈ ને જાણે ક્યાંક ખોવાઈ ગયા. ૧૫-૨૦ સૅકન્ડ બાદ ફરી સ્વસ્થ થઈ ગયા." થોડી વાર પછી બોલ્યા : "જે થાય છે તે સારા માટે." ૫૨ (બાવન) વર્ષનો યુવાન દીકરો અકસ્માત અકારણ મૃત્યુ પામ્યો. એવો પુત્ર જેણે ૧૬ વર્ષની ઉંમરે ઘરમાં માતાનું સ્થાન સંભાળ્યું હતું. પોતાના ગાઢ પ્રેમથી, સાહસ અને સમજથી પોતાના પરિવાર અને અગણિત લોકોને પ્રેમથી રહેવાનું શીખવ્યું અને રસ્તો બતાવ્યો. માણેક ભાઈસાહેબે ભંશાલી પરિવારમાં સંસ્કાર, સમૃદ્ધિ અને વિકાસ ત્રણેના પાયા નાખ્યા હતા. અને તેના યશમાં ચાર ચાંદ લગાડ્યા હતા. માણેક પિતાના તો શ્રવણ જ હતા. જીવનમાં માણેક દ્વારા જેટલું સુખ અને સન્માન મળ્યું હતું તેટલું કોઈનાથી મળ્યું ન હતું. એવો પુત્ર અચાનક ચાલ્યો જાય અને તેઓ કહે : "જે થાય તે સારા માટે." સંસારી માટે આ માનવું કે જાણવું અત્યંત અઘરું છે. ફરી પાછી તે જ અટલતા, એક શબ્દ નહિ એક આંસુ નહિ, જીવન પૂર્વવત્.

દરેક વખતે તે મૃત્યુને અંગૂઠો દેખાડતા. દરેક પરિસ્થિતિમાં તેઓ કાંઈક ને કાંઈક સારું જ જોતા હતા. પુત્રીઓ ગઈ તો કહ્યું : "જુઓ, દુઃખ જોયું નહિ અને સધવા તરીકે જઈ રહી છે." પુત્ર પછી જમાઈ ગયા તો પણ તે જ 'પત્નીના વિયોગનું દુઃખ જોયું નહિ' વગેરે.

ડિસેમ્બર, ૨૦૦૫માં જી.ટી. હૉસ્પિટલની એક સીડી જે તેઓ સામાન્ય રીતે ઉપયોગમાં લેતા ન હતા, તેના ઉપરથી તેઓ પડી ગયા. ઊતરતી વખતે વિચારતા હતા કે - 'આનું હું સમારકામ કરાવીશ.' પોતે જ પડી ગયા. નાની વહુ મીનુ વર્ષોથી એમના સેવાકાર્યમાં જોડાઈ ગઈ હતી. આજે પણ એણે ક્રમ જાળવી રાખ્યો છે. તેનો ફોન આવ્યો. સમાચાર મળતાં જ હું દોડ્યો. તેઓ અધિક્ષકના ઓરડામાં બેઠા હતા, મેં ગભરાઈને પૂછ્યું : "શું થયું બાપુજી ? સાંભળ્યું છે કે હાડકું ભાંગ્યું છે ?" તેમણે કહ્યું : "બહુ સારું થયું, છેલ્લા પગથિયેથી પડ્યો, છેક ઉપરથી પડ્યો હોત તો ?" હાથમાં કાચો પાટો હતો અને ચહેરા ઉપર હાસ્ય. જીવન માટે પ્રેમ હતો, પરંતુ કાયાની આસક્તિ નહોતી.

પ્રત્યેક શ્વાસ ઋણરૂપ માનતા હોય એવી રીતે એઓ જીવન જીવ્યા. 'હું કંઈ રીતે દરેક ક્ષણે સ્વસ્થ રહું જેથી મારું જીવન અન્યને ઉપયોગી થાય અને જીવન પ્રસન્ન રહે.' દુઃખી દેખ કરુણા જાગે, સુખ દેખ મન મોદ. દુઃખીને જોઈને મનમાં કરુણા જાગે, સુખીને જોઈને મન પ્રસન્ન થાય. ઉચ્ચતમ બ્રહ્મવિહારી અધ્યાત્મભાવ તેમણે નિભાવ્યો.

આ જીવન એમનો યજ્ઞ હતો. 'तेन त्यक्तेन भूंजीथाः' અર્થાત્ 'ત્યાગી-ભોગવી જાણો.' એવા ઉપનિષદનું તેમણે અક્ષરશઃ પાલન કર્યું હતું. તેમણે આ જીવન સત્યને સમજી લીધું હતું. એની પ્રમુખ પ્રતીતિ એ એમનો બિનસાંપ્રદાયિક સ્વભાવ હતો. બીજું, સંસારમાં ખાસ તો મનુષ્યજન્મ મળવાથી દરેક પરિસ્થિતિમાં સુખી રહેવાની સહજ વૃત્તિ.

ઈશ્વરનું દરેક માન્ય સ્વરૂપ તેમને માટે વંદનીય હતું. ઘરમાં વિભિન્ન દેવી-દેવતાના અનેક ચિત્રો, શૉ-પીસ, કૅલેન્ડર વગેરે હોય જ. તેઓ કૃષ્ણ, શંકર, દત્તાત્રેય બધાની સમક્ષ એટલી જ શ્રદ્ધાથી ધૂપ દીપ કરતા, જેટલી શ્રદ્ધાથી તેઓ મહાવીર સ્વામીની સમક્ષ કરતા.

તેમનો ભગવાન આખરે કોણ હતો ?

તેમના માટે ઈશ્વર, એ તત્ત્વ હતું, જે સંસારના મોહ અને અસ્થિર સ્વભાવના જીવોમાં જાગૃતિ લાવવાની પ્રેરણા આપતું હતું, સહાયતા કરતું હતું. અથવા કહો કે જાગૃતિ અને કરુણાનું પ્રતિક હતું. લાખો કરોડો નવકાર જપવા છતાં તેમના મનમાં પોતે જૈન પરિવારના છે એવો ભાવ ન હતો. આ મહામંત્રમાં મુક્ત આત્માઓ અને સાધુજનોના ગુણોના શરણે જવાથી સર્વ મંગળ સાધવાની યુક્તિ છે, આ જ વાત ઉપર તેમનું લક્ષ્ય હતું. નવકાર મંત્રમાં નિહિના ૧૦૮ ગુણોનું રટણ તેમના મનમાં સતત ચાલ્યા કરતું. આ જ કારણ હતું કે સર્વ તપ અને નિયમો પાળવા છતાં જરા પણ આળસ કે રૂઢિના પડ ચઢવા દેતા ન હતા. દરેક ક્ષણે જાગૃત, પ્રતિક્ષણ સચેત.

માનવ જીવનનો પૂરેપૂરો લાભ લેવા માટે જ તેમણે ગીતાના તમામ યોગો એક સાથે અપનાવ્યા હતા - કર્મઠતા, ભક્તિ, જ્ઞાનધ્યાન અને કર્મસંન્યાસ.

**તેમની વ્યાપક દૃષ્ટિના બે બીજાં ઉદાહરણો :**

તેમની એક યોજના જે પૂ. વિજય ધર્મસૂરિજી સ્થાપિત 'યશોવિજય સંસ્કૃત પાઠશાળા'થી પ્રેરિત હતી, તે હતી જૈન પંડિતો તૈયાર કરવાની.

પરંતુ તેઓ સાથે - સાથે તેમ પણ કહેતા કે - 'આ યોજના અંતર્ગત ૨૫ હિન્દુ પંડિત તથા ૨૫ મુસ્લિમ અને ખ્રિસ્તી પંડિતોને પણ તૈયાર કરો અને તેમના યોગક્ષેમનો ખર્ચ ઉપાડો.' તે સમજતા હતા કે સર્વ પરંપરાઓમાં રૂઢિ અને વ્યક્તિપૂજા વધી રહી છે. તત્ત્વ અને સત્ત્વનું ઘટી રહ્યું છે. આટલા માટે જ જાણકારોને તૈયાર કર્યા સિવાય જાણકારીનો વધારો થઈ શકે નહિ.

કષાયમુક્તિ જ એમનો ધર્મ હતો, સ્વધર્મ હતો અને તેનું શરણે તેમણે અપનાવ્યું હતું, ભક્તિ, જપ, વાંચન, ચિંતન, ધ્યાન, સેવા વગેરે કરતાં તેમણે આત્માના પ્રત્યેક ગુણને અનુભવમાં ઉતાર્યા હતા. જીવન એક પ્રયોગ બની ગયું હતું. કેવી રીતે પોતાના આત્માને સતત પ્રયત્નથી પરમાત્મરૂપ બનાવી શકાય, અથવા જિનેશ્વર, ઈશ્વરની કેવી રીતે ભક્તિ કરીએ જેથી આત્મા પવિત્ર બને.

**એક ઉદાહરણ :**

નાનપણથી જ ચૌદશનો ઉપવાસ રાખતા હતા, કૅન્સરની બીમારીમાં પણ તેમણે તે ચાલુ રાખ્યો હતો. થોડાંક વર્ષો પહેલાં તેઓ પોતાની પુત્રી પુષ્પાને ત્યાં અમેરિકા ગયા હતા. પુષ્પાએ કહ્યું : "મારા ઘરે ખાવાનું બંધ ન કરશો, આ ચૌદશે ઉપવાસ ન રાખશો. મારે ત્યાં વળી પાછા તમે ક્યારે આવશો ?" તેમણે તરત જ વાત માની લીધી. મુંબઈ પાછા આવીને તેના બદલામાં અનુકૂળતા મુજબ ત્રણ દિવસના ઉપવાસ કરી લીધા.

અધ્યાત્મનો અર્થ જ છે આત્માની સમીપ, આત્મા પ્રેરિત થાય છે. જ્યારે મિથ્યાત્વ સહજ રીતે છૂટી જાય છે, ત્યારે દરેક કાર્ય કરતી વખતે સાધક સમતા અને આત્મામાં જ દૃષ્ટિ રાખે છે. તેનું જીવન આ જ દર્શાવે છે. પૂ. આનંદઘનજી મ.ના બે પદ તેમની દૃષ્ટિ માટે યોગ્ય રીતે લાગુ પડે છે.

*ચારો ચરન કે વાસતે ગૌઆ વનમેં જાય,*
*ચારો ચરે ચૌદિશા ફિરે, પણ બાકી નજર બિછુરિયા માંય.*
*ચારપાંચ સહેલિયાં મિલ, પાની હિલહિલ જાય,*
*તાલી દીયે, ખડખડ હશે, બાકી નજર ગગરિયા માંય.*

અર્થાત્ જેવી રીતે ગાય ચારે દિશામાં ચારો ચરતી ફરે છે, પરંતુ તેનું ધ્યાન તો વાછરડામાં જ હોય છે, જેમ ચાર-પાંચ બહેનપણીઓ

પાણી ભરવા જાય, તાલી દે - ખડખડ હસે, પરંતુ તેમનું ધ્યાન તો તેમની ગાગર ઉપર જ હોય છે, તેવી જ રીતે વિજ્ઞાનની દૃષ્ટિ સંસારના તમામ કામ કરતાં, છતાં આત્મા પર જ રહે છે.

સંસારની સર્વ જવાબદારી અદા કરતાં, ખેલકૂદ ખાન-પાન, વેપાર-વ્યવહાર બધામાં રસ લેવા છતાં, તેમની દૃષ્ટિ પોતાના ઉજ્જવળ આત્મા પર જ મંડાયેલી રહેતી હતી. દરેક કાર્ય દ્વારા જાણે કે તેને અધિક ઉજ્જવળ બનાવવાનો પ્રયત્ન ચાલુ હતો. આવા વિરલ અનેક જન્મોમાં પણ દુર્લભ વિશ્વવંદ્ય પૂજ્ય બાપુજીને અમારા સૌના કોટિ-કોટિ વંદન.

આવા તપોનિધિ, પરમ જ્ઞાની, ઈશ્વર ભક્ત, સેવારત્ન, સંસાર સાગરના ચતુર નાવિક, અનુપમ આત્મયોગી અને મૃત્યુંજય ઋષિ તુલ્ય સુશ્રાવક રૂપચંદજીને નમન કરીને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આ મહામાનવનું જીવન આપણને સર્વદા પ્રેરણા અને પથદર્શક રૂપ બની રહો.

એમના પુત્રો વલ્લભભાઈ અને મંગળભાઈ તેમજ પરિવારે ૨૦, ૨૧ અને ૨૨મા સમારોહનું યજમાનપદ સ્વીકારી-શોભાવીને જ્ઞાનાંજલિ દ્વારા પિતા-ભ્રાતાને શ્રદ્ધાંજલિ અર્પી છે. એમાં આપણે પણ આપણા-આપણા આત્મભાવની એક પાંખડી ઉમેરીએ અને નાનાલાલના પિતૃતર્પણ કાવ્યની કેટલીક પંક્તિઓને સ્મરીએ :

*છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ;*
*દેવોના ધામના જેવું હૈડું જાણે હિમાલય.*
*શ્વેત વસ્ત્રો સાદ ધાર્યાં, પ્રાણની શ્વેત પાંખ શા;*
*તે જ વાઘા સજી ભણે ફિરિશ્તો કો મનુષ્યમાં.*
*સહવારે સાંજરે જેવો તપે ભાનુ દિને દિને,*
*શીળા શીળે તપ્યા તેમ, દઝાડ્યા નહિ કોઈને.*
*નિત્ય જીવનમાં મહાયોગી, તત્ત્વચિંતક ચિંતકો;*
*ચતુર હતા સંસારે, તપોવને તપસ્વી મહીં.*
*શું શું સંભારું ? ને શી શી પૂજું પુણ્યવિભૂતિએ,*
*પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે;*
*વિશ્વના સમગ્ર માતા-પિતાને આપણા વંદન હજો.*

**- ધનવંત શાહ**
drdtshah@hotmail.com M. : 09820002341

# माणक सा. मेरी अनुभूति

*- मुकेश जैन*

आदरणीय श्री माणकजी रूपचंदजी भंशाली के जीवमवृत्त पर लेखन की जवाबदारी श्री धनवंतभाई ने मुझे दी है । यह मेरा परम सौभाग्य है कि मैं आज जो कुछ भी लिख रहा हुं यह सब उन्हीं के आशीर्वाद का प्रतिफल है ।

आदरणीय श्री माणकजी भंशाली का जन्म दि. ५-दिसम्बर, १९४८ को मुंबई में श्री रूपचंदजी भंशाली के परिवार में हुआ । परिवार के प्रथम पुत्र यथा नाम तथा गुण नाम 'माणक' रखा गया । ऐसे नाम को चरितार्थ करने वाले माणकजी का जन्म सुसंस्कारी परिवार में हुआ ।

श्री माणक सा. जन्म से कुशाग्र बुद्धि के थे । असल में तो वे बुद्धि और भावना दोनों से समर्थ थे - इस प्रकार का सामंजस्य विरल लोगों में ही देखा जाता है । विलक्षण बुद्धि से वह देख पाते जो और नहीं देख सकते थे । वह भावना से व प्रेम और साहस से वह कर पाते जो और कोई नहीं । जीवन भर की घटनाएं इसी अद्भुत गुण-मिश्रण को दर्शाती हैं । आपकी धार्मिक कार्यों में विशेष रुचि थी । विरासत में मिले माता-पिता के संस्कार उनमें पुरी तरह से समाए हुए थे । वे पिता के परम भक्त थे । पिताश्री का कोई भी आदेश उनके लिये शिरोधार्य व पत्थर की लकीर था । पढ़ाई में बहुत होशियार थे । युं तो वे ३ बडी बहन से छोटे थे व दो छोटे भाईयों में बडे परन्तु उनका सभी के साथ अटूट स्नेह था । मुझे याद है कि घर में जब सभी के लिये वे कपड़े लाते थे, तो उन्हें होल में रख देते थे और सभी से कहते थे कि सब अपनी-अपनी पसन्द के ले लो फिर आखिरी में जो बचा रहता था वो स्वयं अपने लिये रखते थे । वे पूरे परिवार के स्नेह की धुरी थे । उनका प्रिय वाक्य था 'जो देने में मजा आता है वो लेने में नहीं ।' सदा दूसरों के कार्यों में साथ देने के लिये तत्पर, उदारता उनका सबसे प्रिय शौक था ।

बहुत ही अल्प आयु में आपने व्यापार शुरू किया। पहले कपड़े का व्यापार मूलजी जेठा मार्केट से करते थे। उसके भागीदार एक सिंधी भाई गोप सेठ थे। फर्म का नाम था 'आदि टॅक्सटाईल्स'। आप अपने व्यवसाय में इतनी प्रमाणिकता से काम करते थे कि वर्ष के अंत में जब हिसाब मिलाते और अगर मुनाफा ज्यादा होता तो सभी खरीददार व्यापारियों को वापस अपने मुनाफे में से हिस्सा बिना मांगे दे देते थे। यह औचित्यपूर्ण व्यवहार और व्यापार जीवनभर चलता रहा। इस प्रकार अपने पूरे कपड़े मार्केट में छोटी उम्र में ही अपनी विशिष्ट साख स्थापित की।

माणक सा. व्यापार में दिव्यदृष्टा थे। कई वर्ष तक वे कपड़े के व्यवसाय में रत थे, लेकिन उन्हें कपड़े के व्यापार में उधारी का चलन कतई पसन्द नहीं था। इसलिये वे दूसरे मौकों की तलाश में रहते थे। १९७० से शेयर मार्केट में रस रखने लगे थे। जब १९८३ में उन्हें पता चला कि मनुभाई माणकलाल जो कि मार्केट के दादा कहलाते थे वे उभरती उम्र के नेमिष शाह के साथ मिलकर ENAM FINANCE नाम की कम्पनी खोलने जा रहे थे, तब उन्होंने अपने प्रिय छोटे भाई वल्लभ के लिये तुरंत प्रस्ताव रखा कि वह भी जुड जाये। कुछ वक्त बाद शेयर मार्केट में ENAM को बुलंदियों में पहुँचाने और पूरी तरह से शेयर मार्केट में जुट गए। इस तरह उन्होंने कपड़े के व्यापार से निजात पायी। यह उनकी कुशाग्रता ही थी कि उन्होंने थोडे वक्त के बाद यह अनुभव किया कि भागीदारी उसी रूप में चलने वाली नहीं थी - यद्यपि उपर से अत्यंत सफल दिखी थी। उनके आग्रह पर नेमिष ने उसमें परिवर्तन कुबूल किया। इस परिवर्तन के कारण भागीदारी आज भी कायम है। यह ज्ञानत्व है कि ENAM के नए आदर्शों, नई प्रमाणिकता के साथ उच्चतम मापदण्ड पर एक नया स्थान हांसिल किया जिसकी आज तक देश में मिशाल दी जाती है। उन्होंने शेयर बाजार में रह कर भी कभी कोई Hotel या उनके उत्पादन में Non Veg. का उपयोग हो या शराब इत्यादि का उपयोग हो में कभी निवेश नहीं किया न हि वे किसी को उस बारे में सलाह देते थे।

साधारणतया मार्केट में व्यापारी अपने सौदे या रुख को गुप्त रखते हैं । यह आवश्यक भी है क्योंकि 'जो जल्दी करे, उसीकी चांदी हो' ऐसा यह मार्केट है । लेकिन माणक सा. बड़े उदार मन से लोगों को अपनी राय देते थे । अपना नुकसान कर के भी लोगों को बचाते थे । या नफा कराकर प्रसन्न होते थे । यद्यपि, वे तकनिकी रूप से (जैसे C.A. इत्यादि) शिक्षित नहीं थे, फिर भी अपनी सूझ-बूझ के कारण मार्केट में बड़े-से-बडे व्यापारियों भी उनका भरपूर सम्मान करते थे ।

शेयर मार्केट की **Arbitration** कमिटी में उन्होंने महत्त्वपूर्ण काम किया और कई पेचीदा विवाद सुलझाए । साधारणतया, **Arbitrator** का पद धन्यवादहीन होता है, परन्तु उन्होंने चौतरफ का यश पाया । यह उनकी लोकप्रियता ही थी, जिस कारण एक उम्मीदवार को उन्होंने, अपनेक्षित रूप से मार्केट का प्रेसिडेन्ट बनवा दिया था ।

श्री माणक सा. व्यक्तिगत जीवन में बहुत धार्मिक स्वभाव के थे, रोज ध्यान, नव स्मरण माला, पाठ इत्यादि करना, अष्टमी, चतुर्दशी का उपवास करना कभी भी नहीं छोड़ते थे । अपने सिद्धांतो से वे कभी भी समझौता नहीं करते थे । वे हालांकि शेयर बजार में व्यापार करते थे । जो शुरू होता था उस समय १०-०० बजे । १२-३० बजे तक कभी भी ऑफिस फोन नहीं करते थे न ही उतार-चढाव के भाव लेते थे । वे सदा कहते थे कि सेठ वो ही होता है जो अपनी मर्जी से कार्य करें । समय उसी के हिसाब से चलेगा, वह समय के हिसाब से नहीं ।

माणक सा. हंमेशां सम्बन्धों में प्रेम का निर्माण करते थे । वे परिवार, व्यापार, रिश्तेदार, बिल्डिग, सोसायटी के हर व्यक्ति से प्रेम करते थे । हर व्यक्ति उनको अपने दिल की बात कहता था । वे उनका प्रेम ही था कि सामने वाला सहज होकर अपने दिल की बात उनसे करता था । इतने बड़े आदमी होकर भी सहज व्यवहार करना व हर एक के साथ प्रेम से रहना, स्नेह देना उनके स्वभाव का अंतरंग हिस्सा था जो मैंने देखा है ।

वे परिवार में संस्कार के पोषक थे । सबके साथ कैसे रहना, कैसे बड़ों को आदर देना, नित्य प्रणाम करना, इत्यादि उन्होंने सभी को सिखाया । बड़ों का आदर, छोटों को अपार स्नेह यह उनके इस विशिष्ठ स्वभाव के कारण, वे पूरे परिवार, सभी रिश्तेदार के सबसे प्रिय पात्र थे । सबके हृदय में बसे हुए थे । कोई भी तकलीफ हो तो माणक सा. को यह कह दो उसका समाधान उनके पास था । हंमेशां सबको साथ लेकर चलने का आग्रह था । कभी भी कोई कार्य अकेले करने का निर्णय नहीं लिया । परिवार के आदर्श, पितृभक्त थे, स्वास्थ्य के प्रति सजग थे । खानपान में बहुत ध्यान रखते थे । जीवनभर प्याज, लहसून एवं चाय का उपयोग नहीं किया । हंमेशां सबसे स्वास्थ्य के प्रति सजग रहने का बोध करते थे ।

एक घटना जिससे मुझे जीवन में इस बड़ी शिक्षा मिली, उसका उल्लेख करना चाहता हूँ कि वर्ष १९९१ में माणक सा. रतलाम आए । मैं उनके साथ स्टेशन गया । छोटा शहर है, अच्छी पहचान है । अतः मैंने रौब डालने के लिये कहा, फुफासा प्लेटफोर्म टिकट लेने की कोई जरूरत नहीं है । यहाँ सभी मुझे जानते हैं । जबकि उस वक्त प्लेटफोर्म टिकट ५० पैसा का आता था । उन्होंने कुछ नहीं कहा । बस कहा, प्लेटफोर्म टिकट खरीदो । फिर घर जाकर समझाया कि हम ५० पैसे कि चोरी कर रहे है उपर से रोब जमा रहे हैं और इसे अपनी होशियारी समझ रहे हैं । यह चोरी है, ऐसा कभी मत करना । उनकी यह बात मेरे जीवन का एक टर्निंग पोईन्ट था । उनकी छोटी सी बात ने इतना बड़ा संदेश दिया कि आज भी जब भी कहीं पार्किंग, प्लेटफोर्म इत्यादि का शुल्क चुकाता हूँ तो अचानक उनकी याद आ जाती है । चरित्र निर्माण में उनकी इसी तरह की छोटी-छोटी सी बातों ने मेरे जीवन का तरीका ही बदल दिया ।

माणक सा. का अल्पायु ( ५२ वर्ष में ) ५-२-२००१ में निधन हो गया । जब उनका निधन हुआ उसके पूर्व उन्हें १३ दिन तक बोम्बे होस्पिटल में इलाज के लिये भर्ती रखा था, तब वहां पर प्रतिदिन मुंबई जैसे शहर में जहां किसी के पास किसी के लिये

समय नहीं है उनके लिये रोज शाम एवं सुबह मिलने को करीबन २०० आदमी नीचे बैठें रहते थे । हम इन्हें समझाते थे फिर भी लोग घर नहीं जाते वहीं बैठे रहते थे । पहले मैं यह समझता था कि माणक सा. सिर्फ मेरे हैं व मैं ही उनके सबसे करीब हूँ और उनकी जिन्दगी में भी ऐसा ही है । परन्तु मेरा भी भ्रम टूट गया जब उनके निधन के पश्चात् सेंकडों लोग से मैं मिला जो यही कह रहे थे कि वे सिर्फ उनके थे । उनके सबके जीवन में सबसे प्रिय, नजदीकी व्यक्ति अगर कोई था तो वे श्री माणक सा. थे ।

यद्यपि माणक सा. आज वो हमारे बीच नहीं है, परन्तु उनके बताए मार्ग पर हम सभी उनकी यादों के सहारे आगे बढ़ रहे हैं । ये सभी यादें चिरस्मरणीय रह कर पग-पग पर हमारा मार्गदर्शन करती रहेगी । उनकी धर्मपत्नी लता मेरी भुआ धर्म के मार्ग पर बहुत आगे बढ़ गई । उदारता उनके रोम-रोम में बसी हुई है । उनका पुत्र आकाश सच में यथा नाम तथा गुण आकाश की तरह पूरे परिवार को साथ लेकर आगे बढ़ रहा है । उनका सबसे छोटा भाई श्री मंगलजी भंशाली समर्पित भाव से मानव सेवा के कार्य में लगातार आगे बढ़ रहा है और उनके पूरे परिवार के धार्मिक एवं मानवसेवा के कार्य में लगा हुआ है । यह श्री माणक सा. द्वारा दिये गये संस्कार ही हैं कि हम अपने परिवारों को आज साथ लेकर चल रहे हैं । मैं हर कार्य करता हूँ और सोचता हूँ कि अगर आज माणक सा. होते तो मैं कैसे करता या उनका क्या आदेश होता उसी तरह में उस कार्य को करने की कोशिश करता हूँ ।

मैं सदैव ऋणी हूँ, रहूंगा आदरणीय माणक सा. का व भंशाली परिवार का प्रणाम ।

अंत में चार पंक्तियों के साथ कलम को विराम :

*मीठी मधुर स्मृतियां, आपकी कभी नहीं मिट पाएगी ।*
*आपका व्यवहार, आपकी बात सदैव हमें याद आएगी ॥*
*आपका विरल व्यक्तित्व प्रेरित सदा करता रहेगा ।*
*आपका आत्मविश्वास, हम में हौंसला भरता रहेगा ॥*

**मेरी अनुभूति के साथ विनम्र हृदय से माणक सा. को भावांजलि ।**

# જૈન તીર્થ વિષયના વિભાગીય અધ્યક્ષનું નિવેદન

મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે ૨૩મો સાહિત્ય સમારોહ સોનગઢ મુકામે ફેબ્રુઆરી - ૨૦૧૬માં સંપન્ન થયો. આ સાહિત્ય સમારોહમાં એક વિષય 'તીર્થસંબંધી સાહિત્ય' રાખવામાં આવ્યો હતો. સત્રસંયોજક શ્રી ધનવંત શાહ દૃષ્ટિ એવી હતી કે આ સમારોહ નિમિત્તે વિપુલ માત્રામાં લખાયેલ તીર્થસંબંધી ચૈત્યપરિપાટી, યાત્રાવર્ણનો અને તીર્થવિષયક ઐતિહાસિક પુસ્તકોનું અધ્યયન - પરિશિલન - સંશોધન થાય. આ સમારોહ ૪૨ જેટલા નિબંધો તીર્થ વિશે આવ્યા હતા.

તીર્થ વિષયક બેઠકને પ્રારંભે નિશ્રાદાતા પ. પૂ. આચાર્યદેવશ્રી શીલચંદ્રસૂરિશ્વરજી મહારાજે જીર્ણોદ્ધારમાં દાખવવી જોઈતી ચોકસાઈ અને પુરાતત્ત્વની સંભાળની વાત કરી હતી. બેઠકના પ્રમુખ શ્રી જિતેન્દ્ર શાહે વિસ્તારથી તીર્થયાત્રાના લાભની ચર્ચા કર્યા બાદ હાઈવે પર થતાં નવતીર્થ નિર્માણ પર અંકુશ મૂકવાની વાત રજૂ કરી હતી.

આ બેઠકનું સંચાલન મેં સંભાળ્યું હતું. આ બેઠકના કેટલાક શોધપત્રો પ્રાચીન - અર્વાચીન તીર્થસંબંધી સાહિત્યનું અધ્યયન રજૂ કરતા હતા, તો કેટલાક તીર્થવિષયક માહિતી રજૂ કરતા હતા. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા તેમજ ટૂંક સમયમાં જ પુસ્તક તૈયાર કરવાનું હોવાથી સમયમર્યાદાને ધ્યાનમાં રાખી પસંદ કરેલા ૭ શોધપત્રો અહીં પ્રસ્તુત કર્યા છે.

**- ડો. અભય દોશી**

# ૧૩મા સાહિત્ય સમારોહના વિદ્વાનો

સોનગઢ મુકામે યોજાયેલ ૨૩મા સાહિત્ય સમારોહમાં ભાગ લીધેલ વિદ્વાનોની યાદી

**વિભાગીય અધ્યક્ષ ડો. અભય દોશી**

**વિષય : જૈન શિલ્પ તીર્થ સાહિત્ય**

| | | | |
|---|---|---|---|
| (૧) | કૈલાશ મહેતા | આબુ (અચલગઢ) | ૮૮૨૦૦૪૬૨૪૬ |
| (૨) | જ્યોત્સ્ના આર. ધ્રુવ | શ્રી ગિરનાર જૈન તીર્થ સાહિત્ય | ૯૮૬૯૩૨૨૪૬૭ |
| (૩) | જહોની કીર્તિકુમાર શાહ | કાગડા તીર્થ | ૯૨૨૩૨૭૨૫૧૫ |
| (૪) | ડૉ. ઊર્વશીબહેન મનુપ્રસાદ પંડ્યા | માંડવગઢ તીર્થ | ૯૬૧૯૬૭૩૫૬૬ |
| (૫) | શ્રી ભરતકુમાર એમ. ગાંધી | નાકોડા, કાપરડા, લોદ્દ્રયાતીર્થ | ૯૮૨૪૪૮૫૪૧૦ |
| (૬) | પ્રફૂલ્લા વોરા | ઝાંઝમેર તીર્થ | ૯૪૦૯૪૬૭૯૩૪ |
| (૭) | હંસાબહેન પ્રવીણચંદ્ર શાહ | દેલવાડા જૈનમંદિર | ૯૪૨૭૨૮૪૯૯૧ |
| (૮) | નિરંજનાબહેન | ખજૂરાહો કે જૈનમંદિર | |
| (૯) | ડૉ. સુધાબહેન પંડ્યા | પૂર્વ ભારતની જૈન તીર્થ ભૂમિઓ | ૯૪૨૭૫૩૯૨૭૯ |
| (૧૦) | ડૉ. રેણુકા જિનેન્દ્ર પોરવાલ | વિવિધ તીર્થકલ્પમાં વ્યક્ત થયેલ ઈતિહાસ | ૯૮૨૧૮૭૭૩૨૭ |
| (૧૧) | ડૉ. હંસા એસ. શાહ | ચીનમાં જૈનધર્મ | ૯૮૧૯૭૨૦૩૯૮ |
| (૧૨) | ડૉ. કાનજીભાઈ ડી. બગડા | શ્રી નવખંડા પાર્શ્વનાથ તીર્થધામ ઘોઘા | |
| (૧૩) | ડૉ. નંદિનીબહેન ઝવેરી | તળાજા તાલધ્વજ ગિરિ | ૯૬૦૧૪૦૦૯૭૫ |
| (૧૪) | હિંમતલાલ શાંતિલાલ ગાંધી | શ્રી મહુવા (મધુમતી) તીર્થ | ૯૩૨૩૩૩૧૪૯૩ |
| (૧૫) | ચંદ્રિકાબહેન કે. શાહ | સ્તંભતીર્થ ખંભાત | ૯૭૨૬૮૬૩૩૪૪ |
| (૧૬) | ડૉ. કીર્તિ એન. શાહ | ખંભાતની આસપાસના જૈન તીર્થો | ૯૪૨૮૫૫૬૪૯૪૮ |
| (૧૭) | શ્રી શાહ | પાવાગઢ | ૯૩૨૨૨૬૪૯૭૫ |

| | | |
|---|---|---|
| (૧૮) એલ. મુંશી | કેશરીયાજી તીર્થ | - |
| (૧૯) કનુભાઈ શાહ | શ્રી તારંગા | ૯૭૨૫૮૯૩૩૫૫ |
| (૨૦) ડૉ. દીક્ષા સાવલા | જૈન તીર્થ વિષયક ફાગુકાવ્યો | ૯૩૨૭૯૧૪૪૮૪ |
| (૨૧) ડૉ. શીતલ મનીષ શાહ | છ'રી પાલિત સંઘ સ્તવન | - |
| (૨૨) જીજ્ઞા વિશાલ શાહ | ચૈત્ય પરીપાટી | |
| (૨૩) ડૉ. વાસંતી આર. સોની | શેત્રુંજય મહાતીર્થ | ૭૭૩૮૨૯૩૪૨૪ |
| (૨૪) ડૉ. રેખા ગોસલિયા | શ્રી સમ્મેખ શૈલ તમહ થુણામિ | |
| (૨૫) અનીતા દિનેશચંદ્ર આચાર્ય | મુનિરાજ શ્રી ન્યાય વિજયજી (ત્રિપુટી)ની દક્ષિણ મહારાષ્ટ્ર યાત્રા | ૯૪૨૭૪૯૬૨૭૧ |
| (૨૬) મનુભાઈ શાહ | શ્રી ભંડારિયા પાર્શ્વનાથ જૈન તીર્થ | ૯૪૨૯૫૦૫૭૫૬ |
| (૨૭) રેશમા ડી. પટેલ | ભદ્રેશ્વર - વસઈ તીર્થદર્શન | ૯૮૨૫૧૮૫૧૬૭ |
| (૨૮) ભરતકુમાર પ્રા. ઠાકર | શ્રી ભદ્રેશ્વર - વસઈ મહાતીર્થ | ૯૪૨૭૨૨૩૧૫૦ |
| (૨૯) ભારતી બી. શાહ | જૈન તીર્થ ઈતિહાસ - પાટણ | ૯૩૨૪૧૧૫૫૭૫ |
| (૩૦) તન્વી ગાંધી | શ્રી રાણકપુર પંથતીર્થો | ૦૯૭૨૩૩૫૮૧ |
| (૩૧) કાનજી જે. મહેશ્વરી 'રિખીયો' | જૈન તીર્થ - ઈતિહાસ અને સ્થાપત્ય દર્શન | ૯૪૨૬૭૮૯૬૭૦ |
| (૩૨) ચેતનાબહેન પંકજકુમાર શાહ | શ્રી કદમ્બગિરિ મહાતીર્થ | ૯૪૨૯૯૬૨૩૦૩ |
| (૩૩) શ્રીકાન્ત રસિકલાલ ધ્રુવ | શ્રી રાણકપુર તીર્થ | ૯૮૬૯૩૨૨૪૬૭ |
| (૩૪) ડૉ. હર્ષદા જે. શાહ | શ્રી કલિકુંડ તીર્થ | |
| (૩૫) ડૉ. શોભના શાહ | રાજનગરની પોળોના તીર્થોનો ઈતિહાસ | ૯૮૯૮૧૦૯૨૭૩ |
| (૩૬) આરતીબહેન ત્રિવેદી | શ્રી શંખેશ્વર મહાતીર્થ | ૯૯૦૪૦૮૪૮૪૦ |
| (૩૭) રામસીભાઈ રાજાભાઈ ગરેજા | શ્રી શત્રુંજ્ય તીર્થ | ૯૯૭૯૧૫૦૦૧૮ |
| (૩૮) ગૌતમ જિતેન્દ્રલાલ શાહ | અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ | ૦૯૪૨૮૨૫૨૨૨૦ |

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| (૧) | પાવાગિરિ ચૈત્યપ્રવાડિ | - | ૩૦ |
| (૨) | પૂર્વભારતની જૈન તીર્થભૂમિઓ (સચિત્ર) | - ડૉ. સુધા નિરંજન પંડ્યા | ૫૪ |
| (૩) | ઝાંઝમેર : આકર્ષક અને અદ્‌ભૂત તીર્થ | - ડૉ. પ્રફુલ્લા વોરા | ૭૨ |
| (૪) | વિવિધ તીર્થકલ્પમાં વ્યક્ત થયેલ ઇતિહાસ 'કિંચિત દૃષ્ટવં કિંચિત શ્રુત્વં' | - | ૯૦ |
| (૫) | તીર્થ - સાહિત્ય | - જહોની કીર્તિકુમાર શાહ | ૧૦૩ |
| (૬) | જૈન તીર્થ સાહિત્ય : ફાગુ કાવ્યો - એક સમીક્ષા | - ડૉ. દીક્ષા એચ. સાવલા | ૧૨૪ |
| (૭) | શત્રુંજયની ચૈત્ય પરિપાટી | - | ૧૩૪ |

# પાવાગિરિ ચૈત્યપ્રવાડિ

**પ્રસ્તાવના :**

ભારતવર્ષના ધર્મોમાં જૈન ધર્મ પોતાની પ્રાચીનતા, પોતાનું તત્ત્વજ્ઞાન અને પોતાની કલાપ્રિયતાથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જૈન ધર્મની આ પ્રાચીનતા, ભવ્યતા અને ઉદારતાના એક પ્રતીકરૂપ જૈનતીર્થો છે, એમ ભારતીય અને યુરોપીયન વિદ્વાનોએ એકમતે સ્વીકારેલું છે. જેના અણુએ અણુમાં જૈનોનો ભવ્ય ભૂતકાળ ગૂંજી રહ્યો છે, અને જેના પરમાણુએ પરમાણુમાં મન અને આત્માને પવિત્ર કરે એવું વાતાવરણ છે, એવા પોતાના પુનિત તીર્થોને - મંદિરોને રોજ પ્રભાતકાળે આબાલવૃદ્ધ જૈન **'સકલ તીર્થ વંદુ કર જોડ'** એમ કરી વંદે છે, ત્યારે ભારતવર્ષના વિશાળ પટ પર આવેલાં તીર્થો, મંદિરો, મંદિરાવલિઓ વિશે જાવણા અંગે ઉત્કંઠા અને ઉલ્લાસ જાગે એ પણ સ્વાભાવિક છે.

ભારતવર્ષમાં તીર્થયાત્રાએ જવાની ઘણા પ્રાચીન સમયથી અતૂટ પરંપરા છે. 'મહાભારત'માં પાંડવો તીર્થયાત્રાએ નીકળ્યાનો પ્રસંગ છે. આપણા ઘણા ધર્મ-સંપ્રદાયોમાં યજ્ઞ-યાગ, તપશ્ચર્યા, તીર્થયાત્રા, પૂજા, વ્રતપાલન, ભજનકીર્તન, નામજપ વગેરેનો ધાર્મિક જીવન માટે મહિમા કરાતો રહ્યો છે. તીર્થયાત્રાને લગતું વિપુલ સાહિત્ય સંસ્કૃત, પ્રાકૃત અને પ્રાચીન પ્રાદેશિક ભાષાઓમાં રચાયું છે. તેમાંનું સારા પ્રમાણમાં હજી માત્ર હસ્તપ્રતોમાં દટાયેલું પડ્યું છે. આ સાહિત્ય ભૌગોલિક, ધાર્મિક, સામાજિક, ભાષાકીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. જૈન પરંપરાનું આ વિષયનું સાહિત્ય કદાચ સર્વાધિક છે.

જે-જે સ્થાનોમાં પવિત્ર ક્રિયાઓએ અસ્તિત્વ ભોગવ્યું હોય છે તે-તે સ્થાનો નિરંતર નિર્મળ - શુદ્ધ રજકણોથી પરિપૂર્ણ હોય છે. આવા સ્થાનોની નિર્મલતા એટલી બધી બળવાન હોય છે કે ત્યાં આવનાર દરેક પાપી જીવ ઉપર તેની સચોટ અસર થઈ તે જીવની અશુદ્ધતાની વિચાર-માળાનો સદંતર નાશ થાય છે. અર્થાત્ તેની દરેક જીવ પર સુંદર ચારિત્રની છાપ પડે છે. આ પવિત્ર સ્થાનની યાદીને માટે ત્યાં કોઈ પણ જાતના સ્મારક ચિહ્નો હોય છે, જે સ્મારકો ઘણી જ પવિત્રતાના પ્રસંગથી 'તીર્થ' એ સંજ્ઞાને પામે છે અર્થાત્ તીર્થ સ્વરૂપ ગણાય છે.

આજે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીનું ભારતવર્ષ પોતાની અસ્મિતાની તપાસ કરી રહ્યું છે. આ અસ્મિતાના અભ્યાસી ઈતિહાસવિદો અને પુરાતત્ત્વ-વિદોનું જૈનધર્મના આ મહત્ત્વના સ્થાપત્યો તરફ ખાસ લક્ષ ગયું છે, ને ભવ્ય ભારતના ઈતિહાસની તૂટતી કડીઓ સાંધતા તેઓ જૈનોના આ પ્રતાપી વારસા વિશે સવિશેષ દૃષ્ટિ નાંખી રહ્યા છે.

જૈન સંસ્કૃતિ ભારતની અગ્રગણ્ય સંસ્કૃતિઓમાંની એક છે. મુખ્યત્વે હિંસાવિજય અને મારવિજય પર નિર્માણ થયેલી આ સંસ્કૃતિનો ઈતિહાસ પણ ઘણો પ્રાચીન અને મહત્ત્વનો છે ને ધર્મવીરો, દાનવીરો અને કર્મવીરોનાં ઉજ્જવળ ચારિત્રોથી ભરેલો છે. આ ધર્મની ભૂતકાલીન જાહોજલાલી, ઉન્નત કળાજીવન તથા ઉચ્ચકોટિના આત્મસમર્પણના પ્રતીકસમા એના શિલ્પસ્થાપત્ય ને કળાભાવના તથા ધર્મભાવનાથી ભરેલા તીર્થો છે. આ તીર્થો ભારતવર્ષના વિશાળ પટ પર સ્થળે-સ્થળે પથરાયેલાં છે અને એ જૈનતીર્થોનો પ્રવાસી સહેલાઈથી ભારતભરની પુણ્ય યાત્રા કરી લે છે.

આવી ક્ષેત્રકાર્ય અને સ્થળતપાસથી જૈન પુરાવસ્તુ વિદ્યાની સાધના માટે ચૈત્ય પરિપાટી સારું સીમાચિહ્ન પૂરું પાડે છે. તેથી તે પૌરાણિક પરંપરાની તીર્થયાત્રાના વર્ણનોની માફક પોતાનું વિશિષ્ટ સ્થાન ઈતિહાસ અને સંસ્કૃતિમાં અધ્યયન રાખે છે.

## ચૈત્યપરિપાટી :

શું છે ચૈત્યપરિપાટી ? ભગવાનનો આપણી ઉપર અસીમ ઉપકાર છે તે કૃતજ્ઞતા વ્યક્ત કરવા પૂરા ઠાઠમાઠથી દેરાસરે દેવાધિદેવના દર્શન અર્થે જવું. ચતુર્વિધ સંઘ-સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સાથે જવું. સકળ સંઘ સાથે જવાથી ઉલ્લાસની વૃદ્ધિ ખૂબ થાય છે. આ જ ઉલ્લાસ દ્વારા પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવાય છે. જિનભક્તિનો મહિમા અજોડ છે. આ મહિમાને ચૈત્ય પરિપાટીનું નામ આપવામાં આવ્યું છે.

'ચૈત્ય' શબ્દના સામાન્યથી બે અર્થ છે. જિન પ્રતિમા અને જિન મંદિર. જિનમૂર્તિના દર્શન, પૂજન અને વંદન માટે શાસનની પ્રભાવનામય વાજતે-ગાજતે આડંબરપૂર્વક જિનમંદિરે જવું તેનું નામ ચૈત્યપરિપાટી.

પર્વાધિરાજ શ્રી પયુર્ષણ પર્વનું પાંચમું કર્તવ્ય છે. ચૈત્યપરિપાટી કરવી એ પણ સમ્યક્ત્વની નિર્મળતાનું અને શાસનની ઉન્નતિનું એક કારણ છે. ચૈત્યની ચર્ચા આદિ કાર્યો કરવા દ્વારા શાસનની ઉન્નતિ કરવી જોઈએ.

ચૈત્યપરિપાટી પરમાત્માના ઉપકારની સ્મૃતિરૂપ છે. ચૈત્યના દર્શન તથા સ્તવન-કીર્તન દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત કરવાની છે. કૃતજ્ઞતામાં અહમ્‌નું નામનિશાન નથી. જુદાં-જુદાં જિનચૈત્યોમાં દર્શનાદિ માટેની પરિપાટી અર્થાત્ પરિભ્રમણ અથવા એક જ પર્વતના તળેટીથી ટોચ સુધી 'જુદાં-જુદાં ચૈત્યનું પરિભ્રમણ કરવું તેનું નામ ચૈત્યપરિપાટી.' ધજા-પતાકા, તોરણ, કમાન આ બધાથી શોભાવી મંદિરને એવું નયનરમ્ય અને આકર્ષક બનાવવું કે ચૈત્યપરિપાટીએ પધારનારા ધર્મીબંધુઓ ખૂબ ભક્તિરંગમાં ચઢે. ચૈત્યપરિપાટીએ સમ્યગ્‌દર્શનની નિર્મળતા અને પ્રાપ્તિનું અમોઘ સાધન છે. જો આ ચૈત્યપરિપાટી ઉદારતા અને આયોજનપૂર્વક કરવામાં આવે તો શાસનની શ્રેષ્ઠ પ્રભાવના થઈ શકે છે.

એક સામાન્ય ચિંતકે પણ અધ્યાત્મ જગતના અસ્તિત્વનું સમીકરણ શોધ્યું છે. તેણે કહ્યું છે કે - 'જો તમારે ભારતીય પ્રજાને ખતમ કરી દેવી હોય તો તમે ભારતીય સંસ્કૃતિને ખતમ કરી નાખો કેમકે એ પ્રજાની જીવાદોરી એની સંસ્કૃતિ છે,' અને જો તમારે ભારતીય સંસ્કૃતિને ખતમ કરી નાખવી હોય તો તમે મંદિરોને ઊભાને ઊભા જ ખંડીએર બનાવી દો, કેમકે મંદિરો જ તેની સંસ્કૃતિના ઉદ્‌ગાતાઓ છે અને રખોપાઓ છે.'

ત્રિલોક પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવા માટે સહજ રીતે બાળજીવોને માટે 'જિનમંદિરો' અનિવાર્ય બની જાય છે.

ઘર, સ્થાન, સ્થળ, સાધુ, મકાન, શ્રમણ, પીપળો, દેવાલય, દેવાવાસ, દેવસ્થાન, દેવમંદિર, કેવળજ્ઞાન, સ્મારક ચિહ્‌ન, અશ્વત્થ વૃક્ષ, જૈન દેરાસર, જૈનની મૂર્તિ, તીર્થંકરનું જ્ઞાન, વ્યક્તિગત આત્મા, ચબૂતરાવાળું વૃક્ષ, પ્રતિમા ઉદ્દેશ્ય વૃક્ષ, પવિત્ર પ્રાચીન સ્થળ, યક્ષ વગેરે વ્યંતર દેવતાનું સ્થાન, દેવ-મંદિરમાં રહેલ દેવ, જૈન દેવોના ચિહ્‌નરૂપ વૃક્ષ, જૈન તીર્થંકરોના અતિશયરૂપ આસોપાલવનું ઝાડ જેવા અનેક અર્થ ચૈત્યના મળે છે. (ભગવદ્રોમંડલ, ભાગ-૪ પૃષ્ઠ-૩૨૮૧) અને આ ચૈત્યના આધારે ચૈત્યપરિપાટીનો અર્થ થાય છે - 'જે સ્થળે જેટલાં ચૈત્યો હોય તે બધાંને ક્રમવાર જુહારવાં તે.'

આવા જ એક જિનમંદિર નામે પાવાગઢ કે જેના વિશેષ નામ પાવક દુર્ગ, પાવક પર્વત, પાવક ભૂધર, પાવક શૈલ, પાવક ગિરિ, પાવક ગિરીશ્વર, પાવકાચલ, પાવકાદ્રિ, પાવયગિરિ, પાવાગિરિ તરીકે ઓળખાય છે, તેની ચૈત્યપરિપાટીનું ભાવપૂર્વક વિસ્તરણ જોઈએ.

## પ્રતપરિચય :

પ્રસ્તુત કૃતિનું સંપાદન કાર્ય આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રની એકમાત્ર હસ્તપ્રતને આધારે કરવામાં આવ્યું છે. આ પ્રતનો ક્રમાંક ૦૭૨૨૩૭ છે. અક્ષર મહદંશે સુંદર અને સુવાચ્ય છે. અમુક જગ્યાએ અક્ષર ઝાંખા પડી ગયા છે, અક્ષરો પડિમાત્રા અને અત્યારે પ્રચલિત માત્રાનું મિશ્રણ ધરાવે છે. સ્વચ્છ દેવનાગરી અક્ષરોવાળી હસ્તપ્રતની બંને બાજુ હાંસિયા છે. જે પાર્શ્વ મધ્ય ફુલિકાથી સુશોભિત છે. લખાણ પદ્ધતિના કેન્દ્રમાં પંચરથ ચોરસની ભાત ઉપસાવે છે. આ પ્રત ૧૮મી શતાબ્દીની હોય તેવું લાગે છે. સાઈડ પરથી પાના ફાટી ગયા છે.

## પ્રતિલેખકે તેમનો પરિચય :

**।। महोपाध्याय श्री जिनमाणिक्य गणि शिष्य अनंतहंस गणिकृता अनंत कीर्ति गणिना लिखता ।।**

એ પ્રકારે આપ્યો છે. પ્રતની ભૌતિક અને લાક્ષણિક પરિચયની સંક્ષિપ્ત ઝલક નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| પ્રત ક્રમાંક | : | **AKGM 072237** |
| પ્રત નામ | : | પાવાગિરિ ચૈત્ય પ્રવાડિ |
| પૂર્ણતા પ્રકાર | : | સંપૂર્ણ |
| કુલ પ્રત સંખ્યા | : | ૩ |
| પ્રત લંબાઈ | : | ૨૬ સે.મી. |
| પ્રત પહોળાઈ | : | ૧૧ સે.મી. |
| કુલ પંક્તિ | : | ૭ (પ્રતની એક સાઈડ પર) |
| પંક્તિમાં અંદાજે કુલ અક્ષર | : | ૩૨ થી ૩૩ |
| લાક્ષણિક ચિહ્ન | : | પાર્શ્વ મધ્ય ફુલિકા તેમજ કેન્દ્રમાં પંચરથ ચોરસથી સુશોભિત |
| લિપિ | : | જૈન દેવનાગરી |
| પદાર્થ પ્રકાર | : | પ્રતના કાગળ જિર્ણ થઈ ગયેલ છે. |

ભાષા - અપભ્રંશ મિશ્રિત જૂની ગુજરાતીની આ રચના છે. ૧૨મી સદીથી ૧૯મી સદી પૂર્વાર્ધ સુધીનું સાહિત્ય, જેને આપણે પ્રાચીન કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તરીકે ઓળખીએ છીએ તેનો ઉલ્લેખ આ પ્રતમાં કરવામાં આવ્યો છે. એક-બે સંસ્કૃત ( कुरंगी ) પણ લખવામાં આવ્યા છે.

## રચનાકાળ :

આ પ્રશસ્તિમાં ચરનાકાળનો ઉલ્લેખ નથી. પણ, જે અરિસિંધ રાજાનો ઉલ્લેખ છે તે ૧૨મી સદીના મળે છે, લક્ષ્મીસાગરસૂરિનો ઉલ્લેખ છે તે ૧૬મી સદીના છે અને કોબાના જ્ઞાનમંદિરમાંથી પ્રત મેળવી છે. તેની માહિતીને આધારે પ્રત ૧૮મી સદીની છે. માટે ચોક્કસપણે તારણ મળતું નથી.

## કૃતિ પ્રણેતા પરિચય :

તેમનો સં.૧૪૬૪ ભાદરવા વદ-૨ની સવારે અશ્વિની નક્ષત્રમાં, કુંભ લગ્નમાં, ગુજરાતના ઉમતા ગામમાં શેઠ કરમશીની પત્ની કરમાદેવીની કૂખેથી જન્મ થયો. તેમનું નામ દેવરાજ રાખવામાં આવ્યું. દેવરાજ મુનિવરોનો ભકત હતો. તે રોજ ઉપદેશ સાંભળતો, ધીમે-ધીમે તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તે દીક્ષાનો ભાવુક બન્યો. માતાએ તેને ભગવાન મુનિસુંદરસૂરિની સેવામાં મૂક્યો. ભટ્ટારકે ૬ વર્ષના એ દેવરાજને સં. ૧૪૭૦માં ઉમતામાં અથવા પાટણમાં તેની માતા આજ્ઞા મેળવી, દીક્ષા આપી. તેમનું નામ મુનિ લક્ષ્મીસાગર રાખવામાં આવ્યું. તેમને આ. સોમસુંદરસૂરિએ સં. ૧૪૭૯માં ગણિપદ, સં. ૧૪૯૬માં રાણકપુરમાં પંન્યાસ પદ આપ્યાં. આ. મુનિસુંદરસૂરિએ સં. ૧૫૦૧માં મુંડસ્થલમાં ઉપાધ્યાય પદ આપ્યું, અને આ. રત્નશેખરસુરિ તથા આ. ઉદયનંદિસૂરિ એ ભ. આ. મુનિસુંદરસૂરિની મનોભાવના મુજબ સં. ૧૫૦૮માં મેવાડના મજ્જાપદ્રમાં (મજેરામાં) આચાર્ય પદ આપ્યું.

આ. લક્ષ્મીસાગરસૂરિ સં. ૧૫૧૭માં ઈડરમાં શેઠ શ્રીપાલ અને વડનગરના સંઘવી મહાદેવ વગેરેએ કરેલા ઉત્સવમાં ગચ્છનાયક બન્યા. તેમણે તે જ અવસરે ૧૧ મુનિવરોને નવા આચાર્યો બનાવ્યા. બધા આચાર્યો, ઉપાધ્યાયો, મુનિવરો, મહત્તરા સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ

વગેરે શ્રીસંઘે મળીને ભ. લક્ષ્મીસાગરસૂરિને યુગપ્રધાન તરીકે માન્યા. તેમની ઘણી શિષ્ય પરંપરાઓ ચાલી. તેમણે સં. ૧૫૪૭માં (સં. ૧૫૩૭માં હાડોતી દેશના સુમાહલી ગામમાં) સ્વર્ગગમન કર્યું. તે ગચ્છનાયક બન્યા. તે પછી તરતનો એટલે સં. ૧૫૪૭ના મહા સુદ - પાંચમનો તેમનો પ્રતિમાલેખ મળે છે.

આ. લક્ષ્મીસાગરસૂરિ શાંત, મધુરભાષી અને તપસ્વી હતા. તેમણે અનેક ઉપાધ્યાયો, પંન્યાસો, વિદ્વાનો અને નવા મુનિવરો બનાવ્યા. તે આ રીતે મહાપ્રભાવશાળી બન્યા. તેમણે પાવાગઢમાં પ્રતિષ્ઠા કરાવી, શત્રુંજય, ગિરનાર તીર્થના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા, દાનશાળાઓ સ્થાપી, મોટા ધર્મકાર્યો કર્યા. તેઓએ સં. ૧૫૩૮માં જૈન સિદ્ધાંતો લખાવ્યા.

ભ. આ. મુનિસુંદરસૂરિ

|

આ. રત્નશેખરસૂરિ - આ. ઉદયનંદિનસૂરિ દ્વારા આચાર્યપદ

|

આ. લક્ષ્મીસાગરસૂરિ

| આ. સોમાજય | આ. જિનસોમ | ઉપા. જિનમાણિક્ય | ઉપા. અનંતહંસ |
|---|---|---|---|
| ઠાણા-૨૫ | ઠાણા-૨૫ | ઠાણા-૨૧ | ઠાણા-૧૯ |

## કૃતિ પરિચય :

કૃતિની શરૂઆતમાં શ્રી સરસ્વતી સ્વામિની માતાને પગે લાગી પ્રણામ કરવા યોગ્ય અને પૂજન કરવા યોગ્ય વંદન, સત્કાર અને અર્ચાને યોગ્ય એવા સુગુરુને નમસ્કાર કરી, પાવાગઢના જાજ્વલ્યમાન મંદિરોની યાત્રાનું માંગલિક શુભારંભ કરતા પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય શ્રી લક્ષ્મીસાગરસૂરિજી મ.સા.ની નિશ્રામાં શ્રી ચતુર્વિધ સંઘ જે રીતે ભાવોલ્લાસ વડે ચઢે છે તે ચૈત્યપરિપાટી ક્રમસર તેઓશ્રીની જ કાવ્યાત્મક શ્રેણીમાં અહીં ઉપસ્થિત છે. એવા સુગુરુ મહારાજની સેવના કરી આપણે પણ શ્રી સંઘ સાથે આજે તે પુનિત પાવાગઢના ચૈત્યોને ચાલો સૌ જુહારીએ. હવે પાવાગઢ મંદિરોની યાત્રાનું અનુસરણ કરાવ્યું છે.

પહેલી જગ્યા ચંપકનેર નામની છે.

પાવાગઢની તળેટીમાં વસેલું અત્યારનું ચાંપાનેર વનરાજ ચાવડાના સમયે તેમના મંત્રી ચાંપા - ચાંપરાજ નામના શ્રાવક - સેનાપતિના નામે અસ્તિત્વમાં આવ્યું. (૭મી - ૮મી સદી) આ શહેર મહમૂદ બેગડાએ રાજપૂત રાજા (૧૫મી સદી) પાસેથી જીતી લઈ પોતાનો દરબાર ત્યાં ખસેડ્યો હતો. એ સમયથી લઈને મહમૂદ બેગડાના સમય સુધી આ ગામની જાહોજલાલી હતી. આ શહેર દૂધ અને મધથી ભરપૂર હતું. ત્યાંના સપાટ મેદાનોમાં ઘઉં, જુવાર, ચોખા, ચણા તથા કઠોળ પુષ્કળ પ્રમાણમાં થતા હતા. એ સમયે અનેક શ્રીમંતોએ અહીં મંદિરો બંધાવ્યા હતા. ટેકરી, જંગલ, જળાશયથી શોભતું ચાંપાનેર મહમૂદને એટલું બધું ગમી ગયું કે તેણે ગુજરાતનું પાટનગર અમદાવાદને બદલે ચાંપાનેર રાખ્યું.

- પૌરાણિક ઉલ્લેખોમાં ચાંપાનેર ચંપકનગર, ચંપકદુર્ગ તરીકે નોંધાયું છે. ચાંપાનેરની ભવ્યતા વર્ણવતી ગાથાઓ સંસ્કૃતમાં પણ લખાઈ છે. ૧૫મી સદીમાં છેક કર્ણાટકથી કવિ ગંગાધર આવ્યા હતા અને ચાંપાનેરની અનુભૂતિને તેમણે પોતાની કવિતામાં પણ લખી હતી. પાવાગઢ અઢી હજાર ફીટ ઊંચો છે. ચાંપાનેર તળેટીથી શરૂ કરીને કેટલેક ઊંચે સુધી બાંધકામો ધરાવે છે. એટલે ચાંપાનેર આજે દેખાય છે, તેનાથી ઘણું મોટું હશે એ વાતમાં કોઈ શંકા નથી.
- વિ.સં. ૧૫૩૫માં ચાંપાનેર પર મોગલ શહેનશાહ હુમાયુએ કબ્જો જમાવ્યો હતો. એ વખતે ચાંપાનેરમાં ટંકશાળ સ્થપાઈ હતી.
- અહીંના એકથી એક ચડિયાતા મિનારા, સાત કમાન, પાણીની ટાંકીઓ, દરવાજા, કિલ્લાની દીવાલ તેની કોતરણી કામ - કાળ - કારીગરી માટે જગવિખ્યાત થયા છે.
- ૧૬મી સદીમાં ચાંપાનેરના કોઈ ગામે ગરીબ બ્રાહ્મણને ત્યાં બાળકનો જન્મ થયો અને નામ પડ્યું બ્રિજનાથ. બ્રિજનાથ મિશ્રાએ પાછળથી ભારતીય સંગીતમાં નામ કાઢ્યું અને આજે તેઓ બૈજુ બાવરા નામે વધારે જાણીતા છે.
- ૨૦૦૪માં યુનેસ્કોએ ચાંપાનેરનું મહત્ત્વ પારખીને તેને 'વર્લ્ડ હેરિટેજ સાઈટ' જાહેર કર્યું.

❑ સૌથી મહત્ત્વની વાત એ છે કે શિવજીનું લકુલીશનું એ મંદિર ચાંપાનેરનું સૌથી જૂનું બાંધકામ છે. છેક ૧૦મી સદીનું એટલે કે ૧૦૦૦ વર્ષ પુરાણુ. ચાંપાનેર પોતે ભલે ૭મી - ૮મી સદીમાં બંધાયું હતું, પણ એ વખતના કોઈ બાંધકામો રહ્યા નથી. આજનું ચાંપાનેર છે, એ તો ૧૫મી સદીનું છે. જૈન મંદિર સહિતના બીજા બાંધકામો પણ અહીં છે. ચાંપાનેર સંઘે એક બાવન જિનાલયવાળું બંધાવેલું મંદિર જેમાં અભિનંદન પ્રભુ અને જીરાવાલા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઓ મુખ્ય હતી. તે અભિનંદન સ્વામીની અધિષ્ઠાયિકા દેવી તરીકે કાલિકાદેવીની સ્થાપના થઈ છે તે દેવી જ ગુજરાતના લોક હૃદયમાં કોરાયેલા ગરબામાં પ્રતિષ્ઠા પામી છે.

છેલ્લા પાંચસો વર્ષથી શહેર સમયાંતરે ખાલી થતું રહ્યું છે. ભારતના ઉત્તમોત્તમ પુરાતત્ત્વીય બાંધકામોમાં સ્થાન પામતું ચાંપાનેર હવે તો સાવ ખાલી છે, માત્ર ખંડેરો ઊભા છે, ઈતિહાસની કથા કહેવા માટે.

પ્રતમાં મળેલ માહિતી પ્રમાણે જૈન ધર્મ પણ ત્યાં એ સમયે વિકસિત હતો. આ ચંપકનેર જે નેમિનાથ સ્વામીની ઉત્તમ નગરી છે, ત્યાં અને બીજા શાંતિ જિનેશ્વર સ્વામીને પ્રણામ કરીને ચતુર્વિધ સંઘ પોતાની કાયા સફળ કરે છે. એ દિશામાં ગૌરવવંતુ એવું રાજાનું ગઢ છે. જ્યાં અરિસિંઘ રાજા રાજ કરે છે.

**'ઓ દીસઈ ગિરૂઉ ગિરિહ રાય, જિહાં રાજ કરઈ અરિસિંઘ રાય.'**

(પ્રતની ત્રીજી કડી) (વિક્રમની ૧૨મી સદીમાં, 'પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવાલા પાર્શ્વનાથ' પુસ્તકને આધારે અરિસિંઘ રાજાનો ઉલ્લેખ મળે છે. પૃષ્ઠ - ૯૬)

સારા પર્વતની શેષ્ઠ શ્રેણીના પગથિયા જોઈને હવે આનંદ પામતા તેઓ પગથિયા ચઢે છે. આ રીતે વિલંબ વિના મહા મહિનામાં ગિરિના દર્શન કરે છે. વસંતપચંમીના આ મહા માસમાં બધા વૃક્ષો મોટા અને રસાળ છે, પણ હૃદયમાં આંબો વસે એવો છે. આગળ પ્રથમ પોળ આવી જ્યાં રાજાના ભવનની પંક્તિ જોવા મળે છે. મનોહર મઢમંદિરથી ગિરિ સુંદર લાગે છે. આસોપાલવના પાંદડાનું તોરણ અને હરણ જેવી સુંદર આંખોવાળું આસક્ત થઈ જવાય એવો મજલો તેમને જોવા મળે છે.

હવે, પછી આગળ વિસામો આપે એવું ભાતા ખાતું છે. ત્યાં બધી દિશામાં વિવિધ પ્રકારની વેલડીઓ છે અને ખીલેલા ફૂલેલા પુષ્ટ કરાવે એવા ફળો અપાર પ્રાપ્ત થાય છે. સંતોષ આપે એવું સરસ સરોવર શોભે છે. ધન, કણ, કંચન, રત્નના કોઠાર મનોહર શોભે છે. કુદરતનો આ આહ્‌લાદક કરિશ્મા જે હૃદયના ચિત્ત મોહી લે એવા છે. મોહ પામે એવી આ રચનાને જોઈને મનુષ્ય ત્યાં વિચારતો જાય છે. વિચારમાં ને વિચારમાં અનુક્રમે બીજી પોળ આવે છે. બંને બાજુ અતિ ઊંડી ખીણ તેમને જોવા મળે છે. જાણે, ખરેખર કળયુગની ઉપેક્ષા કરતાં દેવમંદિરના શિખરો શોભે છે, વિશેષમાં ગગનનું આંગણુ એકદમ નિર્મળ છે. ત્યારે તેમને દંડ, કળશ અને ધજા ઝળહળ જોવા મળે છે. આ ઉપરાંત મંદિર શિખરના કળશ નીચેનો ભાગ પણ સુંદર દેખાય છે. એવો મનોભાવ વ્યક્ત કરતાં સૌ આગળ વધે છે.

જ્યારે જિનભવન દ્વાર પર પહોંચે છે ત્યારે ધર્મ મનોરથિ એવા સર્વેનો હર્ષ અપાર જોવા મળે છે. ત્રણ જગતના નાથની જે મૂર્તિ છે તેની સતત પૂજા કરીશ અને વારે-દિવસે મનનો વિકાર દૂર કરીશ, એવી ભાવના તેમનામાં જાગ્રત થાય છે. સેના માતાના ઉદરમાં જન્મેલા સંભવનાથસ્વામી ભવની ભાવઠ દૂર કરનારા છે. જન્મ મળેલો આ જન્મારો જંજાળમાંથી મુક્ત થવા જેવો લાગે છે. પોતાના નયને નીરખીને હૈયામાં અપાર હર્ષ થાય છે અને પ્રભુની પ્રસન્નતાથી પૂજા કરીએ એવા ભાવ સાથે તેઓ પ્રભુ ભક્તિમાં જોડાય છે. નારીઓ મનના આનંદથી દહેરાસરની મધ્યમાં જિનેશ્વર ભગવાનને જોઈ છે અને સારા વિચાર કરીને બોલે છે - 'આજે અમૃતરૂપી મેઘ વરસતો હોય એવું લાગે છે. પ્રવેશતાં જ અમૃત રસને અમે નયનમાં ધારણ કરીએ છીએ.' આ રીતે હર્ષ હૃદયમાં ધારણ કરી તેમના નયન કૃતાર્થ થાય છે. ધર્મનો પરમાર્થ જાણીને પ્રભુના ચરણમાં પૂજા રચાવે છે.'

ઓરસિયા ઉપર ચંદનના રસને ઘસે છે, એમાં કેસર, કસ્તૂરી, કનક, કચોળું ભેળવી સુગંધથી ધરતી ધન્ય-ધન્ય બનાવે છે. શિવસુખને આપનાર, આત્મકલ્યાણ કરનાર એવા મૂળનાયકના અંગે લેપ કરી તેમની પૂજા કરે છે. સંભવનાથ જિનેશ્વરના અંગે અર્ચના કરી હૃદયમાં

કસ્તૂરી સમાન સોહામણું સુખ પામે છે. સકળ સ્વામીને યાદ કરતા જે કોઈ પાપ છે તે દૂર થાય છે. બોરસલી, મોગરો જેવા રસપૂર્ણ પરાગવાળા છે. પુષ્પમધુ તેમજ કરેણ, પારધિ (એક ફૂલનું નામ) જેવાં સુંદર ફૂલ વિશાળ માત્રામાં ત્યાં જોવા મળે છે. ચંપો, જાસૂદ સુગંધવાળો જૂઈ જેવી વનસ્પતિની પૂરેપૂરી સુગંધ તે નગરની દશે દિશાઓમાં આવે છે. મનની આશાને પૂરી કરીને જમણા હાથ નજીક પાર્શ્વનાથ જિનેશ્વરની વિવિધ કુસુમ વડે પૂજા કરે છે. સુંદર, રસીલો, અલબેલો, ઈન્દ્ર મહારાજા જેને નમેલા છે, કેસર, કપૂર, કુસુમથી સુસજ્જ એવા મુક્તિ અપાવનાર સ્વામીને તેઓ મસ્તક નમાવીને વંદન કરે છે અને પરમ આનંદને પામે છે. બે હાથ જોડી પ્રણામ કરી જગતના નાથ જિનેશ્વરની પ્રદક્ષિણા કરે છે. પરમેશ્વરની પૂજા કરતાં ક્રોડ કર્મો નાશ પામે છે. આવા આંતરિક હર્ષોલ્લાસ સાથે તેઓ પ્રભુના રંગે રંગાય છે.

સહસાએ કરાવેલ દક્ષિણમાં આદિશ્વરનું દેવમંદિર છે, ત્યાં વંદન કરતાં તે રત્નમૂર્તિનો પ્રભાવ અદ્ભુત જણાય છે.

કલ્યાણના મૂળ, જગમાં પ્રકાશ કરનારા, સારા ગુણોના એક સ્થાનરૂપ અને મુનિઓના ઈન્દ્ર શ્રી મહાવીર જિનેશ્વરની રત્નમય મૂર્તિ ઉપર દિશામાં આવેલા મંદિરમાં છે. તે પ્રભુના અંગે ભક્તિપૂર્વક તેઓ વંદન અને પૂજા કરે છે.

ખીમસિંહે જે ભવન કરાવ્યું છે ત્યાં નેમિનાથ સ્વામીને નમન કરે છે. આગળ જતાં અંબિકાદેવીની દેરી આવે છે, જયાં દર્શનનો લાભ લઈ પ્રણામ કરી તેઓ આગળ વધે છે.

(અણહિલ્લવાડ પાટણ (ગુજરાત)માં પ્રાગ્વાટ બૃહચ્છાખા(વીસા પોરવાડ)માં મુકુટ જેવા છાડા શેઠના વંશમાં ખીમસિંહ અને સહસા નામના બે ઉદારચરિત સંઘવી, વિક્રમની ૧૬મી સદીના પ્રારંભમાં થઈ ગયા. જેમણે ચંપકનેર સમીપના અત્યુચ્ચ શિખરવાળા પાવાકગિરિ પર અર્હતનું ચૈત્ય અને ત્યાં આર્હત (જિનનું) અતિપ્રૌઢ બિંબ કરાવ્યું હતું. જેની ઉચ્ચ પ્રકારની પ્રતિષ્ઠા પણ તે બંનેએ હર્ષોત્સવપૂર્વક વિ. સં. ૧૫૨૭માં પોષ વદ-૭ના સુદીને કરાવી હતી.)

❑ 'જૈન સત્યપ્રકાશ' વર્ષ-૧૧, અંક - ૧૦-૧૧, પૃષ્ઠ-૨૭૪, શ્લોક-૧૪.

❑ 'તેજપાલનો વિજય' વિ.સં. ૧૯૯૧ (શ્રી જૈનધર્માભ્યુદય ગ્રંથમાલ - ૩, પૃષ્ઠ-૧૯)

❑ 'પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવાલા પાર્શ્વનાથ' (પૃષ્ઠ - ૧૯-૨૦)

એ બંને સદ્ગૃહસ્થોએ તપાગચ્છના લક્ષ્મીસાગરસૂરિ, સોમજયસૂરિ વગેરે આચાર્યોના સદુપદેશથી વિ.સં. ૧૫૩૮માં ચિત્કોશ-(જ્ઞાનભંડાર)માં પોતાના દ્રવ્ય વડે સમગ્ર જિન સિદ્ધાંત લખાવ્યો હતો. ('તેજપાલનો વિજય' ૧૬મી સદી પૃષ્ઠ-૨૦)

❑ 'જૈનપરંપરાનો ઈતિહાસ ભાગ-૩' પૃષ્ઠ-૫૪૨)

આમ, સ્તુતિ, સ્તવન કરીને શ્રાવક પોતાના દુઃખરૂપી વન અને પાપને પખાડી નાખે છે. તેમનું અતિ ચંચળ મન પાવાગિરિ પર આપોઆપ ધન્યતા અનુભવે છે. હવે અંચલ વસહી તરફ જાય છે.

પર્વત પંથ પર પહોંચીને અંચલ વસહી ભણી જઈ ત્યાં વીર જિનેશ્વરને નમસ્કાર કરીને બાંધેલા કર્મ છોડીએ એવો ભાવ વ્યક્ત કરે છે. આગળ પનક વસહી છે. જ્યાં મોટા પ્રમાણમાં ભગવાનના સમૂહમાં દર્શન કરે છે. ત્યાં તલાવડી છે તેનો સ્પર્શ કરતાં ઠંડું-ઠંડું પાણી મળે છે. જ્યારે ગિરિના શિખર પર આવે છે, ત્યાં શંભુવિહાર દેખાય છે. ગિરિ વિસ્તારથી અત્યંત ગાઢ છે. તેનો પાર કેવી રીતે પામે ? ત્યાં પાછળ કયાંકથી ભવનમાં અંદર જાય છે જયાં જિનેશ્વરની ઘણી પ્રતિમાઓ પંક્તિમાં હતી જેના વંદન કરે છે. પાર ન પમાય એવા સંસાર સમુદ્રના પારને પામેલા, દેવોના સમૂહથી વંદાયેલા, કલ્યાણરૂપ વેલડીના વિશાળ મૂળ સમાન-સર્વ જિનેશ્વરો સારી વસ્તુઓમાં એક સારભૂત એવા મોક્ષને આપો એવી પ્રાર્થના તેઓ સૌ કરે છે. આ સ્થળે જેમ બાળક અવાજ કરે અને જગતમાં જાણે જાગતા દેવ હોય એવો દેવલોક આ સંભવનાથ સ્વામી દેવનો દેખાય છે. મૂર્તિ તેમને અતિ આનંદ આપે એવી આહ્લાદક છે. સૌમ્ય કળાથી શોભતા પોપટ જોઈ નયનમાં અમીરસને વરસાવતા સારા વિચારપૂર્વક ભગવાનની પૂજા કરે છે. ભવના ફેરા દૂર કરનાર તું શરણે આવેલાનો રક્ષણ કરનાર છે, મારી પણ તું સાર કર.

તારી પાસે હું અનંત ભાવના તીરનો પાર પામું છું !' એવી ઉત્કંઠ લાગી તેમનામાં જાગ્રત થાય છે.

ભક્તિથી યુક્ત સ્તુતિ કરી પ્રભુને નમસ્કાર કરે છે. લક્ષ્મીસાગરસૂરિ ભક્તિ કરી મનના મનોરથ પૂરે છે.

- ❑ વિ.સં. ૧૫૨૫માં લક્ષ્મીસાગરસૂરિ જે તપાગચ્છના આચાર્ય છે તેમનો ઉલ્લેખ 'પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવાલા પાર્શ્વનાથ' પુસ્તકના પૃષ્ઠ - ૬૩માં જોવા મળે છે.
- ❑ લક્ષ્મીસાગરસૂરિનો પરિચય 'જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૩' વિ.સં. ૨૦૨૦, ત્રિપુટી મહારાજના પુસ્તકમાં જોવા મળે છે. પૃષ્ઠ - ૫૪૦ - ૫૪૧.

મનુષ્યના રાજા અને ભુવનમાં સૂર્ય સમાન, ભવ્ય જીવો વડે સ્તવાયેલા, શિવસુખને આપનારા એવા નેમિનાથ નરેશ્વરને સ્તુતિ કરતા આ પાવાગિરિ મંડળ (શણગાર - શોભા) જિનમાણિક્ય મુનિના શિષ્ય દ્વારા રચાયેલ છે.

આ રીતે, પાવાગિરિ મંદિરોની યાત્રા સમાપ્ત થાય છે. મહોપાધ્યાય શ્રી જિનમાણિક્ય ગણિના શિષ્ય અનંતહંસ ગણિ એ કર્તા છે. અનંતકીર્તિ ગણિ લહિયા છે. સ્તંભતીર્થ (ખંભાત) નગરમાં તેઓશ્રીએ આ કવિતાની રચના શ્રી સંઘના પઠન માટે કરી છે.

- ❑ ભ. લક્ષ્મીસાગરસૂરિ અને આ. સોમજયસૂરિના ઉપદેશથી અમદાવાદમાં નવા ગ્રંથભંડારો સ્થપાયા હતા, તે ભંડારો, ઉ. જિનમંદિર ગણિની દેખરેખ નીચે તૈયાર થયા અને મહો. જિનમાણિક્ય ગણિવરે તે બધાનું સંશોધન કર્યું.
- ❑ મહો. અનંતહંસ ગણિ - તેમનું બીજું નામ પં. અનંતકીર્તિ પણ હતું, તે ૫૫મા ભ. આ. હેમવિમલસૂરિની આજ્ઞામાં હતા, આથી તે પોતાને તેમના પણ શિષ્ય બતાવે છે.
- ❑ પં. અનંતકીર્તિગણિએ સં. ૧૫૨૯માં મંત્રી ગદરાજ શ્રીમાલીના પત્ની સં. સાસૂને ભણવા માટે 'શીલોપદેશમાળા' લખી. (પ્રક. ૪૪, પૃષ્ઠ - ૨૧૧) (શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભાગ - ૨, પૃષ્ઠ - ૧૪૦)

❑ મહો. અનંતહંસગણિએ 'આનંદ આદિ શ્રાવક ચરિત્ર' રચ્યું, સંભવ છે કે તેનું બીજું નામ 'દશદષ્ટાંત ચરિત્ર' પણ હોય (પ્ર. ૫, પૃષ્ઠ - ૪૫૬, પટ્ટાવલિ સમુચ્ચ ભાગ-૨, પુરવણી પૃષ્ઠ - ૨૫૨, ૨૫૩) (જૈન પરંપરાનો ઈતિહાસ, ત્રિપુટી મહારાજ પુસ્તકને આધારે પૃષ્ઠ - ૪૬૨)

પ્રતના લિપિયાંતરને આધારે આ પ્રમાણે પાવાગઢનો ઈતિહાસ મળે છે. આ ઉપરાંત પાવાગઢનો ઐતિહાસિક ઉલ્લેખ અલગ-અલગ પુસ્તકોને આધારે નીચે પ્રમાણે છે.

**પુસ્તક-૧ 'તેજપાલનો વિજય'**

(ગોધરા, પાવાગઢ, ચાંપાનેરના અપ્રગટ ઈતિહાસ સાથે)

**વિક્રમની ૧૨મી સદી :** પાવાગઢ-ચાંપાનેર સાથે શ્વે. જૈનોનો ઈતિહાસ અંચલગચ્છ-પટ્ટાવલીમાં ઉલ્લેખ મળે છે કે - આર્ય રક્ષિતે 'પાવાગઢમાં મહાવીર - મંદિરનાં દર્શન કર્યા હતા.'

**વિક્રમની ૧૩મી સદી :** શ્વે. જૈન મંત્રીશ્વર તેજપાલે પાવાગઢમાં 'સર્વતોભદ્ર પ્રાસાદ' કરાવ્યાનો વિ.સં. ૧૪૯૭માં રચાયેલા વસ્તુપાલ - ચરિત્રના આધારે જણાવ્યું છે. અન્યત્ર અન્વેષણ કરતાં જણાય છે કે ત્યાં મૂળનાયક તરીકે વીરની પ્રતિમા મુખ્યતયા હતી.

**વિક્રમી ૧૫મી સદી :** આ સદી છેલ્લા ભાગમાં જૈન શ્વે. તપાગચ્છના સુપ્રસિદ્ધ સોમસુંદરસૂરિના મહાન વિદ્વાન શિષ્ય ભુવનસુંદરસૂરિ થઈ ગયા. જેનું સ્મરણ મુનિ-સુંદરસૂરિએ વિ.સં. ૧૪૬૬માં ગુર્વાવલી (પદ્ય-૪૨૩)માં કર્યું છે. તે વિદ્વાને યાત્રાદિ - પ્રસંગે જિનેશ્વરોનાં - તીર્થોના ભક્તિભર્યા અનેક સ્તોત્રો રચ્યા હતાં, તેમાં પાવક ભૂધર (પાવાગઢ પર્વત) પર રહેલા ત્રીજા તીર્થંકર સંભવનાથનું ૯ પદ્યમય સં. સ્તોત્ર પણ છે જેનાં ૮ પદ્યોનું છેલ્લું ચરણ આ પ્રમાણે છે.

'स्तुवे पावके भूधरे शम्भवं तम् ।'

*ભાવાર્થ :* પાવક પર્વત પર રહેલા તે સંભવનાથની હું સ્તુતિ કરું છું.

ચાંપાનેર પુરના મુકુટ જેવા પવિત્ર પાવકાદ્રિ પર રહેલા સંભવનાથ (શ્વે. જિનમૂર્તિ) પ્રત્યે ભક્તિભાવ પ્રેરતું ભુવન નામ ગર્ભિત છેલ્લું પદ્ય, તેમાં આ પ્રમાણે છે -

"चांपानेर पुरावतंसविशदः श्री पावकाद्रौ स्थितं,
सार्वं शम्भवनायकं त्रिभुवनालङ्कारोपमम् ।
इत्थं यो गुरुभक्तिभावकलितः संस्तौति तं वृण्वते,
ताः सर्वा अपि मङ्गलोत्सवरमाभोगान्विताः सम्पदः ॥"

*(પ્રગટ થતો જૈનસ્તોત્ર સંદોહ, ભાગ-૨જો, પૃષ્ઠ - ૧૬૬-૧૬૭)*

**વિક્રમની ૧૬મી સદી :** તપાગચ્છના સુમતિસુંદર આચાર્યની મધુર વાણી સાંભળીને માંડવગઢનો વિશિષ્ટ સંઘપતિ વેલ્લાક, સુલતાનનું ફરમાન મેળવી સંઘ લઈ યાત્રાએ ચાલ્યો હતો. ઈડરગઢ, જીરાવલા, આબુ, રાણકપુર વગેરેમાં યાત્રા કરી પાવકશૈલ (પાવાગઢ) પર રહેલા સંભવનાથને પ્રણામ કર્યા પછી હૃદયમાં શાંતિ પામતા તે સંઘવીઓ માળવા દેશમાં પોતાને સ્થાને પહોંચ્યા હતા. (આ ઉલ્લેખ વિ.સં. ૧૫૪૧માં પં. સોમચારિત્ર-ગણિએ રચેલા ગુરુગુણરત્નાકર કાવ્યમાં મળે છે.)

**વિક્રમની ૧૮મી સદી :** વિ.સં. ૧૭૪૬માં જૈન મુનિ શીલવિજયજીએ તીર્થમાલામાં 'ચંપાનેરિ નેમિજિણંદ મહાકાલી દેવી સુખકંદ' કથન દ્વારા સૂચિત કર્યું છે કે - ચાંપાનેરમાં નેમિનાથ (મૂળનાયકવાળું) જિનમંદિર હતું અને મહાકાલી દેવીનું સ્થાનક હતું.

વિધિપક્ષ(અંચલગચ્છ)ના આચાર્ય વિદ્યા-સાગરસૂરિના પટ્ટધર ઉદયસાગરસૂરિએ પાવાગઢની મહાકાલિની તથા સાચા દેવની યાત્રા વિ.સં. ૧૭૯૭માં કરી હતી - એમ નિત્ય લાભ કવિએ વિ.સં. ૧૭૯૮માં રચેલા વિદ્યાસાગરસૂરિ રાસ (ઐ. રાસસંગ્રહ ભાગ-૩, ય.વિ.ગ્રં.) પરથી જણાય છે.

**વિક્રમની ૨૦મી સદી :** વિ.સં. ૧૯૪૪માં મહા સુદ-૮ ચાંપાનેર ગામમાં જૈન મંદિર (દિ.)ની સ્થાપના થઈ.

પાવાગઢ ચઢતા છઠ્ઠા દરવાજાની બહાર ભીંતમાં દિ. જૈન પ્રતિમા પદ્માસન (૧.૫') દોઢફૂટ ઊંચી સૂચવી તેના પરનો લેખ સં. ૧૧૩૪ જણાવ્યો છે.

છાશિયા તળાવ પાસેના ૩ મંદિરો વિના પ્રતિબિંબનાં જીર્ણ પડ્યાં જણાવ્યાં છે.

દૂધિયા તળાવ ઉપર બે પ્રાચીન જીર્ણ મંદિર જણાવી તેમાંના એકનો ઉદ્ધાર સં. ૧૯૩૭માં થયો જણાવે છે.

આગળ સીડિયોની બંને તરફ ૮ (દિ.-?).... જૈન પ્રતિમા જણાવી પછી ઉપર કાલિકા દેવીનું મંદિર જણાવ્યું છે.

એ સીડિયોથી એક તરફ થોડું ચાલતાં પહાડની ટોચ પર રામચંદ્રના સુપુત્ર લવ અને કુશનું નિર્વાણ સ્થાન, તેને સાક્ષાત્ મોક્ષમહલ અને એ પહાડ પરથી ૫ કોટિ મુનિ મુક્તિ પધાર્યા !! જણાવે છે.

''रामसुवा वेण्णि जणा लाडणरिंदाण पंच कोडीओ ।
पावागिरिवरसिहरे णिव्वाणगया णमो तेसिं ॥''

આ માહિતીને આધારે લાગે છે કે કેટલાક મંદિરોને દિગંબરોએ હાથ કરી પોતાના મંદિરોમાં પરિવર્તન કરી નાખ્યા છે.

**પુસ્તક-૨ : 'જૈન તીર્થ સર્વ સંગ્રહ'**

ભારત ભરનાં જૈન તીર્થો અને નગરોનું ઐતિહાસિક વર્ણન, ભાગ-૧ પૃષ્ઠ - ૧૯-૨૦.

દુષ્કાળના વિકટ વર્ષમાં શાહ બિરૂદની શોભા વધારનાર ખેમાશાહના રાસમાં વિ.સં. ૧૭૨૧માં કવિ લક્ષ્મીરત્ને પાવાગઢનું વર્ણન કરતાં જણાવ્યું છે કે -

**"ગુર્જર દેશ છે ગુણનીલો, પાવા નામે ગઢ બેસણો;**
**મોટા શ્રી જિન તણા પ્રાસાદ, સરગ સરીશું માંડેવાદ.**
**વસૈં સેહર તલેટી તાસ, ચાંપાનેર નામે સુવિલાસ;**
**ગઢ મઢ મંદર પોલ પ્રકાશ, સપ્ત ભૂમિમાં ઉત્તમ આવાસ."**

પાવાગઢ ઉપર અગાઉ શ્વેતાંબરીય ૧૦ જિનમંદિરો હતા એવો ઉલ્લેખ પણ આજે તેમાંનું એકે હયાત નથી. ગઢ ઉપર પડેલાં અવશેષો એની ખાતરી કરાવે છે. આ મંદિરો પૈકી એક મંત્રીશ્વર તેજપાલે 'સર્વતોભદ્ર' નામનું કળામય મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. એમ 'વસ્તુપાલચરિત્ર' ઉલ્લેખે છે. માંડવ ગઢવાસી વેલ્લાકે જે તીર્થોની યાત્રા કરી તેમાં પાવાગઢના

શ્રી સંભવનાથ ભગવાનને વાંઘાનો (નમસ્કાર કર્યાનો) ઉલ્લેખ મળે છે. શેઠ મેઘાએ આમાં ૮ દેવકુલિકાઓ બનાવી હતી.

શ્રી વિજયસેનસૂરિ સં. ૧૬૩૨માં અહીં આવ્યા ત્યારે શ્રી જયવંત શેઠે મોટો પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો હતો.

સં. ૧૭૪૬માં પં. શ્રી. શીલવિજયજીએ અહીંના નેમિજિણંદનો ઉલ્લેખ કર્યો છે.

૧૯મી સદીના શ્રી દિપવિજયજીએ રચેલા 'જીરાવલી પાર્શ્વનાથ સ્તવન'માં એક મંદિરનું વર્ણન આ પ્રકારે કરેલું છે -

**"પાવા ઉપર સંઘે કીધો, દેવલ જગ મનોહારી રે;**
**બાવન જિનાલય ફરતી દેહરી, જગજનને હિતકારી રે.**
**જ્ઞાનરસીલા રે અભિનંદન દેવ દયાલ ગાન,**
**પ્રભુ જીરાવલી જગનાથ યાન.**
**સંવત ઇગ્યારસેંહે બારા વરસે, દેવ પ્રતિષ્ઠા થાવે રે,**
**અભિનંદન જીરાવલી પારસ, અંજનશલાક સોહાવે રે."**

૧૨મી સદીમાં અભિનંદન સ્વામી અને જીરાવલા પાર્શ્વનાથની મુખ્ય પ્રતિમાઓ હતી. જેની પ્રતિષ્ઠા આચાર્ય ગુણસાગરસૂરિએ કરાવી હતી. (પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ પુસ્તકને આધારે) આ ઉલ્લેખ ઉપરથી અહીં શ્વેતાંબરીય મંદિરો ઓગણીસમા સૈકા સુધી હયાત હતા.

સને ૧૮૯૫માં અહીં આવેલા વિદેશી વિદ્વાન ડૉ. જે બેર્જેસે ગૂઢ નોંધ કરી છે કે- 'પાવાગઢના શિખર પર રહેલા કાલિકા માતાના મંદિર નીચેના ભાગમાં અતિ પ્રાચીન જૈન મંદિરોનો જથ્થો છે કે જેનો પુનરુદ્ધાર, થોડા સુધારા-વધારા સાથે હાલમાં તે મંદિરોનો કબ્જો જે જૈનો કરી રહ્યા છે, તેમના તરફ થોડા વખત પહેલાં જ કરાવવામાં આવેલ છે.'

**'At the top the shrine of Kalika Mata.'**

અહીંની એક જુમ્મા મસ્જિદનો પરિચય કરાવતા એક વિદ્વાન કહે છે : "આ મસ્જિદની બારીઓ અને ઘૂમ્મટોમાં જે કોતરકામ અને શિલ્પકળા દર્શાવી છે તે અજાયબી પમાડે એવી છે. આબુના પહાડ પર આવેલાં દેલવાડાનાં જૈન મંદિરોમાં જે પ્રકારની અષ્ટપાંદડીવાળા કમળની રચના કોતરવામાં આવી છે, તેવા જ પ્રકારની આકૃતિઓ અહીં પણ જોવામાં આવે છે." સંભવતઃ 'સર્વતોભદ્ર' નામનું જૈન મંદિર આ હોય એમ જણાય છે.

## ઉપસંહાર :

હજારો વર્ષ પહેલાં આ સ્થળે મહાધરતીકંપ આવેલો, એમાંથી ફાટેલા જ્વાળામુખીમાંથી આ પાવાગઢના કાળા પથ્થરોવાળો ડુંગર અસ્તિત્વમાં આવ્યો. એક લોકવાયકા એવી પણ છે કે આ પર્વત જેટલો બહાર દેખાય છે તેનાં કરતાં ધરતીની અંદર તરફ વધારે છે. એટલે કે તેનો પા જેટલો ભાગ દૃષ્ટિગોચર થાય છે. તેથી જ તે પાવાગઢ તરીકે ઓળખાયો. આ ડુંગર પુરાતન કાળથી ખૂબ જ ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવે છે.

પાવાગઢની આ ઐતિહાસિક માહિતી પરથી લાગે છે કે શત્રુંજય, સમ્મેતશિખર અને ગિરનારની જેમ જ આ તીર્થ પણ અત્યંત પૂજનીય હતું. પાવાગિરિના ટોચ સુધી નિર્માણ પામેલા જિનચૈત્યો આજે નામશેષ છે. ઈતિહાસને વાગોળતાં એમ લાગે છે કે જૈન સંસ્કૃતિ, જૈન ધર્મ અને જૈન મંદિરોનો જોટો જગમાં જડે તેમ નથી.

**આ થયું વર્ણન પાવાગઢની ભવ્યતાનું અને ભવ્યતા ઓસર્યા પછીના ખાલીપાનું...**

આજનો યુગ જેમ વૈજ્ઞાનિક છે, તેમ ઐતિહાસિક યુગ પણ છે. આજે જેમ દરેક વસ્તુનું પરીક્ષણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ કરવામાં આવે છે, તે જ રીતે આજનો યુગ ઐતિહાસિક દૃષ્ટિપ્રધાન હોઈ પ્રાચીન ધર્મો, સંસ્કૃતિ, સંસ્કૃતિનાં વિવિધ સાધનો જેવા કે - આચાર, વિચાર, વ્યવહાર, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, શિલ્પ, કળા આદિનું પણ ઐતિહાસિક દૃષ્ટિએ અન્વેષણ માંગે છે અને એનાં કારણોને પણ જાણવા ઈચ્છે છે. આથી આજનો બુદ્ધિમાન વર્ગ પણ પ્રજાની જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે તે દિશામાં પ્રયત્ન કરી રહ્યો છે.

આજ દૃષ્ટિને લક્ષમાં રાખીને મારા દ્વારા લિપિયાંતર થયેલ આ પ્રત મારફતે જ પાવાગઢની ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થઈ છે તે ઉપયોગી નીવડે તે આશા.

વસ્તુતઃ તીર્થોના જીર્ણોદ્ધાર જેટલું જ તીર્થોનો ઈતિહાસ પ્રગટ કરવાનું કાર્ય મહત્ત્વનું છે. અંતે, જે તીર્થોએ લોકજીવનના સંસ્કારને સુવાસિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે એવી જૈન સંસ્કૃતિના અંગભૂત આ તીર્થ સંસ્થાનું ઐતિહાસિક હાર્દ રજૂ કરવામાં મારો આ અલ્પ પ્રયત્ન કંઈ પણ ફાળો નોંધાવી શકશે તો મારો શ્રમ સફળ થયો માનીશ.

## ૨૦૮ વર્ષ જૂનું પાવાગઢ



૨૦૮ વર્ષ જૂનું સુપ્રસિદ્ધ પાવાગઢ શક્તિતીર્થનું આ ચિત્ર અંગ્રેજ કલાકાર હેવલે ઈ.સ. ૧૮૦૮માં બનાવેલું. પાવાગઢના પ્રાપ્ય ચિત્રોમાં આ સૌથી જૂનું ચિત્ર છે.

**વર્તમાન પાવાગઢ :**

પાવાગઢ પર્વતની ટોચ પરથી દૂધિયું તળાવ દૃશ્યમાન થાય છે. આ તળાવનું નૈસર્ગિક દૃશ્ય મનોહારી છે. જૈન ધર્મના અનુયાયીઓ માટે પાવાગઢ અતિપવિત્ર ધામ એટલે કે 'સિદ્ધક્ષેત્ર' તીર્થ તરીકે પૂજાય છે; કારણ કે જે-જે પવિત્ર સ્થળોએ તીર્થંકર ભગવાન, મુનિ મહારાજ, મહાન આચાર્યો, ઉપાધ્યાયો કે ગણધર નિર્વાણ પામ્યા તે સઘળાં સ્થળ અતિ પવિત્ર તીર્થધામ બની રહ્યાં છે. અહીં પાવાગઢ પર દિગંબર જૈન સંપ્રદાયનાં કુલ નવ પવિત્ર મંદિરો છે. આ મંદિરમાંથી ત્રણ મંદિર દૂધિયા સરોવરના કિનારે છે. અહીં સાતમા જૈન તીર્થંકર પ્રભુ ૧૦૦૮ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું દિગંબર જૈન મંદિર જે પાવાગઢનું સૌથી વિશાળ અને પ્રાચીન મંદિર છે, જેમાં મૂળનાયક તરીકે સાતમા તીર્થંકર ૧૦૦૮ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની અલૌકિક પ્રતિમા પૂર્વાભિમુખ છે. વર્ષો પુરાણું આ જિનાલય અનેક સમય જીર્ણોદ્ધાર પામીને વર્તમાન સ્થિતિમાં દૂધિયા તળાવે સ્થિત છે.

લવ-કુશની ચરણ પાદુકાનું દિગંબર જૈન મંદિર જે ભગવાન રામચંદ્રજીના રાજકુમારો લવ અને કુશ યાને અનંગવલણ અને મદનકુશ દીક્ષા ગ્રહણ કરીને આ સ્થળે મોક્ષગતિને પામ્યા હોઈ તેમની ચરણપાદુકાઓને નાનકડા મંદિરમાં પ્રસ્થાપિત કરવામાં આવી છે. અહીંની નવલખી ખીણની સૌંદર્ય છટા અનેરી છે. તેની ધાર પર નવલખા કોઠાર નામની પ્રાચીન ઈમારત છે. જે વિશાળ ગુંબજ અને સાત ખંડોની બનેલી છે. જેમાં અખૂટ અનાજનો સંગ્રહ થતો હતો. તેની ઉત્તર તરફ ત્રણ કુંડ છે જે ગંગા, યમુના અને સરસ્વતીના નામે જાણીતા છે.

પાવાગઢ પર ભદ્રકાળી માતાના શિખર પર રાજા પતાઈનો મહેલ તેની જાહોજલાલીની યાદ સાથે ખંડેર હાલતમાં આજેય ઊભો છે. (ઈ.સ. ૧૩૦૦ની આસપાસ પૃથ્વીરાજ ચૌહાણના વંશજો રાજસ્થાનથી આવીને પાવાગઢ - ચાંપાનેર વિસ્તારમાં સ્થાયી થયા. એ વંશમાં ૧૫મી સદીમાં પાવાગઢ - ચાંપાનેરનો રાજા પતાઈ રાવળ જયસિંહ ચૌહાણ હતો.) અહીંથી ભદ્રકાળી માતાના મંદિર સુધી અંદર પગદંડી પર સાત કમાનોની હારમાળા જોતાં યાત્રાળુઓને પુરાણા સમયની ઝાંખી થાય છે. તો અહીંના કિલ્લાથી બહારના ભાગમાં શ્વેતાંબર જૈન મંદિર પાસે ગેબનશાહ વાવ છે, જે પ્રાચીન અવાવરુ ઈમારત છે. તેમજ માંચીથી ઊતરતાં ઉત્તર દિશાએ અહીંના તપસ્વી મહાકાળીના ભક્ત વિશ્વામિત્ર ઋષિની ગુફા તેમજ વિશ્વામિત્રી નામનું ઝરણું છે. જે નદી બનીને વહેતી વડોદરા સુધી આવે છે.

આજે પાવાગઢ ગુજરાતની શક્તિપીઠ ગણાતું તીર્થ છે. જ્યાં ડુંગર પર મહાકાળી માતા બિરાજમાન હોવાથી તેનું માહાત્મ્ય ખૂબ જ છે.

*(૧૮-૧-૨૦૧૬, સોમવારના રોજ 'દિવ્ય ભાસ્કર' ધર્મદર્શન પૂર્તિના 'શ્રદ્ધાધામ' લેખને આધારે.)*



વર્તમાન પાવાગઢ

## સંદર્ભસૂચિ

| ક્રમ | પુસ્તક | લેખક | પ્રકાશક | વિક્રમ સંવત | વીર સંવત | ઈસવીસન |
|---|---|---|---|---|---|---|
| ૧. | જૈન તીર્થ સર્વસંગ્રહ (ભારતભરના જૈન તીર્થો અને નગરોનું ઐતિહાસિક વર્ણન) ભાગ-૧ | ---- | શેઠ આણંદજી કલ્યાણજી ઝવેરીવાડ, અમદાવાદ. | ૨૦૧૦ | ૨૪૮૦ | ૧૯૫૩ |
| ૨. | જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૩ | ત્રિપુટી મહારાજ | શ્રી ચંદુલાલ લખુભાઈ પરીખ મંત્રી : શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા, નાગજી ભૂધરની પોળ, માંડવીની પોળ, અમદાવાદ. | ૨૦૧૬ | ૨૪૮૬ | ૧૯૬૦ |
| ૩. | તેજપાલનો વિજય (ગોધરા, પાવાગઢ અને ચાંપાનેરના અપ્રગટ ઈતિહાસ સાથે | લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી | અભયચંદ્ર ભગવાનદાસ ગાંધી હેરીસ રોડ, ભાવનગર. | ૧૯૯૧ | ૨૪૬૧ | |
| ૪. | પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવાલા પાર્શ્વનાથ | લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી | અભયચંદ્ર ભગવાનદાસ ગાંધી હેરીસ રોડ, ભાવનગર. | ૧૯૯૭ | ૨૪૬૭ | |

આ પુસ્તકો ઉપરાંત સમાચાર પત્રોમાંથી મેળવેલી માહિતીની સંદર્ભસૂચિ નીચે પ્રમાણે છે.

| | સમાચારનું નામ | તારીખ | લેખ | લેખક | | |
|---|---|---|---|---|---|---|
| ૫. | ગુજરાત સમાચાર 'રવિપૂર્તિ' | ૨૨-૧૧-૨૦૧૫ રવિવાર | સમયાંતર | લલિત ખંભાયતા | | |
| ૬. | ગુજરાત સમાચાર 'ધર્મલોક' | ૧૪-૧-૨૦૧૬ ગુરુવાર | | બિપીન થાનકી | | |
| ૭. | દિવ્ય ભાસ્કર 'ધર્મદર્શન' | ૧૮-૧-૨૦૧૬ સોમવાર | શ્રદ્ધાધામ | સુનિલ શાહ | | |

# પાવાગિરિ ચૈત્યપ્રવાડિ

સિરિ સરસતિ સામિણિ માયપાય, પણમેવીઅ સેવીઅ સુગુરુ રાય;
પાવાગિરિ ચેત્ર પ્રવાડિ હેવ, સંખેવિ કરી અણુસરિ સુદેવ. ૧

પહિલઉ ધુરિ ચંપકનેર નામિ, વર નયરિ નમી જઈએમિ સામિ;
અનઈ સામીઅ સંતિ જિણિંદ પાય, પણમેવિ કરેવી સફલ કાય. ૨

ઓ દીસઈ ગિરૂઉ ગિરિહ રાય, જિહાં રાજ કરઈ અરિસિંધ રાય;
પેખીત સુપરબત પવર પાજ, હવઈં ચડીઈં રસલિ કરંત આજ. ૩

ઈણિ ગિરિ વિણ માહવ માસ કાલ, સવિતરૂ અરગરૂ અરહંઈ રસાલ;
હવઈં આગલિ આવી પ્રથમ પોલિ, જિહાં રાય ભવણની અછઈ ઓલિ. ૪

મણહર મઢમંદિર માલી ગિરિસુંદર, વંદર વાલિ નિહાલીઈએ;
દીસંતિ સુરંગી નયણિ કુરંગી રંગિ રમંતી માલીઈ. ૫

આગલિ વલીઅ વિસમવિ સંબલ્લી, તિહાં દીસઈ નાનાવિહ વલ્લી;
ફુલ્લીઅ ફલ્લીઅ અપાર તુ જય જય, સુધૃત સુભૃત પ્રાપીઅવા પીવર,
સોહઈ સરસ સરોવર પીવર, પીવર ભરિઅ ભંડાર તુ જય જય. ૬

ઘણ કણ કંચલ રયણ તમોહર, સોહઈ બહુ કોઠાર મનોહર;
મોહર ચઈ જન ચીંતિ તું જય જય, અનુક્રમિ આવી બીજી પોલિ,
બિહુ પાસે ઊંડી અતિ ઝોલિ, ઓલિઈં દેઉ લદી સંતિ તુ જય જય. ૭

જાણે કિરિ કલિયુગ ઉવેખી, રહી વિહાર શિખર સુવિશેષી;
પેખી જઈ ધજધાર તુ જય જય, ગયણંગણ સંગત અતિ નિરમલ,
દંડ કલશ ઝલહ લઈ ઝલામલ, આમલસારઉ સાર તુ જય જય. ૮

જવ જિણ ભવણ દુવારિ પ્રહૂતઉ, ધરમ મનોરથિ રથિ સંજૂતુ;
હું તુ હરિખ અપાર તુ જય જય, ત્રિભુવનપતિ જિન મૂરતિ સારી,
પેખીઅ પૂજ કરિસુ અનિવારી, વારીઅ વાર વિકાર તુ જય જય. ૯

ભાષા સેનાઉ રિ સંભવ સામિઅ સંભવ ભવ સંભવ ભાવઢિ હરઈએ;
નિઅ નયણે નિરખીઅ હી અડઉ હરખીઅ, સખીઅ પૂજા કરઈએ. ૧૦

માનિનિ મનરંગિઈ મિલંતિ જિણ ભવણ મઝારીઅ,
જોઈઅ જિણવર તણઉ રૂપ જંપઈ સુવિચારીઅ;
આજ અમિઅ મય મેહ પહ અમ્હઉ વરિ વરીસઈ,
આજ સુધારસ સરસ ધાર અમ્હ નયણિ પઈસઈ;
ઈણ પરિ હરિખ હીઈ ધરીઅ કરીઅ નયણ સુકયત્થ,
હવઈ પ્રભુ પય પૂજા રચઈએ નિરમા લડીએ, મુણિઅ ધરમ પરમત્થ. ૧૧

ઓ રસિ થસિ ધનધન સાર કેસર કસ્તૂરીઅ,
કનક કચોલી કરિ ધરતિ ચંદન સંપૂરીઅ;
સિવ સુખદાયક પાય મૂલનાયક ચરચંતીઅ,
શ્રી શંભવ જિન અંગિ રંગિ અંગી અરચંતીઅ;
હાર હીઈ મૃગનાભિનુ, સોહામણઉ સુહાઈ,
સકલ સામિનિ તુ સમરતા નિરમા લડીએ, દૂરિ દુરિત સવિજાઈ. ૧૨

વઉલસિરી મુચકુંદ કુંદ મકરંદ રસાલ,
કરણીકે કુસુમ સાર પારધિ સુવિશાલ;
ચંપકનઈ જાસૂલ ફૂલ વાલઉં વાસંતીઅ,
પૂરઈ પરિમલ તણઈ પૂરિ દહ દિસી વાસંતીઅ;
વિવિધ કુસુમિ પૂજા કરીઅ,
પૂરી મનચી આસ જિમણઈ પાસઈ પાસજિણ નિરમાલડીએ પૂજિસુ મહિમ નિવાસ. ૧૩

ભાષા અરચીઅ અલવેસર પણય સુરેસર કેસર કુસુમ કપૂરિવર;
સામિઅ સિવ ગામિઅ, હું સિર નામીઅ પામીઅ પરમાણંદભર. ૧૪

હવઈ જિન જગતિ જુહારીઈ તુ ભમરૂલી, બે કર અંજલિ જોડિ;
પરમેસર પય પૂજતાં તું ભમરૂલી, જાંઈ કરમની કોડિ. ૧૫

સહજ પાલ કરાવિઉ તુ ભમરૂલી,
દક્ષિણ ભદ્ર વિહાર આદીસરતિહાં વંદીઈ તુ ભમરૂલી;
રયણ મૂરતિ અતિસાર. ૧૬

ઉત્તર દિસિ જે ભદ્ર અછઈ તુ ભમરૂલી, ગોઈંદ કરાવિ અરંગિ;
તિહાં રયણમય વીર જિણ તુ ભમરૂલી, પૂજ કરિસુ પ્રભુ અંગિ. ૧૭

ખીમસીહ કારિઅ ભવણ, તિહાં નમીઈ નમિનાહ;
આગલિ અંબિક દેહરી તુ ભમરૂલી, જોઈ લીજઈ લાહ. ૧૮

ઈઅ થુણીઅ સાવય દુહવણ પાવય પાવય ગિરિવર સઈ ધણીઅ;
મઝ મન અતિ ચંચલ જાણ તુ અવિચલ અંચલવર વસહી ભણીઅ. ૧૯

હવઈ અંચલ વસહી ભણીએ મહાલંતાડે, પહુચીઈ પરબત પંથિ;
વીર જિણિંદ જુહારતાં એ મહાલંતાડે, છોડીઈ કરમની ગ્રંથિ. ૨૦

આગલિ પનક વસહીઈએ મહાલંતાડે, જઈ જોઈ જિણ રાસિ;
સીતલ સીત તલાવલીએ મહાલંતાડે, પેખી જઈ તસુ પાસિ. ૨૧

જવ આવિઉ ગિરિ મોલીઈએ મહાલંતાડે, દીઠઉ શંભુવિહાર;
એ ગિરિવર વિસ્તર ઘણઉએ મહાલંતાડે, હઉ કિમ પામઉ પાર. ૨૨

તિહાં હૂતઈ પાછઉ વલિઉએ મહાલંતાડે, ભવણ મઝારિ પહૂત;
ઓલિ મોલિ જિનવર તણાંએ મહાલંતાડે, વંદીઅ બિંબ બહૂત. ૨૩

સંભલિ શંભવ સામીઆએ નિરેમૂઆ, રાવ કરું જિમ બાલ;
તુંહ જિઈણિ જગિ જાગનુએ નિરેમૂઆ, દીસઈ દેવ દયાલ. ૨૪

મૂરતિ મૂં અતિ રતિ કરઈએ, સોમ કલા કિરિ સાર;
નયનિ અમીરસ વરસલીએ નિરેમૂઆ, સેવઈ ઈં સવિચાર. ૨૫

હું ભાગઉ ભવ ફેરડીએ નિરેમૂઆ, તું શરણાગત ધીર;
સારકરઉ હિવ માહરીએ નિરેમૂઆ, અનંત ભવ તણઉ તીર. ૨૬

ભગતિ ભણી મઈ સંઘવિઉએ નિરેમૂઆ, પાય તુઝ નિતુ નમઈ એ;
લક્ષ્મી સાગર સૂરિ, ભગતિ ભણીમઈ સંઘવિઉ એ નિરેમૂઆ મનહ મનોરથ પૂરિ. ૨૭

ઈઅ નમિઅ નરેસર ભુવણ દિણેસર, તવિઅ ભવિઅ સિવસુખ કર;
પાવાગિરિ મંડણ દુરિઅ વિહંડણ, જિનમાણિક્ક મુણિંદવર. ૨૮

**॥ ઇતિશ્રી પાવાગિરિ ચેત્ર પ્રવાડિ સમાપ્ત ॥**

**॥ મહોપાધ્યાય શ્રી જિનમાણિક્યગણિ શિષ્ય અનંતહંસગણિ કૃતા ॥**

**॥ અનંતકીર્તિગણિના લિખિતા શ્રેપગોરા પઠનાર્થે ॥**

**શ્રી સ્તંભતીર્થ નગરે ॥છ॥ ॥શ્રી॥ ॥છ॥**

# પૂર્વભારતની જૈન તીર્થભૂમિઓ (સચિત્ર)

**લેખક : શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજી**
**પ્રકાશક : શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર**
**પ્રકાશન વર્ષ : ઈ.સ. ૧૯૫૧, સંવત : ૨૦૦૭**

જૈનોના મોટાભાગના તીર્થંકરો પૂર્વ ભારતમાં જન્મ્યા છે, વિસર્યા છે અને ત્યાંનાં જંગલો કે ગુફાઓમાં સાધના કરી, પ્રજાજનોને જ્ઞાનોપદેશ આપી, ધર્માભિમુખ બનાવવાના એમણે પ્રયત્નો કર્યા છે. હિંદુઓએ નદીઓને માતા ગણી એના કાંઠે ધર્મસ્થાનો, તીર્થસ્થાનો વિકસાવ્યાં છે, જ્યારે જૈનોએ પર્વતોને પવિત્ર ગણી, એના મહત્ત્વને સ્વીકારી મહદ્અંશે ગિરિભૂમિ પર જૈન તીર્થોની સ્થાપના કરી છે. 'એકલી સમૃદ્ધિથી કોઈ પણ નગરની નામના થતી નથી. એની ભૂમિમાંથી સંસ્કારનો પમરાટ ફેલાય નહિ ત્યાં સુધી કોઈનું આકર્ષણ પણ એ નગર કરી શકતું નથી.' (પૃષ્ઠ-૧૦૬) આવા નોખા પવિત્ર મંતવ્ય સાથે પૂર્વભારતની સઘળી તીર્થભૂમિની યાત્રા, સંપૂર્ણ માહિતી સાથે ચાક્ષુસ કરવી હોય તો શાંતમૂર્તિ શ્રી જયંત-વિજયજી મ.સા.ના આ ગ્રંથમાંથી પસાર થવું પડે.

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીએ મિથિલા, બિહાર, બંગાળ અને ઉત્તરપ્રદેશને પોતાની કર્મભૂમિ બનાવી, બનારસમાં ઘણાં વર્ષો પસાર કર્યાં ત્યારે ત્યાં શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી હતી. આગમ, ન્યાય, વ્યાકરણ, કાવ્યદર્શન અને તત્ત્વજ્ઞાનના મહાન પંડિત અને પવિત્ર સાધુ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી તરફ એમને અપાર પ્રેમ અને અનન્ય ભક્તિ હતાં. તેથી તેઓ કોઈ વિદ્યા કે કેળવણીની સંસ્થાની સ્થાપના કરતા શ્રી યશોવિજયજીના પુણ્યનામ સાથે જોડતા. વિ.સં. ૧૯૬૪ની અક્ષયતૃતીયાએ આચાર્યશ્રીનાં પ્રેરણા અને માર્ગદર્શનથી બનારસમાં એમણે શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાનો આરંભ કર્યો હતો, જેના નેજા હેઠળ પ્રાચીન જૈન ગ્રંથોના પ્રકાશન માટે છ વર્ષ સુધી કાર્યરત રહી મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ત્યાર બાદ વિશેષ સુવિધા અને સગવડ મળી રહે તે માટે પોતાના ગુરુ તેમજ મહાન સંત શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની દીક્ષાભૂમિ અને નિર્વાણભૂમિ ભાવનગરમાં, જે

સૌરાષ્ટ્રનું સંસ્કારી શહેર ગણાતું હતું, ત્યાં આ સંસ્થાને લઈ જવામાં આવી. જૈન ગ્રંથોના પ્રકાશન ઉપરાંત જૈનેત્તર અને યુરોપીય વિદ્વાનોમાં, જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના પ્રચારનું કાર્ય પણ આ સંસ્થાએ ઉપાડી લીધું હતું.

ઉત્તમ કક્ષાના ગ્રંથો તૈયાર કરનાર અને 'આબુ' ગ્રંથના રચયિતા શાંતમૂર્તિ શ્રી જયંતવિજયજી મહારાજે તથા એમના શિષ્ય શ્રી વિશાલ-વિજયજી મહારાજે સંસ્થાના વિકાસ માટે નિસ્બતપૂર્વક અવિતરપણે પ્રયાસો આદર્યા અને 'શ્રી વિજયધર્મસૂરી સાહિત્યચંદ્રક'ની યોજના અમલમાં મૂકી. ગુજરાતી ભાષાના સર્મથ સર્જક અને પત્રકાર જયભિખ્ખુએ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલા શિવપુરીના ગુરુકુળમાં અભ્યાસ કર્યો હતો. તેથી આ સંસ્થા પ્રત્યે એમને ઊંડો લગાવ અને ઋણભાવ હતાં. એમણે પોતાના મિત્ર કલાકાર અને જાદુગર કે. લાલ પાસે સંસ્થાને આર્થિક રીતે પગભર કરવા પ્રસ્તાવ મૂક્યો, ત્યારે એનો સહર્ષ સ્વીકારી કરી, ભાવનગરમાં નહિ પણ મુંબઈમાં ઈ.સ. ૧૯૬૬ની ૫મી, ફેબ્રુઆરીએ (આજથી બરાબર પચાસ વર્ષ પહેલાં) ભારતીય વિદ્યાભવનમાં જાદુના પ્રયોગોનો ચેરિટી શૉ કરી કે. લાલે માતબર રકમની સહાય કરી હતી. એક વિદ્યાસંસ્થાને માટે સર્જક અને કલાકારની બેલડી કેવું અભૂતપૂર્વ કાર્ય કરી શકે તેની સૌને પ્રતીતિ થઈ. આ જીવનધર્મી સર્જક જયભિખ્ખુ જીવ્યા ત્યાં સુધી યશોવિજય ગ્રંથમાળા સાથે અતૂટ સંબંધે જોડાયેલા રહ્યા હતા.

બાલગ્રંથાવલીની બીજી શ્રેણીના પ્રકાશન માટે જયભિખ્ખુએ મુનિશ્રી જયંતવિજયજીને વિનંતી કરી કે - 'સમેતશિખર વિશે તેઓ નાની પુસ્તિકાનું લેખનકાર્ય સ્વીકારે.' આ કાર્યના અનુસંધાનમાં સમેતશિખર તીર્થભૂમિની માહિતી તો મુનિશ્રીએ એકત્રિત કરી જ પણ સાથે-સાથે પૂર્વભારતની સઘળી તીર્થભૂમિઓ વિશે પણ ખાસ્સી સામગ્રી ભેગી કરી. આ પૂર્વ વિસ્તારમાં વિહાર કરતાં-કરતાં પ્રાપ્ત થયેલું જ્ઞાન, તે દરમિયાન થયેલા ગમતા-અણગમતા અનુભવો અને એક સંશોધકની દૃષ્ટિથી કરેલો અભ્યાસ મુનિશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં લેખે લગાડ્યો છે. મુનિશ્રીએ પૂર્વભારતનાં આ સઘળાં તીર્થધામો અંગે જુદું પુસ્તક પ્રકાશિત કરવા ધાર્યું હતું, પરંતુ વિ.સં. ૧૯૭૮માં ભાદરવા સુદ-૧૪ના રોજ ગ્વાલિયરથી ૭૨ માઈલ દૂર આવેલા શિવપુરી ગામમાં સ્વર્ગવાસી બનવાથી એ કાર્ય અધૂરું રહ્યું હતું.

એમના પરમ શિષ્ય મુનિશ્રી વિશાલવિજયજી મહારાજની સૂચના અનુસાર વ્યાકરણતીર્થ પંડિત શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહે કેટલીક પૂરક હકીકતો ઉમેરી ઈ.સ. ૧૯૫૧માં પ્રસ્તુત ગ્રંથ ઉપલબ્ધ કરાવ્યો. જેના પ્રકાશનનો સઘળો ખર્ચ ધ્રાંગધ્રા નિવાસી શેઠ શ્રી પુરુષોત્તમદાસ સૂરચંદે ઉપાડ્યો હતો.

જયભિખ્ખુએ લખ્યું છે કે - 'તીર્થ તો ભવતરણીનો તરાપો છે.' તીર્થસ્થાનમાં માણસ પોતાનાં પાપ ધોવા, પુણ્ય કમાવા અને પશ્ચાત્તાપ કરી નિર્મળ બનવા જાય છે. આ જીવનનૌકાને હેમખેમ પાર ઉતારવા, રોજબરોજનાં એકવિધ કાર્યોમાંથી ચિત્તને શાંતિ પ્રદાન કરવા તથા એ પવિત્રભૂમિનો પ્રાણવાયુ પામી, એનાં કલ્યાણમય આંદોલનો ઝીલી, બાકીનું જીવન હળવાશથી જીવી શકાય એ આશાએ તો સૌ તીર્થયાત્રા કરે છે.

મુનિરાજ શ્રી જયંતવિજયજીના 'પૂર્વ ભારતની જૈન તીર્થભૂમિઓ' ગ્રંથનું વાચન, એક જ બેઠકે કરીએ તો જાણે હમણાં એ ધામોની યાત્રાએ આપણે નીકળ્યાં હોઈએ એવી અનુભૂતિ થાય છે. અહીં મુખ્ય ૪૨ અને અન્ય ૧૬ જેટલાં ગામ-નગરોનો પરિચય થાય છે. એક તીર્થધામથી બીજું કેટલા અંતરે આવે છે, કઈ નદીના કાંઠે છે, રેલવે રસ્તા ક્યાં છે અને સ્ટેશન ક્યાં આવે છે, એ સ્થળનો ઐતિહાસિક, રાજકીય, ધાર્મિક, સાંસ્કૃતિક મહિમા કેવો છે, એને રચનાકાળ-વિકાસનો ઈતિહાસ અને ધર્મકથાઓ સાથે સંબંધ શું છે, જૂના સમયની એની જાહોજલાલી કયા કારણે નષ્ટ થઈ છે, કઈ ભૂમિમાં કયા ભગવાનનાં કેટલાં કલ્યાણકો થયાં છે અને ત્યાં કેટલાં જૈન મંદિરો કે ધર્મશાળાઓ છે, તે સ્થળે વસતી પ્રજાની રહેણીકરણી અને ખાસિયતો શું છે તથા હાલમાં એ તીર્થભૂમિનો કાર્યભાર કોણ સંભાળે છે - આવી નાની-મોટી અનેક વિગતો પ્રાપ્ત થતી હોવાથી આ ગ્રંથનું મૂલ્ય ઘણું વધી જાય છે. એટલું જ નહિ મંદિરોમાં પ્રસ્થાપિત પ્રતિમા શેમાંથી બનેલી છે એ દર્શાવી મુનિશ્રીએ એનાં શિલ્પસ્થાપત્યોની વિશેષતાઓ પણ વર્ણવી છે. કોઈ સ્થળના શબ્દનું અપભ્રંશ સ્વરૂપ શું છે, તે કેટલાં વિવિધ નામોથી જાણીતું હતું, એના વિશે અન્ય પંડિતો, સાધુવર્યો અને પ્રવાસીઓનાં મંતવ્યો આધાર સહિત દર્શાવ્યાં છે, ત્યારે મુનિશ્રીની તલાવગાહી સૂક્ષ્મ સંશોધક વૃત્તિ અને દૃષ્ટિ માટે ખૂબ માન ઊપજે છે.

મોગલ સમયમાં જાહોજલાલી અને શિલ્પ-સ્થાપત્યમાં બેનમૂન ગણાતા, યમુના નદીને કિનારે આવેલા ઐતિહાસિક શહેર આગરાથી આ ગ્રંથની યાત્રાનો આરંભ થાય છે. જૈન ધર્મના નીતિનિયમો, આદેશો અને તત્ત્વજ્ઞાનને

હળવી શૈલીથી અભિવ્યક્ત કરતી એક ઘટના લેખકે અહીં આકારિત કરી છે. છ મહિનાની કઠણ તપશ્ચર્યા કરનાર શ્રીમંત જૈન શ્રાવિકા ચંપાબાઈનો પાલખીમાં બેસી નીકળેલો મોટો વરઘોડો જોતાં આશ્ચર્યચકિત થયેલા અકબર બાદશાહે પૃચ્છા કરતાં જાણ્યું કે સાક્ષાત્ ધર્મમૂર્તિ શ્રી હીરવિજયસૂરિજી જેવા ધર્મગુરુની કૃપાથી આત્મશુદ્ધિ માટે એમણે આવું તપ આરંભ્યું છે. સહજતાથી ન સ્વીકારી શકાય એવી 'તપ'ની આવી અઘરી વ્યાખ્યા સાંભળી અકબર બાદશાહે, મુનિશ્રીનાં દર્શન માટે ઇચ્છા વ્યક્ત કરી. પોતાના વિદ્વાન શિષ્યો સાથે સૂરિજી શાહીમહેલમાં પધાર્યા અને જૈન ધર્મના તપ અને ત્યાગના ઊંચા દિવ્ય સિદ્ધાંતોની બાદશાહને વાત સમજાવી. બાદશાહ ખૂબ જ પ્રભાવિત થયા અને પ્રસન્નતા દર્શાવી ત્યારે સૂરિજીએ એ તકને અંકે કરતાં પર્યુષણ અને એવા બીજા તહેવારોમાં અમારી ફરજ બજાવવાનું ફરમાન માગી લીધું. એટલું જ નહિ પણ સાથે-સાથે કેટલાંય તીર્થોના પરવાના પણ માગી લીધા. ત્યાર બાદ સૂરિજીએ આગરામાં કેટલાંય મંદિરોની સ્થાપના કરાવી જેમાંનાં બાર મંદિરો આજે વિદ્યમાન છે, એની સઘળી વિગતો લેખકે આપી છે. અહીં એમણે નાની માર્મિક ટકોર પણ કરી લીધી છે કે - 'આગરાનું સર્વોત્કૃષ્ટ આકર્ષણ તે તાજમહલ. એની રચનામાં સંસારની વાસનાકથા વર્ણાવાયેલી છે. એ જોવાલાયક ભલે હોય પણ એમાંથી આપણે સાત્ત્વિક પ્રેરણાની આશા ન રાખી શકીએ.' (પૃષ્ઠ-૯)

પૂર્વ ભારતની અતિપ્રાચીન પ્રસિદ્ધ નગરીઓમાં મથુરાનું નામ ઐતિહાસિક અને ધાર્મિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. અહીંના અવશેષોમાં ભારતીય શ્રમણ સંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિનો સમન્વય દૃષ્ટે પડે છે. ભારતીય સંસ્કૃતિ સાથે વિદેશી સંસ્કૃતિ પણ આ સ્થળે અથડાઈ હતી એમ નોંધતાં લેખકે ભારતીય વિદ્વાન રા.બ. રાધાકૃષ્ણજીનું કથન આપ્યું છે - 'મારે શુદ્ધ હૃદયથી કહેવું પડે છે કે આ મુથરા જૈનો માટે પહેલા નંબરે, બૌદ્ધો માટે બીજા નંબરે અને વૈષ્ણવો માટે ત્રીજા નંબરે છે. મતલબ કે અહીંના કંકાલી ટીલાથી જે પ્રાચીન શિલાલેખો અને મૂર્તિઓ વગેરે જે કંઈ વસ્તુઓ નીકળી છે તે બધામાં પ્રાચીન વસ્તુઓ જૈનોની મળી છે, તે પછી બૌદ્ધોની અને એ સમય પછીની વૈષ્ણવોની છે.' મોટી જૈન તીર્થ-ભૂમિઓમાં જ્યારે મથુરાની ગણના થતી હતી, ત્યારે ત્યાં ખૂબ જાહોજલાલી હતી અને જૈન ધર્મનો ત્યાં ડંકો વાગતો હતો. ઔરંગઝેબના સમયમાં મંદિરો

અને મૂર્તિઓનો નાશ થયો અને મથુરા, જૈનતીર્થ હોવાનું લગભગ ભૂલાવા માંડ્યું, ત્યારે ઈતિહાસ સંશોધકોએ કંકાલી ટીલાના ખોદકામમાંથી અનેક મૂર્તિઓ, પબાસણો, આયાગપટો, ગર્ભાપહારનાં શિલાંકિત ચિત્રો ઉપલબ્ધ કરાવી પ્રાચીન જૈનોની કળા અને સ્થાપત્યના પુરાવાઓ આપ્યા. લેખકે દુઃખ સાથે નોંધ્યું છે કે હાલમાં ત્યાં મંદિર કે ધર્મશાળા નથી અને શ્વેતામ્બર જૈનોનાં માત્ર આઠ-દસ ઘર જ ટક્યાં છે. આમ તો મથુરા પાસે ગોકુળ-વૃંદાવન જેવાં વૈષ્ણવ ધામો નજીક હોવાથી એ મહ્દઅંશે વૈષ્ણવ સંપ્રદાયનું મોટું તીર્થધામ ગણાય છે અને જૈન સાધુઓની અવરજવર વિના મથુરામાંથી જૈનધર્મનું નામોનિશાન ઘસાતું ચાલ્યું છે.

જૈન અનુશ્રુતિ પ્રમાણે શૌરીપુર જૈનોનું પ્રાચીન મોટું તીર્થધામ છે અને લગભગ છઠ્ઠા-સાતમા સૈકામાં રચાયેલા 'વસુદેવહિંડી' ગ્રંથમાં આ તીર્થની સ્થાપનાનો ઈતિહાસ પ્રાપ્ત થયો છે. શ્રી હેમચંદ્રાચાર્યજીના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'માં, જૈનોના પ્રાચીન આગમગ્રંથો પૈકી - 'સમવાયાંગ, ઉત્તરાધ્યયન, આવશ્યકનિર્યુક્તિ, કલ્પ સૂત્ર' વગેરેમાં યાદવકુલ-તિલક શ્રી નેમિનાથ ભગવાનના જન્મકલ્યાણકથી પવિત્ર થયેલ શૌરીપુર તીર્થના ઉલ્લેખો મળે છે. સત્તરમી શતાબ્દીમાં કયા-કયા મુનિવર્યોએ શૌરીપુરની યાત્રાર્થે સંઘ કાઢ્યા હતા તેનું લેખકે વિગતે સૂચન કરી આ ભૂમિની હાલની સ્થિતિ દર્શાવતાં નોંધ્યું છે કે - 'શ્વેતાંબર, દિગંબર વચ્ચેના ઝઘડાનો હમણાં થોડા દિવસ પહેલાં ફેંસલો થઈ ગયો છે. એનો ચુકાદો શ્વેતાંબરોના લાભમાં આવ્યો છે.' (પૃષ્ઠ-૨૦) અનેકવાર પુનરુદ્ધાર થયા પછી અહીંની એક પહાડી પર હાલ પાંચ જૈનમંદિરો છે. જેમાંનાં ચાર ખાલી છે અને એકમાં શ્રીનેમિનાથ ભગવાનનાં પગલાં છે.

પ્રાચીન સમયની સમૃદ્ધ નગરી કાંપિલ્યપુર, જેને ભગવાન મહાવીર સ્વામીએ પોતાના ચરણકમળથી પવિત્ર કરી હતી અને જે તેરમા તીર્થંકર શ્રીવિમલનાથ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન એમ ચાર કલ્યાણકો થવાથી તીર્થભૂમિ બની હતી. તે આજે કાળના સપાટાને કારણે ઉજ્જડ બની ગઈ છે, એમ લેખકે દુઃખ સાથે જણાવ્યું છે તો કલ્યાણકભૂમિ ન હોવા છતાં ગંગાના કિનારે વસેલા સોહામણા નગર કાનપુરના મધ્ય ભાગમાં આવેલા મહેશરી મહોલ્લામાં બાબુ રૂઘનાથપ્રસાદજીએ બંધાવેલું શ્રી ધર્મનાથ ભગવાનનું મીનાકારીથી ઝળહળતું મંદિર એના શિલ્પસ્થાપત્યને કારણે અદ્ભુત વાતાવરણ સર્જે છે; એની રમણીયતાને બિરદાવી ત્યાંની

વિશેષતા બનાવતાં મુનિશ્રી કહે છે કે - 'અહીં વેપાર અર્થે આવેલા મારવાડી, ગુજરાતી અને કચ્છી વગેરે જૈન ભાઈઓની વસ્તી છે અને ગરમ કાપડની મિલો તથા ચામડાના કારખાનાંઓની કારીગરીવાળી વસ્તુઓ વખણાય છે.'

ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ(ત્રિવેણીસંગમ)નું પવિત્ર સ્થળ છે. અલ્હાબાદ, જેનું પ્રાચીન નામ પ્રયાગ છે, ત્યાં હિંદુઓનું તીર્થધામ હોવાથી હિંદુ મંદિરો ઘણાં છે એમ જણાવી બૌદ્ધ સંસ્કૃતિની વાત પણ ઐતિહાસિક કથા સાથે લેખકે દર્શાવી છે. મુસલમાનોની ધાર્મિક પ્રવૃત્તિનું પણ આ મુખ્ય સ્થળ હતું, પરંતુ બધા ધર્મોના સંસ્કારો પહેલાં, જૈનોની સંસ્કૃતિ અસ્તિત્વમાં હતી એવું પ્રતિપાદિત કરી લખ્યું છે કે - 'આ રીતે શ્રમણ, વૈદિક અને મુસ્લિમ સંસ્કૃતિના સંગમની યાદ આપવા માટે જ જાણે કુદરતે આ ભૂમિમાં ત્રિવેણીસંગમની રચના કરી હશે.' (પૃષ્ઠ-૨૬) પ્રયાગમાં શ્રી શીતલનાથ પ્રભુ બિરાજમાન છે એવી નોંધ વિવિધતીર્થકલ્પ કારે કરી છે. ઈ.સ. ૧૫૭૫માં અકબર બાદશાહે યમુનાના કિનારે કિલ્લો બંધાવ્યો હતો. એમાં આજે પણ એક વડનું ઝાડ છે. જેની નીચે શ્રી આદિશ્વર ભગવાનને કેવળજ્ઞાન થયું હતું એવા પૌરાણિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

તીર્થભૂમિ કૌશાંબીમાં બની ગયેલા અનેક રોમાચંક પ્રસંગોની નોંધ પ્રાચીન જૈનગ્રંથોમાં મળે છે. છઠ્ઠા તીર્થંકર પદ્મપ્રભ ભગવાનનાં ચાર કલ્યાણકોની આ ભૂમિ છે, તેથી પ્રાચીન તીર્થ તરીકે એનું મહત્ત્વ અને ગૌરવ અનેરું છે. કેટલાય અહીં બની ચૂકેલા પવિત્ર પ્રસંગો લેખકે નિરુપ્યા છે. દા.ત., ભગવાન મહાવીરને પાંચ મહિના અને પચીસ દિવસના પારણામાં ચંદનબાળાએ અડદના બાકુલા અહીં વહોરાવ્યા હતા; શીલવાન, ગુણવાન અને ચારિત્ર્યવાન ચતુર મૃગાવતીએ પોતાને કારણે ઊભી થયેલી સાઠમારીની સમસ્યાનું નિરાકરણ, ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈને આણ્યું હતું. શ્રેણિક મહારાજાને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવનાર અનાથી મુનિ અહીંના હતા તો 'શ્રીપાલરાસ'માં વર્ણવાયેલા ધવલ શેઠ કૌશાંબીના જ રહેવાસી હતા. આ ઉપરાંત અન્ય શાસ્ત્રોમાં અને ગ્રંથોમાં મળતા આ સ્થળના સંકેતો દર્શાવી લેખક કહે છે કે - 'લગભગ અઢારમા સૈકા સુધી અહીં સમૃદ્ધ જૈન મંદિરો અસ્તિત્વમાં હતાં, પરંતુ આજે તો આસપાસનાં જંગલોમાં અને પહાડની વેરાન ભૂમિ પર પડેલાં હાડપિંજરો જેવાં ખંડિયેરો સિવાય કંઈ જોવા મળતું નથી.

ફલ્ગુ નદીને કિનારે વસેલું 'ગયા' શહેર હિંદુઓનું અને બૌદ્ધોનું તીર્થસ્થાન છે. અહીં અનેક હિંદુ મંદિરો છે અને પિતૃઓને તર્પણ કરવાની

લાગણીથી આવતા હિંદુ યાત્રાળુઓની હંમેશાં ભીડ હોય છે. ગયામાં મોટાં વૃક્ષોથી વીંટળાયેલું એક બૌદ્ધ મંદિર છે જેમાં બુદ્ધ ભગવાનની સૌમ્ય પ્રતિમા પ્રતિસ્થિત છે. અહીં બે દિગંબર જૈન મંદિરો અને ધર્મશાળાઓ છે, પરંતુ શ્વેતાંબર જૈનોની વસતી નહિવત્ છે. લગભગ અઢી હજાર વર્ષો પહેલાં એક અશ્વત્થના વૃક્ષ નીચે બેસી તપશ્ચર્યા કરતાં બુદ્ધને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. તેથી બૌદ્ધો આ સ્થળને બોધિગયા નામે ઓળખે છે અને તેથી જ એમનું એ પવિત્ર તીર્થસ્થાન છે.

શ્રી શીતલનાથ ભગવાનના જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકોને કારણે ભદ્દિલપુર તીર્થસ્થાન ગણાયું છે. ભગવાન મહાવીર સ્વામીએ અહીં ચાતુર્માસ વિતાવ્યા હતા, પણ હાલમાં આ તીર્થ વિચ્છેદ પામ્યું છે.

જૈન ધર્મની સૌથી વધુ મહિમાવંત તીર્થભૂમિ તે સમેતશિખરજી છે. એ પર્વતની તળેટીમાં આવેલું મધુવન ગામ પણ દેવમંદિરોની હારમાળાથી રમણીય લાગે છે. શ્વેતાંબર જૈન ધર્મશાળામાં પ્રવેશતાં જ બહાર વડલાની છાયામાં તીર્થરક્ષક ભોમિયાજીનું યક્ષમંદિર છે. આ ધર્મશાળાના પાકા કૉટયુક્ત કમ્પાઉન્ડમાં શ્વેતાંબર જૈનોનાં અગિયાર જિનાલયો છે, જેમાંનાં સાત મુખ્ય મંદિરો છે અને બાકીનાં તેની આસપાસ આવેલાં છે. બારમું મંદિર ગામની બહાર છે જે 'રાજા દોઢી'ના નામે જાણીતું છે. જેમાં મૂ.ના. શ્રી સુધર્મ સ્વામી બિરાજમાન છે. સમેતશિખર યાત્રાધામના વર્ણનમાં તો મુનિશ્રી જયંતવિજયજીના કવિહૃદયની, પ્રકૃતિપ્રેમની અને ભાષા વૈભવની પ્રતીતિ થયા વિના રહેતી નથી. એમના ગદ્યપોતની સુંવાળપને માણીએ - 'આખો પર્વત સઘન વનરાજીથી વીંટળાયેલો છે. અહીંની શાંત અને નિર્જન ભૂમિમાં પંખીઓનાં આહ્‌લાદી કલરવો યાત્રીઓને સહાનુભૂતિ અર્પે છે અને જ્યારે સાગરમાંથી ઉદ્‌ભવેલાં વાદળાં પોતાની રુમઝુમ ચાલથી આ તીર્થને ભેટતાં વરસી પડે છે ત્યારે તો કવિની હૃદય - ઊર્મિઓ ઊછળી જાય અને સંગીતના સૂર છેડી દે એવું વાતાવરણ પ્રકૃતિદેવી અહીં સર્જે છે. ખરેખર, આ પર્વતને જોતાં જ કુદરતની ક્રીડાસ્થલીનું ઊભરાતું ભવ્ય દર્શન લાધે છે..................... અહીં રત્નગર્ભા વસુંધરાના અનુભવનું રહસ્ય આપોઆપ સમજાઈ જાય છે.

કોઈ - કોઈ ઠેકાણે ગુફાઓ છે. મોટાં-મોટાં વૃક્ષોની સઘન છાયા વિસ્તરેલી છે. ઠંડા પાણીનાં ઝરણાં ખલ-ખલ કરતાં વહ્યાં જાય છે. પુષ્પોની સુગંધથી સભર શીતળ વાયુ અહીંના વાતાવરણને માદક બનાવી મૂકે છે. ચાના બગીચા, ભીલોનાં છૂટાંછવાયાં ઝૂંપડાં વગેરે જોતાં આ ગિરિરાજનું

અતિમનોહર દૃશ્ય જાણે કોઈ મનોહર પ્રદેશમાં આવી પડ્યા હોઈએ એવા ભાનથી પોતાની જાતને પણ ભૂલાવી દે છે.' (પૃષ્ઠ-૩૮-૩૯) આમ સમેતશિખરજીમાં છૂટે હાથે ઈશ્વરે વરેલા પ્રકૃતિ સૌંદર્યની અનુભૂતિ મુનિશ્રીએ આપણને અનુપમ શબ્દચિત્રો દ્વારા કરાવી છે. આ ભૂમિની યાત્રા કરનારા કેટલાય કવિઓએ અને મુનિવરોએ પોતપોતાની આગવી શૈલીએ તીર્થનો મહિમા ગાયો છે, એનાં કેટલાંક દૃષ્ટાંતો પણ લેખકે આ ગ્રંથમાં આપ્યાં છે. અહીંની અઠ્યાવીસ ટૂંકો પર કયા ભગવાનની દેરી છે અને કોના પગલાં છે એની વાત એમણે વિગતે આપી છે ઘેર બેઠાં આપણને સૌનાં દર્શન કરાવ્યાં છે અને યાત્રિકોને જરાય તકલીફ ન પડે તેવી સઘળી નાની-મોટી માહિતી આપી છે. સાથે-સાથે ચેતવણી પણ આપી છે કે સૌથી ઊંચી મેઘાડંબર ટૂંક જે સદાય વાદળ સાથે વાતો કરતી હોય છે, ત્યાંથી નીચે ઊતરતાં ડાક-બંગલા પાસે બે માર્ગ ફંટાય છે. એક રસ્તો મધુવન તરફ અને બીજો નીમિયા ઘાટના ડાક-બંગલા પાસે જઈને સીધો ઈસરી તરફ જાય છે. ચોકીદાર કે ભોમિયા વગર આ બીજા રસ્તે જઈ શકાતું નથી.

સમેતશિખરજીની યાત્રા આસો મહિનાથી ફાગણ સુદ પૂનમ સુધીની એટલે કે દિવાળીથી હોળી સુધીની ગણાય છે. ત્યાર બાદ પાણીના બગાડને કોણે થતા મૅલેરિયાના ઉપદ્રવને કારણે ત્યાં જઈ શકાતું નથી. અનેક તીર્થંકરો, ગણધરો અને મુનિવરો આ ભૂમિમાં નિર્વાણ પામ્યા હોવાથી એનો મહિમા અપરંપાર છે અને તેથી જ જૈન જૈનેત્તર હજારો માણસો આ તીર્થભૂમિની યાત્રા કરી પાવન થાય છે.

સમેતશિખરથી બરાકડ થઈને ગિરડીહ ગામે અવાય છે એ મોટું તીર્થ નથી પણ કોલસા અને અબરખની ખાણો હોવાને કારણે વેપારનું મોટું મથક છે. અહીં સફેદ, લાલ અને કાળી જાતનાં અબરખ નીકળે છે અને દળમાં તથા લંબાઈમાં જે મોટાં હોય તે કીમતી અબરખ કહેવાય છે. આમ માર્ગમાં આવતા જોવાલાયક અને જાણવાલાયક સ્થળોની માહિતી આપવાનું પણ લેખક ચૂક્યા નથી.

એક સમયનું હિંદનું પાટનગર અને હવે પશ્ચિમ બંગાળનું પાટનગર છે, એવું વેપાર-ઉદ્યોગથી ધમધમતું કોલકાતા શહેર જૈનો માટે કેટલું બધું મહત્ત્વ ધરાવે છે તે મુનિશ્રી જયંતવિજયજીએ વિગતે બતાવ્યું છે. જૈનયાત્રીઓ માટે આવડા મોટા શહેરમાં, ક્યાં ઊતરવું તે મૂંઝવણ ન થાય તેથી એમણે અનુકૂળ સ્થાનો દર્શાવ્યાં છે. આ નગરનાં પવિત્ર મંદિરોમાં વિશાળ અને

ભવ્ય બે માળનું શિખરબંધી જિનાલય એની મીનાકારી અને બાંધણીથી ખ્યાત છે. તે તુલાપટ્ટી વિસ્તારમાં આવેલું છે જ્યાં શ્રી આદિશ્વર ભગવાન આરસની છબીમાં બિરાજમાન છે. કોલકાતાનાં અન્ય જિનાલયોની જાણકારી આપવા ઉપરાંત કેટલાક મહિમાવંત ઘર - દેરાસરોનો લેખકે ઝીણવટપૂર્વક પરિચય કરાવ્યો છે. એમાં જેનું અનુપમ સૌંદર્ય છે તેના વર્ણનમાં તો એમની ભાષાછટા માણવા જેવી છે. તેમાં રાય બદ્રીદાસજી મુકિમે બંધાવેલા શ્રી શીતલનાથ ભગવાનના રળિયામણા મંદિરની કારીગરી વિશે તેઓ લખે છે - "આ મંદિરની અંદરની મીનાકારી રચનાસ્થાપત્ય, આરસનો વિશાળ ચોક, પૂતળીયો, દૂરશબંધી તળાવ, લીલછોયી વાડી અને વીજળીના પ્રકાશમાં તો એનો તેજ અંબાર જોઈને દુનિયાના કળામર્મજ્ઞોએ તેને **'Beauty of Bengal'** 'બંગાળનું સૌંદર્ય'ના વિશેષણથી નવાજ્યું છે. મંદિરને પહેલી નજરે જોનારને કોક દેવવિમાન નીચે ઊતરી આવ્યું હોય એવો ભાસ થઈ આવે. આ મંદિરની ગણના એના પ્રકારમાં મોખરાની છે. શ્રદ્ધાભર્યું સમર્પણ કેવું હોય તેનો આ મંદિર નમૂનો છે. શેઠ બદ્રીદાસની ભાવના આમાં સાકાર બનેલી નિહાળી શકાય છે." (પૃષ્ઠ-૫૪) શ્રીયુત ચક્રધર નામના વિદ્વાને આ મંદિરની મહત્તા દર્શાવતો લેખ હિન્દીમાં લખ્યો છે તેનો સારભાગ લેખકે અહીં નોંધ્યો છે એ જાણીએ ત્યારે આ મંદિર તરફનો આપણો અહોભાવ દ્વિગુણિત થઈ જાય છે.

કોલકાતા શહેરનાં મંદિરોની વિગતો સાથે-સાથે લેખકે ત્યાં નીકળતા જૈનોની રથયાત્રાનો ગૌરવપૂર્ણ મહિમા દર્શાવ્યો છે. તુલાપટ્ટીના બડા મંદિરથી કાર્તિક પૂર્ણિમાએ નીકળતો આ વરઘોડો આખો દિવસ નગરના મુખ્ય-મુખ્ય માર્ગો પર ફરીને સાંજે હાથી બગાન - શ્યામ બજારમાં આવેલી દાદાવાડીમાં ઊતરે છે અને ત્યાંથી કાર્તિક વદ-૨ના દિવસે બડા મંદિર પરત ફરે છે. ભારતભરમાં નામના પામેલા આ વરઘોડાનું વર્ણન આપતાં કવિ નાનાલાલનું કથન લેખકે યાદ કર્યું છે કે - 'જૈન વરઘોડો એટલે કલાસુંદરતા અને ધાર્મિકતાનું જાણે નગરઘુમતું પ્રદર્શન.' (પૃષ્ઠ-૫૫) અહીં મુનિશ્રી જયંતવિજયજીએ આ વરઘોડાનું સુંદર રેખાચિત્ર પણ આપ્યું છે - 'જાણે સરવનું ઝાડ ચાલતું હોય તેમ સૌથી મોખરે ઈન્દ્રધ્વજ ડોલતો મહાલતો આવે. તે પછી જૈનોના અલબેલા કુમારો સાબેલા બનીને બીજા વાહનોમાં કે ઘોડાને નચાવતા આવે. ગાજતા નિશાન ડંકા, ફરકતી ધ્વજાઓ અને વાગતાં બૅન્ડ-વાજિંત્રોની પાછળ સાજન-મહાજનની આગલી હરોળમાં ધર્મતેજસ્વી મુનિઓ પોતાનું બ્રહ્મતેજ પાથરતા ચાલતા હોય, તે

પછી નગરશેઠ અને મહાજન મંડળી પોતાના ધાર્મિક પ્રભાવથી સૌને આંજી નાખતા ચાલ્યા આવે અને એ પછી દૂધધારાએ ધોવાતા માર્ગે ભગવાનનો સોના-ચાંદી મઢ્યો રથ હોય છે. તે પછી સાધ્વીમંડળ અને તેમની સાથે જ શ્રાવિકાઓનો સંઘ સોના-રૂપાના કળશો ધારીને, જરિયાન સાળુઓમાં ઉત્સાહભેર પ્રભુનાં ગીત ગાતો-ગાતો જાય છે.' (પૃષ્ઠ-૫૯) આ વરઘોડાને જોવા નગરજનો ઊમટી પડે એ સ્વાભાવિક છે. છેવટે લેખકે જણાવ્યું છે કે - 'આ વરઘોડાનું વર્ણન શબ્દાતીત છે એની ભવ્યતાને તો આંખે નિહાળીને જ પામી શકાય, તે છતાં આપણે મુનિશ્રીના અસરકારક શબ્દચયન દ્વારા આ વરઘોડાને ચોક્કસપણે તાદશ કરી શકીએ છીએ.'

આ તીર્થયાત્રામાં આગળ વધતાં ગંગાને કાંઠે વસેલા બાલુચર ગામનાં રમણીય દેરાસરો અને ધર્મશાળાની વિગતો આપતાં ત્યાંની પરદેશમાં નિકાસ પામતી અને ખૂબ વખાણાતી કાંસાનાં વાસણો અને રેશમી વણાટકામની ચીજવસ્તુઓની લેખકે પ્રશંસા કરી છે તો બાલુચરની સમીપે આવેલા કટગોલા ગામના અતીતને સંભારી હાલમાં ત્યાં અનુભવાતી, પથારો કરી પડેલી ચેતના વિનાની વેરાન શાંતિનો વાચકને અહેસાસ કરાવ્યો છે. ત્યાંથી અડધો માઈલ દૂર આવેલા મહિમાપુર પરાની હેરત પમાડે તેવી ભવ્યતાની નોંધ આપી, ગંગાના પ્રચંડ પૂરને કારણે થયેલા વિનાશ વિશે વેદના સાથે નોંધ્યું છે કે - 'પહેલાંની એ ભવ્યતા આજે તો આ ભૂમિને ભારે મારી રહી હોય એમ શરમાતી જોવાય છે.' (પૃષ્ઠ-૬૦) ત્યાંથી થોડેક જ દૂર આવતા મુર્શિદાબાદ શહેરના વર્ણનમાં આપેલી વિગતો મુનિશ્રીના ઈતિહાસના વિશાળ વચનની પ્રતીતિ કરાવે છે, અહીં પણ કેટલાક ખંડિયેરો પોતાની પૂર્વકાલીન આબાદીનું સ્મરણ કરાવતાં કરુણ ગીત સંભળાવી રહ્યાં હોય એમ એમને લાગ્યું છે.

દિલ્હી અને આગરા છોડ્યા પછી પૂર્વપ્રદેશમાં શ્વેતામ્બર જૈનોની વધારેમાં વધારે વસતી કોલકાતા અને અજીમગંજ-બાલુચરમાં છે. ગંગાને સામસામે કાંઠે બાલુચર અને અજીમગંજ આવેલાં હોવાથી એનો વ્યવહાર હોડીમાર્ગે ચાલે છે. મુર્શિદાબાદના પતન પછી અજીમગંજમાં નવા અને નોખા સ્વરૂપે કલાવૈભવ દૃષ્ટિ પડે છે. અનેક મહાધનાઢ્યોના ઐશ્વર્યથી અને જાગીરદાર બાબુઓના આલીશાન પ્રાસાદો તથા બાગ-બગીચાઓથી ભરચક આ ભૂમિમાં લખપતિઓની ધર્મશ્રદ્ધાના પ્રતીક રૂપે દસ જૈનમંદિરો અસ્તિત્વ ધરાવે છે, તેની સઘળી વિગતો અહીં પ્રાપ્ત થાય છે. અજીમગંજ બાદ ભાગલપુરના મંદિરની વિશેષતા દર્શાવી ત્યાંની ચોખા અને રેશમની

મોટી પેદાશ વિશે એમણે અંગૂલીનિર્દેશ કર્યો છે. તો સાથે-સાથે ત્યાંનાં પ્રસિદ્ધિ પામેલાં રેશમી અબોટિયાં, છાયલો અને શેત્રંજીઓની વાત કરવાનું પણ તેઓ ચૂક્યા નથી.

ભાગલપુરથી નાથનગર થઈને જૈનોના મહાતીર્થ ચંપાપુરીમાં જવાય છે. ભાગલપુર અને ચંપાપુરીની વચમાં આવેલું 'ચંપાનાળુ' શ્રી વાસુપૂજ્ય ભગવાનનાં ચ્યવન અને જન્મ કલ્યાણકોનું સ્થાન ગણાય છે. ચંપાપુરીના બહારના ઉદ્યાનમાં એમનાં દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકો થયાં હતાં તો 'મંદારગિરિ' પર્વત પર મોક્ષ કલ્યાણક થયું હતું. પાંચ કલ્યાણકો એક જ સ્થળે બન્યાં હોય એવાં સ્થાન ઘણાં ઓછાં હોવાથી ચંપાપુરીનો મહિમા અનેકગણો વધી જાય છે. ભગવાન મહાવીરે આ નગરીને અનેકવાર પોતાના ચરણકમળથી પવિત્ર કરી હતી. ગૌતમ સ્વામીના શિષ્યો સાલ અને મહાસાલ જેવા મહાત્માઓનું આ કૈવલ્યધામ હતું, ભગવાન મહાવીરના કુબેર સમા ભક્ત શ્રાવક કામદેવનું આ નિવાસસ્થાન હતું, સુદર્શન શેઠ, મહારાજા શ્રીપાલ, કુમારનંદી સુવર્ણકાર અને પ્રાતઃસ્મરણીયા ચંદનબાળાની આ જન્મભૂમિ હતી. તો ચૌદપૂર્વી શય્યંભવસૂરિજીને પોતાના પુત્ર મનક મુનિ માટે 'દશવૈકાલિક સૂત્ર'ની રચના કરવાનું પવિત્ર વાતાવરણ અહીં જ પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત અનેક ઐતિહાસિક ઘટનાઓનું સ્મરણ કરતાં મુનિશ્રી જયંતવિજયજી જણાવે છે કે - 'ભાગલપુર, નાથનગર અને ચંપાપુરી પ્રાચીનકાળમાં પરસ્પર સંકળાયેલાં હતાં અને આ ચંપાપુરી નગરીમાં જ સમાવિષ્ટ હતાં. આજે ત્યાં વિશાળ કોટથી ઘેરાયેલાં શ્રી વાસુપૂજ્ય ભગવાનનાં બે શિખરબંધી જિનપ્રસાદો છે, જેમાંનું એક મંદિર નવું બંધાયેલું છે અને બીજું પ્રાચીન મંદિર જાણે આ નગરીની કાળજૂની આત્મકથા સંભળાવવા ઊભું હોય એવું જણાય છે.' (પૃષ્ઠ-૭૧) એક વખતની ઐતહાસિક, ધાર્મિક અને સંસ્કારી કહેવાતી નગરી આજે નાના ગામડાની દયામણી દશા અનુભવી રહી છે. પહેલાં 'મંદારગિરિ' પહાડ સુધી ચંપાપુરીનો વિસ્તાર ગણાતો હતો, ત્યાં ગિરિ ઉપર શ્રી વાસુપૂજ્ય ભગવાનનાં બે જિનાલયો છે. અઢારમી શતાબ્દી સુધી શ્વેતાંબર જૈનોનું મહાન તીર્થ ગણાતું. મંદારગિરિ તીર્થ દિગંબર જૈનોએ ખરીદી લીધાની માહિતી લેખક અહીં આપે છે.

મિથિલા નગરીના નામ અને સ્થાન વિશે અન્ય વિદ્વાનોએ કરેલાં વર્ણનો નોંધી એની હાલની પરિસ્થિતિ બતાવતાં લખ્યું છે કે - 'રાય બદ્રીદાસે આ તીર્થની પુનઃસ્થાપના માટે ખરીદેલી જમીન માત્ર વિદ્યમાન છે. આ નગરીના રામાયણ સાથેના સંદર્ભો પણ લેખકે યાદ કર્યા છે. ભાગલપુરથી

લખીસરાઈ અને ક્યૂલ જંક્શને થઈ ગાડા માર્ગે ક્ષત્રિયકુંડ અને કાકંડી તીર્થધામોમાં પહોંચી શકાય છે. ક્ષત્રિયકુંડ ભગવાન મહાવીર સ્વામીનું જન્મસ્થળ મનાય છે. લેખકની સૂક્ષ્મ નિરીક્ષણ દષ્ટિની અનુભૂતિ આ ગ્રંથમાં વારંવાર થતી રહે છે. દા.ત., લછવાડથી કુંડેઘાટ સુધીનો માર્ગ ગીચ ઝાડી હોવાને લીધે ભયાનક ભાસે છે, છતાં સૃષ્ટિ સૌંદર્યથી ભરપૂર છે. માર્ગમાં આવતી એકની એક નદીને સાતવાર ઓળંગવી પડે છે. નદીનું પાણી મીઠું અને પાચક છે.' (પૃષ્ઠ-૭૯) અહીંથી પહાડના ચઢાવનો વિકટ માર્ગ શરૂ થાય છે જે ભલભલા સશક્ત વ્યક્તિના પણ હાંજા ગગડાવી દે એવો કઠિન છે. અનેક પ્રકારની ઔષધિઓના ભંડારસમી વનરાજીથી વીંટળાયેલું 'જ્ઞાત વનખંડ ઉદ્યાન'ના નામે શાસ્ત્રમાં પ્રચલિત વન અહીં છે. જેમાં મહાવીર ભગવાને દીક્ષા લીધી હતી. ભગવાનનાં ચ્યવન, જન્મ અને દીક્ષા એમ ત્રણ કલ્યાણક મહોત્સવો અહીં થયાં હોવાથી એ ઘણું પાવન સ્થાન છે. ક્ષત્રિયકુંડમાં ભગવાન મહાવીરે પોતાની પુત્રી પ્રિયદર્શના અને જમાઈ જમાલીને પણ દીક્ષા આપી હતી એમ કહેવાયું છે. ક્ષત્રિયકુંડના સ્થળની નિશ્ચિતતા ઘણા વિદ્વાનોના અભિપ્રાયો અને નિર્ણયો સાથે તપાસતાં લેખકને લછવાડ નજીક ભગવાન મહાવીરની જન્મભૂમિ માનવાને કેટલાય ભૌગોલિક અને ઐતિહાસિક દોષો નજરે ચઢ્યા છે. શોધખોળના પરિણામ રૂપે કેટલાક વિદ્વાનોએ મુજફ્ફરપુર જિલ્લામાં આવેલું 'બસાડપટ્ટી' એ જ 'વૈશાલી' છે અને તેની પાસે 'બસુકુંડ' નામે ગામ છે એ જ 'ક્ષત્રિયકુંડ' છે એમ પ્રતિપાદિત કર્યું છે. એક તટસ્થ સંશોધકની અદાથી લેખકે અન્ય શાસ્ત્રો, મહાભારત તેમજ ઈતિહાસનાં તથ્યો, તપાસી, ચોક્કસાઈપૂર્વક ચર્ચા કરી અંતે જણાવ્યું છે કે 'ક્ષત્રિયકુંડ' પ્રદેશ વિશે હજુ શાસ્ત્રીય શોધ કરવાની બાકી છે.

કાકંદીમાં શ્રીસુવિધિનાથ ભગવાનનાં ચાર કલ્યાણકો થયાં હોવાથી ત્યાં એમની ચરણપાદુકાઓની સ્થાપના થયેલી છે. કાકંદીના ચોક્કસ સ્થાન માટે પણ મતભેદ પ્રવર્તે છે અને જૈન શાસ્ત્રોમાં મળતા કાકંદીના ઉલ્લેખો અને ઉત્તર ભારતમાં ક્યાંક બતાવે છે, પરંતુ લછવાડથી ઈશાન દિશામાં આવેલું કાકંદી નામનું નાનું ગામ એ મૂળ કાકંદીના નામસામ્યને કારણે તીર્થ બની ગયું હોય એમ લેખકને લાગ્યું છે.

ગુણાયાજી તીર્થધામ પહેલાં ગુણશીલવનના નામે જાણીતું હતું, જ્યાં ભગવાન મહાવીર સ્વામીના હાથે સેંકડો લોકોએ શ્રમણધર્મ અને શ્રાવકધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. એમના અગિયાર ગણધરોએ ગુણશીલક ચૈત્યમાં

અનશનપૂર્વક નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું. ગુણાયાથી ૧૨ માઈલ દૂર આવેલી 'પાવાપુરી' આજે જૈનોના પવિત્ર તીર્થ તરીકે ખ્યાત છે. જે ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ છે. એ પ્રદેશમાં 'પાવા' નામની ત્રણ નગરી હતી, જેથી લેખકે ત્રણેનાં સથાન અને મહત્ત્વ દર્શાવી શ્રી વીરપ્રભુના નિર્વાણસ્થાનનું નામ પાવાપુરી કેમ પડ્યું તે સિદ્ધ કર્યું છે, સાથે-સાથે ભગવાનના જીવનમાં બનેલી કેટલીક શાસ્ત્ર આધારિત ઘટનાઓ નિરૂપી છે. એ પ્રાચીન પાવાપુરી હાલમાં પાવા અને પુરી નામનાં બે ગામડાંમાં વિભાજિત છે એમાં જૈનોનું તીર્થધામ પુરીમાં આવેલું છે. ગામની મધ્યમાં આવેલા 'ગામ મંદિર'માં ભગવાન મહાવીરથી પ્રતિમા બિરાજમાન છે. મંદિરની નજીકમાં જ્યાં ભગવાનના દેહનો અગ્નિસંસ્કાર થયો ત્યાં અસંખ્ય કમળોથી શોભતું, બારેમાસ પાણી ભર્યું જળમંદિર છે. ભગવાનના નિર્વાણદિન આસો વદ અમાસને દિવસે આ તીર્થમાં મોટો મેળો ભરાય છે અને કાર્તિક સુદ એકમે ત્યાં ભગવાનની રથયાત્રા નીકળે છે.

પાવાપુરીથી જતાં કુંડલપુર - વડગામ (નાલંદા) તીર્થ છે, જ્યાં ગોશાળકને ભગવાન મહાવીરનો મેળાપ થયો હતો. વિવિધ તીર્થમાળાઓના કથન પ્રમાણે અહીં પહેલાં કલ્યાણક સ્તૂપની પાસે શ્રી ગૌતમ સ્વામીનું સ્થાન હતું, તો એક કવિએ નોંધ્યું છે કે - 'અહીં ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું હતું.' અન્ય વિદ્વાનોની હકીકત ટાંકી લેખકે જણાવ્યું કે - 'ત્યાં ૧૭ મંદિરો અને ૧૭ પ્રતિમાઓ હોવાનું કહેવાય છે, પરંતુ કાળના ઝપાટાને કારણે અઢારના સૈકા પછી ત્યાં ૧૭માંથી એક જ મંદિર બચ્યું છે. એટલું જ નહિ પણ સાતમી-આઠમી શતાબ્દીમાં ખૂબ જાહોજલાલીમાં હતી એ નાલંદા વિશ્વવિદ્યાપીઠનાં પણ ત્યાં ખંડિયેરો છે.' લેખકે આશા વ્યક્ત કરી છે કે તે સ્થળે જે ખોદકામ થઈ રહ્યું છે. એ ભૂમિમાં થોડા વધુ સ્તરોને ખોદવામાં આવે તો બૌદ્ધો પહેલાંની પ્રાચીન જૈન સામગ્રી પણ કદાચ ઉપલબ્ધ થાય.

નાલંદાથી રેલવે રસ્તે માત્ર આઠ માઈલ દૂર રાજગીર ગામ છે. તેમાં વિશાળ કમ્પાઉન્ડમાં બે શિખરબંધી ભવ્ય મંદિરો છે. એક શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનનું અને બીજું શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છે. અહીં પરસ્પર સંકળાયેલા પાંચ પહાડો છે - 'ગરમ પાણીના પાંચ કુંડો આવેલા છે તે વિપુલગિરિ, ઉત્તરાભિમુખ શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર છે તે રત્નગિરિ, પૂર્વાભિમુખ કિલ્લામાં આવેલું, ફેણના કળામય વળાંકથી બનેલા છત્ર નીચે બિરાજમાન છે. એવા શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાનનું પશ્ચિમાભિમુખ મંદિર ધરાવતો ઉદયગિરિ, જરાસંધ રાજાના અખાડા તરીકે

ઓળખાતો સુવર્ણગિરિ અને પાંચમો પહાડ છે વૈભારગિરિ, જ્યાં શ્રેણિક રાજાનો ભંડાર અને રોહિણિયા ચોરની ગુફાનાં સ્થળો આવેલાં છે. વૈભારગિરિ પહાડ પર નંદ મણિયાર નામના શ્રેષ્ઠીએ એક વિશાળ પુષ્કરણી બંધાવી હતી. જેના ઉલ્લેખ 'નાય ધમ્મકહા' નામના જૈન આગમમાં મળે છે. પંડિત બેચરદાસ લિખિત 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ'માં ઉપલબ્ધ આ પુષ્કરણીનું સુંદર વર્ણન અહીં લેખકે તાદૃશ કર્યું છે અને વિશેષતા નોંધતાં લખ્યું છે કે - 'આ દૃષ્ટાંત કથામાં આલેખાયેલું પુષ્કરણીનું વર્ણન આજનાં આલીશાન સૅનેટોરિયમને પણ ઝાખું પાડે એવું છે. વસ્તુતઃ વાસ્તુકળા અને સુખ સગવડની સમગ્ર સામગ્રી આજના યાંત્રિક યુગ કરતાંયે અઢી હજાર વર્ષ પહેલાં કેવી ચઢિયાતી હતી તેનો ખ્યાલ આ વર્ણનથી સહેજે આવી જાય છે.' (પૃષ્ઠ-૧૦૦)

ભગવાન મહાવીરના મુખ્ય પ્રચાર ક્ષેત્રોમાંનું એક મગધ દેશનો વિસ્તાર હતો. જેનું પાટનગર રાજગૃહ એટલે આજનું રાજગીર. એની નજીકમાં મોહાગિરિ પર્વતમાળાના પાંચ પહાડ છે. પાંચે પહાડ ઉપર સં. ૧૭૦૦માં બધાં મળીને ૧૫૦ જિનમંદિરો અને તેમાં કુલ ૩૦૩ જિનબિંબો હતાં એમ પ્રાચીન તીર્થમાળાઓમાંથી જાણવા મળે છે. મગધ દેશની જાહોજલાલી અને કથાપ્રસંગોની વાત દર્શાવી લેખકે સખેદ નોંધ્યું છે કે - 'આજે આ મગધ નગરી એક નાના ગામડામાં આવેલાં થોડાં ઝૂંપડામાં જ ધબકે છે, પરંતુ પ્રાપ્ત થતા એના અવશેષો ઉપરથી એની પુરાતન ભવ્યતાનો અંદાજ આવે છે.'

બિહાર શરીફ ગામમાં આવેલાં જિનાલયોની માહિતી આપી, પ્રાચીન સમયમાં પાટલીપુત્ર નામથી પ્રસિદ્ધ હતું તે આજનું પટણા એમ કહી ભગવાન મહાવીર પછી મગધની આ રાજધાનીની ગાદીએ આવેલા રાજવંશોમાં જૈન ધર્મની પરંપરા ચાલુ રહી હતી. તેનો ઈતિહાસ લેખકે યાદ કરાવ્યો છે અને જૈન ધર્મના પ્રભાવ અને વિસ્તારની મહત્તા દર્શાવી છે. આ નગરની ઉત્પત્તિ વિશે જૈન ગ્રંથોએ આપેલી કથા ટૂંકમાં બતાવી લેખકે વિવિધ તીર્થકલ્પકારનું કથન નોંધ્યું છે કે - 'અહીં અનર્ગલ સંપત્તિ ધરાવતા કરોડપતિઓ વસતા હતા. ઉદાયી રાજાએ પોતાની હસ્તિશાળા, અશ્વશાળા, રથશાળા, પ્રાસાદ, દાનશાળાઓ અને બજારોથી આ નગરને મનોહર અને સમૃદ્ધિવંતુ બનાવી મૂક્યું હતું.' (પૃષ્ઠ-૧૦૬) જૈનોના પ્રબળ પ્રભાવથી ગાજતી આ નગરીમાંથી જૈનોની સંખ્યા ક્યારે

અને ક્યા કારણે ઓછી થઈ ગઈ, તેનું કારણ સાધનો પ્રાપ્ત થયાં નથી અને આજનું પટણા એની પુરાણી ભૂમિ પર નથી એમ એમણે જણાવ્યું છે.

વરણા અને અસી નામની નદીઓનો જે સ્થાને ગંગામાં સંગમ થાય છે તે 'વારાણસી' જૈનોનું મોટું તીર્થધામ છે. આ નગરીનો જૈન ધર્મ સાથેનો સંગમ પ્રાગૂઐતિહાસિક સમયનો ગણાયો છે. જૈનકથાઓ પ્રમાણે આ નગરી દેવવારાણસી, રાજવારાણસી, મદનવારાણસી અને વિજયવારાણસીના ચાર ભાગોમાં વિભાજિત હતી. સાતમા ભગવાન શ્રી સુપાર્શ્વનાથ અને ત્રેવીસમા પ્રભુ શ્રીપાર્શ્વનાથની આ જન્મભૂમિ છે. ભગવાન પાર્શ્વનાથને અહીં જ દીક્ષા લીધા બાદ કેવળજ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી, એમનું નિર્વાણક્ષેત્ર સમેતશિખર હતું, તેથી એમ કહી શકાય કે કાશીથી લઈને સમેતશિખર સુધી એમનું વિહારક્ષેત્ર હતું. ગંગાના વિવિધ ઘાટેથી નાવમાં બેસી ક્યાં મંદિરોમાં દર્શન કરવાનું અનુકૂળ રહેશે તે બતાવીને નોંધ્યું છે કે આ નગરમાં લગભગ ૧૨ જૈન મંદિરો છે. તેમાંનાં મોટા ભાગનાં બીજા કે ત્રીજા માળ પર છે. કાશી, હિંદુ ધર્મનું પણ મોટું તીર્થસ્થળ છે. જ્યાં કાશીવિશ્વનાથ મહાદેવનું પુરાણું મંદિર છે કાશીમાં આવેલું. વિશાળ ભૂમિ પર પથરાયેલું બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય અર્વાચીન અને પ્રાચીન બધી જ વિદ્યાશાખાઓના તુલનાત્મક અધ્યયનનું કેન્દ્ર છે એમ કહેવાનું પણ મુનિશ્રી ચૂક્યા નથી. જૈન ધર્મનાં મંદિરોની સૂક્ષ્મ માહિતી આપવા ઉપરાંત તે નગરમાં પ્રવર્તતી અન્ય ધર્મોની મહત્તાને પણ એમણે વર્ણવી છે.

આગળ વધતાં ચંદ્રપુરી અને સિંહપુરીનો મહિમા ટૂંકમાં બતાવી, ભગવાન બુદ્ધના ધર્મચક્ર પ્રવર્તનનું સ્થાન છે તે સારનાથના સ્તૂપની વાત કરી છે. સાથે-સાથે સાતમી શતાબ્દીમાં મુલાકાતે આવેલા હુએનત્સાંગે અહીં ૩૦ બૌદ્ધ વિહારો જોયા હતા. જેમાં થેરવાદના અનુયાયી ૧૫૦૦ ભિક્ષુઓ રહેતા હતા, તે ઉપરાંત અહીં ૧૦૦ હિંદુ મંદિરો હતાં. એ સઘળી વિગતો લેખકે દર્શાવી છે. રામાયણની કથા દ્વારા સૌને પરિચિત નામ અયોધ્યા-નગરીનું છે. ત્યાં રામના સમય પહેલાં કેટલાય વર્ષો અગાઉ જૈનો સાથે એનો સંબંધ હતો. તે જૈન ધર્મ શાસ્ત્રોમાંથી અનેક કથાઓને આધારે એમણે સિદ્ધ કર્યું છે. જૈન ધર્મમાં જે તીર્થનો મહિમા ખૂબ ગવાયો છે તે અષ્ટાપદ તીર્થ અઢારમા સૈકા પછી વિચ્છેદ પામ્યું છે, છતાં તીર્થના ઉપલબ્ધ વર્ણનો ઉપરથી એના પ્રાચીન મહિમા વિશે જાણી શકાય છે. અયોધ્યાથી ફૈજાબાદ થઈ રત્નપુરી તીર્થમાં પહોંચાય છે. જે પંદરમા તીર્થંકર શ્રીધર્મનાથ ભગવાનનાં ચાર કલ્યાણકોનું સ્મરણ કરાવે છે. જૈન અને બૌદ્ધ ધર્મગ્રંથોમાં આવતાં

વર્ણનો ઉપરથી જણાય છે કે પહેલાંની શ્રાવસ્તી નગરીના વૈભવ આગળ અલકાપુરી પણ વિસાતમાં ન હતી. આજે અયોધ્યાની ઉત્તરે અને બલરામપુર સ્ટેશનથી ૧૨ માઈલના અંતરે આવેલા 'સહેટ-મહેટના કિલ્લા'ના નામે ઓળખાતા સ્થાને રાપ્ટી નદીના દક્ષિણ કાંઠે શ્રાવસ્તીનાં ખંડિયેરો પડ્યાં છે. ત્યાં થયેલાં ખોદકામોની વિગતો પણ લેખકે આપી છે. ઈ.સ. પૂર્વેના સમયની શ્રી ઋષભદેવ ભગવાનની ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલી મૂર્તિનું સુંદર રેખાચિત્ર લેખકે આપ્યું છે તે એમની શબ્દસમૃદ્ધિની પ્રતીતિ કરાવે છે.

'આ મૂર્તિ ઘેરા પીળા પથ્થરમાં કોતરાયેલી છે. એ પરિકર સહિત પદ્માસનમાં ધ્યાનમુદ્રામાં બેઠેલી છે. મૂર્તિના મસ્તકના વાળ સીધી લીટી જેવા હારવાળા છે. બંને બાજુના ખભા ઉપર માથાના વાળનો ગુચ્છો લટકે છે. કાન મોટા આકારમાં છે. મૂર્તિના પદ્માસનના ભાગમાં બંને બાજુએ બે સિંહો અને વચ્ચે ધર્મચક્ર કોતરેલું છે. પરિકરમાં ડાબી બાજુએ ભક્તિપૂર્વક નમસ્કાર કરતી એક દેવીની આકૃતિ છે. જ્યારે જમણી બાજુએ હાથમાં વાજિંત્ર ધારણ કરેલા દેવની આકૃતિ છે. એ સિવાય મૂર્તિની બંને બાજુએ ચોપદારો વાજિંત્ર લઈને ઊભેલા છે. આસનનો બાકીનો ભાગ ચાર હરોળમાં નાના આકારે ધ્યાનમુદ્રામાં સ્થિત તેવીસ તીર્થંકરોની મૂર્તિવાળો કોતરેલો છે. ત્રીજી હરોળમાં આગળ કમળમાં ગોઠવેલા બે હાથીઓ છે અને તેના ઉપર બબ્બે માણસો બેઠેલા હોય એવી આકૃતિઓ કોરેલી છે. આ હાથીઓ મધ્યમાં આવેલી આકૃતિઓના મથાળે સ્થિત છે.' (પૃષ્ઠ-૧૨૬-૧૨૭) મુનિશ્રી જયંતવિજયજી ભાષાકર્મી શબ્દસ્વામી છે અને એમની પાસે સૂક્ષ્મ અવલોકનશક્તિ છે. સાથે તીર્થ જિજ્ઞાસુઓને સંપૂર્ણ વિગતોથી માહિતગાર કરવાની નિસબત છે તેથી જ આવાં રૂડાં શબ્દચિત્રો અનેક ઠેકાણે આપી શક્યા છે. બૌદ્ધગ્રંથોના વર્ણન અનુસાર પણ શ્રાવસ્તી નગરીનું મહત્ત્વ એમણે દર્શાવ્યું છે. અનેક વર્ણનોના પુરાવા આપી આ નગરીની ચડતી પડતીનો ઈતિહાસ અને ખોવાતા જતા એના મહત્ત્વ વિશે ઘણી વાતો પર પ્રકાશ પાડ્યો છે.

ગોમતી નદીના કિનારે આવેલું અવધ દેશના પાટનગરનું શહેર લખનૌમાં કેટલાય જૈન મંદિરો હતાં, જેના એક સમયે થયેલા વિનાશ બાદ ફરીથી નવસર્જન થયું હોય તેવી હકીકતો નોંધી લેખકે ત્યાંના કેસરબાગમાં આવેલા અજાયબ ઘરની વિશેષતા કેટલાક પુરાતત્ત્વજ્ઞોના અભિપ્રાયોને આધારે દર્શાવી છે. એમાં સંગ્રહાયેલી કેટલીક જૈન સ્થાપત્યની ચીજો પર બૌદ્ધ લેબલ લાગેલાં છે એ અંગે વ્યથા વ્યક્ત કરતાં લખ્યું છે કે - 'આમ

છતાં જૈન સ્થાપત્યની લગભગ ૭૦૦ વસ્તુઓ એમાં સંગ્રહાયેલી છે જે કંકાલી ટીલા અને ઉન્નાવ જેવાં સ્થળોથી પ્રાપ્ત થયેલી છે.' (પૃષ્ઠ-૧૩૪)

પ્રાચીન સમયમાં અહિચ્છત્રા નામે ઘણી મોટી પવિત્ર તીર્થભૂમિ હતી. આ એક જ નામધારી એકાધિક ક્ષેત્રો વિશેની માહિતી લેખકે વિદ્વાનોનાં મંતવ્યો સાથે આપી છે. જૈન પ્રાચીન સૂત્રગ્રંથો 'જ્ઞાતાધર્મકથા' અને 'આવશ્યક નિર્યુક્ત'માં એના ઉલ્લેખો મળે છે તે 'વિવિધતીર્થકલ્પ'કારોએ પણ એના સંદર્ભ આપ્યા છે. મહાભારતમાં મળતાં અહિચ્છત્રાનાં વર્ણનો ઉપરથી ઈ.સ. પૂર્વે ૪૦૦ વર્ષથી ઈ.સ. ૬૦૦-૭૦૦ વર્ષ સુધી આ નગરી ખૂબ આબાદ હતી એમ જણાવી 'કામસૂત્ર'કાર વાત્સ્યાયન, ખગોળવેત્તા ટૉલેમી, ચીનીયાત્રી હ્યુ-એન-સંગ, શ્રી હેમચંદ્રાચાર્ય, પુરાતત્ત્વવેત્તા ડૉ. ફુહરર અને મિ. હાવેલે નોંધેલી ચર્ચાઓને વિગતે બતાવી લેખકે આ સ્થાનની મહત્તાને દૃઢીભૂત કરી છે, તો ત્યાંથી મળી આવેલા કેટલાક શિલાલેખો અને ચીજવસ્તુઓને આધાર ઈ.સ. ૧૦૦૪ સુધી નગર ખૂબ સમૃદ્ધ હતું એમ પ્રતિપાદિત કર્યું છે.

મહાભારતકાળના પાંડવો અને પરશુરામ જ્યાં થયા હતા એ હસ્તિનાપુર નગર મેરઠથી ૨૨ માઈલ દૂર આવેલું છે અને જૈન અનુશ્રુતિ પ્રમાણે તે સમયે એ જૈન ધર્મનું મોટું કેન્દ્ર હતું. અહીં શ્રી શીતલનાથ ભગવાનનું શ્વેતામ્બરીય જૈનોનું ભવ્ય મંદિર છે, જેનો જીર્ણોદ્ધાર અનેકવાર થયો છે. પ્રાચીન ગ્રંથોમાં પંદર કરતાં વધુ નામોથી હસ્તિનાપુરના ઉલ્લેખો મળે છે તો 'વસુદેવહિંડી'માં કુરુજનપદમાં હસ્તિનાપુર નગર છે, તેનો રાજા વિશ્વસેન છે. એવા સંદર્ભ મળે છે. આ વિશ્વસેનરાજા સોળમા શાંતિનાથ તીર્થંકરના પિતા હતા. હસ્તિનાપુર ભાગીરથીને તીરે હોવાનું પણ અનેક સ્થાને નોંધાયું છે, પરંતુ પાછળથી ગંગાનું વહેણ બદલાઈ જવાથી આજે તો કેટલાક ઝરણાંઓથી બનેલી 'બૂઢી ગંગા' તેની પાસેથી વહે છે અને તે ગઢમુક્તેશ્વર પાસે મૂળ ગંગાને મળે છે. પ્રાચીન સમયમાં ગઢમુક્તેશ્વર, હસ્તિનાપુરનો એક મહોલ્લો હતો એમ પુરાવા સાથે લેખકે નોંધ્યું છે.

પ્રસ્તુત ગ્રંથયાત્રાની છેલ્લી તીર્થભૂમિ દિલ્હી, ભારત દેશનું પાટનગર છે અને મહાભારતકાળમાં તે ઈન્દ્રપ્રસ્થ નામે ખ્યાત હતું. જ્યાં પૂર્વે જૈનોની ખૂબ વસતી હતી. આ નગરે તો ઘણી ચડતી-પડતી જોઈ છે. શ્રી જિનચંદ્રસૂરિ, શ્રી જિનમાણિક્યસૂરિ જેવા સમર્થ સૂરીપુંગવો અહીં પધાર્યા હતા, તો શ્રી શાંતિચંદ્રજી, ભાનુચંદ્રજી, સિદ્ધિચંદ્રજી, જિનચંદ્રસૂરિ, જિનસિંહસૂરિ વગેરેએ અહીં જૈન ધર્મનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ઘણાં જૈન મંદિરો દિલ્હીમાં હતાં, તેમાંથી કેટલાક મસ્જિદમાં

પરિવર્તિત થયાં તો કેટલાક ખોવાઈ ગયાં, હવે ત્યાં માત્ર ચાર જિનમંદિરો છે જેનાં નામોલ્લેખ કરી લેખકે સંતોષ માન્યો છે.

મુનિશ્રી બહુશ્રુત વિદ્વાન હતા એવું આ ગ્રંથમાં રજૂ કરેલા સંદર્ભો ઉપરથી ચોક્કસ કહી શકાય. જૈન ધર્મગ્રંથોનો અભ્યાસ હોવાથી એના કથાપ્રસંગો તો એમને સહજતાથી આત્મસાત થયેલા હોય જ, સાથે-સાથે જૈન આગમો અને શાસ્ત્રો સાથે પણ એમનો જીવનભર અભ્યાસ રહેતો હોવાથી, એનાં પ્રમાણો આપી તીર્થભૂમિઓની મહત્તા પુરાવર કરવાનું એમને માટે કઠિન નથી, પરંતુ ભતૃહરિ, કાલિદાસ, વાત્સ્યાયન અને કવિ નાનાલાલ જેવાને એમણે યોગ્ય સ્થાને સંભાર્યા છે તો રામાયણ, મહાભારત, વાયુપુરાણ અને ઋગ્વેદ - અર્થવવેદના ઉલ્લેખો પણ આ ગ્રંથમાં મળે છે. ચીની પ્રવાસીઓ ફાહિયાન અને હ્યુ-એન-સંગનાં કથનો ઉપરાંત બૌદ્ધધર્મના સંદર્ભો પણ એમણે આપ્યા છે. એટલું જ નહિ પુરાતત્ત્વવેત્તાઓ ડૉ. ફોગલ, ડૉ. હો, ડૉ. કનિંગહામ અને ડૉ. વી. સી. બૅનેટના ગ્રંથોના, જે તે સ્થાને પુરાવાઓ આપી ભારતભ્રમણ કરતા મૅગેસ્થિનિસનાં મંતવ્યો પણ ટાંક્યાં છે. એક તલસ્પર્શી સંશોધકની દૃષ્ટિએ પૂર્વ ભારતની આ તીર્થભૂમિઓનો પરિચય એમણે કરાવ્યો છે તો કેટલીક વિચ્છેદ ભૂમિઓ - ઋજુવાલુકા, અષ્ટાપદ શ્રાવસ્તિ, પ્રયાગ, ભદ્દિલપુર, મિથિલા, કૌશાંબી, ગયા, બરદ્વાનની પ્રાચીન મહત્તા જણાવી દુઃખ પણ વ્યક્ત કર્યું છે. આ ગ્રંથના પાછળનાં પૃષ્ઠોમાં, પરિશિષ્ટ પ્રથમમાં રત્નપુરી અને કોલકાતાની બે જાણવા જેવી વાતો નોંધી છે અને પરિશિષ્ટ બીજામાં પૂર્વ ભારતની કલ્યાણકભૂમિઓ કઈ-કઈ છે, તે કોની પાસે આવેલી છે અને ત્યાં કયા તીર્થંકરનાં કેટલાં કલ્યાણકો થયાં છે તે કોઠો (ટેબલ) આપીને બતાવ્યાં છે. છેવટે મહત્ત્વની તીર્થભૂમિનાં મંદિરોની મીનાકારી અને સ્થાપત્યને તાદશ કરવા અઢાર ફોટોગ્રાફ્સ મૂકીને તીર્થભૂમિનાં દર્શન કરાવ્યાં છે.

પ્રાચીન સમયનાં ઘણાં સમૃદ્ધ તીર્થધામોને સમયની થપાટો વાગી છે, તેમાંથી કેટલાંક બચ્યાં છે, કેટલાંક પુનઃનિર્માણ પામ્યાં છે તો કેટલાક વિવિધ પ્રકારનાં આક્રમણોનો ભોગ બનતાં ખોવાઈ ગયાં છે. સન ૧૯૫૧માં શાંતિમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજીનો 'પૂર્વ ભારતની જૈન તીર્થભૂમિઓ' (સચિત્ર) ગ્રંથને કેન્દ્રમાં રાખી આ અભ્યાસલેખ કર્યો છે, સંભવ છે કે તે પછીનાં કેટલાક વર્ષોમાં કેટલીક તીર્થભૂમિઓનો જીર્ણોદ્ધાર થયો હોય. અહીં તો આપણે મુનિશ્રીની સાથે આ તીર્થોની યાત્રા કરી સંતોષ મેળવીએ.

અસ્તુ.

**- ડો. સુધા નિરંજન પંડ્યા**

# ઝાંઝમેર : આકર્ષક અને અદ્ભૂત તીર્થ

ડૉ. પ્રફુલ્લા વોરા (નિવૃત્ત અધ્યાપિકા)
જી. એચ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર.

## સારાંશ

### झांझमेर : आकर्षण एवं अद्भुत तीर्थ

जैन धर्म में तीर्थ - स्थावर या गंगम, दोनों का बडा प्रभाव है । भारतवर्ष में बहुत से स्थावर तीर्थ है । इस विषय पर बडे-बडे ग्रंथ एवं साहित्य उपलब्ध हैं । लेकिन कई जगह में छोटे-छोटे तीर्थ की महिमा बढती जा रही है । नये-नये तीर्थस्थान प्रचलित होते रहे हैं । फिर भी साहित्य की दृष्टि से सामग्री उपलब्ध नहीं हैं । झांझमेर ऐसा ही एक तीर्थ है । भावनगर - सौराष्ट्र का जो समुद्रतट है इस पर का यह तीर्थ तीर्थ के रूप में गत साल ही स्थापित हुआ है । इसके बारे में जो कुछ स्रोत मिले थे इस के आधार से यह निबंध तैयार किया है । बहुत प्रसन्नता मिली सब जानकारी प्राप्त करने में ।

प्रणाम यह पावनभूमि को ।

(વિદ્યા ઉપાસનાની પ્રવૃત્તિમાં હંમેશાં પ્રેરક પીઠબળ બનીને વિવિધ વિષયોને આવરી લેતી સાહિત્યિક સાધના માટે મંચ પૂરો પાડનાર શ્રી મહાવીર જૈન વિદ્યાલયની જૈન સાહિત્ય સમારોહની યાત્રાનો આ ૨૩મો મુકામ છે. ખૂબ જ આનંદની વાત છે કે જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારતું આ માધ્યમ સાચા અર્થમાં જ્ઞાનની પરબ બની રહ્યું છે. મારી જાતને હું સદ્ભાગી માનું છું કે આ સમારોહમાં સદ્ભાગી થવાની મને પણ તક મળી.)

## ભૂમિકા :

એમનું પડછંદ ભરાવદાર શરીર, એવો જ ભરાવદાર ચહેરો અને એ પણ ઢંકાઈ જાય એટલી અને એવી મોટી ભરાવદાર મૂછો, ગમે તેવું હસે તોય દંતાવલી તો ન જ દેખાય. ઉપર લાંબી ભ્રમરો ને એની ઉપર ભવ્ય કપાળ, વળી માથા ઉપર આંટીવાળો ફેંટો, આંખો ઉપર રોલ્ડગોલ્ડના ચશ્મા, નીચે ગોઠણ સુધીનો કોટ, ગરદનથી ગોઠણ સુધી લટકતો રેશમી

કસબી કિનારવાળો ખેસ, હાથમાં ચાંદી મઢેલી મોટા હાથાવાળી લાકડી, નીચે ઘૂંટી સુધી ઢંકાતું રેશમી કિનારનું ધોતિયું, ધીમી-ધીમી મસ્તીભરી ચાલ. વળી કોઈ નબળો માણસ જેમની સન્મુખ મોં રાખીને વાત કરવાની હિંમત પણ ન કરે એવું વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર જ્યારે નીચે જણાવેલી મૃદુલ કાવ્ય પંક્તિઓ -

**"આજ મહારાજ ! જલ ઉપર ઉદય જોઈને,**
**ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે.**
**જલધિજલદલ ઉપર દામિની દમકતી,**
**યામિની વ્યોમસરમાંહી સરતી."**

ગુજરાતી કાવ્ય સાહિત્યને આપી શકે ત્યારે મનમાં પ્રશ્ન થાય છે કે કંઈક અનોખું કહી શકાય એવું વ્યક્તિત્વ, છતાં આ મૃદુલ શબ્દોના સ્વામી કોણ હશે ? ક્યારે આવી સદાબહાર પંક્તિઓ સ્ફુરી હશે ? તો આ કવિ એટલે મૂળનામ મણિશંકર રત્નજી ભટ્ટ, પણ ઉપનામથી વધારે પ્રસિદ્ધ થયેલા કવિ 'કાન્ત.' મધ્ય સૌરાષ્ટ્રના કવિ કલાપીના નગર લાઠીથી છ માઈલ દૂરના ચાવંડ ગામના નાગરબ્રાહ્મણ કુળના હતા. ખાસ તો કવિ કાન્તની આ પંક્તિઓ આજના વિષયને બરાબર બંધ બેસે છે.

ભાવનગરની દક્ષિણે મહુવાના રસ્તે ૭૬ કિ.મી.ના અંતરે અરબી સમુદ્ર અને ખંભાતના અખાતના સંયોગસ્થાન પર આવેલું ગોપનાથ (મહાદેવ) અને ત્યાંથી નજીક આવેલું છે પ્રાકૃતિક સૌંદર્યથી વિભૂષિત દરિયાકાંઠાનું ઝાંઝમેર. અધ્યાત્મયોગ ધરાવતા ગોપનાથના દરિયા-કિનારાની જગ્યામાં ઉપરની મેડી ઉપર એક વખત કવિ કાન્ત મિત્ર કવિ ન્હાનાલાલ સાથે બેઠા હતા. આ બંને ગુર્જર કવિઓ બારી બહારની ગોપનાથ-ઝાંઝમેરની વિશાળ જળરાશિ અને તરંગાતી લહેરોના સૌંદર્યનું રસપાન કરતા હતા, એ સમયે કવિ કાન્તને જે શબ્દો સ્ફુર્યા હતા. તે આ પંક્તિઓ - તે કાવ્ય એટલે 'સાગર અને શશી.' ગુજરાતી કાવ્ય-મંજુષામાં આ કાવ્ય ગૌરવવંતુ સ્થાન ધરાવે છે પણ તેનાથી ગોપનાથ ઝાંઝમેરનું દરિયાઈ સૌંદર્ય પણ સ્થાપિત થઈ ગયું છે.

એટલે ઝાંઝમેર તીર્થની પસંદગીના પાયામાં નીચેની બાબતોને ગણી શકાય :

✹ અભ્યાસકાળ દરમિયાન ભણવામાં આવેલું કવિ કાન્ત રચિત આ કાવ્ય.

✹ ઘણા સમય પહેલા ગોપનાથ - ઝાંઝમેર મુકામે યોજાયેલી સાહિત્યિક શિબિર સમયે માનસપટ પર અંકિત થયેલાં અવિસ્મરણીય પ્રાકૃતિક દૃશ્યો.

✹ ગત વૈશાખ સુદ-૬, તા. ૨૪-૪-૨૦૧૫, આ. ભ. શ્રી વિજય-રાજહંસસૂરિજીની નિશ્રામાં ઝાંઝમેરમાં યોજાયેલો ઝાંઝમેરા પાર્શ્વ જિનાલયનો શતાબ્દી મહોત્સવ. આમ, આવા સુભગ સમન્વયથી સદ્‌નસીબે આ વિષય પસંદ થયો.

**અભ્યાસના હેતુઓ :**

નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો.

(૧) લગભગ અપરિચિત કે અલ્પપરિચિત રહેલાં ઝાંઝમેર તીર્થનો પરિચય કરાવવો.

(૨) ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક અને ધાર્મિક સંદર્ભે - આ ભૂમિકાએ ઝાંઝમેર વિષયક માહિતી મેળવી તેને સંકલિત કરવી.

(૩) તીર્થ તરીકે ઝાંઝમેરનો મહિમા સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો.

**અભ્યાસની પદ્ધતિ :**

પ્રસ્તુત વિષય ગુણાત્મક અને સંશોધનાત્મક હોઈ સર્વેક્ષણાત્મક ગુણાત્મક વિશ્લેષણ પદ્ધતિથી આ વિષયને ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે.

**માહિતી પ્રાપ્તિ :**

ઝાંઝમેર તીર્થ વિશે શતાબ્દી મહોત્સવની આમંત્રણ પત્રિકા સિવાય અન્ય સાહિત્યિક સામગ્રી ઉપલબ્ધ ન હતી. પરંતુ આધારભૂત ગણી શકાય એવાં સ્રોતો અને મુલાકાત, મૌખિક વાતચીત દ્વારા જે માહિતી પ્રાપ્ત થઈ તે સ્રોતો નીચે પ્રમાણે હતાં :

✹ તા. ૨૪-૪-૨૦૧૫ના ઝાંઝમેરા પાર્શ્વ જિનાલય વિષયક આમંત્રણ પત્રિકા.

✹ મૂળ ઝાંઝમેરના પણ હાલમાં મુંબઈ સ્થિત, ૮૫ વર્ષના જાણીતા કટાર લેખક વડીલ શ્રી કાંતિભાઈ ભટ્ટ (કાંતિ ભટ્ટ) સાથે ટેલિફોન પર

થયેલી વાત અને તેમણે 'દિવ્ય ભાસ્કર' જૂથના 'સૌરાષ્ટ્ર સમાચાર'ની 'આસપાસ' કૉલમમાં લખેલી ઝાંઝમેર વિષયક માહિતી.

* ઝાંઝમેર જિનાલયના હાલના ટ્રસ્ટી - ભાવનગર સ્થિત શ્રી ભીખાભાઈ પ્રભુદાસ શાહ સાથે થયેલી મુલાકાત દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી.
* તળાજા શાળાના નિવૃત્ત શિક્ષક શ્રી ઉમાકાન્તભાઈ રાજ્યગુરુ સાથે ફોન પર થયેલી વાતચીત અને સૌરાષ્ટ્ર સમાચારના યુવા પત્રકાર (ફોટોગ્રાફ્સ માટે) શ્રી જિજ્ઞેશ ઠાકર.

**માહિતી વિશ્લેષણ :**

ઉપરોક્ત સ્રોતોના આધારે મળેલી માહિતી નીચેના વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવી હતી :

* જૈન ધર્મમાં તીર્થનું સ્વરૂપ
* ઝાંઝમેર તીર્થ : ભૌગોલિક, ઐતિહાસિક, પ્રાકૃતિક, ધાર્મિક સંદર્ભે
* જિનાલય - સંબંધક સ્થળો
* ઝાંઝમેર જિનાલય : શતાબ્દી મહોત્સવ - તીર્થનો દરજ્જો
* વર્તમાન અને ભવિષ્ય

**જૈન ધર્મમાં તીર્થનું સ્વરૂપ :**

સામાન્ય રીતે 'તારે તે તીર્થ' કહેવાય છે. અનાદિ કાળથી કર્મની પરાધીનતાને કારણે ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં આત્માને કર્મથી મુક્ત કરાવાનારાં જે-જે નિમિત્તો બને છે, તેને તીર્થ કહેવાય છે. પછી તે જંગમ સ્વરૂપે હોય કે સ્થાવર સ્વરૂપે.

**જંગમ તીર્થ** એટલે વિચરતાં તીર્થંકરો, કેવલી-ગણધર ભગવંતો આચાર્ય, ઉપાધ્યાય આદિ ગુરુ ભગવંતોનો સમાવેશ જંગમ તીર્થમાં થાય છે. તેઓ દેવતત્ત્વ અને ગુરુતત્ત્વ વિશે સમજ આપનારાં નિમિત્તો છે.

**સ્થાવર તીર્થ** એટલે સ્થિર રહેલાં સ્થળો - જિનાલયો, કલ્યાણક ભૂમિ, સો વર્ષ થયેલાં દેવસ્થાનો. આથી જ અરિહંત પરમાત્માએ શ્રાવક માટે દર્શાવેલાં ૧૧ કર્તવ્યોમાં તીર્થયાત્રાનાં કર્તવ્યનો સમાવેશ થાય છે. ઝાંઝમેરનો સમાવેશ સ્થાવર સ્વરૂપનાં તીર્થમાં થાય છે.

## ઝાંઝમેર - ભૌગોલિક સ્થાન :

"કુલુ નહિ પણ કુડા, મનાલી નહિ પણ માળનાથ અને ગોવા નહિ પણ ગોપનાથ.' આ ઉક્તિઓ ભાવનગરની આસપાસનાં પ્રવાસ-પર્યટન સ્થળો માટે વપરાય છે. આ સાથે યાદ આવે સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો. સૌરાષ્ટ્રના પૂર્વ કિનારે કાળુભાર નદીના મુખ પર ૪૧.૪૬° ઉ. અક્ષાંશ અને ૪૨.૧૪° પૂર્વ રેખાંશ પર ખંભાતના અખાત પર આવેલા ભાવનગર, પ્રાચીન સમયમાં મધુમતી તરીકે અને હાલમાં મહુવા તરીકે જાણીતું બંદર, એ જ રીતે તળાજા, ઘોઘા વગેરે કરતાં રમણીય સાગરતટ ધરાવતું ઝાંઝમેર તીર્થ ભાવનગરથી ૭૭ કિ.મી., પાલીતાણાથી ૫૫ કિ.મી., તાળાજાથી ૨૦ કિ.મી., મહુવાથી ૪૬ કિ.મી. અને ગોપનાથ મહાદેવથી નજીકનું સ્થળ છે. જેનાથી સૌરાષ્ટ્રનો સાગરકાંઠો અને સાગરકાંઠાથી ઝાંઝમેર શોભે છે. અહીં નકશામાં ઝાંઝમેર દર્શાવ્યું છે.

*ભાવનગર જલ્લો*







## ઝાંઝમેર ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય :

ઈ.સ. ૧૦૦૦ થી ૧૨૦૦ના સમયગાળા દરમિયાન તળાજા અને આ વિસ્તારવાળા રાજપૂતોના હાથમાં હતો. આ પછી ત્યાં વાજાનું શાસન હતું. પરંતુ એ પછી મહુવા બંદર ખરેડિયા જાતિના મુસલમાનોના તાબા

નીચે અને તળાજા - સરતાનપરમાં કોળીનું શાસન હતું. એ સમયે મિસરી ખસિયાના ભત્રીજા હમીર ખસિયાએ ઝાંઝમેર, કોટડા વગેરે પર કબ્જો જમાવ્યો, પણ એનો ત્રાસ ઘણો હતો. એવું કહેવાય છે કે અહીં રક્ષણ માટે ફિરંગીઓએ કિલ્લો બંધાવ્યો હતો. તેની ઊંચાઈ એ પહોળાઈ અનુક્રમે ૧૫ અને ૧૨ ફૂટની હતી, તેમાં ૩૨ જેટલા કોઠા હતા. ઉપરકોટનો વિસ્તાર આ વાતની સાક્ષી પૂરે છે.

મુખ્યત્વે ઝાંઝમેર દરિયાઈ ચાંચિયાઓથી ઘેરાયેલું હતું. ત્યાં ૧ કિ.મી. દૂર એક બેટ છે. એનું નામ ભેંસલો બેટ છે. તેમાં વચ્ચે તોડીને એક ભોંયરા જેવું બનાવ્યું છે. દરિયાઈ ચાંચિયાઓ લૂંટ ચલાવતા ત્યારે ત્યાં સુધી વહાણ ખેંચાઈ આવે એટલે બેટ ઉપરના આ તોડેલા ભાગમાંથી આખા વહાણોને સીંચી લેતા હતા એવું કહેવાય છે.

ઝાંઝમેરમાં એક સમયે ઝાંઝરશી બાપુનું શાસન હતું. એ પરથી આ નામ પડ્યું હશે. પ્રજાપ્રેમી આ રાજાના સમયમાં તેણે ત્યાં પાણીની સગવડતા માટે જે વાવ બંધાવી હતી તે આજે પણ છે. તેમાં ઉતરવા માટે ૧૦૦ પગથિયાં છે. કૂવો પણ ખરો. વર્તમાન સમયમાં પુરાતત્ત્વ ખાતાએ આ વાવ પોતાનામાં સમાવાની ના પાડી, નહિ તો તેના સમાવેશ ઐતિહાસિક વારસામાં થાત અને એ રીતે વિકાસ પણ થઈ શકત.

જ્યારે ઝાંઝમેરમાં કોળીની રંજાડ વધી ગઈ એ સમયે ભાવનગરના રાજા વખતસિંહજી(આતાભાઈ)ને ખબર પડી. આ ત્રાસમાંથી મુક્ત કરવા એમણે ઝાંઝમેર જીતી લીધું. પ્રજાને હમીરના ત્રાસમાંથી મુક્ત કરી. હમીર ભાગીને ગોપનાથ મહંતના શરણે ગયો, પણ ફરીથી પ્રજાને હેરાન નહિ કરવાની શરતે તેને જવા દીધો. ત્યારથી ઝાંઝમેર ભાવનગર રાજ્યમાં ભેળવી દેવાયું.

મુસ્લિમોના આક્રમણ સંબંધી એક ઘટના ઝાંઝમેર સાથે જોડાયેલી છે. એક આક્રમણ સમયે લૂંટાઈ જવાના ડરથી સાત કન્યાઓ ત્યાંથી ભાગી નીકળી. એમાં છ કન્યાઓ તો મરાઈ ગઈ, પરંતુ સાતમી કન્યા ત્યાંથી ત્રણેક માઈલ દૂર પિથલપુરના રસ્તે ભાગી નીકળી. પાછળ પડેલા લૂંટારુઓએ તેને પકડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એમના હાથમાં જવાના કરતાં એ કન્યાએ મોત પસંદ કર્યું. પેલા આક્રમણખોરોએ આ જોયું એટલે તેમનાથી બોલાઈ ગયું.

"લે, આ છોકરીએ તો ખૂબ કરી." (એટલે કે આણે બહુ કરી.) એ સમયે આ કન્યાની યાદમાં ત્યાં દેરી બનાવી. તેનો આકાર ઉપરા-ઉપરી મૂકેલા કબરના પથ્થરો જેવો છે, અને આ દેરીને **ખૂબદેવીની** દેરી કહે છે.

બીજી પણ આવી જ ઘટના છે. ૧૨મી સદીની આખરમાં સુલતાન મુઈઝુદીનની માતા આ રસ્તેથી હજ કરવા જતા હતા, ત્યારે તેમનું વહાણ તળાજા - ઝાંઝમેરના ચાંચિયાએ લૂંટી લીધું. આ સમાચાર વસ્તુપાલને મળ્યાને તરત જ તેમણે હજ કરવા જવા માટેની મુશ્કેલી ન પડે એવી સુરક્ષા સાથે એ માતાને હજ કરાવી. પાછળથી જ્યારે ખબર પડી ત્યારે તે માતાએ સુલતાનને કહ્યું કે - 'ભલે મને મારા દીકરાએ હજ કરવા મોકલી, પણ પૂરી કરાવી તો મારા ત્રીજા દીકરા સમાન વસ્તુપાલે.' વસ્તુપાલનું સન્માન કરાવવાનું કહ્યું ત્યારે વસ્તુપાલે સન્માનની બદલે બે માગણી કરી :

(૧) જૈન મંદિર બનાવવા માટે સિંધના મકરાણ પ્રદેશનો આરસ.

(૨) તમે આપેલા આરસને ક્યારેય કોઈએ તોડવો નહિ.

પણ પછીથી એટલે કે જ્યારથી આ વિસ્તાર ભાવનગરના રાજવીઓના શાસન નીચે આવ્યો ત્યારથી ભાવનગરના દરબાર તખ્તસિંહજી, ભાવસિંહજી અને કૃષ્ણકુમારસિંહજી એ ઝાંઝમેરના વિકાસમાં રસ લીધો હતો.

દરિયાઈ માર્ગદર્શન માટે દીવાદાંડી પણ છે, જે પહેલાં કેરોસીનથી ચાલતી હતી. સમગ્ર રીતે જોતા ખ્યાલ આવે છે કે ઝાંઝમેરની ઐતિહાસિક ભૂમિકા રસપ્રદ છે.

## ઝાંઝમેર - પ્રાકૃતિક નજરાણું :

શરૂઆતમાં જ જોયું એ પ્રમાણે ઝાંઝમેરનો દરિયાઈ નજારો ખરેખર આકર્ષક અને અદ્ભુત છે. જિંદગીથી થાકેલો મુસાફર પણ આ બીચ પર હળવો થઈ જાય એવો સાગરતટ ઝાંઝમેરને મળેલો છે. કાંઈક અલગ અનુભૂતિ જ આ જગ્યાની લાગે છે. તરંગાતાં જળનાં કલાત્મક વળાંકોથી લહેરાતી અને અથડાતી જળધારા - પ્રગટતા સૂર, ઉદ્ભવતી સરગમ

અને કાંઠા પર પડઘાતો સુમધુર નાદ મનને શાતા આપે છે. આવું નયનરમ્ય દૃશ્ય નીચેની તસવીરમાં જોવા મળે છે.



આવી મનમોહક પ્રાકૃતિક ભેટ ઝાંઝમેર તીર્થને મળી છે. એમાં પણ વહેલી સવારે મંદિરોમાં થતા ઘંટનાદ અને સાગરકાંઠાના જળનાદથી આખું ય વાતાવરણ પવિત્ર બની જાય છે. જુઓ આ એ સ્થળોની તસવીરો છે.

**ઝાંઝમેર - સામાજિક પરિવેષ :**

પ્રાચીન ગ્રામ્ય સંસ્કૃતિથી ધબકતું ઝાંઝમેર આજે પણ શાંત વાતાવરણથી છલકતું દેખાય છે. વર્ષો પહેલાં દરિયાઈ ચાંચિયાઓના ભયના ઓથાર નીચે હતું, પરંતુ જ્યારથી ભાવનગર રાજ્યમાં એ ભેળવી દેવાયું હતું. ત્યારથી હંમેશાં અહીં સુમેળ અને શાંતિ જોવા મળે છે.

જોઈએ કાંતિભાઈ ભટ્ટના આ શબ્દો :

“આજે મને ૮૫ વર્ષની વયે જૂની વાતો યાદ આવે છે. સાચા માણસો, અસલી ખેતી, અસલી ગાયો-બળદ... મારું આવું ઝાંઝમેર ગામ મને યાદ આવે છે, સ્વાવલંબી અને સુખી મારું ગામ.”

રાજાશાહી સમયમાં રાજવીઓ એવો આગ્રહ રાખતાં કે દરેક ગામમાં એક શિવ મંદિર, એક હનુમાનજીનું મંદિર, એક રામ મંદિર અને એક જૈન મંદિર હોવા જ જોઈએ. એ ઉપરાંત વેપાર-ઉદ્યોગના વિકાસ માટે જૈન વાણિયાએ વસાવ્યા હતા. આ રીતે ઝાંઝમેરમાં બધી કોમની વસતી છે. અત્યારે પણ મોચી, કુંભાર, ચમાર, જોગી, વાણિયા (બેઘર) બ્રાહ્મણ અને મુસ્લિમોના

પણ બે ઘર છે. મિશ્ર કહી શકાય એવા સમાજ બધા પ્રસંગોમાં સાથે રહીને ઉજવણી કરે છે. ગામના વડીલો અને કામકાજ ન હોય ત્યારે યુવાનો ગામના ચોરે બેઠા હોય, ત્યાં ભેગા થાય. મનમાં નિખાલસ એવા ગ્રામવાસીઓ ગામના ચોરે મળે. ગામનો ચોરો એટલે આખા ગામના સમાજનું પ્રતિનિત્વ કરતી એક સંસ્થા, જ્યાં ગામ-પરગામની સાથે દેશ-પરદેશની પણ વાતો થાય. પહેલાં તો ઝાંઝમેર ગરાસિયાનું ગામ ગણાતું હતું, એટલે ચોરે કસુંબા-પાણી પણ થતા હતાં. અહીં સૌ હળે-મળે. નવરાત્રિમાં પરંપરાગત ગરબા લેવાય. ખેલના શો ભજવાય. દુર્ગામાતાની આરતી થાય. અઢારે આલમના લોકો છતાં એકલતાની ભાવના એ આ તીર્થની ખાસ વિશેષતા છે.

લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. વાણિયા સહિત બધી જાતિના લોકો પાસે જમીન છે, તેઓ વાણિયા હોય કે ગમે તે જાતિના પણ ખેતી સાથે તો સંકળાયેલા છે. ગ્રામ્ય સામાજિક પરિવેષ વહેલી સવારનાં વલોણાં અને ઢોરના ભાંભરવાનો અવાજ યાદ આવે સાથે કવિશ્રી મનહર તળપદાની આ પંક્તિઓનું સ્મરણ થાય :

**“વહેલી પરોઢની ગાડીના પાવામાં પડઘાતું જાય મારું ગામ,**
**ડુંગરના ડચકારે ભાંભરતી સીમમાં આખું ઘુમરાય મારું ગામ.”**

નીચેની તસવીર ગ્રામ્યજીવન અને ખેતી-પશુપાલનના વ્યવસાયનું પ્રતિક સમાન છે.



લોકો સ્વાવલંબી છે. કાંતિભાઈ ભટ્ટ સ્મરણો વાગોળતાં લખે છે કે - 'ત્યારે માત્ર એક માણસ સ્વેચ્છાથી અને સ્વમાનથી ભીખ માગતો. પોતે મૌન પાળતો એટલે ભીખ માગે ત્યારે સ્પીડમાં ચપટી વગાડે. એ જ સ્પીડમાં ભીખ ન મળે તો બીજી દુકાને જતા રહે. શેરડીની સીઝનમાં ચિચોડા પિલાય. ગામની દીકરીઓ શેરડી વાઢવા જાય, મજૂરી તરીકે મીઠી શેરડી અને કડાઈમાં ઉકળતા ગોળનું છાલિયું ભરી દે.' ઝાંઝમેર આવું મજાનું ગામ હતું.

ગામમાં પ્રાથમિક શાળા છે. તેમાં આચાર્ય તરીકે કાંતિભાઈ ભટ્ટના પિતા શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ હતા. શિક્ષણ નહિ પણ સાચા અર્થમાં કેળવણીનું ધામ બની ગયેલી આ શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાલમાં ઊંચી - સારી પોસ્ટ ઉપર છે. વતનને યાદ પણ કરે છે. શાળામાં ખાસ પર્વોની ઉજવણી થાય છે. પહેલા ઈનામ સમારંભો વખતે ભાવનગરના રાજવી નેક નામદાર શ્રી કૃષ્ણકુમારસિંહજી પોતે આવતા અને તેમના હાથે વિદ્યાર્થીઓને ઈનામ અપાતાં.

ઝાંઝમેરમાં આજે પ્રાથમિક શાળા, પોસ્ટ ઑફિસ, ગ્રામ પંચાયત વગેરે બધી સગવડતાઓ છે. ડૉ. જનકભાઈ ભટ્ટની સેવાની નોંધ લેવી પડે એ રીતે કામ કરે છે. દરદી માટે પોતે બધું કરવા તૈયાર છે, તેમને લાગે છે કે હવે દરદીને પોતાનાથી સારું થાય એમ નથી, ત્યારે એ પોતે પોતાની ગાડીમાં ઝાંઝમેરની બહારના શહેરમાં સારવાર માટે લઈ જાય, સારવાર અપાવે.

સમગ્ર રીતે જોતા ઝાંઝમેર તીર્થ સુખ અને શાંતિ સાથે ધબકતું રહ્યું છે.

**ઝાંઝમેર - ધર્મ-સંસ્કારિતા :**

ઝાંઝમેરનું પ્રાકૃતિક વાતાવરણ જ ધર્મ-સંસ્કારિતાની આહલેક જગાવે છે. શિવ મંદિર, રામ મંદિર, હનુમાનજીનું મંદિર, માતાજીના મઢ, જૈન દેરાસર હોય કે મસ્તરામધારાની જગ્યા. પીરની જગ્યા હોય કે નાના-મોટા જે-જે દેવસ્થાનો હાલમાં છે. તે તમામ સ્થળોમાં હંમેશાં કોમી એખલાસ જોવા મળે છે; કારણ કે જે-જે રાજવીઓએ આ ધરતીને પોતાની માનીને સહિષ્ણુતા દાખવી હતી. એ સંસ્કાર હજુ પણ સચવાયા છે.

સૌરાષ્ટ્રના ઘણાં સ્થળે જોવા મળે છે એવી કાયમી વ્યવસ્થારૂપે ચાલતાં અન્નક્ષેત્રો આ ધર્મ-સંસ્કારનું ઉદાહરણ છે. અહીં પણ મસ્તરામબાપુની

જગ્યા છે. જે મસ્તરામધારા તરીકે ઓળખાય છે. કોઈ પણ નાત - જાત - ધર્મના ભેદભાવ વગર આ સ્થળ 'માનવસેવા એ જ પ્રભુસેવા'ના સિદ્ધાંતથી ચાલે છે. નીચેની તસવીર આ ક્ષેત્ર દર્શાવે છે.



ખાસ વિશેષતા એ છે કે આ અન્નક્ષેત્ર દાતાઓથી ચાલે છે. ભોજન માટેનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. વિવિધ ધર્મોત્સવો પણ સામૂહિક રીતે ઉજવાય છે.

**ઝાંઝમેર - શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વ જિનાલય :**

એક વાત તો સુવિદિત છે કે રાજવીઓ એવું ઈચ્છતા હતા કે દરેક ગામમાં અન્ય મંદિરો તો ખરા જ પણ સાથે ક જૈન મંદિર પણ હોવું જોઈએ. આ વાતની સાક્ષીરૂપે ઝાંઝમેરમાં પણ જૈન મંદિર હોવા વિશે કાંતિભાઈ ભટ્ટના આ શબ્દો જોઈએ :

"મારા ઝાંઝમેર ગામમાં દરબારે જૈનોને વસાવ્યા. જૈન વગરનું કોઈ ગામ નહિ. જૈનોને ભવ્ય દેરાસર બનાવવાની ટેવ. મારા ગામમાં ભવ્ય જૈન મંદિર છે. ચોખ્ખો આરસપહાણ વપરાયો છે. હું નાનો હતો ત્યારે જયારે પણ માતા-પિતા કંઈક ક્લેશ કરે ત્યારે બે વર્ષની ઉંમરે હું જૈન મંદિરમાં શાંતિ માટે આવી જતો."

આ ઉદ્‌ગારો દર્શાવે છે કે - 'ઝાંઝમેરનું જિનાલય અન્ય જિનાલયો જેવું જ આત્મશાંતિ માટેનું પરમપાવન આલંબન છે.'

એવું માનવામાં આવે છે કે - 'આ જિનાલયમાં પ્રતિષ્ઠિત થયેલું જિનબિંબ શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું જિનબિંબ કોઈ સ્થળે ખોદકામ કરતાં મળેલું છે. શરૂઆતમાં તો તે અગાસીમાં રાખવામાં આવ્યું હતું, આ પછી ઉપાશ્રયમાં રખાયું હતું; કારણ કે હજુ જિનાલય બંધાયું ન હતું.'

જેમ-જેમ સમય પસાર થતો ગયો એમ જિનાલય વિષયક જ કાંઈ ગતિવિધિઓ હતી, એ અંગે કેટલીક મહત્ત્વની વાત એ હતી કે સમગ્ર ભારતમાંથી પાલીતાણાની પાવનભૂમિની યાત્રા કરવા માટે જ્યારે જમીનમાર્ગ હતો, તે બહુ વિકસિત ન હતો. લોકો બળદ - ઊંટ ગાડાંનો ઉપયોગ વાહનવ્યવહાર માટે કરતા હતા. રસ્તાઓ પણ ધૂળિયા હતા.

આ પરિસ્થિતિમાં વધારે આવનજાવન દરિયાઈમાર્ગે થતી હતી. ભારતના પૂર્વ તરફના પ્રદેશોમાંથી કોઈ પાલીતાણાની યાત્રા દરિયાઈ-માર્ગ પસંદ કરે ત્યારે પશ્ચિમ કિનારાનાં બંદરો તરફથી સૌરાષ્ટ્રના સાગરકાંઠા ઉપરનાં બંદરો તરફથી પાલીતાણા જવાય. આ માર્ગે કોઈ વિરામસ્થાનો હોય અથવા તો ધર્મશાળા હોય તો લાંબી મુસાફરીમાં રાહત થાય.

આવી શક્યતાઓ વિચારતા એવું લાગે છે કે તળાજામાં આવેલી બાબુની ધર્મશાળા, પાલીતાણામાં આવેલું બાબુનું દેરાસર અને ઝાંઝમેર જિનાલયના શિલાલેખમાં દર્શાવેલી માહિતીમાં કંઈક સામ્યતા છે. આ લેખના શબ્દો નીચે પ્રમાણે છે :

"।। ऐ ।। સ્વસ્તિ શ્રી મન્મૃપવિક્રમાકર્ક સમયાનીત સંવત ૧૯૨૭ના વર્ષે શાલિવાહન ભૂપાલ."

કૃત શાકે ૧૭૯૨ના પ્રા. શુભકારી વૈશાખમાસે શુક્લપક્ષે તિથૌ ૭ ગુરુ વા શ્રી બંગદેશે મુક્ષુદાવાદ પુર વાસ્તવ્ય શ્રી ઓસવંશે બૃહત્શાખાયાં દુગડ ગોત્રે લુકાગચ્છે બાબુજી બુદ્ધસિંઘજી તત્સુત બા. પ્રતાપસિંઘજી તત્‌ભાયા પરમપુણ્યવતી મહેતાબકુંવર બાઈ તત્કુક્ષિરત્ન રાવબહાદુર બા. લક્ષ્મીપત સિંઘજી ધનપતસિંઘજી તેન શ્રી પાર્શ્વજિનબિંબં સ્થાપિત શ્રી ઝાંઝમેરનગરે ધરણેન્દ્રસૂરિશ્વરજી.

ઉપરોક્ત લેખનું સારરૂપ અર્થઘટન નીચે પ્રમાણે કરી શકાય.

"વિક્રમ સંવત ૧૯૨૭, શક સં. ૧૭૯૨, વૈશાખ સુદ-૭ને ગુરુવારે બંગાળના મક્ષુદાવાદ નગરમાં, ઓસવાલ વંશ, દુગડ ગોત્ર લોકાગચ્છના બાબુ બુદ્ધસિંહજી, તેના પુત્ર બા. પ્રતાપસિંઘજી, તેમના પત્ની પરમ પુણ્યવતી મેહેતાબ કુંવરબાઈના રત્નકુક્ષીરત્ન રાવબહાદુર બા. લક્ષ્મીપત-સિંઘજી ધનપતસિંઘજી એ ઝાંઝમેર નગરમાં શ્રી પાર્શ્વનાથબિંબની સ્થાપના કરવામાં આવી."

આ પરથી એવું કહી શકાય કે બંગાળમાંથી પાણીતાણા યાત્રા કરવા આવનાર બાબુએ ત્યાં બાબુનું દેરાસર બનાવ્યું. શક્ય છે કે આ સંદર્ભે તળાજામાં રોકાવાનું થયું હોય એ હેતુથી અને યાત્રિકો પંચતીર્થી કરે એ માટેની સગવડ સચવાય એ હેતુથી તળાજામાં બાબુની ધર્મશાળા બની હોય. દરિયાઈ માર્ગે તળાજા કે આજુબાજુ (પાલીતાણાની) સલામતી અને દર્શન - પૂજા માટે ઝાંઝમેરમાં જિનાલય પણ આ બાબુ પરિવાર દ્વારા જ નિર્માણ પામ્યું હોય. એમાં પ્રગટ પ્રભાવી શ્રી પાર્શ્વનાથ (મૂળનાયક તરીકે) ભગવાનની પ્રતિષ્ઠા થઈ.

આમ તો ૧૪૦ વર્ષ પહેલાં આ જિનાલયનું નિર્માણ થયું. ખોદકામ કરતા શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના પ્રતિમાજી મળ્યાં હતાં તે શ્રી પાર્શ્વનાથ પ્રભુના ખોળામાં સ્થાપિત કર્યા છે. હંમેશાં અખંડ ધૂપ-દીપ થાય છે.

એક વાત તો સ્પષ્ટ થાય છે કે શુભ ભાવનાથી જે કાર્યનાં મંડાણ થયાં હોય, કોઈ શુભ સમયે એ બીજ રોપાયાં હોય એ કાર્ય જરૂર સફળ થાય છે. અહીં પણ આવું જ બન્યું. ઝાંઝમેરની આ જગ્યાનો પણ પ્રભાવ સાથે સન ૧૯૭૪માં પધારેલા ગુરુ ભગવંતોનાં મનમાં વસી ગયેલું આ સ્થાન અને શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના સ્વયંભુ પ્રગટ થયા તેના ભાવિ સંકેતોએ ઝાંઝમેરના શ્રી સંઘને એવું બળ પૂરું પાડ્યું છે કે બધા એક જ અવાજે કહે છે :

**"અમારી હંમેશાં ચડતી થઈ રહી છે."**

વિશેષ નોંધપાત્ર વાત એ છે કે ઝાંઝમેરનું આ જિનાલય માત્ર ઝાંઝમેર પૂરતું જ નથી. પાંચ ગામ વચ્ચેનું માત્ર આ એક જ જિનાલય છે, તેમાં ઝાંઝમેર સાથે બીજા ચાર ગામ - ઉચડી, મેથળા, પ્રતાપરા અને પિથલપુરનો સમાવેશ થાય છે. દરેક પ્રસંગે આ પાંચેય ગામના પરિવારો સાથે રહીને ઉત્સવ ઉજવે છે. હાલમાં જે લોકો બહાર વસે છે. તેઓનું

પણ ઘણું યોગદાન છે. પાંચેય ગામના લોકો એવું માને છે : **"આ જિનાલય અમારું છે."**

સામાન્ય રીતે હાલમાં એવું બને છે કે મોટા શહેરોમાં અથવા જે ગામમાં એક કરતાં વધારે દેરાસરો હોય ત્યાં જે તે વિસ્તાર પૂરતી ઉજવણી લગભગ સીમિત થતી હોય, સામૂહિક ઉજવણી પ્રસંગે પણ પોતાપણાના ભાવનું વિભાજન થઈ શકે, જ્યારે ઝાંઝમેરનું જિનાલય સૌને સાથે રાખે છે. વિભાજિત લોકોની પ્રભુભક્તિ એક જ પ્રવાહમાં ભળી જાય છે, ત્યાં પણ કઈ વ્યક્તિ ઝાંઝમેરની કે કઈ વ્યક્તિ બીજા ચાર ગામની છે એ જોવાનું હોતું નથી.

ગત વૈશાખ મહિનામાં એટલે કે એપ્રિલ-૨૦૧૫માં આ જિનાલયનો શતાબ્દી મહોત્સવ ઉજવાયો ત્યારે જોવા મળેલી એકતા આ વાતની સાક્ષી પૂરે છે

હાલમાં ઉપાશ્રય પણ છે, હજુ ભોજનશાળા બની નથી. છતાં પણ એક વાત નોંધવી પડે કે અહીં 'જૈનોની વાડી' બની છે. આ વાડીમાં જમણવાર સહિત અન્ય કાર્યક્રમો યોજાય છે, તેથી સામૂહિક ઉજવણીના પ્રસંગોમાં બહુ મુશ્કેલી પડતી નથી. છતાં હવે સાગરકાંઠાની રમણીયતાના કારણે ઝાંઝમેર તીર્થ યાત્રાળુઓનું આકર્ષણ બનતું રહ્યું છે, ત્યારે વિશેષ સગવડો, ભોજનશાળા વગેરેની વ્યવસ્થા જરૂરી લાગે છે.

ઝાંઝમેરમાં પહેલા લગભગ ૨૫૦ જેટલી વસતી જૈનોની હતી. હાલમાં તો ત્યાં એક પરિવારના બે ભાઈઓના પરિવારના સભ્યો રહે છે. હઠીચંદ પ્રભુદાસ શાહ અને ભીખાલાલ પ્રભુદાસ શાહ, જેમાં હઠીચંદભાઈ અત્યારે હયાત નથી. ભીખાભાઈ ત્યાંના ટ્રસ્ટી છે, ભાવનગરમાં રહે છે. તેમનો પરિવાર ભક્તિભાવથી જિનાલયની જવાબદારી સંભાળે છે.

## ઝાંઝમેર - જિનાલય શતાબ્દી મહોત્સવ - તીર્થ સ્થાપના

**(તા. ૨૨-૪-૨૦૧૫ થી તા. ૨૪-૪-૨૦૧૫)**

વિ.સં. ૨૦ના વૈશાખ સુદ-૬, તા. ૨૪-૪-૨૦૧૫ ને શુક્રવારનો સૂર્ય કોઈ પણ આભા સાથે પૂર્વાકાશે પ્રગટ થયો હતો. વહેલી સવારની લાલિમા સાગરજળમાં પથરાઈ ત્યારે એ જળબિંદુઓ પણ એ દિવસના ઓવારણાં લેવા ઉત્સુક બન્યાં હોય એમ જળસપાટીથી ઉપર ઊઠતાં હતાં. ચારેય

દિશાઓમાં સુમધુર સુરાવલિઓ પથરાઈ રહી હતી. જયનાદ સાથે શ્રી ઝાંઝમેરા પાર્શ્વ જિનાલયે ૧૪૦ વર્ષ પૂર્વે આકારિત થયેલા જિનાલયની સાલગીરીની ઉજવણીનો પ્રારંભ થયો ત્યારે આ દિવસને સુવર્ણઅક્ષરે અંકિત કરવા માટે આ પાંચેય ગામના જૈન-જૈનતરોમાં અભૂતપૂર્વ ઉત્સાહના દર્શન થતા હતા.

શાસન સમ્રાટ શ્રીમદ્ વિજય નેમિસૂરિશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના પૂ. આ. શ્રી વિજય રાજહંસસૂરિશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં, શ્રમણીવૃંદ સાથે - ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં આ શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ હતી. જ્યારે કોઈ સ્થળ એક તીર્થના દરજ્જાથી અલંકૃત થાય, ત્યારે એ સ્થળની મહત્તા વિશેષરૂપે અંકિત થાય છે.

ચતુર્વિધ શ્રી સંઘના જયનાદ અને પ. પૂ. આ. ભગવંતના મંત્રોચ્ચાર સાથે જ્યારે વાતાવરણ આહ્‌લાદક બની ગયું અને શિખર પરની ધજા એ સમયે સામાન્ય નહિ પણ તીર્થધજા બનીને લહેરાવા લાગી, ત્યારે કોઈ અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. આ શુભ-મંગલમય પ્રસંગે મહેમાનોને આવકારતા સૌ કહી રહ્યા હતા :

**"પધારો અમ આંગણિયે મોંઘેરા મહેમાન,**
**પ્રેમપુષ્પોથી કરીએ ભાવભર્યું સન્માન."**

કારણ કે આ મહોત્સવના નિમંત્રક **શ્રી ઝાંઝમેર વિશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આ ઉદ્‌ગારો** આજે પણ સૌને યાદ કરી ગયા છે :

"આંખોમાં આતુરતા છે... હૈયામાં આનંદનો સાગર હિલોળા લઈ રહ્યો છે... અંતરાત્મામાં બત્રીસ કોઠે દીવા પ્રગટ્યા છે...

રોમે રોમની રોમાંચિતતા સાથે... હર્ષામૃતની વર્ષા વરસી રહી છે,

કારણ... આપણા ઝાંઝમેર મધ્યે શતવર્ષ પૂર્વે આકાર પામેલ જિનાલયનો આજે તીર્થ સ્વરૂપ બનવાનો રૂડો પ્રસંગ આવી ગયો છે."

આ પ્રસંગે બહાર પડેલી પત્રિકાના આ શબ્દો જ આપણા મન-હૃદયને ભીંજવી દે છે.

ઝાંઝમેર, ઉચડી, મેથળા, પ્રતાપરા અને પિથલપુરના સામૂહિક ઉપક્રમે ઉજવાયેલા આ મહોત્સવના સંભારણાને અંકિત કરતી શિખરની ધજાને લહેરાતી જોવાનો પણ એ લહાવો છે. જુઓ



આ પ્રસંગની ખાસ વિશેષતા એ હતી કે પાંચેય ગામનો જૈન સમાજ તો આ ઉજવણીમાં સામેલ હતો જ પણ ઝાંઝમેર ગામની દરેક વ્યક્તિ એટલે કે સમગ્ર ગામ - જૈનેત્તરોએ આ ઉત્સવમાં સહભાગી થવાની તૈયારી રાખી જ હતી. સૌ સાથે મળીને પ્રભુની ભક્તિમાં જોડાયા હતા.

આ સમયે બહારથી આવેલા મહેમાનો માટે તો સરસ વ્યવસ્થા હતી. ખાસ તો ગામમાં જેના ઘર ખાલી હતાં, તેઓએ મહેમાનો માટે જાતિના ભેદભાવ વગર જ વ્યવસ્થા સાચવી હતી. સાધ્વીજી મ.સા.ની સ્થિરતા માટે ખરક જાતિના ખાલી ઘરમાં વ્યવસ્થા રાખી હતી. પાંચેય ગામમાંથી ઘણા પરિવારો હાલમાં મુંબઈમાં પણ છે. એ બધાનો સમાવેશ આ રીતે અલગ-અલગ છતાં સહુ સાથે બે રીતે કરવામાં આ તીર્થના શ્રી સંઘના કાર્યકરોની શ્રદ્ધા અને કુનેહનાં દર્શન થાય છે.

આ મહોત્સવ સમયે શ્રી ગુરુ ગૌતમ સ્વામી, શ્રી માણિભદ્રવીર અને શ્રી પદ્માવતી માતાની પ્રતિમા ભરાવવા અને પ્રતિષ્ઠા સહિત, અઢાર અભિષેક, ભક્તામર, રાત્રિ ભાવના, પાંચેય ગામધૂમાડો બંધ, બૃહદ્ શાંતિસ્નાત્ર અને શ્રી કુમારપાળ મહારાજની આરતી, નૂતન ધજાદંડના વિધવિધાનો વગેરે તમામ કાર્યક્રમો સારી રીતે ઉજવાયા અને શ્રી સંઘ સ્વામિવાત્સલ્યના લાભાર્થીઓએ આ મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધા.

આ સમયે એક વાત કહેવાની જરૂર છે કે ઝાંઝમેર, મેથળી, પ્રતાપરા ગામમાંથી સંયમપંથે વિચરનારા આત્માઓ પણ ધરતીના પુણ્યનો પ્રભાવ છે. આવી રસપ્રદ અને ગૌરવપ્રદ સંહિતા ધરાવતું ઝાંઝમેર તીર્થ સૌરાષ્ટ્રના સાગરકાંઠાને પણ રળિયામણો બનાવે છે.

**ઝાંઝમેર - વર્તમાન અને ભાવિ તીર્થ તરીકે :**

આજે જૈન સ્થાવર તીર્થોની મહત્તા વધતી રહી છે. ધર્માકાશમાં આ તીર્થોની ધજાઓ શાસનની ગૌરવગાથા બનીને ફરકી રહી છે. આ સાથે ઝાંઝમેર તીર્થની ધજા પણ શાસનની શાન બનીને ધર્માકાશમાં ફરકતી થઈ છે. અનંત ઉપકારી દેવાધિદેવની પરમતારકતા અનાદિકાળથી ચાલતાં સાંસારિક પરિભ્રમણથી છૂટકારો અપાવનારી છે. ત્યારે સ્થાવર તીર્થોનું રક્ષણ કરવાની બહુ મોટી જવાબદારી આપણા શિર પર છે.

ઘણી વખત તીર્થસ્થાનો વિશેષ કરીને પ્રવાસનસ્થાનો બની જાય છે. ત્યારે કેટલીક વખત આશાતનાનો ભય પણ રહે છે. ગંદકી, કચરો અને દૂષિત વ્યવહારો પણ જોખમી સાબિત થાય છે. આ પ્રશ્નો ઘણાં સ્થાનોમાં જોવા મળે છે, ત્યારે શ્રી ઝાંઝમેર તીર્થ પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે તીર્થસૌંદર્યનું ગૌરવવંતુ નામ બને એ માટે અને ઝાંઝમેરના શ્રી સંઘે અને સાધુ-સાધ્વીજી ભગવંતોએ આ તીર્થભૂમિને શાસનના ચરણે ધરી છે, ત્યારે સૌ કોઈની એ ફરજ બની રહેશે કે ભવિષ્યમાં શ્રી ઝાંઝમેર તીર્થનો વિકાસ ખૂબ જ સુંદર રીતે થાય, એમાં કાંઈક યોગદાન આપણું પણ હોય. તીર્થની સ્થાપના સાથે તેના રક્ષણ અને જતનની જવાબદારી નિભાવવી એ પણ શાસનસેવા છે.

**ઉપસંહાર :**

સમગ્ર લેખના સંદર્ભે જાણી શકાય છે કે અન્ય તીર્થસ્થાનો જે રીતે સુપરિચિત છે, એવું ઝાંઝમેર માટે નથી. હજુ બહુ પ્રકાશમાં પણ આવ્યું નથી, ત્યારે જે કોઈ સ્રોતો પ્રાપ્ત થયાં એનાં આધારે એક ઝલક જ માત્ર

કહી શકાય, એ રીતે યથાશક્તિ પ્રયાસ કર્યો છે. પણ એટલું તો કહેવું ગમશે કે ઝાંઝમેરની પરમપાવન ભૂમિ, એ ભૂમિ અને સાગરતટ, એ પરિવેષ અને અધ્યાયત્મપ્રેરક પરમાણુઓ આક્રમક બની સૌનો આહ્‌વાન આપીને કહી રહ્યાં છે -

"श्री तीर्थपांथ रजसा विरजी भवन्ति
तीर्थेषु वंभ्रणतो न भवेष्वदंति ।"

એટલે કે શ્રી તીર્થયાત્રાએ જતા સંઘની પગની રજ લાગવાથી સૌ કર્મરૂપી રજથી મુક્ત થાય છે, તીર્થમાં પરિભ્રમણ કરવાથી (પ્રાણીને) સંસારમાં ભવભ્રમણ કરવું પડતું નથી.

**સંદર્ભ સ્ત્રોતો :**


(૧) **અભિનવ ઉપદેશ પ્રસાદ** : મુનિ દીપરત્ન સાગર, અભિનવ શ્રુત પ્રકાશન, જામનગર (૧૯૯૦).

(૨) **ગ્રંથ** : કાન્ત શતાબ્દી વિશેષાંક, વર્ષ-૪, અંક-૧૦, ઑક્ટોબર-૧૯૬૭.

(૩) **ભાવનગર રાજ્યની ગૌરવગાથા** : હરદેવસિંહજી મહોબતસિંહજી ગોહિલ, પ્રસાર, સં. ૨૦૫૦.

(૪) **તીર્થ** : સ્થાવર અને જંગમ, પ. ચંદ્રગુપ્તવિજયજી, પ્રકાશન - સુરત.

(૫) **કાંતિ ભટ્ટ - સૌરાષ્ટ્ર સમાચાર** : ભાવનગર-અભવ્યક્તિ પૂર્તિ, ૩૦ - સપ્ટેમ્બર, ૨૦૧૫, બુધવાર 'આસપાસ' કૉલમ.

(૬) ઝાંઝમેર જિનાલય શતાબ્દી મહોત્સવ પત્રિકા, શ્રી ઝાંઝમેર વિશા શ્રીમાળી સંઘ, (ત્રિદિવસીય મહોત્સવ) તા. ૨૨-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫.

(૭) **મુલાકાત - ટેલિફોનિક આધાર :**

(૧) શ્રી કાંતિ ભટ્ટ, મુંબઈ

(૨) શ્રી ભીખાભાઈ શાહ, વિજયરાજનગર, ભાવનગર

(૩) શ્રી ઉમાકાંત રાજ્યગુરુ, નિવૃત્ત શિક્ષક, તળાજા

(૪) ફોટોગ્રાફ્સ : જિજ્ઞેશ ઠાકર અને અન્ય.

# વિવિધ તીર્થકલ્પમાં વ્યક્ત થયેલ ઇતિહાસ 'કિંચિત દૃષ્ટવં કિંચિત શ્રુત્વં'

વિવિધ તીર્થોની સ્પર્શના સમયે ઉત્સાહ અને ભાવની સાથે જ્યારે ત્યાંની ઐતિહાસિક માહિતી અને પ્રાચીનતાની વિગત ભળે છે ત્યારે અવિરત આનંદ અનુભવાય છે. ખરતરગચ્છિય જિનપ્રભસૂરિએ શિષ્ય સમુદાય સાથે ૧૩મી સદીમાં અલગ-અલગ તીર્થોની યાત્રા કરી. એ યાત્રા પ્રવાસનું વર્ણન કરતો ગ્રંથ 'વિવિધ તીર્થકલ્પ'માં તેમણે વર્તમાન માહિતી, કથાઓ, લોકવાયકાઓ, ચમત્કારો, શાસ્ત્રોની વિગત, ત્યાં પધારેલા ગુરુજનો, જીર્ણોદ્ધાર, સાધનાઓ વગેરે સર્વ વિગતો રસદાયક શૈલીમાં પ્રાકૃત ભાષામાં આપી છે.

ઉપરોક્ત શોધનિબંધના અનુસંધાનમાં મેં નીચે મુજબનું વર્ગીકરણ કર્યું છે.

**૧.૦ ગ્રંથકાર આચાર્ય જિનપ્રભસૂરિનું જીવન અને કવન :**

૧.૧ આ. જિનપ્રભસૂરિજીનું જીવનવૃત્તાંત.

૧.૨ આચાર્યશ્રીના જીવનમાં સર્જાયેલ ચમત્કારિક ઘટનાઓ.

૧.૩ તેમની અધ્યયન, અધ્યાપન અને સર્જન ક્ષમતા.

**૨.૦ વિવિધ તીર્થકલ્પની વિષય વસ્તુ :**

૨.૧ કલ્પમાં વર્ણિત લઘુ, બૃહત્ત અને ચરિત્રોની છણાવટ.

૨.૨ આ ગ્રંથ દ્વારા થયેલ શાસન પ્રભાવનાના કાર્યો.

૨.૩ આ ગ્રંથમાં વ્યક્ત થતો ચતુર્વિધ સંઘનો ઈતિહાસ.

૨.૪ આ ગ્રંથ અને ગ્રંથકાર વિશે વિદ્વાનોના અભિપ્રાય.

**3.0 આ જિનપ્રભસૂરિ અને સુલતાન મહમદ :**

૩.૧ આચાર્યશ્રીએ વિજયયંત્ર દ્વારા દર્શાવેલ સુરક્ષા કવચ.

૩.૨ આચાર્યશ્રી દ્વારા થયેલ જીર્ણોદ્ધારના કાર્યો.

૩.૩ વિ.તી.ક.ની હસ્તપ્રતને ઉકેલનાર ભગવાનલાલ ઈન્દ્રજી ભટ્ટ.

૩.૪ વિ.તી.ક.ના આધારે આજે લુપ્ત થયેલા તીર્થો.

૩.૫ વિ.તી.ક. પ્રમાણેનાં પ્રાચીન તીર્થો, જ્યાં આજે અન્ય લોકોની માલિકી છે.

### ૧.૧ આચાર્ય જિનપ્રભસૂરિજીનું જીવન વૃત્તાંત :

જૈન પરંપરામાં જિનપ્રભસૂરિ નામના બે આચાર્યો વિક્રમ સંવત ૧૩મી અને ૧૪મીના મધ્યમાં થઈ ગયા. પ્રથમ જિનપ્રભસૂરિ આગમિક ગચ્છના વિ.સં. ૧૩મીની ઉત્તરાર્ધથી લઈ ૧૪મી સદીના પૂર્વાધ સુધી વિદ્યમાન હતા. તેમણે અપભ્રંશ ભાષામાં અનેક ગ્રંથોની રચના કરી જેની હસ્તપ્રતો પાટણ વગેરે સ્થળોએ ગ્રંથભંડારમાં સુરક્ષિત રીતે સચવાયેલ છે. બીજા જિનપ્રભસૂરિજી, વિવિધ તીર્થકલ્પ(વિ.તી.કલ્પ)ના રચનાકર, ખરતરગચ્છના જિનસિંહસૂરિના મુખ્ય શિષ્ય હતા. તેઓ વિ.સં.ના બીજા ચરણથી લઈ ચોથા ચરણ સુધી વિદ્યમાન હતા. તેમની રચનાઓમાં સૌથી જૂની વિ.સં. ૧૩૫૨માં રચાયેલ 'કાતંત્ર વિભ્રમ (વ્યાકરણ)' છે. એ સમયે જો તેમની વય આશરે ૨૫ વર્ષની હોય તો એમનો જન્મ વિ.સં. ૧૩૨૫ની આસપાસ થયો હોય એમ કહી શકાય.

વિ.તી. કલ્પના રચનાકાર આ. જિનપ્રભસૂરિ, સોહિલવાડીનગરના શ્રીમાલજ્ઞાતીય શ્રાવક રત્નપાલક(ગોત્ર તાંબી)ના પાંચ પુત્રોમાંના વચલા પુત્ર નામે સુભટપાલ હતા. ખરતરગચ્છીય પરંપરાના ગુરુ આચાર્ય જિનસિંહ-સૂરિને પદ્માવતીમાતા પ્રત્યક્ષ હતા. તેઓ દેવીના આમ્નાય કોઈ યોગ્ય વ્યક્તિને આપવા માંગતા હતા. તેમને શુભટપાલમાં જિનશાસનની પ્રભાવના કરનાર મહાન વ્યક્તિના દર્શન થયા. શુભ મુહૂર્તે તેમને માતા-પિતાની સંમતિથી દીક્ષા આપી શુભતિલક મુનિ બનાવ્યા. ગુરુ જિનસિંહ-સૂરિએ તેમને વિધિ-વિધાન પૂર્વક પદ્માવતીદેવીના 'આમ્નાય' મંત્ર આપી આચાર્ય પદવી બાદ જિનપ્રભસૂરિ ઘોષિત કર્યા.

શ્રી જિનવિજયજીએ ૧૭ - જુલાઈ, ૧૯૩૩ના રોજ એક પ્રવચનમાં જણાવ્યું હતું કે - 'આચાર્યશ્રી (જિનપ્રભસૂરિ) પોતાના જમાનાના બહુશ્રુત વિદ્વાન અને પ્રભાવશાળી પુરુષ હતા. ભારતની સંસ્કૃતિના મહાન સંકટકાળ વખતે તેઓ વિદ્યમાન હતા. તેમના જ સમયમાં ભારતવર્ષના હિંદુ રાજ્યોનું સામૂહિક પતન થયું અને ઈસ્લામી સત્તાનું સ્થાયી શાસન જામ્યું.' આવી નોંધ મુનિરત્નત્રય વિજયજીએ વિ.તી.કલ્પના અનુવાદ પ્રસંગે વિ.સં. ૨૦૫૬માં કરી છે.

મુનિશ્રી પુણ્યવિજયજીએ પણ આચાર્ય જિનપ્રભસૂરિના વિવિધ ભાષામાં વિવિધ છંદોમાં ચિત્રવિચિત્ર સ્તુતિ અને સ્તોત્ર તથા સાહિત્યમાં આપેલ યોગદાનની ખૂબ ચર્ચા તેમના એક લેખમાં કરેલી છે.

જિનપ્રભસૂરિ દ્વારા રચાયેલ ગ્રંથ 'સર્વસિદ્ધાંતસ્તવ' પર વિવરણ રચનાર આદિગુપ્ત અવચૂરિમાં જણાવ્યું છે કે - 'તેઓ પ્રતિદિન નવીન સ્તવ નિર્માણ કર્યા પછી નિર્દોષ આહાર ગ્રહણ કરવો.' એવા અભિગ્રહવાળા હતા. ઉપરાંત તેમને પદ્માવતી દેવી પ્રત્યક્ષ થયા હતા. તે દેવીના વચનથી તપાગચ્છને અભ્યુદયવાળો જાણી, પૂજ્ય શ્રી સોમતિલકસૂરિને તેમના શિષ્યો વગેરેને ભણવા માટે નવા-નવા પ્રકારના સુંદર સાતસો (૭૦૦) સ્તવન-સ્તોત્રો ભેટ કર્યા હતા.

પં. સોમધર્મગણી રચિત 'ઉપદેશ સપ્તતિ'માં પણ ઉપરોક્ત ઉલ્લેખ જોવા મળે છે.

મુનિ રત્નત્રયવિજયજી જણાવે છે કે - 'આ આચાર્ય ખરતરગચ્છના હોવા છતાં તપાગચ્છ સંપ્રદાય પર એમને વિશેષ લાગણી હતી. મુનિ રત્નત્રયવિજયજી આ ગ્રંથના અનુવાદમાં ગ્રંથ લેખક વિશે વધુ જણાવતાં લખે છે કે - 'તેઓ મુસ્લિમ બાદશાહના દરબારમાં સન્માન પામનાર અને એના દ્વારા શાસન પ્રભાવનાના કાર્યો કરનારા સર્વ પ્રથમ જૈનાચાર્ય હોવાનું માન ધરાવે છે.'

આ જિનપ્રભસૂરિએ પ્રસ્તુત ગ્રંથ વિ.સં. ૧૩૮૫માં શત્રુંજય તીર્થના કલ્પથી પ્રારંભ કર્યો. એમણે વૈભારગિરિની યાત્રાનો સંવત ૧૩૬૪ આપ્યો છે. તથા ગ્રંથ સમાપ્તિની અંતિમ તારીખ સંવત ૧૩૮૯ ભાદ્રપદ વદ દશમીની આપી છે. આ ગ્રંથની પૂર્ણાહૂતિ દિલ્હીમાં કરી. આ પ્રમાણે ગ્રંથ રચનામાં ત્રણ વર્ષ લાગ્યા અને એમાં પ્રથમ કરેલ વૈભારગિરિની યાત્રાનો કલ્પ ઉમેરી દીધો.

### ૧.૨ આચાર્યશ્રીના જીવનમાં સર્જાયેલ ચમત્કારિક ઘટનાઓ :

જૈન સાધુઓ મોટે ભાગે પોતાની લબ્ધિ અને દૈવીકૃપા થકી ચમત્કારો કરતા નથી, પરંતુ ઘણી વાર જૈન શાસનને ઝળહળતું રાખવા માટે પોતાની લબ્ધિના બળે પોતાની અસાધારણ ક્રિયાઓ દ્વારા અન્યજનોને આશ્ચર્ય પમાડે છે. આચાર્ય જિનપ્રભસૂરિના જીવન સાથે આવી ઘણી ઘટનાઓ જોડાયેલી છે. આવા ચમત્કારોના એક-બે પ્રસંગો અહીં વર્ણવ્યા છે.

એક પ્રસંગ ઘટાટોપ વડના વૃક્ષને સૂરિજીએ તેમની સાથે ચલાવ્યો. એક વાર સુલતાન અને મહારાજ સાહેબ ગુજરાત તરફ જઈ રહ્યા હતા. તેઓ એક સુંદર મજાના વટવૃક્ષ નીચે ઊભા હતા. સુલતાનને એ વડ ખૂબ

જ ગમ્યો. આચાર્યશ્રીએ તેમને વિનયસહ જણાવ્યું કે - 'તેઓ જો ઇચ્છે એ વડનું વૃક્ષ તેમની સાથે ચાલી શકે.' સૂરિજીના પ્રભાવથી વડલો તેમની સાથે સેવકની જેમ ચાલ્યો. લોકો આ પ્રસંગના સાક્ષી બન્યા. થોડે દૂર આગળ વધ્યા બાદ સૂરિજીની આજ્ઞાથી રાજાને નમન કરી વડલો સ્વસ્થાને ગયો.

બીજો પ્રસંગ પાટણની પાસે આવેલા જંઘરાવલ નામના નગરમાં બનેલો છે. અહીં આચાર્યશ્રી, સોમપ્રભસૂરિને મળવા ઉપાશ્રય(શાળા)માં ગયા. ત્યાં ગુરુજીને અન્ય એક સાધુએ જણાવ્યું કે - 'ત્યાં ઉંદરો આવીને તેમના વસ્ત્રાદિકને કરડી નાંખે છે.' આચાર્યશ્રીએ આ સાંભળીને પોતાની આકર્ષણ વિદ્યાના બળે સર્વ ઉંદરોને બોલાવ્યા. એમાં તેમણે જે ઉંદરે આ કાર્ય કર્યું હતું તેને એમ નહિ કરવાનું સૂચવ્યું. અને ત્યાર બાદ એ સર્વ પોતપોતાને સ્થાને ગયા.

એક વાર સુલતાન સૂરિજીના ઉપદેશથી સૈન્ય સહિત શત્રુંજયના દર્શને ગયા. ત્યાં સંઘપતિની જેમ જૈન શાસનના અનેકવિધ કાર્યો કરનારા રાજા ઉપર રાયણના ઝાડમાંથી દૂધ વરસાવ્યું.

આવા અનેક કૌતુકો દ્વારા રાજા પ્રસન્ન થતાં જૈન શાસનની રક્ષા તથા અન્ય કેટલાયે કાર્યો રાજા દ્વારા થયાના ઘણા દૃષ્ટાંતો છે.

### ૧.૩ આચાર્ય જિનપ્રભસૂરિજીની અધ્યયન, અધ્યાપન ને સર્જન ક્ષમતા :

આચાર્યશ્રીની અધ્યયનની ક્ષમતા તેમના દરરોજના એક નવું સ્તવન કે સ્તોત્રના નિર્માણ પછી જ ગોચરી ગ્રહણ કરવાના નિર્ણયથી જાણવા મળે છે. તેમણે શાસ્ત્રોનું અધ્યયન 'સ્યાદ્વાદમંજરી'ના રચનાકાર આ મલ્લિષેણસૂરિ પાસે કર્યું. અલ્પ અવધિમાં જ્ઞાન ઉપાર્જન કરી અન્ય શિષ્યોને શીખવવાનું શરૂ કર્યું. અનેક ગચ્છોના સાધુઓને અધ્યાપન કરાવ્યું. જેમાં હર્ષપુરગચ્છીય આ. રાજશેખરસૂરિ, રૂદ્રપલ્લીયગચ્છના આ. સંઘતિલકસૂરિ વગેરે મુખ્ય છે. આચાર્ય રાજશેખરસૂરિએ જ્યારે શ્રીધરની ન્યાયકંદલી ઉપર સંક્ષિપ્ત ટીકા રચિ ત્યારે એમાં પ્રસ્તાવનામાં તેમણે એ કૃતિનો અભ્યાસ શ્રી જિનપ્રભસૂરિ પાસે કર્યો હતો. એમ જણાવેલ છે. એમણે રચેલ અનેક સ્તોત્રો, ટીકાઓ, મંત્રો, કલ્પો વગેરેની યાદી ઘણી વિશાળ છે. એમાં મુખ્યત્વે સર્વસિદ્ધાંતસ્તવ, શ્રેણિક ચરિત્ર (દ્વયાશ્રય કાવ્ય) વિ.સં. ૧૩૫૬, વિધિપ્રથા (સમાચારી) સં. ૧૩૬૩, સૂરિમંત્રામ્નાય,

સાધુ પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિ વિ.સં. ૧૩૮૦ વગેરે મુખ્ય છે. આ સિવાય તેમનો તીર્થકલ્પ, ભૂગોળ અને ઈતિહાસ બંને દૃષ્ટિએ મહત્ત્વનો છે. એમાં કયા રાજાએ ક્યારે ગુજરાત પર આક્રમણ કર્યું તે મહત્ત્વની બાબત આમાં સ્પષ્ટ છે. આ ગ્રંથને એક વિશ્વસનીય ગ્રંથ માનવામાં આવે છે.

## ૨.૦ વિવિધ તીર્થકલ્પની વિષયવસ્તુ :

આચાર્ય જિનપ્રભે વિ.તી. કલ્પની રચનામાં તીર્થોની પૌરાણિક, ભૌગોલિક અને વર્તમાન (તે સમયની) પરિસ્થિતિનો ચિતાર આપ્યો છે. અહીં કલ્પ અર્થાત્ વર્ણન. તેમણે તીર્થોના વર્ણનની સાથે તીર્થો સાથે સંલગ્ન મહાપુરુષો, દેવ-દેવીઓ, ભક્તો, (જેમાં વાઘી જેવા તીર્યંચ પણ સમાવિષ્ટ છે) તીર્થોની સ્તુતિઓ-સ્તોત્રો, ૮૪ તીર્થોના નામ ઉપરાંત દરેક તીર્થંકરોના પ્રથમ ક્રમથી તેમના તીર્થોની યાદી આપી છે. કયા તીર્થો પર ક્યારે આક્રમણ થયું એની તવારીખ આપી છે. તીર્થોની ગુરુ ભગવંત દ્વારા થયેલ ક્ષેત્રસ્પર્શના પણ તેમણે આપી છે. તીર્થકલ્પમાં ભૂતકાળમાં કેટલા મંદિરો હતા, આજે કેટલા છે, એ સર્વ વિગતો શાસ્ત્રધાર સાથે જણાવી છે.

આચાર્યશ્રીએ દરેક તીર્થકલ્પનો પ્રારંભ ત્યાંના મૂળનાયકને જુહારીને સંબંધિત કલ્પની રચના કરી છે. નવમુ મથુરાપુરી કલ્પના પ્રારંભમાં તેમણે બે મૂળનાયકો સાતમા સુપાર્શ્વનાથ અને ત્રેવીસમા પાર્શ્વનાથને નમન કરીને કલ્પનો પ્રારંભ કર્યો. ત્યાર બાદ એ તીર્થની ઉત્પત્તિ, ત્યાંના સ્તૂપ, અન્ય મંદિરો તથા લોકવાયકાઓ વગેરે સર્વ માહિતી એમાં આપી છે.

सत्तम-तेवीसमे नमिउण जिणेसरे जयसरण्णे ।
भविजणमंगलकरं महुराकप्पं पवक्खामि ॥१॥

મથુરા કલ્પના પ્રારંભ બાદ ત્યાં સ્તૂપ, દેવીએ કઈ રીતે ક્યારે બનાવ્યો તેની વિગત સાથે એ કેવો દેખાય છે એ પણ સૂરિજીએ આપ્યું છે. એમાં બીજી એક અગત્યની વાત એ છે કે - 'એ સ્તૂપમાં હસ્તપ્રતોનો સંગ્રહ હતો. એમાં 'મહાનિશિથ સૂત્ર'ની પ્રતો ઉધઈ દ્વારા નષ્ટ થઈ હતી. એ તૂટેલા ભાગને જિનભદ્ર ક્ષમાશ્રમણે સરસ્વતી દેવીની આરાધના કરીને વ્યવસ્થિત કરી.' આ ઉપરાંત આચાર્ય બપ્પભટ્ટસૂરિ રોજ તેમની વિદ્યા વડે શત્રુંજય, ગિરનાર, ભરૂચ, મોંઢેરા અને મથુરા દર્શન કરીને તેમના ભક્ત આમ રાજાના નગર ગ્વાલિયરમાં ગોચરી વાપરતા હતા એમ નોંધ જિનપ્રભસૂરિએ આપેલ છે.

सित्तुंजे रिसहं, गिरिनार नेमिं, भरूअच्छे मुणिसुव्वयं, मोढेरए वीरं, महुराए सुपास-पासे नमित्ता सोरट्ठे ढुंढण विहरित्ता गोवालगिरिंमि जो भुंजेइ । *(विविध तीर्थ कल्प पृष्ठ-१)*

આવા અનેક વિષય વસ્તુથી ભરપૂર ગ્રંથમાં વર્ણન કરવાની લઢણ પણ વિવિધ છે. મથુરાપુરી કલ્પમાં 'દેવનિર્મિત સ્તૂપ'ની કથામાં એ સ્તૂપની બાબતમાં શૈવ, બૌદ્ધ અને જૈન વચ્ચેના વિવાદની ચર્ચા કરીને એનો કબજો જૈન સંઘે કેવી રીતે મેળવ્યો તેની વિગતે સમજ આપી છે. આ સ્તૂપની ઘણી ખરી કથાઓ તેમણે 'इत्थे' શબ્દથી પ્રારંભ કરીને આપી છે, જેમાં મોટા ભાગની કથાઓ, જિર્ણોદ્ધાર, ગુરુજનોનું આવાગમન, પૂર્વે થયેલ કંબલ-શંબલ બળદો, યક્ષમંદિરો વગેરે બધું જ જોવા મળે છે.

આ કલ્પ તથા અન્ય કેટલાક કલ્પોમાં નગરની લંબાઈ, પહોળાઈ, ત્યાં વહેતી નદી વગેરે બધી ભૌગોલિક માહિતી પણ છે. સાથે-સાથે લોકવાયકાઓ પણ જોવા મળે છે.

દા.ત., "तया य महुरा बारहजोअणाइं दीहा, नवजोअणाई वित्थिण्णा ।"

આ પ્રમાણે અનેકોનેક વિષયવસ્તુથી ભરપૂર આ ગ્રંથ શ્રી આ. જિનપ્રભસૂરિમાં રહેલું પ્રગાઢ પ્રજ્ઞાબળ દર્શાવે છે.

## ૨.૧ વિ.તી. કલ્પમાં વર્ણિત લઘુ-બૃહત્ કલ્પો તથા નૃપ-મંત્રી કલ્પ :

પ્રસ્તુત વિ.તી. કલ્પમાં શ્રી ગિરનારજીનો કલ્પ ચાર પાઠોમાં અલગ-અલગ વર્ગીકરણ કરીને આપ્યો છે - (૧) રૈવતગિરિકલ્પ સંક્ષેપ, (૨) શ્રી ઉજ્જયંત સ્તવ, (૩) શ્રી ઉજ્જયંત મહાતીર્થ કલ્પ અને (૪) શ્રી રૈવતગિરિ કલ્પ.

અહીં શ્રી ઉજ્જયંત મહાતીર્થ કલ્પમાં શ્રી નેમિનાથના દેરાસરની નિશાની આપી ત્યાંથી આગળ વધતા આવતી નદીઓ, ભૂમિઓ તથા વિવિધ પ્રકારની વનસ્પતિ અને ઔષધિઓની વિશાળ સમજ આપી છે. ઉપરાંત અહીંના પ્રાકૃતિક ખનીજની ઓળખ એમાં કઈ વનૌષધિ ઉમેરવાથી સોનું, ચાંદી, તાંબુ વગેરે જુદા પડી શકે તેની સમજ આપી છે. શ્રી ઉજ્જયંત સ્તવના કલ્પમાં ભક્તને ભાવતું સ્તવન, ગિરિનો મહિમા અને મંદિરોની અલૌકિક આભા વર્ણવતું આપ્યું છે.

અન્ય એક કલ્પ પ્રતિષ્ઠાન પુર કલ્પમાં ત્રણ અલગ કલ્પો આપ્યા છે, એમાં એક તે નગરના રાજા સાત વાહનનો કલ્પ. આ રાજા કાલકાચાર્યના સમકાલીન હતા. સાતવહિન રાજાએ રાજા ખારવેલ જ્યારે મગધદેશ જીતીને જિનપ્રતિમા લાવીને પુનઃ પ્રતિષ્ઠા કરાવી તે પ્રસંગે હાથીઓ લાવવા - લઈ જવામાં કામ લાગે તેવા વિશાળ દરિયાઈ જહાજો ભેટમાં આપ્યા હતા. (ખારવેલનો શીલાલેખ).

જ્યાં ભક્તિની વિરાટ ઊંચાઈ બતાવવી હોય અને તે પણ તિર્યંચગતિ ભોગવતા જીવની, આચાર્યશ્રી એમાં પણ પાછળ નથી રહ્યા. તેમણે શત્રુંજયના દ્વાર આગળ સાત દિવસના ઉપવાસ કરીને રહેલી વાઘણનો કલ્પ પણ રચ્યો છે.

પદ્માવતી દેવી, શ્રી અંબિકાદેવી, શ્રી કપર્દીયક્ષ વગેરેના કલ્પો દ્વારા તેમની જૈનશાસન પ્રત્યેની ભક્તિની ગાથાને તેમણે અમર બનાવી છે.

### ૨.૨ વિ.તી. કલ્પ દ્વારા થયેલ શાસન પ્રભાવનાના કાર્યો :

એક વાર મહમંદ તઘલખને વિ.સં. ૧૩૮૫ની આસપાસ આ. શ્રી જિનપ્રભસૂરિની વિદ્વતાની વાતો એક પંડિતવર્ય પાસેથી જાણવા મળી. રાજાએ સૂરિજીને રાજદરબારમાં આમંત્ર્યા. તેઓ જિનપ્રભસૂરિના ઉપદેશથી ઘણા પ્રભાવિત થયા. રાજાએ જૈનોની ઘણી તકલીફોનું નિવારણ કર્યું. સમ્રાટે તીર્થરક્ષાના ફરમાનો જારી કરાવ્યા, જેથી જૈનો પોતાનો ધર્મ નિર્વિઘ્ને પાળી શકે. આ દરમિયાનમાં સૂરિજીએ શત્રુંજયની યાત્રા દ્વારા વિ.તી. કલ્પની રચનાનો પ્રારંભ શુક્રવારના રોજ વિ.સં. ૧૩૮૫માં મહામાસમાં કર્યો. શુક્રવારે કલ્પરચનાનો પ્રારંભ થયો માટે સુલતાન ઘણા ખુશ થયા. એમની ખુશી જોઈ સૂરિજીએ આ કલ્પનું બીજું નામ 'રાજપ્રસાદ' રાખ્યું. આ કલ્પ પૂર્ણ થયાની તારીખ વિ.સં. ૧૩૮૯ ભાદરવા વદ દશમી છે. રાજા ખુશ થયા ત્યારે સૂરિજીએ કન્નાનયર નગરમાં જોરજુલમથી મંગાવેલ શ્રી મહાવીર સ્વામીની રત્નજડિત પ્રતિમાને સુલતાન પાસે માંગી લીધી.

### ૨.૩ આ ગ્રંથમાં વ્યક્ત થતો ચતુર્વિધસંઘનો ઇતિહાસ :

આચાર્યશ્રીએ દરેક કલ્પમાં સંબંધિત તીર્થની ઉત્પત્તિ, સંલગ્ન ઐતિહાસિક મહત્ત્વની બાબતો, ગુરુ ભગવંતોના તીર્થ સંબંધિત કાર્યો વગેરે સર્વ પ્રાચીન ઇતિહાસનું નિરૂપણ કર્યું છે. ગુરુદેવની મોટે ભાગની વિગતો પુરાતત્ત્વીય દષ્ટિએ સાચી ઠરે છે. દષ્ટાંતો ઘણા છે, પરંતુ અહીં બે-ત્રણ આપું છું.

પ્રથમ દૃષ્ટાંત મથુરાના સ્તૂપને દેવીએ એક રાતમાં નિર્માણ કર્યું હતું તથા એ વિશાળ સ્તૂપની વેદિકાની ચારે તરફ ઊભી પ્રતિમાજી રત્નજડિત હતી એમ સૂરિજીએ નોંધ કરી છે.

**"तओ तीए देवीए कंचण घडिओ रयणचिंचईओ अणेगसुर-परवरिओ तोरणझय मालालं किओ सिहरोवरि छत्त त्तयंसाली रत्ति थूभो निम्माविओ मेहलातिगमंडिओ ॥"** *(વિ.તી. ક. - પા-૧૭)*

દેવીએ નિર્માણ કરેલ સ્તૂપ અર્થાત્ 'દેવ નિર્મિત સ્તૂપ'. આ શબ્દો મથુરાના ચતુર્વિધસંઘે ૨૦૦૦ વર્ષ પૂર્વે સ્થાપિત કરેલ પ્રતિમાના લેખમાં પ્રાપ્ત થાય છે. આ પ્રતિમા હાલ લખનઉના મ્યુઝિયમમાં છે. પબાસન પર શિલાલેખ ઉપરાંત ધર્મચક્રની આજુબાજુમાં ચતુર્વિધ સંઘ ઉત્કીર્ણ કરેલો છે. ઉપરોક્ત શબ્દોમાં થોડા ફેરફાર સાથેની અન્ય ત્રણ પ્રતિમાઓ બારમી સદીમાં પણ તૈયાર થઈ હતી, આમ ચાર પ્રતિમાઓ પર 'દેવ નિર્મિત' શબ્દ વપરાયેલ છે.

આ સ્તૂપને આક્રમણકારોએ ૧૦૧૮ ઈ.સ.માં નાશ કર્યો. તેમણે આ બિલ્ડિંગ માટે ઘણી સુંદર વાતો તેમની આપવીતીમાં જણાવી હતી. તેમાંની થોડી અહીં આપું છું.

એક અગત્યની વાત એ કે આ સ્તૂપને તોડી નંખાયા બાદ પણ એ ૩૦ ફૂટ જેટલું ઊંચું હતું. એમાંથી પ્રાપ્ત શિલ્પોને આધારે એ જૈન ધર્મનો હતો એમ જાણવા મળ્યું. આપવીતીમાં જણાવ્યું છે કે -

**"Among the idols there were five made of red gold, each five yards high, fixed in the air without support. In the eyes of one of these idols there were two rubies, of such value, that if anyone were to sell those, he would abtain fifty thousand dinars. On another, there was a saphire purer than water and more sparkling than crystal."**

ઉપરોક્ત નોંધથી જાણવા મળે છે કે સૂરિજીએ કલ્પમાં ઘણી પ્રમાણભૂત માહિતાઓનો સંગ્રહ કર્યો છે.

આ ઉપરાંત શ્રી રૈવતગિરિ કલ્પમાં એ ગિરિ પરના શ્રી અરિષ્ટનેમિના વંદનાર્થે કાશ્મીર દેશમાંથી બે ભાઈઓ સંઘ લઈને આવ્યા હતા તેવો નિર્દેશ છે. કાશ્મીરના શ્રીનગર શહેરમાં મૌર્ય સમ્રાટ અશોકે જૈન સ્તૂપો

નિર્માણ કરાવ્યા હતા એમ 'રાજ તરંગિણિ' ગ્રંથમાં ગ્રંથકાર કલ્હણે લખ્યું છે. ત્યાર બાદ અશોકના જૈન હોવાની ચર્ચા ગ્રંથમાં નથી, માટે એણે બૌદ્ધધર્મ અપનાવ્યો એમ સ્પષ્ટ છે. અંગ્રેજ વિદ્વાનો જૈનોને 'ઓર્થોડક્સ બુદ્ધિસ્ટ' કહે છે. આચાર્યશ્રીએ જણાવ્યા મુજબ કાશ્મીરથી આવેલા સંઘે ઘટ્ટ કેસરનો અભિષેક કર્યો. ત્યાંની કેસર તે સમયે ઘણી અસરકારક હોય એમ લાગે છે.

**૨.૪ આ ગ્રંથ અને ગ્રંથકાર વિશે વિદ્વાનોના અભિપ્રાય :**

જૈન હસ્તપ્રતોને સંશોધિત કરી ફરી કોપી કરી કરનાર જૂનાગઢના વતની પં. ભગવાનલાલ ઈન્દ્રજી ભટ્ટને બ્રાહ્મી ભાષાનું પણ સારું એવું જ્ઞાન હતું. મથુરાના જૈન સ્તૂપના ઉત્ખનન સમયે એ સ્તૂપ જૈનોનો છે. એ તેમણે બતાવ્યું. આ તીર્થની સંપૂર્ણ માહિતી 'વિવિધ તીર્થકલ્પ' નામની હસ્તપ્રતમાં છે. એ તેમણે ઘોષિત કરી બુલ્હર આદિ વિદ્વાનોને જણાવ્યું. આ ગ્રંથ (હસ્તપ્રત) ઉપયોગી જણાતા રોયલ એશિયાટિક સોસાયટી, સિંધી ગ્રંથમાળા, રામચંદ્રસૂરિ ગ્રંથમાળા વગેરે સંસ્થાઓએ પ્રકાશિત કરાવ્યો. એનું ગુજરાતી ભાષાંતર મુનિ રત્નત્રયવિ અને મુનિ રત્નજ્યોતવિ મહારાજ સાહેબોએ વિ.સં. ૨૦૫૬માં કર્યું. આ ભાષાંતરમાં ગુરુદેવોએ ગ્રંથ પર સંશોધન કરનાર ડૉ. શિવપ્રસાદના મહાનિબંધમાં દર્શાવેલ સંદર્ભોનો ઉપયોગ કર્યો છે. દ્રવ્ય ગુરુદેવોનો કથનાનુસાર "આ. જિનપ્રભ-સૂરિને સ્થળ-ભ્રમણ પ્રત્યે ભારે આદર હતો. ગુજરાત, રાજપૂતાના, માલવા, મધ્યપ્રદેશ, વરાડ, દક્ષિણ, કર્ણાટક, તેલંગ, બિહાર, કોશલ, અવધ, પંજાબ વગેરે કેટલાય પુરાતન અને પ્રસિદ્ધ સ્થાનોની તેઓએ યાત્રા કરી હતી. આ યાત્રાકાળે તે-તે સ્થળે વિષયમાં જે-જે સાહિત્યગત અને પરંપરાથી સાંભળેલી વાતો જાણવામાં આવી તેને સંક્ષેપમાં લિપિબદ્ધ કરી લીધી."

**૩.૦ આ. જિનપ્રભસૂરિ અને સુલતાન મહમદ :**

ઉપરોક્ત શીર્ષકથી એક લેખ 'જૈન' માસિકના રૌપ્ય અંકમાં પં. લાલચંદ ભગવાનદાસ ગાંધીએ આપ્યો હતો. આ લેખમાં, લેખકે ખૂબ ઝીણવટથી અભ્યાસ કર્યા બાદ 'ઉપદેશ સપ્તતિ', 'કેમ્બ્રિજ હિસ્ટ્રી ઑફ ઈન્ડિયા', 'સમરાસિંહ રાસ', 'નાભિનંદનોદ્ધાર પ્રબંધ' વગેરે ગ્રંથોના સંદર્ભનો ઉપયોગ કરીને માહિતી આપી છે.

### ૩.૧ આચાર્યશ્રીએ વિજય યંત્ર દ્વારા દર્શાવેલ સુરક્ષા કવચ :

સુલતાન, સૂરિજીના ધર્મ પ્રવચન સાંભળવા નિયમિત આવતા હતા. તેમના ઉપદેશથી ઘણા પ્રભાવિત થતા તેઓ કોઈ વાર પ્રશ્નોત્તર પણ કરતા. એક વાર સુલતાને કંઈક વાત નીકળતા સૂરિજીને 'વિજય યંત્ર'ના આમ્નાય બાબત એના પ્રભાવ વિશે જાણકારી ચાહી. સૂરિજીએ વિનયપૂર્વક ઉત્તર આપ્યો કે - 'એ આગમ અગોચર અદ્‌ભુત યંત્ર છે, જેની પાસે હોય તેને કોઈ ઈજા કરી શકે નહિ. ઉપરાંત એનો દરેક કાર્યમાં વિજય નિશ્ચિત્ત જ હોય.' રાજાએ તાંબાના બે યંત્રો (એક રાજા માટે તથા એક સૂરિજી માટે) સૂરિજીની દેખરેખમાં તૈયાર કરાવ્યા. યંત્રો તૈયાર થયા પછી રાજાએ એની ઓછામાં ઓછી બે કસોટી (confirmative test) કરવાની ઈચ્છા દર્શાવી. રાજાએ એક યંત્ર બકરીની ડોક પર બાંધી તેને ઈજા કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ વિજય યંત્રના સુરક્ષા કવચના કારણે એમાં સફળતા નહિ મળી. બીજું પરિક્ષણ એક ઉંદરના પાંજરા પર છત્ર જેવું બનાવી તેની પર બાંધ્યું. એક બિલાડીને તે તરફ દોરી. અહીં પણ વિજય યંત્રના કવચને કારણે છત્રની નીચે પ્રવેશ કરી શકી નહિ. રાજા ઘણા ખુશ થયા.

### ૩.૨ આચાર્યશ્રી દ્વારા થયેલ જીર્ણોદ્ધારના કાર્યો :

વિવિધ તીર્થોની યાત્રા દરમિયાન સૂરિજીએ શાસન પ્રભાવના અને પ્રાચીન તીર્થોના જીર્ણોદ્ધારના કાર્યો પણ કર્યા હતા. સૂરિજીએ હસ્તિના-પુરમાં ત્રણ ચક્રવર્તી તીર્થંકરો અનુક્રમે શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથની પ્રતિમાઓ મોટા મહોત્સવપૂર્વક ભરાવી હતી. તેમની સાથે યાત્રામાં શત્રુંજય તીર્થોદ્ધારક સમરાસિંહ પણ હતા. તેમણે મથુરાના પ્રાચીન મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો હતો. 'નાભિનંદન સારોદ્ધાર પ્રબંધ(વિ. સ. ૧૩૯૧)માં જણાવ્યા મુજબ આ યાત્રામાં સમરાસાહને 'સંઘપતિ'નું બિરૂદ આપ્યું હતું.

આ. જિનપ્રભસૂરિએ પોતાની વિદ્યા અને સરળતાથી રાજાનું મન જીતી લીધું હતું. એક વાર તેઓ દૌલતાબાદમાં હતા ત્યારે ત્યાં પેથડ શાહ, સજ્જન શાહ વગેરે શ્રેષ્ઠીઓએ નિર્માણ કરાવેલા ચૈત્યોને આક્રમણખોરો તોડતા હતા, ત્યારે તેમણે રાજાના ફરમાનો બતાવીને એમને રોક્યા હતા.

આચાર્યશ્રીએ એક અગત્યનું કાર્ય કર્યું, જ્યારે તેઓ કન્યાનયન-નગરમાં દર્શનાર્થે ગયા ત્યાં તેમણે ખંડિત પ્રતિમાજીઓ અને મંદિર જોયું તેનો તેમણે ઉદ્ધાર કરાવ્યો. અહીં તેમણે રાજાને ખરી હકીકત દર્શાવી રત્નજડિત

મહાવીર સ્વામીની પ્રતિમા પાછી મેળવી. તેમની પ્રેરણાથી શત્રુંજય, ગિરનાર, ફૂલોદિ વગેરે તીર્થોની રક્ષા માટેના ફરમાનો સમ્રાટે બહાર પાડ્યા. આને કારણે સમ્રાટના સેનાપતિ વગેરે જૈન મંદિરોની રક્ષા કરતા થયા.

### ૩.૩ વિ.તી. કલ્પની હસ્તપ્રતને ઉકેલનાર ભગવાનલાલ ઇન્દ્રજી ભટ્ટ :

ગુજરાતના જૂનાગઢમાં જન્મેલા ભગવાનલાલ ઇન્દ્રજી ભટ્ટે જૈન જ્ઞાન ભંડારોની ઘણી સેવા કરી છે. તેમણે ઘણી હસ્તપ્રતોને સંશોધન કરી ફરી લખી તથા અનુવાદિત કરી પ્રકાશિત કરી, તેમને બ્રાહ્મી, દેવનાગરી, ગુજરાતી વગેરે લિપિઓનું ઉચ્ચ કક્ષાનું જ્ઞાન હતું. તેમના અથાગ જ્ઞાનનો લાભ યુરોપીયન અને ભારતીય વિદ્વાનો અચૂક લેતા. ઈ.સ. ૧૮૮૮માં મથુરામાં જૈન સ્તૂપનું ઉત્ખનન થયું. ભગવાનલાલે ત્યાંથી પ્રાપ્ત થયેલ એક આયાગપટ્ટ પર અંકિત બ્રાહ્મી ભાષાનો શિલાલેખ વાંચી એ સ્તૂપ જૈનોનો છે એમ જાહેર કર્યું. તેમણે તે સમયની વિદ્વાન બુલ્હરને વિ.તી. કલ્પમાં વર્ણવેલા 'મથુરાપુરી કલ્પ' નામનો નવમો પાઠ દર્શાવી ત્યાં પધારેલા ગુરુજનો વગેરેની સર્વ માહિતી આપી. ત્યાર બાદ ભગવાનલાલનું મૃત્યુ થયું. બુલ્હરે તીર્થ કલ્પ અને પ્રાપ્ત શિલાલેખોના આધારે એ સ્તૂપ દેવનિર્મિત હતો તથા ત્યાં પરદેશથી જૈન ધર્મીઓ આવીને પ્રતિમાઓ ભરાવતા હતા એમ સર્વ વિગતોને પ્રકાશિત કરાવી.

### ૩.૪ વિ.તી. કલ્પને આધારે આજે લુપ્ત થયેલા તીર્થો :

જિનપ્રભસૂરિએ જુહારેલા ઘણા તીર્થો આજે આપણી પરિધિમાંથી અદૃશ્ય થયા છે, ઘણાંનું સ્વરૂપ બદલાયું છે અથવા આપણી ઓળખશક્તિની સીમામાં નથી. ઘણા તીર્થોના અપભ્રંશ થયેલ નામોને કારણે પણ જાણી શકાયા નથી. ઘણે સ્થળે મૂળનાયક પ્રતિમાનું ઉત્થાપન થયા પછી અન્ય મૂળનાયકને એ સ્થાન પર બિરાજીત કરાયાના ઉદાહરણો પણ છે. દા.ત., અવંતી દેશ સ્થિત શ્રી અભિનંદન દેવ કલ્પ, મથુરાપુરી કલ્પ, કોશામ્બી નગરી કલ્પ, મિથિલા તીર્થ, રત્નવાહપુર, પ્રતિષ્ઠાન પટ્ટણ, અણહિલપુર સ્થિત અરિષ્ટનેમિ તીર્થ, હરિકંખીનગર સ્થિત પાર્શ્વનાથ, ઢિંપુરી તીર્થ, અષ્ટાપદ તીર્થ વગેરે.

આ સર્વમાં સૌરાષ્ટ્રમાં 'ઢાંક' નામના સ્થળે ઘણી જૈન ગુફાઓ છે જે ઢિંપુરી તીર્થ હોય શકે.

### ૩.૫ વિ.તી. કલ્પના આધારે પ્રાચીન તીર્થો જ્યાં આજે અન્ય ધર્મીજનોની માલિકી છે :

આચાર્યશ્રીએ પિસ્તાળીશમો કલ્પ શ્રી ચર્તુવીંશતી મહાતીર્થનામ સંગ્રહ નામે રચ્યો. આ કલ્પમાં પ્રથમ તીર્થંકર આદિનાથના સર્વ તીર્થો એમાં ભરત ચક્રવર્તી, બાહુબલી અને મરુદેવી માતા સહિતના તીર્થોનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર બાદ અજીતનાથ, સંભવનાથ વગેરે ચોવીસ તીર્થંકરોના સર્વ મંદિરો(તીર્થો)નો નામ, સ્થાન અને તે સમયની સ્થિતિ બતાવતી સર્વ માહિતી એમાં આપી છે. આ તીર્થ કલ્પના ગુજરાતી ભાષાંતરમાં મુનિ રત્નત્રય વિ. અને મુનિ રત્નજ્યોત વિ. એમાં એ સંભવિત સ્થાન આજે ક્યાં હોય શકે એવી માહિતી એમાં સંગ્રહિત કરી છે.

આચાર્યશ્રીએ દર્શાવેલ પ્રાચીન તીર્થો જે સંભવતઃ તેમણે જુહારેલા હતા તેની વિગત નીચે મુજબ છે.

- ❑ તક્ષશીલામાં બાહુબલી વડે કરાવેલ શ્રી ધર્મચક્ર.
- ❑ મોક્ષતીર્થ (?)માં શ્રી આદિનાથની પાદુકા.
- ❑ ગંગા-યમુના નદીના સંગમ પર શ્રી આદિદેવનું મંડળ.
- ❑ સેગમતી ગામમાં શ્રી અભિનંદન દેવ.
- ❑ કૌંચદ્વીપ, સિંહલદ્વીપ અને હંસદ્વીપમાં શ્રી સુમતિનાથની પાદુકા.
- ❑ કિષ્કિંધા, લંકા, પાતાલલંકા અને ત્રિકુટગિરિમાં શ્રી શાંતિનાથ.
- ❑ મથુરામાં મહાલક્ષ્મી નિર્મિત શ્રી સુપાર્શ્વનાથનો સ્તૂપ.
- ❑ શ્રી પર્વત પર મલ્લિનાથ ઉપરાંત અહીં શ્રી ઘંટાકર્ણ મહાવીર.
- ❑ ભાઈલ સ્વામીગઢમાં દેવાધિદેવ પાર્શ્વનાથ.
- ❑ ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીના વીસ તીર્થોની યાદી ગુરુદેવે આપી છે. જેમાં મોઢેરા, વાયડ, મુંડસ્થલ, સરસ્થાન, પુંડ્રુ પર્વત, કોટિભૂમિ વગેરે મુખ્ય છે.

અહીં શ્રી પર્વતની વિશેષતા એ છે કે અહીં મલ્લિનાથ સ્વામી બિરાજતા હતા. આજે આ સ્થળ શ્રીશૈલ પર્વત નામે ઓળખાય છે. આ પર્વત આંધ્રપ્રદેશના કર્નુલ જિલ્લામાં છે તથા મલ્લિકાર્જુન નામ તરીકે બાર જ્યોતિર્લિંગમાં આવે છે. ગુજરાતી અનુવાદમાં મુનિશ્રી રત્નત્રયના જણાવ્યા

પ્રમાણે ત્યાંના એક સ્તંભ ઉપર શક સં. ૧૪૩૩નો લેખ છે. અહીંના પુજારીઓએ શ્વેતાંબરોના મસ્તકો કાપીને એનો કબજો લીધો હતો. મલ્લિનાથ તથા મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ નામમાં પણ સામ્ય જણાય છે.

ભાઈલસ્વામીગઢમાં ગુરુદેવ દર્શનાર્થે ગયા હતા કે નહિ તે જાણી શકાતું નથી. મોટેભાગે અહીં ગુરુદેવે તીર્થયાત્રા કરી ન હોય એવું લાગે છે. વિદિશાનું પ્રાચીન નામ 'ભેલસા' હતું, જે ભાઈલસ્વામીગઢનું અપભ્રંશ છે. અહીંની ઉદયગિરિની પહાડીમાં ઈ.સ. ચોથી સદીની પાર્શ્વનાથની પ્રતિમા છે. ઉદયની રાજાએ પૂજન કરેલ જીવિત સ્વામીની પ્રતિમા અહીં જ બિરાજીત કરાઈ હતી એવો ઉલ્લેખ છે.

આ પ્રમાણે ગુરુદેવે દર્શાવેલ ઘણા તીર્થોની જાણકારી આજનો ચતુર્વિધસંઘ ધારે તો મેળવી શકે છે. એમાં ગુરુદેવે વર્ણન કરેલા શબ્દોનો સહારો લેવો આવશ્યક છે; કારણ કે તેમણે કલ્પને અંતે જણાવ્યું છે કે - '**किंचित दृष्टवं किंचित श्रुत्वं** । અર્થાત્ થોડું જોયેલું અને થોડું સાંભળેલું.' ગુરુદેવે વર્ણન કરે. એક ૩૨મા કલ્પની માહિતી મેળવવી આવશ્યક છે; કારણ કે એ તીર્થ દ્વારા જૈનધર્મને અતિ પ્રાચીન કહી શકાશે. કલ્પનું નામ છે.

**'અવન્તિદેશસ્થિત શ્રી અભિનંદન દેવ કલ્પ.'**

અહીં અવંતિ એ રાજ્યનું નામ છે. એની સીમા માલવા દેશની નજીક આવેલી મહાઅટવી મેદપલ્લીથી પણ દૂર હતી. આ મેદપલ્લી જો મેદપાટ હોય તો એ આજનું ઘનઘોર જંગલમાં આવેલું કુંભલગઢ પણ હોય શકે; કારણ કે ત્યાં અભિનંદન સ્વામીનું મંદિર હતું જ્યાં આજે પાર્શ્વનાથજી મૂળનાયક છે અને એને ચારેવર્ણના લોકો પૂજે છે. રાજાએ ખુશ થઈને ઘણી જમીન મઠપતિ અને પૂજારીઓને આપી એવો ઉલ્લેખ છે.

અંતમાં ગુરુદેવે તીર્થો સંબંધી જેટલી પણ સત્ય હકીકતો મળી તેનો સમાવેશ આ કલ્પમાં કર્યો. જેથી એ જૈન પ્રજા માટે ભવિષ્યનિધિની ગરજ સારે. તેમનું વ્યક્તિત્વ સંપ્રદાયોથી દૂર હતું. તેમણે તપાગચ્છીય આ. સોમતિલકસૂરિને સ્વતઃ રચેલા ૭૦૦ સ્તોત્રો અર્પણ કર્યા.

# તીર્થ - સાહિત્ય

**વિષય** : **'કાંગડા તીર્થ'**

**લેખકનું નામ** : **જ્હોની કીર્તિકુમાર શાહ**

**સરનામુ** : **202, Soma Tower, Gulmohar Society, Chikoowadi, Borivalli (w.) Mumbai-400092. M. : 9223272515 johnyshah1972@gmail.com**

આ નિબંધ લખવા માટે જે-જે પુસ્તકોમાંથી માહિતી મેળવી છે તેની ગ્રંથસૂચિ નીચે મુજબ છે.

(૧) **વિજ્ઞપ્તિ - ત્રિવેણી** (એક વિસ્તૃત સંસ્કૃત ઐતિહાસિક પત્ર)
સંપાદક : મુનિ જિનવિજયજી

(૨) **જૈન તીર્થોનો ઇતિહાસ**

(૩) **જૈન તીર્થ સર્વ સંગ્રહ**

(૪) **શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલી**
આયોજક : પ. પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી કુશળચંદ્ર વિજયજી મહારાજ

(૫) **હિમાલયની પદયાત્રા**
લેખક : મુનિશ્રી જંબૂવિજયજી

(૬) **વલ્લભ - કાવ્ય - સુધા**
રચયિતા : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી

(૭) **પ્રબુદ્ધ જીવન** - જૈન તીર્થવંદના અને શિલ્પસ્થાપત્ય વિશેષાંક, ઑક્ટોબર - ૨૦૧૪

**'તીર્થ' :**

જૈન પરંપરામાં 'ધર્મ'ને જ તીર્થ કહેવામાં આવ્યું છે. અને ધર્મ-પ્રવર્તક અને ઉપાસના તથા સાધનાના જે આદર્શ છે તેમને 'તીર્થંકર' કહેવામાં આવે છે. તીર્થંકરને ધર્મરૂપી તીર્થના સંસ્થાપક માનવામાં આવે છે.

એક વ્યાખ્યા પ્રમાણે જેના દ્વારા આ સંસાર સમુદ્રને પાર કરી શકાય તે તીર્થ અને આવા તીર્થની સ્થાપના કરનાર એટલે તીર્થંકર. ટૂંકમાં 'મોક્ષમાર્ગ'ને જ તીર્થ કહેવામાં આવ્યું છે.

વિશેષાવશ્યકભાષ્યમાં કહેવામાં આવ્યું છે કે નદી વગેરે દ્રવ્યતીર્થ તો માત્ર શરીરની શુદ્ધિ કરે છે અથવા તો કેવલ નદી, સમુદ્ર વગેરેને પાર કરાવે છે. આ સાચું તીર્થ નથી. સાચું તીર્થ તો એ છે જે જીવને સંસાર-સમુદ્રના પેલે પાર મોક્ષરૂપી તટ પર પહોંચાડે છે.

'જૈન ધર્મમાં તીર્થની અવધારણા' (પ્રબુદ્ધ જીવન - જૈન તીર્થ વંદના અને શિલ્પસ્થાપત્ય વિશેષાંક, ઑક્ટોબર-૨૦૧૪, પૃષ્ઠ-૮૯) લેખમાં ડૉ. સાગરમલ જૈન લખે છે : "પ્રાચીન જૈન પરંપરામાં આત્મશુદ્ધિની સાધના અને જે સંઘમાં રહીને આ સાધના થઈ શકે, એ સંઘને જ સાચું તીર્થ માનવામાં આવતું." શ્વેતામ્બર તેમજ દિગમ્બર બંને સંપ્રદાયોમાં રત્નત્રયથી યુક્ત સાધના માર્ગ અર્થાત્ એ સાધના કરનાર સાધકોના સંઘને જ તીર્થ માનવામાં આવતું. ડૉ. સાગરમલજી આ જ લેખના અંતે લખે છે : "પરંતુ ધીમે-ધીમે જૈન પરંપરામાં તીર્થ સંબંધી અવધારણામાં પરિવર્તન આવ્યું અને દ્રવ્યતીર્થ એટલે કે પવિત્ર સ્થળોને પણ તીર્થ માનવામાં આવ્યા. સર્વપ્રથમ તીર્થંકરોના ગર્ભ, દીક્ષા, કૈવલ્ય અને નિર્વાણ જ્યાં થયા હોય (કલ્યાણક ભૂમિઓ) તે સ્થળોને પૂજ્ય માનીને એમને તીર્થરૂપે સ્વીકાર કરવામાં આવ્યા. ત્યાર બાદ ધીમે-ધીમે ગણધરો તથા પ્રમુખ મુનિ-ભગવંતોના નિર્વાણ સ્થળ અને એમના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ સાથે જોડાયેલ સ્થળો પણ તીર્થના રૂપમાં સ્વીકારવામાં આવ્યા. એનાથી આગળ વધીને એવા સ્થળો કે જ્યાં કલાત્મક મંદિર બન્યા હોય અથવા તો જ્યાંની પ્રતિમા ચમત્કારિક માનવામાં આવતી હોય, એવા સ્થળો પણ તીર્થ તરીકે પૂજાવા લાગ્યા."

હિન્દુ પરંપરામાં તો કેટલાય સ્થળોને તીર્થસ્વરૂપ માનવામાં આવતા. જેમ કે હિમાલય પર્વત, ગંગા નદી, અયોધ્યા, દ્વારકા વગેરે. અત્યાર સુધી હું હિમાલયમાં લગભગ આઠેક વાર ગયો છું. ત્યાંના અણુ-પરમાણુમાં જ પવિત્રતાનો અનુભવ થાય અને મન સહજ શાંત થઈ જાય એવું દરેક વખતે અનુભવ્યું છે. મનમાં રાગ-દ્વેષ ભર્યા પડ્યા હોય તો તીર્થંકરના સાધના માર્ગે કેવી રીતે ડગ માંડી શકાય ? અને હિમાલય

જેવા સ્થાનોમાં પ્રયાસ વિના જ મન શાંત થઈ જતું હોય એટલે કે રાગ-દ્વેષની તીવ્રતા ઘટી જતી હોય, તો એવાં સ્થાન સાધના માટે ઉત્તમ છે. એવું સ્વીકારવું પડે અને કદાચ એટલે જ જૈન પરંપરા પણ પાછળથી હિન્દુ પરંપરાને અનુસરી હોય એવું લાગે છે.

અત્યારે તો લોકમાન્યતા પ્રમાણે કોઈ પણ દેરાસરને સો વર્ષ થયા હોય તો તે તીર્થ કહેવાય. સો-સો વર્ષ સુધી જ્યાં પ્રાર્થનાપૂર્ણ વાતાવરણ રહ્યું હોય, શુદ્ધ અને પવિત્ર મંત્રોચ્ચારણ થયા હોય એ જગ્યા 'Charged' થઈ હોય અને ત્યાં શાંત, પવિત્ર વાતાવરણ રચાયું હોય. આ સ્થાનોમાં પણ સાધના સરળતાથી થઈ શકે એવું ઘણીવાર અનુભવાય. ટૂંકમાં કહી શકાય કે જ્યાં તમને સાધના કરવામાં સહજતા અને સરળતા અનુભવાય તે તમારા માટે તીર્થ.

હિમાલયના 'કાંગડા' નામના સ્થળે લગભગ બે વાર જવાનું થયું. અતિ પ્રાચીન આદિનાથદાદાની ચમત્કારિક પ્રતિમા ! કેટલીય સદીઓ પ્રાચીન સ્થળ ! જ્યાં જતાં જ મન શાંત થઈ જાય એવું નગાધિરાજ હિમાલયના ખોળે રહેલું આ સ્થળ એ એક અતિ પવિત્ર તીર્થ છે.

**તીર્થ-સાહિત્ય :**

સાહિત્ય શબ્દ સાંભળતાં જ કાવ્યો, ગીતો, નિબંધો, વાર્તાઓ, નવલકથાઓ, પત્રો, લેખો જેવા વિવિધ પ્રકારો આપણી નજર સમક્ષ આવે તીર્થ વિશે લખાયેલું સાહિત્ય એટલે 'તીર્થ-સાહિત્ય'.

'તીર્થયાત્રા' (પ્રબુદ્ધ જીવન, Oct'14) નામના લેખમાં ડૉ. સાગરમલ જૈન લખે છે કે - 'લગભગ ૬ઠ્ઠી થી ૮મી શતાબ્દિની વચ્ચે તીર્થયાત્રાનું મહત્ત્વ જૈન પરંપરામાં વધ્યું હશે. સર્વપ્રથમ 'સરાવલી' નામના પ્રકીર્ણકમાં શત્રુંજય - 'પુણ્ડરીક તીર્થ'ની ઉત્પત્તિ કથા, એનું મહત્ત્વ, એની યાત્રા તથા ત્યાં કરવામાં આવતા તપ, પૂજા, દાન વગેરેના ફળ વિશેની માહિતી મળે છે. એ ઉપરાંત 'વિવિધ તીર્થ-કલ્પ (૧૩મી શતાબ્દિ) જેવા પ્રાચીન ગ્રંથોમાંથી પણ તીર્થો વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે. આવા પ્રાચીન ગ્રંથો ઉપરાંત 'તીર્થમાલા' જેની રચાવાની શરૂઆત લગભગ ૧૨-૧૩મી શતાબ્દિમાં થઈ ગઈ હતી. તેમાંથી પણ તીર્થો વિશેની મહત્ત્વપૂર્ણ જાણકારી પ્રાપ્ત થાય છે. તેરમી શતાબ્દિ પછી રચિત તીર્થમાલાઓ તથા અભિલેખોમાં તીર્થયાત્રા માટે નીકળતા સંઘોનું વિવરણ પ્રાપ્ત થાય છે. આજ

લેખમાં આગળ ઉપર ડૉ. સાગરમલ્લ જૈન લખે છે : "શ્વેતામ્બર પરંપરામાં અનેક તીર્થમાલાઓ તથા ચૈત્યપરિપાટિયો લખાઈ છે. જે તીર્થ સંબંધી સાહિત્યનું મહત્ત્વપૂર્ણ અંગ છે. આ તીર્થમાલાઓ અને ચૈત્ય-પરિપાટિયોની સંખ્યા લગભગ સૌથી વધુ છે. અને તે અગિયારમી સદીથી લઈને અઢારમી સદી સુધીમાં લખાઈ છે.

આ તીર્થમાલાઓ તથા ચૈત્યપરિપાટિયોનું પોતાનું મહત્ત્વ છે; કારણ કે તે પોતાના સમયમાં જૈન તીર્થોની સ્થિતિનું સમ્યક્ વિવરણ પ્રસ્તુત કરી દે છે. આ ચૈત્યપરિપાટિયોમાં તીર્થક્ષેત્રોનું વિવરણ ઉપલબ્ધ થાય છે એવું નથી, પરંતુ કયા-કયા મંદિરમાં કેટલી પાષાણ અને ધાતુની જિન પ્રતિમાઓ રાખેલી છે એનું પણ વિવરણ ઉપલબ્ધ થાય છે. આવી રચનાઓનું ઐતિહાસિક અધ્યયનની દૃષ્ટિએ ઘણું જ મહત્ત્વ છે. આ ઉપરાંત 'વિજ્ઞપ્તિ પત્રો' પણ તીર્થસાહિત્યનો મહત્ત્વનો ભાગ છે.

પ્રાચીન જૈન તીર્થ 'કાંગડા' ઉપર પણ તીર્થસાહિત્ય રચાયું છે અને તે કેટલું મહત્ત્વનું છે તે આ સાહિત્ય વાંચતાં આપણને સમજાય છે.

## 'કાંગડા જૈન તીર્થ' પરનું તીર્થ-સાહિત્ય :

### (૧) વિજ્ઞપ્તિ ત્રિવેણી :

**રચયિતા : જયસાગર ઉપાધ્યાય**

**રચના કાળ : વિક્રમ સંવત ૧૪૮૪**

ઈ.સ. ૧૯૧૬માં મુનિ જિનવિજયજીને પાટણના જ્ઞાનભંડારમાંથી વિજ્ઞપ્તિ ત્રિવેણીની હસ્તલિખિત પ્રત મળી. તેમણે તેનું સંપાદન કર્યું. 'વિજ્ઞપ્તિ ત્રિવેણી : એક વિસ્તૃત સંસ્કૃત ઐતિહાસિક પત્ર.' પુસ્તકરૂપે ભાવનગરથી જૈન આત્માનંદ સભાએ ઈ.સ. ૧૯૧૬માં પ્રગટ કર્યું. જયસાગર ઉપાધ્યાયે આ પત્ર સંસ્કૃતમાં લખ્યો છે. એ તો અદ્ભુત છે જ, પરંતુ જિનવિજયજીએ હિન્દીમાં એની પ્રસ્તાવના લખી છે તે પણ એટલી જ મહત્ત્વની છે.

### વિજ્ઞપ્તિ પત્ર :

જૈનોના શ્વેતામ્બર સંપ્રદાયનો મુખ્ય તહેવાર એટલે 'પર્યુષણ'. આઠ દિવસનું પર્વ અને એમાં પણ છેલ્લો દિવસ એટલે કે સંવત્સરી પર્વ તો સહુથી મુખ્ય. પ્રતિક્રમણ પછી એકબીજાને ખમાવવાની પરંપરા આજે પણ

જળવાઈ રહેલી છે. પ્રાચીન કાળમાં ચતુર્વિધસંઘના સહુથી મુખ્ય વ્યક્તિ એટલે 'આચાર્ય'. એમના ગચ્છાનુયાયી અને શિષ્યો જ્યાં-જ્યાં હોય એ સ્થાનના સંઘો તરફથી આચાર્યને ક્ષમાપના વિષયક પત્રો ખાસ મોકલતા. આ પત્રોમાં સાંવત્સરિક - ક્ષમાપના ઉપરાંત પર્યુષણ પર્વમાં પોતાના ગામમાં જે-જે ધાર્મિક કાર્યો થતાં તેનો પણ ઉલ્લેખ આચાર્યની જાણકારી માટે મોકલતાં. આ ઉપરાંત આચાર્યને પોતાના ગામમાં પધારવા માટે અને સંઘને દર્શન આપવા માટે બહુ જ ચતુરાઈપૂર્વક અને વિસ્તારપૂર્વક વિજ્ઞપ્તિ (પ્રાર્થના) પણ કરવામાં આવતી. આ વિજ્ઞપ્તિને કારણે આ પત્રોને વિશેષરૂપે 'વિજ્ઞપ્તિ પત્ર' પણ કહેવામાં આવે છે.

**વિજ્ઞપ્તિ પત્રોનું સ્વરૂપ :**

લગભગ અડધો ભાગ શ્રાવકોના પત્રનો ચિત્રો વડે અલંકૃત કરવામાં આવતો. ત્યાર બાદ સારા લહિયા પાસે સુંદર અક્ષરોમાં લેખ-પ્રબંધ લખાવવામાં આવતો. જે કોઈ વિદ્વાન, સાધુ અથવા શ્રાવક દ્વારા રચાયો હોય. જેવી રીતે શ્રાવકો તરફથી આચાર્ય પાસે વિજ્ઞપ્તિ પત્રો મોકલવામાં આવતા તેવી જ રીતે મુનિઓ તરફથી પણ ગચ્છપતિની સેવામાં સ્વતંત્ર વિજ્ઞપ્તિ લેખ લખી મોકલવામાં આવતાં. મુનિજન પ્રાયઃ કરીને પોતાના હાથે જ આ પત્ર લખીને મોકલતાં, એટલે એમના પત્રોમાં ગૃહસ્થોએ લખેલાં પત્રો જેવા ચિત્રોનો અભાવ જોવા મળે. મુનિઓના પત્રો બાહ્ય સૌંદર્યમાં શૂન્ય હોવા છતાં આંતરિક ગુણોને કારણે વિશેષ મહત્ત્વ ધરાવે છે.

**વિજ્ઞપ્તિ પત્રોની પ્રાચીનતા :**

આ પ્રકારના વિજ્ઞપ્તિ પત્રો લખવાની શરૂઆત ક્યારથી થઈ એનું કોઈ ઐતિહાસિક પ્રમાણ નથી મળતું, પરંતુ અનુમાન કરી શકાય કે આ પ્રથા ખૂબ જ પ્રાચીન હશે. જિનવિજયજી પોતાની પ્રસ્તાવનામાં લખે છે : "મારા જોવામાં જેટલા પત્રો આવ્યા છે એમાં જે સહુથી વધુ પ્રાચીન છે એ વિક્રમની ૧૩મી શતાબ્દિના મધ્યમાં લખાયેલો છે. આ પત્ર કાગળ ઉપર નહિ પરંતુ તાડપત્ર પર લખાયેલો છે. આ પત્ર ચંદ્રકુલના આચાર્ય ભાનુપ્રભ પાસે, વડઉદ્ર (વડોદરા) ગામથી પ્રભાચંદ્ર ગણિએ મોકલ્યો હતો."

**વિજ્ઞપ્તિ ત્રિવેણી :**

'વિજ્ઞપ્તિ ત્રિવેણી' એ ફરીદકોટ(સિંધ)થી જયસાગર ઉપાધ્યાય દ્વારા લખાયેલો વિજ્ઞપ્તિ પત્ર છે. આ પત્રમાં કેવળ અલંકારિક વર્ણન જ છે એવું નથી, પરંતુ એક વિશેષ પ્રસંગનો સંપૂર્ણ ઈતિહાસ પણ છે. આ પત્ર વિક્રમ

સંવત ૧૪૮૪ના માઘ સુદ-૧૦ના દિવસે લખાયો હતો. સિંધદેશના મલિક-વાહણ નામના સ્થાનેથી શ્રી જયસાગર ઉપાધ્યાયે ખરતરગચ્છના આચાર્ય શ્રી જિનભદ્રસૂરિ જે એ વખતે ગુજરાતના અણહિલપુર પાટણમાં હતા. જિનવિજયજી પોતાની પ્રસ્તાવનામાં લખે છે : "પત્ર ઘણી સારી અલંકારિક ભાષામાં સુંદર રીતે લખવામાં આવ્યો છે. વાંચતી વખતે વૃત્તાંતની સાથે-સાથે કાવ્યનો પણ આનંદ મળે છે. લેખકે આમા ગદ્ય અને પદ્ય બંનેનો ઉપયોગ કર્યો છે. જેને કારણે આ પત્ર વાંચવાની વધુ મજા આવે છે. વચ્ચે-વચ્ચે કોઈ-કોઈ પદ્ય તો બહુ જ સારા લાલિત્યવાળા છે. સાથે છત્ર અને પદ્મ બન્ધાદિ ચિત્ર - પદ્યોને પણ સ્થાન આપવામાં આવ્યું છે. સંઘની મુસાફરીનું અને રસ્તા ઉપરના પહાડ વગેરે સ્થળોનું જે સ્વાભાવિક વર્ણન કરવામાં આવ્યું છે એ બહુ જ રમણીય લાગે છે."

**વિજ્ઞપ્તિ ત્રિવેણીનો સારાંશ :**

આચાર્ય શ્રી જિનભદ્રસૂરિની આજ્ઞા લઈને, શ્રી જયસાગર ઉપાધ્યાય, મેઘરાજગણિ, સત્યરુચિગણિ, પં. મતિશીલગણિ અને હેમકુંજરમુનિ વગેરે પોતાના શિષ્યોની સાથે સિંધના મુલકમાં વિચરવા લાગ્યા. સંવત ૧૪૮૩નું ચાતુર્માસ મમ્મણ વાહણ નામના નગરમાં ફર્યુ. ત્યાર બાદ શ્રાવકોની વિનંતીથી વિચરતાં-વિચરતાં તેઓ ફરીદપુર પહોંચ્યા. ત્યાં ઘણા દિવસો રહ્યા. એક દિવસ સવારે વ્યાખ્યાન આપીને ઉપાધ્યાયજી ઊઠ્યા ત્યારે ગાયકો કેટલાંક ગીતોનું ગાન કરી રહ્યા હતાં. તે વખતે, ક્યાંકથી ડાબા હાથમાં કમંડળ લઈને, જૂના-પુરાણા કપડાં પહેરીને તથા જેના વાળમાં ધૂળ ભરાયેલી હતી એવો એક દુર્બળ મુસાફર આવીને ઉપાધ્યાયજી પાસે ઊભો રહ્યો અને પ્રણામ કરીને તેમની પાસે બેઠો. ઉપાધ્યાયજીએ એની આકૃતિ ઉપરથી જાણ્યું કે આ કોઈ ભલો માણસ અને તીર્થયાત્રિક છે. એટલે એમણે એ મુસાફરને પૂછ્યું કે - 'ભાઈ, તમે ક્યાંથી આવો છો અને કયા - કયા તીર્થોના તમે દર્શન કર્યા છે ? જે વિવિધ દેશોમાં ફરવાવાળા હોય છે તેઓ અનેક અપૂર્વાપૂર્વ સ્થાનોને જુએ છે. એટલે તમે જો કોઈ અપૂર્વ સ્થાન અથવા તો વાત જોઈ કે સાંભળી હોય તો કહો અને અમારા લોકોનું દિલ ખુશ કરો.' ઉપાધ્યાયજીના આ વચનો સાંભળી મુસાફર ખુશ થયો અને કહેવા લાગ્યો : "સાંભળો, એ અપૂર્વ તીર્થનો પત્તો બતાવું છું."

"ઉત્તર દિશામાં ત્રિગર્ત નામે દેશ છે જેમાં અનેક સારા-સારા તીર્થસ્થળ છે. એમાં સુશર્મપુર નામના નગરમાં શ્રી આદિનાથ ભગવાનનું જે તીર્થ છે એ સહુથી વધારે પવિત્ર અને મહાન છે. એ ધામ અનાદિ છે. આ વર્તમાન કળિકાળમાં, જ્યારે બધાય દેશોમાં મ્લેચ્છો - મુસલમાનોના અત્યાચારોથી તીર્થસ્થળ નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયા છે, ત્યારે પણ આ તીર્થ અખંડિત છે. એનું વર્ણન કરવાની તાકાત મારા જેવા મંદબુદ્ધિમાં નથી. જેણે એ તીર્થના દર્શન કરી લીધા એને પછી બીજા તીર્થોના દર્શન કરવાની જરૂર નથી. હું તો એ તીર્થની ઉપાસના કરી મારા આત્માને ધન્ય માનીને અહીં આવ્યો છું. બસ, આજ મેં અપૂર્વ જોયું છે અને એને તમારી સમક્ષ સંક્ષેપમાં કહી સંભળાવ્યું છે. મારે હજુ બહુ દૂર જવાનું છે, એટલે હું હવે નીકળું છું." આ વૃત્તાંત સાંભળી ત્યાં બેઠેલા ઉપાધ્યાયજી અને એમના શ્રોતાજનોના ચિત્તમાં આ મહાતીર્થની યાત્રા કરી પોતાનું જીવન કૃતાર્થ કરવાની ઉત્કંઠા પ્રબળ થઈ ઊઠી.

થોડા સમય બાદ જ્યોતિષીને બોલાવી, શુભ મુહૂર્ત કઢાવી ઠાઠમાઠથી નગરકોટ તરફ સા. સોમાના સંઘે પ્રસ્થાન મંગલ કર્યું.

ફરીદપુરથી પહેલો પડાવ વિપાશા(વ્યાસ નદી-બિઆસ નદી)ના કિનારે કર્યો. બીજે દિવસે નદી પાર કરી જલંદર તરફ સંઘે પ્રયાણ કર્યું. ત્યાંથી નિશ્ચન્દીપુર, પછી તલપાટક થઈ બિઆસ નદીના કિનારે-કિનારે પ્રયાણ કરતાં મધ્યદેશ પહોંચ્યો. ત્યાં એક દિવસ એક બાજુથી ષાષરેશ યશોરથનું સૈન્ય અને બીજી બાજુથી શકન્દરના સૈન્યનો 'ભાગો-ભાગો, આ ફોજ આવી, પેલી ફોજ આવી.' એવા પ્રકારનો કોલાહલ ચારેબાજુથી સંભળાવવા લાગ્યો. આ સાંભળી સંઘના હોશ ઊડી ગયા. પરમાત્માનું ધ્યાન કરી સંઘ પાછો ફર્યો અને બિઆસ નદીના કિનારાનો આશરો લીધો. જલદીથી નૌકાઓમાં બેસી કુંગુદ નામની ઘાટીમાં થઈને હરિયાણા પહોંચ્યો. ત્યાંથી સપાદલક્ષ પર્વતની ઘાટીઓમાંથી થઈને સંઘ ફરી પાછો વિપાશા(બિઆસ)ના તટ પર પહોંચ્યો. તેને પાર કરીને ધીમે-ધીમે પાતાલગંગાના તટ પર પહોંચ્યો. એને પાર કરીને આગળ વધતાં સંઘે દૂરથી સોનાના કળશવાળા પ્રાસાદોની પંક્તિવાળા નગરકોટ કે જેનું બીજું નામ સુશર્મપુર છે, જોયું. એ જોઈને સંઘજનોએ તીર્થના પ્રથમ દર્શનથી ઉત્પન્ન થનાર આનંદાનુસાર, દાનધર્માદિ સુકૃત્યો દ્વારા પોતાની તીર્થભક્તિ પ્રગટ કરી. નગરકોટની નીચે

બાણગંગા નદી વહે છે. જેને પાર કરી સંઘ ગામમાં જવાની તૈયારીમાં લાગ્યો. સંઘ ગામના પ્રસિદ્ધ મહોલ્લાઓમાં ફરતો-ફરતો સાધુ ક્ષીમસિંહે બનાવેલ શાંતિનાથ - દેવના મંદિરમાં સિંહદ્વાર પર પહોંચ્યો. ખરતરગચ્છના આચાર્ય શ્રી જિનેશ્વરસૂરિ દ્વારા પ્રતિષ્ઠિત શાંતિજિનની પ્રતિમાના દર્શન કર્યા. આમ સંવત ૧૪૯૪ના વર્ષના જ્યેષ્ઠ સુદી પંચમીના દિવસે, પોતાની ચિરકાળની દર્શનોત્કંઠાને પૂર્ણ કરી ફરીદપુરનો સંઘ કૃતકૃત્ય થયો. ત્યાર બાદ નરેન્દ્ર રૂપચંદ્રએ બનાવેલ મંદિરમાં ગયો અને એમા બિરાજતાં સુવર્ણમય શ્રી મહાવીર જિન-બિંબને પૂર્વવત્ વંદન-નમન કરી, દેવલના બતાવેલા માર્ગે યુગાદિ જિનના ત્રીજા મંદિરમાં ગયો. રાત્રિ રોકાણ પણ આ નગરમાં જ કરી વિશ્રામ કર્યો. બીજે દિવસે પ્રાતઃકાલે, શહેર પાસે, પહાડી પર કઙ્ગદક (કાઙ્ગડા) નામનો જે કિલ્લો છે અને જેમાં અનાદિ-યુગીન, અતિપ્રભાવશાળી શ્રી આદિનાથ ભગવાનનું પ્રાચીન અને સુંદર મંદિર છે. એની યાત્રા કરવા માટે સંઘે પ્રસ્થાન કર્યું. સંઘે ત્યાં પહોંચ્યા પછી ભાવથી દર્શન-પૂજન કર્યું. ત્યાંના વૃદ્ધજનો આગંતુક યાત્રીઓને આ તીર્થનું માહાત્મ્ય વર્ણન કરવા લાગ્યા. આ મહાતીર્થ, શ્રી નેમિનાથ તીર્થંકર-(૨૨મા)ના સમયમાં સુશર્મ નામે રાજાએ સ્થાપિત કર્યું છે. આ આદિનાથ ભગવાનની જે મૂર્તિ છે એ કોઈએ બનાવી નથી, પરંતુ સ્વયંભૂ - અર્થાત્ અનાદિ છે. એ ખૂબ જ ચમત્કારી છે. ત્યાંનો રાજા નરેન્દ્રચંદ્ર સોમવંશીય કહેવાતો અને વિશુદ્ધ ક્ષત્રિય હતો. શ્વેતામ્બર સાધુઓ પ્રત્યે એને વિશેષ પ્રેમ અને આદર હતો. મહેલમાં પોતાના પૂર્વજોએ સ્થાપિત કરેલ આદિનાથ ભગવાનની પ્રતિમાનો એ ઉપાસક હતો.

શ્રીસંઘ દસ દિવસ સુધી ત્યાં રહ્યો. અગિયારમે દિવસે પ્રસ્થાન કર્યું. અનેક પહાડો, નદીઓ અને જંગલો વટાવી ગોપાચલપુર તીર્થે પહોંચ્યો. ત્યાં સં. ધિરિરાજ દ્વારા બનાવેલ વિશાલ અને ઉચ્ચ મંદિરમાં બિરાજમાન શાંતિનાથ ભગવાનના દર્શન કર્યા. ત્યાં પાંચ દિવસનો મુકામ કર્યો. ત્યાંથી ચાલીને શ્રીસંઘ બિઆસ નદીના તટ ઉપર આવેલ નંદનવનપુર ગયો કે જ્યાં શ્રી મહાવીર ભગવાનનું સુંદર મંદિર છે. ત્યાંથી કોટિલ ગામે પહોંચ્યો અને ત્યાં શ્રી પાર્શ્વનાથની યાત્રા કરી. ત્યાંથી પર્વતોના શિખરો ઓળંગી કોઠીપુર નગરમાં આવ્યો અને ત્યાં શ્રી મહાવીરદેવના દર્શન કર્યા. ત્યાં દસ દિવસ રોકાયો. ત્યાંથી સપ્ત રુદ્ર નામના જળાશયને નૌકાઓમાં ઓળંગી દેવપાલપુર પતન પહોંચ્યો. ત્યાંથી પાછો ફરીદપુર પહોંચ્યો.

બસ, આજ આ વિજ્ઞપ્તિ ત્રિવેણીનો સાર છે. ઉપાધ્યાય શ્રી જયસાગરજીની આ મુસાફરીનો અને તીર્થયાત્રાની વાતો કોઈના મોઢે સાંભળી આચાર્યશ્રી જિનભદ્રજીએ એનું આખું વિવરણ જાણવાની ઇચ્છા કરી અને તેથી પત્ર દ્વારા ઉપાધ્યાયજીએ પોતાનું આ ભ્રમણવૃત્તાંત લખી મોકલવા જણાવ્યું. આ સૂચનાના પ્રત્યુત્તરમાં આ 'વિજ્ઞપ્તિ ત્રિવેણી' લખાઈ અને નગરકોટ વગેરે તીર્થોની યાત્રાના વૃત્તાંતને અલંકારિક ભાષામાં નિબદ્ધ કરી આચાર્યને ભેટ રૂપે મોકલવામાં આવી.

શરૂઆતમાં જણાવ્યું તેમ આ આખો પત્ર સંસ્કૃતમાં છે. તેમાં કાંગડાના કિલ્લામાં પહોંચી આદિનાથ દાદાની જે સ્તુતિ કરી, તે ચોવીસ કડીઓની સ્તુતિ સંસ્કૃતમાં જ છે. તેમાંથી કેટલીક કડીઓ ટાંકુ છું.

## પરિશિષ્ટ : ૧

'વિજ્ઞપ્તિ ત્રિવેણી'માં આવતું ૨૪ કડીઓ વાળુ સંસ્કૃત સ્તવન.

जगज्जीवनं पावनं यस्य वाक्यं महोक्षध्वजं चङ्गाङ्गेयकायम् ।
तिरस्कृत्य कर्म्मस्थितं जन्तुतातं श्रये तं मतिश्रीकृते तीर्थराजम् ।।१।।
गलन्त्याशु पापान्यनन्तानि तानि प्रसार्प्यन्त्यगण्या मुदश्चावदाताः ।
महासिद्धिरायाति कीर्तिश्चकास्ति प्रभो त्वां नमस्कुर्वतां शान्तमूर्तिम् ।।२।।
रयापारसंसारनीहारसूरं रजोभारसंहारणासारनीरम् ।
कृपालुं रसालं महाधीवरं सत् प्रभावं महामोऽञ्जसाऽधीश्वरं तम् ।।५।।
तरन्ति सन्तो विपदर्णवं ते पोतायितं येऽनुसरन्ति तेऽदः ।
नतं पदाब्जं भुवि सावधाना यस्मान् मनुष्येष्वथ शर्म्म भावि ।।६।।
जगत्प्रभुः सत्यनयः स्वयम्भूः स्वाद्धाद्यजन्मा निहतान्तरायः ।
तेजोमयस्तात्त्विकयोगगम्यो जीया गतेह ! त्वमघाद्रिवायो ।।७।।
जयति जगतामर्त्तिच्छेदी युगादिजिनः परं
तदनु विजयन्ते योगीशा बुधा जयसागराः ।
तदधिमहिमस्तोत्रं हारं तदन्तिषदः कृतिं
दधदलमुरोदेशे भव्यो जनो जयतादयम् ।।२२।।
जन्मजीवितगिरां सफलत्वं मङ्गलं व वृषमेश ! ममाद्य ।
यत्नतोऽसमसमांनितान्तं यन्महावृषगतेऽधिगतोऽसि ।।२३।।

इति हि नगरकोट्टालङ्कृतेरादिनेतुः
स्तवनभजनि पूर्णं हारबन्धाभिधानम् ।
अहह ! सुकृतयोगः कोऽपि मे स्फातिभागा-
दिति वदति यथावत्प्राञ्जलिर्मेघराजः ॥२४॥

**કાંગડા તીર્થને લગતી જયસાગર ઉપાધ્યાયજીની અન્ય રચનાઓ :**

'વિજ્ઞપ્તિ ત્રિવેણી'ની પ્રસ્તાવનામાં જિનવિજયજી લખે છે : "જુદા-જુદા તીર્થંકરો, તીર્થક્ષેત્રો અને પ્રાચીન ઋષિ-મુનિઓના ગુણાનુવાદ કરવાવાળા આવા પ્રાકૃત, સંસ્કૃત અને પ્રચલિત દેશભાષામાં અનેક પ્રકારના સ્તવન-સ્વાધ્યાય પણ ઉપાધ્યાયજીના ઉપલબ્ધ છે. પ્રવર્ત્તક શ્રીમદ્ કાંતિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહમાં એક પ્રાચીન (અધૂરી) પુસ્તક છે. જેમાં ઉપાધ્યાયજીની આવી ઘણી કૃતિઓનો એકત્રસંગ્રહ કરવામાં આવ્યો છે. આ સંગ્રહમાં એક 'તીર્થરાજી સ્તવન' છે. જેમાં એક બધા તીર્થોના ઉલ્લેખ છે, જે ઉપાધ્યાયજી મહારાજે ફરી-ફરીને એમનાં દર્શન કર્યાં હતા. ફરીદપુરની સં. સોમાના સંઘ સાથે નગરકોટ વગેરે જે તીર્થોની યાત્રા કરી હતી અને જેમનું વર્ણન આ વિજ્ઞપ્તિ ત્રિવેણીમાં છે એ તીર્થોનો પણ ઉલ્લેખ આ સ્તવનની ચારેક કડીઓમાં કર્યો છે."

**(૨) તીર્થરાજી સ્તવન :**

अपि च नगरकोटे देवजालन्धरस्ये
प्रथमजिनपराजः स्वर्णमूर्तिस्तु वीरः ।
खरतरसतौ तु श्रेयसां धाम शान्ति-
स्त्रयभिदमभिनम्याह्लादभावं भजामि ॥१८॥

आनन्दाश्रुजलाविले मम दृशौ जाते चिरोत्कण्ठया
दिष्ट्या कङ्कटकस्थितः प्रथमतो दृष्टो यदादिप्रभुः ।
तत्किं साऽपि सरस्वती स च गुरुर्नूनं प्रसन्नो यतो
जिह्वा तद्गुणवर्णनादभिनवान्नाद्यापि विश्राम्यति ॥१९॥

श्रीगोपाचलतीर्थे शान्ति, कोटिल्लके परं पार्श्वम् ।
नन्दनवन-कोठीपुरपूज्यं प्रणमामि वीरमहम् ॥२०॥

एते तेषु सपादलक्षगिरिषु प्रत्यक्षलक्ष्याः खलु
क्षेमा एव मया चतुर्विधमहासङ्घेन चाभ्यार्चिताः ।
प्रायः काञ्चनकुम्भशोभितगुरुप्रासादमध्यस्थिताः
सान्द्रानन्दपदं दिशन्तु मम ते विश्वत्रयस्वामिनः ॥२१॥

આ ઉપરાંત જિનવિજયજીને પ્રવર્તક શ્રીમદ્ કાંતિવિજયજીના સંગ્રહમાંથી જયસાગર ઉપાધ્યાયજી રચિત 'શ્રી નગરકોટ - મહાતીર્થ - ચૈત્યપરિપાટી પણ મળી' જેમાં ખાસ કરીને નગરકોટ(કાંગડા)ના ચૈત્યોનું વર્ણન છે.

**(૩) શ્રી નગરકોટ - મહાતીર્થ - ચૈત્યપરિપાટી :**

मुझ मनि लागिय खंति जालंधर देसह भणिय ।
तीरथ वंदण रेसि नगरकोटि तउ आवियउ ।।१।।

बाणगंगा पातालगंग व्याहनइ जसु तडिहिं ।
वणराई घण घाट वाट ति घाटिहिं आगलिय ।।२।।

तहिं महिमाभंडार पहिलउं पहिलइ जिणभवणि ।
दीठउ संतिजिणिंद नयण अभियरस पारणउं ।।३।।

जिणहरि बीजइ रीजु मनि अधिकेरउं ऊपजए ।
जहि सोवनमय बिंब रूपचंद रायह तणउं ।।४।।

जिणि दीठइ संतोसु मण आणंदिहिं ऊससए ।
अंधारइ उद्योत जयउ सुजगगुरु वीरवरु ।।५।।

जइ त्रीजइ प्रासादि सरवरि राजमराल जिम ।
संभाविउ रिसहेसु चंपकि चंदनि थुति जलिहिं ।।६।।

हिव चडियउ चमकंत अति ऊंचइ गढि कांगडए ।
इहु जाणे मइ किद्धु सिद्धिसिला आरोहणउ ।।७।।

अलजउ अंगि न माइ माइ ताय घरु वीसरिय ।
सरिय सयल मह कज्ज तहिं रिसहेसर दंसणिहिं ।।८।।

जो हीमालय हुंत राय सुसर्म्मिहिं जाणियउ ।
नेमिसरि जयवंति कंगट कोटिहिं आणियउ ।।९।।

चंद्रवंसि जे राय राणी जसु पयतलि लुलइ ।
अंबिकदेवि पसाइ तहिं मनवंछित फल मिलइं ।।१०।।

भास ।

कंचणमय कलसिहिं सहिय ए च्यारह प्रासाद ।
च्यारइ चिहुं वरणिहिं नमिय च्यारह हरइं विषाद ।
गोपाचलपुर सिरिमउड संतिनाह जगसामि ।
कामियफल कारणि रसिय लीणउ छउं तसु नामि ।।११।।

नंदवणिहिं नंदउ सुचिरु चरमजिणेसर चंद ।
जग चकोरु जसु दंसणिहिं पामइ परमाणंद ।
पास पसंसउ कोटिलए गामिहिं महि अभिराभि ।
मह मन कोइलि जिम रमउ तस गुण अंबारामि ॥१२॥

हेमकुंभ सिरिजिणभवणि ए सवि थुणिया देव ।
देवालइ कोठिनयरि करउं वीरजिण सेव ।
दुक्खह दिन्नु जलंजलिय सुखह लद्धु पसारु ।
तीरथ पंचइ जइ नमिय पामिय मोख दुयार ॥१३॥

मंगल तीरथ पंथियह मंगल तीरथ पंथ ।
ज सुखेहिं किर मइं कलिय मुकतिनारिसीमंथ ।
नारि अच्छइ घरि घरि घणिय जणणी सा परु धन्न ।
जासु कुक्खि उत्पन्न नरु संचइ तीरथ पुन्नु ॥१४॥

इय जयसायर समरिय ताय सवालखपव्वय जिणराय ।
ता अम्हारिय पूगी आस हउं बोलउं जिणसासण दास ॥१५॥

इणि समरणि नासइ नरग जोग इणि समरणि लाभइ सरग भोग ।
इणि कारणि तुम्हि भो भविय आज इहु पभणहु, निसुणहु, सरइं काज ॥१६॥
इय नगरकोट पमुक्ख ठाणिहिं जे य जिण मइं वंदिया ।
ते वीर लउंकड देवि जालामुखिय मन्नइ वंदिया ॥
अन्नेवि जे केवि सग्गि महियलि नागलोइहि संठिया ।
करजोडि ते सवि अज्ज वंदउं फुरउ रिद्धि अचिंतिया ॥१७॥

*॥ इति श्रीनगरकोट-महातीर्थ-चैत्यपरिपाटी ॥*

*॥ कृतिरियं श्रीजयसागरोपाध्यायानाम् ॥*

'નગરકોટ ચૈત્યપરિપાટી સ્તવન' પ્રમાણે પંદરમી શતાબ્દીના અંતમાં અહીંયાં શ્વેતામ્બર સંપ્રદાયના જ મોટા-મોટા ચાર જિનમંદિરો હતા. જિનવિજયજીના મત અનુસાર અહીં દિગમ્બર સંપ્રદાયના પણ કેટલાંક મંદિરો અવશ્ય હોવા જોઈએ; કારણ કે બાદશાહી વખતમાં અહીંની દીવાનગિરિ દિગંબર જૈન કરતા હતા.

## 'નગરકોટ મહાતીર્થ' વિશે જિનવિજયજીનું સંશોધન :

'વિજ્ઞપ્તિ ત્રિવેણી'ની પ્રસ્તાવનામાં જિનવિજયજી લખે છે : 'નગરકોટને આજકાલ કાંગડા અથવા તો કોટ કાંગડા કહેવામાં આવે છે.' એવું જણાય છે કે - 'શહેરનું નામ નગરકોટ અથવા સુશર્મપુર હતું અને કિલ્લાનું નામ 'કંગદકદુર્ગ' હતું. આજે 'કંગદક'નું રૂપાંતર વર્તમાનમાં 'કાંગડા'ના રૂપે પરિણમ્યું છે.'

કટૌચ જાતિના રાજપૂત, જે અસલી સોમવંશી ક્ષત્રિય હતા, આ કિલ્લા પર ચિરકાળથી પોતાનો અધિકાર ધરાવતા હતા. એમ કહેવાય છે કે - 'મહાભારતના વિરાટપર્વના ૩૦મા (ત્રીસમા) અધ્યાયમાં, દુર્યોધન તરફથી વિરાટનગર પર ચઢાઈ કરનાર ત્રિગર્ત દેશના સુશર્મ નામના રાજાની જે વાત આવે છે, એણે જ આ નગર વસાવ્યું હતું, અને પોતાના નામની યાદગીરીરૂપે નગરનું નામ 'સુશર્મપુર' રાખવામાં આવ્યું હતું.' કટૌચ રાજપૂત આજ સુશર્મરાજાની સંતતિ છે. મોગલોના આક્રમણોને કારણે આ નગર અનેકવાર ઉધ્વસ્ત થયું અને ફરી પાછું વસ્યું, પરંતુ અંગ્રેજી રાજ્યના પ્રારંભ પછી આ સ્થાન હંમેશ માટે ગૌરવશૂન્ય થઈ ગયું.

વર્તમાન સમયમાં નગરકોટ અથવા તો કાંગડામાં એક પણ વ્યક્તિ જૈન નથી. વ્યવસ્થિત હાલતમાં એક પણ જૈનમંદિર નથી. જૈનસમાજ એ જાણતો પણ નથી કે પૂર્વકાળમાં આ સ્થાન આપણું બહુ મોટું તીર્થ હતું. દૂર દૂરથી જૈનસમાજ યાત્રા કરવા અહીં પધારતો. અહીં મોટી સંખ્યામાં જૈનોની વસ્તી હતી. રૂપચંદ્ર જેવા રાજાએ અહીં જૈનમંદિરનું નિર્માણ કર્યું હતું. અને નરેન્દ્રચંદ્ર જેવા રાજા જૈન ધર્મ માટે સહાનુભૂતિ ધરાવતા તથા જિનમૂર્તિઓનું ભાવથી પૂજન કરતા હતા. ન જાણે આપણા આવા કેટલાય કીર્તિ ચિહ્નો પર અંધકાર અને વિસ્મરણના થર પર થર જમા થઈ ગયા છે ?

ગવર્નમેન્ટના પુરાતત્ત્વ વિભાગના ડાયરેક્ટર જનરલ સર એ. કનીંગહામ સાહેબે પોતાની આર્કિયોલોજીકલ સર્વે ઑફ ઈન્ડિયાની સન્ ૧૮૭૨-૭૩ના રીપોર્ટના પાંચમા ભાગમાં કાંગડાનો સંક્ષિપ્ત પ્રાચીન ઈતિહાસ અને ત્યાંની પ્રાચીન ઈમારતોની હાલત વિશે લખ્યું છે. કંનીગહામે લખ્યું છે : "કિલ્લાની અંદર જે નાના-નાના મંદિરો આવેલા છે તે કીરગ્રામના વૈજનાથ અને સિદ્ધનાથના મોટા મંદિરો જેવા જ છે. આ મંદિરોમાં એક

પાર્શ્વનાથનું મંદિર છે. જેમાં આદિનાથની મોટી ભવ્ય જિનપ્રતિમા સ્થાપિત છે. આ પ્રતિમાની ગાદી ઉપર એક લેખ છે. સંવત ૧૫૨૩ અર્થાત્ ઈ.સ. ૧૪૬૬નો છે. આ લેખ પ્રથમ સંસારચંદ્ર રાજાના વખતનો છે. કાલીદેવીના મંદિરમાં પણ પહેલા એક લેખ હતો. મેં જ્યારે આ મંદિરની મુલાકાત લીધી ત્યારે મને આ લેખ ના મળ્યો. આ વિષયમાં કોઈ માહિતી પણ ના મળી. પરંતુ આ લેખની બે નકલ મારી પાસે હતી. જે મેં ઈ.સ. ૧૮૪૬માં મારા હાથે લખી રાખી હતી. એમાં સંવત ૧૫૬૬ અને શક ૧૪૧૩ હતું જે બંને ઈ.સ. ૧૫૦૯ બરોબર થાય છે. એના પ્રારંભમાં 'ઓમ સ્વસ્તિ શ્રી જિનાય નમઃ ।' આ પ્રકારે જિનને નમસ્કાર કરવામાં આવ્યા છે."

પ્રસ્તાવનાના અંતે ઉપસંહારમાં જિનવિજયજી લખે છે : "આ પ્રબંધ અને તેની પ્રસ્તાવના વાંચીને વાચકોને જૈન ધર્મની પ્રાચીન-પ્રભુતા, સામાજિક સ્થિતિ, આચાર્યોની શાસનપ્રણાલી, સાધુઓનું સાંપ્રદાયિક નિયમન, શ્રાવકોનો ધર્મપ્રેમ વગેરે અનેક વાતોની માહિતી મળી શકે છે. વિદ્વાનોએ પણ સમજી શકશે કે પ્રાચીન પુસ્તકો અને પુસ્તક ભંડારોનું જો ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવામાં આવે તો એમાંથી જૈન ઈતિહાસ માટે આધારભૂત સાધનોનો વિપુલ ભંડાર અનેકાનેક રૂપે પ્રાપ્ત થઈ શકે છે, અને એ આધાર પર શ્રેણીબદ્ધ ઈતિહાસ તૈયાર કરી શકાય."

**વર્તમાનમાં કાંગડા તીર્થનો પુનરુદ્ધાર :**

કાંગડા તીર્થનો ઈતિહાસ તપાસીએ તો ઈ.સ. ૧૦૦૯માં મહમૂદ ગજવીએ કાંગડાનો કિલ્લો તથા તેના મંદિરો લૂંટ્યા. ઈ.સ. ૧૩૬૦માં ફિરોજશાહ તુગલકે મંદિરોની ધનસંપદાને ફરી વાર લૂંટી. ત્યાર બાદ ઈ.સ. ૧૫૫૬માં અકબરે આ કિલ્લાને પોતાના તાબામાં લઈ લીધો. ઈ.સ. ૧૮૦૫ થી ૧૮૦૯ની વચ્ચે આ ક્ષેત્ર ગુરખાઓની લૂંટનો શિકાર બન્યું. છેવટે ઈ.સ. ૧૮૨૯માં મહારાજા રણજીતસિંહે ગુરખાઓને હરાવીને કિલ્લા પર અધિકાર જમાવ્યો.

આ બધી આફતોની વચ્ચે પણ કાંગડા તીર્થનો મહિમા સદીઓ સુધી જળવાયેલો હતો. સાહિત્ય વાચસ્પતિ ભંવરલાલ નાહટાએ એક ગ્રંથ લખ્યો છે જેનું શીર્ષક છે 'નગરકોટ કાંગડા મહાતીર્થ.' એમાં કાંગડા આવનાર કેટલાંક યાત્રી સંઘોનું વિવરણ છે. જેમ કે -

(૧) વિ.સં. ૧૨૭૧માં શ્રી જિનપતિસૂરિજી સંઘ સહિત કાંગડા પધાર્યા હતા.

(૨) વિ.સં. ૧૪૮૪માં ઉપાધ્યાય જયસાગરજીની નિશ્રામાં ફરીદપુરથી યાત્રીસંઘ આવ્યો હતો.

(૩) વિ.સં. ૧૪૮૮ અને ૧૪૯૭માં આવેલ યાત્રાસંઘના વિવરણોમાં સંઘપતિ કે મુનિમહારાજનું નામ નથી.

(૪) વિ.સં. ૧૫૬૫માં ઉદયચંદ્રસૂરિજી ભટનેર(હનુમાનગઢ)ના યાત્રાસંઘ સાથે પધાર્યા હતા.

(૫) વિ.સં. ૧૫૭૯ની આસપાસ અભય ધર્મગણિ મહિમ (હરિયાણા)ના એક યાત્રાસંઘ સાથે પધાર્યા હતા.

ઉપરોક્ત માહિતી મેં શ્રી મહેન્દ્રકુમાર મસ્ત લિખિત લેખ 'ઈતિહાસ કી ગૌરવપૂર્ણ વિરાસત - કાંગડા કે જૈન મંદિર' (પ્રબુદ્ધ જીવન, ઑક્ટોબર-૨૦૧૪)માંથી મેળવી છે.

પછી સદીઓ સુધી આ તીર્થ વિસરાઈ ગયું. 'વિજ્ઞપ્તિ ત્રિવેણી'ની હસ્તપ્રતને આધારે પદ્મભૂષણ શ્રી જિનવિજયજીએ આ તીર્થના અસ્તિત્વ વિશે પ્રકાશ પાડ્યો. પંજાબકેસરી આચાર્ય શ્રી વલ્લભ સૂરિશ્વરજી ઈ.સ. ૧૯૩૯માં હોશિયારપુરથી સંઘ સાથે કાંગડા પધાર્યા. ત્યાર બાદ મહત્તરા સાધ્વીજીએ ઈ.સ. ૧૯૭૮માં સળંગ આઠ મહિના કાંગડામાં રહીને કિલ્લામાં સરકારી સંરક્ષણમાં બિરાજિત ભગવાન આદિનાથની પૂજા-સેવાનો અધિકાર જૈન સમાજને અપાવ્યો. અત્યારે સવારે પક્ષાલ અને રાત્રે આરતી કરી શકાય છે.

આજ સાધ્વીજી મહારાજની પ્રેરણાથી કિલ્લાની તળેટીમાં જૈન ધર્મશાળાના પ્રાંગણમાં કલાત્મક, વિશાળ નૂતન જૈન દહેરાસર બન્યું છે. તેમાં મૂળનાયક તરીકે આદિનાથ પ્રભુની પ્રતિમા રાણકપુર તીર્થમાંથી લાવીને પધરાવી છે. આ ધર્મશાળાની પેઢીનું સરનામું નીચે મુજબ છે :

શ્રી શ્વેતામ્બર જૈન કાંગડા તીર્થ કમિટી,<br>
જૈન ધર્મશાળા, ફોર્ટની નજીક,<br>
પોસ્ટ - પુરાના કાંગડા,<br>
જિલ્લા - કાંગડા,<br>
હિમાચલ પ્રદેશ-૧૭૬૦૦૧.

આચાર્ય વલ્લભસૂરિશ્વરજીએ કાંગડા તીર્થના પ્રાચીન આદીનાથ દાદાના દર્શન કરીને એક સુંદર સ્તવનની રચના કરી છે.

**(૪) સ્તવન :**

કાંગડા તીર્થપતિ પ્રભુ પ્યારા ! (પંજાબ દેશે કાંગડા તીર્થ)

(ચાલ - ઋષભદેવ વિમલ ગિરિ મંડન)

વલ્લભ - કાવ્ય - સુધા, રચયિતા : આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિશ્વરજી

પ્રકાશક : શ્રી આત્માનંદ જૈન સભા, મુંબઈ.

कांगडा तीर्थपति प्रभु प्यारा, ऋषभ जिनेन्द्र जुहारा रे;
मन वच काय तीन योग से, सेवा करुं निरधारा रे. कांगडा...
मानूं उसको शुभ मन प्रभुजी, जिसमें ध्यान तुम्हारा रे;
वचन पवित्तर उसको मानूं, प्रभु का नाम उच्चारा रे... १
काया वह सुखदायी जानूं, पूजन सेवन सारा रे;
धर्मकृत्य में काम जो आवे, बाकी पुद्‌गल भारा रे... २
आदि नरेश्वर आदि जिनेश्वर, आदि ऋषिश्वर धारा रे;
आदिनाथ प्रभु आदि योगीश्वर, आदि तीरथ करतारा रे... ३
तुं ब्रह्मा हरि हर शिव शंकर, तुं पुरुषोत्तम प्यारा रे;
राम नाम सुखधाम जिनेश्वर, आवागमन निवारा रे... ४
नमन करुं त्रिभुवन दुःख हर्ता, तुं त्रिभुवन श्रृंगारा रे;
नमन करुं त्रिजग परमेश्वर, भवोदधि पार उतारा रे... ५
कल्पतरु सम वंच्छित पूरण, चूरण कर्म पहारा रे;
रोग सोग दुःख दोहग नासे, जिम तरणी अंधकारा रे... ६
सुशर्मा नृप ने बनवाया, जिन मंदिर सुखकारा रे;
नेमिनाथ स्वामी के होते, तीरथ तारणहारा रे... ७
दिव्य प्रभाव अतिशय वर्णन, तीरथ का नहीं पारा रे;
महिमा अब भी अद्‌भुत तीर्थ गुप्त पने चमत्कारा रे... ८
विज्ञप्ति-त्रिवेणी पढकर, जान्या यह अधिकारा रे;
होशियारपुरा से दरस को, आया संघ उदारा रे... ९

साधु, श्रावक और श्राविका, तीनों संघ मंझारा रे;
संघपति हीराचंद्र लालू, आनन्द मंगलकारा रे... १०
सुमतिविजयजी वल्लभ तपसी, विद्या साध विचारा रे;
नाम उपेन्द्रविजय षट् साधु, षट्काया रखवारा रे... ११
गगन वसु ग्रह इन्दु विक्रम, माघ सुदि रविवारा रे;
पंचमी सब मिल कीनी प्रभु की, यात्रा जय-जयकारा रे... १२
तपगच्छ - नायक विजयानन्दसूरि, आतमराम आधारा रे;
आतम लक्ष्मी संपत पाइ, वल्लभ हर्ष अपारा रे... १३

**મારી કાંગડા તીર્થ યાત્રા :**

ઈ.સ. ૨૦૧૦ અને ઈ.સ. ૨૦૧૨ એમ બે વખત કાંગડા તીર્થના દર્શને જવાનું બન્યું. મારી ડાયરીમાં મેં જે નોંધ કરી હતી તે ટપકાવું છું :

**Kangra Fort :**

**(1) Private museum at the king outside the fort.**
**(2) Government museum inside the campus of the fort.**
**(3) Newly built jain teerth outside the fort.**
**(4) Beautiful view of the Dhauladhar range from the fort.**
**(5) Beautiful 4 kms. Forest walk inside the fort.**
**(6) Beautiful butterflies around.**
**(7) Beautiful Idol of Adinath around 500 to 1000 years old while Jains claim it to be 5000 years old.**

(કાંગડા કિલ્લાની બહાર ત્યાંના રાજપરિવારનું પ્રાઈવેટ મ્યુઝિયમ જોયું. કિલ્લાના પ્રાંગણમાં સરકાર દ્વારા બનાવવામાં આવેલું મ્યુઝિયમ જોયું, જેમાં ખંડિત જૈન પ્રતિમા પણ મૂકેલી છે. કિલ્લામાંથી હિમાલયની ધૌલાધાર પર્વતમાળાનું સુંદર દૃશ્ય જોયું. કિલ્લાની અંદર ચારે કિ.મી.ના સુંદર રસ્તે કેટલુંક નિરીક્ષણ કર્યું. સુંદર પતંગિયાઓ જોયા. ભગવાન આદિનાથની સુંદર મૂર્તિના દર્શન કર્યા. આ મૂર્તિ અધખુલા ધ્યાનસ્થ નેત્રો ધરાવે છે. ખભા સુધી કેશવાળી પ્રતિમા છે. સૌમ્ય અને શાંત મુખમુદ્રા છે.

પદ્માસનમાં બેઠેલી મૂર્તિ છે. પરંતુ ભવ્ય છે. પુરાતત્ત્વ ખાતુ તેને ૫૦૦ થી ૧૦૦૦ વર્ષ પ્રાચીન માને છે. જ્યારે જૈનોની માન્યતા અનુસાર તે ૫૦૦૦ વર્ષ પ્રાચીન છે.

કાંગડાથી થોડે દૂર ધરમશાળા નામનું નગર છે. ત્યાંના કોટવાલી બજારમાં 'મ્યુઝિયમ ઑફ કાંગ્રા આર્ટ' આવેલું છે. તેમાં એક ખંડિત જૈન મૂર્તિ મને જોવા મળી. તેની નીચે લખેલું હતું :

**"Jainism, 10th century, Pathiar, Kangra :**

**The jain images have their lacation in the thickly populated area such as Kangra Bazaar Commissioned by the rich Jain merchants flourishing there. In Jain literachre, kangra was an important place of pilgrimage."**

કાંગડા કિલ્લાના ભગ્નાવશેષો જોતાં તરત જ જણાઈ આવે કે પ્રાચીન-કાળમાં અહીં જૈનો ઘણાં રહેતા હશે અને આ તીર્થનો ખૂબ મહિમા હશે. મહેન્દ્રકુમાર મસ્ત તેમના લેખમાં લખે છે - "પિંજૌર, નાદૌન, નૂરપુર, કોઠીપુર, પાલમપુર, બૈજનાથ, ઢોલબાહાથી મળેલા જૈન ચિહ્નો, તીર્થંકર પ્રતિમાઓ તથા મંદિરોના અવશેષો પરથી એક વાત સ્પષ્ટ છે કે આ ક્ષેત્ર પૂર્વકાળથી વિક્રમની ૧૭મી શતાબ્દી સુધી જૈનાચાર્યો, મુનિઓ તથા શ્રાવકોનું પ્રિય હતું. પિંજૌરમાં અકબરના સમયમાં જૈનાચાર્ય કવિ માલદેવસૂરિએ બે ચોમાસા કર્યા હતા. શ્રી વર્ધમાનસૂરિએ પોતાનો વિખ્યાત ગ્રંથ 'આચાર દિનકર' હિમાલય પ્રદેશના નાદૌન નગરમાં જ લખ્યો હતો. ૫૦-૫૫ વર્ષ પહેલા સરકાર દ્વારા 'તલવાડા ડેમ'નું નિર્માણ થઈ રહ્યું હતું. ત્યારે ઢોલબાહાથી અનેક જૈન મૂર્તિઓ ભૂગર્ભમાંથી પ્રાપ્ત થઈ હતી.

કાંગડા કિલ્લાની અંદર પણ વિશાળ હિન્દુ અને જૈન મંદિરોના ખંડો, દેરીઓ, પટ્ટ, સ્તંભ તથા તોરણોની શિલાઓ ઈ.સ. ૧૯૦૫માં આવેલ વિનાશકારી ભૂકંપની યાદ અપાવે છે. કેટલીક દિવાલો પર પથ્થરોમાં કોતરાયેલી જિન પ્રતિમાઓ જોવા મળે છે. પુરાના કાંગડાના કેટલાંક તળાવો, બાવડિયો અને ઘરો પર પણ ભગ્ન મંદિરોની મૂર્તિઓ દૃષ્ટિગોચર થાય છે."

**તીર્થોને લગતાં કેટલાંક વર્તમાન ગ્રંથોમાં મળતી કાંગડાની માહિતી :**

વર્તમાનમાં કાંગડા તીર્થ ફરી પ્રકાશમાં આવ્યું છે અને ઘણા બધા નવા રચાયેલા તીર્થો વિશેની પુસ્તકોમાં તેની માહિતી મળે છે. તેમાં મળતી વિશેષ માહિતી પણ આ સાથે રજૂ કરું છું.

જેમ કે -

**(૧) શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલી :**

(આયોજક : પ. પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી કુશળચંદ્ર વિજયજી મહારાજ. દ્વિતીય સંસ્કરણ, ૭-૧૧-૧૯૯૫, શ્રી શત્રુંજય મહાતીર્થ, પૃષ્ઠ-૧૭૫)

હોશિયારપુરથી ૧૨૦ કિ.મી. દૂર આવેલું અને રાવી તથા શતલજ નદીઓના સંગમસ્થાને વસેલા કાંગડા ગામની બહાર આવેલા સુરમ્ય પહાડોમાં આ તીર્થ આવેલું છે.

**(૨) જૈન તીર્થ સર્વસંગ્રહ :** (પૃષ્ઠ - ૩૬૦-૩૬૨)

એક સમયે પહાડી ભાગની રાજધાનીનું આ શહેર હતું. ભારતની પ્રાચીન શાસનપદ્ધતિ અને સંસ્કૃતિનો આ નગર નમૂનો હતું.

કાંગડાનું પ્રાચીન નામ ભીમકોટ પણ મળી આવે છે. નગરને લોકો ભીમનગર કહેતા હતા. ખરું જોતાં કાંગડા તો કિલ્લાનું નામ છે. તેનું બીજું નામ નગરકોટ, કિલ્લા અને નગર બંનેના નામથી વ્યવહારમાં આવેલું છે. કાંગડા શબ્દનો પ્રયોગ મોગલ બાદશાહોના સમયથી વ્યવહારમાં આવ્યો છે, જે કોટ અને નગર બંનેનું સૂચન કરે છે. તેનું એક વધારાનું નામ કાનગઢ પણ જાણવામાં આવે છે. વસ્તુતઃ કહાનગઢ એવું જ નામ હશે, કેમકે હોશિયારપુર જિલ્લાના જૈની નામક કસબામાં જૈનોની ખૂબ વસ્તી છે, તેઓમાં એવી દંતકથા છે કે, છસો વર્ષ પૂર્વે થઈ ગયેલા રાજા કહાનચંદ્રે કિલ્લામાં શ્રી આદિશ્વર ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી.

કાંગડા નગરમાં સૌથી પ્રાચીન એવું ઈન્દ્રેશ્વરનું મંદિર રાજા ઈન્દ્રચંદ્રે બંધાવેલું છે. આ રાજા સં. ૧૦૮૫-૧૦૮૮માં વિદ્યમાન હતો. મંદિરમાં માત્ર શિવલિંગ છે, પરંતુ બહારના ભાગમાં ઘણી મૂર્તિઓ છે. તેમાં બે જૈન મૂર્તિઓ સૌથી પ્રાચીન છે. એમાંની એક મૂર્તિ વૃષભ લાંછનયુક્ત શ્રી આદિશ્વર પ્રભુની છે, જેને અહીંના લોકો ભૈરવની પ્રતિમા સમજીને સિંદૂર ચઢાવે છે. તેના ઉપર ૮ પંક્તિનો લેખ પણ છે.

'ખરતરગચ્છ પટ્ટાવલી'ના એક ઉલ્લેખથી જણાય છે કે, તેરમા સૈકામાં અહીં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હતી.

વિજ્ઞપ્તિ ત્રિવેણી પ્રમાણે સં. ૧૪૮૪માં કાંગડામાં ચાર જિનમંદિરો વિદ્યમાન હતાં. તે પછી એટલે કે સં. ૧૪૯૭માં રચાયેલી 'નગરકોટ ચૈત્યપરિપાટી'માંથી અહીં પાંચ જિનમંદિરો આ પ્રકારે હોવાનું જણાય છે :

**આલિગવસહી (૧) વંદિયઈ એ મણિમય બિંબ ચઉવીસ;**
**ધન્ન મુહૂરત ધન્ન દિણ ધન્ન વરસ ધન્ન માસ... ૮**
**રાયવિહારહ વીર (૨) જિણ નિમ્મલ કંચણ કાય;**
**નિમ્મિય દેવલ અઈ વિમલ રૂપચંદ સિરિરાય... ૯**
**સિરિયમાલ ધિરિય ભવણિ પૂજઉ જિણવર પાસ (૩);**
**આદિનાથ ચઉથઈ (૪) ભવણિ પણમિય પૂરિયઆસ... ૧૦**
**ધવલઉ ઊચઉ પંચમઉ એ ખરતરતણઉ પ્રાસાદ;**
**સોલસમઉ સિરીસંતિ જિણ (૫) દીઠઈ હુઈ આણંદ... ૧૧**

'વિજ્ઞપ્તિ ત્રિવેણી'માં ચાર જિનમંદિરોનો ઉલ્લેખ છે અને પાંચમું મંદિર શ્રીમાલ ધિરિયા કારિત શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ઉપર્યુક્ત 'તીર્થમાળા'થી જણાય છે.

શ્રી જયસાગર ઉપાધ્યાય પછી આ મંદિરો ક્યાં સુધી વિદ્યમાન હતાં એ જાણવાને કશું સાધન નથી, પરંતુ બીજી તીર્થમાળાઓ અને સ્તવનોથી જણાય છે કે સં. ૧૬૩૪ અથવા તે પછી કંઈક સમય સુધી સાધુઓ યાત્રા નિમિત્તે અહીં આવતા. સં. ૧૬૮૩ની આસપાસમાં મંદિરોનો નાશ થયો હશે.

**(૩) જૈન તીર્થોનો ઇતિહાસ :**

કાંગડામાં અત્યારે તો માત્ર આ પ્રમાણે સ્થિતિ છે.

(૧) કિલ્લામાં અંબિકાદેવીના મંદિર પાસે બે નાનાં જિનમંદિરો છે જેમાં એકમાં શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિ છે, જેના ઉપર ૧૫૨૩નો લેખ છે.

(૨) ઇન્દ્રેશ્વરના મંદિરમાં મંડપની દીવાલમાં બે જૈનમૂર્તિઓ છે.

વિજ્ઞપ્તિ ત્રિવેણીના લેખ મુજબ અહીં ગોપાચલપુર, નંદનવનપુર, કોટિલ્લગ્રામ અને કોઠીપુરમાં જૈન મંદિરો હતા. એક રીતે કાંગડા ગણીને આ પંચતિથિ યાત્રા થાય છે.

આ ગામોનાં વર્તમાન નામો આ પ્રમાણે ક્રમશઃ છે.

ગુલેર કે જે કાંગડાથી ૧૦ માઈલ દૂર છે. 'નાદૌન' જે કાંગડાથી ૨૦ માઈલ દૂર છે, કોટલા જે નાદૌનથી ૨૦ માઈલ દૂર છે. કોઠીપુર - આ ગામનો નિર્ણય નથી થઈ શક્યો. પરંતુ અહીં શ્રાવકોની વસ્તી ઘણી હતી.

**ઉપસંહાર :**

'હિમાલય' વિના ભારત કે ભારતીય સંસ્કૃતિની કલ્પના કરવી અશક્ય છે. હિમાલય એ ભારતનું આધ્યાત્મિક કેન્દ્ર છે. ભારતના ત્રણ મુખ્ય સંપ્રદાયો - હિન્દુ, બૌદ્ધ અને જૈન, આ ત્રણેયે હિમાલય ક્ષેત્રને એટલું જ મહત્ત્વ આપ્યું છે. કૈલાસ પર્વત અને માનસરોવર ત્રણેય સંપ્રદાયનું પવિત્ર ધાર્મિક સ્થળ છે.

માઉન્ટ કૈલાસ જે અત્યારે ચીન દેશના અધિકારમાં છે. તેને ભગવાન આદિનાથની નિર્વાણભૂમિ ગણવામાં આવે છે. એટલે જૈનોનું આ એક પવિત્ર તીર્થસ્થળ છે. ભદ્રબાહુ સ્વામી પ્રાણાયામની સાધના કરવા નેપાલ ગયા હતા. એવી વાત શાસ્ત્રોમાં વાંચવા મળે છે. જૈન શાસ્ત્રોમાં વારે-વારે 'અષ્ટાપદ તીર્થ'ના ઉલ્લેખો જોવા મળે છે. કૈલાસ પર્વત એ જ 'અષ્ટાપદ' પર્વત છે એવી માન્યતા આપણે ત્યાં પ્રચલિત છે. પરંતુ મુનિ શ્રી જંબૂવિજયજી પોતાના પુસ્તક 'હિમાલયની પદયાત્રા'માં નોંધે છે. નંદપ્રયાગથી ૧૬ કિલોમીટર દૂર વૈરાસકુંડ છે. વૈરાસકુંડ સુધી પહોંચતા બીજા અનેક થરો(Layer)માંથી પસાર થવું પડે છે. વૈરાસકુંડ છઠ્ઠા સ્તર ઉપર છે. તેના ઉપર બીજા બે સ્તર છે. એમ એકંદરે આઠ થરનો બનેલો આ પર્વત છે. આ રીતે આઠ થરોનો - અષ્ટાપદનો કંઈક પત્તો લાગ્યો. વૈરાસકુંડમાં રાવણે શિવજીની આરાધના - તપશ્ચર્યા કરી હતી એવી માન્યતા અહીંના લોકોમાં પ્રવર્તે છે.

ટૂંકમાં 'હિમાલય' એ આપણું પ્રાચીન અને પવિત્ર તીર્થક્ષેત્ર છે. પરંતુ આખાય હિમાલયમાં અત્યારે એક પ્રાચીન જૈન તીર્થ તરીકે 'કાંગડા'નું જ અસ્તિત્વ છે. સો વર્ષ પહેલાં તો જૈન સમાજની સ્મૃતિમાંથી જ આ તીર્થ નામશેષ થઈ ગયું હતું. પરંતુ જિનવિજયજીને પાટણના જ્ઞાનભંડારમાંથી 'વિજ્ઞપ્તિ ત્રિવેણી' પ્રાપ્ત થઈ અને એને કારણે આપણને આપણી આ અમૂલ્ય ધરોહર પાછી મળી. 'વિજ્ઞપ્તિ ત્રિવેણી' જેવું તીર્થ-સાહિત્ય આપણા માટે કેટલું મહત્ત્વનું છે એ આપણને હવે સમજાય છે. આવા પ્રાચીન તીર્થ સાહિત્યની જાળવણી થાય અને તેનું વૈજ્ઞાનિક રીતે સંશોધન થાય તો આવી ઘણી વિસરાયેલી ધરોહર આપણે પાછી મેળવી શકીએ.

અસ્તુ !!!

# જૈન તીર્થ સાહિત્ય : ફાગુ કાવ્યો - એક સમીક્ષા

**ડૉ. દીક્ષા એચ. સાવલા**
**સંસ્કૃત વિભાગ, મહિલા આર્ટ્સ કૉલેજ,**
**મોતીપુરા (વિદ્યાનગરી), હિંમતનગર,**
**(Cell - 9327914484, E-mail Id - dixasalu@gmail.com)**

જૈન ધર્મની પરંપરા અતિ પ્રાચીન છે. આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવની ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર સુધી વ્યાપ છે. ૨૩ તીર્થંકર પાર્શ્વનાથ અને પછી ભગવાન મહાવીરના કાળમાં આ ધર્મ વિશેષ પ્રભાવી બન્યો છે. વર્ધમાને ત્રીસમા વર્ષે કુટુંબ અને સંસારનો ત્યાગ કરી કઠોર સાધના કરી યતિધર્મનું પાલન કર્યું અને તેરમા વર્ષે તેમણે કૈવલ્ય-જ્ઞાન પ્રાપ્ત કર્યું. ઈ.સ. પૂર્વેની બીજી સદીમાં જૈન ધર્મનાં શ્વેતામ્બર અને દિગમ્બર એમ બે મુખ્ય સંપ્રદાયો થયા. વિવિધ મૂળ ગ્રંથો અને વિદ્વાનોએ જૈન દર્શન અને ધર્મ પર અનેક દૃષ્ટિએ નિરૂપણ કર્યું છે. તત્ત્વમીમાંસા - જ્ઞાનમીમાંસા - આચારમીમાંસા આ ત્રણેય ક્ષેત્રનું જૈન દર્શન ધર્મમાં ઊંડું અને વિસ્તૃત ખેડાણ થયું છે. આમ જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરો બન્યા.

જૈન સાધુ, કવિઓએ મધ્યકાળમાં તીર્થંકર ભગવાન વિષેના ફાગુ-કાવ્યો લખ્યાં છે. તીર્થંકર ભગવાનનાં પ્રતિમાની પૂજાભક્તિ અને એ નિમિત્તે થતાં ભક્તિ, નૃત્યો તથા વસંતઋતુમાં તીર્થયાત્રા માટે નીકળતા સંઘો વગેરેનું નિરૂપણ કરવાનો સારો અવકાશ કવિઓને પ્રાપ્ત થતો. જૈનોમાં વર્તમાન ચોવીશીના ચોવીસ તીર્થંકરોમાં પાંચ તીર્થંકરો મુખ્ય ગણાય છે. ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી. તીર્થ શબ્દનો અર્થ એટલે કે 'તારે તે તીર્થ.' જે સંસારના કષાયોમાંથી તારે-ઉગારે, જન્મ-મરણનાં બંધનમાંથી ઉગારે તેને તીર્થ કહેવાય છે. તીર્થ - ઓવારો કે નદીનો કિનારો. જ્યાં તીર્થંકરની સ્થાપના કરવામાં આવી હોય. એટલે કે ત્યાં તીર્થનું નિર્માણ થયું હોય. આમ તીર્થ વિષયક ઘણા ફાગુકાવ્યો લખાયા છે.

આમ આ તીર્થોની યાત્રા કરવા નીકળ્યા હોય એવાં અદ્ભુત જૈન તીર્થ સાહિત્યનાં ફાગુકાવ્યો લખાયા છે.

જૈન સાધુ, કવિઓએ મધ્યકાળમાં તીર્થંકર ભગવાન વિશેના ફાગુકાવ્યો લખ્યા છે. તીર્થંકર ભગવાનનાં પ્રતિમાજીની પૂજાભક્તિ અને એ નિમિત્તે

થતાં ભક્તિનૃત્યો તથા વસંતઋતુમાં તીર્થયાત્રા માટે નીકળતા સંઘો વગેરેનું નિરૂપણ કરવાનો સારો અવકાશ કવિઓને પ્રાપ્ત થતો. તીર્થયાત્રા પ્રસંગે વસંતઋતુનું લાક્ષણિક નિરૂપણ ઘણાખરા ફાગુકાવ્યોમાં થયું છે. એમાં કેટલુંક નિરૂપણ પરંપરાનુસારી છે. જૈનોમાં વર્તમાન ચોવીશીના ચોવીસ તીર્થંકરોમાં પાંચ તીર્થંકરો મુખ્ય ગણાય છે. ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી આમ આ રીતે તીર્થંકરોના માહાત્મ્યના આધારે ફાગુકાવ્યો લખાતા.

ફાગણ અને ચૈત્ર એ વસંત ઋતુના મહિના છે. ફાગણ સુદ ચૌદસ એટલે કે હોળી પહેલાનો એ દિવસ, ફાગણ ચોમાસી ચૌદસ તરીકે એટલે કે મોટી પરિક્રમા કરવાનો મહિમા. આથી તીર્થ સ્થળમાં સ્નાન કરી તેઓ ઉલ્લાસપૂર્વક પ્રભુભક્તિ કરે. આથી તીર્થયાત્રાનો વિષય લેવાય એ કુદરતી છે. મધ્યકાળમાં તીર્થો વિશે જે ફાગુકાવ્યો લખાયા છે તે બહુધા રાજસ્થાનનાં તીર્થો વિશેના છે. સાધુ કવિઓ ત્યારે મુખ્યત્વે વિચરતા અને ત્યાંથી યાત્રા સંઘો નીકળતા. એ સંઘો નજીકના તીર્થની યાત્રા કરતા તીર્થ વિશેનાં જે ફાગુકાવ્યો ઉપલબ્ધ છે. આમ જાણે ઘણા તીર્થોની યાત્રાઓ કરવા નીકળ્યા હોઈએ એવી દિવ્ય અનુભૂતિ થતી હોય એવું લાગે છે. ઘણા ફાગુકાવ્યો લખાયા છે. જેમાના થોડાં આ પ્રમાણે છે :

**(૧) સોમસુંદરસૂરિકૃત રંગસાગર પાર્શ્વ તીર્થંકર ફાગ :**

તીર્થ વિશેનાં જે ફાગુકાવ્યો લખાયા છે. તેમાંનું એક સરસ ફાગુકાવ્ય રાવણા પાર્શ્વનાથ તીર્થ વિશે મળે છે. આમા કર્તાનું નામ નહિ, કે ગુરુ પરંપરાનો કશો નિર્દેશ કર્યો નથી. પરંતુ હસ્તપ્રતમાં સોમસુંદરસૂરિજીનો ઉલ્લેખ છે.

આ ફાગુકાવ્યની રચના જે તીર્થ વિશે થઈ છે. તે તીર્થના મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. પરંતુ પાર્શ્વનાથનાં જે જુદાં-જુદાં પ્રાચીન તીર્થો છે. આ કાવ્યનું નામ 'રંગસાગર' એવું રાખવામાં આવ્યું છે.

रंगसागर नामाऽयं फागः सागरगौरवम् । આ કાવ્યનો રચનાકાળ નિરચિતપણે જાણવા મળતો નથી. સોમસુંદરસૂરિ વિક્રમના ૧૫ કાવ્યનો આરંભ સંસ્કૃત શ્લોકથી થાય છે. કવિ મોટા યોગસાધક હોવાં જોઈએ.

કવિ એ જિનપૂજા માટે સજ્જ થયેલી નારીઓનાં વસ્ત્રાલંકારનું વર્ણન કરે છે. પીત પટોળુ, નવરંગ ચુંદડી વગેરે વસ્ત્રો તથા કાને કુંડલ, પગમાં નૂપુર, હૈયા પર હાર, મસ્તકે રાખડી આભૂષણોનો ઉલ્લેખ કવિ કરે છે.

કામિનીના નયનકટાક્ષ માટે કવિએ સુંદર રૂપક પ્રયોજ્યું છે. કામિનીનું સુંદર શરીર એ ઘર છે એવું વર્ણન કરે છે. દ્રવ્ય પૂજા પછી ભાવપૂજા થાય છે. સ્તવનો ગણાય છે. સ્તુતિ થાય છે. પાર્શ્વનાથ પ્રભુનો મહિમા ગાતા અંતે કવિ કહે છે :

**"પ્રગટ પ્રભાવિ ગાજ તઉ આજ તઉ તુંહિ જિ દેવ;**

**ભવિ ભવિ શિવસુખ આપણી, આપણી દઈ પયસેવ."**

આમ વસંતવર્ણન, નારીવૃંદ વર્ણન અને જિનપૂજા વર્ણન એમ ત્રણ વિભાગમાં કવિએ કાવ્યની રચના કરી છે. દરેક વિભાગને યોગ્ય ન્યાય આપ્યો છે. તીર્થ વિશેનું આ એક મહત્ત્વનું ફાગુકાવ્ય છે.

### (૨) અજ્ઞાત કવિકૃત રાણપુર મંડન ચર્તુમુખ આદિનાથ ફાગ :

વિક્રમનાં સોળમા શતકમાં કોઈ અજ્ઞાત કવિએ રાણકપુર વિશે 'રાણપુરમંડન ચર્તુમુખ' આદિનાથ ફાગની રચના કરી છે. આ ફાગુકાવ્ય પ્રાચીન ફાગસંગ્રહમાં છપાયું છે.

રાણપુર એટલે આજનું રાણકપુર દેલવાડાની જેમ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર જૈનોના સુપ્રસિદ્ધ તીર્થ રાણકપુરના મંદિરમાં મૂળનાયક તરીકે ઋષભદેવ ભગવાન એટલે આદિનાથ પ્રભુ છે. આ મંદિરમાં એનાં મંડનરૂપ એટલે કે શોભારૂપ આદિનાથ ભગવાનની શ્વેત સંગેમરમરમાંથી એકસરખી કંડારેલી ઊંચી, મોટી ભાવવાહક ચાર પ્રતિમાની રચના કરવામાં આવી છે. જેથી મંદિરની ચારે દિશામાં આવેલા ચારે દ્વારમાંથી પ્રવેશનારને સીધા પ્રતિમાના દર્શન થાય. અહીં ચારેબાજુથી ભગવાનના પૂરા દર્શન થઈ શકે એવી ચાર પ્રતિમાની રચના કરવામાં આવી હોય તેને ચૌમુખી મંદિર કહેવામાં આવે છે. આ ફાગુની રચનાકાળ મળેલ નથી. પરંતુ એક બીજી હસ્તપ્રત વિ.સં. ૧૫૫૭માં અચલગચ્છના પંન્યાસ શ્રી વિનયમંડન ગણિના હાથે સુરતમાં લખાયેલી છે. રાસાઓ, અંદોલા, ફાગ, ભાષા વગેરે વિવિધ છંદોની ૮૦ કડીની આ કાવ્યરચનામાં કવિએ સરસ્વતી દેવીની સ્તુતિ કરીને આરંભમાં કુંભકર્ણ રાજા અને એમની રાણપુર નગરીનું વર્ણન કર્યું છે. રાણકપુરનું મંદિર બંધાવનાર તે ધરણાશાહ છે. તેઓ મેવાડના કુંભકરણ રાજાના મંત્રી હતા. આમ ધરણવિહાર તરીકે પણ ઓળખાય છે.

**ચઉમુખ જિણહર રંજાઈ, જન મન ત્રિભુવનદીપક નામ રે,**

**તિહિ ચિહ્નરૂપિ યુગાદિ જિણેસર, અવવેસર અભિરામરે.**

મંદિરના સ્તંભોમાં અને અન્યત્ર કોતરેલી વિવિધ સુરેખ પૂતળીઓ તે રંભા, ઉર્વશી જેવી સજીવન અપ્સરાઓ લાગે છે. આ ફાગુકાવ્ય છે, એટલે એમાં વસંત-વર્ણન તો આવે જ. એ માટે કવિએ વસંતઋતુમાં પૂનમે યાત્રા માટે આવતા સંઘોનો ઉલ્લેખ કર્યો છે. આ શાશ્વત સમવસરણ હોય એવાથી ભાવવિભોર થઈ જાય છે. આમ ૮૦ કડીનું આ ફાગુકાવ્ય આપણા ફાગુસાહિત્યમાં એક ગણનાપાત્ર કૃતિ બની રહે છે. આમ તીર્થ વિશેનાં ઉપલબ્ધ ફાગુકાવ્યોમાં તે શ્રેષ્ઠ છે. પ્રાસાનુપ્રાસયુક્ત, ભાવવાહી, લયબદ્ધ ભાષા કાવ્યને સુગેય બનાવે છે. કવિની મૌલિક કલ્પનાશક્તિના ઉન્મેષોએ આ ફાગુકાવ્યને ઊંચી પરિપાટીનું બનાવ્યું છે.

### (૩) પ્રસન્નચંદ્રસૂરિકૃત - રાવણિ પાર્શ્વનાથ ફાગુ :

જૈન કવિઓએ જેમ વ્યક્તિ વિષયક ફાગુકાવ્યોની રચના કરી છે. તેમ તીર્થ વિષયક ફાગુકાવ્યોની રચના પણ કરી છે. વસંતઋતુમાં ફાગણ ચોમાસી ચૌદશ અને ચૈત્ર પૂનમ એ બે જૈનોમાં પ્રસિદ્ધ પવિત્ર પર્વો છે. ૧૫મા શતકના કવિ પ્રસન્નચંદ્રસૂરિએ રાવણિ પાર્શ્વનાથ ફાગુમાં તત્કાલીન સુપ્રસિદ્ધ રાવણિ તીર્થ વિશે ફાગુકાવ્યની રચના કરી છે. પાર્શ્વનાથ ૨૩ તીર્થંકર તેમની પૂજાભક્તિ બહુ ચમત્કાર ભરેલી મનાય છે. તેમના રક્ષકદેવ યક્ષ ધરણેન્દ્ર અને દેવી પદ્માવતીની ઉપાસના પણ લાભકારક ગણાય છે. પાર્શ્વનાથનાં જીવનની એક મહત્ત્વની ઘટના તે નાગને બચાવવાને લગતી છે. અશ્વસેન રાજા અને વામાદેવીના પુત્ર પાર્શ્વકુમાર એક વખત જંગલમાં પોતાનો ઘોડા ઉપર પસાર થઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં એમણે એક કઠોર તપસ્વીને જોયો. કમઠ નામનો એ તાપસ અગ્નિ દાખવીને તપશ્ચર્યા કરતો હતો. પરંતુ એ બળતા લાકડામાં એક નાગ બળી રહ્યો હતો. તેની એને ખબર ન હતી. એ વખતે રાજકુમાર પાર્શ્વનાથે પોતાના જ્ઞાનથી જોયું કે અગ્નિમાં એક નાગ બળી રહ્યો છે. એમણે કમઠને તે વિશે કહ્યું. પરંતુ કમઠે તે સાચું માન્યું નહિ. એટલે પાર્શ્વનાથે બળતાં લાકડામાંથી નાગને બહાર કાઢ્યો. નાગમાં હજુ જીવ હતો. પાર્શ્વકુમારે એને નવકાર મંત્ર સંભળાવ્યો. નાગ મૃત્યુ પામીને દેવલોકમાં ધરણેન્દ્ર નામનો દેવ થયો. કમઠ તાપસ ખોટો પડ્યો. એટલે તે પાર્શ્વકુમાર ઉપર રોષે ભરાયો, પરંતુ પાર્શ્વકુમારને કશું કરી શક્યો નહિ. કમઠ પોતાની તપશ્ચર્યાને પ્રભાવે મૃત્યુ પામીને મેઘમાળી દેવ થયો. મનમાં વેરનો અગ્નિ શમ્યો ન હતો. એ વખતે પાર્શ્વકુમાર રાજ્ય અને ઘર ત્યજીને સંયમદીક્ષા સ્વીકારીને પાર્શ્વનાથ

બન્યા હતા. પાર્શ્વનાથે મેઘમાળી કમઠ અને ધરણેન્દ્ર બંને પ્રત્યે સમત્વની જ દૃષ્ટિ રાખી; કારણ કે તેઓ હવે રાગ અને દ્વેષથી પર થયા હતા. આમ રાવણિ તીર્થની ભવ્યતા ખૂબ જ છે. આસપાસના નૈસર્ગિક રમણીય વાતાવરણનું શબ્દચિત્ર દોરતાં કવિ સુંદર લખે છે. આ તીર્થનો મહિમા વર્ણવતા વળી કવિ કહે છે કે - 'ચોરી, રોગ, શોક, દરિદ્રતા, દીનપણું ઈત્યાદિ ત્યાં સુધી જ હોય છે, જ્યાં સુધી રાવણિ પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન કર્યાં નથી.' દુહા અને રોળાની બધી મળી ૧૬ કડીમાં કવિએ કરેલી આ રચનામાં પંક્તિને અંતે અનુપ્રાસની સંકલના થઈ છે. પરંતુ તેમાં આંતરયમકની રચના નથી. આમ આ રીતે આ ફાગુકાવ્યમાં તીર્થનો અનેરો મહિમા વર્ણવેલ છે.

## (૪) મેરુનંદનકૃત જીરાવલ્લી પાર્શ્વનાથ ફાગુ :

કવિ મેરુનંદન ઉપાધ્યાય સંવત ૧૪૩૨માં જીરાવલ્લા પાર્શ્વનાથ ફાગુની રચના કરી છે. મેરુનંદન ખરતરગચ્છનાં જિનોદયસૂરિના શિષ્ય હતા. એમણે પોતાના ગુરુ વિશે સંવત ૧૪૩૨માં 'જિનાદેય' 'વિવાહલઉ' નામની કૃતિની રચના કરી હતી. આ ઉપરાંત એમણે સુપ્રસિદ્ધ 'અજિત શાંતિ સ્તવન'ની રચના કરી છે.

આબુ પાસે આવેલું જીરાવાલા પાર્શ્વનાથ નામનું તીર્થ આજે પણ મહિમાવંત છે. જિનમંદિરમાં પ્રતિષ્ઠાના પ્રસંગે જીરાવાલા પાર્શ્વનાથને વંદન કરવાની પ્રણાલિકા છે. ૬૦ કડીની આ રચના કરી છે. સરસ્વતીનું સ્મરણ કરીને અને પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કરીને કવિ જીરાવાલા પાર્શ્વનાથનો મહિમા ગાવા માટે પ્રવૃત્ત થાય છે. અશ્વસેનરાજા અને વામાદેવીના પુત્ર પાર્શ્વકુમારે અગ્નિમાં બળતા નાગને બચાવી લીધો અને એને નવકાર મંત્ર સંભળાવી એનો ઉદ્ધાર કર્યો હતો. જીરાવાલા પાર્શ્વનાથનો મહિમા કવિએ પતિ-પત્નીના સંવાદરૂપે મૂક્યો છે. પોતાનો ચોર પતિને પત્ની કહે છે કે - 'જીરાવલ્લા પાર્શ્વનાથનાં ક્ષેત્રમાં તું પાપચરણ કરીશ તો તારા પ્રાણ જશે.' રતિ પતિ કામદેવનો ઉલ્લેખ પણ ત્યાં કરવામાં આવ્યો છે. કામદેવ પ્રભાવ પાડવા જાય છે. ત્યારે તે પરાજિત થાય છે; કારણ કે ત્યાં આવેલી એ નારીનાં ચિત્ત પાર્શ્વનાથની ભક્તિથી ભરેલા હોય છે અને એમની જીભે નવકાર મંત્રનું રટણ હોય છે. આમ આ કૃતિમાં તીર્થનું વાતાવરણ કેટલું શુદ્ધ રહે છે. એને અશુદ્ધ કરનાર દુઃખોને કેવો ભોગ બને છે, તેનું અદ્‌ભુત સૂચન કર્યું છે.

### (૫) હર્ષકુંજરરચિત રાવણ પાર્શ્વનાથ ફાગ :

રાજસ્થાનમાં અલવર શહેરથી ચારેક માઈલ દૂર એક પહાડીની તળેટીમાં રાવણા પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ હતું. આજે તે સ્થળે મંદિરનું માત્ર જીર્ણ ખંડિયેર નજરે પડે છે. પાર્શ્વનાથનાં પ્રતિમાજી એ ખંડિયેર મંદિરમાં નથી.

આ તીર્થ 'રાવણ પાર્શ્વનાથ' દંતકથાનુસાર એક વખત રાજા રાવણ અને રાણી મંદોદરીએ આ રસ્તેથી વિમાનમાં પસાર થતા હતા. ત્યારે આ સ્થળે મુકામ કર્યો હતો. રાણી મંદોદરીને રોજ જિનપૂજા કર્યા પછી જ ભોજન કરવાનો નિયમ હતો, પરંતુ તેઓ પોતાની સાથે જિન પ્રતિમા લેવાનું ભૂલી ગયા હતા. એટલે આ સ્થળે રોકાઈને પાર્શ્વનાથ ભગવાનની વેળુની પ્રતિમા બનાવીને પાર્શ્વનાથ તીર્થંકરનું આહ્વાન કર્યું. ત્યાર પછી સંનિધિકરણ, સ્થાપન વગેરેની વિધિ કરી પછી પ્રતિમાની પૂજા કરી અને ત્યાર પછી તેમણે ભોજન કર્યું. સતી મંદોદરીના શીલનો પ્રભાવ એટલો મોટો હતો કે વેળુનાં એ પ્રતિમાજી ત્યાર પછી નક્કર પથ્થરનાં બની ગયા અને કાળક્રમે ત્યાં મોટું તીર્થ વિકસ્યું; કારણ કે મેવાડના મિત્રવંશી જૈનધર્મી રાણાએ 'રાવણ' તરીકે ઓળખાતા હતા. પ્રારંભમાં કવિએ રાવણ-નૈસર્ગિક વાતાવરણ ત્યાર બાદ એની ભવ્યતાનું નિર્દેશન કર્યું છે. કાવ્યનાં વર્ણન પ્રમાણે આ મંદિરનું શિલ્પ દેવોના નલિનીગુલ્મ વિમાનના આકારનું છે. મંદિરના સ્તંભો, મંડપો, તોરણો, શિલ્પાકૃતિઓ, શિખર, કલશ વગેરેની શોભાનું વર્ણન કર્યું છે. ફાગુમાં પાર્શ્વનાથનાં પ્રતિમાજીની પૂજાવિધિનું પણ કવિએ વર્ણન કર્યું છે. આમ રાવણ પાર્શ્વનાથની તીર્થયાત્રાની મહિમાનું સરસ આલેખન આ કાવ્યમાં કર્યું છે. કાવ્યત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો અગાઉ લખાયેલી પ્રસન્નચંદ્રસૂરિની આ વિષયની ફાગકૃતિ કરતાં કેટલીક વિશેષ ચમત્કૃતિ હર્ષકુંજરચિત આ ફાગુકાવ્યમાં જોવાં મળે છે.

### (૬) સમરકૃત અષ્ટાપદ ફાગુ :

૧૫મા સૈકાના કવિ સમરે 'નેમિનાથ' ફાગુ નામની એક કૃતિની રચના કરી છે. આ કવિની બીજી એક રચના અષ્ટાપદ વિશે મળે છે. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ ત્યાં નિર્વાણ પામ્યા હતા. એમના પુત્ર ભરત મહારાજાએ ત્યાં વર્તમાન ચોવીશીના ચોવીસ તીર્થંકરોની પ્રતિમા કરાવી હતી. એટલે અષ્ટાપદ તીર્થનો મહિમા ઘણો મોટો છે. આ કાવ્યને અંતે લખે છે :

'કેવલિ શું ગિરિ સાચું દાખિઉ
વર્ણવી સમરુ કહિ ન જાણું
પ્રવર તીરથ નમો જિણાણં'

આ કૃતિ તે ફાગુકાવ્યના પ્રકારની છે કે ફાગુકાવ્યરૂપે સ્તવનના પ્રકારની છે. તે વિશે તો આખી કૃતિ ઉપલબ્ધ થતાં નિર્ણય થઈ શકે, જે અલભ્ય છે.

### (૭) સમયધ્વજકૃત ખીરિયમંડણ પાર્શ્વનાથ ફાગુ :

૧૫ કડીમાં લખાયેલા અદ્યાપિ અપ્રસિદ્ધ આ ફાગુના કર્તા છે. કવિ સમયધ્વજ તેઓ ખરતરગચ્છના હતા. તેમણે સં. ૧૬૧૧માં 'સીતા ચોપાઈ' નામની રાસકૃતિની રચના કરી છે. ફાગુકાવ્યનું શીર્ષક સૂચવે છે કે તે પ્રમાણે 'ખીરિય' નામના તીર્થના મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મહિમા એમાં ગવાયો છે. ઋતુનું વર્ણન - નરનારીનું વર્ણન કરેલું છે. તેમાં પાર્શ્વનાથના માતા વામાદેવીને પાર્શ્વનાથ જ્યારે ગર્ભાવસ્થામાં હતા ત્યારે જે ચૌદ સ્વપ્ન આવે છે અને અશ્વસેન રાજા તે સ્વપ્નોનો અર્થ સમજાવે છે. તેવો નિર્દેશ કર્યો છે. પાર્શ્વનાથનાં જન્મ, નામકરણ, ત્રીસ વર્ષ સુધી ગૃહવસ્થામાં એમણે આચરેલ દાનધર્મ, તપશ્ચર્યા ઈત્યાદિનું વર્ણન કરી કવિ ખીરિયમંડણ પાર્શ્વનાથનાં તીર્થનો મહિમા દર્શાવે છે. કાવ્યત્વની દષ્ટિએ આ ફાગુકાવ્યનું જેટલું મૂલ્ય છે. તેથી વિશેષ મૂલ્ય તીર્થના મહિમાની દષ્ટિએ છે.

### (૮) સત્યશેખર શિષ્યકૃત આદિનાથ ફાગુ :

તીર્થો વિશે જે ફાગુકાવ્યો લખાયા છે. એમાં આદિનાથના તીર્થ વિશે એક ફાગુકાવ્ય સાયશેખરનાં શિષ્યે લખેલું મળે છે. ૨૫ કડીના આ કાવ્યમાં પોતાના નામનો સ્પષ્ટ ઉલ્લેખ ન કરતાં પોતાને સત્યશેખરના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે.

કવિએ આરંભમાં અને અંતે એક-એક સંસ્કૃત શ્લોકની રચના કરી છે. આરંભમાં સરસ્વતી દેવીની સ્તુતિ કર્યા પછી કવિ વસંતના વધામણા ગાય છે.

આ વસંતઋતુમાં પ્રકૃતિનું વર્ણન ભાવોલ્લાસપૂર્ણ રાસક્રોડાનું વર્ણન કરે છે. રાસક - અંદોલા - ફાગ વગેરે પ્રકારનાં બંધમાં કવિએ રચેલ આ ફાગુકાવ્યમાં કવિનું વર્ણન મનોહર અને રસિક છે. જિનપૂજાની તૈયારીનું પણ વર્ણન ખૂબ સારી રીતે કર્યું છે. કવિએ કાવ્યમાં તીર્થનાં ઈતિહાસ કે મહિમાનો પરિચય ખાસ આપ્યો નથી.

## (૯) રાજરિદ્ધિકૃત ઝાલોર પાર્શ્વનાથ ફાગ :

તીર્થ વિશેનાં જે કેટલાક ફાગુ મળે છે. તેમાં ઝાલોરના શ્રી પાર્શ્વનાથ ભગવાન વિશે પણ ફાગુકાવ્ય મળે છે. આ ફાગુકાવ્ય દસ કડીનું છે. કાવ્યને અંતે પુષ્પિકાનો ઉલ્લેખ **'इति श्री पार्श्वनाथस्य फाग समाप्तः ।'** એટલે આ કાવ્યને ફાગુ તરીકે ઓળખવામાં આવ્યું છે. કવિએ પોતે જણાવ્યું છે, તેમ ઝાલોરના ઉત્તમ નગરમાં અનેક જિનમંદિરો હતા. તેમાંથી ઈન્દ્રના વિમાન જેવા મંદિરમાં બિરાજમાન પાર્શ્વનાથ ભગવાનની અહીં સ્તુતિ કરવામાં આવી છે.

ઝાલોર અત્યંત પ્રાચીન ઐતિહાસિક તીર્થસ્થળ છે. ઝાલોરના પહાડને સોવનગિરિ, સોનગિરિ કે સુવર્ણગિરિ તરીકે પણ ઓળખવામાં આવે છે. તળેટીમાં વસેલું નગર તે ઝાલોર (જાબાલિપુરી) તરીકે ઓળખાય છે. રાજસ્થાનમાં જોધપુરની દક્ષિણે ૭૦ જેટલા માઈલ પર, નદીના કિનારે આવેલું તે નગર છે. આ સુવર્ણગિરિ ઉપર 'યક્ષવસતિ' નામનું જૈન મંદિર બાંધવામાં આવ્યું છે. કુમારપાળ મહારાજાએ પાર્શ્વનાથનું જિનમંદિર ગઢ ઉપર બંધાવ્યું હતું. આ મંદિર પર જિનાલયવાળુ પાર્શ્વનાથ ભગવાનની ફલાવાળી પ્રતિમા હતી. એમાં ઋષભદેવનું અષ્ટાપદયુક્ત જિનમંદિર ઘણું સુપ્રસિદ્ધ થયેલું છે. આ જિનમંદિરમાંથી કવિએ આ ફાગુકાવ્યમાં રાજા કુમારપાળે બંધાવેલા પાર્શ્વનાથ ભગવાનના મંદિરનું વર્ણન કર્યું છે.

આ ફાગુકાવ્યમાં ધ્રુવપંક્તિ તરીકે કવિએ 'ઈન્દ્રવિમાન પાસ ભવન રળિયામણું' એવી પંક્તિ પ્રયોજી છે અને દરેક કડીનું છેલ્લું ચરણ 'તિકિસોહઈ' એ પ્રમાણે એકસરખું જ રાખ્યું છે. કવિની રચના સુગેય છે. અને એમાં ઝાલોર તીર્થનો મહિમા સારી રીતે દર્શાવ્યો છે.

## (૧૦) ખેમરાજકૃત મંડચાચલ ચૈત્યપરિપાટી ફાગ :

ખરતરગચ્છના કવિ ખેમરાજે રચેલ 'મંડચાચલ ચૈત્યપરિપાટી ફાગ' ફાગુકાવ્યોમાં એક જુદી ભાત પાડતું ફાગકાવ્ય છે. એના રચયિતા કવિ ખેમરાજ વિક્રમના સોળમા શતકના કવિ છે. ૨૩ કડીના આ કાવ્યમાં કોઈ એક જ ચૈત્યનો નહિ, પણ ચૈત્યપરિપાટીનો વિષય - મંડચાચલ પ્રદેશમાં આવેલા ભિન્ન-ભિન્ન તીર્થોની યાત્રાનો વિષય લીધો છે. કાવ્યનો આરંભ કરતાં કહે છે કે - 'જિનબિંબો જુહારવા માટે સંઘ નીકળ્યો છે. એક પછી એક તીર્થની યાત્રા થાય છે.' ચૈત્યપરિપાટીનું વર્ણન કરીને અંતે કવિ એનો ઉલ્લેખ કરતાં કહે છે :

"ફાગબંધિ જે પુણ્યવંત નારી નર ગાવઈ,
ખેમરાજ ગણિ ભણઈ તેઈ ફલ પાવઈ."

### (૧૧) શિવસુંદર રચિત ચિત્તોડના આદિનાથ ફાગ :

જૈન તીર્થો વિશે જે ફાગુકાવ્યો લખાયા છે. તેમાં ચિત્તોડના શ્રી આદિનાથ ભગવાન વિશે લખાયેલું એક ફાગુકાવ્ય મળે છે. ૧૭ કડીના આ ફાગુકાવ્યના રચયિતા છે કવિ શિવસુંદર. કવિએ પોતાના ગુરુ ખેમરાયનો ઉલ્લેખ કર્યો છે. આ ફાગુકાવ્ય ચિત્તોડના આદિનાથ ભગવાન વિશે લખાયું છે. આ ફાગુકાવ્ય ચિત્તોડના આદિનાથ ભગવાન વિશે લખાયું છે. 'ગઢ તો ચિત્તોડગઢ ઔર સબ ગઢઈયા' જેવી લોકોક્તિ જેને માટે પ્રસિદ્ધ છે. એ ચિત્તોડનો કિલ્લો મૌર્યવંશી રાજા ચિત્રાંગદે બંધાવ્યો હતો, અને ચિત્રકૂટ તરીકે તે પ્રસિદ્ધ છે. ચિત્રકૂટ પરથી ચિત્તોડ શબ્દ આવ્યો છે. સોળમા સૈકામાં તો ચિત્તોડમાં ૩૨ જેટલાં જિનમંદિરો હતા. જેમાં મૂળનાયક આદિનાથ હોય એવાં ચારેક મંદિરો હતા. જેમાં મૂળનાયક આદિનાથ - અષ્ટાપદનો ઉલ્લેખ કર્યો છે. આ કાવ્યમાં કવિએ મંદિરનાં સુવર્ણકળશ, દંડ, ધજા, કોતરણીવાળા સ્તંભ, જિનેશ્વરના બિંબ, રંગમંડપ ઈત્યાદિનાં સૌંદર્યનું વર્ણન કર્યું છે.

જિન મંદિરમાં જિન પ્રતિમાની દ્રવ્યપૂજા થાય છે. પછી ભાવપૂજા થાય છે, અને ભાવનામાં નૃત્ય, નાટક એવું કવિ વર્ણન કરે છે. ૧૧ કડીના આ ફાગુકાવ્યોમાં કવિએ પ્રાસાનુયુક્ત સંકલના કરી છે. પરંતુ નિરૂપણ ઘણું ખરું પરંપરાનુસારી છે.

### (૧૨) ગુણવિજયકૃત બંભણવાડમાંડન મહાવીર ફાગ :

ગુણ વિજય નામના ચારેક કવિઓ ૧૬-૧૭મા શતકમાં થઈ ગયા. એમાં તપગચ્છમાં વિજયસેનસૂરિની પાટે કમલવિજયના શિષ્ય વિદ્યાવિજય અને એમના શિષ્ય ગુણવિજયે, 'વિજયસિંહસૂરિ રાસ', 'શીલબત્રીસી', 'વિજયસેનસૂરિ નિર્વાણ સ્વાધ્યાય', '૭૨૦ જિનનામ સ્તવન' વગેરે પ્રકારની કૃતિઓની રચના કરી છે. એમણે બે ફાગુકાવ્યોની પણ રચના કરી છે. ગુણવિજયની કૃતિઓમાં કેટલીકમાં એની રચનાસાલ આપવામાં આવી છે. બંભણવાડ હાલનું નામ બ્રાહ્મણવાડા છે. બ્રાહ્મણવાટક પરથી તે આવ્યું છે. અહીં શ્રી મહાવીર સ્વામીનું મંદિર ઠેઠ સંપ્રતિ રાજાના વખત પહેલાનું મનાય લાવણ્યમય, વિશાલ સુંદર, ક્ષેમકુશળ વગેરે કવિઓએ આ તીર્થનો ઉલ્લેખ કર્યો છે. વખત જતાં એનો જીર્ણોદ્ધાર થયો છે.

ગુણવિજયજીએ ફાગુના આરંભમાં સરસ્વતી દેવીની સ્તુતિ કરી છે. કવિનો આશય તો મહાવીર ભગવાનની સ્તુતિ કરવાનો છે. ફાગને અંતે પોતાની ગુરુપરંપરાનો અને પોતાના નામનો નિર્દેશ કર્યો છે. અંતે 'કલશ'ની લયબદ્ધ પ્રાસાનુયુક્ત મધુર પંક્તિઓમાં શ્રી પ્રભુના ધ્યાનનો મહિમા વર્ણવે છે.

**(૧૩) દેવતિલકકૃત રાવણ પાર્શ્વનાથ ફાગ :**

રાજસ્થાનમાં અલવર પાસે પહાડની તળેટીમાં જે સુપ્રસિદ્ધ તીર્થ રાવણ-પાર્શ્વનાથ હતું તે હાલ ભગ્નાવશેષરૂપ જ્યારે આ તીર્થનો મહિમા મોટો હતો, ત્યારે અનેક લોકો એની યાત્રાએ આવતા. આ તીર્થ વિશે જયસિંહસૂરિના શિષ્ય પ્રસન્નચંદ્રસૂરિએ અને સાધુરગ ઉપાધ્યાય શિષ્ય હર્ષકુંજરગણિએ ફાગુકાવ્યની રચના કરી છે.

આ રાવણા પાર્શ્વનાથ વિશે ૧૮ કડીની એક ફાગકૃતિ લખાયેલી સાંપડે છે. જેના કર્તા ધનસારના શિષ્ય દૈવતિલક આ ફાગુકાવ્યોમાં કવિએ રાવણા-પાર્શ્વનાથ તીર્થનો મહિમા દર્શાવ્યો છે. આમ આ તીર્થ માહાત્મ્ય દર્શાવ્યું છે.

આમ જૈન સાહિત્યમાં તીર્થ માહાત્મ્ય અનેરું છે. એમાં આ રીતે ફાગુકાવ્યોનો પરિચય આપવામાં આવ્યો છે. જે અનન્ય છે - વિશેષ છે.

## સંદર્ભ સૂચિ


(૧) જૈન રાસ વિમર્શ
સં. - અભય દોશી, દીક્ષા સાવલા, સીમા રાંભિયા
રૂપચંદજી માણેકજી ટ્રસ્ટ. વર્ષ - ૨૦૧૩-૧૪
(૨) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ.
(૩) મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય.
(૪) દર્શન અને ચિંતન - પં. સુખલાલજી.
(૫) તત્ત્વાર્થ સૂત્ર - સંપા. પં. સુખલાલજી.
(૬) जैन धर्म सिद्धांत का तुलनात्मक अध्ययन - डो. सागरमल जैन
(૭) **The Central philosophy of Jainisum - Buddhim - T.R.V. Murti.**
(૮) **Studies in Jain Philosophy - Nathraull tatia**
(૯) ફાગુકાવ્યો પરિચય - **Zerox copy**
(૧૦) ગુર્જર ફાગુ સાહિત્ય.

# શત્રુંજયની ચૈત્યપરિપાટી

**પ્રસ્તાવના :**

પરમ કૃપાળુ દેવાધિદેવ વીતરાગ પરમાત્માએ સંસાર સાગર તરવા માટે અનેક યોગો બતાવ્યાં છે. તપ, જપ, ધ્યાન, સ્વાધ્યાય, ભક્તિ આદિ તમામ યોગોનું આલંબન લઈને જીવો આત્મકલ્યાણ તરફ આગળ વધી રહ્યાં છે. પણ એ સર્વ યોગોનું આરાધન કરવા માટે શારીરિક શક્તિ, બુદ્ધિની તીવ્રતા, અપ્રમત્તદશા, સાત્ત્વિકતા આદિની જરૂર પડે પણ આ બધામાં આત્મકલ્યાણ માટે પરમાત્મા ભક્તિ યોગ સુલભ છે. જે આબાલવૃદ્ધ સહુ કોઈ આરાધી શકે છે માટે જ તો મહામહોપાધ્યાય શ્રી 'યશો વિજયજી' મ.સા.એ સમગ્ર શ્રુત સાગરનું અવગાહન કરીને એક સાર જગતને આપ્યો છે.

'सारं एतन् मया लब्धं, श्रुत सागर अवगाहनं ।
भक्ति भागवती बीजं, परमानन्द संपदंप ॥'

આ ઉપરાંત ગણધર ભગવંતોએ પણ પ્રભુ ભક્તિનું મહત્ત્વ બતાવતાં અનેક પદોને શાસ્ત્રોમાં ઠેર-ઠેર બતાવ્યાં છે.

જેમ કે - 'ઈક્કોવિ નમુક્કારો', 'તુજઝ પણામો વિ બહુ ફલો હો', 'પૂજ્યમાને જિનેશ્વર'.

ઘણાં બધાં માણસોનો સમૂહ સાથે મળીને ભારેખમ લાકડાને ખસેડવામાં સમર્થ બનતો નથી. પરંતુ તેની નીચે પાણી આવી જાય તો નાનકડો બાળક પણ રમત માત્રમાં ખસેડી શકે છે. એવું ભક્તિરૂપી પાણી દ્વારા કર્મોથી ભારેખમ થયેલાં આત્મા અગાધ સંસારને તરી જાય છે. આવી પ્રભુ ભક્તિનો એક પ્રકાર એટલે **'ચૈત્ય પરિપાટી'**.

**ચૈત્ય શબ્દની વ્યાખ્યા :**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત 'પ્રતિમા શતક' ગ્રંથમાં ચૈત્ય શબ્દનો અર્થ આ પ્રમાણે બતાવ્યો છે - 'ચિતી ધાતુ ને, કર્માર્થક (ય) પ્રત્યય લાગવાથી 'ચૈત્ય' શબ્દ બનેલો છે.' નપુંસકલિંગમાં ચૈત્ય શબ્દના બે અર્થ થાય છે - (૧) જિનગૃહ અને (૨) જિનબિંબ. પુલિંગ ચૈત્ય શબ્દ લઈએ તો જિન સભાતરું અર્થાત્ અશોકવૃક્ષ એવો અર્થ પણ

થાય છે. શબ્દ રત્ન મહોદધીમાં ચૈત્ય શબ્દનો 'અર્હત્ પ્રતિમા' અર્હત્ મંદિર, જિન મંદિર આદિ તથા જૈન તીર્થંકરોના અતિશયરૂપ અશોકવૃક્ષ આદિ અર્થ બતાવ્યાં છે.

**'ભગવદ્ ગોમંડલ'** અનુસાર ચૈત્ય શબ્દના અનેક અર્થ બતાવ્યાં છે. જેમ કે વિશેષણમાં ચૈત્યનો અર્થ ચિતા સંબંધી, ચિત્તને આનંદ ઉપજાવનાર, જલદી - ઉતાવળું વગેરે બતાવ્યાં છે. જ્યારે પુલિંગમાં ચૈત્યનો અર્થ ચૈત્યએ નામનો એક દેશ, દેવ મંદિરમાં રહેલ દેવ, બુદ્ધ, વ્યક્તિગત આત્મા, વ્યંતર વગેરે દેવતા, સાધુ-શ્રમણ, બૌદ્ધ કે ભિક્ષુક, બુદ્ધ દેવના અવશેષ ઉપર બાંધેલો મિનારો, ચૈત્ય એટલે સમૂહ માટેનું ઉપાસના મંદિર, ધર્મ પરિષદ ભરવાનું સ્થળ વગેરે બતાવ્યાં છે; અને નપુસકલિંગમાં પણ ચૈત્ય શબ્દના અર્થ અનેક રીતે બતાવ્યાં છે. જેમ કે ચૈત્ય એટલે અશ્વત્થ વૃક્ષ, પીપળો, બગીચો, બાગ, કેવળજ્ઞાન - તીર્થંકરોનું જ્ઞાન, ચબૂતરાવાળું વૃક્ષ, ચિતા, પ્રતિમા ઉદ્દેશ્ય વૃક્ષ પવિત્ર પ્રાચીન સ્થળ, જીવતરુ, દેવાવાસ, યક્ષ વગેરે. વ્યંતર દેવતાનું સ્થાન, દેવસ્થાન, વેદી, સ્મરણસ્તંભ, પાળિયો, હદ બતાવનારો પત્થર, વિહાર, બૌદ્ધ સંન્યાસીઓને રહેવાનો મઠ વગેરે અર્થ બતાવ્યાં છે. ચૈત્યપરિપાટી અંતર્ગત ચૈત્ય શબ્દનો પ્રતિમા કે જિનગૃહ એ અર્થ બરાબર બેસે છે.

**'અભિધાન રાજેન્દ્ર કોષ'** અનુસાર પણ ચૈત્ય શબ્દના જુદા-જુદા અર્થ બતાવ્યાં છે તે નીચે પ્રમાણે છે.

'नीयाइ सुरलोए, भत्तिक्याइं च भरहमाइहिं,
निस्सा डनिस्सकसाई, मंगलक्यमुत्तरंगम्मि ।
वारतयस्स पुत्तो, पडिमं कासि य चेईए रम्मे,
तत्थ य थल्ली अहेसी, साहम्मियचेईयं तं तु ॥'

ચૈત્ય શબ્દનો અર્થ ચિત્તનો લેપ આદિ ચયનનો જે ભાવ તે ચૈત્ય. અને સંજ્ઞા શબ્દથી ચૈત્યનો અર્થ દેવતાનું પ્રતિબિંબ અથવા પ્રતિકૃતિ એવો અર્થ પણ થાય છે. ત્યાં ચૈત્ય પાંચ પ્રકારે બતાવ્યાં છે.

**ચૈત્યપરિપાટીની વ્યાખ્યા :**

**'ધન-ધન શ્રી અરિહંત રે...'જેણે ઓળખાવ્યો લોક સલૂણાં.'**

ભગવાનનો આપણી ઉપર અસીમ ઉપકાર છે. તે કૃતજ્ઞતા વ્યક્ત કરવા પૂરા ઠાઠમાઠથી દેરાસરે દેવાધિદેવના દર્શન કરવા ચતુર્વિધ સંઘ

(સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા) સાથે જવું. તેનું નામ **'ચૈત્યપરિપાટી'** સકલ સંઘ સાથે જવાથી ઉલ્લાસની વૃદ્ધિ થાય છે. સમ્યક્ત્વની નિર્મળતા અને શાસનની ઉન્નતિ થાય છે.

'ચૈત્યપરિપાટી' અર્થાત્ જે સ્થળે જેટલા ચૈત્યો હોય તે બધાને ક્રમસર જુહારવા. અહીં ચૈત્યનો રૂઢિગત અર્થ જિનગૃહ અર્થાત્ જિનમંદિર એ ગ્રહણ કરવું.

મુનિ શ્રી કલ્યાણવિજયજી એ 'ચૈત્યપરિપાટી'નો ઇતિહાસ આપતાં પાટણ 'ચૈત્યપરિપાટી'નાં પૃષ્ઠ - ૨-૮ પર નોંધ કરી છે. તેમાં જણાવ્યાં પ્રમાણે જૈનોમાં ચૈત્ય વા તીર્થયાત્રાઓ કરવાનો અને તેનાં વર્ણનો લખવાનો રિવાજ ઘણો પ્રાચીન હોવાનું દર્શાવ્યું છે અને આચારાંગની નિર્યુક્તિ, ચૂર્ણિ અને ભાષ્યમાંથી તથા છેદસૂત્રોના ભાષ્ય અને ટીકામાં તેના ઉલ્લેખો દર્શાવ્યાં છે.

આમ નગરવા ગામનાં સર્વ ચૈત્યોની યાત્રા તે 'ચેઈઅપરિવાડી' સમય જતાં 'ચૈત્યપરિપાટી યાત્રા' કહેવાતી અને એ પ્રવૃત્તિ વિશેષ પ્રચલિત થતાં ઉતાવળને લીધે (યાત્રા) શબ્દ નીકળી જઈ એ 'ચૈત્ય-પરિપાટી' શબ્દ જ પ્રાથમિક મૂળ અર્થને જણાવવામાં રૂઢ થઈ ગયો. વખત જતા 'ચૈત્યપરિપાટી' ચૈત્યપરિવાડી - ચૈત્ય પ્રવાડી ઇત્યાદિ અનેક પ્રકારનાં 'ચેઈઅપરિવાડી' જત્તાના સ્થાને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ શબ્દો રૂઢ થયાં.

'ચૈત્યપરિપાટીઓ' નગરની તીર્થયાત્રાનું વર્ણન કરે છે. તેમાં મૂળ-નાયકોનાં સ્થાને તે ગર્ભગૃહમાં રહેલી પ્રતિમાઓ, દેરાસરને ભોયરું હોય કે તે બાવન જિનાલય હોય એવી લાક્ષણિકતા રજૂ કરતી હોય છે.

**શાસન પ્રભાવનાનો એક પ્રસંગ :**

ચૈત્યની અર્ચા આદિ દ્વારા શાસનની ઉન્નતિ કરવી જોઈએ. એ વાતના સમર્થન માટે એક પ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું છે. એ પ્રસંગ પર્યુષણના વ્યાખ્યાનમાં આવે છે.

**શ્રી શત્રુંજય ગિરિરાજ માહાત્મ્ય :**

यस्तुंगैरति शोभते जिनगृहेः पंक्तिस्थिते रुजवले,<br>
र्नान्यो येन समोगिरिस्त्रिभुवने प्रौढ प्रभान्वान्वितः ।<br>
यस्मिन सिद्धिवधिर्वृतामुनिवरैः श्री पुंडरिकादिभि,<br>
स्तं शत्रुंजयशैलराजमनिशं वन्दे मुदा पावनं ॥

ઊંચા, અતિ શોભતાં, પંક્તિ બદ્ધ રહેલા અને ઉજ્જવળ એવા જિન મંદિરો વડે જણાવે છે કે - 'આ ગિરિરાજનાં સરખો પ્રૌઢ પ્રતાપવાળો બીજો ગિરિ ત્રણ ભુવનમાં નથી; કારણ કે આ ગિરિરાજ ઉપર શ્રી પુંડરીક ગણધર વગેરે મુનિવરો મોક્ષવધુને પામેલાં છે.' એવા આત્માને પવિત્ર કરનાર શ્રી શત્રુંજય ગિરિરાજને હર્ષથી હંમેશાં વંદન કરું છું.

આચાર્ય શ્રીપાદલિપ્તસૂરિજીના ભકત શિષ્ય નાગાર્જુન રાજાએ આ શાશ્વત તીર્થની તળેટીમાં ગુરુના નામને અમર કરવાને માટે એમના નામનું નગર વસાવ્યું. 'પાદલિપ્તપુર' જેનું પ્રાકૃત રૂપ બન્યું પાલિતપુર અને આગળ વધતાં અપભ્રંશ થઈને પાલિતાણા થયું. આ તીર્થના કણ કણમાં અનેક આત્માઓ મોક્ષે ગયાં છે. અને આ તીર્થ શાશ્વત છે. વિશ્વના તમામ તીર્થોની યાત્રા કરવાથી જે લાભ મળે છે, તેના કરતાં સો ઘણો લાભ આ શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવાથી મળે છે.

શત્રુંજય માહાત્મ્યમાં કહે છે કે :

'अप्य केवल मेतस्य, सेवनं विश्वपावनम् ।
भवलक्षार्जितं पापं, व्यपोहति समन्ततः ॥'

વિશ્વને પાવન કરનાર એવા આ ગિરિરાજનું એક વખતનું પણ સેવન લાખભવમાં અર્જિત કરેલાં પાપોને ચારે બાજુથી નક્કી જ નાશ કરે છે. ગિરિરાજ એવો મહાન છે કે એની મહિમાભરી વાતો સાંભળીએ ત્યારે પણ હજારો કે લાખોમાં નહિ. કરોડોમાં વાત કરવી પડે. એક આત્મા મોક્ષે જાય તોય વર્ષો સુધી તેની કથા થતી રહે. ગિરિરાજ પરથી મોક્ષમાં પધારનાર મહાન આત્માઓ કરોડોની સંખ્યામાં હોય તેવી વાત બહુ સહજ લાગે છે. તેથી જ તો એક સ્તવનમાં કહ્યું છે કે -

**'જે સઘળાં તીરથ કહ્યાં, યાત્રા ફળ કહિયે;**
**તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહિયે.'**

શત્રુંજય તીર્થની યાત્રા કરવાથી થતાં લાભનું વર્ણન ઉપદેશપ્રસાદ ગ્રંથમાં નીચે મુજબ જણાવ્યું છે :

- નંદીશ્વર દ્વીપની જાત્રા કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય.
- તેનાથી બે ગણુ પુણ્ય કુંડલગિરિની યાત્રા કરવાથી થાય.
- તેનાથી ત્રણ ગણુ પુણ્ય રુચકગિરિની યાત્રા કરવાથી થાય.
- તેનાથી ચાર ગણુ પુણ્ય ગજદંતગિરિની યાત્રાથી થાય.

- તેનાથી બે ગણુ પુણ્ય જંબૂવૃક્ષ ઉપર રહેલા ચૈત્યોની યાત્રાથી થાય.
- તેનાથી છ ગણુ પુણ્ય ઘાતકી વૃક્ષ ઉપર રહેલા ચૈત્યોની યાત્રાથી થાય.
- તેનાથી બાર ગણુ પુણ્ય પુષ્કરવર દ્વીપના ચૈત્યોની યાત્રાથી થાય.
- તેનાથી સો ગણુ પુણ્ય મેરુપર્વતની ચૂલિકા ઉપરના ચૈત્યોની યાત્રાથી થાય.
- તેનાથી હજાર ગણુ પુણ્ય સમેતશિખરની યાત્રાથી થાય.
- તેનાથી દસ હજાર ગણુ પુણ્ય અંજનગિરિની યાત્રાથી થાય.
- તેનાથી લાખ ગણુ પુણ્ય રૈવતગિરિની યાત્રાથી થાય.
- તેનાથી ક્રોડ ગણુ પુણ્ય શત્રુંજયની સ્પર્શના કરવાથી થાય.

## પ્રત પરિચય

**રાજરત્ન વિજયજીકૃત : પ્રસ્તુત કૃતિનો પરિચય :**

આ કૃતિની પુષ્પિકામાં તેનો રચના સ્થળ આદિ વિગત પ્રાપ્ત થાય છે જે નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| **રચના** | : | સંવત ૧૭૭૪ |
| **રચના સ્થળ** | : | વિજાપુર મધ્યે |
| **રચના પ્રેરક** | : | |
| **કૃતિના કર્તા** | : | શ્રી રાજરત્નવિજયજી મ.સા. |
| **કૃતિના લિપિકાર** | : | આ કૃતિના કર્તા રાજરત્નવિજયજીએ આ પ્રસ્તુત હસ્તપ્રત લખેલ છે. |
| **પત્રની સંખ્યા** | : | ૨ પત્રની |
| **પત્રમાં પંક્તિની સંખ્યા** | : | ૧૧ (લાઈન) |
| **પત્રની પહોળાઈ** | : | ૧૦.૫ (સેન્ટિમિટર) |
| **પત્રની લંબાઈ** | : | ૨૪ (સેન્ટિમિટર) |
| **એક લાઇનમાં અક્ષરો** | : | ૩૭ |
| **લેખન પદ્ધતિ** | : | લાલ રંગમાં વિશિષ્ટ પાઠો છે. અંક અને દંડ લાલ શાહીથી કરાયેલ છે. |
| **પાર્શ્વરેખા** | : | લાલ રંગથી કરેલ છે જેની સંખ્યા ૩ છે. |
| **અક્ષર** | : | સામાન્ય |
| **લિપિ** | : | જૈન દેવનાગરી લિપિ |
| **લખવાને આધાર** | : | કાગળ |

**કર્તા પરિચય :**

ઈડરમાં પોસીના પાર્શ્વનાથ ભગવાનની સહાયથી વિ.સં. ૧૬૯૬માં રચેલા વિજયાશેઠ - વિજયાશેઠાણી રાસની અંતિમ કડીઓમાં જણાવ્યા અનુસાર રાજરત્ન વાચક આચાર્ય શ્રી લક્ષ્મીસાગરસૂરિ - વિશાલસોમસૂરિજીની પરંપરાના છે. જૈન ગુર્જર કવિ ભાગ-૩માં જણાવ્યા અનુસાર ઉપાધ્યાય શ્રીના નામે વિજયશેઠ - વિજયાશેઠાણી રાસ અને નર્મદાસુંદરીનાં રાસનો ઉલ્લેખ મળે છે. ગુજરાતી સાહિત્ય કોશ (મધ્યકાલ) ભાગ-૧ના પૃષ્ઠ - ૩૫૨ ઉપર, ૭૦૧ કડીની રાજસિંહકુમાર રાસ (ર.સં. ૧૭૦૪ પોષ-૧૦, રવિવાર) કૃતિનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

આ સિવાય જ્ઞાનમંદિરમાં સંગ્રહિત માહિતી અનુસાર રાજરત્ન વાચકના નામે નીચે મુજબની કૃતિઓ પ્રાપ્ત થાય છે. જેમ કે અર્બુદગિરિ ચૈત્યપરિપાટી, સિવાયની બધી જ કૃતિઓ પ્રાયઃ અપ્રકાશિત છે. અહીંયાં નોંધ કરેલ સિવાયની રાજરત્ન ઉપાધ્યાયનો ઉલ્લેખ કરતી અન્ય રચનાઓ પણ પ્રાપ્ત થાય છે, પરંતુ એ કૃતિમાં કર્તા વિષયક વિશેષે સ્પષ્ટતા ન હોવાથી એ કૃતિઓને અહીંયાં નોંધી નથી. જેની વાચકે નોંધ લેવી.

**(૧) અર્બુદગિરિ ચૈત્યપરિપાટી કડી - ૨૪**

**અંતિમ -** સંવત સોલસત્તાણુઈ રે હાં,
ભેદિડ અરબુદગિરિરાય મેરે મનિ વસિઉ.
શ્રી વિશાલસોમસૂરિ સાનધિરં રે હાં,
કહિઈ રાજરત્ન ઉવજાય મેરે મનિ વસિઉ. (૨૪)

પ્રત નં. - ૪૮૯૩૫ ભાવ સહિત કરઉ જાત્ર...

**(૨) શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન, કડી - ૧૩, પ્રત નં. - ૪૦૭૩૪**

**આદિ -** સુરતરુ મુજ અંગણિ ફલિઉ રે, તૂઠઉ અમૃત જલધાર મેરે સાહિબ,
મનહ મનોરથ સવિ ફલ્યાં રે, દીઠઉ તુજ દિદાર મેરે સાહિબ. (૧)

**અંતિમ -** સંવત સોલ પંચાણુઈ રે, ઈંડરિ રહિયા ચુમાસ મેરે સાહિબ,
રાજરત્ન પાઠક વીનવઈ રે, પ્રભુ પૂરઉ મનની આસ મેરે સાહિબ. (૨)

**(૩) જ્ઞાન પંચમી સ્તુતિ કડી - ૪ પ્રત નં. - ૪૮૯૩૫**

**આદિ** - શ્રી નેમિસર સમુદ્રવિજયસુત, ત્રિભોવન જન હિતકારીજી,
**અંતિમ** - ચુવિહ સંઘ મનોરથ પૂરવઈ, રાજરત્ન સુખદાતાજી.

**(૪) વિશાલ સોમસૂરિ ભાસ, કડી - ૭ પ્રત નં. - ૪૪૪૮૪**

**આદિ** - ગચ્છનાયક ગુણનનિધિ ગાયું, મનવાંચ્છિત સવિ ફલ પાયું,
એહ સુરતિ કી બલિ જાયું લાલા રે, વિશાલજી ગુરુ વંદુ. (૧)

**અંતિમ** - ચિર પ્રતયું એહ ગુરુરાય, સોવનવરણી જસ કાય,
વાચક રાજરત્ન ગુણગાય, લાલા રે વિશાલજી ગુરુ વંદું. (૨)

**(૫) ગિરનારમંડન નેમિજિન સ્તવન, કડી - ૪૨. પ્રત નં. - ૮૪૪૪૦**

**આદિ** - શ્રી જિનવદન નિવાસિની, શ્રુતદેવી ધરી ધ્યાન,
નેમિનાથ ગુણ વર્ણવું, કવિજન માંગી માન. (૧)

**અંતિમ** - તપગચ્છતિ રે શ્રી વિશાલસોમસૂરિસરુ રે, સુવિહિત મુનિજનરાય,
જયવંતા ચિરુ રે હરખઈ રે, કહિ રાજરત્ન ઉવજાય મંગલ કરું રે. (૪૨)

**પ્રતના આધારે શત્રુંજય પરિપાટીનું વિશ્લેષણ :**

વિ.સં. ૧૭૭૪માં ઉપાધ્યાય શ્રી રાજરત્ન મ.સા.એ શત્રુંજયની યાત્રાના વર્ણન રૂપે માત્ર ૩૪ કડીઓમાં શત્રુંજયની માહાત્મ્યને શત્રુંજયની ચૈત્ય-પરિપાટી દ્વારા આલેખી છે. કૃતિ અત્યંત સરળભાષી હોવાથી સામાન્ય જનને પણ બોધકારક અને લાભકારક અને સ્વપરને નિર્જરાનું કારણ અચૂક બની જ રહે છે.

ધર્મના આદિકરનાર આદિનાથ પ્રભુના જ્યાં પૂર્વ નવ્વાણુ વાર જ્યાં બેસણા (સમવસરણ) રચાયા છે. એ પાવન ભૂમિના ગુણગાન કરવાનો અમને અલભ્ય લાભ સાપડ્યો છે.

સૌ પ્રથમ શ્રી સરસ્વતી માતાનું સ્મરણ કરી, સદ્‌ગુરુ ભગવંતોના ચરણોમાં નમસ્કાર કરી, શ્રી શત્રુંજય તીર્થની ચૈત્યપરિપાટીના યશોગાન ગાવાથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. આગમોના પાને પાનાઓમાં પણ જે શત્રુંજય તીર્થનું માહાત્મ્ય ચર્ચાયું છે. તે શ્રી શત્રુંજય તીર્થ સમ આ જગમાં અન્ય કોઈ તીર્થ નથી. જે શ્રી તારક તીર્થની મહિમા સ્વયં જગતારક પ્રભુ શ્રી સીમંધર સ્વામીએ પોતાના શ્રી મુખે વર્ણવી છે. ઈન્દ્રો, દેવો તેમજ મનુષ્યો પણ જેની ભાવપૂર્વક શ્રદ્ધાં કરે છે એવા ભવોદધિ તારક, શાશ્વતુ એવું શ્રી સિદ્ધક્ષેત્રને વંદન કરવા મન અત્યંત ઉલ્લાસિત થાય છે.

સર્વ ભગવંતોએ સિદ્ધક્ષેત્ર એ પ્રમાણે આ પાવન તીર્થને બિરદાવ્યું છે. અમારા માટે પણ એ જંગમ તીર્થ સિદ્ધિનું ક્ષેત્ર બની રહે તે કારણે તે

શ્રી તીર્થની જાત્રા કરવાની તલપ જાગી, મનોરથ જાગ્યા અને એ ઈચ્છાથી જ દૂરભેદ્ય કર્મનો નાશ થયો અને મનગમતો છ'રી પાલતો સંઘ પણ મળી રહ્યો. સંસારના વિષમ પંથને ઉલ્લંઘવા માટે માત્ર આજ એક તરણ તારણ જહાજ યથા સમયે સાંપડ્યું. જેથી વિષમ માર્ગને પણ અતિ સરળતાથી ઓળંગી વિધિસહિત આગળ વધ્યાં.

અંતરમાં ગિરિને ભેટવાનાં અરમાન ક્ષણે - ક્ષણે વધતાં જતાં ત્યાં જ એ ધન્ય પળ આવી કે એ ગિરિવરના દૂરથી જ દર્શન થયાં. મનનો મોરલો નાચી ઊઠ્યો.

ધન્ય વેળા ધન્ય ઘડી... સોનાના ફૂલથી મોતીઓના હારોથી, રૂપાના અક્ષતોથી એ ગિરિરાજને અમે સૌ નરનારીઓ એ ઉમળકા ભેર વધાવ્યાં અને પૂર્વસંચિત પાપોનો વિગમ (નાશ) કર્યો.

ક્ષણે-ક્ષણે ડગલું વધતાં જાણે કેટલા કર્મો તૂટતાં જતાં હોય અને કોઈ સુંદર વસ્તુ પ્રાપ્ત થવાની હોય તેમ શ્રી સંઘ લલિત સરોવરના કિનારે વડના ઝાડ નીચે ડેરા તંબુ તાણીને પહેલો વિસામો લેવા ઉતારો કર્યો. શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન નામક પુસ્તકમાં નજીકના ભૂતકાળમાં લલિત સરોવર વગેરે હતાં તે પણ અત્યારે દેખાતાં નથી. એ પ્રમાણે ઉલ્લેખ છે. અને ત્યાં આદિજિણંદ ને જુહારી સહુએ ઉલ્લાસપૂર્વક સત્તરભેદી પૂજા રચી અને સંઘપતિએ ધનનો શુભ ધામમાં શુભવ્યય કર્યો. અમારું હૃદય પણ તેમની ભાવભરી ભક્તિ જોઈ ગદ્-ગદ્ થઈ ઊઠ્યું.

સંઘપતિ સાથે સહુએ સુંદર પરિધાન ધારણ કરી અને હૈયામાં અત્યંત હર્ષધરી શ્રી તળેટીની ભૂમિ પર શ્રી સંઘ સાથે આવી પહોંચ્યાં અને ત્યાં પ્રભુના પુનિત પગલાંને સુગંધિત અગર અને કપૂર દ્વારા પૂજ્યા અને સુંદર નારીઓ વડે મંગલ ગીતો, પુણ્ય અરજન હેતુ ગવાયા. હવે અમે સૌએ ગાતા-ગાતા શ્રી ગિરિરાજને ચઢવાનો આરંભ કર્યો.

આગળ પ્રભુજીના અને તેઓના ગણધરોના પગલાંના દર્શન કરતાં 'નમો જિણાણં અને નમો સિદ્ધાણં' કહી વંદન કરતાં કરતાં ધોળી નીલી પરબે આવી પહોંચ્યાં. વધુ આગળ ચઢતાં ત્યાં સોહલકુંડ અને કુંભારકુંડના શીતળ જળે અમારો સર્વનો થાક ગાળી દીધો. શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શનના પુસ્તક પ્રમાણે ધોળી પરબ પછી એક ઈચ્છા કુંડ આવે છે અને આગળ ચાલતાં લીલી પરબ આવે છે. ત્યાર પછી ત્રીજો કુંભારકુંડ આવે છે. જેને

હવે કુમારકુંડ કહેવાય છે અને જ્યાં કુમારપાળ મહારાજાએ છ'રી પાલિત અદ્ભુત સંઘની યાદમાં ગિરિરાજ ઉપર કુમારપાળ વિહાર નામની ટૂંક બનાવી અને કુમારકુંડ બંધાવ્યો. અને સોહલકુંડનો ઉલ્લેખ અમારા જાણવામાં આવ્યો નથી.

દેહને કટાટ આપી સાહસ કરી ચઢતાં હિંગલાજના હડાની શરૂઆત થાય છે. તેનો ચઢાવ જરાક છાતી સમો અને કઠિન છે. એવી એક કહેવત છે કે -

**'આવ્યો હિંગલાજનો હડો, કેડે હાથ દઈ ચઢો;**
**ફૂટ્યો ફૂટ્યો પાપનો ઘડો, બાંધ્યો પુણ્યનો પડો.'**

હિંગલાજનો હડો ચઢતાં હિંગલાજ માતાની દેરી આવે છે. પહેલાં હિંગુલ નામનો રાક્ષસ હતો અને તે સિંધુ નદી તરફથી જતાં ને આવતાં યાત્રાળુઓને ઉપદ્રવ કરતો હતો. ત્યારે અંબિકાદેવી આવી, તેને યુદ્ધ કરીને હરાવ્યો. ત્યારે તેને કહ્યું મારું નામ અમર રાખો. એટલે રાક્ષસનું નામ તો રખાય નહિ ને એટલે દેવી અંબિકાએ હિંગલાજ દેવીના નામથી સ્થાપના કરી. હવે ત્યાં પૂરતો વિસામો લઈ અનુક્રમે પર્વતની સ્પર્શના કરતા આગળ શત્રુંજય તીરે શત્રુંજય નીર(નદી)ના દર્શન કર્યાં. થોડા પગથિયાં ઉપર ચઢ્યાં એટલે સામે દેખાય છે, વાઘણ પોળનો દરવાજો છે. અને જમણી બાજુ વાઘણનું શિલ્પ છે. આ વાઘણ એ જ કે જેણે વાઘણ-પોળના દરવાજે અનશન કર્યું. પ્રાયઃ ૩૦ ઉપવાસ ઉપર કર્યાં લોકો તેની સામે ખાવાનું મૂકે તો પણ તે ખાતી નહોતી અને નજર ભગવાન સામે રાખતી અને વાઘણને જાતીયસ્મરણ જ્ઞાન થતાં વાઘણ પ્રતિબોધ પામી દેવલોકમાં તેનો વાસ થયો. મતાંતરે ક્ષેત્રપાલનું સ્મારક તરીકે બિરાજતાં તે દેવ યાત્રાળુઓના ઉપદ્રવોને નાશ કરે છે, ત્યાં આગળ વધતાં શત્રુંજયની અધિષ્ઠાયિકા દેવી ચક્રેશ્વરી માતાની દેરી આવે છે અને તેમની સામેની બાજુએ ગિરિરાજના અધિષ્ઠાયક કવડયક્ષ(કપર્દીયક્ષ)ના મૂર્તિ છે. ચમત્કારી એવી બંને દેવ અને દેવીની આ મૂર્તિઓ ભક્તોનું સાનિધ્ય કરે છે તેમજ પ્રત્યક્ષ થઈ તેમના વિઘ્નોને હરે છે. અને આગળ જતાં અમે સોલહાવસહી સુંદર એવી વસહીને વાંદી ટોડરા વિહાર પસાર કરી. ત્યાં ખરતરવસહીમાં ત્યાં નમી જિણંદની ચોરીનું મંદિર આવ્યું. એ મંદિર કળાનું મૂર્તિમંત ધામ છે. આ મંદિર નેમિનાથજીની ચોરી - ભૂલભૂલામણીનું મંદિર

અથવા વિમલવસહી પણ કહેવાય છે ત્યાં નેમનાથની અડધી બંધાયેલી ચોરી છે. પ્રભુના જીવન ચરિત્રનો ચિતાર પાટડામાં કોરેલો છે. જીવનનાં દશ્યો એવા તો સજીવ અને જીવંત છે કે કળા પ્રિય આત્મા નાચી ઊઠે. નેમનાથ ભગવાનના કલ્યાણકો લગ્નના વરઘોડા, હાથી, ઊંટ વગેરે નેમનાથ પ્રભુનું પાછા ફરવું નંદિશ્વર જેવી રચના ઈત્યાદિ મનોરમ શિલ્પથી કંડારેલી આ વસહી છે.

અનુક્રમે આગળ વધતાં ડાબા અને જમણે તરફ અતિ મનોહર એવા ચૌમુખજીના ભાવથી દર્શન કરી જ્યાં આગળ જઈએ ત્યાં તો મધ્યમાં અલૌકિક, અવિશ્વસનીય, અદ્‌ભુત પ્રભુનું ભુવનના દર્શન થયાં અને બધો થાક નાસી ગયો. પ્રથમ પ્રદક્ષિણામાં અનેક જિનના બિંબનાં દર્શન કરતાં પ્રભુજીને 'નમો જિણાણં' કરી વંદન કર્યાં. વળી બીજી પ્રદક્ષિણામાં તો તેનાથી અધિક બિંબોના દર્શન થયાં. ત્રીજી પ્રદક્ષિણા દેતાં-દેતાં રાયણ વૃક્ષ આવે છે ત્યાં પ્રભુ પૂર્વ નવ્વાણુ વાર (૧ પૂર્વ - ૭૦૫૬૦ અબજ - ૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦૦૦૦) પધાર્યાં, ત્યારે દેવતાઓએ આ રાયણ વૃક્ષ નીચે સમવસરણની રચના કરી રાયણ વૃક્ષ તળે જાતીય વૈરને ધરાવતા નાગ અને મોરના બે ગોખલા રાયણ વૃક્ષ નજીક છે.

તે ઉપરાંત અન્ય સિત્તેર જિન પાદુકાને ઉલ્લાસપૂર્વક બાંધ્યા. ત્યાં ભદ્ર પ્રાસાદની ડેરીમાં મોટા ચૌમુખજીને હૈયે ઉલટ આની સર્વેને ભાવપૂર્વક પ્રણામ કર્યાં.

હવે મૂળ ગભારામાં જવા સર્વે થનગની રહ્યા હતાં. દરવાજામાં પ્રવેશ કર્યો ત્યાં અદ્‌ભુત પ્રભુના દર્શન માટે તલસી રહ્યા હતાં તે અલબેલા શ્રી આદિનાથ પ્રભુના દર્શન થયાં. જાણે સર્વ મનના મનોરથ ફળ્યાં. પ્રભુનું નયનરમ્ય શરદ પૂનમના ચંદ્રમા જેવું મુખારવિંદ, કમળની પાંખડી જેવી કરુણા વર્ષાને વર્ષી રહેલી એવી બે આંખોમાંથી અપાર કરુણા વરસી રહી છે. પ્રશમરસ નિમગ્ન પ્રભુને નિરખ્યા જ કરીએ. આ દાદાને દર્શને આજે આપણો જન્મ અને જીવીત સફળ થયું. અહીંથી ખસવાનું મન થતું નથી. વારંવાર જોવા છતાં પણ મન તૃપ્ત થતું નથી. આપણા હૃદયમાં આજ આ ત્રિભુવન શિરતાજ દાદા દર્શનથી આનંદ... આનંદ... આનંદ... આ પ્રમાણે ફરી-ફરી સ્તવના કરતા જીભ પણ ધન્યતાને પામી વળી દુર્ગતિની સવિ ચિંતા ટાળવાથી મન ઘણું હળવું થયું સાચે. આજે જ ભવોદધિથી જાણે પાર પામ્યાં.

દાદાની સામે હાથીની અંબાડી ઉપર બિરાજતા માતા મરુદેવા બેઠા છે. જાણે તેઓ અમને કહે છે કે - 'જેમ જે દર્શન કર્યાં છે તેમ આ મોટા નાથની પ્રતિમાના તમે એવા દર્શન કરજો કે જેથી ફરી જન્મ-મરણના ફેરા કરવા જ ન પડે.' જે પ્રમાણે શિષ્ય ગુરુના બેઠક સામે પોતાનું આસન માંડે તેવી જ રીતે પ્રભુજીના મહાકાય પ્રસાદની સામે જ શિષ્ય પુંડરિક ગણધરનું દિવ્ય પ્રાસાદ મંડાયેલું છે. ગુરુ-શિષ્યની જોડીને નમસ્કાર કરતા જન્મ કૃતાર્થ થયો. જન્મ જન્માંતરના સહુ અંતરાયો ચૂરેચૂરા થઈ ગયા.

પર્વતના પાછળથી ઉતરતાં સૂરજકુંડ, ભીમ, હામ, ઈશ્વર આદિ પાંચ કુંડથી જળથી ભરેલા અને ઠંડક આપનાર વિસામાનું પણ સ્થાન છે. અને તેથી આગળ એક વનખંડ દેખાયું. ત્યાં નીચે શત્રુંજય પવિત્ર નદી છે. તે સોહામણી નદીમાં નાહીને અમે સર્વે અમારો આ અવતાર કૃતાર્થ કર્યો. તે પછી ઉલ્કાજલ નામે પોલાણ આવે છે. દાદાનું ન્હવણ જળ (પક્ષાલ) જમીનમાં થઈ અહીં આવે છે. તેથી આગળ અજિતશાંતિની ડેરી પાસે ચિલ્લણ તળાવ છે. ત્યાં બેઠાં-સૂતાં કે ઊભાં ચૈત્ય પરિપાટી કરનારે યથાશક્તિ કાઉસગ્ગ કર્યાં. એ કાઉસગ્ગ કર્યાં પણ કેમ કર્યાં ? ત્યાંથી ચિલ્લણ તલાવડીથી થોડે દૂર કોઠાની ઝાડની બાજુમાંથી આગળ એક રસ્તો પડે છે. જ્યાં સુવર્ણ ગુફા છે. અને તે સુવર્ણ ગુફામાં ૫૦૦ ધનુષની કાયાવાળા ઋષભદેવ ભગવાન બિરાજમાન છે. ચિલ્લણ તલાવડી એ જે ભાવથી અટ્ઠમ કરે તેને ત્યાંનાં કપર્દીયક્ષ તેને આંખે પાટાં બાંધીને તેની પાછળ લઈ જઈને સુવર્ણ ગુફામાં ભગવાનના દર્શન કરાવે છે. આ ચિલ્લણ તલાવડીને અત્યારે આપણે ચંદન તલાવડીના નામે ઓળખીએ છીએ. ચિલ્લણ તલાવડીથી ચાલતા-ચાલતા ભાવિકો ભાડવાના ડુંગરની ટેકરી પર ચઢ્યા. આ ભાડવાનો ડુંગર છે કે જ્યાં શાંબ પ્રદ્યુમન સાડા આઠ ક્રોડ મુનિની સાથે મોક્ષે પધાર્યાં એ ભાડવાના ડુંગરના ભાવથી દર્શન કર્યાં. તે સર્વ તીર્થની ભૂમિકાઓને સ્પર્શતા, પગલાઓને વંદન કરતા ઉતરવાનું શરૂ કર્યું. અને સૌથી નીચે જૂની તળેટી અર્થાત્ સિદ્ધવડની દેરી આવી. ત્યાંથી આતપુર નજીક અમારો પડાવ નાખ્યો અને આતપુર એ જ કે જ્યાંથી આદિશ્વર ભગવાન પૂર્વ નવ્વાણુ વાર અહીંથી ઉપર ચઢ્યાં એટલે કે એમ કહેવાય છે કે આતપુરનું બીજું નામ આદિપુર.

નીચે તળેટી સ્પર્શના કર્યા બાદ નવ ટુંક તરફ ગયાં. જ્યાં તેમણે ૧૮ ફૂટ ઊંચી અને ૧૪।। ફૂટ પહોળી એવી અદ્‌ભુત અદ્‌બદ્‌ દાદાની વિશાળકાય પ્રતિમાને જુહારી. ત્યાંથી પાછળ જતાં ખોડિયાર માતાનું સ્થાનક છે. જ્યાં આસો સુદ પૂનમે ૨૦ કરોડ મુનિઓ સાથે પાંડવો મોક્ષે ગયાં. પાંડવો મોક્ષે ગયાં તે જાણીએ છીએ પણ એ દિવસનો એ પણ મહિમા છે કે ૯૩ ક્રોડ, ૪૫ લાખ, ૩૨ હજાર, ૩૭૭ મુનિઓ આસો સુદ પૂનમના દિવસે મોક્ષે ગયાં. પુનિત ભૂમિની સ્પર્શના કરી. ત્યાંથી આગળ જતાં બાવન દેરીથી શોભતું એવું સવાસોમનું પ્રાસાદ જેને ચૌમુખજીની ટુંક પણ કહેવાય છે. ત્યાં સૌએ અનેક જિનોના દર્શન વંદન કર્યાં.

ઉપાધ્યાય શ્રી રાજરત્ન મ.સા. કહે છે કે - 'આ રીતે ઋષભ આદિ, સોળમા શ્રી શાંતિ જિનેશ્વર વગેરે મરુદેવામાતા પ્રમુખ અનેક જિન ગણધરો તથા સિદ્ધોને ભાવપૂર્વક, પૂજનવંદન, સત્કાર, સન્માન કરવાથી અમારા સર્વ સંતાપ, સર્વક્લેશ ઉપશાંત પામ્યાં. જે-જે ચૈત્યો, જે-જે પ્રતિમાજીઓ આ પાવન તીર્થ ઉપર અમારાથી ન જુહારાયા હોય અથવા તો વિસરાઈ ગયા હોય તે સહુને અમે અંતરથી પ્રણામ કરીએ છીએ અને તદ્‌ઉપરાંત તે જીર્ણ થયેલા હોય તેમજ જેના ઉદ્ધાર થયા હોય તે સહુ ચૈત્ય અને બિંબોને અંતરની ઊર્મિઓથી વાંદીએ છીએ.' આ ચૈત્યપરિપાટીથી સમસ્ત જનના વૃંદને અધિક-અધિક આનંદની પ્રાપ્તિ થઈ. શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદિશ્વર પ્રભુની કૃપાથી આ યાત્રા નિર્વિઘ્ને પરિપૂર્ણ થઈ તેનો આનંદ અમ સહુના હૃદયમાં સમાતો ન હતો.

ઉપાધ્યાયજી વર્ણવે છે કે - 'આ તીર્થમાં વિધિપૂર્વક તપ કરવાથી, નવ્વાણુ વાર સ્પર્શવાથી (યાત્રા કરવાથી) બે અટ્ઠમ, સાત છટ્ઠ આદિ અનેક તપો કરવાથી મનુષ્ય સારભૂત એવા સુખને અનંતકાળ સુધી પામે છે.'

શત્રુંજય લઘુકલ્પમાં પણ કહ્યું છે કે -

'छट्ठेणं भत्तेणं, अप्पाणेणं सत्तजत्ताई ।
जो कुणइ सेत्तुजे, तईय भवे लहई सो मुक्खं ॥'

અર્થાત્ જે કોઈ વ્યક્તિ ચોવિહાર, બે ઉપવાસ કરી, એટલે છટ્ઠ કરી દાદાની સાત યાત્રા કરે તે ત્રીજે ભવે મોક્ષે જાય છે.

આ રીતે સંવત ૧૭૭૪ની સાલમાં ઉપાધ્યાય રાજરત્નવિજયજી મહારાજ સાહેબ એ પરિણામની ચઢતી ધારાએ આદિજિણંદને ભેટી પરભવ અને આ ભવ સંબંધી સમસ્ત શત્રુઓનો જય કરી પોતાનું સિદ્ધક્ષેત્ર નિશ્ચિત કર્યું. અમો પણ વિજાપુર મધ્યે લિખિત આ સુંદર ચૈત્ય-પરિપાટી સ્તવનનું પઠન દ્વારા મુક્તિ નિલય સ્થાનને પહોંચશું.

## સંદર્ભગ્રંથ સૂચિ


(૧) મુનિશ્રી પ્રમોદસાગર, આગમોદ્ધારક શિશુ આચાર્ય કંચનસાગર-સૂરિ, શ્રી શત્રુંજયગિરિરાજ દર્શન અને શિલ્પસ્થાપત્યકળામાં શ્રી શત્રુંજય, આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવંજ.

(૨) સં. ડૉ. રમણલાલ ના. મહેતા, અમદાવાદની ચૈત્યપરિપાટીઓ, શારદાબહેન ચીમનલાલ ઍજ્યુકૅશન સેન્ટર, પ્રથમ ઈ. સ. ૧૯૮૨.

(૩) ભગવતસિંહજી, ભગવત ગોમંડલ, પ્રવીણચંદ્ર, એમ. પટેલ, પ્રવીણ પ્રકાશન. પ્રથમ - ૧૯૪૮.

(૪) સં. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી, પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજ મીઠાફળ માનવભવના, પ્રથમ સં. ૨૦૪૭.

(૫) સં. ગણિવર્ય વિક્રમસેનવિજયજી મ.સા. શ્રી પર્યુષણા અષ્ટાહિનકા વ્યાખ્યાન, વી.સં. ૨૫૨૭.

(૬) શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ.

(૭) રાજેન્દ્રસૂરિશ્વરજી મ.સા., અભિધાન ચિંતામણી રાજેન્દ્રકોષ.

(૮) સૂત્રસંવેદના : ભાગ-૨.


*મૂળ ચૈત્યપરિપાટી જોવી હોય તો સંપર્ક : જિજ્ઞા વિશાલ શાહ*

# જૈન સજ્ઝાય વિષયના વિભાગીય બેઠકના અધ્યક્ષનું નિવેદન

જૈન સજ્ઝાય બેઠકનું અવલોકન કરતાં...

ત્રેવીસમાં જૈન સાહિત્ય સમારોહના જૈન સજ્ઝાય બેઠકના અધ્યક્ષ તરીકેનું મારું અવલોકન મૂકતા પહેલા હું સૌપ્રથમ આદરણીય ધનવંતભાઈને યાદ કરું છું, જેમના પ્રેમાળ અને સહજ સ્વભાવથી આ સમારોહ ખૂબ જ વિકાસ પામ્યો. જૈન સજ્ઝાય આ બેઠકમાં જે કેટલાક પેપર રજૂ થયા, એ અંગેની વાત કરતાં મોટાભાગના પેપરોમાં વક્તાઓએ પસંદ કરેલી સજ્ઝાયનો રસાસ્વાદ કરાવ્યો. આ રસાસ્વાદ કરાવતી વખતે કવિ સર્જકોએ જે ભાષાની વિવિધ બાનીઓ લઈ, પ્રતીકો, અલંકારો વગેરેનું સુંદર કાવ્યમય સંયોજન કર્યું હતું. તે અંગે વાત કરવાનું ઓછું બન્યું હતું, પરંતુ સાથે-સાથે એ પણ નોંધ લેવી જોઈએ કે કેટલીક સજ્ઝાયઓ જે હસ્તપ્રત રૂપે હતી, તેને કેટલાક વિદ્વાનવક્તાઓએ ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને રજૂ કરી. આ હસ્તપ્રતમાં રહેલ સજ્ઝાયનું ગુજરાતીમાં થયેલ મુદ્રાંકન સમારોહની મોટી ઉપલબ્ધિ કહી શકાય. સજ્ઝાયઓ ધાર્મિક આચાર, જાણીતા પાત્રો, મહિમાવંત ઘટના આધારિત હોય છે, તત્ત્વજ્ઞાન અને કાવ્યનું સંયોજન આ કાવ્ય પ્રકારની વિશેષતા છે. ભવિષ્યમાં જ્યારે ગુજરાતી ભાષા પ્રમાણમાં ઓછી ઉપયોગમાં લેવાશે. ત્યારે આ સજ્ઝાયનો રસાસ્વાદ આવનારી પેઢીને ઘણું જ ઉપયોગી બનશે. આ બેઠકમાં અંદાજે ૨૫ થી ૩૨ પેપર રજૂ થયાં. સજ્ઝાયના કેટલાક મૂળ રાગો અંગે પણ બહુ જ સરસ રીતે રજૂઆત થઈ. આજે જ્યારે ફિલ્મ આધારિત રાગોનું ચલણ ખરાબ રીતે ફેલાઈ રહ્યું છે, ત્યારે આ મૂળ રાગ-રાગિણી રસપ્રદ અને માહિતીપ્રદ રહ્યા. વક્તાઓએ બખૂબી પોતાના વક્તવ્ય દરમિયાન મધ્યકાલીન ગુજરાતી પદ્યના આ સ્વરૂપને અને તેના તાત્ત્વિક રૂપોને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો. ટૂંકમાં આ બેઠકનું સંચાલન એ મારા માટે પણ એક સમૃદ્ધિની બાબત બની રહી.

**ડો. સેજલ શાહ**

## સજ્ઝાય વિષયમાં આવેલા શોધનિબંધોની યાદી :

| | | |
|---|---|---|
| (૧) | આઠ દૃષ્ટિની સજ્ઝાય | - મીતા કે. ગાંધી - અમદાવાદ |
| (૨) | સજ્ઝાય રત્નમાલા | - સુબોધીબહેન મસાલિયા - મુંબઈ |
| (૩) | વીર પ્રભુના પ્રથમ શિષ્ય ચંદનબાળાની સજ્ઝાય | - ડૉ. કોકિલાબહેન શાહ - મુંબઈ |
| (૪) | અષ્ટ પ્રવચન માતા કી સજ્ઝાય | - સંગીતા બિપીનકુમાર શાહ - મુંબઈ |
| (૫) | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | - હિનાબહેન યોગેશભાઈ - સોદાગર |
| (૬) | શ્રી ઈલાયચીકુમારની સજ્ઝાય | - યાત્રિક ઝવેરી |
| (૭) | વ્રજમુનિ સજ્ઝાય | - શ્રી હિંમતલાલ જી. કોઠારી |
| (૮) | અમૃતવેલની સજ્ઝાય | - જિતેન્દ્ર કામદાર |
| (૯) | બે સજ્ઝાયનો રસાસ્વાદ | - ડૉ. છાયા શાહ |
| (૧૦) | બે સજ્ઝાયનો રસાસ્વાદ | - પ્રદીપકુમાર ટોલિયા |
| (૧૧) | જીવરાશીની સજ્ઝાય | - સ્મિતાબહેન પ્રદીપકુમાર ટોલિયા |
| (૧૨) | આઠ દૃષ્ટિની સજ્ઝાય | - પૂર્ણિમા ડી. ધ્રુવ |
| (૧૩) | અઢાર પાપસ્થાનક સજ્ઝાય | - તેજસ ગાંધી |
| (૧૪) | સ્થૂલિભદ્ર સજ્ઝાયનો રસાસ્વાદ | - મહેશ્વરી હરેશચંદ્ર મહેતા |
| (૧૫) | વૈરાગ્ય સજ્ઝાય | - સુદર્શના પી. ઠોઠારી |
| (૧૬) | મુનિ માણેક વિજયની સજ્ઝાય | - શોભના પંકજ શાહ |
| (૧૭) | શ્રી અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય | - ડૉ. ભાનુબહેન શાહ |

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી આઠ દૃષ્ટિની સજ્ઝાય | - મીતા કે. ગાંધી | ૧૫૦ |
| (૨) | અષ્ટ પ્રવચન માતાની સજ્ઝાય | - ડૉ. ભાનુબહેન શાહ | ૧૬૩ |
| (૩) | સ્થૂલિભદ્ર સજ્ઝાયનો રસાસ્વાદ | - ડૉ. મહેશ્વરી મહેતા | ૧૭૨ |
| (૪) | શ્રી પ્રભંજના સજ્ઝાય | - ડૉ. સીમા રાંભિયા | ૧૭૫ |
| (૫) | ચંદનબાળાની સજ્ઝાય | - ડૉ. કોકિલા એચ. શાહ | ૧૮૦ |
| (૬) | શ્રી ગજસુકુમાલ સજ્ઝાય | - પિનલ અંકિત શાહ | ૧૮૫ |
| (૭) | શ્રી ઇલાયચીકુમારની સજ્ઝાય દ્વારા આત્માનુસંધાન | - યાત્રિક ઝવેરી | ૧૯૫ |
| (૮) | સજ્ઝાય રત્નમાલા | - સુબોધિની મસાલિયા | ૨૦૩ |
| (૯) | બારભાવનાની સજ્ઝાય : સાહિત્યિક અને અધ્યાત્મિક પદ | - ડૉ. સેજલ શાહ | ૨૧૦ |

# શ્રી આઠ દષ્ટિની સજ્ઝાય

- મીતા કે. ગાંધી

પરમકૃપાળુ વીતરાગ પરમાત્માઓએ સુખમાં પણ દુઃખનો અનુભવ કરાવનાર માયામય અને ભ્રમજાળ સ્વરૂપ સાંસારિક સુખોમાંથી પ્રીતિ ઘટાડીને અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતચારિત્રાદિ આત્મીય ગુણો પ્રગટ કરનારા અને સર્વથા દુઃખ મુક્ત એવા આધ્યાત્મિક સુખ તરફની પ્રીતિ કરાવવા માટે ધર્મદેશના આપી છે. પરમાત્માની તે ધર્મદેશનાને પૂર્વના આચાર્યોએ જુદા-જુદા ગ્રંથોમાં અનેક પ્રકારે ગૂંથી છે. તે આચાર્યોમાં લગભગ છઠ્ઠા સૈકામાં થયેલા ૧૪૪૪ ગ્રંથોના રચયિતા, યાકિમી નામના સાધ્વીજી મ. સાહેબથી પ્રતિબોધ પામેલા અને જૈન શાસનની દીક્ષા ગ્રહણ કરી મહાપ્રભાવક થયેલ, એવા આચાર્યશ્રી હરિભદ્રસુરીશ્વરજી મહારાજ થયા. જેમણે યોગના વિષય ઉપર યોગવિંશિકા, યોગશતક, યોગદષ્ટિ સમુચ્ચય અને યોગબિંદુ નામના ચાર મહાગ્રંથોની રચના કરી છે. તે ચાર ગ્રંથોમાંથી શ્રી યોગદષ્ટિ સમુચ્ચય ગ્રંથ ૨૨૮ ગાથાનો છે. જેમાં યોગધર્મની આઠ દષ્ટિઓનું સંસ્કૃત ભાષામાં કાવ્યરૂપે સુંદર વર્ણન કરેલ છે. 'આ આત્માને ક્રમશઃ મોક્ષની સાથે જે જોડે તે યોગ.' એવી યોગની વ્યાખ્યા કરીને આઠ દષ્ટિઓ અંતર્ગત ઘણા વિષયો સમજાવ્યા છે.

આ યોગની આઠ દષ્ટિઓનું વર્ણન સમજાવવા માટે ત્રણસો વર્ષ પૂર્વે થયેલા ન્યાયવિશારદ મહોપાધ્યાય પૂ.શ્રી. યશોવિજયજી મહારાજ સાહેબે ગુજરાતી ભાષામાં આઠ દષ્ટિઓની આઠ ઢાળ રૂપે ગુજરાતી ભાષામાં સજ્ઝાય બનાવી છે. તેમણે આ સજ્ઝાય બાળ જીવો પણ સમજે તેવા આશયથી શ્રીયોગદષ્ટિ સમુચ્ચય ગ્રંથના, આધારે જ બનાવી છે. આ સજ્ઝાયનું નામ છે - 'શ્રી આઠ દષ્ટિની સજ્ઝાય.'

**ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ સાહેબ :**

પૂજ્ય યશોવિજયજી મ.સા.નો જન્મ મહેસાણા જિલ્લાના કનોડા ગામમાં થયેલો. તેમને અતિશય તેજસ્વી અને સૂક્ષ્મબુદ્ધિશાળી જાણી પૂ. નયવિજયજી મહારાજ સાહેબે તેને દીક્ષા અપાવવા માટે પૂ. યશોવિજયજી મ.સા.ના માતા-પિતાને જણાવ્યું. પરંતુ માતા-પિતાનું મન તરત માન્યું નહિ.

તેમને સંસારમાં મન ન લાગતાં તેમણે અને તેમના ભાઈએ માતા-પિતાને સમજાવીને તેઓની સંમતિપૂર્વક પૂ. શ્રી નયવિજયજી મ.સા. પાસે પાટણમાં દીક્ષા લીધી. સૂક્ષ્મબુદ્ધિ હોવાથી અલ્પકાળમાં ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. અમદાવાદમાં અવધાન કર્યા. તેમની તીક્ષ્ણબુદ્ધિ જોઈને અમદાવાદના તમામ ખર્ચ શ્રેષ્ઠી શ્રી ધનજીસુરાએ કાશી અભ્યાસ કરવા માટે મોકલવાની વિનંતી કરી. ત્યાં અભ્યાસ કરવાનો તમામ ખર્ચ શ્રેષ્ઠી શ્રી ધનજીસુરાએ ઉપાડી દીધો. પૂ. શ્રી યશોવિજયજી મ.સા. કાશીમાં ન્યાય શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ત્યાં વાદ વિવાદમાં જેને કોઈ જીતી શકતું ન હતું તેવા વાદીને પૂ. શ્રી યશોવિજયજી મ.સા. જીતી લીધો. કાશીના પંડિતોએ પૂ. યશોવિજયજીને 'ન્યાયાચાર્ય' અને ન્યાય વિશારદના બીરૂદ આપ્યા.

બહુ ભાવમલ (મોહનીય કર્મની તીવ્રતા) જેમ-જેમ ક્ષીણ થતો જાય છે. તેમ-તેમ આ જીવન સંસારાભિમુખને બદલે મોક્ષાભિમુખ બને છે. અર્થાત્ 'યુટર્ન' લે છે. યુટર્ન લેવો એટલે દૃષ્ટિ બદલવી. અહીંથી આત્મવિકાસનો આરંભ થાય છે. બદલાયેલી આ દૃષ્ટિને યોગની દૃષ્ટિ કહેવાય છે. આવી ક્રમશઃ વિકાસવાળી દૃષ્ટિ દરેક જીવના હૃદયગત ભાવો પ્રમાણે અનેક હોઈ શકે. પરંતુ મહાત્મા પુરુષોએ તે તમામ દૃષ્ટિઓનો (૧) મિત્રા, (૨) તારા, (૩) બલા, (૪) દિપ્રા, (૫) સ્થિરા, (૬) કાન્તા, (૭) પ્રભા અને (૮) પરા - આ આઠ દૃષ્ટિઓમાં સમાવેશ કર્યો છે.

## (૧) મિત્રાદૃષ્ટિ :

આત્મિક વિકાસને અનુલક્ષીને ચૌદ ગુણસ્થાનકોનો જે ક્રમ શાસ્ત્રોમાં વર્ણવેલો છે તેને જ ધ્યાનમાં રાખીને આ દૃષ્ટિઓ વર્ણવેલી છે : 'મિત્રના જેવી જે દૃષ્ટિ તે મિત્રા.' 'જે આપણું હિત ઈચ્છે છે અને યથાશક્તિ હિત પણ કરે તે મિત્ર.' જયારથી પોતાના આત્માનું હિત કરવાની ભાવના થાય ત્યારે તે જીવની તે દૃષ્ટિને મિત્રાદૃષ્ટિ કહેવાય છે. આ દૃષ્ટિમાં રહેલા જીવનની જગતના જીવો પ્રત્યે પણ મૈત્રીભાવના, દયાભાવના પ્રગટે છે. આ દૃષ્ટિમાં આત્માના હિતનું જ્ઞાન થાય છે. પરંતુ હજુ તે જ્ઞાન શરૂ જ થતું હોવાથી અતિશય અલ્પ મંદ છે. તેથી શાસ્ત્રકારોએ મિત્રાદૃષ્ટિવાળા આત્માના જ્ઞાનને તૃણના અગ્નિની ઉપમા આપેલી છે. જેમ ઘાસનો અગ્નિ પ્રગટ થતાંની સાથે બુઝાઈ જાય છે

અને તેનો પ્રકાશ પણ ખૂબ મંદ હોય છે તેમ મિત્રા દૃષ્ટિમાં રહેલા જીવને આત્મહિતનું જ્ઞાન ક્ષણજીવી હોય છે. તો પણ તે ક્ષણજીવી પ્રકાશ માર્ગ ચીંધનારો બને છે. આ સંસાર અટવીમાં જન્મ, જરા, મરણ, રોગ આદિ અનુભવતો અહીં-તહીં અથડાતાં થાકેલો, ભયથી ત્રસ્ત બનેલો જીવ આ અલ્પજીવી પ્રકાશનો આશરો લઈને સાચા માર્ગની શોધમાં આગળ વધે છે.

યોગદશાની પ્રાપ્તિના શાસ્ત્રોમાં આઠ અંગ કહેલ છે - (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન અને (૮) સમાધિ. જીવ જેમ-જેમ આત્મવિકાસ કરતો જાય છે તેમ-તેમ તેને આગળ આગળની દૃષ્ટિ પ્રાપ્ત થતી જાય છે અને એક-એક દૃષ્ટિમાં યોગના એક-એક અંગ પ્રાપ્ત થાય છે. જેથી આઠમી દૃષ્ટિમાં પૂર્ણ યોગની પ્રાપ્તિ થાય છે. પહેલી મિત્રાદૃષ્ટિમાં ખૂબ અલ્પ જ્ઞાન પ્રકાશના કારણે હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ. આ પાંચ પાપોના આચરણમાં ફળરૂપે નરક આદિ દુર્ગતિની પ્રાપ્તિ જીવને દેખાવા લાગે છે. તેથી તે પાંચ પાપોમાંથી શક્તિ અનુસાર અલ્પપણે પણ અટકવા લાગે છે. તેને અલ્પપ્રમાણમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમધર્મની પ્રાપ્તિ થાય છે. હવે તે જીવ નાના જીવની હિંસા કરતા પણ ખચકાય છે. કારણ વગર પણ જુઠ્ઠું બોલનાર હવે જુઠ્ઠું બોલતા ડરે છે. રજા સિવાય કોઈની વસ્તુ લેતા અચકાય છે. પરસ્ત્રી સામે ખરાબ ભાવોથી જોવાય પણ નહિ અપયશ મળે. વધારે ચીજવસ્તુઓનો સંગ્રહ આકુળ-વ્યાકુળ અને ચિંતાતુર બનાવે છે. તેથી વધારે ચીજોનો સંગ્રહ કરવો નહિ, આવા વિચારો મિત્રા દૃષ્ટિવાળો જીવ કરે છે.

મિત્રાદૃષ્ટિવાળો જીવ પોતાના આંતરિક પરિણામોમાં આગળ વધતો-વધતો દ્રવ્યથી અભિગ્રહો - નિયમોનું પાલન કરે છે. વિગઈ અભક્ષ્ય, રાત્રિભોજન વગેરેનો ત્યાગ કરે છે. સાધુ-સંતો પ્રત્યેના અત્યંત આદરને કારણે વસ્ત્ર, પાત્ર ઔષધિ વગેરેનું તેમને દાન કરે છે. પરમાત્માની વાણી જેમાં સચવાયેલી છે તે આગમ આદિ ગ્રંથો પ્રત્યે અત્યંત બહુમાન લાવી તેનું લેખન કરાવે છે અને શાસ્ત્રોનું અધ્યયન કરનાર - કરાવનારને અનેક રીતે ઉપયોગી થાય છે. વળી, પરમાત્માની વાણી જેમાં સચવાયેલી છે તેવા શાસ્ત્રોનું પૂજ્યભાવપૂર્વક શ્રવણ કરે છે. શ્રવણ બાદ તેનો સતત સ્વાધ્યાય કરે છે. આ દૃષ્ટિવાળા જીવને યોગની કથાઓમાં રસ હોવાથી

યોગની કથાઓ સાંભળીને તેનો દેહ રોમાંચિત, (હર્ષિત-પુલકિત) થઈ જાય છે. જ્યાં-જ્યાં યોગકથાઓ સાંભળવા મળે ત્યાં-ત્યાં તે દોડી જાય છે. માનવભવ મળ્યા બાદ ઉત્તમ કુળ, ઉત્તમ ધર્મ અને આત્માનું કલ્યાણ કરનારા સદ્‌ગુરુનો યોગ થવો તે અતિ દુર્લભ હોવાથી મિત્રાદષ્ટિવાળા જીવને સદ્‌ગુરુનો યોગ થવાથી પ્રથમ અવંચક યોગ પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ તેમને સદ્‌ગુરુ માની તેમને બહુમાનપૂર્વક નમસ્કાર આદિ કરવાને બીજો ક્રિયાવંચક યોગ અને યોગાવંચક, યોગને કારણે આત્મા ઉપર ઉપરની દૃષ્ટિમાં ઉર્ધ્વગમન પામતો જાય તો ત્રીજો ફળાવચક યોગ પ્રાપ્ત થાય છે.

## (૨) તારાદષ્ટિ :

પ્રથમ મિત્રાદષ્ટિ દ્વારા કંઈક અંશે ધર્મ પ્રાપ્તિના યોગબીજ આ આત્મામાં રોપાયા બાદ ધર્મ તરફ વળેલી આ દૃષ્ટિ વધુ તીવ્ર બને છે. તેને બીજી તારાદષ્ટિ કહેવાય છે. તારાદષ્ટિનું વર્ણન કરતા શ્રી ઉપાધ્યાય યશોવિજયજી કહે છે કે - 'મિત્રા દષ્ટિકાળે જીવને આત્મજ્ઞાન તૃણના અગ્નિની જેમ ખૂબ અલ્પકાળ સુધી જ રહેતું હતું જ્ઞાન અને ચાલ્યું જાય તે હવે તારાદષ્ટિમાં કંઈક વધારે સ્થિર બને છે. આ દષ્ટિમાં આત્મતત્ત્વના જ્ઞાનને છાણાની અગ્નિના પ્રકાશની ઉપમા આપેલ છે. તારાદષ્ટિમાં આત્મવિકાસનો બોધ થોડો વધુ સમય રહેનારો અને વધુ સતેજ હોય છે.

જેમ શારીરિક કોઈ અગમ્ય રોગથી પીડાતા હતાશ રોગીને સાચું રોગનિદાન કોઈ વૈદ્ય પાસેથી થાય ત્યારે જે આનંદ થાય છે, તેવો જ આનંદ મિત્રા અને તારાદષ્ટિમાં રહેલા સંસાર પરિભ્રમણના દુઃખોમાં અટવાયેલા જીવને તેમાંથી છૂટવાનો માર્ગ દેખાતા થાય છે. આપણો આ જીવ સંસારમાં કેમ રખડે છે. તેને જન્મ, મરણ, રોગ, શોક, ભય, ક્લેશ વગેરેના અપાર દુઃખો કેમ ભોગવવાં પડે છે ? તેનું કારણ શું છે ? તેનો ખ્યાલ જે આજ સુધી નહતો. આ બંને દૃષ્ટિ આવતાં જ આ દુઃખનું કારણ જ્ઞાન થાય છે. શરીરમાં આત્મા નામનું એક અખંડ ચેતનામય જીવદ્રવ્ય છે. તે દ્રવ્ય કર્મોથી અવરાયેલું છે. જો ધર્મ પુરુષાર્થ કરવામાં આવે તો આ કર્મોને તોડી શકાય અને આત્માની શુદ્ધદશા પ્રાપ્ત કરી શકાય છે. આવું જ્ઞાન અથવા દર્શન આ બંને દષ્ટિમાં ક્રમશઃ વિકસિત થાય છે.

પાંચ પ્રકારના યમધર્મની પ્રાપ્તિ થઈ હતી. તેથી તેનું બાહ્યજીવન પણ અલ્પ આશ્રયવાળું અને પરિમિત પાપ પ્રવૃત્તિવાળું બની ગયું. હવે તેનો અભ્યાસ વધતાં-વધતાં તારાદૃષ્ટિ આવતાં ઉપરના પાંચ યમધર્મની પુષ્ટિ અને વૃદ્ધિ કરે તેવા પાંચ નિયમો રૂપ બીજું યોગનું અંગ પ્રાપ્ત થાય છે.

જૈન દર્શનની દૃષ્ટિએ સાધુ જીવનમાં પાંચ મહાપ્રત તે યમ અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણો તે નિયમ કહેવાય છે. શ્રાવક જીવનને આશ્રયી પાંચ અણુવ્રત તે યમ અને ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત તે નિયમ કહેવાય છે. જેનાથી મૂળ ગુણસ્વરૂપ યમધર્મ પુષ્ટિ અને વૃદ્ધિ પામે તે નિયમ કહેવાય છે. પરંતુ સાંખ્યદર્શન આદિ દર્શનકારોના મતે (૧) શૌચ, (૨) સંતોષ, (૩) તપ, (૪) સ્વાધ્યાય અને (૫) ઈશ્વર-ધ્યાન તે પાંચ નિમયો છે.

## (૩) બલાદૃષ્ટિ :

બીજી દૃષ્ટિમાં યોગીજનોનીના સતત પરિચય, સહવાસ અને યોગકથાના પ્રેમ વગેરે કારણો વડે બોધ (જ્ઞાન) વધુ સ્થિરતા, પ્રબળતાવાળો થવાની ભૂમિકા બંધાઈ હોવાથી હવે ત્રીજી બલાદૃષ્ટિમાં આવનારા જીવને, બોધ કાષ્ટના અગ્નિ સમાન હોય છે. કાષ્ટનો અગ્નિ જેમ છાણાના અગ્નિ કરતાં વધારે સમય ચાલે છે અને વધારે પ્રકાશ આપે છે તેમ તત્ત્વની સમજણ હવે આ આત્મામાં વધતી જાય છે. હવે તે સમજણ જલદી નાશ નથી પામતી, પરંતુ સ્થિર થાય છે. સદ્ગુરુ પાસેથી ધર્મક્રિયાઓનું મહત્ત્વ સાંભળેલું હોય છે. તેથી યોગની પ્રાપ્તિમાં કારણભૂત એવી ધર્મક્રિયાઓ આદરવામાં બલાદૃષ્ટિવાળો આત્મા હવે જરા પણ વિલંબ કરતો નથી. તે ક્ષેપ દોષનો ત્યાગ કરે છે. ક્ષેપ એટલે ધર્મક્રિયા આદરવામાં વિલંબ કરવો. યમ અને નિયમ પહેલી અને બીજી દૃષ્ટિમાં આવ્યા બાદ ત્રીજી દૃષ્ટિમાં આસન નામનું ત્રીજું યોગનું અંગ પ્રાપ્ત થાય છે. 'આસન એટલે ધીજર અથવા સ્થિરતા' આ દૃષ્ટિવાળો આત્મા આદરેલા ધર્મકાર્યમાં પ્રેમ, વિશ્વાસ અને આત્મકલ્યાણની બુદ્ધિ હોવાથી ખૂબ સ્થિરતા અને ધીરજપૂર્વક તે ધર્મકાર્ય કરે છે. ધર્મકાર્ય કરતી વખતે બીજા કોઈ પણ કાર્યમાં ચિત્તને જોડતો નથી.

બીજી તારાદૃષ્ટિમાં તત્ત્વ જાણવાની જિજ્ઞાસા હતી હવે તત્ત્વ જાણવાની ઈચ્છા (શુશ્રૂષા) તીવ્ર બને છે. શુશ્રૂષા તીવ્ર હોવાથી તેને જ્યારે

તત્ત્વશ્રવણનો યોગ મળશે ત્યારે એને અનિવર્ણનીય આનંદ આવશે. બલાદષ્ટિવાળો આત્મા સુંદર વિનયવાળો બની જાય છે; કારણ કે ગુરુઓના વિનય વિના વિદ્યા પ્રાપ્ત થતી નથી. તેને ઉચ્ચ વિનયવાન અને શુશ્રૂષા ગુણવાળો જાણીને ગુરુમહારાજ પણ પ્રસન્ન થઈને તેને શ્રુતજ્ઞાન આપ્યા કરે છે. શુશ્રૂષા ગુણ કૂવામાં પાણી આવવા માટેની જે સરવાણી હોય છે તેના જેવો છે. જેમ સરવાણી દ્વારા કૂવામાં પાણીનો પ્રવાહ આવ્યા જ કરે છે. તેમ આ ઉત્કૃષ્ટ શુશ્રૂષા ગુણ દ્વારા જ્ઞાનપ્રવાહ આ સાધક જીવમાં આવ્યા જ કરે છે. તેનું જીવન ધર્મઆચરણમય જ રહે છે. આત્મતત્ત્વના ચિંતન-મનનમાં જ સમય પસાર થાય છે. શુશ્રૂષા ગુણ વગર તત્ત્વશ્રવણ જ્ઞાન આપનારું બનતું નથી; કારણ કે તત્ત્વશ્રવણમાં પોતાનું મન જ હોવાથી તે મન અહીં-તહીં જ ભટક્યા કરે છે. જેવી રીતે જ્યાં પાણીને યોગ નથી એવી સૂકી ભૂમિમાં કૂવો ખોદવામાં આવે તો કૂવામાં સરવાણી જ ન હોવાથી પાણીનો પ્રવાહ આવતો જ નથી.

## (૪) દીપ્રાદષ્ટિ :

ચોથી દષ્ટિ દીપ્રાદષ્ટિમાં પૂર્વની ત્રણ દષ્ટિઓના પ્રતાપે મિથ્યાત્વ અતિશય મંદ થવાથી તત્ત્વદષ્ટિ વિકસે છે. આ દષ્ટિમાં યોગના આઠ અંગોમાંનું ચોથું અંગ પ્રાણાયામ અહીં હોય છે. ઉત્થાન નામના ચોથા આશયદોષનો ત્યાગ થાય છે અને શ્રવણ નામનો ચોથો ગુણ પ્રગટે છે. આ દષ્ટિમાં જ્ઞાન અથવા બોધ દીપકની પ્રભા સમાન છે. અર્થાત્ તત્ત્વશ્રવણ, શુશ્રૂષા અને યમ નિયમાદિક ફળવાળો બોધ હોય છે. આ દષ્ટિમાં પણ બોધ સ્થૂલ પ્રકારનો હોય છે, સૂક્ષ્મ નથી હોતો.

સૂક્ષ્મ બોધ એટલે વસ્તુના સમગ્ર સ્વરૂપનો યથાર્થ બોધ. સપાટી ઉપરનો એકાંગી બોધ તે સ્થૂલ બોધ. આ ચોથી દષ્ટિમાં આવનાર આત્માને હજુ સમ્યકૃત્વ ન હોવાથી સૂક્ષ્મબોધ સંભવતો નથી; કારણ કે સૂક્ષ્મબોધ વેદ્ય સંવેદ્ય પદમાં જ આવે છે. અવેદ્ય સંવેદ્યપદમાં સૂક્ષ્મબોધ હોતો નથી.

કર્મબંધના કારણો શું ? અને કર્મોના ક્ષય દ્વારા પ્રાપ્ત થનારી મુક્તિના કારણો શું ? બંધ અને મુક્તિના કારણો તે વેદ્ય. તે બંનેનું જે જ્ઞાન તે સંવેદન કહેવાય. બંધ અને મુક્તિના કારણોનું શાસ્ત્ર અનુસાર નય અને નિક્ષેપાઓ સાથે જે સૂક્ષ્મજ્ઞાન થાય છે તે જ્ઞાનને વેદ્યસંવેદ્ય કહેવાય.

આવા પ્રકારનું જે જ્ઞાન જે સ્થાનમાં થાય છે તે સ્થાનને 'વેદ્યસંવેદ્ય પદ' કહેવાય છે. આથી 'વેદ્યસંવેદ્ય પદ' એટલે બંધ અને શિવના કારણોનું નય તથા નિક્ષેતાઓ પૂર્વક યથાર્થ જ્ઞાન જે સ્થાનમાં થાય છે તે સ્થાનને 'વેદ્યસંવેદ્ય પદ' કહેવાય છે. આ વેદ્યસંવેદ્ય પદથી વિપરીત જે પદ તે 'અવેદ્યસંવેદ્ય પદ' કહેવાય છે.

સંસારના દુઃખો તો દુઃખદાયી છે જ પરંતુ સુખો પણ પરિણામે દુઃખદાયી જ થાય છે. એવો અનુભવ પહેલા પણ અનેકવાર આ જીવ કરી ચૂકેલો છે. તો પણ અવેદ્યસંવેદ્ય પદના પ્રભાવથી તેની વાસ્તવિક ભયંકરતાનો ખ્યાલ સંસાર સુખની આસક્તિને કારણે જીવને આવતો નથી. ભવામિનંદી જીવોને અવેદ્યસંવેદ્ય પદ આંખે ઊંધા પાટા બાંધવાનું કામ કરે છે. આ જીવોને તે પદ વ્રજની જેમ ન ભેદી શકાય તેવું કઠોર હોય છે. ભવાભિનંદી જીવ લોભી, કૃપણ, દયામણો, માયાવી, માત્સર્યયુક્ત, ભયોથી ભરેલો, નિષ્ફળ આરંભ કરનાર અને અજ્ઞાની હોય છે. આ બધા દોષો અવેદ્યસંવેદ પદના કારણે હોય છે. જ્યાં સુધી અવેદ્યસંવેદ્ય પદ જીતાતું નથી ત્યાં સુધી આ આઠ દોષો પણ સંપૂર્ણપણે જતા નથી. તેથી આત્માર્થી સાધકે અવેદ્યસંવેદ્ય પદ જીતવું જ જોઈએ. આવા કઠોર અવેદ્યસંવેદ્ય પદનો જીતવા માટે શ્રી યશોવિજયજી મહારાજ મુખ્ય બે ઉપાય બનાવે છે - (૧) સાધુસંગ અને (૨) આગમ શ્રવણ અને મનન. આ બે હેતુ મળવાથી તે અવેદ્યપદ(ગાઢ મહોનીય કર્મ)ને જીતે છે. રાગ-દ્વેષ રૂપી ચીકણી ગાંઠ. આ બે ઉપાયોથી ભેદાય છે. અતત્ત્વનો રાગ એટલે કે પર પદાર્થોમાં કે પ્રીતિ-રાગ હતો. તેને બદલે હવે આત્મતત્ત્વની પ્રાપ્તિમાં કેન્દ્રિભૂત થવા લાગે છે. તત્ત્વ તરફનો દ્વેષ. હવે તત્ત્વને બદલે દોષો તરફ જાગે છે.

ચોથી દીપ્રાદષ્ટિમાં આવેલ સાધક આત્માએ મિત્રા - તારા - બલા એમ ત્રણ દષ્ટિઓ પસાર કરી છે. અનાદિકાળથી ઓઘદષ્ટિ તો ચાલી જ ગઈ છે. પરંતુ યોગની પણ ત્રણ દષ્ટિ પસાર કરેલ હોવાથી તેનું મિથ્યાત્વ ઘણું મંદ થઈ ચૂક્યું છે. હવે તે અપુનર્બંધક થાય છે. અપુનર્બંધક એટલે - 'હવે તે જીવ ક્યારેય મિથ્યાત્વ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તથા ઉત્કૃષ્ટ રસ બાંધશે જ નહિ, તેવી આત્મશુદ્ધિવાળો જીવ.' સદ્ગુરુ પાસેથી નિરંતર તત્ત્વ શ્રવણ દ્વારા પોતાના આત્માને કોમળ બનાવ્યો છે.

તેને હવે સમ્યક્ત્વ પ્રાપ્ત થવાની તૈયારીમાં છે. તેથી ઉપરના અવગુણો તે આત્મામાં હોતા નથી. હવે તેને વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્ત થવાની પણ તૈયારી છે. 'રાગ અને દ્વેષ' આત્માના સાચા શત્રુ છે. તેનો પાયો અનાદિકાળથી ઘણો ઊંડો છે. રાગ-દ્વેષ એક પ્રકારની ગાંઠસ્વરૂપ છે. તેને તોડયે જ છૂટકો છે. આવા ઉત્તમ વિચારોથી ચોથી દૃષ્ટિવાળો જીવ પલ્લવિત થાય છે. રાગ-દ્વેષ રૂપી આત્માના મૂળ શત્રુને મૂળગથી દૂર કરવા માટે યોગધર્મનું બળ વધારવા માટે ખેદ, ઉદ્વેગ, ક્ષેપ અને ઉત્થાન વગેરે ચિત્તના દોષો પ્રતિબંધક છે. તેમાં ખેદ, ઉદ્વેગ અને ક્ષેપ આગળની ત્રણ દૃષ્ટિમાં સાધક આત્માએ દૂર કર્યા છે. હવે ચોથો દોષ ઉત્થાન છે. તે આ દૃષ્ટિમાં તે દૂર કરે છે. આદરેલી ધર્મસાધનમાં તે ચિત્તને સ્થિર કરે છે. ઉત્થાન દોષ એટલે આદરેલા ધર્મઅનુષ્ઠાનમાંથી ચિત્તનું ઊડી જવું. ચિત્તનું સ્થિર થવું, આગળ પ્રાપ્ત કરેલી આધ્યાત્મિક સિદ્ધિ હારી ન જવાય તે માટે આ સાધક આત્મા સાવધાન થઈ જાય છે. સાધનામાં સ્થિર થઈ જાય છે. ઉત્થાન દોષને છોડી દે છે. સાધકને રેચક, પૂરક અને કુંભક એમ ત્રણ પ્રકારને પ્રાણાયામ રૂપે યોગનું ચોથું અંગ આ ચોથી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. અહીં સાધકને તત્ત્વશ્રવણ નિરંતર સાંભળ્યા જ કરવાનું મન થાય છે. ભાવ પ્રણાયામના કારણે ખારા પાણી સમાન અનાત્મદશાના ભાવોને સાધક દૂર કરવારૂપ રેચ લગાડે છે અથવા દૂર કરે છે. તે રેચક ભાવ પ્રાણાયામ-અશુભભાવોનો દૂર કરતાં-કરતાં આત્મતત્ત્વની વિચારણારૂપ શુભભાવો સાધક ભાવ્યા કરે છે. તે પૂરક ભાવ પ્રાણાયામ જેમ શરીરમાં શુદ્ધ શ્વાસને ભરી રાખવો, સ્થિર કરવો, તે કુંભક દ્રવ્ય પ્રાણાયામ છે. તેવી જ રીતે આત્મામાં આજ સુધી કરેલી સાધનાને અને પ્રાપ્ત કરેલા ગુણોને બરાબર સ્થિર કરવા તે કુંભક ભાવ પ્રાણાયામ.

## (૫) સ્થિરાદષ્ટિ :

આત્મામાં જ્યાં સુધી મિથ્યાત્વ રહેલું હોય ત્યાં સુધી તેને ઝેર જેવો કડવો સંસાર મીઠો લાગે છે. જે માણસને સર્પનું ઝેર ચઢ્યું હોય તેને કડવો લીમડો પણ મીઠો લાગે છે. પરંતુ જ્યારે સર્પનું ઝેર ઊતરી જાય છે, ત્યારે તેજ માણસને લીમડો કડવો લાગે છે. સ્થિરાદષ્ટિમાં રાગ-દ્વેષરૂપી ચીકણી ગાંઠ ભેદાય છે. ત્યારે મિથ્યાત્વનો નાશ થાય છે અને સમ્યક્ત્વ

પ્રગટ થાય છે. સમ્યક્ત્વની હાજરીમાં મોહાંધકાર ટકી શકતો નથી. જેમ સૂર્યની હાજરીમાં અંધકાર ટકી શકતો નથી. આથી સ્થિરાદૃષ્ટિમાં આવેલા સાધકને સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી આત્મસ્વરૂપનો નિર્બળ બોધ થાય છે. આ બોધ એટલો સ્પષ્ટ હોય છે કે તે પોતાના આત્માને જગતની જંજાળમાં કે પરભાવમાં, મોહના પાશમાં જકડવા દેતો નથી. સ્થિરાદૃષ્ટિ એટલે આત્મભાવમાં સ્થિર રહેનારી દૃષ્ટિ આ દૃષ્ટિવાળો સાધક આત્મભાવમાં એવો સ્થિર રહે છે કે તેના દેહ પર આપત્તિઓની ઝડી વરસે તો પણ તે ડગુમગુ થતો નથી. આ દૃષ્ટિમાં બોધ રત્નની પ્રભા જેવો હોય છે. આ બોધને રત્નની પ્રભાની ઉપમા સાર્થક છે; કારણ કે રત્ન સ્વયં પ્રકાશિત હોય છે. તેને પ્રકાશ મેળવવા માટે પરાયા બળની જરૂર પડતી નથી. દીપક વગેરેની જ્યોતિ પવનના કારણે ઉપર-નીચે, આડી-અવળી થયા કરે છે પરંતુ રત્નની પ્રભા સદાકાળ એકસરખી પ્રકાશે છે. તે સ્થિર અને સ્પષ્ટ હોય છે. મારો આત્મા સનાતન ધ્રુવ દ્રવ્ય છે. પરમાત્મા જેવા અનંત જ્ઞાનાદિ ગુણોવાળો છે. તે ગુણો કર્મોથી આવરાયેલા છે. સંસારના ભ્રામક સુખોના મોહને કારણે મારો જીવ સંસારમાં ભટક્યા કરે છે. માટે હવે રત્નત્રયીની આરાધના કરીને મારા કર્મમેલને બાળીને શુદ્ધ આત્મતત્ત્વ કરવું જોઈએ. સ્થિરાદૃષ્ટિમાં વેદ્યસંવેદ્ય પદ આવે છે, તેના કારણે ભ્રમાત્મક જ્ઞાન ટળી જાય છે. તેથી અહીં ભ્રાંતિ દોષનો ત્યાગ થાય છે. અહીં મોક્ષના સાધક અંગો કયાં ? અને બાધક અંગો કયાં ? તેનું ભ્રમ વિનાનું જ્ઞાન આ દૃષ્ટિમાં થાય છે. સૂક્ષ્મબોધ એટલે કે સમ્યક્ત્વ પ્રાપ્ત થયેલ હોવાથી ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતાં વિષયસુખો અસાર અને તુચ્છ જણાય છે. તેથી પાંચમી દૃષ્ટિમાં આવેલ સાધકને તેજ સુખોમાં રાચવું ગમતું નથી. તેથી તે વિષયો ત્યજીને આત્મગુણમાં રમે છે. આવા પ્રત્યાહાર નામના પાંચમા યોગના અંગની અહીં પ્રાપ્તિ થાય છે.

## (૬) કાંતાદૃષ્ટિ :

સમ્યક્ત્વગુણ, વેદ્યસંવેદ્ય પદ અને સ્થિરાદૃષ્ટિ વગેરે ઉત્તમ ભાવોને ધારણ કરનાર જીવ હવે ધીરે-ધીરે કાંતાદૃષ્ટિમાં આવવાની તૈયારી કરે છે. સ્થિરાદૃષ્ટિના અંતે છઠ્ઠી કાંતાદૃષ્ટિ આવતા પહેલા સાધક કેટલાક ગુણો પ્રાપ્ત કરે છે. જે આગળ પ્રાપ્ત થનારી વિશિષ્ટ યોગદશાની પૂર્વભૂમિકારૂપ

છે. કાંતાદૃષ્ટિ આવતાં પૂર્વે એ સાધક આત્મા સર્વપ્રવૃત્તિઓમાં સ્થિરતા-વાળો અને શારીરિક અને માનસિક રોગ રહિત થાય છે. હિતકારી અને પરિમિત ભોજનથી શારીરિક રોગરહિત અને મોહનીય કર્મના ક્ષયોપશમની અધિકતાથી માનસિક રોગ સહિત બને છે. ઝાડા અને પેશાબની (વડીનીતિ અને લઘુનીતિની) માત્રા અલ્પ થાય છે; કારણ કે સ્વાધ્યાય - ધ્યાન આદિની નિરંતર વિશેષ પ્રવૃત્તિથી પાચનક્રિયા સતેજ બને છે. આહારાદિ બરાબર પચી જવાના કારણે મુખ પર કાંતિ - પ્રસન્નતા, શરીરની સુગંધ અને કંઠનો સ્વર મધુર હોય છે. તેની પ્રકૃતિ નિષ્ઠુરતા વિનાની એટલે ક્રૂરતા વિનાની હોય છે. તેઓ નિરંતર બીજાનું હિત ઈચ્છનારા અને પોતાના સુખની ખાતર બીજાનું અહિત ન થઈ જાય તે માટે સતત સજાગ હોય છે. સાથે-સાથે આ આત્મા ધીરતા, પ્રભાવકતા, ઈષ્ટનો લાભ, મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ એ ચાર ભાવના-વાળું ચિત્ત, સુખ-દુઃખ, હર્ષ-શોક, પ્રીતિ-અપ્રીતિ, લાભ-અલાભ, માન-અપમાન આદિ દ્વંદ્વોના પ્રસંગોને સારી રીતે જીતનારો (તેવા સમયે સમભાવ રાખનારો) થાય છે. પરોપકાર કરવામાં તત્પર હોવાથી તે સર્વલોકોને પ્રિય હોય છે. અવેદ્ય સંવેદ્યપદને જીત્યું હોવાથી ભવાભિનંદી-પણાના દોષો આ સાધકના જીવનમાં હોતા નથી. લોભ આદિ કોષોનો નાશ થવાથી તે પરમતૃપ્તિનો અનુભવ કરે છે. યથાર્થ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું હોવાને કારણે વસ્તુના સાચા સ્વરૂપને જાણતા હોવાથી જીવન-મરણમાં ઉદાસીનતાવાળા હોય છે. કર્મના સંયોગે સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે. તેવું સમજતા હોવાથી વિશિષ્ટ સમતા ટકાવી શકે છે. જ્યાં-જ્યાં જે ઉચિત આચરવા જેવું હોય છે તે ઉચિત આચરણ અવશ્ય આચરે જ છે ને અનુચિત આચરણના સદા ત્યાગી હોય છે. ઉપરોક્ત અનેક ગુણોની પ્રાપ્તિ થવાથી, દોષોના અભાવથી અને મૈત્રી આદિ ભાવનાઓથી ભાવિત હોવાથી તેમને કોઈ સાથે વૈર તો હોતું નથી, પરંતુ તેમના સાંનિધ્યમાં આવનારાના વૈર પણ નાશ પામે છે.

જૈન શાસ્ત્રમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિના પૂર્વકાળમાં ક્ષપકશ્રેણીના સમયે આવતું જે 'પ્રતિભજ્ઞાન' કહેવાય છે. પ્રતિભજ્ઞાન કેવળજ્ઞાન રૂપી સૂર્યોદયની પૂર્વે 'અરુણોદય' સમાન હોય છે. આ પ્રતિભજ્ઞાન શાસ્ત્રજ્ઞાનની પરકાષ્ઠારૂપ અને શાસ્ત્રોના આલંબન વગર સ્વઅનુભવ સ્વરૂપ હોય છે.

તેના પૂર્વકાળમાં ભૂમિકા સ્વરૂપે જે બુદ્ધિ પ્રગટે તે બુદ્ધિને સાંખ્યાદિ દર્શનશાસ્ત્રો અનુસાર 'ઋતંભરા' બુદ્ધિ કહેવાય છે. જૈનશાસ્ત્રો પ્રમાણે આ એક એવા પ્રકારની 'વિશિષ્ટબુદ્ધિ' કહેવાય છે કે જેનાથી લૌકિક અને લોકોત્તર પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ જાણવાની શાસ્ત્ર મર્યાદા પૂર્ણ થાય છે. આત્મઅનુભવ જ વસ્તુના સ્વરૂપને જણાવે છે. આવી બુદ્ધિને ઋતંભરા પ્રજ્ઞા કહેવાય. આ સ્થિરાદૃષ્ટિ કાળે આવી ઋતંભરા બુદ્ધિનો ગુણ આર્વિભાવને પામે છે. જો કે દોષનાશ, પરમતૃપ્તિ, વિશિષ્ટ સમતા, ઔચિત્ય આચરણ, વેરનો નાશ ઋતંભરા પ્રજ્ઞા આ ગુણો તો નિષ્પન્ન યોગીના છે. પરંતુ તે અવસ્થાની પૂર્વભૂમિકારૂપ આ ગુણો આંશિકરૂપે અહીંથી શરૂ થાય છે. સ્થિરા-કાંતા દૃષ્ટિથી શરૂ થયેલા આ ગણો પ્રભાદૃષ્ટિમાં પૂર્ણ વિકાસ પામે છે. અન્ય દર્શનકારોએ ઉપરોક્ત અને બીજા પણ કેટલાંક યોગના લક્ષણો પાંચમી દૃષ્ટિથી આવે છે. તેમ અન્ય શાસ્ત્રોમાં જણાવેલ છે ઉપરના સર્વગુણો કાંતાદૃષ્ટિ આવતા પહેલાં જ તેની ભૂમિકારૂપે પ્રાપ્ત થાય છે. સૂર્યોદયની પહેલા જેમ અરુણોદય થાય તેમ ઊંચભાવો કાંતાદૃષ્ટિના પૂર્વકાળથી જ શરૂ થઈ જાય છે.

## (૭) પ્રભાદૃષ્ટિ :

છઠ્ઠી કાંતાદૃષ્ટિ બાદ સાતમી પ્રભાદૃષ્ટિ વિશિષ્ટ સેવા અપ્રમત્ત. ગુણસ્થાનકે અને ક્ષપકશ્રેણીના પ્રારંભકાળે અપૂર્વકરણાદિમાં આવે છે. આ દૃષ્ટિમાં જ્ઞાન સૂર્યની પ્રભા સમાન અત્યંત સ્પષ્ટ હોય છે. સૂર્યની પ્રભા તેજસ્વી, સર્વત્ર વ્યાપ્ત અને કોઈથી પરાભવ ન પામે તેવી હોય છે તેવી રીતે અહીં જ્ઞાનદશા મોહરહિત અને નિર્મળ બનતી જાય છે. અને ક્ષાયિકભાવ તરફ ગતિ વધવાથી પરિપૂર્ણ અને અપરાભાવનીય એવી જ્ઞાનદશા નજીક આવતી જાય છે. આ દૃષ્ટિમાં જીવ સવિશેષ ધ્યાનપ્રિય હોય છે. કોઈ પણ એક વિષયમાં ચિત્તની સ્થિરતા તે ધ્યાન કહેવાય છે. છઠ્ઠી દૃષ્ટિમાં આવેલી ધારણા એ પણ સ્થિરતા સ્વરૂપ જ છે. પરંતુ કોઈ પણ મૂળભૂત એક ધ્યેયતત્ત્વમાં મનને પરોવવું તે ધારણા અને તેજ મૂળભૂત તત્ત્વમાં ચિત્તની તન્મયતા એ ધ્યાન છે. ધારણા દ્વારા ધ્યાનની અને ધ્યાન દ્વારા સમાધિની પ્રાપ્તિ થાય છે. આત્મકલ્યાણ કરનારા કોઈ મૂળભૂત તત્ત્વમાં ચિત્તને તન્મય કરવાથી રહ્યું-સહ્યું શેષ મોહનીયકર્મ બળીને ભસ્મ થઈ જાય છે. છઠ્ઠી-સાતમી દૃષ્ટિઓમાં આવેલા આત્માઓનો

જ્ઞાન પ્રકર્ષ, વૈરાગ્ય અને અધ્યાત્મનો વિકાસ એટલો બધો ખીલ્યો હોય છે કે વાસનાઓ અને વિકારો બળીને ખાખ થઈ જાય છે. આત્મ-તત્ત્વના ધ્યાનમાં એટલા તન્મય થઈ ગયા છે કે જેના દ્વારા ઘનઘાતિ કર્મો નિરંતર તૂટતાં જ જાય છે અને આત્માની શુદ્ધિ પ્રગટ થતી જાય છે. આ દૃષ્ટિમાં મહાત્માઓ અતિશય ધ્યાનપ્રિય બની જાય છે. તેથી તેઓ જ્યારે જુઓ ત્યારે સવિશેષ ધ્યાનયુક્ત અવસ્થામાં જ હોય છે.

## (૮) પરાદૃષ્ટિ :

આઠમી દૃષ્ટિનું 'પરા' નામ સર્વથા યથાર્થ છે; કારણ કે તેનાથી પર કોઈ નથી અને એ સર્વથી પર છે, સર્વોતકૃષ્ટ છે, ઊંચામાં ઊંચી છે. આ દૃષ્ટિમાં જ આધ્યાત્મિક વિકાસરૂપ યોગની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે. અર્થાત્ અહીં આત્મા પરમાત્મા બને છે.

આ દૃષ્ટિમાં યમ-નિયમ આદિ યોગના આઠ અંગોમાંનું છેલ્લું અંગ શ્રેષ્ઠ એવી સમાધિ અહીં હોય છે. યોગના આઠ ગુણોમાં પ્રવૃત્તિમાં એ આઠમો ગુણ અહીં પ્રાપ્ત થાય છે. ક્ષપકશ્રેણીમાં અંતે આ દૃષ્ટિ આરંભાય છે. જે ચૌદમાં ગુણસ્થાનક સુધી હોય છે. આ દૃષ્ટિમાં ધારણા અને ધ્યાન દ્વારા આત્મા નિર્મળ બોધ વડે મોહનીય કર્મનો એવો ક્ષય કરે છે કે સત્તામાંથી કે ઉદયમાંથી (સંચિતકર્મો + ઉદયમાં આવેલા કર્મો) સંપૂર્ણતયા મોહનીય કર્મનો નાશ થાય છે. તેના કારણે રાગ-રીસ, હર્ષ-શોક, પ્રીતિ-અપ્રીતિ આ સર્વે મોહના વિકારો થતા જ નથી. વાયુ વિનાનું સમુદ્રનું પાણી જેમ સ્થિર હોય છે તેમ આ આત્મા અત્યંત સમતાભાવયુક્ત એવા શ્રેષ્ઠ પ્રશંભવભાવને પામે છે. જ્યાં અલ્પ પણ આકુળતા, વ્યાકુળતા સંભવતી નથી. પરભાવદશામાં જવાના યોગ નથી. સ્વભાવદશામાં (આત્મામાં જ), અત્યંત સ્થિર થાય છે. એટલે 'પરમસમાધિગુણ' પ્રગટ થાય છે.

આઠ દૃષ્ટિની સજ્ઝાયનું સમાપન કરતાં પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે કે - 'આ પ્રમાણે યોગસંબંધી શાસ્ત્રોના અનુસાર સંક્ષેપથી આઠ દૃષ્ટિ સમજાવી છે. જે કુલયોગી અને પ્રવૃત્તચકયોગીના હિતના પ્રયોજનથી આ આઠ દૃષ્ટિઓ સમજાવી છે.'

જૈન શાસ્ત્રોમાં યોગીઓના કુલ ચાર પ્રકાર બતાવેલ છે - (૧) ગોત્રયોગી, (૨) કુલયોગી, (૩) પ્રવૃત્તચક્રયોગી અને (૪) નિષ્પન્નયોગી.

જે યોગીઓના કુળમાં જન્મ્યા છે, પરંતુ યોગધર્મની અલ્પ પણ પ્રીતિ જેઓને નથી કે તરફ જવાની પણ જેઓની મનોવૃત્તિ નથી. માત્ર યોગીઓના કુળમાં જન્મ લેવાના લીધે નામમાત્રથી જ યોગી છે. તે ગોત્રયોગી કહેવાય તે આવા યોગના ગ્રંથો ભણવા માટે અનાધિકારી છે તથા જેઓ યોગદશા સિદ્ધ કરી ચૂક્યા છે. તેરમા - ચૌદમા ગુણસ્થાનકે આરૂઢ થયેલા છે. તેઓ નિષ્પન્ન યોગી કહેવાય છે. તેઓ યોગદશા પામી ચૂક્યા છે, તેમને માટે આ સજ્ઝાય અથવા યોગના ગ્રંથો ભણવા જરૂરી જ નથી. જ્યારે જેઓ યોગીઓના કુળમાં જન્મ્યા છે અને યોગીઓના ધર્મને અનુસરવાની જેઓની ઈચ્છા છે તેઓ કુલયોગી કહેવાય છે. જેઓએ યોગધર્મમાં પ્રવૃત્તિ શરૂ કરી દીધી છે અને જેઓ યોગધર્મમાં આગળ વધતા જાય છે, તેવા યોગીઓને પ્રવત્તચક્ર યોગી કહેવાય છે. આથી જેમને યોગધર્મને અનુસરવાની ઈચ્છા છે અને જેઓ યોગધર્મમાં પ્રવૃત્તિ થઈ ચૂક્યા છે તે કુલયોગી અને પ્રવૃતચક્ર યોગી. આ યોગના ગ્રંથો ભણાવવાના અધિકારી છે.

આઠ દૃષ્ટિની આ સજ્ઝાયમાં અંતિમ બે કડીમાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે - 'યોગના શાસ્ત્રોના ભાવો અતિશય ગૂઢ હોવાથી જ્યાં ઉપદેશક અને શ્રોતાઓ કે ગુરુ અને શિષ્ય વચ્ચેનું અંતર ભાંગી ગયું હોય તેને જ કહેજો; કારણ કે જ્યાં મનમેળ હોય ત્યાં જ કોઈ વાત કરી શકાય અને સ્વીકારી શકાય.' અંતિમ કડીમાં કહે છે કે - 'શ્રોતાઓની સભા ત્રણ પ્રકારની હોય છે. તેના ગુણ અવગુણનું વર્ણન 'નંદી સૂત્ર'માં કરેલું છે.' તે બરાબર જોઈને યોગ્ય આત્માઓને જ આવા મહાનગ્રંથો આપવા.

મંગલમય આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરીને પરમ મંગલકારી ધર્મના સંનિષ્ઠ આરાધક બનીને મોક્ષ યાત્રામાં આગળ વધવા માટે આ સજ્ઝાય શ્રેષ્ઠ સ્વાધ્યાય છે. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ યોગના મહાન વિષયોને આવરી લેતી આ સજ્ઝાય ગુજરાતી ભાષામાં બનાવીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

# અષ્ટ પ્રવચન માતાની સજ્ઝાય

- ડૉ. ભાનુબહેન શાહ

દેવચંદ્રજીની જ્ઞાનપિપાસા ગજબની હતી. તીવ્ર મેધાવી બુદ્ધિના કારણે અલ્પ વયમાં નય, નિક્ષેપ, પ્રમાણ, સપ્તભંગી, ષડ્દર્શન, વ્યાકરણ, જ્યોતિષ શાસ્ત્ર, અઢાર કોષ, કૌમુદી, મહાભાષ્ય, પિંગલ, સ્વરોદય આદિ તમામ ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેમણે ગુરુગમથી વિશેષતઃ હરિભદ્રસૂરિજી અને હેમચંદ્રાચાર્યજી વિરચિત યોગ વિષયક ગ્રંથોનું અધ્યયન કર્યું. તેમની વિદ્યાભ્યાસની લગન જોઈને ગુરુએ તેમના નિકટવર્તી ઉપાધ્યાય યશોવિજયજી અને આનંદઘનજી રચિત સર્વ ગ્રંથોનું પારાયણ કરાવ્યું. સં. ૧૭૫૬ થી સં. ૧૭૬૬ સુધી ગુરુકુળ વાસમાં રહી સ્વસમય પરમ સમયમાં પારંગત થયા. આમ, જૈન આમ્નાય ગ્રંથોના તે પ્રકાંડ વિદ્વાન બન્યા. તેમના જ્ઞાનથી પ્રભાવિત થઈ સંઘે તેમને 'ઉપાધ્યાય' પદ પ્રદાન કર્યું. ખરતરગચ્છના હોવા છતાં ઔદાર્ય અને અનાગ્રહશીલતાના કારણે તે સમયે પણ તેમની પાસે વિદ્યાધ્યયન કરવા માટે ચોર્યાશી ગચ્છના મુનિઓ આવ્યાં હતાં.

ગણિશ્રીનું સાહિત્ય સર્જન અપ્રતિમ, અદ્વિતીય અને બેજોડ હતું. તેમની કૃતિમાં દ્રવ્યાનુયોગની મુખ્યતા રહી છે. તેમના યુગના 'પ્રજ્ઞાપુરુષ' તરીકે તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. તેમણે વિ.સં. ૧૭૬૬ 'ધ્યાન દીપિક ચતુષ્પદી', વિ.સં. ૧૭૬૭ 'દ્રવ્યપ્રકાશ', વિ.સં. ૧૭૭૬ 'આગમસાર', વિ.સં. ૧૭૯૫ 'વિહરમાન જિન સ્તવન', વિ.સં. ૧૭૯૬ 'વિચાર રત્નસાર' ગ્રંથની સમાપ્તિ અને 'જ્ઞાનમંજરી ટીકા' જેવી નાની-મોટી ઘણી કૃતિઓ રચી છે. યોગની દ્યોતક હોવા છતાં તેમાં મુખ્યતા દ્રવ્યાનુયોગની જરૂર છે.

તેમના વિપુલ સાહિત્યમાંથી 'અષ્ટપ્રવચન માતાની રજ્ઝાયો' આ કૃતિ ચરણકરણાનું યોગની દ્યોતક હોવા છતાં તેમાં મુખ્યતા દ્રવ્યાનુયોગની જ રહી છે.

**શીર્ષક :**

આ સજ્ઝાય કાવ્યનું નામાભિધાન વિષયવસ્તુના આધારે થયું છે. અષ્ટ = આઠ, પ્રવચન = સિદ્ધાંત. અર્થાત્ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ

એટલે આઠ સિદ્ધાંત તેને 'અષ્ટપ્રવચન' કહેવાય. આ અષ્ટપ્રવચનને સાધુની માતા કહી છે.

સામાન્ય બાળક એક કે બે ધાવમાતાથી પોષાય છે, રાજકુંવર પાંચ ધાવમાતાથી પોષાય છે, તેમ સાધક અષ્ટપ્રવચનમાતાથી પોષાય છે.

**ઉપદેશ તત્ત્વ :**

શાસ્ત્રકારોએ હજારો બાર વ્રતધારી શ્રાવકો કરતાં, લાખો સમ્યક્ત્વ-ધારી જૈનો કરતાં અને કરોડો માર્ગાનુસારી મિથ્યાત્વીઓ કરતાં એક પંચમહાવ્રતધારી સંયમીને મહાન ગણ્યો છે. 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' (૩/૧)માં કહ્યું છે કે - 'ભેખ સ્વીકાર્યા પછી પણ તેમાં સમ્યક્ પુરુષાર્થ કરવો મહાદુર્લભ છે.' આમ, દુર્લભ એવા સંયમ ધર્મના પાલનમાં ક્ષતિ આવકાર્ય નથી. પ્રસ્તુત કૃતિમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ દ્વારા ષટ્જીવનિકાયના સર્વ જીવોને અભયદાન આપવાનો ઉચ્ચ આદર્શ વણાયેલો છે. વળી, અણગાર ધર્મના તંદુરસ્ત મૂલ્યોની ખતવણી કરી સ્વમાં ઠરી જવાનો ઉપદેશ સમાયેલો છે.

**પ્રયોજન :**

'સાર શ્રમણ ગુણ ભાવના' એવું આલેખી ગણિશ્રીએ આચારની ઉપયોગિતાનો અનુભવ કરીને પ્રસ્તુત કૃતિને સજ્ઝાયના રૂપમાં ઢાળી છે. આ રચનામાં કવિશ્રી સાધુ જીવનચર્યા સામે આંગળી ચીંધી ઉત્સર્ગ અને અપવાદમાર્ગના ઉભય નિરૂપણ દ્વારા શાશ્વત સુખ તરફ દોરી જાય છે.

**વિષયવસ્તુ :**

જૈન આગમોમાં 'શ્રી સમવાયાં સૂત્ર', 'શ્રી સ્થાનાંગ સૂત્ર', 'શ્રી ભગવતી સૂત્ર', 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' તથા **દિગંબર** પરંપરામાં 'નિયમસાર', 'જ્ઞાનાર્ણવ', 'તત્ત્વાર્થ સૂત્ર' અંતર્ગત અષ્ટ પ્રવચન **માતાનું** નિરૂપણ થયું છે. તેના આધારે કવિએ પ્રસ્તુત સજ્ઝાયનું માળખું સર્જન કર્યું છે.

**રચના સ્થળ અને કાળ :**

સં. ૧૭૯૬ - ૯૭માં, જામનગરમાં ચાતુર્માસ દરમિયાન દેવચંદ્રજીએ આ કૃતિને લિપિબદ્ધ કરી છે. (શ્રીમદ્ દેવચંદ્ર : એક સમગ્ર અનુશીલન. લે. સાધ્વી આરતી, પૃષ્ઠ ૧૭૬)

**કાવ્ય પરિચય :**

અધ્યાત્મને ઉદ્‌ઘાટિત કરતી આલોચ્ય સજઝાયમાં અષ્ટપ્રવચન માતાનું ફળ નિર્દેશન (દુહા-૧/૩)માં થયું છે.

**"જનની પુત્રી હિત શુભ કરી, તિમ એ પવયણ માય;**
**ચારિત્ર ગુણ ગણ વર્દ્ધિની, નિર્મલ શિવસુખદાય."**

જેનું શરણું સાધકને માતાની ગોદની જેમ નિશ્ચિંત બનાવે છે તેને પ્રવચન માતા કહેવાય છે. તેનું શરણું સ્વીકારનાર સાધક ઉત્તરોત્તર ચારિત્ર ગુણથી તરબતર બની શાશ્વત સુખ પ્રાપ્ત કરે છે.

ચારિત્ર રૂપી વૃક્ષનું મૂળ દયા છે. મૂળ થકી વૃક્ષનું પોષણ અને સંવર્ધન થાય છે, તેમ સર્વ જીવો પ્રત્યેનો વાત્સલ્ય ભાવ ચારિત્ર્ય ગુણની વૃદ્ધિ કરે છે. જ્યાં જીવો પ્રત્યેનો અનન્ય વાત્સલ્ય ભાવ છે ત્યાં જ જિનશાસન છે. આમ, અષ્ટપ્રવચન માતા એ સંયમ જીવનનો પ્રાણ છે. અણગાર ધર્મની મિસાલ છે.

'શ્રી દશવૈકાલિક સૂત્ર' અનુસાર સાધક '**सव्वभूयप्पभूयस्स**' વિશ્વના તમામ જીવોને પોતાના તુલ્ય એટલે કે આત્માથી અભિન્ન માને છે. સાધુ માટે 'જયં' જતના એ પાપ નિવારક મહામંત્ર છે. અષ્ટપ્રવચન માતાનું સારભૂત તત્ત્વ જ જતના - યતના છે. સાધુ જીવનની તમામ ક્રિયાઓ જતનાપૂર્વક થાય તે જ સાધકની ખાનદાની છે.

અંત્યાનુપ્રાસ અને દૃષ્ટાંત અલંકાર પ્રયોજી ગણિશ્રીએ પ્રસ્તુત વિષયને સરળતા અને મધુરતા પ્રયોજી છે. ફક્ત એક જ પંક્તિમાં અષ્ટપ્રવચન માતાના પાલન વિના મોક્ષ શક્ય નથી એવો રણકો કર્યો છે. નૂતન સાધુને પ્રાથમિક ભૂમિની સ્ખલનાથી અને ગીતાર્થ સાધુને ઉપલી ભૂમિકામાં થતા પ્રમાદોથી અટકાવી ચરમ લક્ષ્ય સુધી પહોંચાડનાર એકમાત્ર પ્રવચનમાતા છે.

**"ભાવ અયોગી કરણ રુચિ, મુનિવર ગુપ્તિ ધરંત;**
**યદિ ગુપ્તે જો ન રહી શકે, તો સમિતે વિચરંત."**

મુનિવરનું મુખ્ય લક્ષ્ય તો અયોગીપણું કેળવવાનું જ છે. અયોગીપણાના લક્ષ્યવાળા મુનિઓ ગુપ્તિને જ ધારણ કરે છે, પરંતુ જો ગુપ્તિમાં જામી ન શકે તો સમિતિપૂર્વક વિચરે છે.

સ્વસ્વરૂપમાં રમણતા - વિચરણ એ જ સમ્યક્ચારિત્ર છે, પરંતુ સયોગી મુનિવર અંતર્મુહૂર્તથી વધુ એક જ વિષયના ધ્યાનમાં એકાગ્ર રહી શકતા નથી. વળી, સંયમ જીવનના નિર્વાહ માટે, ગ્લાન - વૃદ્ધ - રોગી ઈત્યાદિની વૈયાવચ્ચ માટે, કર્તવ્યનું પાલન કરવા યોગનો ઉપયોગ કરવો પડે છે, ત્યારે ગુપ્તિને છોડી મુનિવર સમિતિને ગ્રહણ કરે છે.

સમિતિ એટલે ઉપયોગપૂર્વક સમ્યક્પ્રવૃત્તિ. ગુપ્તિ એટલે સર્વ પ્રકારની શુભ કે અશુભ યોગજન્ય ક્રિયાઓનો નિરોધ છે.

આમ, ગુપ્તિએ નૌકા છે, જ્યારે સમિતિ એ નૌકાનાં હલેસાં સમાન છે. સાધક ગુપ્તિરૂપી નૌકામાં બેસી સમિતિરૂપી હલેસાં વડે શિવપુરીમાં પહોંચે છે.

સમિતિ અને ગુપ્તિમાં ઉત્સર્ગ અને અપવાદ માર્ગની જુગલબંદી દર્શાવતાં રચનાકાર કહે છે -

**"ગુપ્તિ એક સંવરમયી ઉત્સર્ગિક પરિણામ;**
**સંવર નિર્જર સમિતિથી, અપવાદે ગુણધામ."**

**'જ્ઞાનક્રિયાભ્યામમોક્ષમાર્ગઃ'**ની જેમ સમિતિ અને ગુપ્તિના ઉભય સંયોગથી સાધક સિદ્ધિને વરે છે. ગુપ્તિ એ ઉત્સર્ગ માર્ગ છે, જ્યારે સમિતિ એ અપવાદ માર્ગ છે. ઉત્સર્ગ નિવૃત્તિ પ્રધાન છે જ્યારે અપવાદ પ્રવૃત્તિ પ્રધાન છે. ઉત્સર્ગ એ આદર્શવાદ છે જ્યારે અપવાદ એ નબળાઈ છે. સંયમજીવન ગુપ્તિ પ્રધાન હોવાથી ગણિશ્રીએ પ્રથમ ગુપ્તિનું અને ત્યાર પછી સમિતિની વિવક્ષા કરી છે. અહીં શ્રીમદ્જી ઉચ્ચ કોટિના અધ્યાત્મ સાધક હતા, એવું પ્રતીત થાય છે.

**"દ્રવ્યે દ્રવ્યતઃ ચરણતા, ભાવે ભાવ ચરિત્ત;**
**ભાવદૃષ્ટિ દ્રવ્યતઃ ક્રિયા કરતાં શિવ સંપત્ત."**

દ્રવ્ય ક્રિયાથી દ્રવ્ય ચારિત્ર અને ભાવ ક્રિયાથી ભાવ ચારિત્ર પ્રગટે છે. ભાવનાં લક્ષ્ય સહિત જો દ્રવ્ય ક્રિયાઓ કરવામાં આવે તો શિવસુખનો વિનિયોગ થાય છે.

મન, વચન અને કાયા જ્યાં સુધી બાહ્ય જગતમાં ઘૂમતાં રહે ત્યાં સુધી સાધક ભીતરના ભાવથી અજાણ રહે છે. આત્મ દૃષ્ટિ થતાં દિશા અને દૃષ્ટિ પૂર્ણરૂપથી બદલાઈ જાય છે. આકર્ષણોથી તૃપ્તિ મેળવવા મથતું મન આકર્ષણો પ્રત્યે નિરસ બને છે. કાયા પાછળ અહર્નિશ ભમનારો

માનવી કાયાની ક્ષણભંગુરતા સમજતાં આયુષ્યને સાર્થક કરવાનો વિચાર શરૂ કરે છે. બીજાની ખામીઓ અને ભૂલોને શોધનારો પોતાના દોષ કર્મની પાટી પર વ્રજલેખ બને તે પહેલાં ક્ષમાયાચના કરી હળવો બને છે.

અનંતના આનંદને પ્રાપ્ત કરવા પુરુષાર્થશીલ બનેલા સાધકને અધ્યાત્મ રસિક દેવચંદ્રજી આડકતરી રીતે જૈનત્ત્વના મૂલ્યને સાચવવાની શીખ આપે છે.

**"પરમ મહોદય સાધવા જે થયા ઉજમાળ;**
**શ્રમણ ભિક્ષુ માહણ યતિ ગાઉં તસ ગુણગાન."**

કવિશ્રી સંઘમાં શ્રમણભગવંતો અને મુમુક્ષુઓની ઉપબૃહણા કરે છે. કેવી અજબ-ગજબની ગુણભાવિતતા !

## *(ઢાળ - ૧ : ઈરિયા સમિતિ)*

આ ઢાળની ૧૧ કડીઓમાં ઈરિયાસમિતિનું સ્વરૂપ વિસ્તારપૂર્વક દર્શાવેલ છે. પાંચ મહાવ્રતના સ્થિરીકરણ અને દઢીકરણ માટે દરેક મહાવ્રતની પાંચ-પાંચ ભાવનાઓ શાસ્ત્રકારોએ બતાવી છે. ભાવના અક્સીર રસાયણ છે. રસઘેલી ક્રિયાનું નૂર અનેરું હોય છે. દુર્ધ્યાનરૂપી ભૂતડાં ચિત્તરૂપી બાળકને ઠગી ન જાય તે માટે ભાવનાના માદળિયાં પહેરાવવાં જોઈએ. ભાવના એ કેવળજ્ઞાનની પૃષ્ઠભૂમિ છે.

પ્રથમ 'પ્રાણાતિપાત વિરમણ વ્રત' છે. આચાર પ્રણિધિનું મૂળ અને સારભૂત તત્ત્વ છે. પાંચ મહાવ્રતમાં અહિંસા વ્રતની પ્રાથમિકતા છે. સંયમ જીવનમાં જરૂરિયાત ઘટે એટલે હિંસા પણ ઘટે છે. હિંસા ઘડે એટલે કરુણા અને અનુકંપા ભાવમાં વૃદ્ધિ થાય છે. સંયમી ષડ્નિકાયના સર્વ જીવો પ્રત્યે અભયદાનના કરારનામાં કરે છે. એ દ્રવ્ય અહિંસા છે, જ્યારે પોતાના આત્માને કર્મબંધના હેતુથી મુક્ત કરવો તે ભાવ અહિંસા છે. જેમ-જેમ સંયમમાં પરિપક્વતા આવે, તેમ-તેમ આચારમાં સ્થિરતા આવતી જાય છે.

અપ્રશસ્ત યોગોનો પ્રવાહ અનાદિકાળથી પ્રવાહિત છે માટે ગણિશ્રી સાધકને સંબોધે છે.

**"દુષ્ટ ચપલતા વાર મુનિવર ઇરિયા સમિતિ સંભાર,**
**કાય ગુપ્તિ ઉત્સર્ગની જી, પ્રથમ સમિતિ અપવાદ;**
**ઇરિયા તે જે ચાલવું જી, ધરિ આગમ વિધિ વાદ. મું.ઈ." (૧/૧,૨)**

કાયાને સંપૂર્ણ સ્થિર એ કાય ગુપ્તિ છે. પરંતુ હલન-ચલન વિના સંયમ-જીવનનો નિર્વાહ સંભવ નથી, માટે મુનિવર અપવાદે સમિતિનું સેવન શાસ્ત્રોક્ત વિધિ અનુસાર (સાડા ત્રણ હાથ દૂર નજર નાંખી, દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવની મર્યાદાનું પાલન કરી) કરે છે. તે ઈરિયા સમિતિ છે.

મુનિ ચાર કારણે ગમનાગમન કરે છે - (૧) જિનવંદન કે વિશિષ્ટ જ્ઞાનાભ્યાસ માટે, (૨) જિનધર્મની પ્રભાવના હેતુ, (૩) ગુરુ - ગ્લાન - વૃદ્ધ - બાળમુનિની વૈયાવચ્ચ (ગોચરી પાણીની વ્યવસ્થા) હેતુ અને (૪) સ્થંડિલ-માત્રુની શંકા થવાથી.

ગમનાગમનના કારણો દર્શાવી (કડી ૫ અને ૬) કવિશ્રી દ્રવ્ય અને ભાવ સ્થિરતાથી થતા લાભાલાભ વર્ણવે છે. વાસ્તવમાં સ્વરૂપમાં સ્થિર થવું એ સર્વશ્રેષ્ઠ છે. સર્વ જિનેશ્વરો પોતાના સ્વરૂપમાં સ્થિર થયાં છે. ભાવ સ્થિરતાથી જ પરમ પવિત્ર સમતા રુચિ ઉપજે છે, પરંતુ મોહના આતંકમાં દ્રવ્ય સ્થિરતાથી જનસમુદાય કે સ્થાનનો રાગ વધે છે. તેમજ જ્ઞાનાભ્યાસ વિના પ્રમાદ (સ્વછંદતા) વૃદ્ધિગત થાય છે, જે સંયમમાં અકસ્માત નોતરે છે. સંયમીને સંયમ ખોવો પડે છે.

લોકેષણા અને પ્રમાદથી શ્રમણત્વની ઊંચાઈ ઘટે છે એવો ભાવ કવિશ્રી વ્યક્ત કરે છે.

કવિશ્રી શરીરનો ધર્મ (કડી ૭ થી ૧૦) ઉજાગર કરી, સિદ્ધ ભગવંતને અશરીરી અવસ્થાને બિરદાવી, ઈરિયા સમિતિના પાલક મહામુનિની શિષ્ટતા લક્ષણો પોત કરે છે. જેમાં કવિશ્રીનું બહુશ્રુત વ્યક્તિત્વ છતું થાય છે.

**"એ શરીર ભવમૂલજ છે જી, તસુ પોષક આહાર;**
**જાવ અયોગી નવિ હુવેજી, તાવ અનાદિ આહાર. મું.ઈ.**

**કવલાહારે નિહાર છે જી, એક અંગ વ્યવહાર;**
**ધન્ય અતનુ પરમાત્માજી, જિહાં નિશ્ચલતા સાર. મું.ઈ.**

**પરપરિણિત કૃત ચપલતાજી, કેમ છૂટશે એહ;**
**એમ વિચારી કારણે જી, કરે ગોચરી તેહ. મું.ઈ.**

**ક્ષણા વંત દયાલુઆજી, નિઃસ્પૃહ તનુ રાગ;**
**નિર્વિષયી ગજગતિ પરેજી, વિચરે મુનિ મહાભાગ. મું.ઈ."**

પ્રસ્તુત પંક્તિઓના ગર્ભમાં शरीरम् आद्यं खलु धर्मसाधनम् - માનવ શરીર ધર્મ સાધના માટે છે એવો ભાવ છુપાયેલો છે.

ઉપરોક્ત પંક્તિમાં જાવ-તાવ જેવા પ્રાકૃત અને કૃત જેવા સંસ્કૃત તેમજ ગુર્જર ભાષાના શબ્દ પ્રયોગો થયાં છે.

મુનિ ચાલવાની ક્રિયાઓમાં ધબાધબ પગ ન મૂકતાં શાંત અને ગજગતિએ ધીર-ગંભીર રીતે ચાલે. ચાલવાના ઉપયોગમાં લીન રહીને વિશેષ ધ્યાન રાખી (પ્રાય : મૌન રહી) સાધક નિરંતર ચાલે. 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' (૨૪/૮)માં પણ એવું જ કહ્યું છે -

'तम्मुति तप्पुरक्कारे उवउत्ते रियं रए ।'

આવા જ ભાવ 'શ્રી દશવૈકાલિક સૂત્ર' (અ. ૫. ઉ. ૧/૧૪)માં વ્યક્ત થયાં છે. આમ, સાધકે નિશ્ચયાત્મક લક્ષ્યથી વ્યવહારનું સમ્યક્ પાલન કરવું જોઈએ.

## *(ઢાળ - ૨ : ભાષા સમિતિ)*

કવિશ્રી એ બાર કડીમાં ભાષા સમિતિનો વિસ્તાર કર્યો છે. વચન ગુપ્તિમાં સ્થિર ન રહી શકનાર ભાષા સમિતિનો પ્રયોગ અપવાદે કરવો જોઈએ. જિનેશ્વરોએ બીજા મહત્ત્વની ભાવવાનું મૂળ સત્ય વચન કહ્યું છે. અસત્ય વચન એ હિંસા છે જ્યારે સત્ય વચન એ અહિંસા છે માટે સત્ય વચન એ સંવર છે અને સંવરથી આવતાં કર્મો રોકાય છે.

કવિશ્રી (કડી ૩-૬માં) ભાષા સમિતિનો ઉપયોગ દર્શાવે છે.

**"મૌનધારી મુનિ નવિ વદે વચન જે આશ્રવ ગેહ રે;**
**આચરણ જ્ઞાનને ધ્યાનનો, સાધક ઉપદિસે તેહ રે. સા.**

**ઉદિત પર્યાપ્તિ જે વચનની તે કરી શ્રુત અનુસાર રે;**
**બોધ પ્રાગભાવ સજ્ઝાયથી, વળી કરે જગત ઉપકાર રે. સા.**

**સાધુ નિજ વીર્યથી પરતણો, નવિ કરે ગ્રહણને ત્યાગ રે;**
**તે ભણી વચન ગુપ્તિ રહે, એ ઉત્સર્ગ મુનિ માર્ગ રે. સા.**

**યોગથી જે આશ્રવ પદ હતો, તે કર્યો નિર્જરા રૂપ રે;**
**લોહથી કંચન મુનિ કરે, સાધના સાધ્ય ચિદ્રુપ રે. સા."**

**(૨/૩-૬)**

મૌન રાખે તે મુનિ કહેવાય. મૌનધારી મુનિ મૌન સેવે છે; કારણ કે વચન (શબ્દ) એ આશ્રવનું ઘર છે, છતાં સાધકને જ્ઞાન, ધ્યાન કે ચારિત્રમાં પ્રવૃત્તિ કરવી પડે ત્યારે ભાષા સમિતિનો ઉપયોગ કરવો પડે છે.

સૂત્ર સિદ્ધાંતનો સ્વાધ્યાય કરતાં પ્રાગભાવ (બોધ) પ્રગટ થવાથી જગતના જીવો ઉપર અનહદ ઉપકાર કરે છે. આમ, સાધક જ્ઞાન - દર્શન - ચારિત્રની પ્રરૂપણા કરવા, પઠન-પાઠન તેમજ સ્વાધ્યાય માટે વચનનો વપરાશ કરે છે. અન્યથા મૌન જ રહે છે.

યોગની પ્રવૃત્તિ આશ્રવનું કારણ છે. લોહ સમાન યોગથી ઉપયોગ સમાન પારસમણિનો સ્પર્શ થવાથી તે યોગ કંચન બની જાય છે. આ યોગ હવે કર્મબંધનનું કારણ ન બને. અર્થાત્ યોગની સાથે ઉપયોગનું અનુસંધાન થતાં તે નિર્જરાનું કારણ બને છે.

(કડી ૬માં) ઉપમા અલંકારનો પ્રયોગ કરી પ્રસ્તુત વિષયની છણાવટ કરવામાં કવિશ્રી સફળ રહ્યાં છે.

સાધક અપવાદ માર્ગે ભાષા સમિતિનો વપરાશ ક્યારે અને કેવી રીતે કરે ? તે (કડી ૭ અને ૮)માં દર્શાવ્યું છે. 'સાધક સ્વપરના હિત માટે પાંચ પ્રકારનો સ્વાધ્યાય આદરે, સંયમના નિર્વાહ માટે અન્ન-વસ્ત્ર ઈત્યાદિની ગવેષણા કરવા, ગુરુ - ગ્લાન - યોગી - વૃદ્ધ - સાધુ જે પોતાને આશ્રિત રહેલાં છે તેમના પ્રત્યેનું કર્તવ્ય નિભાવવા, જિનભક્તિ અને જિનપ્રવચનની પ્રરૂપણા કરી ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડવા આગમોક્ત ભાષાનો પ્રયોગ કરે. ('શ્રી સ્થાનાંગ સૂત્ર' અનુસાર - કર્કશ, કઠોર, છેદક-ભેદક, વેર-વિરોધક, નિશ્ચયકારી અને સાવદ્યકારી ભાષા ન બોલે.)

'અનુયોગદ્વાર સૂત્ર'માં પરમાત્માએ અનેક પ્રકારનાં નય, ભાંગા અને નિક્ષેપ સહિત સ્યાદ્‌વાદયુક્ત ચાર - દસ - સોળ ગુણોથી યુક્ત વાણી દર્શાવી છે. તેનો ઉલ્લેખ અહીં કવિશ્રીએ કર્યો છે.

મૂળ ગ્રંથોના ભાવોને યથાવત્ રાખી કવિશ્રી (કડી ૯ થી ૧૦માં) સાધક ઉત્કર્ષના માર્ગને પ્રગટ કરે છે.

સાધુની સભ્યતા, સમભાવનું પોષણ, કર્તવ્યનું પાલન, જિનશાસનનું ગૌરવ આદિ લાભો ભાષા સમિતિમાં સમાવિષ્ટ થયાં છે.

## *(ઢાળ - ૩ : એષણા સમિતિ)*

મુનિ શુદ્ધ અનાહારક ભાવના લક્ષ્યથી જ સાધના કરે છે, પરંતુ સાધનામાં કોઈ પ્રકારનો વિક્ષેપ ઉત્પન્ન થતાં તેનું નિવારણ કરવા આહારની ઉપયોગિતા વર્તાય છે. તે ગણિશ્રીના શબ્દોમાં પ્રસ્તુત છે.

**"જ્યાં સાધકતા નવિ અડેજી, ત્યાં નવિ ગ્રહે આહાર;**

બાધક પરિણતિ વારવાજી, અશનાદિક ઉપચાર." મુ.સ. (૩/૯)

વાસ્તવમાં આત્મા અનાહારક છે. આહાર એ તો પુદ્ગલનો સ્વભાવ છે. પુદ્ગલથી પુદ્ગલનું પોષણ થાય છે. આત્માનું કદાપિ નહિ. તે ભાવોને કવિશ્રી નીચેની પંક્તિમાં ઉદ્ઘાટિત કરે છે.

**"કાયયોગ પુદ્ગલ ગ્રહેજી, એહ ન આતમ ધર્મ;**
**જાણણ કરતા ભોગતાજી, હું માહરો એ મર્મ." મુ.સ. (૩/૩)**

દેહપિંડ એ પારકો માલ છે. જીતે જ્ઞાતા-દૃષ્ટા બની સ્થિર થવું જોઈએ. એવી ઊંચી વિચારસરણી કેળવવાની છાપ અહીં પાડવામાં આવી છે.

કવિશ્રીએ અનભિસંધિ (ચલિત) વીર્ય અને અભિસંધિ (સ્થિર) વીર્યવાળા સાધકના લક્ષણની સચોટ છણાવટ કરી છે. અનભિસંધિ વીર્યવાળા સાધકમાં કર્મને રોકવાની શક્તિનો અભાવ છે, જ્યારે અભિસંધિ વીર્યવાળા કદી પણ પરભાવોને ગ્રહણ કરતા જ નથી.

ઉપરોક્ત અવસ્થા અનુક્રમે સંસારી અને સિદ્ધના જીવો સાથે તુલનીય છે. કવિશ્રી દ્વારા અભિસંધિ વીર્યવાળા જીવોનો ઉલ્લેખ કરી અંતર્મુખો-પયોગ બનવાનું સૂચન કરાયું છે.

ગણિશ્રીએ 'શ્રી દશવૈકાલિક સૂત્ર' (અ. ૫/૧/૫૬) અનુસાર એષણા સમિતિના ૪૨ દોષોનો ત્યાગ કરી ભિક્ષા લેવાની વિધિ ઉપમા અલંકાર પ્રયોજી દર્શાવી છે.

**"સુડતાલીશે દ્રવ્યનાજી, દોષ તજી ની રાગ;**
**અસંભ્રાંતિ મૂર્છા વિનાજી, ભ્રમર પરેં વડ ભાગ. મુ.સ." (૩/૧૦)**

ભિક્ષાચર્યામાં ભ્રમરના સ્વભાવનું આરોપણ કરી કવિશ્રી સુંદર મૌક્તિક આપે છે.

મધુકર એક જ ફૂલની પરાગ ચૂસી લેતો નથી, પ્રત્યેક ફૂલમાંથી થોડું-થોડું મધ ચૂસે છે, તેમ સાધુ એક જ ઘરેથી ગોચરી ન વહોરતાં પ્રત્યેક ઘરેથી થોડો-થોડો આહાર વહોરે જેથી કોઈને અવગડતા ન પહોંચે અને આરંભ સમારંભ ન કરવો પડે. માટે જ મુનિની ભિક્ષાને 'માધુકરી ભિક્ષા' કહી છે.

આમ શ્રી દેવચંદ્રજીએ અષ્ટપ્રવચન માતા વિષયક આમા સુપેરે ચિંતનનું નિરૂપણ કર્યું છે.

# સ્થૂલિભદ્ર સજ્ઝાયનો રસાસ્વાદ

- ડૉ. મહેશ્વરી મહેતા

'સજ્ઝાય' એ કાવ્યનો પ્રકાર છે. સજ્ઝાયમાં કાવ્યના બધા જ લક્ષણો પ્રતિબિંબિત થતા હોય છે. કાવ્ય લખનારને કાવ્ય રચનારને **કવિ** કહેવામાં આવે છે. માટે સજ્ઝાય સમજવી હોય તો પહેલા 'કવિ'ને ઓળખવો પડે.

કવિ એટલે -

*વેદના પોતાની હોય*
*ને આંસુ*
*વાંચકની આંખે ટપકાવે*

કવિ એટલે -

*સંઘર્ષ પોતાના ઘૂંઘવાતો હોય*
*ને યુદ્ધે*
*વાંચકને ચડાવી દે.*

કવિ એટલે -

*યાદમાં કોઈની પોતે તડપતો હોય*
*ને વાટ જોતો*
*વાંચકને કહી દે.*

કવિના સર્જનો અદ્‌ભૂત હોય છે. આપણે ચૂંટેલી પાંચે સજ્ઝાયો એનું ઉદાહરણ છે. દરેક સજ્ઝાયમાં વિવિધ રસો પીરસેલા છે, એમાં રાગ છે, સૌંદર્ય છે. સંગીત છે. વૈરાગ્ય છે. માનવના દરેક ભાવોનું તેમાં નિરૂપણ છે.

### સજ્ઝાય - 'સ્થૂલિભદ્ર'

### કવિ - પંક્તિ હર્ષવિજય કવિરાય

સજ્ઝાય રચનાર કવિ સાધુ છે. સામાન્ય રીતે સાધુ ભગવંત અથવા કોઈ આધ્યાત્મિક પુરુષની કૃતિ આધ્યાત્મ રંગે રંગાયેલી હોય.

આત્મભાવો નિરૂપણ કરતી હોય. પરંતુ એ વ્યક્તિ આધ્યાત્મિક પુરુષ હોવા છતાં પહેલાં તે કવિ છે. ને તેથી પ્રારંભમાં તો તે પોતાની કૃતિમાં વિવિધ સાંસારિક રસોનું પાન કરાવે છે.

શૃંગારની છોળો ઉડાવે છે. વિવિધ સાંસારિક રસોનું પાન કરાવે છે. આ વાતનું આબેહૂબ સમર્થન એ આ સજઝાય છે.

કોશા સ્થૂલિભદ્રના વિરહમાં તડફડી રહી છે, ને અચાનક સ્થૂલિભદ્રનું કહેણ આવે છે કે - 'તે તેના ઘેર રહેવા માટે આવી રહ્યા છે.' હવે અહીં કવિ કોશાના ઉછળતા મનોભાવનું અલભ્ય વર્ણન કરે છે. કોશા કહે છે, "મારે આજ મોતીનો વરસાદ થયો, મારે આજ બધા જ દેવી-દેવીઓની પ્રસન્નતા પ્રાપ્ત થઈ. આજે પ્રાણનાથને જોનારા મારા નયન ધન્ય બની ગયા."

કોશાએ સ્વાગતમાં કરેલી તૈયારીનું એવું વર્ણન કરે છે કે આપણી સમક્ષ આખું ચિત્ર ખડું કરી છે. સ્થૂલિભદ્ર જે ચિત્રશાળામાં ઉતરવાના છે તે ચિત્રશાળા સોના-રૂપાથી સજાવે છે. જાળીઓમાં રત્નો પુરાવે છે. મોતીના ચોક પુરાવે છે. વિવિધ જાતના પકવાનો અને ચોસઠ જાતનાં શાકો પકાવાય છે. વળી દ્વાદશ ધપમપ માદલ વાગે, ભેરી ભૂંગળ વાણી ગાજે.

કવિ એક સાધુ ભગવંત હોવા છતાં કોશાના રૂપશૃંગારનું જે વર્ણન કર્યું છે તે કવિના કવિત્વ પરનું પ્રભુત્વ દર્શાવે છે.

કોશાએ સોળ શણગાર સજ્યા છે. આંખોમાં કાજળ, માથામાં કુમકુમ, ગળામાં હાર, પગમાં ઝાંઝર, અંગૂઠી, વીંછિયા ધારણ કર્યાં છે. વિવિધરંગી વસ્ત્રો પહેર્યાં છે. કોશા એક અપ્સરા જેવી શોભી રહી છે. કવિએ આ અદ્ભુત વર્ણન દ્વારા કોશાને આપણી સમક્ષ જાણે પ્રત્યક્ષ કરી દીધી છે.

સ્થૂલિભદ્રને રીઝવવા કોશાએ કોઈ કચાશ નથી છોડી, એ બનાવવા કવિએ કોશાએ કેવું સંગીતમય વાતાવરણ બનાવ્યું છે તે બતાવતા કવિ કહે છે -

**"દ્વાદશ ધપમપ માદલ વાગે, ભેરી ભૂંગળ વિણા ગાજે;**
**એમ રૂપે અપ્સરા રાજે રે, સ્થુલિભદ્ર મુનિ ઘરે આવે."**

એક સ્ત્રી, ખોઈ દીધેલો પ્રીતમ પાછો પ્રાપ્ત થવાનો હોય ત્યારે તે તન - મન - ધનથી કેવી વરસી પડવા તૈયાર હોય. આ વાતને કવિએ જાણે કોશાના હૃદયમાં જઈને જોઈ હોય, તેવું અદ્‌ભુત વર્ણન આ કાવ્યમાં કર્યું છે.

આ સાંસારિક ભાવોની પરાકાષ્ઠા બતાવ્યા પછી કવિ વાતને વળાંક આપે છે. સ્થૂલિભદ્ર રીઝાતા નથી. કોશાને સંસારની, ભોગોની અસારતા સમજાવે છે. કોશા સમજે છે. કોશા ભોગોનો ત્યાગ કરે છે. બાર વ્રત ગ્રહણ કરે છે.

આ સજ્ઝાયની સમૃદ્ધિ એ છે કે - 'કવિ સાંસારિક ભાવોની એવી પરાકાષ્ઠા બતાવે છે કે એ ભાવોનો ત્યાગ કરનાર સ્થૂલિભદ્રજી પાસે આપોઆપ આપણું મસ્તક ઝૂકી જાય છે. આપણને પણ આધ્યાત્મિક જગતને સ્વીકારવાનું મન થઈ જાય છે.' જ્યારે સ્થૂલિભદ્રજી કહે છે -

**"કાળ અનંતો એમ જ ગયો**
**સુખ એવો જીવે અનુભવ્યો**
**તો યે તૃપ્તિ**
**જીવ ના પામ્યો રે."**

સંક્ષિપ્તમાં આ સજ્ઝાય અનેક ભાવોનું નિરૂપણ કરે છે. વિવિધ રંગોનું ચિત્રણ કરે છે. તેમાં વિવિધ વળાંકો છે. પંડિત હર્ષવિજય કવિરાજ એક નિપુણ કવિ તરીકે તેમાં ઉભરી આવે છે. સજ્ઝાય વાંચતા મન પ્રસન્નતાનો અનુભવ કરે છે.

# શ્રી પ્રભંજના સજ્ઝાય

- ડૉ. સીમા રાંભિયા

પ્રભંજના સજ્ઝાય કવિએ લીંબડી નગરમાં રચિ છે. જે ૩ ઢાળ અને ૪૮ કડીમાં વિસ્તાર પામી છે. આ સજ્ઝાય સતી પ્રભંજના અને સાધ્વીજીની વચ્ચે થયેલા પ્રશ્નોત્તરરૂપે રચાઈ છે. સ્વયંવરમાં ભાવિ ભરથારને વરવા નીકળેલા રાજકુમારો પ્રભંજના સંસાર, જીવન અને આધ્યાત્મિક જીવન વચ્ચેના ભેદને સ્પષ્ટપણે જાણતા સમજતા હતા, પણ પરંપરાથી ચાલી આવતી સ્વયંવરની પ્રથા અને માનવીય સંબંધોને નિભાવવા જ પડે છે એવું તે માનતા હતા. એમાં તેમની માનવ સહજ સ્વીકારવૃત્તિના દર્શન થાય છે. વનમાં મળેલા સાધ્વીજીના પ્રશ્નોથી પ્રભંજના અને સાધ્વીજી વચ્ચે સંવાદનો પ્રારંભ થાય છે. સંસારની અસારતા અને જિનશાસનની શાશ્વતતા અંગેના ઉપદેશ વડે સંસાર અને વૈરાગ્યની સમજમાં અટવાયેલા પ્રભંજનાના મનનું સમાધાન થાય છે. અંતે તેઓ કેવળજ્ઞાનને પામી સિદ્ધપદને વરે છે. તેમની સાથે સ્વયંવરમાં જવા નીકળેલો તેમનો ૧૦૦૦ સખીઓનો સમુદાય પણ એમની સાથે જ વૈરાગ્યના પંથને સ્વીકારે છે. આમ, પ્રભંજના સાથે તેમની સખીઓનું પણ કલ્યાણ થાય છે.

કવિએ સાધ્વીજીના મુખે જૈન તત્ત્વજ્ઞાનની એક-એક સૂક્ષ્મ પાંખડીઓને સહજતાથી ખોલી જૈનદર્શનના પુષ્પને સંપૂર્ણપણે ખીલવ્યું છે. તેમની આ કળામાં તેમની કર્તૃત્વશક્તિના દર્શન થાય છે. એક રાજકુમારીની પરમતત્ત્વને પામવા સુધીની યાત્રાને વિગતે જોઈએ.

વૈતાઢ્ય પર્વત પર ચકાંકા નગરીમાં સર્વે શત્રુઓને જીતી ચૂકેલા એવા રાજા ચક્રાયુધના શાસનનો સૂર્ય ઝળહળતો હતો. શીલરૂપી ગુણથી આશ્ચર્ય પમાડે એવા એમના રાણી મદનલતા હતા તો રંભા અને રતિને સમાન અનુપમ સૌંદર્ય ધરાવતા એમના પુત્રી રાજકુમારી પ્રભંજના હતા. અહીં રાજા તથા તેમના પરિવારનું અતિ ટૂંકમાં વર્ણન કરી કવિ સીધા જ મૂળ કથાનક પર આવે છે.

એક દિવસ રાજા અને વિદ્યાધરની પુત્રીઓનો રાજાએ સ્વયંવર રચ્યો. એ સ્વયંવરમાં ભાવિ પતિને વરવાના શમણા લઈ પ્રભંજનાએ એમના

એક હજાર સખી સમુદાય સાથે પ્રયાણ કર્યું. તેમના પથમાં આર્યખંડના મધ્યમાં આવેલા વનમાંથી પસાર થતાં તેમને નિર્ગ્રંથી અને સુપ્રતિષ્ઠિત એવા બહુ સાધ્વીઓના સંઘ સાથે વિહાર કરતા સાધ્વીજી મળ્યા. પ્રભંજના તથા તેમના સખી સમુદાયે સાધ્વીજીને ભાવપૂર્વક વંદન કર્યાં. સ્વયંવરના વસ્ત્રાલંકારમાં સજેલા એવા પ્રભંજના અને સમુદાયનો પતિને વરવાનો ઉત્સાહ સાધ્વીજી કળી ગયા. તેમણે એ આનંદ અંગે પ્રભંજનાને પૂછતા સખીઓએ બધા સ્વયંવરમાં જઈ રહ્યા હોવાનું કહ્યું. સાધ્વીજીએ તેના પ્રત્યુત્તરમાં સંસારની અસારતા અને ક્ષણભંગુરતા વિશે કહ્યું :

"ऐ श्यो हित जाणो तुमे, एथी नवि सिद्धि लो ।
विषय हलाहल विष जिहा, शी अमृत बुद्धि लो ॥७॥

भोग संग कारमा कह्या, जिनराज सदाई लो ।
राग द्वेष संगे वधे, भव भ्रमण सदाई लो ॥८॥"

આ સ્વયંવરમાં પ્રભંજના તથા સખીઓનું કોઈ જ હિત નહોતું. એમાં તેઓ કોઈ પણ પ્રકારની સિદ્ધિને વરી શકવાના ન હતા. એ તો વિષયનું હળાહળ ઝેર હતું. એને સમજવામાં અમૃત બુદ્ધિનો ઉપયોગ નથી કરેલો. જિનવરે આ બધા ભોગોને 'કારમા' કહ્યા છે. રાગ અને દ્વેષ સાથે રહેતા તે નિરંતર વધતા જ રહ્યા છે અને એ જ કારણસર જીવનું ભ્રમણ સદાકાળનું બન્યું છે.

સાધ્વીજીના વચનો સાંભળી પ્રભંજના એમની સાથે સંમત તો થયા, પરંતુ આ બધું તો વર્ષોથી પરંપરા મુજબ ચાલ્યું આવતું હોવાથી પોતે પણ એ માર્ગને અનુસરી રહ્યાં હોવાનું કહ્યું. પણ સામે પક્ષે તેમણે ધર્મનો પણ મહિમા કર્યો.

"जेह तजे ते धन्य छे, सेवक जिनजीना ।
हमे जड पुद्‌गल रस रम्या, मोहे लयलीना हो ॥१०॥

अध्यात्म रस पान थी, भीना मुनिराया लो ।
ते परपरिणति रति तजी, निज तत्त्व समाया लो ॥११॥

अमने पिळ करवो घटे, कारण संयोगे लो ।
पण चेतनता परिणमे, जड़ पुद्‌गलना भोगे लो ॥१२॥"

અહીં પ્રભંજના જ્ઞાનનું સહજ રીતે જ દર્શન થાય છે, પરંતુ એમની સખીઓ જે સાધ્વીજીના વચનોને પૂર્ણરૂપે સમજી શકી નહોતી. તેમણે પ્રભંજનાને સ્વયંવરને મહત્ત્વ આપવા કહ્યું :

"अवर कन्या पळ अच्चरे, चिंतित हबे कीजे लो ।
पछी परम पद साधवा, उद्यम साधिजे ॥१३॥"

પ્રથમ સ્વયંવરમાં જવું અને ત્યાર બાદ પરમ પદને સાધવાની સખીઓની વાતના પ્રત્યુત્તરમાં પ્રભજનાની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, રુચિ અને અડગતા જોઈ શકાય છે.

"प्रभंजना कहे है ! सखी ए कायर प्राणी लो ।
धर्म प्रथम करवो सदा, देवचंद्रनी वाणी लो ॥१४॥"

પ્રભંજનાએ કહ્યું કે - 'આ પ્રકારનું વર્તન કરવું એ તો કાયર પ્રાણીઓનું કામ છે. આ પ્રકારે નાસીપાસ થવું એ તો કાયરતા છે. દેવચંદ્રજીની વાણી મુજબ દરેક જીવે ધર્મને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઈએ. એ માર્ગે જ ચાલવું જોઈએ.'

અહીં પ્રભંજનાની વાણીથી સાધ્વીજીને સહજ રીતે જ પ્રભંજના પ્રત્યે આદરભાવ જાગ્યો. તેના પ્રત્યેનું સાધ્વીજીનું સંબોધન જ બદલાઈ ગયું. તેમણે પ્રભંજનાને 'સુજ્ઞાની કન્યા' કહી સંબોધી. ધર્મ પ્રત્યેની પ્રભંજનાની શુદ્ધ ભાવના, શ્રદ્ધા, અડગતાને કારણે સાધ્વીજીએ તેમને દેશના આપી. તેમણે સંસારની અસારતા અને શ્રેષ્ઠજનોના આચારની વાત કરતા કહ્યું કે - 'આ સંસાર તો ક્લેશ છે. મિથ્યા આવેશમાં જીવ એને પોતાને માટે હિતકર જાણે છે પણ જગતના હિતકર તો જિનવર છે. એટલે એમના આદેશને અનુસરવું.' વળી -

"खरडीने जे धोयवुं रे, । कन्या । तेह न श्रेष्ठाचार ।
रत्नत्रयी साधन करो रे, । कन्या । मोहाधीनता वार रो ॥२॥"

વસ્ત્રને ખરડી ધોવું એટલે કે લગ્ન પછી સંસાર જીવનને માણ્યા પછી - સંસાર સેવ્યા પછી સંન્યાસનો માર્ગ ગ્રહણ કરવો એ શ્રેષ્ઠજનોનો આચાર નથી. એટલે રત્નત્રયીની સાધના કરી, મોહાધીનતાને પ્રથમ વાળવી. વળી જે પુરુષ સાથે પ્રભંજના પરણવાની ઈચ્છા ધરાવતા હતા એની સાથે પ્રભંજનાનો સદાકાળથી શો સંબધ હતો ? શું પ્રભંજના

એથી અવગત હતા ? આવો પ્રશ્ન સાધ્વીજી પ્રભંજનાને પૂછી તેમને આત્મમંથન કરવાની તક આપી. આ નિમિત્તે કવિએ જીવોના પરસ્પરના સાંસારિક સંબંધો કેવા છે, તેની સ્થિરતા તેનો અંત કેવો છે એની વિગતે વાત આપણી સમક્ષ મૂકી છે.

જીવોના સાંસારિક સંબંધોની વાત તો અનાદિકાળથી પરંપરા મુજબ ચાલતી આવી છે અને સામાન્ય જીવો માટે તે સહજ છે. જન્મ-જન્માંતરના ફેરા ફરતા ભવોભવમાં ભ્રમણ કરતા જીવોનો પરસ્પર એકબીજા સાથે સંબંધ બંધાય છે. માતા-પિતા, ભાઈ, દીકરી, પુત્રવધૂ વગેરે સંબંધોમાં એ પ્રતિબિંબને પામે છે. અહીં કવિએ પ્રતિબિંબિત શબ્દ પ્રયોગ કર્યો છે; કારણ કે આ પ્રતિબિંબિત થયેલા સંબંધો તો જીવનું બાહ્ય સ્વરૂપ બતાવી રહ્યા છે. પ્રતિબિંબ સમાન છે. તેના આંતરિક અસ્તિત્વને એ ઉજાગર નથી કરી રહ્યા, માત્ર અસ્થિરતાને પ્રગટ કરી રહ્યા છે. પ્રતિબિંબ ક્યારેય પણ સ્થિર હોતું નથી. વળી અહીં સંસારમાં કહેવાતા સંબંધો પણ કેવા છે. ક્યારે કયો સંબંધ બદલાઈ કંઈ કહી શકાતું નથી. શત્રુ મિત્ર બની જાય તો મિત્ર શત્રુ બની જાય. આ જ સંસારનો અસ્થિર સ્વભાવ છે. દરેક જીવને પોતાનો સ્વતંત્ર સ્વભાવ અને સત્તા છે. એના વડે જ એ અન્ય જીવો - પદાર્થો પર પોતાના અને પારકાનો ભાવ આરોપિત કરે છે. આ સંસાર અને તેના જીવોનું સત્ય છે. આટલું મંથન કર્યા પછી ગુરુ આગળ જૂઠું શું બોલવું એમ વિચારી આત્મનિરીક્ષણ કર્યા પછી પ્રભંજના સંસારના સંબંધોમાં 'પોતાના જીવનું તો કોઈ થતું જ નથી.' એમ કહી તેની અસ્થિરતાને સ્વીકારે છે. તેનો સ્વીકારભાવ એ શ્રેષ્ઠજનોનો આચાર દર્શાવે છે.

આટલી સમજ અને સ્વીકાર પછી સાધ્વીજીએ પ્રભંજના અને સમુદાયને આત્માની સાચી ઓળખ જ્ઞાન માટે ઉપદેશ આપ્યો જેમાં કવિના જૈન આધ્યાત્મજ્ઞાનના દર્શન થાય છે.

આત્મા અશુદ્ધ વ્યવહાર નય વડે દ્રવ્યકર્મનો કર્તા થયો. તેને શુદ્ધ નય દ્વારા વાળી સ્વપદના કર્તાપણાને વરવું. વ્યવહાર નયથી થાકતા નિશ્ચય વ્યવહારનું સ્મરણ કરવું. તે જ સર્વે વિકલ્પોને દૂર કરશે અને તેથી જ આત્માનો ઉદ્ધાર થશે. એ જ એનો સાર છે.

પુદ્‌ગલ અને જીવ વચ્ચેનો ભેદ-ધાબકતા તૂટતા પ્રગટ થનાર આત્મ-ધ્યાનને કોઈ રોકી શકવા સમર્થ હોતું નથી. આ આલંબન ભાવ દ્વારા

હૃદયમાં ધર્મ ધ્યાન પ્રગટાવવું. દેવચંદ્રના પદને એટલે કે દેવોમાં ચંદ્ર સમાન એવા જિનદેવના પદને સાધવા માટે આ જ શુદ્ધ સાચો ઉપાય છે.

સાધ્વીજીના ઉપદેશ વડે પ્રભંજનાને આત્મપદનો સાક્ષાત્કાર થયો. એમનું હૃદય અપૂર્વ આદનંદનો અનુભવ કરવા લાગ્યું ત્યારે કવિ કહે છે -

"आयो आयो रे अनुभव आतम चो आयो ।
शुद्ध निमित्त आलंबन भजता, आत्मालंबन पायो रे ॥"

શુદ્ધ નિમિત્ત આલંબન ભજતા પ્રભંજના આત્માલંબનને પામ્યા. આત્મક્ષેત્રના બધા જ ગુણો ઉજાગર થયા. પરમા ભમવાના બધા જ વિકલ્પો નાશ પામ્યા.

પ્રભંજનાએ શુક્લ ધ્યાનમાં આરોહણ કરતા ગુણ ગુણીમાં સમાયો. દ્રવ્યોની વિતર્કની એકતાને દૂર કરી, દર્શન મોહનીય કર્મને તેમણે નષ્ટ કર્યો. અનંતાનું બંધી પાપના સુભટોને દૂર કર્યા. તિર્યંચગતિની પ્રકૃતિનો ક્ષય કરતા તેઓ આત્મરસને પામ્યા. અહીં કવિએ રૂપક અલંકાર દ્વારા આધ્યાત્મ જ્ઞાનને સમજાવ્યું છે.

તેમના પ્રત્યે ગુણ વિનય ઉપજતા સર્વે સાધ્વીઓએ એમની વંદના કરી. દેવ-દેવીઓ એમની સ્તુતિ કરવા લાગ્યા. જગમાં જય થયાનો પડહ વગડાવ્યો. સર્વે આશ્રવોનો ત્યાગ કરી હજાર કન્યાઓએ દીક્ષા ગ્રહણ કરી. જગતને ઉપકારી બની તેમણે દેશ વિહાર કરી, શુદ્ધ ધર્મ દીપકને અજવાળ્યો. કારણ સાથે કામ તે ચતુર કહેવાય. આત્મ સાધના કરતા નિર્મળતાને પામી શકાય છે. પરમાનંદને પામી શકાય છે.

આમ, પ્રભંજના સાધ્વીજીના ઉપદેશથી પરમતત્ત્વના પદના અધિકારી બનવા પામ્યા. કવિએ આ સજ્ઝાયની પ્રથમ બે ઢાળમાં લોકગીતની 'નાટકિયાની નંદની' અને 'હું વારો ધના તુજ જાણ ન દેસ' એ દેશીઓ તથા ત્રીજી ઢાળમાં 'તુઠો તુઠો રે મુજ સાહેબ જગનો તુઠો' એ શ્રીપાળ રાસની દેશી પ્રયોજી છે.

કવિ અંતે પોતાની પરંપરા આપે છે. તેઓ રાજસાગર પાઠકના શિષ્ય, જ્ઞાનધર્મના શિષ્ય દીપચંદ પાઠકના શિષ્ય દેવચંદ્ર છે. આ સજ્ઝાયથી આત્મારસિક શ્રોતાજનોને રુચિ ઉપજી છે. ઉત્તમ ગુણોની માળાને ગાઈ તેઓને હર્ષ અને વધાઈનો અનુભવ થઈ રહ્યો છે. આ પ્રકારે શુદ્ધાત્મ સ્વરૂપમાં જનાર માર્ગ પર રુચિ કરનારા લોકોના જીવનમાં મંગળમાળા સર્જાય છે.

# ચંદનબાળાની સજ્ઝાય

- ડૉ. કોકિલા હેમચંદ શાહ

જૈન સાહિત્યમાં ચંદનબાળા વિશે કેટલાક કવિઓએ સજ્ઝાય રચિ છે. વિનયવિજય, લબ્ધિવિજય આદિ. આ બધામાં જશરાસજી રચિત પ્રસ્તુત સજ્ઝાય પ્રસિદ્ધ રચના છે. અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.

ચંદનબાળાની આ સજ્ઝાય તેનાં જીવનમૂલક પ્રસંગથી શોભિત છે. આ સજ્ઝાયનો સ્વતંત્ર ઈતિહાસ છે. પ્રાતઃસ્મરણીય સતી ચંદનબાળાનું જીવન સહુ માટે પથદર્શક છે. સોળ સતીના છેદમાં શ્રી ઉદયરત્ન કહે છે : 'પ્રભાતે ઊઠી માંગલિક કામે સોળ સતીના નામ લીજીએ.' એમ ત્રીજી સતીનો ઉલ્લેખ કરતાં કહે છે :

**"ચંદનબાળા બાળપણથી, શિયળવતી શુદ્ધ શ્રાવિકાએ,**
**અડદના બાકુડે વીર પ્રતિ લાભ્યા, કેવળ લહી વ્રત ભાવિકાએ."**

એટલે જ કહ્યું છે :

**"ભવિયણ પ્રાણી કરજો શીયલ જતન-**
**શીયલ થકી શિવસંપદ લહીએ શીયલરૂપ રતન."**

પોતાના ઉજ્જવળ શીલ દ્વારા આત્માના સૌંદર્યથી જગતને પાવન કરનારી સતી ચંદનબાળાના જીવનપ્રસંગનું આ સજ્ઝાયમાં ભવ્ય આલેખન થયું છે. ખૂબ જ ભાવવાહી રચના છે. સંતને પગલે ઈતિહાસ રચાય છે અને અદ્‌ભુત ઘટના ઘટિત થાય છે.

**"પુણ્યમયી સતીઓ થકી ઉજ્જ્વળ છે ઇતિહાસ !**
**ચંદનબાળા સાધવી ચંદન સમ સુવાસ...**
**રાજકુમારી એહના વૈભવનો નહિ પાર !**
**તો યે આ સંસારનો મોહ ન એને લગાર,**
**કર્મયોગે બહુ દુઃખ સહ્યા પલટી ગઈ ઘટમાળ !**
**રઝળી રાજકુમારીકા ક્રૂર થયો એ કાળ,**
**બાકુળા વહોરાવવા બેઠી ઉંબર માંય !**
**વિનયે કોઈ અતિથિને આવો આંગણ માંય.**

ઓ પ્રભુ ! શું ઓછું આવ્યું દડ-દડ આંસુ પડીયા,
આંસુડા આવ્યા કે તુર્ત જ પ્રભુએ બાકુળા વહોર્યા,
અભિગ્રહ પૂર્વ જાણી
તે જ ક્ષણે ચમત્કાર થયો ને તૂટી પગની બેડી,
માથે સુંદર વાળ થયા ને વરસી સુખની હેલી,
આવો આવો વીર મહાવીર સ્વામી
આવો આજ હું છું ક્યારની અધીર."

હવે, અભિગ્રહની પૂર્તિ સઘળી મળી...

"ઘરઘર ફરતા આવીયા વીર પ્રભુ સતીદ્વાર,
એક બોલ 'અપૂર્ણ રહ્યો પાછા વળ્યા તત્કાળ."

ત્યારે સતી વિચારે છે -

"પૂરવ પુણ્ય વિના ધનનો લાભ ક્યાંથી મળે રે !
એમ ચિંતવતાં ચાલી આંખે અશ્રુધાર...
તેર બોલ સંપૂર્ણ થયા પ્રભુ આવી ધર્યો હાથ,
બાકુળા લેઈ સતી હાથથી પારણું કરે જગનાથ.
'દાનનો પ્રભાવ જુઓ - બેડી તૂટી બારક્રોડથી,
અધિક વૃષ્ટિ થઈ રાય રાણી સૌ આવી મળ્યા.
દીક્ષા લીધી સતીએ વીર પ્રભુના હાથથી...
વીરમુનિ કહે છે - 'આપો દાન ભાવથી રે,
દાનથી જીવ અનંતા પામ્યા સુખ સંસાર."

જીવની જે ખરી ભાવના હોય તેનું ફળ આવ્યા વિના રહે જ નહિ. ધર્મના ચાર પ્રકાર છે. દાન, શીયળ, તપ અને ભાવના.

જગતમાં કોઈને ન હોય તેવું અહોભાગ્ય ચંદનબાળાને સાંપડ્યું હતું. એનું મૂળ નામ રાજકુમારી વસુમતી. વીરપ્રભુને ઉપવાસ હતા. પરણા માટે અભિગ્રહ હતો. જેના પગમાં બેડી હોય, માથે મુંડન હોય, ત્રણ દિવસની ઉપવાસી હોય. ઘરને ઉંબરે સૂપડામાં ખૂણે અડદના બાકુળા લઈ ઊભી હોય અને આંખમાંથી આંસુની ધાર વહેતી હોય તે વહેરાવે તો જ ખપે. આવો અભિગ્રહ પૂરો કરવાનું ભાગ્ય તો લાખોમાંથી

એકને જ મળે ! અને આવું ભાગ્ય ચંદનબાળાને ઉપલબ્ધ થયું અને તે જૈન જગતની એક સતી તરીકે પ્રસિદ્ધ થઈ.

ચંદનબાળા કર્મના ઉદયને સમતાપૂર્વક સહન કરે છે. કીધા કર્મ ભોગવ્યા વિના છૂટકારો નથી. ચંદનબાળા કર્મનું આ તત્ત્વજ્ઞાન સમજતી હતી. તેને ધર્મ પ્રત્યે રુચિ હતી.

શેઠને ચંદનાને નિહાળીને હંમેશાં પુત્રીને જોતા હોય તેવો હર્ષ થાય. તેમના લાગણી અને પ્રેમથી પ્રભાવિત થઈ તે શેઠને પગે પડી. તેના સ્પર્શથી શેઠને અજબ શાંતિ થઈ. કહેવાય છે કે - 'શેઠને ઘણા સમયથી દાહજ્વરનો રોગ હતો. ચંદનાના હાથની આંગળીના સ્પર્શમાત્રથી તેમને શીતળતાનો અનુભવ થયો.' તેમને થયું કે આ સામાન્ય નારી નથી - દધિવાહનની કુંવરી જ હોવી ઘટે; કારણ કે તેનામાં ચંદનની સુવાસ અને શીતળતા હતાં, અને તેણે ચંદનાને કહ્યું : "તું વસુમતી રાજકુમારી તો નથી ને ?" ચંદનાની આંખમાંથી આંસુ સરવા લાગ્યા. અને પછી તો શેઠ એને કહે છે કે - 'હવે તો તું મારી જ દીકરી.' તું પિતાને ત્યાં હો તેમ માનજે. ધર્મમાં તને શ્રદ્ધા છે, જ્ઞાનમાં તેં પ્રાવીણ્ય મેળવ્યું છે.' હવે અહીં રહેવામાં સંકોચ રાખીશ નહિ, ભૂલી જજે કે હું ચૌટેથી ખરીદીને તને ઘરમાં લાવ્યો છું. કેવો યોગાનુયોગ ! તારું ચૌટે વેચાવું, મારું ત્યાંથી નીકળવું, હૃદયમાં કરુણાભાવનું જન્મવું અને ઘરે આવતા જ તારી ચંદન સમી કાયામાં રહેલી શીતળતાના સ્પર્શથી મારા દાહરોગનું શમન થવું, કુદરતે કેવું નિર્માણ કર્યું.

શેઠને ચંદનાને નિહાળીને હંમેશાં પુત્રીને જોતા હોય તેવો હર્ષ થતો. એક દિવસ તે કાર્ય પતાવીને બહારથી આવ્યા ત્યારે ચંદના તેમના પગ ધોવા બેઠી. તે વેળા તેના વાળની વેણી નીચે સરી પડી. શેઠે તે ઉપાડી પોતાના ખેસથી સાફ કરી પરત વાળી. તે જોતાં જ તેને પત્નીને અસહ્ય ઈર્ષા જન્મી અને મનમાં તેણે જાણે કશો નિર્ણય લઈ લીધો.

સમય વીતતો જાય છે. કર્મોની નિર્જરા માટે ચંદનબાળાની ધર્મભાવના પ્રદીપ્ત થતી જાય છે. તે અવારનવાર અટ્ઠમ કરતી રહે છે. સાધુ-સંતને વહોરાવ્યા પછી જ અટ્ઠમનું પારણું કરવાની ભાવના છે. શેઠના જીવનમાં આનંદ વર્તાય છે, પણ તેમની પત્ની મુળાને વસુમતીનું આગમન બિલકુલ ગમ્યું નથી. સ્ત્રી સહજ ઈર્ષા ! તેના મનમાં અકથ્ય વેરભાવ જાગ્યો.

એક સમયે શેઠ ધનાવહને વ્યાપારાર્થે બીજા શહેરમાં જવાનું થયું, તેની પત્નીએ આ મોકો ઝડપી લીધો. પ્રથમ તેણે વેણી જ્યાં શોભે તે મસ્તકે મુંડન કરાવ્યું અને પછી પગમાં બેડી પહેરાવી ચંદનાને એક અંધારા ઓરડામાં પૂરી દીધી. ત્યારે, 'ચંદનબાળા મનમાં વિચારે -

***'કીધાં કરમ અવિચારી રે.' (૧૪)***

મારા કર્મો મારે જ ભોગવવાના છે. તેમ માની ચંદના કર્મનિર્જરા માટે ત્યારે પણ અઠ્ઠમ તપની આરાધના કરે છે. ત્રણ દિન ને રાત એ ઉપવાસી રહી. મનમાં સમતા રાખી નવકાર મંત્રનો જાપ કરે છે.

***'મહાસતી મનમાં સમતા રાખી ગણે શુદ્ધ નવકારી રે.' (૧૫)***

આમ, ધર્મનું શરણ લે છે.

અઠ્ઠમ પૂર્ણ થયો. ચોથે દિવસે પારણું છે પણ પારણું કરાવનાર કોઈ નથી. ઓરડાના એક ખૂણામાં એક સૂપડું છે. તેમાં થોડા અડદના બાકુળા છે, તેનાથી પારણું કરવું એમ મનોમન વિચારે છે, પણ કોઈ અણગારી આવે, પોતે વહોરાવે પછી જ પોતે પારણું કરે તેવો અભિગ્રહ છે.

શેઠ બહારગામથી તે જ દિવસે આવે છે અને જાણવા મળ્યું કે પત્ની પિયર ગઈ છે અને ચંદના અંધારા ઓરડામાં છે. ઓરડાનું તાળું તોડી શેઠ અંદર આવે છે. ચંદનાની અવસ્થા દેખી તેમની આંખમાં આંસુ આવે છે પણ સમતા રાખી ચંદનાનો પ્રથમ અંધારા ઓરડામાંથી બહાર ઉંબરે લાવ્યા પછી લુહારને બોલાવવા જાય છે તાડું તોડવા, ત્યારે ચંદના ભાવના ભાવે છે. આવી સ્થિતિમાં ય તે ચિંતવતી હતી કે અઠ્ઠમ તપનું પારણું છે તો કોઈ સુપાત્ર આવે અને ભક્તિનો લાભ મને મળે પછી પારણું થાય તો કેવું સારું ! ભક્તની ભક્તિમાં ગઝબની શક્તિ હોય છે અને એક ઘટના ઘટે છે.

***(એણે અવસરે પ્રભુ વીરજી આપ્યા...૨૭)***

કૌશાંબી નગરી છે. જાહોજલાલીથી ભરપૂર છે. લોકો સુખી છે, ધર્માનુરાગી છે. વીરપ્રભુ ત્યાં વિચરી રહ્યાં છે. તેમને પાંચ માસ અને પચીસ દિવસના ઉપવાસ છે. પ્રભુ ગોચરી માટે ફરી રહ્યા છે. દ્વારે-દ્વારે

શ્રદ્ધાવાન અને ધર્મપ્રિય માણસો ઊભા રહી પ્રભુને પોતાને ત્યાં આવવા વિનંતી કરી રહ્યા છે. વીરપ્રભુને મન કોઈ મોટા નથી, કોઈ નાના નથી, બધા જ સરખા છે. છતાં કોઈને ઘેર કેમ જતાં નથી ? કોઈ દ્વારે લખપતિ ઊભા છે, કોઈ દ્વારે કંગલ ! છતાં આ યોગી બધા દ્વારેથી ભિક્ષા લીધા વગર પાછા ફરી રહ્યા છે. દરેકના ચહેરા પર આશ્ચર્ય તરવરે છે.

ચંદનબાળા હરખાય છે. વહોરાવવા માટે સૂપડું નમાવે છે. ત્યાં તો પ્રભુ વહોરાવ્યા વગર પાછા જાય છે ! ચંદનાને ખૂબ આઘાત લાગે છે. કર્મના સિદ્ધાંતમાં માનનારી નારી છે. તેનાથી બોલાઈ જવાય છે.

***'પૂરવ પુણ્ય વિના દાન લાભ ક્યાંથી મળે રે ?'***

મનમાં ચિંતન કરે છે. શું ઓછું પડ્યું ? શું ખૂટ્યું ? અને આંખમાંથી અશ્રુધારા વહેવા લાગે છે. 'ચાલી આંખે અશ્રુદ્ધાર', જે ખૂટતું હતું, જેના વિના વીરપ્રભુના પારણાનો અભિગ્રહ અધૂરો હતો તે 'ભવ્યાતિભવ્ય' ખેંચાઈને સામે આવ્યું. ચંદનબાળાની આંખમાં આંસુ જોતાં જ વીરપ્રભુ પાછા ફર્યા એણે અભિગ્રહની પૂર્ણતારૂપે સર્વ સ્થિતિ જોઈને ભિક્ષાનો સ્વીકાર કર્યો. પાંચ માસ અને પચીસ દિવસે એમણે ઉપવાસનું પારણું કર્યું. ભગવાન મહાવીર કેળવજ્ઞાન પામતાં પહેલા કઠોર અભિગ્રહ ધરીને ધૂમતા હતા તે અભિગ્રહ પૂર્ણ થયો.

ગુરુણી મોક્ષપદ પામ્યા -

**"સહસ્ર છત્રીશે માહે શોભે હુઈ સહુમેં શિરધારી રે,;**

**કર્મ ખપાવીને મોક્ષે પોતા, ફરી નહિ અવતારી રે."**

ચંદનબાળા જૈન જગતનું એક મહાપવિત્ર અને ઝગમગતું પાત્ર છે. પોતાના ઉજ્જવળ શીલ દ્વારા આત્માના સૌંદર્યથી જગતને પાવન કરનાર પ્રાતઃ સ્મરણીય સતીરત્નોમાં ચંદનબાળાનું સ્થાન આજે પણ અનોખું છે. એની જીવનકથા જૈન શાસનના ઉજ્જવળ ઈતિહાસનું ચિરંજીવ પ્રકરણ છે. આ ચંદનબાળાની સજ્ઝાયની ભાવવહી અર્થ ગંભીર કથાવસ્તુ અર્થગંભીર છે. જે આપણે જોઈ હવે એમાંથી ફલિત થતો દ્રવ્યાનુયોગ.

# શ્રી ગજસુકુમાલ સજ્ઝાય

- પિનલ અંકિત શાહ

પ્રસ્તુત કૃતિનું સંપાદન કાર્ય આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મંદિર, કોબાની એક માત્ર હસ્તપ્રત નં. ૫૫૭૮૩ના આધારે કરવામાં આવ્યું છે.

આ પ્રતમાં કુલ ૧૩ ઢાળ અને ૭૪ ગાથા છે. અને દરેક ઢાળને અલગ રાગમાં લખવામાં આવી છે. તેની રચના શ્રી સૌભાગ્ય હર્ષસૂરિના શિષ્ય શ્રી અમરહંસગુરુરાયે સંવત ૧૫૧૨ની સાલમાં સુદ-૯ને સોમવારના દિવસે કરી છે, અને પ્રતનું લખાણ સંવત ૧૬૨૬ના મહા સુદ-૮ના રોજ પુણ્યધરા મધ્યે શ્રી પંડિત શ્રી લક્ષ્મી મંડને કર્યું છે.

પ્રસ્તુત કૃતિની વિશેષ માહિતી નીચેના કોષ્ટક દ્વારા કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| **કર્તા** | : | શ્રી સૌભાગ્ય હર્ષસૂરિના શિષ્ય શ્રી અમરહંસ ગુરુરાય |
| **પત્ર સંખ્યા** | : | ૫ |
| **પત્રની લંબાઈ** | : | ૨૬.૫૦ સે.મી. |
| **પત્રની પહોળાઈ** | : | ૧૧.૦૦ સે.મી. |
| **૧ પત્રમાં લીટીની સંખ્યા** | : | ૧૪ |
| **૧ લીટીમાં અક્ષરની સંખ્યા** | : | ૩૩ આશરે |
| **હાલ આ પત્રની ઉપલબ્ધિ** | : | શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર આચાર્ય શ્રી કૈલાસ સાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા. કોબાના જ્ઞાનમંદિરમાં અજીમગજ જૈન સંઘમાંથી પ્રાપ્ત થયેલ છે. સંશોધિત પ્રત છે. |
| **રચના સંવત** | : | સંવત ૧૫૧૨, સુદનો મને સોમવાર મહિનો પ્રાપ્ત નથી. |
| **અક્ષર** | : | સામાન્ય |
| **લિપિ** | : | જૈન દેવનાગરી લિપિ |

| | | |
|---|---|---|
| **લખવાનો આધાર** | : | કાગળ |
| **પાર્શ્વ રેખા** | : | ૨ કાળી |
| **હૂંડી** | : | ગયસકુમાલ |
| **લખાણ** | : | સંવત ૧૬૨૬, મહા સુદ-૮ |
| **લહિયા** | : | પંડિત શ્રી લક્ષ્મી મંડન |
| **લખાણ સ્થળ** | : | પુન્યદરા મધ્યે |
| **વિશેષતા** | : | મધ્યફુલિકા છે. ખાલી છે. આમ તો બધા પત્રોમાં ગોળ મધ્યફુલિકા છે. પરંતુ છેલ્લા પત્રમાં મધ્યફુલિકા ચોરસ છે. |

આ પ્રતની રચના કયા સ્થળે થઈ છે. તેની માહિતી દર્શાવવામાં આવી નથી. આ પ્રત અપભ્રંશ ગુજરાતી ભાષામાં લખાયેલી છે.

સૌરાષ્ટ્ર દેશમાં નગરી દ્વારિકા જાણીતી છે. તે અત્યંત સુંદર અને શાંત નગરી છે. ત્યાંના એક કવિ એ તેનું આ પ્રમાણે વર્ણન કર્યું છે. તે નગરીને કિલ્લાઓ છે. મઠ છે. મંદિર છે. દુકાનો છે, પોળો છે અને પગદંડીઓ છે. જેનાથી આ નગરી શોભી રહી છે અને ત્યાં સુંદર મજાના બગીચા અને સરોવરો પણ શોભી રહ્યા છે.

તે નગરમાં મંદિર પણ એવું મજાનું શોભી રહ્યું છે, અને તેના ભગવાન પણ એવા સરસ શોભી રહ્યા છે કે જાણે રોજ જ તેના ભામણાં ન લઈએ ? જેના દર્શનથી આપણા જન્મ-મરણના બંધનો તૂટે.

એવા આ નગરમાં યાદવ વંશ સોહામણું છે. જે સહુનાં વાંછિતો પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન છે અને નરોમાં ઉત્તમ એવા કમલાપતિ એટલે કે શ્રીકૃષ્ણ ત્યાં રાજ કરે છે.

તે રાજ્ય હંમેશાં ભલભલા ભડવીરોને, વાદીઓને જીતે છે અને શત્રુઓને ભાંગે છે અને સૌ તેમને મસ્તક નમાવે છે.

આવી આ નગરીમાં એક વાર શ્રી નેમિ જિનેશ્વર તમને અઢાર હજાર પરિવાર સહિત નગરીના સહસામ્રવન ઉદ્યાનમાં પધારે છે. આ પ્રમાણે વનમાં પ્રભુ દેખી વનપાલ આવીને શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને જણાવે છે કે જગતના જીવોના રક્ષણહાર એવા ભગવંત પધાર્યા છે.

લાંબા કાળથી લાગેલા પાપોનું નિકંદન કરવા પોતાના મનને વિશે હર્ષિત થયેલા કૃષ્ણ મહારાજ ચાલ્યા અને ભક્તિથી શ્રી જિનેશ્વરને વાંધ્યા.

ત્યાર પછી પ્રભુની દેશના સાંભળી હર્ષિત થયેલા એવા શ્રીકૃષ્ણ ઘરે પાછા ફરે છે અને ત્યારે મુનિઓને ગોચરી વેળા થઈ.

બે - બેના સંઘાડે ઋષિઓએ જુદા-જુદા આદેશ માંગ્યા અને જુદા-જુદા ત્રણ સંઘાડા ચાલ્યા. એવા ઉચ્ચ ચારિત્રધારી મુનિઓ નાના-મોટા ઘરોને વિશે વિહરતા બે મુનિઓ દેવકીના ઘરે સુખપૂર્વક આવ્યા અને ધર્મલાભના પ્રલાભપૂર્વક દેવકીએ આવતા જોયા.

- હવે સજ્ઝાયની બીજી ઢાળમાં માતા દેવકી મુનિઓને પ્રતિલાભિત કરે છે. અને તેમના મનમાં જે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે તેનું વર્ણન છે. આ ઢાળમાં પાંચ ગાથા છે. તેનો રાગ - ભાવન મેવાડું છે.

મુનિઓને પોતાના ઘરે આવતાં જોઈ માતા દેવકી આનંદિત થયા અને ઉત્સાહપૂર્વક પ્રદક્ષિણા કરી વંદના કરી સરલ સભાવે બોલ્યા :

**“ભલે પધાર્યા - ભલે પધાર્યા આવો રે ગુરુ મુનિરાજો રે,**
**અમારા કાર્ય સફળ થાય અને અમે મુક્તિનું રાજ પામ્યા.”**

ક્ષણ વાર પછી બીજા બે મુનિઓ તે જ ઘરે આવ્યા. ચિંતવતી એવી દેવકીએ તેમને પણ તેવી જ રીતે પ્રતિલાભિથ કર્યા. ક્ષણ વાર પછી પુનઃ બે મુનિઓ આવ્યા. સર્વ મુનિઓની સમાન સુંદર મુખાકૃતિ જોઈ કૃષ્ણ માતા આશ્ચર્યમાં પડી ગઈ. તેના શુદ્ધ મનમાં શંકા થઈ.

ભાવથી ભક્તિથી સર્વને પણ આહાર વહોરાવીને છેલ્લા યુગલને હાથ જોડી નમસ્કાર કરી વીનવીને કહે છે કે - ‘મારું એક વચન તમે વિચારો.’

હવે ત્રીજા ઢાળમાં માતા દેવકીની શંકાનો સંશય વર્ણવ્યો છે. તેમાં ત્રણ ગાથા છે. તેને કર્તાએ ધન્યાશ્રી રાગમાં વર્ણવી છે.

સરસ સુકોમળ વચન બોલીને દેવકી માતાએ પૂછ્યું : “તમે વારંવાર આવ્યા તે અમારા પર મહેરબાની કરી છે.” ગુરુ આ મુનિરાજ ! તમારા ચરણ કમળને નમસ્કાર કરીને તમને વીનવું છું કે આ નગરી તો નવ યોજન બાર યોજન લાંબી પહોળી છે. તેમાં ઘણા શ્રાવકના ઘરો છે. તમે ફરી ફરીને એક જ ઘરે આવતા લાગ્યા.

હું તમારા છિદ્રને નથી જોતી પણ જિનેશ્વરની વાણીને સાંભળી તમે રસ લંપટપણું છોડો.

હે મુનિ ! શું તમને કયાય સૂઝતા આહાર ન મલ્યા ? શ્રી જિનેશ્વરની પાસે બહુ પરિવાર છે. હવે મુનિઓએ મનમાં સંયમ તપને આદરીને વિચાર્યું.

સજઝાયની ચોથી ઢાળ કર્તાએ રાગ મારુણીમાં વર્ણવી છે. જેની ૭ ગાથા છે.

તેથી તે મુનિવર કહે છે કે - 'અમે ભદ્દિલપુરી નગરના નાગદત્ત નામના શ્રેષ્ઠ શ્રાવક અને સુલસા શ્રાવિકાના છએ પુત્ર છીએ તે આખું જગત જાણે છે અને અમે શ્રી નેમિ જિનેશ્વરની દેશના સાંભળી વૈરાગી થયા છીએ અને જન્મ-મરણના ભવ ભાંગ્યા છે.' આમ મુનિવરની વાત સાંભળી દેવકી રાણી અંજપો પામે છે.

અતિ ઘણા મોહથી તેઓએ મહોત્સવ કરી અમને પરણાવ્યા અને અમે દરેક ૩૨-૩૨ સ્ત્રીઓ સાથે ઘરે આવ્યા હતા. સંસાર અસાર જાણી તેમાં ઘણું દુઃખ જાણી અને તે સર્વ નારી છોડી. ચારિત્ર વિરતિ રૂપ સંયમ તપ ધારણ કરી અમે છએ સરખા ભાઈઓ સાધુ થયા પછી અને આજે છટ્ઠના પારણે શ્રી જિન વચનથી આહાર વહોરવા નીકળ્યા છીએ.

આવા સાધુ વચન સાંભળી માતા દેવકી એકદમ ચમક્યા. હૈયામાં હરખ નથી માતો અને તે સરખા મુનિવરોને પોતાના પુત્ર જાણી તેના સ્તનમાંથી દૂધની ધારા વહે છે અને તે મુનિઓ મારા પુત્ર શ્રીકૃષ્ણ જેવા જ લાગે છે. એમ જાણી મનમાં હરખાય છે.

અને પોતાના મનનો સંદેહ દૂર કરવા દેવકી રાણી શ્રી નેમિ જિનેશ્વર પાસે જાય છે. શ્રી નેમિ જિનેશ્વરને વંદન કરી શ્રીકૃષ્ણની માતા પૂછે છે કે - 'આ મુનિઓને જોઈ મારું મન એકદમ હર્ષિત થાય છે. મને અંગમાં ઉલ્લાસ થાય છે કે જાણે હું જ એની માતા છું.' અહીં ચોથી ઢાળ સમાપ્ત થાય છે.

- સજઝાયની પાંચમી ઢાળરાગ - સામેરામાં લખાઈ છે. જેમાં ત્રણ ગાથા છે. તેમાં માતા દેવકીને સાત-સાત પુત્રો હોવા છતાં તે એક પુત્રનું બાળપણ જોઈ શકી નહિ. એનું માતા દેવકીને જે દુઃખ થાય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

રાણી દેવકીની વાત સાંભળી ત્રિભુવન ગુરુ કહે છે કે - 'છએ સહોદર યતિ એટલે કે મુનિઓ પ્રત્યે તારો મોહ અપાર છે. એક વાર જ્યારે કંસ યુવરાજનો ભય હતો. એ વખતે એક વાર અતિમુક્ત મુનિવર વિચરતા તારા ઘરે ગયા હતા, ત્યારે મદથી અતિ વ્યાકુળ એવી કંસની પત્ની જીવયશા (ભિંભલી) એ દિયર જાણી તેમનો હાથ પકડ્યો.' તેણીનું મદ ઉતારવા ઋષિ આ પ્રમાણે બોલ્યા : **"દેવકીનો સાતમો પુત્ર વસુદેવના કુળનો શણગાર થશે અને તે તારા પતિનો ક્ષય કરશે." આ પ્રમાણેનો વિચાર સાંભળ્યો અને તે જીવયશા કંસ પ્રત્યે આવીને કહે છે કે - 'વસુદેવનો સાતમો પુત્ર તમારો વધ કરશે.** આ પ્રમાણે મુનિએ કહ્યું છે. આ વાત સાંભળી કંસ રાજાએ વસુદેવને સાધ્યા અને દુઃખ આપે છે. એક વાર અવસર પામી એમની પાસેથી સાત વરદાન તરીકે સાત પુત્ર માગ્યા મિત્રના આધારે વસુદેવ રાજાએ તેમના સાતે પુત્રો આપ્યા.

તે વખતે જ સુલસા સતીએ હરિણગમૈષી દેવની આરાધના કરી તેથી દેવે દયા કરી તારા છએ પુત્રોને તેણે સુલસાને આપ્યા. એ પુત્રો તારા છે. આ પ્રમાણે શ્રી નેમિનાથ પ્રભુના મુખથી વૃત્તાંત વાત્સલ્યથી ભરપૂર થયેલી દેવકીએ તે પોતાના મુનિ સ્વરૂપ છ પુત્રોને વંદના કરી અને માતા દેવકી પોતાના ઘરે પાછી ફરે છે અને વિચાર કરે છે કે - 'મારા ઉદરમાંથી જન્મ લેનાર છ પુત્રોને દીક્ષા પ્રાપ્ત થઈ અને એક ને ઉત્કૃષ્ટ રાજ્ય. પણ તેમાંથી એકને પણ મેં રમાડ્યા કે ઉછેર્યા નથી.' આમ વિચારી દેવકી માતા દુઃખી થઈને બેઠા છે. અહીં ઢાળ પાંચ પૂર્ણ થાય છે.

- હવે છઠ્ઠી ઢાળને કર્તાએ ચાર ગાથામાં વર્ણવી છે. જેમાં શ્રીકૃષ્ણ દ્વારા માતાનું દુઃખ ન જોવાતાં દેવની આરાધના કરી પોતાના નાના બંધવની માગણીનું સરસ અને સચોટ વર્ણન કરવામાં આવ્યું છે. જેનો રાગ - 'એક વાર જણણી નમિવા ગઈ કાઉ રિદ્ધિપૂરી છે.'

દેવકી રાણી ચિંતાથી આકુળ થઈને પલંગ પર બેઠા છે અને કૃષ્ણ માતાને પ્રત્યે મનોહર એવા વચનો વડે કરીને બોલે છે. ત્યારે માતા કહે છે પુત્ર સાંભળ : **"જો મારા મનની આશાને પૂરતો હોય તો એક અંગજને હું રમાડું તો હું આનંદ પામું."**

માતાના વચને ઉપવાસ કરીને દેવની આરાધના કરી અને લઘુબંધવ અમને આપો અને અમારા મનોરથ સફળ કરો. આમ કૃષ્ણરાજા દેવ પાસે માંગણી કરે છે.

દેવ પણ મનોહર એવા પુત્રને આપે છે અને સુકુમાર એવો દેવ ચ્યવ્યો અને ગજનું સ્વપ્ન જોયું અને સ્વપ્નના સાર રૂપ પુત્ર જ જન્મતા તેનું ગજસુકુમાલ એવું નામ આપ્યું.

- હવે સાતમી ઢાળ ત્રણ ગાથામાં વર્ણવાઈ છે જેનો રાગ - વિવાહલાનું છે. આ ઢાળમાં પુત્ર જન્મની ખુશીનો ઉત્સાહ વર્ણવાયો છે.

શુભ મુહૂર્તે રાણીએ પુત્ર જન્મ્યો અને કૃષ્ણ હૈયામાં ઘણો આનંદ પામ્યા અને પામ્યા અને મોટો ઉત્સવ કરે છે અને દસ દસારણ (એટલે વસુદેવના દસે ભાઈઓ) પણ આનંદ પામ્યા અને બધા જ મનુષ્ય શણગારને કરે છે.

ઘરે-ઘરે તોરણો બંધાય છે. ગુલાબ ઉછળે છે અને સુહાગણ સ્ત્રીઓ ધવલ ગીતો ગાય છે અને આનંદમંગળ ગવાય છે. નગરજનોએ હર્ષથી, અક્ષતથી ઘરના આંગણાને પૂર્યા અને આવી વધામણી સાંભળી મુખને વિશે મંગળનો ઉચ્ચાર કર્યો. શ્રેષ્ઠ એવા વાજિંત્રો વગડાવ્યા અને બંદીવાનોએ જય જયકાર કર્યો.

- સજઝાયની આઠમી ઢાળમાં કર્તાએ ગજસુકુમાલના જન્મનો ઉત્સવ અને યૌવન વયે વિવાહ થયાનું વર્ણન કર્યું છે. તેમાં ૪ ગાથા છે અને રાગ - દમામા એ દડ દડીએ છે.

શ્રેષ્ઠ એવા વાજિંત્રના અવાજથી જાણે દિશાઓ બહેરીના થઈ ગઈ હોય. સજ્જનો ને માન આપ્યા, ફુલ અને તંબોલ આપ્યા અને જાણે જગત મોટુંના કર્યું હોય એ પ્રમાણેનો ઉત્સવ કર્યો.

દિવસે-દિવસે જેમ બીજનો ચંદ્ર વધે છે. તેમ વધતાં માતાને મન હર્ષિત થાય છે અને ઝુલાવતા-ઝુલાવતા તેમને જોયા જ કરે છે.

બત્રીસ હજાર ભોજાઈઓના હાથથી હાથમાં વધ્યા કરે છે એ અનુક્રમે ખોળામાં આવીને ક્યારેક બાળપણાની રમત કરે છે. દુગંદક દેવની જેમ સહુ કોઈ એમની સેવાને કરે છે.

કુમારને પરણાવવાને માટે સોમિલ બ્રાહ્મણે પોતાની કામિની જેવી દીકરીનું માગું લઈને આવ્યો અને કૃષ્ણએ વિચાર્યું કે - 'આ અવસર સારો છે. તો વિવાહનું કાર્ય કરીશું.' આ વિચારી કુમારના વિવાહ કર્યા.

- હવે સજ્ઝાયની નવમી ઢાળ ૭ ગાથામાં વર્ણવાઈ છે જેનો રાગ - અસાઉરી - મારુણી છે. તેમાં ગજસુકુમાલ દીક્ષા લેવા માટે તૈયાર થાય છે. તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

એક દિવસ નગરીના ઉદ્યાનમાં સ્વામી સમોસર્યા, કમલાકંતા એટલે કે શ્રીકૃષ્ણ સર્વ પરિવાર સાથે જિનેશ્વરને વાંદવા જાય છે ને કુમાર પણ ગદ્‌ગદિત થયેલા, મનમાં ક્ષમાને ધારણ કરીને એ પણ ત્યાં પહોંચ્યા.

કર્મના અને વિષયના વિપાકોને અને મનુષ્યગતિના દોહિલાપણાને જાણ્યું. જિનેશ્વરની અમૃત સમાન વાણીને સાંભળીને તેમની આજ્ઞા જાણી જન્મ-મરણથી કુમારનું મન ઊબકી જાય છે અને કહે છે કે - "હે જિનેશ્વર, મને તારો !"

ગજસુકુમાલ કુમાર જિનેશ્વરને પગે લાગીને રહેવા માટે વિનંતી કરે છે કે - 'હે દેવ, દયા કરો મારા બંધન છોડાવો, આવા ગમન નિવારો અને હે ત્રિભુવન પતિ મારી વિનંતી આવકારો.' હવે ઘરે આવીને કુમાર માતાને પગે લાગીને કહે છે - 'હે માતાજી ! મેં જિનેશ્વરને વાંધ્યા અને એમના ઉત્તમ એવા વચન સાંભળીને હું હવે ચારિત્ર લઈશ. મને હવે આ રાજ્ય નથી ગમતું.'

ત્યારે માતા કહે છે કે - 'હે વત્સ !' આ તું શું બોલ્યો. અમારા મનના કોડ પૂરા કરો. હમણાં જ તો એક તારા સરખી જોડ એવી સ્ત્રીને પરણીને ઘરે લાવ્યા છીએ.'

નરક અને નિગોદના દુઃખો મેં બહુવાર સાંભળ્યા છે. ત્યાં પણ કોઈ સાર કરનાર નથી તો અહીં સ્ત્રી માતા-પિતા કોણ સાર કરશે ?

માટે માતાને પગે લાગીને કહે છે : "મને આદેશ આપો કે હું ત્રિભુવન જિનેશ્વરની સેવા કરું અને મારા સઘળા પણ ક્લેશોનો નાશ કરું ?"

સજ્ઝાયની દસમી ઢાળમાં ૯ ગાથા છે. તેનો રાગ વિવાહલાનું છે.

પુત્ર ઘરે આવે છે, દેવકીએ કૃષ્ણને તેડાવ્યા અને તે પણ પરિવાર સાથે આવ્યા અને કુમારને કહે છે કે - 'તમે એક વાર રાજા થાવ અને તમને

સર્વ પણ રાજાઓ નમસ્કાર કરે.' આમ કહી તેમને સિંહાસન પર સ્થાપન કરી, વિશાળ એવું છત્ર મસ્તક ઉપર સ્થાપન કર્યું. મનોહર એવા ચામર વિંઝાય છે. બંદીવાનો જય જયકાર છે અને કુમાર રાજા થાય છે.

હવે કુમાર કહે છે કે - 'તમે બધા સાંભળો મારે આ રાજ રુદ્ધિનું કાંઈ કામ નથી. તમારા આદેશથી મેં રાજ્ય સ્વીકાર્યું પણ હવે જિનેશ્વરના આદેશથી હું મનોહર એવું સંયમ અંગિકાર કરીશ.'

આમ કહી, કુમાર મનોહર એવા હાથી ઉપર ચડ્યાં છે અને એમની આગળ કૃષ્ણ મહારાજા બેઠેલા છે. મહંત એવા વીર કુંવરની બહેન લૂણ ઉતારે છે. સર્વ પણ શણગાર પહેરીને ચોરે ચૌટે અને નગરીમાં નીકળ્યા છે. નર-નારીઓ પણ ઘણા જોવા મળે છે અને ચાર મંગલના શબ્દો બોલે છે.

શ્રેષ્ઠ એવા ઢોલ, નેફરી, તર, તિબિલ, શરણાઈ, માદલ એવા નવા-નવા વાજિંત્રો વાગી રહ્યા છે અને હવે નેમિનાથ ભગવાન પાસે આવીને દેવકી માતા કહે છે : **"ત્રણ ભુવનને વિશે વિખ્યાત એવા હે ભગવાન મારો કુંવર તમને વહોરવું છે."**

અને સૌ કોઈ પાછળથી આવે છે અને જય જયકાર વર્તાવે છે. માતા હૈયામાં અપાર હેત સાથે રડતી આંખે આજ્ઞા આપે છે.

● સજઝાયની અગિયારમી ઢાળમાં ૧૦ ગાથા છે અને તેનો રાગ 'સીધુઉ' છે.

હવે ચોખ્ખા ચિત્તે એટલે કે શુદ્ધ મને ચારિત્રને ધારણ કરી કુંવર ભગવંતને પૂછે છે કે - 'હું મુક્તિમાં એટલો કે મોક્ષમાં કેવી રીતે જઈશ.' (મારા જીવનનો આધાર કેવો કુમાર ક્યાં ગયો ?)

તે જિનેશ્વરના મુખથી બોલાતી એવી વાણીને સાંભળીને તે ઉપસર્ગને સહન કરવા કુમાર સ્મશાનની જગ્યામાં જાય છે અને તે મુનિ થયેલા કુમાર સ્મશાન ભૂમિમાં આવીને એકલા જ શુભ ધ્યાનમાં ધારણ કરીને રહ્યા છે.

સંધ્યા સમયે કાષ્ટના ભારા લઈને સેમિલ બ્રાહ્મણ નગરીમાં જતો હતો. તેને આ મુનિને જોયા અને હૃદયને વિશે ચિંતવે છે.

**'મારી પુત્રીને એણે પરિહરી એટલે કે ત્યાગી.'** નિષ્ઠુર જાતવાળો તે ક્રોધ રૂપી અગ્નિથી બળ્યો અને મુનિના મસ્તકે ભીની માટીની પાળી કરી. એમાં ધગધગતા ચિતાના અંગાર ભર્યા એ કર્મ ચંડાલે આ પ્રમાણે કાર્ય કર્યું.

તે જ ક્ષણે મુનિ મનમાં વિચારે છે. આ મારા સજ્જન સમાન મારા સુખનો સારથિ ઉપકારી અને તે શુભ ધ્યાનમાં ચડ્યા. તે જ ક્ષણે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. દેવતાઓએ જય જયકાર કર્યો. સવારે દશે દસારણ રાજાઓ જિનેશ્વરને વંદન કરવા માટે આવે છે.

મનમાં જરાપણ લજ્જા લાવ્યા વગર ઉતાવળી એવી દેવકી માતા કુમારને જ્યારે જોતાં નથી ત્યારે દશે દસારણ રાજાઓ અને દેવકી માતા ભગવાનને પૂછે છે કે - 'કુમાર ક્યાં છે.' ત્યારે ભગવાન કહે છે - **'કુમારે તો પોતાનું કાર્ય સાધી લીધું છે. અહીં ઉપસર્ગ સહન કરીને મુક્તિનું રાજ પામી ગયા છે.'**

સજ્ઝાયની બારમી ઢાળ રાગ 'સીધુઉ'માં લખાઈ છે અને તેમાં ૩ ગાથા છે. આ ઢાળમાં દેવકીનો વિલાપ અને ઘણા યાદવ કુમારો વૈરાગ્યના માર્ગે વળે છે તેનું સચોટ વર્ણન છે.

હેં હેં હેં હેં શું થયું ? સાંભળીને દેવકીમાતા અતિ એવી આકુળ-વ્યાકુળ થયેલી વિલાપને કરે છે. આ દુઃખને કેવી રીતે સહન થશે ? હે હરિ ! હવે હું શું કરીશ ? કુમાર તો શિવપુરમાં પહોંચી ગયા. આ બાળુડા એ જિનેશ્વરનું કહ્યું કર્યું અને આ મોટો ઉપસર્ગ કેમ કરીને સહન કર્યો ! વસુદેવ રાજા અને દશે દસારણ રાજાઓ વિલખા થયા. હે દેવ ! મેં મસ્તક ઉપર કેવી કરવતની ધાર ફેરવી.

શ્રી જિનેશ્વર ભગવંતે મધુરા સ્વરે એમ કહ્યું : **"મનને વિશે વિખવાદને ન ધારણ કર, ધરમને વિશે આદર કર અને સઘળા પણ પ્રમાદને છોડો."** એ પ્રમાણે શ્રી જિનેશ્વર ભગવાનના વચનને સાંભળીને કૃષ્ણ મહારાજા કહે છે કે - 'કુમારનું દુઃખ કેવી રીતે ધારણ કરું. આ પ્રમાણે સંસાર અથિર જાણી પાંચે વિષયોનો ત્યાગ કરી કડવા

એવા કષાયના ફળોનો પણ ત્યાગ કરીને તેને દૂર કરો અને હવે જે તારી દૃષ્ટિથી મરણ પામશે. તે કુમારને મોક્ષ અપાવવામાં મિત્ર સમાન જાણવો.'

ઘણા એવા યાદવના કુમારો મનમાં વૈરાગ્યને પામ્યા અને હાથ જોડી ભગવાનને નમસ્કાર કરી કહે છે : "અમારા ભવના બંધનો છોડો." વૈરાગ્યથી રંગાયેલા તેઓ ચારિત્રને લે છે. કૃષ્ણ અને દેવકીમાતા પોતાના ઘરે આવે છે અને જ્યાં દ્વારિકાની નજીક આવ્યા ત્યાં સોમિલની દૃષ્ટિ તેના પર પડે છે.

- હવે સજ્ઝાયની તેરમી ઢાળ પાંચ ગાથામાં વર્ણવાઈ છે અને તેનો રાગ અજયમાલાનું છે.

જિનેશ્વરને વાંદી પરમ આનંદથી રાજા અને માતા દેવકી ઘરે આવ્યા. મનને વિશે સંતોષને આપણી ધર્મના કાર્યો કરે છે. નેમી જિનેશ્વરને વંદન કરી અને તેમના વચનને સાંભળી યાદવ વર્ગ પણ આનંદિત થાય છે, તેઓ હંમેશાં દાન આપે છે, દયા પાળે છે અને લાંબા કાળથી ભેગા થયેલા પાપોનો નાશ કરે છે.

તપગચ્છ રૂપી આકાશને વિશે સૂર્ય સમાન **શ્રી સૌભાગ્ય હર્ષ આચાર્ય** જે હંમેશાં પંચાચારને પાળે છે. એવા સારા વિચારવાળા તેમના **શિષ્ય એવા અમરહંસ ગુરુરાજ** તેમને સર્વ પણ મનુષ્યો નમસ્કાર કરે છે અને હું પણ પોતાની કાયા નિર્મળ કરવા તેમની મહેરબાનીને પામું છું.

સંવત ૧૫૧૨ની સાલમાં સુદ-૯ ને સોમવારના દિવસે શ્રી ગજસુકુમાલને ગાયા અને શ્રી સંઘને વિશે જય જયકાર થયો.

સંવત ૧૬૨૬ વર્ષે મહા સુદ-૮ના દિવસે પંડિત શ્રી લક્ષ્મી મંડન દ્વારા પુણ્ય ધરા મધ્યે આ પ્રત લખાઈ છે.

# શ્રી ઇલાયચીકુમારની સજ્ઝાય દ્વારા આત્માનુસંધાન

- યાત્રિક ઝવેરી

શ્રી ઈલાયચીકુમારની સજ્ઝાયના અધ્યયન દ્વારા પ્રસ્ફૂરણ પામી રહેલો દિવ્ય સંદેશો અનુભવીએ.

નટવો નાચે ચોકમાં લોક બજાવે તાળી,
ઢમઢમ કરતી ઢોલ વગાડે નટકન્યા રૂપાળી રે;
ધન દત્ત શેઠ તણો એ લાડીલો નામે ઇલાયચીકુમાર,
નટકન્યાને દેખીને પ્રગટ્યો મોહ વિકાર રે.
એક કન્યા મેળવવા માટે ઘર સામે જોયું નહિ,
નટવો થઈ નાચ્યો જેણે કુળનું ગૌરવ ખોયું રે;
રાજા રીઝે ને દાન આપે તો એ કન્યા પામે રે,
નટના ટોળા સાથે ફરતો એકબીજા ગામે રે.
રાજતણા દરબારે જઈ વિધવિધ ખેલ બતાવે,
લોક રીઝ્યા પણ રાય ન રીઝ્યા સહુને અચરજ થાય;
ચોથી વખતે વાંસ પર ચઢતા નટ સમજ્યો સહુ વાત,
નટકન્યા પર રાજા મોહ્યો નટનો ઇચ્છે ઘાત.
દૂર દૂર એક દેશ્ય જોઈને ચોટ હૃદયમાં લાગી,
પદ્મિની મોદક વહોરાવે સામે મુનિવર ત્યાગી રે;
તે જ ક્ષણે કર્મો ભેદાયા કેવલી પોતે થાવે રે,
જ્ઞાનવિમલ ગણિ એમ વિચારે મુનિ ઇલાયચીકુમારે.

હવે વિસ્તારથી પ્રત્યેક કડીનો સામાન્ય અને વિશેષાર્થ વિચારીએ.

નટવો નાચે ચોકમાં લોક બજાવે તાળી,
ઢમઢમ કરતી ઢોલ વગાડે નટકન્યા રૂપાળી રે.

**ઇલાયચીકુમાર જીવન સંબંધી કથાનક :**

એક નટનું ટોળું પોતાના સ્તબ્ધ કરનારા ખેલ કોઈ નગરના મુખ્ય સ્થાનમાં (ચોકમાં) ભજવી રહ્યા છે. એમના ખેલ જોનાર વ્યક્તિઓ મુક્ત મને પ્રશંસા કરી રહ્યા છે. નટના ટોળા સાથે એક રૂપાળી નટકન્યા ઢોલ વગાડી રહી છે.

**સ્વાધ્યાય** : જે નાચે, જે નાટક કરે તે નટ - નટવો. આપણે બધા પણ એક મોટું નાટક જ કરી રહ્યા છીએ. નિગોદથી મોક્ષ સુધીની યાત્રામાં આ આપણો માનવભવ પણ એક મુકામ છે. એક ખૂબ મોટા નાટકનો નાનકડો અંશ ! જેના ભાગે જે કરવાનું આવે તેણે એ ભજવવાનું ! અને આ જ્યાં નાટક ભજવાઈ રહ્યું છે તે જ ચોક છે. નટવો નાચે ચોકમાં અને આપણા આ નાટકને (acting) ખેલને આ સમગ્ર જગત - લોક જુએ છે. જગતના જીવો આપણા ખેલની ક્યાંક તો પ્રશંસા કરે છે. ક્યાંક તો ઉપાલંભ આપે છે. દરેક જીવ પોતપોતાના ક્ષેત્રમાં કાર્યરત છે, ભલે પછી એ વ્યક્તિ વ્યવસાયમાં પ્રવૃત્ત હોય કે પછી કોઈ ગૃહિણી પોતાનું કુટુંબ અને ઘર સંભાળતી હોય - જે જ્યાં છે, જે કાર્ય કરે છે તે એના માટે નાટક જ છે અને સમગ્ર જગત એની આ પ્રવૃત્તિને નિહાળે છે.

'મને ગમે તે, મારી રીતે, મારા સમયે, મને જોઈએ એટલું મળો.' આ સ્વરૂપી રૂપાળી નટકન્યા સતત ઢોલ વગાડ્યા કરે છે અને જીવને પોતાના તરફ આકર્ષણ ઉપજાવ્યા કરે છે.

અત્યારનો આ આધુનિક યુગ આમે વિજ્ઞાપનોથી ખીચોખીચ ભરાયેલો છે. જાણે બધી જ ચીજો વેચાણ માટે છે અને એના પરત્વે આકર્ષણ ઉત્પન્ન કરવા લલચાવનારી વિજ્ઞાપનો (Publicity) પ્રદર્શિત કરવામાં આવી રહી છે. આ વિજ્ઞાપનો(Advertisements)ના આકર્ષણથી સામાન્ય જીવ લોલૂપતા પામ્યા વગર રહી શકતો નથી. આ ઉત્પાદનકારો જીવમાં રહેલી વિષયાભિમુખતાનો ગેરલાભ ઊઠાવી સતત લલચાવનારી વિજ્ઞાપનો દ્વારા આકર્ષિત કરે છે. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ - આ પાંચેય વિષયોના આકર્ષણના કારણે જીવ અગણિત કાળથી તકલીફ પામી રહ્યો છે અને તેના પ્રતાપે વિષયોની ભોગેષણા ખૂબ વૃદ્ધિ પામે છે.

એની સામાન્ય જાણ હોવા છતાં આ આકર્ષણથી રોકાવાનું સામર્થ્ય ફોરવી શકતો નથી.

**"ધનદત્ત શેઠ તણો એ લાડીલો, નામે ઇલાયચીકુમાર;**
**નટકન્યા દેખીને મનમાં પ્રગટ્યો મોહ વિકાર."**

**કથાનક** : ચોકમાં તમાશો ભાઈ રહ્યો છે ત્યાં ગૌરવવંતા શેઠ ધનદત્તનો પુત્ર ઈલાયચીકુમાર પણ ઉપસ્થિત છે. એ નાટક નિહાળતાં એ નવયુવાનની નજર ઢોલ વગાડનારી નટકન્યા ઉપર સ્થિર થઈ અને તેના રૂપ ઉપર મુગ્ધ થતાં એને મોહ વિકાર પ્રગટ્યો.

**સ્વાધ્યાય** : સાધકે વિચાર આવ્યો છે કે આપણે પોતે કોણ છીએ ? ભલે વ્યવહારથી આપણે માતા-પિતાના સંતાન છીએ, પરંતુ ભાવથી આપણી માતા એ શ્રી અરિહંત પરમાત્મા છે અને જે જીવ સિદ્ધપદ પામતાં આપણે અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવ્યા, એટલે જેમના પ્રતાપે આપણે નિગોદમાંથી બહાર આવ્યા તે આપણા ભાવપિતા શ્રી સિદ્ધ ભગવંત છે. આ અરિહંત માતા અને સિદ્ધ પિતા એ જ ધનદત્ત છે; કારણ કે તેઓ સર્વ ઐશ્વર્યથી સંપૂર્ણ છે. પ્રત્યેક સંતાન પોતાના માતા-પિતાનો વહાલો, લાડીલો જ હોય. તો એકાંતે કરુણાવંત અને કૃપાનિધાન પરમાત્માના પણ આપણે લાડીલા હોઈએ એમાં નવાઈ શું ? આવા અનંત ગુણોના સ્વામી, અવર્ણનીય ઐશ્વર્યના માલિકના આપણે પુત્ર છીએ અને લાડકવાયા હોવા છતાં આ વિષયોરૂપી નટકન્યાને જોઈને, એટલે પાંચે ઈન્દ્રિયોના પ્રલોભનો જોઈને એ વિષયો ભોગવવા માટે એના પરત્વે આકર્ષણ ઉપજ્યું છે. આ ભોગવટો જે ક્ષણિક સુખ આપનાર છે, જે ક્યારેય સાથે નથી આવનાર, સ્પષ્ટ જાણીએ છીએ કે ખુલ્લે હાથે આવ્યા હતાં અને ખાલી હાથે જવાનું છે, આ નાશવંત ભોગવટો અંતે દુઃખ, શોક અને ગ્લાનિ ઉત્પન્ન કરાવનાર છે, છતાં આ વિષયોના ભોગવટાના કારણે આપણે પોતાની કઈ દુર્દશા કરી નાંખી ? આ ધનદત્ત શેઠના પુત્ર આપણે, આ પ્રલોભન ઉપજાવનારી, ક્ષણિક, નાશવંત અને દુઃખકર પરંતુ ખૂબ ટૂંકાગાળાના નજીવા સુખરૂપી નટકન્યા જોઈને તેના રાગમાં મોહાંધ બન્યા છીએ.

"એક કન્યા મેળવવા માટે ઘરની સામે નહિ જોયું રે,
નટવો થઈને નાચ્યો જેણે કુળનું ગૌરવ ખોયું રે."

**કથાનક** : ઈલાયચીકુમાર આ રૂપાળી નટકન્યા મેળવવા બધું જ કરી છૂટવા તૈયાર છે. આટઆટલા વર્ષો સુધી જે માતા-પિતાએ સાથ આપ્યો, ભણાવ્યો, ગણાવ્યો, લાલન-પાલન કરી મોટો કર્યો એ સર્વની અવગણના કરીને પણ એને આ નટકન્યા મેળવવી છે. એ કન્યામાં એટલો બધો આસક્ત થયો છે કે એ પોતાની કૂળ મર્યાદા, સન્માન, આબરૂ, ઘર, સર્વ રાચરચીલું છોડીને એ નટ બની નાટક કરવા તૈયાર થયો છે.

**સ્વાધ્યાય** : ક્ષુલ્લક, નાશવંત, સદા પરિવર્તનશીલ એવા બાહ્ય પદાર્થો તથા વિષયો રૂપી રૂપાળી નટકન્યા મેળવવા માટે આપણે 'હું કોણ' મૂળભૂત સત્યને અવગણી દીધું છે. આપણે માત્ર દેહ નથી. આ 'નામ' દ્વાર ઓળખાતા એ આપણી સાચી પહેચાન નથી. આપણે ખરેખર આત્મા છીએ. આપણે સત્તાએ સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને અચિંત્ય શક્તિ સામર્થ્યવંત, અનંત ગુણોના સ્વામી આત્મા છીએ ! પોતાના મૂળભૂત સ્વભાવને વિસારી, જ્યાં અકલ્પનીય સુખ અને શાતા છે તેવા આપણા શાશ્વત સિદ્ધશિલારૂપી નિવાસસ્થાનને અવગણી આપણે આ તુચ્છ, પામર, શોચનીય આંકાક્ષાઓ, ઈચ્છાઓ, મનોરથોને વશ થઈ આ સંસારમાં અનાદિકાળથી ભટક્યા કરીએ છીએ.

"રાજા રીઝેને દાન આપે તો કન્યા પામે રે,
નટના ટોળા સાથે ફરતો એકથી બીજા ગામે રે."

**કથાનક** : નટકન્યાના પિતા ઈલાયચીકુમારને કહે છે : "તમે નટ થઈ અમારી સાથે ફરો અને નાટક કરો એટલા માત્રથી હું તમને મારી પુત્રી નહિ આપું, પરંતુ જો તમે અભિનય કરી રાજાને પ્રસન્ન કરશો અને જો એ દાનમાં મોટો પુરસ્કાર આપશે તો જ તમને હું મારી પુત્રી પરણાવીશ." હવે નટકન્યા મેળવવા ઈલાયચીકુમાર નટ બની, રાજાને પ્રસન્ન કરવા અનેક ગામો જવા તૈયાર થયા.

**સ્વાધ્યાય** : શું ક્યારેય વિષયો ભોગવતાં - ભોગવતાં સંતોષ પ્રગટશે ખરો ? શ્રી ભરતરાજા ચક્રવર્તી થયાં તે પૂર્વે જ્યારે ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશ નથી કરતું ત્યારે મહામંત્રી કહે છે કે - 'હજુ તમારા

નાના ભાઈઓ તમારું અનુશાસન સ્વીકારતા નથી,' તેથી ભરતરાજા સર્વ નાના ભાઈઓને દૂત દ્વારા એમનું આધિપત્ય સ્વીકારવા સંદેશો મોકલાવે છે. સર્વને પોતાનું રાજ્ય પિતાશ્રી ઋષભદેવ પાસેથી પ્રાપ્ત થયું હોવાથી, આશ્ચર્યસહ તે સર્વે સલાહ લેવા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પાસે આવે છે, ત્યારે પોતાના અઠ્ઠાણું પુત્રોને પ્રતિબોધ કરવા પ્રભુ અંગારદાહકની કથા કહે છે. એ અંગારદાહક કોલસા બનાવનાર હતો. ઉનાળાની બળબળતી ગરમીમાં કોલસા બનાવવા જંગલમાં ગયો. ગરમીથી તપ્ત, કાર્ય કરતા થાક્યો અને બપોરના વિશ્રામ કરવા આડો પડ્યો અને નિદ્રાધીન થયો. એને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તે ખૂબ તરસ્યો હતો - એણે બધું પાણી પીધું પણ સંતોષ ન થયો. કૂવાઓ, સરોવરો, નદીઓ, સાગરોના પાણી પણ તૃપ્તિ ન થઈ. હવે પાણી શોધતાં એક કૂવામાં થોડું પણ મલિન પાણી દેખાયું. એણે ઘાસો પૂળો તૈયાર કરી એને કૂવામાં નાંખી ભીનો કરી એ પૂળો ઉપર ખેંચી એનું બે-ત્રણ ટીપાં પાણી પોતાના મુખમાં નિચોવે છે. શું આ રીતે એની તૃષ્ણા બુઝાશે ? એવા પ્રભુના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં અઠ્ઠાણું પુત્રોએ કહ્યું : "કદાપિ નહિ." તેથી પ્રભુએ કહ્યું : "હે ભવ્યો ! આજ સુધી અનંત રાજ્યો, સુખો ભોગવ્યા છતાં તૃપ્તિ થઈ નથી અને થવાની પણ નથી." એ સર્વે એ તત્ક્ષણ રાજ્ય ભરતરાજાને સોંપી, પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી.

લૌકિક ધનસંપત્તિના ત્રણ પરિણામ આવી શકે : (૧) દાન માટે વપરાય (અન્યને લાભ કરવા), (૨) પોતાનો ઉપભોગ માટે અથવા (૩) એનો નાશ થાય. જે પોતાની સમૃદ્ધિનો મહદ્ ઉપયોગ અન્ય માટે કરે છે તે સાત્ત્વિક, ઉત્તમ જીવ છે; જે પોતાના માટે કરે છે અને થોડો અન્ય માટે કરે તે રાજસિક, મધ્યમ જીવ છે, પણ જો ક્લિષ્ટ મનના પરિણામો હોય અને કોઈ માટે ઉપયોગ કરતો નથી તે તામસિક, અધમ જીવ છે.

**"રાજતણા દરબારે જઈ વિધવિધ ખેલ બતાવે રે,**

**લોક રીઝ્યા પણ રાય ન રીઝ્યા સુહને અચરજ થાય રે."**

**કથાનક** : ઈલાયચીકુમાર રાજાની સન્મુખ ભિન્ન-ભિન્ન પ્રકારના ખેલ બતાવી રહ્યા છે. આ સર્વ જોઈને જોનાર સર્વ લોકો ખૂબ અચંબિત

થાય છે અને પ્રશંસા પણ કરે છે, પરંતુ હજી રાજા પ્રસન્ન થયા નથી એ વાતનું સર્વને આશ્ચર્ય છે.

**સ્વાધ્યાય** : શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે - 'આ ચૌદ રાજલોકમાં એવું એકેય સ્થાન નથી, જ્યાં જીવનો જન્મ ન થયો હોય તથા ચોર્યાશી લાખ જીવાયોનિમાંથી એવી એકેય જીવાયોનિ નથી જેમાં જીવનો જન્મ ન થયો હોય ! આમ જીવ અનાદિ કાળથી ભટકી રહ્યો છે, તે છતાં એ સાચું સુખ પામ્યો નથી. પરમપૂજ્ય ગુણવિલાસ મહારાજસાહેબ સ્તવનમાં કહે છે કે - **"ઐસી કરો બક્ષિસ પ્રભુ મોહે, દ્વારે દ્વારે ના મૈં ભટકું, નમું કિસિયન કે શીશ, ઐસી કરો બક્ષીસ.'**

કયા સ્થાને જીવ ગયો નથી, કયું કાર્ય એણે કર્યું નથી તે છતાં એનો ઉદ્ધાર થયો નથી, કે પ્રભુ. હવે એવી કૃપા કરો કે મારું ભવભ્રમણ સીમિત થાય.

**"ચોથી વખત વાંસ પર ચઢતાં, નટ સમજ્યો સહુ વાતરે,**
**નટકન્યા પર રાજા મોહ્યો, નટનો ઇચ્છે ઘાત રે."**

**કથાનક** : ઈલાયચીકુમાર રાજાને પ્રસન્ન કરવા જીવસટોસટના ખેલ કરી રહ્યા છે. બે વાંસને જોડતા દોરડા ઉપર ચઢીને હૃદયને કંપાવનારા કરતૂતો કરે છે. ત્રણ વાર વાંસ ઉપર ચઢીને અલગ-અલગ પ્રકારના ખેલ બતાવવા છતાં રાજા પ્રસન્ન ન થતાં, હવે મરણિયો પ્રયાસ કરતાં ઈલાયચીકુમાર ચોથી વાર વાંસ ઉપર ચઢી જોતાં એમને એવો ખ્યાલ આવ્યો કે - 'રાજા સ્વયં એ નટકન્યા ઉપર મોહિત થયો છે અને એ રાજા એ નટકન્યાને પ્રાપ્ત કરવામાં આડખીલીરૂપ બનનાર ઈલાયચીકુમારનો ઘાત ઈચ્છે છે.'

**સ્વાધ્યાય** : લોકોત્તર જગતમાં જ્યારે સાધક સંવરભાવ અને નિર્જરામાં જોડાય એ ઉચિત અને જો એ આસ્રવ અને બંધ કરે ત્યારે એ અનુચિત ! વ્યવહારું જગતની વ્યાખ્યાથી, આ વ્યાખ્યા સાવ વિપરિત છે. સામાન્યપણે જગત સુખનું માપદંડ ધન, સંપત્તિ, કુટુંબ, રાચરચીલું, અનુકૂળતા ઈત્યાદિ ગણે છે, પરંતુ જેને આત્માની સમૃદ્ધિ પામવી છે તે આ રૂપી પદાર્થમય ઐશ્વર્યને ક્ષણિક, નાશવંત સમજતાં એમાં એ આસક્ત થતો નથી. વ્યાવહારિક જગત બાહ્ય ધાર્મિક ક્રિયાઓથી

સંતુષ્ટ થાય છે, પરંતુ વાસ્તવિક આત્મપ્રસન્નતા તો જ્યારે અધ્યવસાય, લેશ્યા અને પરિણામ શુદ્ધ બને ત્યારે પ્રગટે છે.

**"દૂર દૂર એક દૃશ્ય જોઈને ચોટ હૃદયમાં લાગી રે,**
**પદ્મિની મોદક વહોરાવે સામે મુનિવર ત્યાગી રે."**

**કથાનક** : ઈલાયચીકુમાર દોરડા ઉપર ચોથી વાર ચડ્યા છે, જીવ સટોસટના ખેલ ભજવી રહ્યા છે. ઊંચે ચઢેલા એમને દૂર એક દૃશ્ય દેખાય છે, જેમાં સર્વવિરતિધર સાધુ ભગવંત શ્રાવિકા સન્મુખ પાત્ર ધરીને, નીચી નજરો ઢાળીને ઊભા છે. શ્રાવિક મોદકનો થાળ લાવીને વહોરાવી રહી છે. પરંતુ સાધુ ભગંવત અપાર રૂપવતી પદ્મિની શ્રાવિકા તરફ નજીવો પણ દૃષ્ટિપાત કરતા નથી. તેઓ સમ્યક્‌પણે વિરક્ત છે.

**સ્વાધ્યાય** : વૈજ્ઞાનિક સત્ય કે વ્યક્તિ જ્યારે ઊંચે ચઢે ત્યારે એ દૂરનું જોઈ શકે છે, એ આધ્યાત્મિક જગતમાં પણ કેટલું ઉપયુક્ત છે. આ ઊંચે ચઢવું એટલે માત્ર ટૂંકી દૃષ્ટિથી ન જોવું. માત્ર એક જ અપેક્ષાથી ન વિચારવું. રૂપવતી શ્રાવિકા મોદક વહોરાવે છે. રૂપવતી શ્રાવિકા એટલે સાનુકૂળ થયેલી કર્મપ્રકૃતિ અને મોદક એટલે પુણ્યનો થાળ લઈને ઉપસ્થિત થાય છે, પરંતુ જે વિરક્ત છે, જેને આ પદાર્થ, પુદ્‌ગલના વાસ્તવિક સ્વરૂપનું સમ્યક્‌જ્ઞાન છે. એ આ બધા અનુકૂળતા-ઓમાં આસક્ત થતાં નથી, ઉલટાનું એમને એની લેશમાત્ર ખેવના જ નથી.

આ કડીનો વિસ્તારથી રહસ્યાર્થ સમજવા જેવો છે. જે જીવને દુર્ગતિમાં પડતો બચાવે એ ધર્મ ! આવો ધર્મ ચાર પ્રકારનો છે - દાન, શીલ, તપ અને ભાવ. શ્રાવિક સર્વવિરતિધર સાધુ ભગંવતને (શીલ) વહોરાવી રહ્યા છે, (દાન) સાધુ ભગવંત નીચી દૃષ્ટિ જોઈ રહ્યા છે, (તપ) મોદકનો થાળ ધરાયો છે. (આ મોદ એ ભાવ છે. પદ્મિની સ્ત્રી ભાવોલ્લસથી વહોરાવે એ આપનારનો મોદ છે. જ્યારે સાધુ ભગવંત નિઃસ્પૃહી છે એ લેનારની શુદ્ધિ-મોદ દર્શાવે છે.) આવું, બે વાંસના લાકડાં સાથે બાંધેલા દોરડા ઉપર ખેલ કરી રહેલા, એટલે આ હોવું જોઈએ અને આ ના હોવું જોઈએ. એ રૂપી બે વાંસ, એની વચ્ચે બંધાયેલી દોરી એટલે માધ્યસ્થપણું, દૂર એટલે દીર્ઘદૃષ્ટિથી વિચાર કરનાર ઈલાયચીકુમાર જુએ છે. આમ જે ઉહાપોહ, પરાવર્તના કરે છે

તેને ઉપસ્થિત થતાં બનાવમાં, દુર્ગતિમાં પડતા બચાવનાર ધર્મના દિવ્યદર્શન થાય છે. આ આધ્યાત્મિક જગતમાં આસ્રવના કારણોને સંવરના કારણમાં પરિવર્તિત કરવાની દિવ્ય આરાધના છે.

**"એ જ ક્ષણે કર્મો ભેદાયા કેવળી પોતે થાવે રે,**
**જ્ઞાનવિમલ ગણિ એમ વિચારે મુનિ ઇલાયચીકુમાર રે."**

**કથાનક** : દોરડા ઉપર ખેલ બતાવી રહેલા ઈલાયચીકુમાર દૂર વિરક્ત મુનિ ભગવંતને નિહાળી પોતાનામાં રહેલી ભોગેષણા અને આસક્તિમાંથી અપ્રતિપાતિપણે પાછા ફરતાં સર્વ ઘાતીય કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામે છે.

**સ્વાધ્યાય** : જેને ધર્મના દિવ્યદર્શન થાય છે, તે સ્વયં ધર્મ બનવા ઉદ્યમવંત બને છે. શ્રી ઈલાયચીકુમારના સંદર્ભમાં જ્યારે 'ચોટ લાગે છે' ત્યારે ખરું બીજું અંતઃકરણ પ્રગટે છે, અહીંયાં સાધક ક્ષપકશ્રેણિનું આરોહણ આઠમા ગુણસ્થાનકથી શરૂ કરે છે. એ અંતકરણ અપૂર્વકરણમાં પરિણમતાં અગિયારમું ગુણસ્થાનક 'ઉપશાંતમોહ' કૂદાવી, અનિવૃત્તિકરણ કરતાં 'ક્ષીમોહ' બારમું ગુણસ્થાનક વટાવી કૈવલ્ય પ્રગટ કરે છે.

આમ આ ઈલાયચીકુમારનું જીવન ચરિત્ર ભલે કેટલાય વર્ષો પૂર્વનું હતું, છતાં એ આજે પણ આપણા વર્તમાનના સંદર્ભમાં એટલું જ સાર્થક છે (કથાનુયોગ). એમના કથાનકમાં સાત્ત્વિક સમર્પણ સાથે પ્રવેશ પામી (ચરણકરણાનુયોગ), એમના દ્વારા થયેલી ભૂલો જોઈને એમાંથી પાઠ ગ્રહણ કરી, તજવા જેવા પદાર્થો તજી અને ગ્રહણ કરવા જેવા ગુણોને ધારણ કરવાનું ગણિત સમજી (ગણિતાનુયોગ), એ અનુસાર પુરુષાર્થ આચરવામાં આવે તો સાધકમાં આત્મદ્રવ્યની પ્રાપ્તિ થાય (દ્રવ્યાનુયોગ) અને ગ્રંથીભેદ થતાં, સમકિત પ્રગટતાં સાધક સ્વયં માટે ઉદાહરણ બની જાય.

# સજ્ઝાય રત્નમાલા

- સુબોધિની મસાલિયા

## પ્રથમ જીવદયાની સજ્ઝાય

ચતુર નર ! જીવદયા ધર્મ સાર, જેથી પામીએ ભવનો પાર;
ચતુર નર ! જીવદયા ધર્મ સાર. ૧

ગજભવે સસલો ઉગારિયો રે, કરુણારસ આણી અપાર;
શ્રેણિકને ઘેર ઉપન્યો રે, અંગજ મેઘકુમાર ચતુર૦ ૨

વીર વાંદી વાણી સુણી રે, લીધો સંજમભાર;
વિજયવિમાને ઉપન્યો રે, સિદ્ધશે મહાવિદેહ મઝાર ચતુર૦ ૩

નેમપ્રભુ ગયા પરણવા રે, સુણી પશુડાનો પોકાર;
પશુડાંની કરુણા ઉપની રે, તજી રાજીમતિ નાર. ચતુર૦ ૪

શરણે પારેવો ઉગારિયો રે, જુઓને મેઘરથ રાય;
શાંતિનાથ ચક્રી થયા રે, દયાતણે સુપસાય. ચતુર૦ ૫

માસખમણને પારણે રે, ધર્મરુચિ અણગાર;
કીડીઓની કરુણા ઉપની રે, કીધો કડવા તુંબાનો આહાર. ચતુર૦ ૬

સર્વાર્થ સિદ્ધમાં ઉપન્યા રે, સિદ્ધા વિદેહ મોઝાર;
ધર્મઘોષના શિષ્ય થયા રે, રૂડી દયાતણા એ પસાય. ચતુર૦ ૭

અર્જુનવાળી જાણજો રે, લીધો સંયમભાર;
કર્મ છ માસે ક્ષય કરી રે, પહોંચ્યા મુગતિ મઝાર. ચતુર૦ ૮

દેવકીનંદન સોહામણા રે, નામ તે ગજસુકુમાલ;
ધગધગતી સગડી સહી રે આણી દયા રે અપાર. ચતુર૦ ૯

એ ધર્મ છે સુરતરૂ સમો રે, જેહની શીયળ છાંય;
સેવક જન નિત સેવજો રે, એહ છે મુગતિનો દાય. ચતુર૦ ૧૦

આ સજ્ઝાયના રચયિતા 'અજ્ઞાત' છે. એમણે એક-એક ઉદાહરણ દ્વારા એ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે આ જીવદયા ધર્મ કલ્પવૃક્ષ સમાન છે, જેની શીતળ છાંયમાં જીવ શાતા પામે છે. જો આ જીવદયા

ધર્મનું નિત્ય સેવન કરવામાં આવે તો એ ધર્મ મુક્તિદાયક છે. મોક્ષ અપાવનાર છે.

કવિશ્રી મેઘકુમારનું દૃષ્ટાંત આપે છે કે ત્રીજા ભવે મેઘકુમાર વૈતાઢ્ય પર્વતની ભૂમિમાં છે. દાંતવાળો હાથી હતો. એક વખત વનમાં દાવાનાળ લાગ્યો. તેનાથી ભય પામી તૃષાતુર હાથી કીચડવાળા સરોવરમાં પેઠો. પાણી પણ મળ્યું નહિ ને કીચડમાં ખૂંપી ગયો. ઘણા વૈરી હાથીઓએ આવીને તેને દંતના પ્રહાર કર્યા. સાત દિવસ સુધી ભૂખ્યો-તરસ્યો ઘણી પીડા અનુભવી મરીને વિંધ્યભૂમિમાં ચાર દાંત વાળો હાથી થયો.

ત્યાં પણ અગ્નિ લાગેલો જોઈ જાતિસ્મરણથી પૂર્વ ભવ જોયો. તેથી દાવાનળથી ભય પામી એક યોજન પ્રમાણ ભૂમિની અંદરથી તૃણ - કાષ્ટ - લીલા અંકુરો વગેરે ઉખેડીને દૂર ફેંકી દીધા. એક વખત ફરી દાવાનળ પ્રગટ્યો, તે વખતે આ હાથી (મેઘકુમારનો જીવ) પરિવાર સહિત પેલા એક યોજનવાળા મંડપમાં આવી ગયો. બીજા ઘણા વચનર પ્રાણીઓ પણ ત્યાં આવ્યા. તે વખતે હાથીએ શરીર ખણવા માટે એક પણ ઊંચો કર્યો. તેવામાં એક સસલો બીજી કોઈ જગ્યા ન મળવાથી, હાથીના પગ નીચેની જગ્યાએ આવીને ઊભો રહી ગયો. પગ મૂકવા જતાં હાથીએ સસલાને જોયો, એને સસલા પર દયા આવી. "હું પગ નીચે મૂકીશ તો બિચારો સસલો ચગદાઈ જશે." જુઓ તિર્યંચના ભવમાં પણ કેટલી જીવદયા !!! ને આપણે મનુષ્યો ?? જીવતે જીવ સસલાના વાળ ખેંચી ને કાઢીએ, તેની આંખોમાં શેમ્પૂ નાખીને પરિક્ષણ કરીએ, ફરના કોટ ને પર્સ બનાવવા તેની ચામડી ઉખેડી નાખીએ, જીવતે જીવ મારી નાખીએ. જરા વિચારતો કરો, કેટલીક હદે આપણું લેવલ નીચે ઊતરી ગયું છે. ને છતાં કહીએ : 'અમે તો જૈન." આપણે આ હાથીને જૈન કહીશું કે આપણી જાતને ?

અઢી દિવસે દાવાનળ શાંત થયો, ત્યાં સુધી આ હાથીએ પગ ઊંચો રાખ્યો, તેથી પગ અકડાઈ ગયો. શરીર પણ સ્થૂળ હતું, તેથી જેવો પગ નીચે મૂકવા જાય છે, ત્યાં પોતે નીચે પકડાઈ જાય છે. ઘણી વેદના ભોગવી, મૃત્યુ પામી જીવદયાના પરિણામથી મગધ દેશમાં રાજગૃહ નગરે શ્રેણિકરાજાની રાણી ધારિણિની કુક્ષીએ પુત્ર પણે ઉત્પન્ન થયો. તે જ

આ મેઘકુમાર રાજા. તેમણે મહાવીરની દેશના સાંભળી વૈરાગ્ય પ્રાપ્ત થવા થવાથી દીક્ષા અંગીકાર કરી, નિર્મળ ધ્યાન વડે આયુષ્ય પૂર્ણ કરી અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પામી મોક્ષે જશે. તો આ દૃષ્ટાંત દ્વારા તમે જોયું કે એક તિર્યંચના ભવમાં કરેલી આટલી જીવદયાએ મેઘકુમારના જીવને કેવું પુણ્યાનુબંધી પુણ્ય બંધાવ્યું કે જે એને મોક્ષ સુધી પહોંચાડશે.

હજુ જરા ઊંડાણમાં જાઓ તો ખબર પડશે કે ભગવાને કહેલી એક-એક વાતમાં કેટલું તત્ત્વજ્ઞાન પીરસ્યું છે. જુઓ છ દાંતવાળા હાથીના ભવમાં પણ મેઘકુમારના જીવે કેટલી વેદના સહી. કાદવમાં ખૂપવું, ભૂખ્યા-તરસ્યા. બીજા હાથીઓના દાંતનો પ્રહાર સહેવો, પણ આ એની અકામ નિર્જરા હતી. તેની ઈચ્છાથી નથી સહ્યું. ફરજિયાત સહેવું પડ્યું ને સહ્યું છે, માટે આટલું સહન કરવા છતાં તેને તિર્યંચપણું જ મળ્યું. પાછો હાથીનો જ ભવ. ઈચ્છા રહિત એ આર્તધ્યાન સહિત જે સહન કર્યું, તેનું પરિણામ તિર્યંચ ગતિ. જ્યારે ચાર દાંતવાળા હાથીના ભવમાં મેઘકુમારના જીવે જે સહન કર્યું, તે પોતાની સ્વેચ્છાએ કર્યું. એટલે કે તે સકામ નિર્જરા થઈ. જેનાથી કેટલાયે કર્મોનો ભૂક્કો બોલાઈ ગયો. વળી સમતાભાવે સહન કર્યું, જેથી સદ્‌ગતિ મળી. માનવભવ મળ્યો. શાસ્ત્ર કહે છે કે - 'એક હજાર વર્ષ અકામ નિર્જરા કરતાં જેટલા કર્મ ન ખપે તેટલા એક દિવસની સકામ નિર્જરાથી ખપી શકે છે.' (ફક્ત સમજવા માટે આ આંકડા છે.) તો જોયું ચાર દાંતવાળા હાથીની સકામ નિર્જરા - દયાભાવ - સમતાભાવ. જેના દ્વારા એ ફટાફટ મોક્ષની સીડી ચડી જશે.

કવિશ્રી બીજા ઉદાહરણમાં નેમ પ્રભુનું જીવદાયનું ઉદાહરણ આપે છે કે - 'રાજુલને પરણવા ગયેલા નેમકુમાર, પશુઓનો પોકાર સુણીને હૃદયમા અત્યંત કરુણા ઉપજે છે કે એક સ્ત્રીને કારણે આટલા પશુઓનો ઘાત. ના...ના...ના... નહિ...નહિ...' 'સારથિ રથ પાછો વાળ.' ઈતિહાસમાં આવું દૃષ્ટાંત અજોડ છે. ને હર્ષઘેલા બનેલા પશુઓની વાતો સાંભળવી છે ? કવિએ કરેલી કલ્પના જુઓ હરણી હરણલાને કહે છે કે - 'હવે તું કાં પોકાર કરે છે ? નેમકુમાર આવ્યા છે. આપણે છૂટી

જઈશું.' સાબર, સાબરીને કહે છે કે - 'ત્રિભુવન તાત આવ્યો છે. હવે તો આપણે આપણા જાયાને જોઈ શકીશું.' રોઝ, રોઝડીને કહે છે કે - 'દયાળુ દેવ આવ્યો છે, હવે ઘડી-ઘડી ઊંચી-નીચી નહિથા. ખુશથા.' નેમકુમારે તો પશુઓનો પોકાર સાંભળી દયા આણી છોડાવ્યા, પણ આપણને એવો પોકાર સુણાય છે ખરો ? ચીઝની એક-એક કાતરીમાં, તાજું જન્મેલું એક-એક વાછરડું પોકાર પાડી પાડીને કહે છે કે - 'અમને બચાવો, બચાવો, તમારી સ્વાદ લોલુપતાના ખપ્પરમાં અમને કાં હોમો છો ?' ગાય માતા, આંખમાં આંશુ સાથે કહે છે કે - 'મારા બાળને જીવવા દો... મારા બાળને જીવવા દો.' પણ હે ગાયમાતા !!! તને શું કહું ? અમારા કાન પ્લાસ્ટિકના થઈ ગયા છે. એનાથી કોઈ સજીવનો અવાજ પોકાર સુણી શકાતો નથી. એ તો ફક્ત નિર્જીવ એવા ટી.વી. ટેબ, મોબાઈલ, લૅપટોપનો જ અવાજ સુણી શકે છે. અરે, સવારથી સાંજ સુધી વપરાતી તમારી એક-એક વસ્તુ. તમારો સાબુ, ટૂથપેસ્ટ, સૌંદર્ય પ્રસાધનો બિસ્કિટ્સ, બૅકરી પ્રોડક્ટ, જામ, જેલી, ચૉકલેટ, આઈસક્રીમ, પીઝા, પાસ્તા, બ્રેડ. અરે તમારા જૂતા, પર્સ, બૅલ્ટ એકેક વસ્તુમાં પ્રાણીઓ પોકાર પાડી - પાડીને કહે છે કે - 'અમને બચાવો.' તમે જે કહેશો તે અમે તમારી સેવા કરીશું, પણ અમને જીવવા તો દો. પણ આ પોકાર આપણા બહેરા કાને અથડાઈને પાછો જાય છે. નેમકુમારીની જેમ આપણો રથડો ક્યારેય પાછો વળતો નથી. કાંદા બટાટાની તો શું વાત કરું ? આપણે તો હોંશે-હોંશે માંસાહાર કરતાં થઈ ગયા ને પછી કહીએ છીએ કે - 'અમે તો જૈન.' જો તું તારું ને સર્વનું કલ્યાણ ઇચ્છતા હોય તો રથડો પાછો વાળ માનવ... રથડો પાછો વાળ.

આ જીવદયાની સજઝાયમાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ આપ્યું છે, મેઘરથ રાજાનું. ઈશાન ઇન્દ્રે દેવોની સભામાં મેઘરથ રાજાના જીવદયાના ગુણની ભરપૂર પ્રશંસા કરી કે આ રાજા કદી પણ ધર્મથી અને એવો નથી. આ સાંભળી મહાસૂર નામના દેવને થયું કે - 'ઇન્દ્ર જેની પ્રશંસા કરે છે તે જોઉં તો ખરો કે કેવો છે ?' માટે તે સીંચાણાનું રૂપ ધારણ કરે છે. સીંચાણાના મોઢામાંથી છટકીને પારેવડું મેઘરથના

ખોળામાં પડે છે. ને કહે છે કે - 'હે રાજવી ! મને બચાવો, આ સીંચાણો મને ખાઈ જશે.' સિંચાણો કહે છે : 'હે રાજવી ! આ મારો આહાર છે, મને આપી દો.' ત્યારે મેઘરથ રાજા કહે છે કે - 'આ પારેવડું મારા શરણે આવ્યું છે, તે તો હું તને નક્કી નહિ આપું. પણ હું તને બીજું માંસ મંગાવી દઉં તેનો તું આહાર કર.' સિંચાણો કહે છે કે - 'કાં તો મને આ પારેવડાનું માંસ જોઈએ, ને કાં તો તારા દેહનું આ પારેવડાના પ્રમાણ ત્રાજવે તોળીને આપ. બીજું મને ન જોઈએ.' મેઘરથના દિલમાં તો જબ્બર જીવદયા વસી હતી. તેણે ત્રાજવાના એક પલ્લામાં પારેવડાને મૂક્યું તે બીજા પલ્લામાં કાપી કાપીને પોતાનું માંસ મૂકતો ગયો. પણ આતો દેવમાયા હતી. એક અંશ પણ ત્રાજવું નમે નહિ. મહાજન બધું જ રાજાને વિનવે કે - 'પારેવડાને ખાતર શું કામ દેહને કાપો છો ?' પણ રાજવી કહે છે : 'હું મારા જીવને સાટે પણ જીવદયા કરીશ.' ને રાજવી પોતે જ ત્રાજવામાં બેસી જાય છે. સિંચાણાને કહે છે : 'લે આ મારો દેહ, ભાવે તે ખા.' જીવથી પારેવાને અધિક ગણ્યો. ત્યાં દેવ પ્રગટ થાય છે. ક્ષમા માંગે છે કહે છે કે - 'ઇન્દ્રે જેવી પ્રશંસા કરી હતી તેવો જ તું છે.' મેઘરથની કાયા સાજી કરી દેવ પોતાને સ્થાને જાય છે. અહો... અહો... કેવી ઉત્કૃષ્ટ જીવદયા. જેનો જોટો ન જડે ક્યાંય જેને લીધે મેઘરથ રાજા બે પદવી પામ્યા - ચક્રીપણું ને તીર્થંકરપણું. મેઘરથ રાજા એટલે શાંતિનાથ દાદાનો દશમો ભવ આ વાર્તા વાંચી મનમાં પ્રશ્ન થાય છે કે - 'શું ખરેખર આપણે આ મહાત્માઓના સંતાનો છીએ ? ક્યાં એ પારેવડા માટે જીવ આપનાર. ને ક્યાં આપણે પોતાના માટે અનેક પશુ-પક્ષીઓનો જીવ લેનાર.' આ ઉત્તરાયણે કેટલા પારેવડાની પાંખો કાપી કેટલાના જીવ લીધા.

જુઓ પેલા ધર્મરુચિ અણગાર... વિચારે છે કે - 'આ કડવી તુંબડીનો આહાર જમીનમાં પરઠવીશ તો કેટલી કીડીઓ મરી જશે. જો એક ટીપાથી આટલી કીડીઓનો સંહાર થતો હોય તો. દિલમાં અત્યંત કરુણા ઉપજે છે. ને પોતે જ કડવી તું બડીનો રસ પી જાય છે.' સમતા અને ધ્યાનમાં લીન થતાં. સર્વાપરિદ્ધિમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે ત્યાંથી મહાવિદેહમાં મનુષ્યજન્મ પામી મોક્ષે જશે. આ છે જીવદયાના પ્રતાપ.

તેવી જ રીતે અર્જુનવાળી... તેના શરીરમાં યક્ષના પ્રવેશને કારણે રોજ સાતની હત્યા કરતો ત્યારે જ એને શાંતિ થથી. છ મહિના સુધી આ ક્રમ ચાલ્યો તે શ્રેષ્ઠીપુત્ર સુદર્શનનો જ્યારે ભેટો થાય છે, ત્યારે સુદર્શનના નવકારમંત્રના પ્રભાવે યક્ષ નાસી જાય છે. તે પછી સુદર્શનની સાથે અર્જુનમાળી પ્રભુ મહાવીર પાસે જાય છે. દેશના સાંભળી દીક્ષાગ્રહણ કરે છે. એમણે છઠ્ઠને પારણે છઠ્ઠ કરવાની પ્રતિજ્ઞા કરી. પારણાના દિવસે વહોરવા જતાં ત્યારે લોકો એમને 'આ એ જ હત્યારો છે આણે મારા પુત્રની - ભાઈની - પત્નીની હત્યા કરી છે.' એમ કહી લોકો એને ખૂબ રંજાડતા, ઉપસર્ગ કરતાં પણ મુનિ ખૂબ જ સમતા ધરતા કોઈના પ્રત્યે મનમાં બિલકુલ અપ્રીતિ થવા દેતા નહિ. પોતે કરેલી ૧૨૬૦ જીવોની હત્યાનું પ્રાયશ્ચિત છ માસ સુધી કરી, કેવળજ્ઞાન પામી ૧૫ દિવસના અણસણ બાદ કાળધર્મ પામી મોક્ષે ગયા.

અને છેલ્લે શ્રી ગજસુકુમાલની વાત કરે છે, તેઓ દેવકીના પુત્ર, શ્રીકૃષ્ણના નાના ભાઈ હતા. નેમિનાથ ભગવાનની દેશના સાંભળી ગજસુકુમારે ચારિત્ર ગ્રહણ કર્યું અને પ્રભુની આજ્ઞા લઈ સ્મશાનભૂમિમાં કાયોત્સર્ગ મુદ્રાએ રહ્યા. ત વખતે ફરતાં-ફરતાં ત્યાં આવેલા સૌમિલ સસરાને થયું કે - 'આ દુષ્ટે મારી નિરપરાધી પુત્રીને પરણીને ફોગટ વગોવી છે.' આમ મનમાં અત્યંત દ્વેષ આણી સૌમિલે, કાઉસગ્ગ ધ્યાને રહેલા ગજસુકુમાલના માથે માટીની પાળ બાંધી તેમાં ખેરના ધગધગતા અંગારા ભર્યા. અગ્નિ વડે મસ્તક બાળવા છતાં પણ ગજસુકુમારે અપૂર્વ સમતા ધારણ કરી. શુક્લ ધ્યાન વડે અંતઃકૃત કેવલી થઈ મોક્ષે ગયા. છેલ્લાં બંને ઉદાહરણ બતાવે છે કે માનવીની માનવ પ્રત્યે કેવી જીવદયા, કેવી ઉત્કૃષ્ટ દયાભાવના, ક્ષમાભાવના જેનો જોટો જડે તેમ નથી. આજે જ્યારે માણસ માણસને, પશુ, પંખીઓને શાકભાજીની જેમ કાપી રહ્યો છે, બેસુમાર કતલખાના વધી રહ્યા છે. ત્યારે આ મહાપુરુષોની મહાનવાતો ઘણું તત્ત્વ પીરસી જાય છે. જરા ઊંડાણથી વિચારો, આ મહાનુભાવોએ કોની જીવદયા કરી ? એમના પોતાના જ જીવનની. જો એમણે બીજા જીવો પર ક્રોધ, લોભ, લાલસા કે લોલુપતાના કારણે તેમનો વધ કર્યો હતો તો તે દ્વારા જે કાંઈ ધર્મ બાંધત તે કોને ભોગવવા

પડત ? કોણ દુઃખી થાત ? એમનો પોતાનો જ આત્માને ? તો એમણે દયા કરીને કોને ઉગારી લીધો ? પોતાના જ જીવને દુર્ગતિમાં પડતો બચાવી લીધો ને ? એક વાત કાનમાં કહું ? 'જીવદયાનો મતલબ જ એ થાય છે કે પોતાના જીવ પર દયા કરવી.' તમે શું સમજો છો ? તમે પાંચ-પચ્ચીસ ઢોરોને કતલખાનેથી છોડાવ્યા એટલે એ જીવો પર તમે દયા કરી મોટું જીવદયાનું કાર્ય કર્યું ? ના... ના... તું તો ફક્ત નિમિત્ત બન્યો છે. એ જીવોના નસીબમાં છૂટવાનું જ હોત તો તું નહિ તો બીજું કોઈ નિમિત્ત બનત. તું તો 'મેં છોડાવ્યા' કરીને નાટકનો અહંકાર કરે છે. ભાઈ તે જીવોને છોડાવીને તારા જીવ પર જ ઉપકાર કર્યાં છે. તારા જીવને તેં ધીટ્ટ બનતાં બચાવી લીધો છે, દુર્ગતિમાં પડતાં બચાવી લીધો છે. તેમ ક્ષમા નામના ગુણને અવકાશ આપ્યો છે. હવે ખબર પડી તેં કોની જીવદયા કરી ? જો તને તારા જીવ પર દયા આવતી હોય તો એવું જીવન જીવ કે જેમાં ઓછામાં ઓછી હિંસા હોય. એવી વસ્તુ વાપર કે પશુ-પક્ષીની હત્યાથી ન બની હોય. એવો ખોરાક લે જેમાં માંસાહાર ન હોય. જાણો છો દૂધ પણ આજે એક માંસાહાર થઈ ગયું છે ? દૂધ વધારવા માટે પ્રાણીઓને વારંવાર કૃત્રિમ ગર્ભાધાન, જેનાથી તેમના હાડકાં નબળાં પડી જાય. ઊભા પણ ન રહી શકે. એટલે પાંચ-છ વરસમાં જ એમને કતલખાને ધકેલી દેવાય છે. જે પશુઓ કુદરતી રીતે ૧૫-૨૦ વરસ જીવે એની પાંચ-છ વરસમાં આ હાલત થાય છે. દૂધના એક ગ્લાસમાં તમે દૂધ નથી પીતા પણ પશુઓની વેદના, ઍન્ટિબાયોટિક દવાઓ, કૅમિકલ, ઑક્સિટોસિનના ઈન્જેકશનો પીઓ છો. ખરા અર્થમાં જીવદયા કરવી હશે તો કતલખાના આધારિત ચીજવસ્તુની ડીમાંડ ઘટાડો ને અહિંસક વસ્તુની માંગ વધારો. ખાવા-પીવાની પહેરવા-ઓઢવાની જે-જે હિંસક વસ્તુઓ છે તેનો ત્યાગ કરો. સંપૂર્ણ ન થઈ શકે તો છૂટ રાખીને બાકી બધું ત્યાગ કરો તો જ જીવદયા તરફ એક ડગ ભરાશે. કહેવા માટે તો ઘણું કહેવું છે પણ વિસ્તાર મર્યાદાને કારણે હવે આપણી બીજી સજઝાય લઈએ.

# બારભાવનાની સજ્ઝાય : સાહિત્યિક અને અધ્યાત્મિક પદ

- ડૉ. સેજલ શાહ

સજ્ઝાય અંતરના ભાવમાંથી જન્મી છે, જેમાં માત્ર ભાવના નહિ, પરંતુ અંતસત્વમાંથી રસાઈ-કસાઈને જે જ્ઞાન જન્મે છે, તેને શાબ્દિક રૂપમાં આલેખિત કરાય છે. આ એક આધ્યાત્મિક જ્ઞાન છે, અહીં તત્ત્વ છે, સંગીત છે, માવજત છે, અલંકાર છે, પ્રતિકો છે. મધ્યકાળના સમયમાં પદ્ય સાહિત્યનું જે ખેડાણ થયું, તેનો ઘણો મોટો ભાગ જૈન પદ્યકૃતિ દ્વારા રોકાયેલો છે. 'સજ્ઝાય' એ પદ, રાસા, ફાગુ વગેરે પ્રકારથી જુદી પડે છે. અહીં વર્ણન, કથા, ઈતિહાસ ઉપરાંત જે ધર્મસ્વીકૃત નીતિનિયમો છે, તેનું પુનરુચ્ચારણ થાય છે, આ એક રીતે એક ફરમાન છે, મોમેંડમ છે, સંગીતબદ્ધ ફરમાન જે અન્ય જીવને જગાડવાના ઉદ્દેશથી ગવાય છે. 'સજ્જાય' વિશે ચોક્કસ એવું કહી શકાય કે - 'આ એવું પદ છે, જેમાં બીજાના મનને જાગૃત કરવા માટે ગવાય છે, પોતાનો આત્મઆનંદ બીજા સાથે વહેંચવામાં આવે છે.'

અહીં મેં બે સજ્ઝાય વિશે વાત કરવાનું ધાર્યું છે. બંને સજ્ઝાયના વિષયોની ચર્ચા કરતાં એમાંથી વ્યક્ત થતાં ભાવને આપણે સમજીએ. મોટે ભાગે સજ્ઝાયની રચના સંસારત્યાગી સેવા સાધુ-ભગવંતો કરે છે. જયવંતસૂરિ (જેઓ ગુણસૌભાગ્યસૂરિના નામે પણ જાણીતા છે.) તેઓ વડતપાગચ્છની રત્નાકર શાળાના ઉપાધ્યાય વિનયમંડનના શિષ્ય હતા. તેઓનો સમય સોળમી સદીનો ગણાય છે. સોળમી સદીનો ઉત્તરાર્ધ અને ૧૭મી સદીનો પૂર્વાધ. જયવંતસૂરિએ રાસકૃતિઓ ઉપરાંત સ્તવન, ફાગ, બારમાસાની ૮૦ જેટલા ગીતોની રચના કરી છે. એમની કૃતિમાં અનેકવિધ ભાવછટ્ટાઓ અને અભિવ્યક્તિની તરાહો જોવા મળે છે.

બારભાવના સજ્ઝાય એ ઢાળ અને ત્રોટકના પદ્યબંધમાં રચાયેલી છે. જેમાં ૩૯ કડીની રચના છે. પંદર કડીના ઢાળ અને ત્રોટકના વિભાગો ૬ થી ૮ પંક્તિ સુધી વિસ્તરે છે, કડીઓ પણ ૪ પંક્તિ સુધી વિસ્તરે છે. ઢાળ અને ત્રોટકના વિભાગો વચ્ચે શબ્દસાંકળી છે. કૃતિનો વિશિષ્ટ પદ્યબંધ અને ત્રોટકના પ્રયોગથી આવતી ગાનછટા ધ્યાનાકર્ષ છે.

આ સજ્ઝાયનું વિષયવસ્તુ અતિમહત્ત્વનું છે. જૈન પરંપરામાં ખૂબ જ જાણીતી મોક્ષમાર્ગના સાધનરૂપ બારભાવના વર્ણવાયેલી છે. આ બાર-ભાવના મનુષ્ય દેહની અનિત્યતા અને ભવભ્રમણની અસારતા અંગે ચિંતન કરે છે. આ ચિંતનની ભૂમિકાને સમજાવતાં નરકના દુઃખોનું વિગતે વર્ણન કરે છે. જેથી એ ડરથી મનુષ્ય, યોગ્ય રીતે જીવનને સમજે. આ કૃતિનું સંપાદન કરનાર જયંત કોઠારીના મત મુજબ આ સજ્ઝાયની એકમાત્ર પ્રત લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાંથી પ્રાપ્ત થાય છે, જેનો ક્રમાંક છે ૬૬૮૦. પ્રતના ચાર પત્ર છે. પત્રનું માપ ૨૧-૧૦ સે.મી. છે. પત્રની દરેક બાજુ ૧૩ લીટી છે. દરેક લીટીમાં ૩૭ અક્ષર છે. શુદ્ધ રીતે લખાયેલી પ્રતના અક્ષર મોટા, ચોખ્ખા અને સુઘડ છે. પ્રત ૧૭મી સદીની છે.

આ દુર્લભ મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે. આરંભની પંક્તિ સમજાવે છે તેમ -

**'સરસતિ સરસતિ વાણી, આખું અમીઅ સમાણી;**
**ભાવન બાર વખાણી, બૂઝવું ભવીઅણ પ્રાણી.'**

દુર્લભ એવા મનુષ્ય ભવને ભોળા બની વ્યર્થમાં જ વેડફી નથી દેવાનો. અજ્ઞાની એવા મનને સાવધ કરી મુક્તિપંથના યાત્રી બનવા માટે જિનશાસન અનુસાર આ બારભાવના સાંભળીને સમજવાનું આહ્‌વાન કરે છે. આ કૃતિ જૂની ગુજરાતીમાં અને પરંપરાગત છંદમાં લખાઈ છે. અનિત્યતા, અશરણ, એકત્વ, એકલતા, સંસારની અસારતા, કાયાની અસારતા, લોકસ્વરૂપ, ચિંતન, કર્મબંધથી મુક્તિ, તપ કરી, નિર્જરા તરફ ગતિ અને મોહમયી ઈન્દ્રિયોથી મુક્તિ અને એમ કરતાં કર્મોથી મુક્તિ અને અંતે બોધિસત્વને પામવું, જે સુખ તરફ ગતિ કરાવે છે.

આ બારભાવના ભાવતાં-ભાવતાં મનુષ્યદેહ કઈ રીતે મોક્ષરૂપી રાજમાર્ગ પર યાત્રા કરાવે છે, તે સમજાવે છે. જ્યારે બીજી તરફ શ્રીમદ્ દેવચંદ્રની પંચભાવના સજ્ઝાય જોઈએ.

શ્રીમદ્ દેવચંદ્ર એ મહાન તત્ત્વજ્ઞ હતા અને શ્વેતામ્બર સમાજના મંદિરોમાં ભણાવાતી સ્નાત્રપૂજાની રસકીય રચનાઓ તેમણે કરી છે. શ્રીમદ્ દેવચંદ્રની અનેક કૃતિઓ પ્રખ્યાત છે. અષ્ટપ્રવચનમાતા, પ્રભંજના, પાંચ ભાવના, ગજસુકુમાલ અને ઢંઢણમુનિની સજ્જાય જાણીતી છે. મનુષ્યની અંદર રહેલી સુષુપ્ત ચેતનાને જાગૃત કરવા માટે આ સજ્ઝાય ઈન્જેકશનનું

કાર્ય કરે છે. સાધુની પાંચ ભાવનાઓ સજ્ઝાયનો આરંભ દોહાથી થાય છે. જે મંગળચરણ છે. કોઈ પણ શુભકાર્યનો આરંભ મંગળાચરણથી થાય છે.

**'સ્વસ્તિ સીમંધર પરમ, ધર્મધ્યાન સુખ ઠામ;**
**સ્યાદ્‌વાદ પરિણામધર, પ્રણમું ચેતન-રામ.'**

દ્રવ્ય અને ભાવથી માંગલિક થાય. લૌકિક કાર્યમાં દ્રવ્યની પ્રધાનતા છે, જ્યારે લોકોત્તર કામોમાં મંગલભાવ કાર્ય કરે છે. સૌ પ્રથમ મંગલ અરિહંત છે અને જેને સ્યાદ્‌વાદ ધારણ કર્યો છે, આત્મ સ્વરૂપમાં જે રમમાણ રહે છે અને મહાવિદેહે ક્ષેત્રમાં જે વિચરે છે, એવા કલ્યાણકારી સીમંધર સ્વામીને પ્રણામ કરી સજ્ઝાયનો આરંભ થાય છે. ત્યાર બાદ ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર મહાવીર સ્વામીને વંદન કરે છે. દોહાના બીજા ચરણમાં ભદ્રબાહુ સ્વામી અને શ્રી જીનભદ્ર-ગણી અને ક્ષેમેન્દ્રસૂરિને નમસ્કાર કરે છે. આ પાંચ ભાવનાના વર્ણનનો આધાર બૃહદ્ કલ્પસૂત્ર છે, જેના રચયિતા ભદ્રબાહુ સ્વામી છે અને ટીકાકાર ક્ષેમેન્દ્રસૂરિને પણ વંદન કરે છે.

**સદ્‌ગુરુ શાસનદેવી નમી, બૃહત્‌કલ્પ અનુસાર !**
**શુદ્ધ ભાવના સાધુની, ભાવિશ પંચ પ્રકાર.**

જૈન શાસનની રક્ષામાં સતત કાર્યરત રહેનાર શાસનદેવને નમસ્કાર કરે છે. કવિ કહે છે કે - 'મેં શ્રી બૃહત્‌કલ્પ સૂત્ર અનુસાર સાધુની પાંચ પ્રશસ્ત ભાવનાઓનું વર્ણન કર્યું છે.'

**ઇન્દ્રિ યોગ કષાય ને, જીવે મુનિ નિશંક !**
**ઈણે જીતે કુધ્યાન જય, જાયે ચિત્ત તરંગ.**

અર્થાત્ નિર્ભયતા સાથે મુનિએ પોતાના આંતરિક શત્રુઓને જીતવા જોઈએ, પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, ત્રમ યોગ રૂપ એમ બાર કર્મબંધના સ્વરૂપ શત્રુઓને જીતવા પર ધ્યાન આપી જીત મેળવે છે, તેનું ચિત્ત શાંત થાય અને જે પાંચ ભાવનાઓ છે - શ્રુત ભાવના, તપ ભાવના, સત્ત્વભાવના, એકત્વ ભાવના અને તત્ત્વ ભાવના.

આ સજ્જાય આ પાંચ ભાવનાઓથી થતાં લાભની વાત કરે છે. :

(૧) પહેલી શ્રુત ભાવનાથી મુનિ પોતાનું મન સ્થિર કરે છે અને સંસારના કર્મથી ઉત્પન્ન થતાં દુઃખને ટાળે છે.

(૨) તપ એ કાયાના દમનનો નાશ કરે છે અને આંતરિક ભાવથી શાંતિ પમાડે છે.

(૩) ત્રીજી સત્ત્વ ભાવનાથી નિર્ભય દશા પ્રાપ્ત થાય છે.

(૪) એકત્વ ભાવથી લઘુ કર્મોથી મુક્તિ અને પાંચમી ભાવના તત્ત્વથી આત્મગુણોની સાધના દ્વારા સિદ્ધ બનવાનો માર્ગ ખૂલે છે.

આમ આરંભિક પ્રસ્તુતિ પછી શ્રુત ભાવનાથી વિગતે વાત કવિ કરે છે:

**શ્રુત અભ્યાસ કરી મુનિવર સદા રે, અતિચાર સહુ ટાળિ;**
**હીણ અધિક અક્ષર મત ઉચ્ચારો રે, શબ્દ અરથ સંભાલિ.**

શ્રુતનો અભ્યાસ સહુ માટે સૂચવ્યો છે. મુનિઓ ઉપરાંત શ્રાવકે પણ શ્રુતનો અભ્યાસ કરવો જોઈએ. શ્રુતઅભ્યાસ જડ વ્યક્તિને પણ પીગળાવી શકે છે, એટલે જ કહ્યું છે કે - 'હંમેશાં એક શ્લોક યાદ કરો. એક ન કરી શકો તો અડધો કરો, અડધો ન કરી શકો તો પા કરો અને એટલું પણ ન કરો તો એક શબ્દ અવશ્ય યાદ કરો.'

શ્રુતજ્ઞાનમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે - 'પાઠ જે રૂપે છે એ રૂપે જ યાદ કરો. વ્યાકરણદોષ, અતિચારદોષ ન થાય, તે જરૂરી છે.'

ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના મૂર્ત-અમૂર્ત રહસ્યોથી જ્ઞાની પુરુષ આત્મા દ્વારા પરિચય કેળવે છે. એના પછીની કડીમાં બહુ જ મહત્ત્વની વાત કહે છે કે - 'સત્ય એક જ સમયે, એક જ પદાર્થમાં પોત-પોતાના સ્વરૂપોથી છ જુદાં-જુદાં ભાવથી વ્યક્ત થાય છે, નિત્ય-અનિત્ય, એકતા-અનેકતા, સત્-અસત્, શ્રુતજ્ઞાન દ્વારા આ ૬ ભાવોનો વિચાર કરે. શ્રુતજ્ઞાન, વ્યવહાર માર્ગ અને નિશ્ચય માર્ગનો ભેદ સમજાવે છે, જ્યારે તેમાં વિરોધ જન્મે ત્યારે નિર્દોષ વચનની સ્થાપના થવી જોઈએ. કોઈ પણ શાસ્ત્રીય પદની સ્થાપના કરતી વખતે દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નયને ધ્યાનમાં રાખવા જોઈએ. શ્રુતજ્ઞાની મહત્તા સ્થાપતા ગોત્ર કવિ ત્યાં સુધી કહે છે કે - 'શ્રુતના અભ્યાસથી તીર્થંકરનું કર્મ બાંધી શકાય છે. 'શ્રી પન્નાવણા સૂત્ર'ને આધાર લઈ શ્રુતજ્ઞાનીને કેવલી સમાન કહેવાયા છે. કેવળજ્ઞાની જે પ્રાપ્ત થાય છે, તેની સમજ તો શ્રુતજ્ઞાનથી જ સ્થપાય છે ને ? આમ કવિએ શ્રુતના આધારથી પોતાના ભવને કઈ રીતે પાર ઊતારી શકાય છે, તેની મહત્તા સ્થાપી છે. કલિયુગમાં શ્રુતજ્ઞાનનો મહિમા જે ઘટ્યો છે, તે અંગે ચિંતા વ્યક્ત કરી છે.' ત્યાર બાદ તપ ભાવના અંગેની બીજી ઢાળ આવે છે, જેનો રાગ છે - 'અનુમતી દીધી માએ રોવતી.'

શ્રુત ભાવના પછી તપ ભાવનાનું મહત્ત્વ છે. કારણ કર્મબંધને તોડવા માટે તપનો આશરો લેવો પડે છે. આગમોમાં તપ કરવાની એક વિધિઓ દેખાડી છે, એમાં રત્નાવલી, કનકાવલી, મુક્તાવલી, ગુણરત્ન સંવત્સર,

વ્રજમધ્ય, જવમધ્ય જેવી અઘરી તપસ્યાઓ દ્વારા ઈન્દ્રિય શત્રુઓને જીતવાની વાત કરે છે. એ અર્થનું પદ જુઓ -

**'રયણાવલી, કનકાવલી, મુક્તાવલી, ગુણરયણ**
**વ્રજમધ્ય ને જવમધ્ય, એ તપ કરિ ને હો જીપોરિપુમયણ**
**ભવિયણ તપ ગુણ આદરો, તપ તેજે રે છીએ સહુ કર્મ,**
**વિષય, વિકાર સહુ ટળે, મન ગંજે રે ભંજે ભવ મર્મ...'**

તપ કર્મોને તોડે છે, તપ દૃઢ મનોબળ વગર શક્ય નથી, દેહ પ્રત્યેની આસક્તિથી એ મુક્ત કરે છે, જેમ સૂર્યપ્રકાશ ફેલાય અને ઠંડીનું મોજું વિખરાઈ જાય તેમ કષ્ટ કરી, દૃઢ નિશ્ચયથી વ્રત-દીપ કરી અશુભ કર્મોનો નાશ કરી શકાય છે. મુનિજન કરી ઉપસર્ગથી ડરતાં નથી, પરંતુ સમતાથી લીન થઈ પોતાના શરીરને તૃણ સમજી, એની પ્રત્યે અવગણના કરે છે અને કવિ કહે છે - 'જે સાધુ તપરૂપી તલવારથી મોહરૂપી હાથીને વશમાં રાખે છે, તેને હું વંદન કરું છું.'

આગળ કવિએ બાહ્ય અભ્યંતર તપ કરી, સાંસારિક બંધન સ્વરૂપની અભિલાષા નથી કરી અને વિરક્ત રહ્યા છે. એવી નિષ્કામ ભાવોથી તપસ્યા કરનાર ઢંઢણમુનિ, ખંધક, તીલગા, કુરુદત્ત વગેરેને યાદ કર્યા છે.

તપ કરનાર કઈ રીતે સિદ્ધિ મેળવે છે તેની વાત પણ કવિએ કરી છે, આ ઢાળને અંતે કવિ કહે છે કે -

**'ધન્ય ! તેહ ગચ્છ-ગુફા તજી, જિનકલ્પ ભાવ અકંદ !**
**પરિહાર વિશુદ્ધિ તપ તપે, તે વંદે હો 'દેવચંદ્ર' મુનીન્દ્ર !'**

અર્થાત્ જે મુનિઓએ જીનકલ્પને અપનાવ્યું છે અને જે તપસ્યા કરે છે તેને ધન્યવાદ.

ત્રીજી ઢાળ સત્ય ભાવનાની છે -

**'રે જીવ ! સાહસ આદરો, મત થાઓ દીન !**
**સુખ દુઃખ સંપદ આપદા, પૂરવ કર્મ આધીન રે જીવ...'**

આ ઢાળ માત્ર મુનિ માટે નહિ પરંતુ સંસારી જીવને પણ લાગુ પડે છે. કહે છે કે - 'જે કંઈ જીવનમાં સુખ-દુઃખ આવે છે, તે પૂર્વકર્મને આધીન છે. માટે સાહસી બનો અને દીન બન્યા વગર સત્ય ભાવનાને ધારણ કરો. આ ઢાળના પ્રત્યેક પદ આપણને કઈ રીતે વિપરીત પરિસ્થિતિમાં પણ મનને ટકાવી રાખવું તેનો ઉપદેશ આપે છે. ક્રોધ, અહંકાર, લોભ, પ્રતિશોધ વગેરે ભાવનાઓ સામે મનુષ્યે સતત લડવું

પડે છે, ઉદયમાં આવેલા કર્મોને સહન કરવા જ પડે છે.' કવિએ અહીં બહુ જ સુંદર ઉદાહરણ આપ્યું છે કે - 'દરિયાકિનારે રમવા જતાં બાળક રેતીના ઘર બનાવે છે, અને થોડી વાર એ ઘર સાથે એમને આસક્તિ થાય છે, પરંતુ પછી એનાથી મુક્ત થઈ પોતાના ઘરે ચાલ્યા જાય છે, તેમ મનુષ્યે પણ પોતાને જે દ્રવ્ય પ્રાપ્ત થયું છે તેની ક્ષણિકતાને સમજવી રહી, નદી પાર કરતી વખતે જે મુસાફરી સાથે તે થોડા સમય માટે છે, તેમ જીવનમાં સર્વ સંબંધો જ થોડા સમય માટે છે, એની પ્રત્યે આસક્તિ શાને ? કવિએ અહીં સતત ઉપદેશ આપવાનું ચાલુ રાખ્યું છે, આ જીવનનો મેળો ક્ષણિક છે અને તારી પાસે જે વૈભવ છે, જેનું તને અભિમાન છે, તેવો વૈભવ તો આપણા તીર્થંકરો પાસે ક્યાં નહોતો, પરંતુ તેઓએ એ આસક્તિ છોડી તેથી જ સિદ્ધતત્ત્વ પ્રાપ્ત કર્યું. તેમ જીવ તું પણ આસક્તિ છોડી, સત્વ ધારણ કર, રોગો દુઃખ આપે છે, સ્વજન દુઃખ આ છે, પણ એનું કારણ રોગ કે સ્વજન નહિ આપણી આસક્તિ છે.

કવિ કહે છે -

**'પૂર્વ કર્મ ઉદયે સહી, જે વેદના થાય !**
**ધ્યાવે આતમ તિણ સમે, તે ધ્યાની રાય.'**

આપણે સહુ જાણીએ છીએ કે પૂર્વકર્મના ઉદય રૂપે વેદના થાય છે, પણ સાચો સિદ્ધ પુરુષ એ જ છે કે એ જાણકારીને સમય આવે જીવનમાં ઊતારી શકે છે, જાણકારીનું જો વ્યવહારમાં રૂપાંતર ન થાય તો કોઈ અર્થ રહેતો નથી, આ ઢાળમાં આ જ બાબતનું કવિએ પુનરાવર્તન કર્યું છે.

આ શરીર ભાડાનું મકાન છે, જેને છોડીને જવાનું છે માટે આસક્તિથી એને વધુ કર્મબંધમાં બાંધવાને બદલે સાત્ત્વિકભાવ ધારણ કર. જે રીતે મેતાર્યમુનિ, મુનિ સુકોમલ, મુનિ ગજસુકુમાર હતા, એમના જીવનમાંથી ચેતના લઈ તું પણ જીવ, સાત્ત્વિક બન.

આ સજ્ઝાઈની ચોથી ઢાળ એકત્વ પર છે -

**'જ્ઞાન, ધ્યાન, ચારિત્ર્ય ને રે, જો દૃઢ કરવા ચાહ;**
**તો એકાંકી વિહરતાં રે, જિન કલ્પાદિ સાથ રે પ્રાણી.'**

એકલ ભાવના ભાવ ! શિવ મારગ સાધનદાવ રે પ્રાણી. એકત્વની ભાવના બહુ આવશ્યક છે, જ્ઞાની, તપસ્વી હોય પણ સત્વશીલ ન હોય તો તે એકાંકી છે. જ્ઞાન, ધ્યાન, ચારિત્રને દૃઢ કરવાની ઈચ્છા હોય તો એકાંકી બનવું પડે.

મુનિએ સાંસારિક બંધનો છોડ્યા, પરંતુ જો પોતાના ગુરુ પ્રત્યેનો મોહ ન છોડી શકે તો એનો અર્થ નથી. સંસારમાં એકલો આવનાર વ્યક્તિ એકલો જ છે. મુનિએ પોતાના માર્ગને સિદ્ધ કરવા, કેવાં કપરા ચઢાણ કરવા પડે છે, તેની વાત કવિ કરે છે, વન પશુથી ડર્યા વગર એ જ માર્ગે આગળ જનાર કે પાત્રમાં જે આહાર મળે તેનો સ્વીકાર કરનાર મુનિને આમાંની એકેય બાબત વિચલિત નથી કરી શકતી.

અહીં એક બહુ સરસ પદ મળે છે -

**'જન્મ ન પામ્યો સાથ કો રે, સાથ ન મરશે કોય !**
**દુઃખ વહેંચવા કો નહિ રે, ક્ષણભંગુર સહુ લોય રે...**
**કોઈ સાથે ન આવનાર છતાં એનો મોહ નથી છૂટતો.'**

ટૂંકમાં અહીં કવિએ એકત્વની ભાવના સિદ્ધ કરવાનું કહ્યું છે, રવિન્દ્રનાથ ટાગોર સહજ જ યાદ આવે, એકલો જાને એકલો જાને... તારી હાક સુણી કોઈ ના આવે... એકલો જાને રે...

અંતિમ ઢાળમાં સજ્ઝાય સ્વરૂપને અનુરૂપ ઉદાહરણ દ્વારા તાત્ત્વિક વાત સિદ્ધ કરી છે.

આત્માને અનુપમ શુદ્ધ બનાવ્યા વગર મુક્તિ નથી. ધર્મનો સમગ્રતા સાર અહીં આવી જાય છે. મનુષ્ય જન્મ મળ્યો, શ્રાવકનું કુળ મળ્યું હવે આળસ અને નિદ્રા છોડી તું તારા આત્માને શુદ્ધ કર. આત્માના સ્વરૂપને કવિએ વિસ્તારથી સમજાવ્યો છે. જ્ઞાન મેળવી, તપ કરી બધી જ ક્રિયા જો આત્મરૂપી પુદ્‌ગલને શુદ્ધ ન કરી શકે તો એનો કોઈ અર્થ નથી અને એ જ વાત કવિ કહે છે.

અંતે પાંચે ભાવનાઓની પ્રશક્તિ કરતા પોતાની ગુરુ પરંપરાના ઉલ્લેખ સાથે આ સજ્ઝાય પૂરી કરે છે. કવિએ આ ભાવનાનો આધાર 'બૃહત્કલ્પ સૂત્ર' કહ્યો છે.

અને છેલ્લે મન્નહજિણાંણ સજ્ઝાયને યાદ કરીએ તો માત્ર પાંચ પદોની આ સજ્ઝાયમાં સામાન્ય માણસે કરવાની ૩૬ ફરજો પર ધ્યાન અપાયું છે. આ ૩૬ ફરજો પણ તીર્થંકરના ઉપદેશને અનુસરવાની વાત કરે છે. ગુરુ ભગવંત દ્વારા દર્શાવેલા માર્ગ પર વિશ્વાસ રાખવાનું કહે છે અને રોજિંદા વ્યવહારને કઈ રીતે શુદ્ધ રાખતો તેની વાત કરે છે.

સજ્ઝાય જીવનને તાત્ત્વિક રાખવાનો પોતાના ઉદ્દેશ્યને પાર પાડે છે. ક્યારેક લંબાણથી તો ક્યારેક ટૂંકમાં પરંતુ એનો મૂળ હેતુ ધર્મના તત્ત્વને જીવંત રાખવાનો છે.

# ભાવના વિષયના વિભાગીય બેઠકના અધ્યક્ષનું નિવેદન

જ્ઞાનપ્રસારના ધ્યેયને વરેલી સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત ૨૩મા જૈન સાહિત્ય સમારોહ; કે જે ફેબ્રુઆરી - ૨૦૧૬માં સોનગઢ (સૌરાષ્ટ્ર) ખાતે યોજાયેલ, તેમાં ચાર વિભાગોમાં સ્વાધ્યાયપ્રેમી, અભ્યાસુ વક્તાઓએ પોતાના શોધ નિબંધો રજૂ કરેલ.

તેમાંના એક વિભાગમાં 'બાર ભાવના અને ચાર પરાભાવના' વિશે જિજ્ઞાસુ વક્તાઓએ પોતાના શોધનિબંધો રજૂ કર્યા હતા. આ વિભાગના માર્ગદર્શક તરીકે અને આ સત્રના સંચાલક તરીકે તથા આ વિભાગના લેખોના સંપાદક તરીકે આયોજકો તરફથી મને કાર્યભાર સોંપવામાં આવેલ. તેનો મને આનંદ છે અને આ માટે હું વિદ્યાલયના હોદ્દેદારોની તથા આયોજકોની આભારી છું. આ સત્રના અધ્યક્ષ તરીકે દિલ્હી સ્થિત જૈનદર્શનના વિદ્વાન ડૉ. વીરસાગરજી જૈનના જ્ઞાનનો સૌને લાભ મળેલ અને મને તેમના તરફથી સત્ર દરમિયાન જે સહકાર મળેલ તે અંગે તેમની પણ હું આભારી છું. સમગ્ર સમારોહના સંચાલક સ્વ. ડૉ. ધનવંતભાઈ શાહના સતત મળતા લાગણીભર્યા સહકાર અને પ્રેમને તો કેમ ભૂલાય ? આ સિવાય પણ અન્ય સત્રના સંચાલકો - ડૉ. ગુણવંતભાઈ બરવાળિયા, ડૉ. અભયભાઈ દોશી તથા ડૉ. સેજલભાઈ શાહનો પણ સતત સહકાર મળ્યા કર્યો છે, જેનો આનંદ છે.

જૈન ધર્મ અને દર્શન માનવજીવનને ધર્મમય માર્ગે આગળ વધવા માટે જે માર્ગો સાધકને ચીંધે છે તેમાં ભાવના એટલે કે અનુપ્રેક્ષાનું ખૂબ અગત્યનું સ્થાન છે. મુક્તિરૂપી મહેલ પર આરોહણ કરવા માટે આ બાર ભાવના સીડી કે દાદર સમાન છે, તો ચાર પરાભાવના આ મહેલના પાયા સમાન છે. (૧) અનિત્ય ભાવના, (૨) અશરણ, (૩) સંસાર, (૪) એકત્વ, (૫) અન્યત્વ, (૬) અશુચિ, (૭) આસ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) ધર્મ, (૧૧) લોક સ્વરૂપ અને (૧૨) બોધિદુર્લભ ભાવના - આ બાર ભાવનાઓ સાધકના ધર્મધ્યાનને પુષ્ટ કરે છે, અને (૧) મૈત્રીભાવના, (૨) પ્રમોદ, (૩) કારુણ્ય અને (૪) માધ્યસ્થ ભાવના - આ ચાર પરાભાવના રસાયણ ઔષધ

સમાન છે કે જે રોગને જડમૂળથી દૂર કરે છે. આ ભાવનાઓ વિષેનું ચિંતન આગમગ્રંથોમાં 'તત્ત્વાર્થ સૂત્ર'માં, પૂ. આ. હરિભદ્રસૂરિજી અને પૂ. આ. હેમચંદ્રાચાર્યજીની કૃતિઓમાં, 'જ્ઞાનાર્ણવ'માં તથા અન્ય અનેક વિદ્વાનોની રચનાઓમાં વિખરાયેલું પડેલું છે. ઉપાધ્યાય વિનય વિજયજીકૃત 'શાંતસુધારસ' ગ્રંથ આ ચિંતન માટે સાધકોમાં ખૂબ પ્રચલિત ગ્રંથરત્ન છે.

શ્રી મ. જૈ. વિદ્યાલય તરફથી નિમંત્રણ મળ્યા બાદ અભ્યાસુઓએ આ વિષેના પોતાના શોધનિબંધો તૈયાર કરેલ. દરેક ભાવના માટે (૧) આ ભાવનાનું સ્વરૂપ, (૨) આ ભાવનાની કથા અને (૩) વર્તમાન સમયમાં આ ભાવના - એમ ત્રણ દૃષ્ટિથી વિચારીને તેમાંથી કોઈ એક બાબતને મુખ્ય રાખીને પોતાના નિબંધો રજૂ કરવાના વિકલ્પો આપવામાં આવેલ. આ સમગ્ર વિષય અને તેની છણાવટ માટે ડૉ. કુમારપાળ દેસાઈની અમૂલ્ય સેવાઓ પ્રાપ્ત થયેલ, જે ભૂલી શકાય તેમ નથી.

આ વિભાગમાં કુલ ૪૩ લેખો પ્રાપ્ત થયેલ. તેમાંથી કેટલાક સભ્યો હાજર રહી શકયા ન હતા અને ચોત્રીસેક નિબંધો આ ત્રેવીસમા જૈન સાહિત્ય સમારોહમાં વાંચવામાં આવેલ. આ વિભાગમાં મળેલ બધા શોધનિબંધોની યાદી આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

આ તૈયાર થયેલ પુસ્તક સૌ જ્ઞાનરસિકોને ઉપયોગી નીવડશે. આ પુસ્તકમાં રજૂ થયેલા વિચારો જે તે લેખના લેખકોના છે. આ પુસ્તકમાં રહેલ ક્ષતિઓ પરત્વે ગુણીજનો અમારું ધ્યાન દોરશે તો તે અમને ઉપયોગી થશે.

**માલતી કિશોરકુમાર શાહ**

- કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧.

## ૨૩મો જૈન સાહિત્ય સમારોહ - સોનગઢ

ફેબ્રુઆરી ૨૦૧૬

## બાર ભાવના અને ચાર પરાભાવના વિભાગમાં રજૂ થયેલા શોધનિબંધોની યાદી

**१. बारह भावनाओं का मूल सन्देश :**

प्रो. ( डॉ. ) वीरसागर जैन
जैनदर्शन विभाग,
श्री लालबहादुर शास्त्री राष्ट्रीय संस्कृत विद्यापीठ,
नई दिल्ली-११००१६ मो. : ૯૮૬૮૮૮૮૬૦૭
E mail - veersagarjain@gmail.com

### [1] અનિત્ય ભાવના :

**૨. અનિત્ય ભાવનાનું સ્વરૂપ :**

ચેતનકુમાર ચંદુલાલ શાહ (ચૈતન્ય)
૧૪/બી, તૃપ્તિ ફ્લૅટ્સ, કાળુભા રોડ, કાળાનાળા,
ભાવનગર-૩૬૪૦૦૧. મો. : ૯૮૭૯૫૧૨૬૫૧

**૩. અનિત્ય ભાવના - સ્વરૂપ અને વર્તમાન ઉપયોગિતા :**

જયશ્રીબહેન ભરતકુમાર દોશી
C/૪૦૧, મયૂરેશ સૃષ્ટિ કૉમ્પ્લેક્ષ,
એલ.બી.એસ. માર્ગ, ભાડુંપ - (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૭૮. મો. : ૯૮૭૦૪૦૨૮૨૯
E mail - jaynavkar@gmail.com

**૪. અનિત્ય ભાવના - કથા :**

ગીતા હિતેશ શાહ
શાંતિ પ્રૉવિઝન સ્ટોર,
સિદ્ધિ વિનાયક બિલ્ડિંગ, ઘનશ્યામનગર,
ભૂજ-કચ્છ. મો. : ૯૪૦૮૬૨૦૬૧૭

## [2] અશરણ ભાવના :

**૫. અશરણ ભાવના :**
જશવંતલાલ વી. શાહ
૯/અમીતા, ૨૧૬, હીંગવાલા લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭.
મો. : ૯૭૬૯૨૮૭૫૦૭

**૬. अशरण भावना आधारित कथाएँ :**
विजयलक्ष्मी मुंशी
१०९, कानूनगों का नोहरा
सूरजपोल के अंदर, उदयपुर-३१३००१.
મો. : ૯૪૧૩૭૬૩૯૨૮ / ૮૨૦૯૩૨૭૦૯૫

**૭. વર્તમાન સંદર્ભમાં અશરણભાવના :**
મિતેષભાઈ અરવિંદભાઈ શાહ
A-૧૨, અર્બુદા ફ્લેટ્સ, જૂના ટોલનાકા સામે,
બૅરોનેટ કૉમ્પ્લેક્ષની બાજુમાં, હાઈ-વે,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો. : ૯૪૨૭૦૬૪૪૭૯

## [3] સંસાર ભાવના :

**૮. સંસાર ભાવના - સ્વરૂપ :**
- નવનીતરાય કાંતિલાલ મહેતા
ઈ-૫, રાજકુંજ સોસાયટી,
આર. સી. એફ. કૉલોની પાસે, ચેંબુર.
મુંબઈ-૪૦૦૦૭૪. મો. : ૯૮૨૦૦૬૧૨૯૪
E mail ID - navnitkm@hotmail.com

**૯. સંસાર ભાવના - વર્તમાન સમયમાં :**
માલતી એન. શાહ
અમદાવાદ. મો. : ૯૪૨૮૦૧૮૩૨૪

**૧૦. સંસાર ભાવના :**

કિરીટભાઈ જયંતિલાલ શાહ
માંડવીની પોળ, ખંભાત (જિ. આણંદ)
મો. : ૯૯૭૯૧૫૭૩૭૪

## [4] એકત્વ ભાવના :

**૧૧. એકત્વ ભાવના - કથાને આધારે સમજૂતી :**

જાગૃતિ ડી. વોરા
અમદાવાદ.

**૧૨. એકત્વ ભાવના - સ્વરૂપ :**

કૈલાસબહેન અરવિંદભાઈ શાહ
કલ્હાર બંગલૉઝ, સેક્ટર ૧, બં. નં. - ૨૯,
શીલજ, થલતેજની પાસે, અમદાવાદ-૩૮૦૦૫૮.
મો. : ૨૭૧૭૨૪૯૮૧૦, મો. : ૯૯૦૯૭૧૬૦૨૨

**૧૩. એકત્વ ભાવના - વર્તમાનમાં પ્રાસંગિકતા :**

કેતકી શરદ શાહ
૧૦, મિલન બિલ્ડિંગ, ચોથો ગોળીબાર રોડ,
શાંતાક્રૂઝ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૫.
મો. : ૯૩૨૦૯૯૫૩૭૨

## [5] અન્યત્વ ભાવના :

**૧૪. અન્યત્વ ભાવના - સ્વરૂપ :**

યોગેશભાઈ બાવીશી
મુંબઈ. મો. : ૯૮૨૧૨૪૧૮૪૦

**૧૫. અન્યત્વ ભાવના - કથા આધારે :**

રીટા એમ. શાહ
૫૦૧, કલા ઍક્ઝિક્યુટીવ, યશ ટાવર સામે,
૧૦૦ ફૂટ રોડ, સૅટેલાઈટ, અમદાવાદ.
મો. : ૯૩૨૭૪૮૪૦૦૫

**૧૬. વર્તમાન સમયના સંદર્ભમાં અન્યત્વ ભાવના :**

રેખા વ્રજલાલ વોરા
મહાવીરનગર, કાંદીવલી (વેસ્ટ),
મુંબઈ. મો. : ૯૮૨૦૮૨૪૨૮૧

## [6] અશુચિ ભાવના :

**૧૭. अशुचि भावना का स्वरूप :**

नीतू जैन
C - २७४१४, 2nd फ्लौर,
अर्जुन नगर, सफदरजंग एन्क्लेव,
नई दिल्ली-११००२९.
મો. : ૯૦૧૩૮૩૪૧૧૩
E mail - nitujain0901@gmail.com

**૧૮. અશુચિ ભાવના - વર્તમાનમાં પ્રાસંગિકતા :**

કીર્તિ બી. દોશી
અતુલ ઍપાર્ટમેન્ટ મલાડ (વેસ્ટ)
C/૨૮ ભાદરણનગર રોડ નં.-૨,
મુંબઈ-૪૦૦૦૬૪.
મો. : ૯૮૨૧૦૭૭૮૪૨ રે. : ૦૨૨-૨૮૬૩૭૫૪૩

## [7] આસ્ત્રવ ભાવના :

**૧૯. આસ્ત્રવ ભાવના :**

ડૉ. ઉત્પલા કાંતિલાલ મોદી
વિશાલ ઍપાર્ટમેન્ટ્સ, એચ. બિલ્ડિંગ,
૪૦૨, ચોથા માળે, સર એમ.વી. રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૯.
મો. : ૮૮૭૯૫૯૧૦૭૯
રે. : ૦૨૨-૨૬૮૩૬૦૧૦

## [8] સંવર ભાવના :

**૨૦. સંવર ભાવનાનું સ્વરૂપ :**

પારુલબહેન ભરતભાઈ ગાંધી
'ઉષા-સ્મૃતિ', ૧, ભક્તિનગર સોસાયટી,
જૈન ઉપાશ્રય પાસે, રાજકોટ-૩૬૦૦૦૨,
મો. : ૯૮૨૪૪૮૫૪૧૦, ૯૭૨૫૬૮૦૮૮૫
રે. : ૦૨૮૧-૨૨૨૨૭૯૫

**૨૧. સંવર ભાવના કથા :**

રમેશ કે. ગાંધી
એ-૧૧, જયા ઍપાર્ટમેન્ટ, કિરોલ રોડ,
ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૬.
મો. : ૯૩૨૨૩૫૯૨૦૦

**૨૨. સંવર ભાવના - વર્તમાન યુગમાં :**

અંજનાબહેન રશ્મિભાઈ ઝવેરી
મુંબઈ. મો. : ૯૮૨૧૬૮૧૦૪૬, ૯૮૨૧૦૮૭૪૭૫

## [9] નિર્જરા ભાવના :

**૨૩. નિર્જરા ભાવના :**

મંજુલાબહેન હર્ષદભાઈ મહેતા
૧૦૪, જયલાભ કૉમ્પલૅક્ષ, પહેલા માળે,
ચાંદી બજાર, જામનગર-૩૬૧૦૦૧.
મો. : ૯૪૨૯૧૪૧૨૦૯

## [10] ધર્મ ભાવના :

**૨૪. ધર્મ-ભાવના - કથાના આધારે :**

હર્ષદ પી. મહેતા
૧૦૪, જયલાભ કૉમ્પ્લૅક્ષ, ચાંદી બજાર,
જામનગર-૩૬૧૦૦૧.
મો. : ૯૨૨૮૨૪૧૪૨૮

## [11] લોકસ્વરૂપ ભાવના :

૨૫. **લોકસ્વરૂપ ભાવના - સ્વરૂપ :**

હિરેનાબહેન હિતેષભાઈ અજમેરા
એ-૧/૧૬, આમ્રપાલી ઍપાર્ટમેન્ટ્સ, નવા શારદામંદિર રોડ,
સુખીપુરા પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. : ૯૩૭૬૦૨૯૮૯૮

૨૬. **लोक स्वरूप भावना :**

शिव एन. कोन्नूर
**A-904, Mahesh Tower,**
**Plot no. 48, Sector-2,**
**Nr. Hanuman Temple,**
**Charkop, Kandivali (W.)**
**Mumbai-400067. M. : 8080718534**
**E mail - shivkonnur24@gmail.com**

## [12] બોધિ દુર્લભ ભાવના :

૨૭. **બોધિ દુર્લભ ભાવના - સ્વરૂપ :**

મુળવંતરાય ઉ. સંઘાણી
સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ.
મો. : ૯૪૦૯૦૧૪૨૨૭, ૯૪૨૮૩૪૫૪૮૩

૨૮. **બોધિ દુર્લભ ભાવના :**

શ્વેતલ શાહ
૪૬-એ, મેરુ આશિષ, વિદ્યાનગર,
બ્હેરા-મૂંગા શાળા પાસે, ભાવનગર-૩૬૪૦૦૨.
મો. : ૯૯૦૪૦૮૫૮૫૯
**E mail - spshah987@gmail.com**

૨૯. **બોધિ દુર્લભ ભાવના - વર્તમાનમાં પ્રાસંગિકતા :**

મંજુલા મહેન્દ્ર ગાંધી
ડી/૨૦૫, પૂર્ણિમા ઍપાર્ટમેન્ટ, ૧૩, પેડર રોડ,
મુંબઈ-૪૦૦૦૨૬. ફોન નં. : ૦૨૨-૨૮૫૨૧૫૧૩

# ચાર પરાભાવના

## [1] મૈત્રી ભાવના :

**૩૦. મૈત્રી ભાવના - કથા આધારે :**
દીપક જે. મોદી
મો. : ૯૪૦૯૪૦૬૯૪૯

**૩૧. વર્તમાન સમયમાં મૈત્રી ભાવનાની ઉપયોગિતા :**
અલકાબહેન રાકેશભાઈ શાહ
અમદાવાદ. મો. : ૯૬૮૭૩૦૫૫૧૧

## [2] પ્રમોદ ભાવના :

**૩૨. Pramod Bhavana - Philosophical Exploration**
**Sangita Bipin Shah**
**Mumbai.**
**M. : 9819583020 R. : 022-28337410**

**૩૩. પ્રમોદ ભાવના :**
મૃદુલા હસમુખ શેઠ
૪, વિશાલ, નવા શારદામંદિર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
રે. : ૦૭૯-૨૬૬૧૨૦૫૮

## [3] કારુણ્ય ભાવના :

**૩૪. કરુણા ભાવના - સ્વરૂપ :**
મધુકર એન. મહેતા
૭, રિદ્ધિ-સિદ્ધિ કૉમ્પ્લેક્ષ, મહેસાણા રોડ,
વિસનગર. મો. : ૯૮૨૪૦૯૩૦૬૩
**E mail - mehta_madhukar@yahoo.com**

**૩૫. વર્તમાન સમયમાં કરુણા :**
ડૉલરબહેન પ્રતાપરાય મહેતા
અમદાવાદ. મો. : ૯૪૨૮૯૯૫૫૩૬

## [4] માધ્યસ્થ ભાવના :

**૩૬. માધ્યસ્થ ભાવના :**

પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી મહારાજ સાહેબ
ઉમરગામ. ટે. નં. : ૦૨૬૦-૨૫૬૦૪૨૧

### ભાવનાને લગતા અન્ય લેખો

**૩૭. અનુપ્રેક્ષાનું આચમન :**
પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી મહારાજ સાહેબ
ઉમરગામ. ટે. નં. : ૦૨૬૦-૨૫૬૦૪૨૧

**૩૮. યશસ્તિલક ચમ્પૂ (કાવ્ય) :**
પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી મહારાજ સાહેબ
ઉમરગામ. ટે. નં. : ૦૨૬૦-૨૫૬૦૪૨૧

**૩૯. Building strong character through :**
**16 reflections - concepts** (૧૨+૪ ભાવના)
**Bakul Gandhi**
**11-12, Sandeep, Laxminarayan lane,**
**Matunga C.R., Mumbai-400019.**
**M. : 9819372908**
**T. N. : 022-24010982, 24022591**

**૪૦. અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા :**
ગુણવંત બરવાળિયા
૪૩૭, કૈલાસ પ્લાઝા, વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઈ.), મુંબઈ-૪૦૦૦૭૫.
મો. : ૦૯૮૨૦૨૧૫૫૪૨
**E mail - gunvant.barvalia@gmail.com**

**૪૧. 'आराधना समुच्चय' में निरूपित बारह भावनायें**
डो. शुद्धात्मप्रसाद जैन
के. जे. सोमैया सेंटर, फोर स्टडीज
इन जैनिज्म, विद्याविहार, मुंबई.

**४२. बारह भावना चिन्तन में सम्पोषित प्रबंधकीय प्रतिमानों की शोध :**


- डो. दीपा जैन
  विद्यावाचस्पति
  जैन दर्शन एवं प्राकृत मानद शोध निर्देशक
  जनसहभागिता विकास संस्थान,
  ७३-७४, महादेव नगर, न्यू लोहामण्डी रोड,
  जयपुर - ३०२०१३.

- एवं डो. लोकेश जैन
  सह प्राध्यापक,
  ग्रामीण प्रबंध अध्ययन केन्द्र,
  गूजरात विद्यापीठ, रांधेजा,
  गांधीनगर-३८२६२०. મો. : ૯૪૨૭૦૨૬૬૪૭
  E mail - dr.deepajain@yahoo.com
  lokeshcsrm@yahoo.co.in


**४३. बारस अणुवेक्खा में प्रतिपादित बारह भावनाओं का निरूपण**


डो. कुलदीपकुमार
व्याख्याता, जैनदर्शन विभाग
श्री लालबहादुर शास्त्री राष्ट्रीय
संस्कृत विद्यापीठ, नई दिल्ली-११००१६.
મો. : ૯૫૬૦૨૫૦૧૧૭

# અનુક્રમણિકા


(૧) અનુપ્રેક્ષાનું આચમન - મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મ. ૨૨૯

(૨) અનિત્ય ભાવના - ગીતા શાહ ૨૩૭

(૩) વર્તમાન સંદર્ભમાં અશરણ ભાવના - મિતેશભાઈ એ. શાહ ૨૪૪

(૪) अशरण भावना आधारित कथा - *विजयलक्ष्मी मुंशी* ૨૫૭

(૫) અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા - ગુણવંત બરવાળિયા ૨૬૯

(૬) વર્તમાન સમયના સંદર્ભમાં અન્યત્વભાવના - ડૉ. રેખા વોરા ૨૮૮

(૭) બોધિ દુર્લભ ભાવના - શ્વેતલ શાહ ૨૯૪

(૮) बारह भावनाओं का मूल संदेश - *डॉ. वीरसागर जैन* ૩૦૧

(૯) એકતા ભાવના - કથાને આધારે સમજૂતી - જાગૃતિ વોરા ૩૦૫

# અનુપ્રેક્ષાનું આચમન

**- પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મ.**

અમૃતનો રસાસ્વાદ સૌને ગમે છે એટલે અહીં ૧૨ + ૪ = ૧૬ ભાવનાઓને અમૃત-સુધાની ઉપમા આપીને તેનું આચમન કરવાથી મુમુક્ષુજીવોની આધ્યાત્મિક પ્રગતિ ઝડપી - વેગવતી બને છે. એટલા માટે પૂર્વાચાર્યોએ આપણી ઉપર અત્યંત કરુણા કરીને ૧૬ ભાવનાઓનો રસથાળ આપણા સુધી સુલભ કર્યો છે.

આ ભાવનાઓના વર્ગીકરણમાં ૧૨ ભાવનાઓ-અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, ધર્મસ્વાખ્યાત, બોધિ દુર્લભ, કુલે ૧૨ અને મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ કુલ ૪ આમ ૧૬ થાય છે.

(સંદર્ભ ગ્રંથ. **તત્ત્વાર્થ સૂત્ર**, અધ્યાય ૯/૭ તથા અધ્યાય ૭/૬ તથા **યોગશાસ્ત્ર.** પ્રકાશ-૪. શ્લોક-૧૧૭)

ભાવનાઓનું મૂળ ઉદ્‌ગમ સ્થાન તો સર્વજ્ઞ-વીતરાગ પ્રભુની વાણી જ છે, તેને જૈનાચાર્યોએ ગ્રંથોમાં પ્રતિષ્ઠિત કરી છે. ભાવના જૈન દર્શનનું વિશિષ્ટ પ્રદાન છે. ભાવનાના ચિંતનથી આપણો વિચાર, ભાવ, પરિણામ નિર્મળ બને છે, માટે જ ચિત્તની શુદ્ધિ માટે આ ભાવનાઓની ઉપયોગિતા છે.

શ્રી શુભચંદ્રાચાર્ય જ્ઞાનાર્ણવમાં કહે છે -

चिनु चित्ते भृशं भव्य, भावना भाव विशुद्धये ।
या सिद्धान्त महातन्त्रे, देव देवैः प्रतिष्ठिताः ॥

(સંદર્ભ - શાંત સુધારસ - શ્લોક-૧) तीर्थे शैः प्रथिताः सुधारस-किरो रम्या गिरः पान्तु वः ॥

સારાંશમાં ૧૨ ભાવનાઓનું ચિંતન મુખ્યત્વે વૈરાગ્યને સુદઢ કરે છે અને મૈત્રી આદિ ચાર ભાવના જીવ પ્રતિ પ્રેમને પરિપુષ્ટ કરે છે.

જૈન પરિભાષામાં ભાવના માટે અનુપ્રેક્ષા શબ્દ પ્રયુક્ત છે. બંને શબ્દો ભિન્ન છતાં બંનેના ભાવાર્થ - વાચ્યાર્થમાં ભેદ નથી. જે अनु + प्रेक्षानी

વ્યુત્પત્તિથી જાણી શકાય છે. પ્રેક્ષા એટલે જોવું. અનુપ્રેક્ષા એટલે આંતર નિરીક્ષણ. જેનું વારંવાર ચિંતન કરવાનું છે તે ભાવના શબ્દપ્રયોગથી સમજી શકાય છે, તેથી ભાવના શબ્દ અનુપ્રેક્ષાના અર્થમાં રૂઢ થઈને પ્રચલિત થયો. ભાવના અને અનુપ્રેક્ષા બંનેને એકબીજાના પર્યાયવાચી પણ કહી શકાય છે.

વાચક ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થ સૂત્ર (અધ્યાય ૯/૭)માં ૧૨ અનુપ્રેક્ષા કહી છે, જ્યારે સ્વરચિત પ્રશમરતિ ગ્રંથમાં 'भावना द्वादश विशुद्धाः' (શ્લોક - ૧૪૯/૧૫૦) કહી ભાવના શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

તત્ત્વાર્થ સૂત્ર (અધ્યાય ૯/૨૫)માં સ્વાધ્યાયના પાંચ પ્રકાર બતાવ્યા છે. તે આ મુજબ છે - વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, પારવર્તના (આમ્નાય.) અને ધર્મોપદેશ, એટલે તે પૈકી અનુપ્રેક્ષા એક સ્વાધ્યાયનો જ પ્રકાર છે.

સંખ્યાના સંદર્ભે વાત કરીએ તો ૧૬નો અંક પણ અર્થપૂર્ણ છે. ૧૬ કળાથી પરિપૂર્ણ પૂર્ણિમાનો ચંદ્ર જેમ સાગરમાં ભરતી લાવે છે તેમ આત્માના શુભભાવો - અધ્યવસાયોની ભરતી પણ આ ભાવનાઓના નિરંતર ચિંતનથી ઉલ્લસે છે. ચંદ્રની જ્યોત્સ્ના જેમ શીતળતા - આલ્હાદકતા આપે છે, તેમ આ ભાવના પણ આત્મિક શાંતરસનો અનુભવ કરાવે છે. (સંદર્ભ - શાંતસુધારસ ગ્રંથ, પ્રશસ્તિ. શ્લોક-૬)

ભાવના કિંવા અનુપ્રેક્ષાના અધ્યયનમાં પૂર્વાચાર્યો રચિત કેટલાંક સંદર્ભ ગ્રંથોનો પરિચય અત્રે પ્રસ્તુત છે. :

(૧) ભગવાન કુંદકુંદાચાર્ય રચિત **'बारस अणुवेक्खा'** - (દ્વાદશ અનુપ્રેક્ષા) ૯૧ ગાથા પ્રમાણ, પ્રાકૃત - અપભ્રંશ ભાષામાં નિબદ્ધ છે. તેમાં ૧લી ગાથામાં **अणुपेहणं** અને ગાથા - ૮૭માં **अणुउवेक्खाओ** શબ્દપ્રયોગ થયો છે અને ૧૨ ભાવનાના નામોમાં અનિત્ય ભાવનાની જગાએ **'अधुव'** (અધ્રુવ) નામનો ઉલ્લેખ છે.

(૨) ભગવાન ઉમાસ્વાતિ વાચક રચિત 'પ્રશમરતિ' ગ્રંથમાં શ્લોક ૧૪૯ થી ૧૬૨ સુધી ૧૨ ભાવનાઓનું નિરૂપણ છે. બધાં જ શ્લોકો અનુષ્ટુપ્ છંદમાં છે. શ્લોક ૧૫૦માં **भावना** શબ્દ પ્રયોગ છે. જ્યારે સ્વરચિત તત્ત્વાર્થ સૂત્ર (અધ્યાય-૯/૭)માં અનુપ્રેક્ષા કહી છે.

(૩) મલધારીથી હેમચંદ્રસૂરિ રચિત 'ભવ ભાવના' ગ્રંથમાં ૧૨ ભાવનાઓનું વિવેચન પ્રાકૃત ગાથાઓમાં છે.

(૪) ૧૬ ભાવનાની વિચારણામાં 'શાંત સુધારસ' મૂર્ધન્ય ગ્રંથ છે. આ ગ્રંથની રચના ઉપાધ્યાય શ્રી વિનય વિજયજી મ. ગંધાર ગામમાં વિ.સં. ૧૭૨૩માં કરી છે. આ ગ્રંથ સંસ્કૃત સાહિત્યનું ગેયકાવ્ય છે. વિવિધ છંદોમાં નિબદ્ધ આ ગ્રંથમાં કુલ ૨૩૪ શ્લોકો છે. (જેમાં શ્લોક ૧૦૬ + ગેયકાવ્ય - ૧૨૮ = ૨૩૪)

પંડિતશ્રી ગંભીર વિજયજી ગણિએ તેની ઉપર સંસ્કૃતમાં ટીકા રચી છે. જે પ્રકાશિત છે.

કવિ જયદેવના 'ગીત ગોવિંદ'માં શૃંગારરસની પ્રધાનતા છે. જ્યારે 'શાંત સુધારસ'માં શાંતરસની અભિવ્યક્તિ છે.

**(૫) યશસ્તિલક ચમ્પૂ :**

વિ.સં. ૧૦૧૬માં આચાર્યશ્રી સોમદેવસૂરિએ યશસ્તિલક ચમ્પૂ કાવ્યની રચના કરી છે અને આચાર્ય શ્રી શ્રુતસાગર સૂરિએ તેની ઉપર ટીકા - વ્યાખ્યા રચી છે. તેમાં દ્વાદશાનુપ્રેક્ષાનું વર્ણન ૧૫૨ શ્લોક પ્રમાણ છે. (આશ્વાસ-૨, શ્લોક ક્રમાંક ૧૦૫ થી ૧૫૭)

તે પૈકી ઉદાહરણરૂપે ૧૨ ભાવનાના શ્લોકો આગળ રજૂ કર્યા છે.

(૬) શ્રીમદ્ રાજચંદ્રજીએ **દ્વાદશાનુપ્રેક્ષા સ્વરૂપ** દર્શન રૂપ 'ભાવના બોધ' ગ્રંથ વિવિધ પદ્યોમાં ગુજરાતી ભાષામાં રચીને મુમુક્ષુજીવો ઉપર અથાગ ઉપકાર કર્યો છે.

ટૂંકમાં ઉક્ત સંદર્ભ ગ્રંથોનો પરિચય મેળવ્યા પછી મૈત્રી આદિ ચાર ભાવના અંગે વિચારીશું. આ ભાવનાઓ જૈન, બૌદ્ધ અને વૈદિક એમ ત્રણે પરંપરામાં મળે છે. એ તેની વ્યાપકતા અને ઉપયોગિતા સૂચવે છે.

બૌદ્ધ પરંપરામાં તેને **'બ્રહ્મ વિહાર'** તરીકે ઓળખાવી છે.

**"मेत्ता, करुणा मुदिता उपेक्खा इमे चतारो ब्रह्मविहारा"**

(વિશુદ્ધિ મગ્ગ.) તથા **'ब्रह्म भेतं विहारमिधमाहु'**

*(સુત્ત નિપાત)/*

જ્યારે જૈન પરંપરામાં તેને **'ધર્મબીજ'** તરીકે જણાવી છે અજ્ઞાત કર્તૃક 'યોગસાર'માં કહ્યું છે -

धर्मकल्पद्रुमस्यैता, मूलं मैत्र्यादि भावनाः ।
यैः न ज्ञाता न चाभ्यस्ता, स तेषा मति दुर्लभः ॥

*(યોગસાર. પ્રસ્તાવ-૨/૭).*

ધર્મરૂપ કલ્પવૃક્ષના મૂળ (બીજ) રૂપ, આ ભાવનાઓના અભ્યાસથી ચિત્તના સંક્લેશ નષ્ટ થાય છે. અને ગુણોનો પ્રાદુઃર્ભાવ થાય છે.

વૈદિક પરંપરા અનુસાર મહર્ષિ પતંજલિ **પાતંજલયોગદર્શનમાં** મૈત્રી ચતુષ્કની પરિભાષા આ મુજબ આપે છે.

**मैत्री - करुणा - मुदितोपेक्षाणां सुख-दुःख - पुण्याऽपुण्य - विषयाणां भावनातश्चित्त प्रसादनम् ॥** *(સમાધિપાદ - ૧/૩૩)*

મહર્ષિ પતંજલિ કહે છે કે - 'સુખીજીવો પ્રતિ સૌહાર્દપણું એ મૈત્રી છે.'

મૈત્રી આદિ ૪ ભાવનાનો ઉપયોગ સ્તુતિ - પ્રશસ્તિ અને આત્મ નિવેદનરૂપે પણ થયો છે - તે જોઈએ.

मैत्री पवित्र पात्राय, मुदिताऽऽमोद शालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ॥

*(વીતરાગસ્તવ. પ્રકાશ-૩/૧૫)*

મૈત્રીના પવિત્ર ભાજન, મુદિતાથી પરમાનંદથી શોભતા, કરુણા અને માધ્યસ્થતાથી ત્રિભુવનમાં પૂજ્ય એવા યોગસ્વરૂપ વીતરાગ ? તમને નમસ્કાર થાઓ.

તે જ રીતે પોતાના આરાધ્યદેવ સમક્ષ આત્મનિવેદન કરતાં આચાર્યશ્રી અમિતગતિજી કહે છે કે -

सत्त्वेषु मैत्रीं, गुणिषु प्रमोदं,
क्लिष्टेष जीवेषु कृपा परत्त्वं ।
मध्यस्थभावं विपरीतवृत्तौ
सदा ममात्मा विदधातु देवः ॥

હે દેવાધિદેવ ! આપની કૃપાથી મને મૈત્રી આદિ ચાર ભાવનાઓ પ્રાપ્ત થાઓ.

ભાવના યોગનું આ વિહંગાવલોકન માત્ર છે. મુમુક્ષુવર્ગને અભ્યાસ અને પરિશીલન માટે ઉપયોગી થશે. એ ઉદ્દેશથી આ ઉપક્રમ છે.

'યશસ્તિલક ચમ્પૂ' કાવ્યમાંથી ૧૨ ભાવનાના શ્લોકો હવે જોઈએ.

# યશસ્તિલક ચમ્પૂ (કાવ્ય)

**(૧) અનિત્ય ભાવના :**

उत्सृज्य जीवितजलं बहिरन्तरेते
रिक्ता विशन्ति मरुतो जलयन्त्र कल्पाः ।
एकोद्यमं जरति यूनि महत्यणौ च
सर्वंकषः पुनरयं यतते कृतान्तः ॥ (૧૦૫)

જીવનની ક્ષણ ભંગુરતા બતાવવા માટે અહીં બે ઉપમા આપવામાં આવી છે. જેમ કૂવા (અરઘટ્ટ, રેંટ)માં રહેલા માટીના કોડિયા પાણી ભરીને તેને બહાર ઉલેચે છે, તેમ શ્વાસોશ્વાસરૂપ વાયુ આયુષ્યરૂપ પાણીને ઓછું-ઘટાડે છે.

અને મૃત્યુ (યમરાજ) દાવાનલ જેવો છે - જે બધું જ બાળીને રાખ કરે છે. જેમાં કાંઈ જ બચતું નથી. મૃત્યુ યુવાન, વૃદ્ધ કે અમીર કે ગરીબ કોઈની શરમ રાખતું નથી. (મૃત્યુ પછી બધાંની રાખ-ભસ્મ થાય છે.)

**(૨) અશરણ ભાવના :**

दत्तोदयेऽर्थनिचये हृदये स्वकार्ये
सर्वः समाहितमतिः पुरतः समास्ते ।
जाते त्वपाय समयेऽम्बुपतौ पतत्रेः
पोतादिव द्रुतवतः शरणं न तेऽस्ति ॥ (૧૧૨)

જેમ ભરદરિયે વહાણમાંથી ડૂબતાં પક્ષીને કોઈ બચાવી શકતું નથી અર્થાત્ તે દરિયામાં જ ડૂબીને મરી જાય છે, તેમ મૃત્યુ સમયે પણ તને કોઈ શરણ - આશ્રય આપનાર નથી.

ભલે તારી પાસે ભરપૂર ધનસંપત્તિ હોય કે પછી ધનની આશાથી તારા સ્વજન તારી આગળ હાજી-હા કરીને ખડે પગે તારી સેવા બજાવતાં હોય તો પણ તું અશરણ જ છો.

**(૩) સંસાર ભાવના :**

कर्मार्पितं क्रमगतिः पुरुषः शरीर-
मेकं त्यजत्यपरमा भजते भवाब्धौ ।
शैलूषयोषिदिव संसृतिरेनमेषा
नाना विड़म्बयति चित्रकरैः प्रपञ्चैः ॥ (૧૧૫)

આ સંસારના રંગમંચ ઉપર જીવાત્મા નામ કર્મના ઉદય પ્રમાણે જુદા-જુદા શરીર ધારણ કરે છે અને એક ગતિમાંથી બીજી ગતિમાં પ્રયાણ કરે છે. આમ જીવને સંસાર, ચતુર્ગતિરૂપ પરિભ્રમણ કરાવીને નટભાર્યાની જેમ વિવિધરૂપે નચાવે છે.

**(૪) એકત્વ ભાવના :**

एष स्वयं तम चलैर्ननु कर्मजालैः
लूतेव वेष्टयति नष्टमतिः स्वमेकः ।
पुण्यात् पुनः प्रशमतन्तु कृतावलम्ब
स्तेद्धाम धावति विधूत समस्त बाधम् ॥ (१२२)

હે આત્મન્ ! તું સ્વયં એકલો જ પ્રગાઢ કર્મોથી તારા આત્માને કરોળિયાના જાળાની જેમ બાંધે છે, અને પછી પુણ્યના પરિપાકથી પ્રશાંત થઈને તું જ સ્વયં એકમાત્ર સુખ રૂપ સિદ્ધગતિએ પ્રાપ્ત કરે છે.

**(૫) અન્યત્વ ભાવના :**

आसीदति त्वयि सति प्रतनोति कायः
क्रान्ते तिरोभवति भूपवनादिरूपैः ।
भूतात्मकस्य मृतवन्न सुखादि भाव -
स्तस्मात् कृती करणतः पृथमेव जीवः ॥ (१२४)

(ગ્રંથકારે અન્યત્વ ભાવનાને પૃથક્ત્વાનુપ્રેક્ષા કહી છે. કારણ અન્યત્વ અને પૃથક્ત્વ એ બંનેની વિવક્ષા તો સરખી જ છે.)

હે આત્મન્ ! તારી ઉપસ્થિતિથી જ તારું શરીર વૃદ્ધિ પામે છે. અને તારા જવાથી શરીર પંચ મહાભૂતમાં વિલીન થઈ જાય છે તે પછી શબની જેમ તેમાં કોઈ સુખ-દુઃખની લાગણી જન્મતી નથી. આથી જ શરીરથી આત્મા તદ્દન સ્વતંત્ર છે - જુદો છે.

**(૬) અશુચિ ભાવના :**

योषिद्भिः आदृतकरं कृतमण्डनश्री-
र्यः कामचामररुचिस्तव केशपाशः ।
सोऽयं त्वयि श्रवणगोचरतां प्रयाते
प्रेतावनीषु वनवायस वासगोऽभूत् ॥ (१२८)

જે તાર કાળા કેશ કલાપને સુગંધી તેલ વગેરેથી અલંકૃત કરવાથી કામદેવની શોભા ધારણ કરતો હતો - તે તારા મૃત્યુ પછી હવે સ્મશાનમાં કાગડાના કંઠે દેખાય છે.

**(૭) આશ્રવ ભાવના :**

अन्तः कृषाय कलुषोऽशुभयोगसञ्जात
कर्माण्युपार्जयसि बन्धनिबन्धनानि ।
रज्जूः करेणुवशगः करटी यथैताः
त्वं जीव मुञ्च तदिमानि दुरीहि तानि ॥ (१३१)

હે આત્મન્ ! તું અશુભયોગના સેવનથી મનમાં કષાયો કરીને કર્મબંધના કારણભૂત કર્મોનું ઉપાર્જન કરી રહ્યો છે. જેમ હાથીણી (સ્ત્રીલિંગ) પાછળ પાગલ થયેલ હાથી દુ:ખી થાય છે, તેમ તું પણ તારા દુષ્કર્મોનો ત્યાગ કરીને બંધનમુક્ત થા.

**(૮) સંવર ભાવના :**

नीरन्ध्र संधिरवधीरित नीरपूरः
पोतः सरित्पतिमपैति यथानपायः ।
जीवस्तथा क्षपित पूर्वतमः प्रतानः
क्षीणाश्रवश्च परमं पदमाश्रयेत ॥ (१३७)

જેમ છિદ્ર-કાણાં વગરની નૌકા (વહાણ, પ્રવહણ, સ્ટીમર) તેની અંદર પાણી ન પ્રવેશવાના કારણે કોઈ પણ વિઘ્ન વગર સાગર તરી જાય છે, તેમ જીવ પણ પૂર્વના સંચિત કર્મોનો ક્ષય કરવા પૂર્વક નવા કર્મોના આશ્રવથી અટકી જઈને મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

**(૯) નિર્જરા ભાવના :**

आतङ्क पावक शिखाः सरसा वलेखाः
स्वस्थे मनाग् मनसि ते लघु विस्मरन्ति ।
तत्काल जातमति विस्फुरितानि पश्चाद्
जीवान्यथा यदि भवन्ति कुर्तोऽप्रियं ते ॥ (१४४)

હે આત્મન્ ! તારી સ્હેજ શાતાવસ્થામાં રોગાગ્નિની જ્વાળાનો અનુભવ જલદી ભૂલાઈ જાય છે. જો તે વખતે તારી બુદ્ધિમાં ચમકેલું ડહાપણ (Wisdom) ત્યાર પછી પણ યાદ રહ્યું હોત તો નવું પાપ તને લાગત નહિ.

(અર્થાત્ તું તારા પૂર્વકર્મોની નિર્જરા કરી શક્યો હોત.)

**(૧૦) ધર્મપ્રભાવ ભાવના :**

इच्छा: फलै: कलयति प्ररुणद्धि बाधा:
सृष्टेरसाम्यविभुरम्युदयादिभि र्य: ।
ज्योतींषि दूतयति चात्मसमीहितेषु
धर्म: स शर्मनिधिरस्तु सतां हिताय ॥ (૧૪૭)

જે ધર્મ ભૌતિક સુખોને આપવાથી કામપ્રદ છે. પીડા - સંતાપ - વ્યાધિને દૂર કરે છે. પદ-પ્રતિષ્ઠા આપવા પણ સમર્થ છે અને આત્મિકગુણોની પ્રાપ્તિ માટે તેવું સામર્થ્ય પણ મેળવી આપે છે. તે ધર્મ ભવ્ય જીવોના મોક્ષ માટે થાઓ. (સર્વજ્ઞકથિત) ધર્મ સર્વ સુખોનો ભંડાર છે.

**(૧૧) લોક સ્વરૂપ ભાવના :**

त्वं कल्मषा वृतमति र्निरये तिरश्चि
पुण्योचितो दिवि, नृषु द्वय कर्म योगात् ।
इत्थं निषीदसि जगत्त्रय मन्दिरेऽस्मिन्
स्वैरं प्रचारविधये तव लोक एष: ॥ (૧૪૦)

હે આત્મન્ ! આ ચૌદ રાજલોકરૂપ ત્રિભુવનમાં તું યથેચ્છ પરિભ્રમણ કરી રહ્યો છે. તું ક્યારેક પાપો આચરીને નરક અને તિર્યંચ (પશુ) યોનિમાં જન્મ લે છે. તો ક્યારેક પુણ્યથી દેવલોકમાં જાય છે. તો ક્યારેક પુણ્ય અને પાપને વશ થઈને મનુષ્યગતિમાં જાય છે.

**(૧૨) બોધિ દુર્લભ ભાવના :**

संसारसागर मिमं भ्रमता नितान्तं
जीवेन मानवभव: समवापि दैवात् ।
तत्रापि यद् भुवनमान्य कुले प्रसूति:
सत् संगतिश्च तदिहाऽन्धक वर्त कीयम् ॥ (૧૫૩)

હે જીવ ! આ ચતુર્ગતિરૂપ સંસાર સાગરમાં પરિભ્રમણ કરતાં-કરતાં પુણ્યોદયથી તને મનુષ્યજન્મ મળ્યો છે. વિશેષમાં તને ઉચ્ચ કુળ અને મહાપુરુષોનો સમાગમ પણ મળ્યો છે, તેની દુર્લભતા અહીં વિશેષ દૃષ્ટાંતથી સમજાવે છે.

જેમ જન્માંધના હાથમાં વટેર નામનું પક્ષી ઊડીને આવવું મુશ્કેલ છે - એ ન્યાયે દસ દૃષ્ટાંતે દુર્લભ આ મનુષ્યજન્મ છે.

**(પૂ. પ્રવર્તકમુનિશ્રી મૃગેન્દ્રવિજયજી મહારાજ સાહેબે વર્ષોના પોતાના શાસ્ત્રોના અભ્યાસને આધારે તુલનાત્મક રીતે અનુપ્રેક્ષા - ભાવનાને સમજાવીને 'યશસ્તિલક ચંપૂ' કાવ્યના આધારે બાર ભાવનાની ટૂંકમાં સુંદર સમજૂતી આ લેખમાં આપી છે. - સંપાદક)**

# અનિત્ય ભાવના

- ગીતા શાહ

સંસારરૂપી મહાસાગરમાં બાર ભાવનાઓ દીવાદાંડી રૂપ છે. જે આપણને મુક્તિના માર્ગે જવાનો રાહ ચીંધે છે. ભાવનાઓનું સતત ચિંતન અને મનન નવી દૃષ્ટિ આપે છે. અને જીવનમાં પરિવર્તન લાવે છે.

**નવતત્ત્વની** ૩૦મી અને ૩૧મી ગાથામાં બાર ભાવનાના નામ.

पढम - मणिश्चमसरणं, संसारो
ऐगया च अन्नतं असुईत्तं आसव,
संवरो य तह निज्जरा नवमी (३०)

लोगसहावो बोही, दुल्लहा धम्मस्स,
साहगा अरिहा, ऐआओ भावणाओ,
भावे आव्या पणात्तेणं (३१)

अनित्यत्वाशरणे भवमेकत्वन्यताम्,
अशौचभाश्रवं चात्थन्संवरं परिभावयं ।
कर्मणो निर्जरा धर्मसूकतता लोक पद्धतिं,
बोधिदुर्लभलाभेता बावयन्मुच्यते भिवान् ॥

**અનિત્ય ભાવના** સમજીએ :

वपुरिवपुपुरिदं, विद्भदलीला परिचित मध्यति भङ्गुरं तदतिभिदुर यौवनाविनीतं भवति कथं विदुषा महोपाध्याय ।

શરીરની, આયુષ્યની અને જીવનની ક્ષણિકતા, અનિત્યતા સમજવા માટે બીજા કવિઓએ પણ કેટલીક કાવ્ય રચનાઓ કરી છે.

***ધવલતાને હરનાર ધુમાડો ક્યાં સુધી રહે છે ? અને પાણીના પરપોટા ક્યાં સુધી ટકે છે ? જીવનું આયુષ્ય એવી જ રીતે ક્ષણિક છે. એટલા માટે અભિમાન ન કરો. ક્ષણમાત્રમાં શરીર રાખ થઈ જશે. અભિમાન નષ્ટ વિનષ્ટ થઈ જશે.***

ઉપાધ્યાય સકલચંદ્રજીએ અનિત્ય ભાવનાનો પ્રારંભ કરતાં કહ્યું છે કે - "હે આત્મન્ ! તું શ્રેષ્ઠ એવા શબ્દ, રૂપ, રસ, ગંધ અને

સ્પર્શને જોઈને તેમનામાં મોહિત ન થા; કારણ કે એ બધા પૌદ્‌ગલિક ભાવ અસ્થિર છે, અનિત્ય છે. તું પણ અસ્થિર છે. જીવન, શરીર પણ અસ્થિર છે. વર્ષાકાળમાં સંધ્યા સમયે ઈન્દ્ર ધનુષ્યને જોતાં શરીરની અનિત્યતા જણાશે."

**જય સોમમુનિ** ધનસંપત્તિને પાણીના તરંગો જેવી કહે છે અને સંધ્યાના રંગ જેવી બતાવે છે. સંધ્યાના રંગ આકાશમાં સ્થિર નથી હોતા, જોત જોતામાં જ વિલીન થઈ જાય છે. આ વાતને પુષ્ટ કરવા દૃષ્ટાંત આપ્યું. એક છે **માલવપતિ મુંજ અને બીજું છે શ્રી રામચંદ્રજીનું.**

માળવાનો રાજા મુંજ પરાક્રમી હતો, વિદ્વાન હતો, પરંતુ એક દિવસ રાજા તૈલપે એને યુદ્ધમાં હરાવ્યો તેને બાંધીને પોતાની રાજધાનીમાં લઈ જઈને કારાગૃહમાં નાખી દીધો. મુંજે કારાગૃહમાંથી ભાગી જવાની યોજના બનાવી દીધી. પણ તૈલપે રાજા મુંજને હાથે-પગે બેડીઓ પહેરાવીને હાથમાં ભિક્ષાપાત્ર પકડાવ્યું. પોતાની નગરીમાં મુંજને ઘર-ઘર ભિખારીના રૂપમાં ફેરવ્યો અને પછી હાથીના પગની નીચે કચડાવી મારી નાખ્યો. મુંજનું રાજ્ય ક્યાં રહ્યું ? ક્યાં ગયું શરીર બળ ? ક્યાં સુખ - વૈભવ ? તમામ નષ્ટ થઈ ગયું.

બીજું દૃષ્ટાંત છે શ્રી રામચંદ્રજીનું. મુહૂર્ત કાઢવામાં આવ્યું હતું રાજ્યાભિષેકનું અને ચાલ્યા જવું પડ્યું વનવાસ માટે ? રાજ્ય, વૈભવ અને સંપત્તિનો ત્યાગ કરીને જંગલમાં ફરતા રહ્યાં.

ધનસંપત્તિ, રાજ્યસંપત્તિ અને સુખસંપત્તિની અનિત્યતા, અસ્થિરતા અને વિનશ્વરતા બતાવીને એ સંપત્તિ ઉપર મોહ ન રાખવાનો ઉપદેશ આપ્યો છે. મોહમુઢ ન બનવાની પ્રેરણા આપી છે.

પાંચ ઈન્દ્રિયોનાં વિષયસુખો અનિત્ય છે. વિષયસુખ ભોગવવા જેવા નથી હોતા એ વાતને સારી રીતે સમજાવતાં.

### છ પ્રકારની અનિત્યતા :

(૧) શરીરની અનિત્યતા, (૨) આયુષ્યની અનિત્યતા, (૩) જીવનની અનિત્યતા, (૪) સંપત્તિ-ધનદોલતની અનિત્યતા, (૫) વૈષયિક સુખોની અનિત્યતા અને (૬) સંબંધોની અનિત્યતા.

આ છ વાતો પ્રત્યે ભીતરથી વિરક્ત બનીને જીવવાનું છે. જડ પદાર્થો અને પરિવર્તનશીલ પદાર્થ પ્રત્યે પ્રેમ ન થવો જોઈએ. શાશ્વત સાથે કરેલો પ્રેમ તૂટી જતો નથી.

सर्व क्षणिकम्, सर्वमनित्यम्, सर्वमस्थिरम् ।

બધું જ ક્ષણિક છે, બધું જ અનિત્ય છે. બધું જ અસ્થિર છે. અનુત્તર દેવલોકના દેવોના સુખ પણ કાળક્રમે નષ્ટ થઈ જાય છે. તો પછી સંસારની એવી કઈ વસ્તુ છે કે જે સ્થિર હોય અને નિત્ય હોય ?

જે રીતે વૃક્ષની છાયામાં મુસાફર વિશ્રામ લે છે, પક્ષીઓ વિશ્રામ લે છે અને પછી સૌ પોતપોતાના સ્થાને ચાલ્યા જાય છે, એ રીતે પરિવાર પણ એક વૃક્ષ જેવો છે. પોતપોતાના આયુષ્ય અનુસાર જીવ પરિવાર-કુટુંબમાં રહે છે. અને પછી ભિન્ન-ભિન્ન ગતિમાં ચાલ્યો જાય છે. એટલા માટે સ્વજનો સાથે મમત્વ બાંધવું વ્યર્થ છે. સ્વજનોના સંબંધો ક્ષણિક છે, અનિત્ય છે.

"नित्यमेकं चिदानन्दधर्मात्मनो,
रूपमभिरूप्य सुखमनुभवेयम् ।
प्रशमरसनवसुधापान विनयोत्सवो,
भवतु सततं सतामिह भवेऽयम् ॥"

બધું જ અનિત્ય, ક્ષણિક અને ક્ષણભંગુર છે, તો નિત્ય શું છે ? શાશ્વત શું છે ? આનંદમય શું છે ?

આ પ્રશ્નનો ઉત્તર આપવામાં આવ્યો છે કે - 'નિત્ય અને ચિદાનન્દમય એકમાત્ર આત્મા છે, એ આત્માના સ્વરૂપની ઓળખ કરી લો અને સ્વાભાવિક આત્મસુખની અનુભૂતિ કરો.' આ અનિત્ય ભાવનાના ચિંતનથી અંદરમાં 'પ્રશમરસ' ઉત્પન્ન થશે. ઉપશમરસનું અભિનવ અમૃતપાન કરતાં રહો. અપૂર્વ આનંદોત્સવ પરમાનન્દોત્સવ તમારી અંદર જામશે. આવો ઉત્સવ સત્પુરુષોને આ જન્મમાં પ્રાપ્ત થાઓ.

ભાવનાઓનું ઉત્પત્તિ સ્થાન અંતઃકરણ ચિત્ત છે. એટલા માટે અંતઃકરણ શુદ્ધ, મૃદુ અને સુશોભિત રહેવું આવશ્યક છે. ચિત્તમાં આર્ત અને રૌદ્ર વિચારો ન આવવા જોઈએ, ન રહેવા જોઈએ.

બાર ભાવનાઓ ધર્મધ્યાનનું આલંબન છે. ચિત્તમાં એક પણ ભાવનાનું ચિંતન ચાલતું રહેશે તો ધર્મધ્યાન થશે અને ચિત્ત દર્પણ જેવું સ્વચ્છ અને નિર્મળ રહેશે. એ ચિત્તમાં પરમાત્માનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાશે. આપણા અંતઃકરણમાં ભાવનાઓ નહિ હોય તો શાંતિ, સમતા અને સમાધિ પ્રાપ્ત નહિ થાય.

જ્યાં સુધી ભાવનાઓથી મન શુભ અને શુભ્ર બનતું નથી. ત્યાં સુધી ઈર્ષા, દ્વેષ, મોહ, આસક્તિ, દંભ, પ્રપંચ આદિ અસંખ્ય દોષ રહેવાના જ છે. દોષોથી મુક્ત થવા માટે મનને, ચિત્તને, અંતઃકરણને દોષરહિત કરવા માટે એક જ ઉપાય છે - ભાવનાઓનું વારંવાર ચિંતન.

ભાવના ભાવિત કદીય મનનાં દુઃખોથી તડપતો નથી. વિકલ્પોની જાળમાં એ કદીય ફસાતો નથી. રાગ-દ્વેષની ભયાનક આગમાં એ કદી બળતો નથી.

આ સંસારમાં બધી વસ્તુઓ અનિત્ય નાશવંત છે. છતાં પણ તેની પ્રાથમિક મધુરતાને કારણે જીવો તે વસ્તુઓમાં મૂર્ચ્છા પામી રહ્યાં છે. સંસારમાં જીવોને પોતાની, બીજાની તરફથી અને ચારે બાજુથી મુશ્કેલી આવ્યા કરે છે. જે જન્મની સાથે જ મૃત્યુનો મહાભય લાગેલો છે તેવા પ્રાણીઓના જન્મને ધિક્કાર છે.

જે રીતે દાવાનળ ખૂબ મોટાં જંગલને લીલાં-સૂકાં, સારાં-ખોટાં, સફળ અને નિષ્ફળનો ભેદ રાખ્યા વિના પોતાનાં સંસર્ગમાં આવનારા બધાંને ભસ્મ કરી નાંખે છે, તે રીતે અનિત્યતા વજ્ર જેવા દૃઢ અને કઠોર દેહને પણ જર્જરિત કરીને નષ્ટ કરી દે છે, તો પછી કેળના ગર્ભ જેવા કોમળ દેહનું તો કહેવું જ શું !

કાળનો સ્વભાવ જ નાશ કરવાનો છે. તે ધનાઢ્ય કે નિર્ધન, રાજા કે રંક, સમજદાર કે મૂર્ખ, જ્ઞાની કે અજ્ઞાની, સજ્જન કે દુર્જનનો ભેદ રાખ્યા વિના બધાનો સરખી રીતે સંહાર કરતો રહે છે. કાળને ગુણીજન પ્રત્યે અનુરાગ અને દુર્ગુણી પ્રત્યે દ્વેષ નથી. જે રીતે દાવાનળ ખૂબ મોટા જંગલને લીલાં-સૂકાં, સારાં-ખોટાં, સફળ-નિષ્ફળનો ભેદ રાખ્યા વિના પોતાના સંસર્ગમાં આવનારા બધાંને ભસ્મ કરી નાંખે છે, તે જ રીતે કાળ પણ બધાં પ્રાણીઓનો સંહાર કર્યા કરે છે.

વૃદ્ધાવસ્થા બળ અને રૂપને હરણ કરે અને શિથિલતા આણે છે. બળ, સૌંદર્ય અને યૌવન આ બધું અનિત્ય છે.

જે ધન અનેક મુશ્કેલીઓ, ક્લેશો અને કષ્ટો સહન કરીને મેળવવામાં આવે અને વાપર્યા વિના સંગ્રહી રાખે છે, તે ધનવાનોનું પ્રિય ધન પણ અચાનક ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે. કમાયેલું ધન પણ પાણીના પરપોટા અને સમુદ્રના ફીણ જેવું અનિત્ય છે.

ભવ્યાત્મા હંમેશાં અનિત્યતાનું ધ્યાન કરતાં રહે છે. તે પોતાના પરમ પ્રિય પુત્રના વિયોગનો પણ શોક કરતાં નથી અને મોહમૂઢ પ્રાણી નિત્યતાનો આગ્રહ રાખે છે. શરીર, યૌવન, ધન તેમજ કુટુંબ વગેરે અનિત્ય છે. આ આખો સચરાચર સંસાર જ અનિત્ય છે.

આ રીતે બધાંને અનિત્ય જાણીને આત્માર્થી લોકોએ પરિગ્રહનો ત્યાગ કરીને હંમેશાં આનંદ આપનાર પરમપદ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

यत्प्रातस्तंन मध्यान्हे यन्मध्यान्हेनतात्रिति
नीरिक्ष्यते भवडेस्मिन् ही, पदार्थानामनित्यता
शरीरं देहिनां सर्व पुरुषार्था निबंधनम् ।
प्रचंड पवनोद्धत, धनाधन विनश्वरम् ॥

कललोक चपला लक्ष्मी संगमा, स्वप्नसंनिभा
वात्याण्यति करोत्क्षात तूलतुलयं च यौवनम्
इत्यनित्यं जगदवृत्तं स्थिरचितः प्रतिक्षणम् ।
तृष्णा कृष्णाहि मन्वाय, निर्ममत्वायचिन्तय ॥

જે વસ્તુની જે સ્થિતિ તેમજ સુંદરતા સવારમાં હોય છે, તે બપોરે રહેતી નથી અને જે મધ્યાહ્નમાં હોય છે. તે રાત્રે દેખાતી નથી. આ રીતે આ સંસારમાં બધાં પદાર્થોની અનિત્યતા દેખાય છે. પ્રાણીઓ માટે જે શરીર બધાં પ્રકારના પુરુષાર્થની સિદ્ધિનું કારણ છે, તે પણ આ રીતે છિન્ન-ભિન્ન થઈ જાય છે કે જે રીતે પ્રચંડ વાયુથી વાદળો વિખરાઈને અદશ્ય થઈ જાય છે. લક્ષ્મી સમુદ્રની લહેરો જેવી ચંચળ છે. સ્વજનોનો સંયોગ પણ સ્વપ્ન જેવો છે. અને યૌવન પવનમાં ઉડતા આકડાના રૂ જેવું અસ્થિર છે. આ રીતે ચિત્તની સ્થિરતાપૂર્વક જગતની અનિત્યતાના ચિંતનરૂપી મંત્રથી તૃષ્ણારૂપી કાળા સાપને વશમાં કરીને નિર્મમત્વ બનવું જોઈએ.

જે અનિત્ય, ક્ષણિક છે એવા શરીર, યૌવન, આયુષ્ય, વૈષયિક સુખ, સ્વજન સંબંધ, સંપત્તિ વગેરેની ઓળખાણ કરી લીધી, એમનું મમત્વ, આસક્તિ રાગ-મોહ છૂટી ગયા. હવે એવા નિત્ય શાશ્વત તત્ત્વની સાથે મમત્ત્વ જોડવાનું છે કે જેનાથી અંદર આનંદોત્સવ થાય. પરમાનંદની અનુભૂતિ થાય એવું એક જ તત્ત્વ છે અને તે આત્મત્ત્વ આપણા દેહમાં જ એ આત્મતત્ત્વ રહેલું છે.

જેમ-જેમ મનુષ્ય આ ભાવનાઓથી ભાવિત પ્રભાવિત થતો જાય છે. તેમ-તેમ એનું હૃદય નિશંક થતું જાય છે. વિશેષરૂપે આત્મતત્ત્વ પ્રત્યે એ શ્રદ્ધાપૂર્ણ બનતો જાય છે. એને આત્મતત્ત્વ વિષયમાં કોઈ શંકા રહેતી નથી.

અનિત્યાદિ બાર ભાવનાઓના ચિંતનથી અને મૈત્રી આદિ ચાર ભાવનાઓને આત્મસાત્ કરવાથી હૃદય સુવાસિત - સુગંધયુક્ત બની જાય છે. દુર્ભાવનાઓની દુર્ગંધ દૂર થઈ જાય છે. હૃદય સુવાસિત થઈ જાય તો મનુષ્યના વિચારો શુભ, નિર્મળ અને કલ્યાણકારી થાય છે. એની વાણી વિનમ્ર, વિનીત, સત્ય અને મધુર બને છે. એનો બીજા લોકો સાથે સારો વ્યવહાર હોય છે.

બાર ભાવનાઓ ધર્મધ્યાનનું આલંબન છે. ચિત્તમાં એક પણ ભાવનાનું ચિંતન ચાલતું રહેશે તો ધર્મધ્યાન ગણાશે અને ત્યારે ચિત્ત દર્પણ જેવું સ્વચ્છ અને નિર્મળ રહેશે. એ ચિત્તમાં પરમાત્માનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાશે. ચિત્ત જેટલું સરળ, નિર્દોષ અને નિર્મળ હશે, એટલું વિશ્વ પણ સ્પષ્ટ અને સ્વચ્છ દેખાશે. ભીતરમાં સુખ અને આનંદ વધતાં જશે.

ભાવનાઓથી ભાવિત આત્માનું સુખ અનિર્વચનીય હોય છે, એટલે કે એ સુખની અભિવ્યક્તિ શબ્દોમાં થઈ શકતી નથી. મૂંગો માણસ જેમ સાકરના સ્વાદનો અનુભવ કરે છે, પરંતુ એ વર્ણવી શકતો નથી, એ રીતે ભાવનાઓથી ભાવિત આત્મા પોતાનું આંતરસુખ અનુભવી શકે છે, પરંતુ કહી શકતો નથી, વર્ણન કરી શકતો નથી.

અષ્ટાપદ તીર્થની રક્ષા કરતાં-કરતાં સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોનું મૃત્યુ થઈ ગયું. ૬૦ હજાર રાજકુમારો તો દેવગતિમાં ચાલ્યા ગયા હતા. પરંતુ પિતા સગર ચક્રવર્તીએ આ સમાચાર સાંભળ્યા તો તે પાગલ જેવો થઈ ગયો હતો. કરુણ આક્રંદ કરવા લાગ્યા હતા. કોઈ માણસમાં શક્તિ ન હતી કે ચક્રવર્તીને શાંત કરે.

છેવટે દેવરાજ ઇન્દ્રને આવવું પડ્યું. દેવરાજ ઇન્દ્ર તત્ત્વજ્ઞ હતા. સમ્યગ્દૃષ્ટિ દ્વારા સગર ચક્રવર્તીને અનિત્ય ભાવના સમજાવી. સંસારના તમામ સંબંધો અનિત્ય હોય છે. આયુષ્ય, આરોગ્ય, શક્તિ અને જીવન બધું જ અનિત્ય હોય છે. આ સારી રીતે સમજાવ્યું ત્યારે ચક્રવર્તીનો શોક દૂર થયો તે સ્વસ્થ બન્યા.

ભાવનાઓનો અચિંત્ય પ્રભાવ છે. મોહનિષાદનું ઝેર ઊતરી જાય છે. મોહજન્ય વાસનાઓ દૂર થઈ જાય છે. વાસનાપૂર્તિની ઈચ્છાઓ શાંત થઈ જાય છે. ભાવનાઓ અંગે ચિંતન - મનન કરો. બીજા સ્વજનો મિત્રોની સાથે ભાવનાઓ અંગે વાર્તાલાપ કરો.

ભવપ્રપંચથી મુક્ત થવા માટે દરરોજ ભાવનાઓ ભાવતા રહેવું, ચિંતન કરતાં રહેવું. ભાવનાઓનું ઉત્પત્તિ સ્થાન અંતઃકરણ છે - ચિત્ત છે. એટલા માટે અંતઃકરણ શુદ્ધ, મૃદુ અને સુશોભિત રહેવું આવશ્યક છે. ભાવના ભાવિત કદીય મનનાં દુઃખોથી તડપતો નથી. વિકલ્પોની જાળમાં એ કદીય ફસાતો નથી. રાગ-દ્વેષની ભયાનક આગમાં એ કદી બળતો નથી. એનું આત્મજ્ઞાન એને સાંસારિક પ્રવૃત્તિઓથી મુક્ત કરાવીને નિવૃત્તિ તરફ લઈ જાય છે.

**दुर्ध्यानद्वेतपीडा प्रभागति न मनाक कचिद द्वन्द्व**
**स्काति प्रीणाति चित्तं प्रसरित परितः सौखय सौहित्य सिन्धुः**
**क्षीयन्ते राग रोष प्रभृतिरिपुभटा सिद्धि साम्राज्य लक्ष्मीः**
**स्यादवरया यन्महिम्नः विनयशुविधियो भावनास्त श्रयध्यम् ॥**

ભાવનાઓના પ્રભાવથી દુર્ધ્યાનરૂપ પ્રેત પીડા રજમાત્ર પણ પરેશાન કરતી નથી. ભાવનાઓના પ્રભાવથી અનિર્વચનીય સુખની વૃદ્ધગત લહેરો ચિત્તને પ્રસન્નતા અર્પે છે.

ભવ્યાત્મા હંમેશાં અનિત્યતાનું ધ્યાન કરતાં રહે છે. તે પોતાના પરમ પ્રિય પુત્રના વિયોગનો પણ શોક કરતાં નથી અને જે મોહમૂઢ પ્રાણી નિત્યતાનો આગ્રહ રાખે છે; તે પોતાના ઘરની એક ભીંત પડતા પણ રોવા લાગે છે. શરીર, યૌવન, ધન તેમજ કુટુંબ વગેરે અનિત્ય છે. એવી વાત નથી. આ આખો સચરાચર સંસાર જ અનિત્ય છે. આ રીતે બધાંને અનિત્ય જાણીને આત્માર્થી લોકોએ પરિગ્રહનો ત્યાગ કરીને હંમેશાં આનંદ આપનાર પરમપદ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(ગીતા બહેને જુદા-જુદા આધારો ટાંકીને પ્રસ્તુત લેખમાં અનિત્ય ભાવનાને સમજાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.)**

# વર્તમાન સંદર્ભમાં અશરણ ભાવના

- મિતેશભાઈ એ. શાહ
*(તંત્રી, 'દિવ્યધ્વનિ' કોબા)*

## વૈરાગ્યનું મહત્ત્વ

શ્રી પિતૃહરિએ કહ્યું છે -

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालादभयं
माने दैन्यभयं बले रिपुभयं रूपे तरुण्याभयं ।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतांताद्भयं
सर्व वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयं ॥

અર્થાત્ ભોગમાં રોગનો ભય છે, કુળને પડવાનો ભય છે, લક્ષ્મીમાં રાજાનો ભય છે, માનમાં દીનતાનો ભય છે, બળમાં શત્રુનો ભય છે, રૂપથી સ્ત્રીને ભય છે, શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણમાં ખલનો ભય છે અને કાયા પર કાળનો ભય છે; એમ સર્વ વસ્તુ ભયવાળી છે. માત્ર એક વૈરાગ્ય જ અભય છે.

સમિતિ, દસ પ્રકારના ધર્મ, બાર ભાવના, પરિષહજય અને ચારિત્રને મહાજ્ઞાની ભગવંતોએ સંવરના કારણો કહ્યાં છે. જે અંતર્ગત વૈરાગ્યની બાર ભાવનાઓનો પણ સમાવેશ થાય છે. અનિત્યાદિ વૈરાગ્યની બાર ભાવનાઓ વૈરાગ્યની જનની છે. તીર્થંકરો પણ આ ભાવનાઓને ભાવે છે એટલે તેનું મહત્ત્વ સ્વયં સ્પષ્ટ છે.

જૈનદર્શનમાં સમ્યગ્દર્શનનું અપૂર્વ મહત્ત્વ ગાવામાં આવ્યું છે. સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન તે વિભંગજ્ઞાન (કુજ્ઞાન) અને સમ્યગ્દર્શન વિનાના ચારિત્રને કુચારિત્ર ગણવામાં આવ્યું છે. મોક્ષમાર્ગની પહેલી સીડી તે સમ્યગ્દર્શન છે. એક વાર જો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય તો તે જીવનું મોક્ષનું રજિસ્ટ્રેશન થઈ જાય છે, અને તે બે-ચાર ભવોમાં કે વધુમાં વધુ ૧૫ ભવોમાં, નહિ તો છેવટે અર્ધપુદ્ગલ પરાવર્તનમાં તે જીવનો અવશ્ય મોક્ષ થાય છે. પરંતુ આ સમ્યક્ત્વની પ્રાપ્તિ જ્ઞાન અને વૈરાગ્યથી થાય છે. એટલે શ્રી અમૃતચંદ્રાચાર્યે 'શ્રી સમયસાર કળશ'માં કહ્યું :

'सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः'

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमंधाः ।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति ॥

અધ્યાત્મ કવિવર શ્રી દૌલતરામજી 'છહ ઢામા'માં જણાવે છે,

**"યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈયે;**
**ચિર ભજે વિષય-કષાય અબ તો, ત્યાગ નિજપદ બેઈયે.**
**કહા રચ્યો પર પદ મેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુઃખ સહે;**
**અબ 'દૌલ' હોઉં સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકો યહૈ."**

શ્રી કુંદકુંદાચાર્ય 'શ્રી સમયસાર' ગાથા-૧૫૦માં જણાવે છે,

**"જીવ રક્ત બાંધે કર્મને વૈરાગ્ય પ્રાપ્ત મૂકાય છે.**
**એ જિન તણો ઉપદેશ તેથી ન રાચ તું કર્મો વિષે."**

જ્ઞાનની પ્રાપ્તિ માટે ત્યાગ - વૈરાગ્ય આવશ્યક છે. તેના વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ સંભવિત નથી. એટલે શ્રીમદ્ રાજચંદ્રજીએ 'શ્રી આત્મ સિદ્ધિશાસ્ત્ર'માં કહ્યું :

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**
**અટકે ત્યાગ વિરાગમાં તો ભૂલે નિજ ભાન."**

આગળ શ્રીમદ્જી જણાવે છે :

**"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;**
**હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."**

સમ્યક્દષ્ટિને શમ (કષાયની ઉપશાંતતાં) સંવેગ (માત્ર મોક્ષ અભિલાષ), નિર્વેદ (વૈરાગ્ય), આસ્થા (શ્રદ્ધા) અને અનુકંપાના ગુણો અવશ્ય હોય છે.

સામાન્ય રીતે માનવી ઈન્દ્રિયોના વિષયોને ભોગવીને સુખની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે. પરંતુ ઈન્દ્રિયોના વિષયભોગમાં સાચું સુખ નથી. જેમ અગ્નિમાં ઘી નાખવાથી અગ્નિ વધારે પ્રજ્વલિત થાય છે, તેમ ભોગોને ભોગવતાં વધારે ઈચ્છારૂપી દાહ ઉત્પન્ન થાય છે અને જ્યાં ઈચ્છા છે, વ્યાકુળતા છે ત્યાં સુખ નથી. સાચું સુખ તો નિરાકુળતામાં છે. માટે જ શ્રી શંકરાચાર્યજીએ કહ્યું :

भोगा न भोक्ताः वयमेव भुक्ता
तपो न तप्तं वयमेव तप्ताः ।
कालो न यातः वयमेव याताः
तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥

बद्धो हि को ? यो विषयानुरागी ।
का वा विमुक्तिः ? विषये विरक्तिः ॥

અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્ય 'શ્રી પ્રવચનસાર' ગાથા-૭૬માં સુયુક્તિ અને આગમ પ્રમાણથી તથા સ્વસંવેદનથી ઇન્દ્રિયોથી પ્રાપ્ત વિષયોને દુઃખરૂપ સાબિત કરે છે,

**"પરયુક્ત બાધારહિત ખંડિત, બંધકારણ વિષમ છે;**
**જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ, એ રીતે દુઃખ જ ખરે."**

જે સર્વજ્ઞ, વીતરાગ અને હિતોપદેશક છે તે અરિહંત છે. આવી અવસ્થા પ્રાપ્ત કરવી તે સાધકનું ધ્યેય છે. વીતરાગતા પ્રાપ્ત કરવા માટે પ્રથમ વૈરાગ્યને ધારણ કરવો આવશ્યક છે. આગમ જતાં વૈરાગ્ય તે વીતરાગતામાં પરિણમે છે.

મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે : "હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહિ."

આત્મામાંથી નિષ્પન્ન થતું અતીન્દ્રિય સુખ એ જ સાચું સુખ છે તે વાત 'શ્રી પ્રવચનસાર' ગાથા-૧૩માં જણાવે છે :

**"અત્યંત આત્મોત્પન્ન વિષયાતીત અનૂપ અનંતને,**
**વિચ્છેદહીન છે સુખ અહો ! શુદ્ધોપયોગ પ્રસિદ્ધને."**

## વિવિધ શાસ્ત્રોમાં વર્ણિત અશરણ ભાવના

જ્ઞાની ભગવંતોએ અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિ, સંસારભાવના વગેરે બાર ભાવનાઓને ભાવવાની આપણને આજ્ઞા કરી છે. શ્રી શાંત સુધારસ, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, શ્રી જ્ઞાનાર્ણવ, શ્રી શાંતિપથ-દર્શન, શ્રી છહ ઢાળા વગેરે શાસ્ત્રોમાં આ બાર ભાવનાઓનું સુંદર વર્ણન કરેલ છે. વિવિધ શાસ્ત્રોમાં અશરણ ભાવના વિશે શું કહ્યું છે તે જોઈએ.

(१) ये षट्खंडमही महीनतरसा निर्जित्य बभ्राजिरे
ये च स्वर्गभुजो भुजोर्जितमदा मेदुर्मुदा मेदुराः ।
तेऽपि क्रूरकृतान्तवक्त्ररदनैर्निर्दिल्यमाना हठा-
दत्राणाः शरणाय हा दश दिशः प्रेक्षंत दीनाननाः ॥

*- શ્રી વિનયવિજયજી કૃત 'શાંત સુધારસ'*

અર્થાત્ અહો ! જે મોટા પરાક્રમ વડે છ ખંડ પૃથ્વી જીતી તેના ધણી થઈ બેઠા છે, એવા ચક્રવર્તી રાજાઓ અને હર્ષે કરી પુષ્ટ થયેલા અત્યંત બળવાન, સ્વર્ગસુખના ભોગવનારા એવા દેવતાઓ પણ ક્રૂર કાળની તીણી દાઢાઓ વડે બળાત્કારે દબાઈ જતાં છતાં તેને કોઈ બચાવી શકતું નથી. અહો ! એવા ચક્રવર્તી અને દેવતાઓ દીન વદને કરી દસે દિશાએ શરણ માટે દૃષ્ટિ ફેંકે છે, પણ તેઓને કોઈ બચાવી શકતું નથી.

(२) तथ्य भवे किं सरणं जत्थ सुरिंदाण दीसये विलओ ।
हरिहरबंभादीया कालेण कवलिया जत्थ ॥२३॥

*- સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા - ૨૩*

અર્થાત્ જે સંસારમાં દેવોના ઈન્દ્રોનો પણ વિનાશ જોવામાં આવે છે, જ્યાં હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત્ રુદ્ર અને વિધાતા અર્થાત્ બ્રહ્મા તથા આદિ શબ્દથી મોટા-મોટા પદવીધારક સર્વ કાળ વડે કોળિયો બની ગયા તે સંસારમાં શું શરણરૂપ છે ? કાંઈ જ નથી.

(૩) **સુર અસુર ખગાધિપ જેતે, મૃગ જ્યોં હરિ, કાલ દલે તે;**
**મણિ મંત્ર તંત્ર બહુ હોઈ, મરતે ન બચાવે કોઈ.**

*- પંડિતવર્ય દૌલતરામજી કૃત 'છહ ઢાળા'*

(૪) **દલબલ દેવી દેવતા, માત પિતા પરિવાર;**
**મરતી બિરીયા જીવ કો, કોઈ ન રાખન હાર.**

*- શ્રી ભૂદરદાસજી*

(५) काला सिंह ने मृग-चेतन को घेरा भव वन में ।
नहीं बचावन-हारा कोई यों समझो मन में ॥
मंत्र तंत्र सेना धन संपत्ति, राज पाट छूटै ।
वश नहीं चलता काल लुटेरा, काय नगरि लूटैं ॥

*- શ્રી મંગતરાયજી*

(६) पूरन आयु वधै खिन नाहि, दिये कोटि धन तीरथ मांहि ।
इन्द्र चक्रपति हू कहा करै, आयु अन्ततें वे हू मरैं ॥
*- કવિવર બુધજનજી*

(૭) લક્ષ્મી સાથ ન અનુસરે, દેહ ચલે નહીં સંગ,
કાઢ કાઢ સુજનહિ કહેં, દેખ જગત કે રંગ.
*- ભૈયા ભગવતીદાસ*

## અશરણ ભાવનાનું સ્વરૂપ

સંસારી જીવોએ જે-જે સાંસારિક પદાર્થો અને વ્યક્તિઓનું શરણ લીધું છે તે વાસ્તવમાં શરણરૂપ નથી.

જેમ જંગલમાં સિંહના પગ તળે પડેલા હરણનું કોઈ પણ રક્ષણ કરવાવાળું નથી, તેમ આ સંસારમાં કાળ વડે ગ્રહાયેલા પ્રાણીને કોઈ પણ રક્ષણ આપી શકતું નથી. મરણને પ્રાપ્ત થતાં મનુષ્યને જો કોઈ દેવ, મંત્ર, તંત્ર, ક્ષેત્રપાલ અને ઉપલક્ષણથી લોક જેને રક્ષક માને છે. તે બધા જો બચાવવાવાળા હોય તો મનુષ્ય અક્ષય થઈ જાય, અર્થાત્ કોઈ મરે નહિ. પરંતુ આમ જોવા મળતું નથી, છતાં નિરર્થક મોહથી માનવી આવો વિકલ્પ કરે છે.

આ સંસારમાં અતિ બળવાન અને અતિ ભયાનક અનેક રક્ષણના પ્રકારોથી નિરંતર રક્ષણ કરવામાં આવતાં છતાં પણ મરણરહિત કોઈ દેખાતું નથી. એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી અશરણતા પ્રત્યક્ષ દેખવા છતાં પણ મૂઢ મનુષ્ય તીવ્ર મિથ્યાત્વ ભાવથી સૂર્યાદિગ્રહ, ભૂત, વ્યંતર, પિશાચ, જોગણી, ચંડિકાદિક અને મસિભદ્રાદિક યક્ષ આદિને શરણ માને છે.

આયુકર્મના ક્ષયથી મરણ થાય છે. એ આયુકર્મ કોઈને કોઈ પણ આપવા સમર્થ નથી, માટે દેવોના ઈન્દ્ર પણ મરણથી બચાવી શકતા નથી. દેવોનો ઈન્દ્ર પણ પોતાને ચવતો (મરતો) થકો રાખવાને સમર્થ હોય તો સર્વોત્તમ ભોગો સહિત જે સ્વર્ગનો વાસ તેને તે શા માટે છોડત ?

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ પોતાનું સ્વરૂપ છે અને એ જ વાસ્તવિક શરણ છે, અન્ય સર્વ અશરણ છે, નિશ્ચય શ્રદ્ધાપૂર્વક એ જ શરણને પકડવું જોઈએ. શ્રીમદ્ રાજચંદ્રજી પણ જણાવે છે -

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે."

પરમાર્થથી વિચારવામાં આવે તો પોતાને પોતે જ રક્ષવાવાળો છે અને પોતે જ ઘાતવાવાળો છે. ક્રોધાદિ રૂપ ભાવ કરે છે, ત્યારે શુદ્ધ ચૈતન્યનો ઘાત થાય છે તથા ક્ષમાદિરૂપ ભાવ કરે છે, ત્યારે પોતાની રક્ષા થાય છે. ક્ષમાદિક દસ લક્ષણરૂપ પરિણતિ કરવાથી જન્મ-મરણ રહિત થઈને અવિનાશી પદની પ્રાપ્તિ કરી શકાય છે.

પૂર્વ કાળમાં ૬૩ શલાકા પુરુષો આપણને બોધ આપે છે કે તમે જગતમાં જેને શલાકા પુરુષ ગણી ઉત્કૃષ્ટતા આપો છો, એવા અમે પણ આયુ પૂર્ણ થયે ચાલી નીકળ્યા, કાળ આગળ અમારું પણ કાંઈ ન ચાલ્યું; અમારી સિદ્ધિ થઈ તે તો જેણે કાળનો વિશ્વાસ ન કર્યો અને આત્મહિત સાધ્યું, બોધ્યું, એવા પૂર્વે થયેલા પરમકૃપાળુ અરિહંત દેવની કૃપાથી. બાકી અમે પણ અશરણ હતા.

મૃત્યુને કોઈ વારી શકે તેમ નથી. મૃત્યુ આગળ નર કીડા સમાન છે. નર-કીટનાં મદ, અહંકાર વિલાસ અને ગુણનું ગૌરવપણું ત્યાં સુધી જ ટકવાના કે જ્યાં સુધી એ કાળનાં કટાક્ષબાણથી વિંધાયો નથી, માટે કાળનો વિશ્વાસ કરવા જેવો નથી.

જ્યારે કાળ આવે છે ત્યારે આ જીવના પ્રતાપ, બળ, પરાક્રમ હરાઈ જાય છે, તેનું તેજ ગળી જાય છે, તેનું શરીર શિથિલ થઈ જાય છે, કાયા નિસ્તેજ થઈ ભૂમિ પર પડી જાય છે અને તેના બાંધવજનો તેનું દ્રવ્ય લેવા પ્રવૃત્ત થાય છે.

હે ભવ્ય ! તું કશામાં મમત્વ રાખીશ નહિ. મૃત્યુ કોઈને છોડે તેમ નથી. આયુષ્ય પ્રબળ હશે તો તું બચીશ, આયુષ્ય પૂર્ણ થયે બીજો કોઈ ઉપાય નથી. ખેદ કરવાથી મૃત્યુને દયા આવે તેમ નથી. એક પરમ શરણના દાતાર અરિહંત દેવ પર ચિત્ત રાખ, નીરાગી સર્વજ્ઞ પરમાત્માનું સ્મરણ કર. એ તને સહાય થશે. બાકી લક્ષ્મી, પરિવાર આદિ કોઈ તને બચાવી શકશે નહિ. એ બધાંને તારે છોડવાં પડશે. માટે તેમના પ્રત્યેના મોહનો ત્યાગ કર.

## અશરણ ભાવનાના સંદર્ભમાં સાધકનું ચિંતન

આ સંસારમાં કોઈ દેવ, દાનવ, ઈન્દ્ર કે મનુષ્ય એવા નથી કે જેના ઉપર યમરાજાની ફાંસી ન પડી હોય. મૃત્યુને વશ થતાં કોઈ શરણ નથી. અસંખ્યાત કાળથી જેનો સ્વર્ગમાં નિવાસ છે, જે હજારો રિદ્ધિધારી છે, રોગ - ક્ષુધા - તૃષાદિકથી રહિત જેમનું શરીર છે, અતુલ પરાક્રમના જેઓ ધારક છે તેવા ઈન્દ્રનું પણ આયુ પૂર્ણ થતાં તેમને કોઈ શરણ નથી.

જેમ ઉજ્જડ વનમાં વાઘે પકડેલા હરણના બચ્ચાની રક્ષા કરવા કોઈ સમર્થ નથી, તેમ મૃત્યુથી પ્રાણીની રક્ષા કરવાને કોઈ સમર્થ નથી. કોઈ એવાં ઔષધ, મંત્ર, યંત્ર કે દેવદાનવાદિક નથી કે જે એક ક્ષણ માત્ર કાળથી રક્ષા કરે.

જીવ મૃત્યુ પામેલા પોતાના સ્વજનનો શોક કરે છે, પણ પોતાનો શોચ કરતો નથી કે - 'હું પણ મૃત્યુના મુખમાં બેઠો છું ! જેમ બીજાનું મરણ થતાં જોઈએ છીએ તેમ મારું પણ મરણ થશે.'

અશુભ કર્મના પ્રબળ ઉદયના વશથી બુદ્ધિ વિપરીત થઈ પોતે પોતાનો જ ઘાત કરે છે. જ્યારે શુભ કર્મનો ઉદય થાય છે ત્યારે મૂર્ખને પણ પ્રબળ બુદ્ધિ ઊપજે છે, કંઈ કર્યા વિના સુખકારી અનેક ઉપાય પોતાની મેળે પ્રગટ થાય છે. સંસાર છે તે પુણ્ય-પાપના ઉદયરૂપ છે. પરમાર્થથી પુણ્ય-પાપને આત્માથી ભિન્ન જાણીને તેના જાણનાર અથવા સાક્ષી માત્ર રહો. હર્ષ અને ખેદ કરો નહિ. એક વાર કર્મ ઉદયમાં આવી જાય પછી તેનો કોઈ ઈલાજ નથી. કર્મના ફળરૂપ જન્મ, જરા, મરણ, રોગ, ચિંતા, ભય, વેદના, દુઃખ આદિ આવતાં તેનાથી રક્ષણ કરવા મંત્ર, તંત્ર, દેવ, દાનવ, ઔષધાદિક કોઈ સમર્થ નથી.

અશાતા વેદનીય કર્મનો ઉદય પ્રબળ થાય ત્યારે ઔષધાદિક વિપરીત થઈ પરિણમે છે. અશાતાનો મંદ ઉદય હોય ત્યારે ઔષધાદિક ઉપકાર કરે છે. પ્રબળ કર્મના ઉદયમાં જીવ અશરણ છે. સંસારમાં સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર અને સમ્યક્તપ શરણરૂપ છે. આ ચાર આરાધના વિના કોઈ શરણ નથી. ઉત્તમ ક્ષમાદિક દસ ધર્મ આ લોકમાં સમસ્ત ક્લેશ, દુઃખ, હાનિ, મરણ, અપમાન આદિથી રક્ષણ કરવાવાળા છે. વ્યવહારમાં ચાર શરણા છે - અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળજ્ઞાની

ભગવંતોએ પ્રકાશેલ ધર્મ, માટે આ ચારેયનું શરણું લઈ જગતના વિનાશી પદાર્થો પ્રત્યેના મોહનો ત્યાગ કરવો ઉચિત છે.

પ્રસિદ્ધ કથામાં અનાથીમુનિએ આપેલો બોધ અશરણ ભાવનાને સિદ્ધ કરે છે. સંસારમાં છવાઈ રહેલી અનંત અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણરૂપ ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ સુશીલને સેવવાં એ જ મુક્તિના કારણરૂપ છે. જેમ સંસારમાં રહ્યા અનાથી અનાથ હતા, તેમ પ્રત્યેક આત્મા તત્ત્વજ્ઞાનની ઉત્તમ પ્રાપ્તિ વિના સદૈવ અનાથ જ છે, સનાથ થવા પુરુષાર્થ કરવો એ જ શ્રેય છે.

## અશરણ ભાવનાનો વર્તમાનમાં પ્રયોગ

કીર્તિ, કાંચન, કામિની, કાયા અને કુટુંબ - આ પાંચ 'ક' દેવાળિયા કંપની છે. આ પાંચ 'ક'ની પ્રાપ્તિ અર્થે સામાન્ય માનવી પોતાનું સમગ્ર જીવન વ્યતીત કરી દે છે, પણ અફસોસ ! તેમાંની એક પણ વસ્તુ જીવને શરણરૂપ થતી નથી. મૃત્યુ સમયે તેની સાથે કાંઈ આવતું નથી.

મોટા ભાગના લોકો પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં તથા ભૌતિક સામગ્રીમાં સુખને શોધવામાં જીવન વ્યતીત કરી નાખે છે, પણ અંતે તેમને નિરાશા, દુઃખ અને પસ્તાવાની પ્રાપ્તિ થાય છે. ભૌતિક સંપદાના ત્રાજવે જ આપણે સુખને તોળીએ તે વ્યાજબી છે ? તીર્થંકરોએ શાંતિ અને સાચા સુખ અર્થે રાજમહેલનો ત્યાગ કર્યો, જ્યારે આપણે સુખ-શાંતિના ભોગે અશરણરૂપ ભૌતિક સુખોની કામના કરીએ છીએ !

સામાન્ય માનવી ધન (લક્ષ્મી) પરિવાર, દેહ, પુણ્ય અને દાક્તરોનું શરણ ગ્રહણ કરે છે અને પોતાને સુરક્ષિત માને છે, પણ નિશ્ચયથી તે કોઈ શરણરૂપ થતાં નથી.

**લક્ષ્મી** : પૈસો, ધન અને લક્ષ્મી એ ત્રણ સમાનાર્થી લાગવા છતાં તેમાં ફરક છે. ખૂબ પાપ કરવાથી જે આવે તે પૈસો છે. આવો પૈસો ઘરમાં આવતાં કુસંપ વધે, ઝઘડા થાય, ઘરની શાંતિ હણાઈ જાય, અનેક અનર્થ સર્જાય.

જેને પ્રાપ્ત કરવા સામાન્ય મહેનત કરવી પડે, મોટાં પાપ કરવાં ન પડે અને અમુક ટકા દાનમાં ખર્ચાય તેને ધન કહે છે. જેને કમાવા માટે

પાપ ન કરવાં પડે, પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી આવે અને તે આવતાં ઘરમાં સુખ, શાંતિ, સંપ અને સમૃદ્ધિ વધે તેનું નામ લક્ષ્મી. આવી લક્ષ્મી તો કોઈક જ્ઞાનીને ત્યાં હોય છે. આવી લક્ષ્મી પણ જીવનો શરણરૂપ નથી.

જે પૈસાની પાછળ માનવી રત્નચિંતામણિ સમાન મનુષ્યદેહની કીમતી ક્ષણોને વેડફી નાખે છે તે લક્ષ્મી મૃત્યુ સમયે સહાયરૂપ થતી નથી. મૃત્યુ બાદ પૈસા સાથે જતા નથી, પણ તે ધનની પ્રાપ્તિ અર્થે કરેલાં પાપભાવો તો જીવની સાથે અવશ્ય જાય છે. યોગ્ય જ કહેવાયું છે :

"जो लक्ष्मी के काज तू, खोवत है निज धर्म ।
सो लक्ष्मी संग ना चले, काहे भूलत भर्म ॥"

પૈસો આવવાથી માનવી અભિમાની બનીને, તેનો દુરુપયોગ કરીને પાપકર્મો બાંધે છે.

**"દૌલત કી દો લાત હૈ, તુલસી નિશ્ચય કીન;**
**આવત હી અંધા કરત, જાવત કરે આધીન."**

**"સોયે હુએ કો જગા દેતી હૈ,**
**અચ્છે અચ્છે કા ઈમાન ભૂલા દેતી હૈ,**
**દૌલત મેં વહ ગરમી હૈ,**
**જો ચઢ જાયે તો ઇન્સાન કો શેતાન બના દેતી હૈ."**

આવા ધન કે લક્ષ્મી આપણને શરણભૂત નથી.

**પરિવાર** : અજ્ઞાની જીવ પરિવારનું શરણ ગ્રહણ કરે છે. કુટુંબ આદિ પ્રત્યે સ્નેહ કરીએ છીએ, પણ મૃત્યુ સમયે તેઓ બચાવી શકતા નથી. કુટુંબ પ્રત્યેનું મમત્વ જીવને દુઃખી કરે છે. સ્વજનો - કુટુંબીજનો સારા હોય તો સેવા કરે, પણ વેદના તો સ્વયંને જ ભોગવવી પડે છે. કોઈ આપણી વેદનાને લઈ શકે નહિ.

"जो कुटुंब के हेतु तू, करत अनेक उपाय ।
सो कुटुंब अग्नि लगा, तोको देय जराय ॥"

*- વૈરાગ્ય ચોવીશી*

શ્રી ગુણભદ્રાચાર્યે 'આત્માનુશાસન'માં કહ્યું છે :

"જે શરણ માને, શરણ નહિ તે બંધુ બંધનમૂળ જ્યાં,
ચિરપરિચિત નારી વિપત્તિધામ દ્વાર સમૂળ ત્યાં;
વળી જો વિચારી પુત્ર શત્રુ થાય તે અંતર દહે,
તજી સર્વ એ, ભજ ધર્મ નિર્મળ, શાંતિ સુખ જો તું ચહે."

કુટુંબ - પરિવાર એ પંખીના માળા સમાન છે.

**દેહ** : જે શરીરને આપણે પોતાનું માનીને પોષીએ છીએ, તેના માટે અનેક પ્રકારના પાપો કરીએ છીએ. તે શરીર દગો દેતાં અચકાતું નથી. આયુ પૂર્ણ થતાં જ શરીર છૂટી જાય છે. જેને આપણે શરણરૂપ માન્યું હતું. તે શરીર આપણને સાથ આપતું નથી.

"पोषत है जा देह को, जोग त्रिविध के लाय,
सो तोको छिन एक में, दगा देय रिवर जाय ।"

'જન જાણિયે મન માનિયે, નવ કાળ મૂકે કોઈને.'

"અમર નહિ કોઈ ધરતી પર, મરતે કૌન બચાવે;
મંત્ર તંત્ર કછુ કામ ન આવે, મરણ ઘડી જબ આવે.
નિર્બળ હો યા વીરબલી હો, કાલબલી લે જાવે;
હાથી પર જાનેવાલા ભી, અરથી પર આ જાવે.
તન પિંજડે સે પ્રાણપખેરું, જબ બાહર ઉડ જાવે;
ઘરવાલે દ્વાર તક જાવે, બેટા અગ્નિ લગાવેં.
રોનેવાલે રોતે જાવેં, જાનેવાલે જાવેં;
સુંદર કાયા ભી મરઘટ મેં રાખ રાખ હો જાવેં."

"રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છો, ચેત ચેત નર ચેત."

"મુલકોં કે માલિક થે, સેનાઓં કે સ્વામી થે;
સિકંદર જબ ચલ બસેં, તબ દોનોં હાથ ખાલી થે."

**દાક્તર** : રોગાદિ અશાતાનો ઉદય થાય ત્યારે જીવ દાક્તરનું શરણ ગ્રહે છે, પણ દાક્તર પણ મૃત્યુ સમયે બચાવી શકતા નથી. દાક્તર ખુદ જ મૃત્યુ સામે અશરણ છે, તો આપણા શરણ કેવી

રીતે થાય ? નિશ્ચયથી તો આયુષ્યકર્મ પૂર્ણ થતાં કોઈ બચાવી શકતું નથી. આયુકર્મ કોઈને આપી કે લઈ શકાતું નથી. 'શ્રી સમયસાર'માં કહ્યું છે :

"છે આયુક્ષયથી મરણ જીવનું, એમ જિનદેવે કહ્યું;
તું આયુ તો હરતો નથી, તે મરણ કયમ તેનું કર્યું ?
છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું;
તું આયુ તો દેતો નથી, તે જીવન કયમ તેનું કર્યું ?"

**પુણ્ય** : પુણ્યનો ઉદય હોય ત્યારે અજ્ઞાની જીવ છકી જાય છે. તે પુણ્યને પોતાનું સ્વરૂપ માને છે. પુણ્યના ઉદયમાં ગમે તેવા પાપો કરતાં અચકાતો નથી. ગમે તેટલો પુણ્યનો ઉદય હોય પણ તે રોગ, મૃત્યુ, દુઃખ સમયે શરણભૂત થતો નથી. શ્રી 'છહ ઢાળા'માં કહ્યું છે :

"પુણ્ય - પાપ ફલમાંહિ, હરખ વિલખૌ મત ભાઈ;
યહ પુદ્ગલ પરજાય, ઉપજિ વિનસૈ ફિર થાઈ.
લાખ બાત કી બાત, યહૈ નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ દંદ-ફંદ નિત આતમ ધ્યાઓ."

"ખુલ્લી હથેળી રાખીને, જીવો જગતમાં આવતા;
ને ખાલી હાથે આ જગતથી જીવ સૌ ચાલ્યા જતાં.
યૌવન ફના જીવન ફના, જર અને જગત પણ છે ફના,
પરલોકમાં પરિણામ ફળશે, પુણ્યનાં ને પાપનાં."

## શરણ કરવા લાયક કોણ ?

આ જગતમાં વ્યવહારથી સત્‌દેવ - સત્‌ગુરુ - સત્‌ધર્મનું શરણ ગ્રહણ કરવા યોગ્ય છે. નિશ્ચયથી શુદ્ધાત્માનું શરણ ઉપકારક છે. સમ્યગ્‌દર્શન - સમ્યક્‌જ્ઞાન - સમ્યક્‌ચારિત્ર - આ રત્નત્રય જ આપણું સાચું શરણ છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે :

"વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્‌પુરુષના યોગ વિના સમજાતું નથી. તો પણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન

કરવું.'' માનવજીવનની સફળતા સંયમ અને જ્ઞાનની આરાધનામાં છે તેમ 'સાર સમુચ્ચય' ગ્રંથમાં કહ્યું છે :

''नृजन्मनः फलं सारं यदेतद् ज्ञान सेवनम् ।
अनिगूहित वीर्यस्य संयमस्य च धारणम् ॥''

## વર્તમાન જીવનમાં 'અશરણ ભાવના'ને આત્મસાત્ કરવા શું કરવું ?

(૧) જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત્ત છે તેમ જાણી મૃત્યુનો ભય છોડી દેવો.

(૨) 'મૃત્યુ તો શરીરનું થાય છે, હું તો અજર, અમર, અવિનાશી આત્મા છું.' તેવી ભાવના દૃઢ કરવી.

(૩) જ્યાં સુધી આયુષ્ય છે ત્યાં સુધીમાં શક્ય તેટલી ધર્મની આરાધના કરી લેવી. સત્‌દેવ - ગુરુ - ધર્મનો આશ્રય દૃઢ કરી લેવો. અશુભ ભાવોનો ત્યાગ કરવો, શુભ ભાવોમાં પ્રવર્તવું, પણ શુદ્ધભાવનો લક્ષ્ય રાખવો.

(૪) ધનની પાછળ આંધળી દોડ ન લગાવવી. મર્યાદિત અને નીતિપૂર્વક ધન ઉપાર્જન કરવું.

(૫) જેને કમાવાની જરૂર નથી, તેણે તેની પાછળ સમય ન બગાડતાં ધર્મની આરાધનામાં પ્રવર્તવું.

(૬) પુણ્યના ઉદયથી ધનની વિપુલતા હોય તો તેને ધર્મકાર્યોમાં વાપરવું.

(૭) શરીરમાં અશાતા વેદનીયનો ઉદય થાય ત્યારે શાંતિ રાખવી. યોગ્ય ઉપચાર કરવાં, પણ શ્રદ્ધા એ રાખવી કે શાતા-વેદનીયનો ઉદય થશે અને અશાતા વેદનીયનો ઉપશમ થશે ત્યારે જ મારી વેદના શાંત થશે. માટે શરીરમાં રોગાદિ આવે ત્યારે આર્તધ્યાન કરવું નહિ.

(૮) જેમ કોઈ વૃક્ષ પર જુદી-જુદી દિશામાંથી પક્ષીઓ આવીને રાત્રે વિસામો કરે અને સવાર થતાં ઊડી જાય, તેમ કુટુંબરૂપી વૃક્ષ પર આવેલા જીવો પણ આયુષ્યકર્મ પૂર્ણ થતાં જુદી-જુદી ગતિમાં ચાલ્યા જાય છે. માટે કુટુંબીજનોની સેવા કરવી, પોતાની

ફરજ બજાવવી, પણ અંદરથી મોહ કરવો નહિ. તેમના વિયોગથી શોકાકુળ ન થવું.

(૯) પાપના ઉદયમાં દીન ન બનવું અને પુણ્યના ઉદયમાં છકી જવું નહિ.

(૧૦) અત્યંત દુર્લભ એવો મનુષ્યદેહ મળ્યો છે, તો તેની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવો. દેવ - ગુરુ - ધર્મનું અંતરથી શરણ ગ્રહણ કરવું.

(૧૧) નિશ્ચયથી શુદ્ધાત્માનું શરણ લેવું. અતીન્દ્રિય આત્માના આનંદને પ્રાપ્ત કરવા જ્ઞાન, ત્યાગ, વૈરાગ્યના પંથે યથાશક્તિ ચાલવા પ્રયત્ન કરવો.

(૧૨) સંસારની છોડજો માયા, સંયમમાં જોડજો કાયા;
ધર્મની મેળવજો છાયા, ક્ષણભંગુર છે કાયા.

(૧૨) માનવજીવન મિલા હૈ બેસ્ટ, ઉસે મત જાને દો વેસ્ટ;
ધર્મભાવના કા કરો ટેસ્ટ, મોહમાયા કો દો રેસ્ટ.
યહી હૈ ગુરુદેવ કી રિક્વૅસ્ટ.

(૧૩) जरा यावत् न पीडयति, व्याधिः यावत् न वर्ध्धते ।
यावदिन्द्रियाणि न हीयन्ते, तावत् धर्मं समाचरेत् ॥

***- શ્રી સમણસુત્તં***

અર્થાત્ જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતાં નથી, જ્યાં સુધી ઈન્દ્રિયો નબળી પડી નથી, ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લેવું જોઈએ.

**(શ્રી મિતેષભાઈ 'દિવ્ય ધ્વનિ' સામાયિકના તંત્રી છે, તપોવનમાં અધ્યયનકાર્ય કરે છે. તેઓએ અનેક આધારો સાથે પ્રસ્તુત લેખમાં અશરણ ભાવનાને સમજાવી તે અંગેનું પોતાનું વિશ્લેષણ સુંદર રીતે રજૂ કર્યું છે.)**

# अशरण भावना आधारित कथा

- *विजयलक्ष्मी मुंशी*

उपासना के क्षेत्र में भावना का बहुत अधिक महत्त्व है। भावनाओं से भावित व्यक्ति का जीवन सुखमय एवं श्रृंगार बन जाता है। भावना एवं अनुप्रेक्षा साधना का एक महत्त्वपूर्ण आयाम है। संसार चक्र में परिभ्रमण से मुक्त होने के लिए अनुभव सिद्ध ऋषि मुनियों ने इनको अचूक साधन बताया है।

## (१) भावना का अर्थ एवं महत्त्व :

जैन आचार परम्परा में भावना का महत्त्वपर्ण स्थान है। इससे परिपूत दान, शील, तप आदि की आराधना मोक्षप्रदा मानी गई है। भावना के प्रयोग व अनुचिन्तन से व्यक्ति की भावधारा में परिवर्तन एवं चित्त की निर्मलता होने से रूपान्तरण संभव हो जाता है। अतः कहा गया है -

*चिनु चित्ते भृशं भव्य भावना भावशुद्धये ।*
*याः सिद्धान्त महातन्त्रे देव देवैः प्रतिष्ठिताः ॥*

हे भव्य ! तू अपने भावों की शुद्धि के लिए अपने चित्त में बारह भावनाओं का चिंतवन कर, जिन्हें श्री तीर्थंकर भगवान ने सिद्धान्त के प्रबंध में प्रतिष्ठित की है।

भावना का अर्थ विचारणा, चिन्तन-मनन या अनुप्रेक्षा करना है अर्थात् संसार चक्र, भोगों की अनित्यता, जीवन की निस्सारता, सम्बन्धों एवं पदार्थों की अशरणता, तथा विचारों की विषमता पर संकल्पपूर्वक उत्कृष्ट चिन्तन कर अन्तर्दृष्टि जागृत करना है।

ये बारह भावनाऐं है - अनित्य भावना, एकत्व भावना, अशरण भावना, संसार भावना, अन्यत्व भावना, अशुचि भावना, आश्रव भावना, संवर भावना, निर्जरा भावना, लोक भावना, बोधि दुर्लभ भावना एवं धर्म भावना।

## (२) अशरण भावना :

बारह भावनाओं की अनुप्रेक्षा करते हुए जब एकत्व एवं अन्यत्व की भावना पुष्ट होकर अनुभव बन जाती है, तब स्वतः ही सांसारिक सम्बन्धों और सांसारिक पदार्थों द्वारा त्राण की भ्रांति टूट जाती है । एक के बाद एक सच्चाई प्रगट होने लगती है और व्यक्ति का व्यक्तित्व बदलने लग जाता है । व्यक्ति में अशरण एवं अत्राणता का भाव उत्पन्न होने लगता है । चिन्तन होने लगता है कि संसार के सभी सम्बन्ध माता-पिता, पति-पत्नी, भाई-बहिन, मित्र-परिजन आदि कोई भी एक दूसरे को त्राण नहीं देते है । व्यक्ति की मूढता है कि वह धन, पदार्थ और परिवारो को ही अपना त्राण और शरण मानता चला आ रहा है । 'आचारांग सूत्र' में कहा गया है -

*नालं ते तव ताणाए वा, सरणाए वा ।*
*तुमं पि तेसिं नालं ताणाए वा, सरणाए वे ॥*

न वे तुम्हें त्राण या शरण दे सकते है और न ही तुम उन्हें त्राण या शरण दे सकते हो ।

कहीं भी कोई भी त्राण नहीं और न ही कोई शरण । बस अत्राण ही अत्राण । चिन्तन होने लगता है कि बड़े-बड़े राजा-महाराजा, चक्रवर्ती सम्राट, वासुदेव-प्रतिवासुदेव, देवेन्द्र आदि कोई भी जन्म-मरण के चक्र से बचे नहीं है । न तो कोई उनकी रक्षा कर सका और न ही कोई उन्हें बचा सका । संसार का प्रत्येक व्यक्ति आरक्षक है और अपने कर्मानुसार चतुर्गति संसार में असहाय होकर परिभ्रमण कर रहा है । अपने शुभ और अशुभ कर्मों का फल भोग रहा है ।

इसी अत्राण एवं अशरण भावना से भावित होकर सब को अत्राण समझने पर मन में जिज्ञासा उठती है कि संसार में जब कोई शरण ही नहीं है तो फिर क्यों हम प्रतिदिन भावना करते है -

*अरहंते शरणं गच्छामि*
*सिद्धे शरणं गच्छामि*
*साहु शरणं गच्छामि*
*केवलि पन्नतं धम्म शरणं गच्छामि*

ऐसा विपर्यास क्यों ? जिज्ञासा का सही समाधान हमें अनाथी मुनि के जीवन वृत्त को पढ़ने से मिल जाता है जो इस प्रकार है ।

## (३) अनाथी मुनि का जीवन वृत्त (कथा) :

एक समय मगध राज्य का अधिपति राजा श्रेणिक राजगृही के पर्वत की तलहटी में स्थित 'मण्डिकुक्षि' नामक उद्यान में क्रीडा विहार के लिए गया । सुन्दर-सुन्दर पुष्पों, लताओं एवं वृक्षों से आच्छादित वह उद्यान अतीव मनोरम प्रतीत हो रहा था । अनेकों प्रकार के पक्षी उसमें रह रहे थे । नन्दनवन के समान शोभित उस उद्यान में राजा ने एक अत्यन्त ही सुन्दर, सौम्य, संयत व संयमित मुनि को एक वृक्ष के नीचे ध्यान में लीन देखा । इस यौवनावस्था में उसे साधु बना देख आश्चर्य विभोर हो गया ।

*अहो ! वण्णो अहो ! रूवं*
*अहो ! अज्जस्स सोमया !*
*अहो ! खंती अहो ! मुत्ती*
*अहो ! भोगे असंगया ॥*

मुनि के आभामण्डल से निकली किरणें राजा के अन्तःकरण को एक अनुपम शांति, मैत्री, करुणा व प्रमोद दे रहे थे । जब मुनि का ध्यान सम्पन्न हुआ तब राजा ने पास जाकर उस साधु के चरणों में नमस्कार कर व प्रदक्षिणा कर पूछा - हे मुनि ! आप तरुण है, भोग भोगने योग्य है, फिर क्यों इस अल्पवय में आपने दीक्षा धारण कर ली । मैं कारण जानना चाहता हूँ ।

राजा के बार-बार पूछने पर मुनि बोले - मैं अनाथ हूँ, असहाय हूँ । मुझ पर दया या अनुकम्पा करने वाला कोई भी नहीं है । न कोई रक्षक और न कोई पालक । राजा श्रेणिक बोले - यह कैसे हो सकता है । तुम ऐसे सहज सौभाग्यशाली हो । फिर कोई तुम्हारा नाथ कैसे नहीं ?

मुनि द्वारा बार-बार अनाथता की बात कहने पर राजा ने कहा - जो भी हो । पर लाचारी से साधु बनने का क्या मतलब । तुम तो शरीर सम्पदा से भी सौभाग्यशाली हो । अब भी तुम

अपना निर्णय बदल सकते हो । मनुष्य जन्म बार-बार नहीं मिलता है । आओ मेरे साथ ! मैं तुम्हारा नाथ बनता हूँ । मैं तुम्हें सब सुख-सुविधा दुंगा । जीवन भर आपकी अनुपालना और देखरेख करुंगा ! आपकी रक्षा की दायित्व मुझ पर होगा ।

अनाथी मुनि - आप यह क्या कह रहे हो ? आप स्वयं अनाथ हो, अरक्षित हो, अशरण हो फिर मेरे नाथ कैसे बन सकते हो ?

यह सुनकर राजा श्रेणिक हतप्रभ रह गया । आश्चर्य एवं व्याकुलता से सोचने लगा कि शायद मुनि ने उसे पहचाना नहीं है । इसी वजह से उसे अनाथ कह रहा है ।

राजा श्रेणिक - मैं अनाथ कैसे ! आपने मुझे पहचाना नहीं । मेरे पास अपार सम्पत्ति और वैभव है । मैं मगध सम्राट राजा श्रेणिक हूँ । मेरे पास हजारों चतुष्पद यानि रथ, हाथी, घोड़े व सुभट है । अनगिनत लोग मेरे आश्रय में है तथा हर पल मेरी सेवा में हाजिर रहते है । मेरा विशाल अन्तःपुर है । मनुष्य सम्बन्धी सभी भोगों को भोग रहा हूँ । इतना ऐश्वर्य एवं वैभव होने पर तुम मुझे अनाथ कैसे कह सकते हो । तुम असत्य मत कहो ।

अनाथी मुनि - मैं आपको भली भाँति जानता हूँ । आप यह सब कुछ होते हुए भी वास्तव में अनाथ है । आप ही क्या, सारा संसार अनाथ है । यह हमारा अहंकार और मतिभ्रम ही है कि हम अपने आपको सब कुछ मान लेते है ।

*न तुमं जाणे अणाहस्स*
*अत्थं पोत्थं व पत्थिवा*
*जहा अणाहो भवइ*
*सणाहो वा नराहिवा*

हे राजन् ! तुम अनाथ शब्द का अर्थ नहीं जानते हो । मेरा तुम्हें अनाथ कहने का आशय तुम नहीं समझे हो, अर्थात् तुम यह नहीं समझते हो कि कोई अनाथ या सनाथ कैसे होता है । तुम जरा भी आकुल-व्याकुल मत होओ और मेरी बात ध्यान से सुना कि व्यक्ति किस रूप में व किस कारण से अनाथ होता है ।

प्राचीन नगरों में असाधारण एवं अतिसुन्दर कौशाम्बी नगरी में मेरे माता-पिता रहते है । मेरे पिता के पास प्रचूर मात्रा में धन-दौलत है । मेरे भाई-बहिन, पत्नी, बन्धु-बान्धव सभी है । मैंने क्षण भर भी किसी दुःख या अभाव का अनुभव नहीं किया । मुझे पारिवारिक, मानसिक व शारीरिक सभी प्रकार का सुख प्राप्त था ।

यौवनावस्था में मुझे भयंकर अक्षिरोग हुआ । आँखों के साथ - साथ सम्पूर्ण शरीर में तीव्र वेदना एवं जलन होने लगी । आँखों की वेदना तो इतनी भयंकर व पीड़ादायक थी जितनी कि एक क्रोधित शत्रु द्वारा शरीर में तीक्ष्ण से तीक्ष्ण शस्त्र घुसेड़ने से भी नहीं होता है । इन्द्र का वज्र लगने से जैसी पीड़ा होती है वेसी ही दारूण वेदना मेरी कमर, अन्तश्चेतना एवं मस्तिष्क में हो रही थी । मेरा दुःख दूर करने के लिए सभी परिवारजनों ने अथक प्रयास किये । विद्यामंत्र - चिकित्सक, शास्त्र कुशल चिकित्सक तथा मंत्र-मूल विशारद सभी प्राणाचार्यों ने औषध और भेषज दोनों प्रकार की पद्धतियों से मेरा उपचार किया । गुरु परम्परा पर आधारित इस चतुष्पद चिकित्सा (वैद्य, औषध, रोगी और सुश्रूषा करने वाले परिचारक) से भी मुझे अपने दुःख से मुक्ति नहीं मिली । यह मेरी अनाथता है ।

मेरे पिता अपार धन राशि खर्च करके भी मुझे अपने दुःख से मुक्ति नहीं दिला सकें । यह मेरी अनाथता है ।

मेरी माता मेरे दुःख से व्याकुल और शोकग्रस्त होकर भी मेरी वेदना कम नहीं कर सकी । यह मेरी अनाथता है ।

हे राजन् ! मेरे सगे छोटे-बड़े भाई मुझे दुःख से मुक्त कर मेरी वेदना कम नहीं कर सके । यह मेरी अनाथता है ।

मेरी सगी छोटी-बड़ी बहिनें मुझे मेरे दुःख से मुक्ति नहीं दिला सकी । यह मेरी अनाथता है ।

महाराज ! मेरे मित्र और परिवारजन मुझे दुःख से मुक्त नहीं कर सकें । यह मेरी अनाथता है ।

मुझमें अनुरक्त एवं समर्पित मेरी पत्नी का रो-रो कर बुरा हाल हो गया । उसने अन्न-पानी, साज-श्रृंगार सभी छोड दिये और दिन-रात मेरी सेवा में बैठी रहीं । क्षण भर भी मुझसे दूर नहीं गई । वह भी मुझे मेरी वेदना एवं दु:ख से मुक्ति नहीं दिला सकी । यह मेरी अनाथता है ।

तब मेरे मन में विचार आया कि इस अनन्त संसार में मनुष्य को बार-बार दु:सह्य वेदना का अनुभव करना होता है ।

*"शरणमेकमनुसार चतुरंग, परिहर ममतासंगम्*
*विनय ! रचय शिवसौख्यनिधानं, शान्तसुधारसपानम्"*

हे विनय ! तू चतुरंग - अर्हत्, सिद्ध, साधु तथा केवली द्वारा प्रणीत धर्म की शरण स्वीकार कर, ममता के संग को छोड़ और मोक्ष-सुख के लिए निधिरूप शान्तसुधारस का पान कर । अंततः मैंने धर्म की शरण ली । मैंने अनुपम श्रद्धा की चिकित्सा का संकल्प किया कि यदि मैं इस वेदना से मुक्त हो जाऊ तो क्षांत, दांत और निरारम्भ होकर मुनि धर्म स्वीकार कर लुंगा ।

*सकृच्च यदि मुच्ये*
*वेदनाया: विपुलाया इत:*
*क्षान्तो दान्तो निरारम्भ:*
*प्रवजेयमनगारिताम्*

ऐसा संकल्प कर समर्पित भाव से मैं सो गया । भावना का अतिरेक श्रद्धा, आस्था, विश्वास एवं आत्मबल में बदल गया । हे राजन् ! जैसे-जैसे रात बीतती गई वैसे-वैसे मेरा रोग क्षीण होता गया । प्रात:काल तक मैं पूर्ण रूप से स्वस्थ हो गया ।

मुझे अनुभव हो गया कि धर्म ही त्राण है । मेरी चेतना उस शरण में विलीन हो गई जहाँ न कोई हीन है, न कोई दीन, न कष्ट, न भय, न रोग और न संताप । अब मेरे अन्तर्चक्षु नाथ और अनाथ की भेद रेखा को जान चुके है । नाथ वह होता है जो जितेन्द्रिय है, जितात्मा है तथा जिसका चित्त सुसमाहित हो चुका हैं । धम्मोत्तिकिच्चा - यह निश्चय होने पर मैंने माता-पिता, भाई-बहिन, पत्नी व बन्धु-बान्धव की स्वीकृति ली और अनगार धर्म स्वीकार कर लिया ।

*ततोऽहं नाथो जातः*
*आत्मनश्च परस्य च*
*सर्वेषां चैव भूतानां*
*त्रसानां स्थावराणां च*

अब मैं अपना तथा सभी त्रस और स्थावर प्राणियों का नाथ बन गया । अब मैं सनाथ हो गया तथा अपनी आत्मा पर शासन कर विधिपूर्वक श्रमण धर्म का पालन करता हूँ । महाराज ! आत्मा ही सब कुछ है । मेरी आत्मा ही वैतरणी नदी है और आत्मा ही कूटशाल्मली वृक्ष है । आत्मा ही कामदुधा धेनु है और आत्मा ही नन्दन वन है । हे राजन् ! आत्मा ही सुख-दुःख की कर्ता है और उनका क्षय करने वाली है । सत्प्रवृत्ति में लगी हुई आत्मा ही मित्र है तथा दुष्प्रवृत्ति में लगी हुई आत्मा ही शत्रु है ।

यह सारा वृत्तांत कहने के बाद अनाथी मुनि ने पुनः राजा से कहा - "हे राजन् ! अब मैं आपको दूसरी प्रकार की अनाथता के बारे में बताता हूँ । तुम इसे स्थिरता एवं एकाग्रता से शांत चित्त से सुनो ।"

(१) कुछ कायर लोग निर्ग्रंथ धर्म (जिनधर्म) को पाकर भी उसका यथावत पालन करने में शिथिलता बरतते है । यह उनकी अनाथता है ।

(२) कुछ लोग पाँच महाव्रत स्वीकार कर लेते है मगर उनका भलीभाँति पालन नहीं करते है । रसों में गृद्ध होते है तथा आत्मा का निग्रह नहीं करते है । बन्धनों का मूलोच्छेद भी नहीं करते है । यह उनकी अनाथता है ।

(३) कुछ लोग पाँच समितियों - इर्या, भाषा, एषणा, आदान-निक्षेप ओर उच्चार प्रस्त्रवण का शिथिलता से पालन करते है । ऐसे लोग वीरों के मार्ग का कदापि अनुगमन नहीं कर सकते अर्थात् वह मार्ग जिस मार्ग पर भगवान महावीर ने परिव्रजन किया था । यह उनकी अनाथता है ।

(४) कुछ व्रतों के पालन में स्थिर नहीं रहते तथा तप और नियमों से भ्रष्ट होते है । वे सिर्फ मुण्डरुचि होते है यानि सिर्फ मुण्डन में ही अपना श्रेय समझते है । ऐसे व्यक्ति लम्बे समय तक अपनी आत्मा को कष्ट देकर भी संसारचक्र से मुक्ति नहीं पा सकते है । यह उनकी अनाथता हैं ।

(५) जिस तरह खाली मुठ्ठी निस्सार होती है, मुद्रा रहित सिक्के खोटे होते है, वैडूर्य की तरह चमकने पर भी कांच मणि का कोई मूल्य नहीं होता है उसी की तरह ही असंयत मुनि होता है । यह उसकी अनाथता है ।

(६) कुछ कुशील साधुत्व धारण कर लेते है तथा वेष, रजोहरण आदि मुनि चिन्हों के द्वारा असंयत होते हुए भी अपने आपको संयत दिखाते है और उस आधार पर अपनी जीविका चलाते है । ऐसे शिथिलाचारी चिरकाल तक विनाश को प्राप्त करते है । यह उनकी अनाथता है ।

(७) जिस प्रकार के कालकूट विष, अनियंत्रित बेताल तथा गलत विधि से पकड़ा हुआ शस्त्र विनाशकारी होता है उसी प्रकार विषयों से (शब्द, रूप, रस, गंध, स्पर्श) से जुड़ा हुआ धर्म तारक नहीं मारक होता है, विनाशकारी होता है । यह ऐसे धार्मिक की अनाथता है ।

(८) जो लक्षण शास्त्र (मस्सा, तिल आदि), स्वप्न शास्त्र, निमित्त शास्त्र या कौतुक का प्रयोग करता है तथा जो मिथ्या आश्चर्य करने वाली, मंत्र-तंत्रात्मक विद्या द्वारा जीविका चलाता है, ऐसे मुनि को अपने किये हुए कर्म बन्धनों को भुगतने पड़ते है और उसे कहीं भी त्राण नहीं मिल सकता है । वह शीलरहित अज्ञानी साधु सतत् दुःखी होकर विपर्यास को प्राप्त करता है तथा नरक व तिर्यंच गति का बंध कर जन्म-मरण के चक्र में परिभ्रमण करता रहता है । यह उसकी अनाथता है ।

(९) जो एषणा के नियमों का पालन नहीं करता अर्थात् औद्धेशिक, क्रीतकृत, नित्याग्र आदि अनेषणीय आहार करता है वह अग्नि की तरह (जो सब कुछ जला कर नष्ट कर देती है ।)

सर्वभक्षी होकर पाप कर्मों का बन्धन कर अपना सर्वनाश कर लेता है। यह उसकी अनाथता है।

(१०) जो अंतिम समय की आराधना में भी विपरीत बुद्धि रखता है अर्थात् दुष्प्रवृत्ति को सत्प्रवृत्ति मानता है। उसकी दुष्प्रवृत्ति से जो अनर्थ उत्पन्न होता है, वैसा अनर्थ तो गला काटने वाला शत्रु भी नहीं करता है। वह संयम से उपरत रहता है। उसके लिये न यह लोक होता है और न परलोक होता है। इस तथ्य की जानकारी उसे तभी होगी जब वह दयाहीन व्यक्ति पश्चाताप करता हुआ मृत्यु के मुख में जायेगा। यह उसकी अनाथता है।

ऐसा कुशील स्वच्छन्दचारी साधु, जिनेश्वर द्वारा प्रतिपादित मार्ग का अनुसरण नहीं कर, धर्म की विराधना कर उसी तरह दुःख को प्राप्त करता है जिस तरह भोगरस में आसक्त गीध पक्षीणी अर्थहीन चिन्ता में ग्रस्त रहती है।

इस प्रकार के ज्ञानगुण से परिपूर्ण अनुशासन को सुनकर संयमित एवं शीलवान पुरुष कुमार्ग (कुशील व्यक्तियों का मार्ग) का अनुसरण न कर महा-निर्ग्रंथ मार्ग को अपनाता है तथा ज्ञान, दर्शन और चारित्र रूपी अनुत्तर रत्नत्रयी का संयमपूर्वक आचरण कर कर्मों का निर्जरण कर निरास्रव हो उत्तम मोक्ष धर्म को प्राप्त कर लेता है।

उस महातपस्वी, महायशस्वी, महाप्रतिज्ञ एवं महासंयमी महामुनि से यह अमूल्य उद्‌बोधन प्राप्त कर राजा श्रेणिक को शांति प्राप्त हुई। मुनि चरणों में प्रणाम करते हुए उन्होंने कहा - भगवन्! आपने मुझे अनाथ का यथार्थ रूप समझाया है। हे महामुनि! आपका जन्म और आपकी उपलब्धियाँ सफल है। तीर्थंकर द्वारा प्रतिपादित मार्ग का अनुसरण कर अब आप सनाथ हो गये, सबान्धव हो गये। मैं आपसे क्षमा चाहता हूँ। आपसे अनुशासित होना चाहता हूँ। मैंने आपसे विभिन्न प्रश्न पूछकर तथा सांसारिक भोगों के लिए निमंत्रण देकर जो विघ्न उपस्थित किया उसके लिए मैं क्षमा प्रार्थी हूँ।

इस प्रकार एक राजसिंह सम्राट श्रेणिक एख अनगार सिंह अनाथी मुनि से प्रतिबोधित होकर उनकी स्तुति करता हुआ जिनधर्म की शरण में चला गया । राजा ने मुनि के चरणों में श्रद्धापूर्वक वंदना की और परिवार सहित राजगृह चला गया । ज्ञान, दर्शन और चारित्र की रत्नत्रयी से भावित तीन दण्डों से विरत वह अनाथी अनगार निर्लिप्त भाव से विहग की भाँति वहां से प्रस्थान कर गया।

## (४) उपसंहार :

इस भावनात्मक एवं शिक्षात्मक कथा से हमारे अंतर्चक्षु खुल जाते है । हमें अपने प्रश्न का उत्तर भी मिल जाता है कि जब संसार में कोई किसी का त्राण या शरण नहीं है तो हम अरिहंत आदि चारों की शरण में जाने की बात क्यों करते है । समाधान स्पष्ट है । कथा एवं आत्म चिन्तन से ज्ञात हो जाता है कि जिन अरिहन्त, सिद्ध और साधु की शरण में जाने की बात करते है वे अन्य कोई नहीं, बल्कि हमारा आत्म स्वरूप ही है । यहाँ न तो कोई शरण देने वाला होता और न कोई लेने वाला । आत्मा का शुद्ध स्वरूप है - अर्हत् । आत्मा का सिद्ध स्वरूप है - सिद्ध । आत्मा का साधक रूप है - साधु । आत्मा का चैतन्य रूप है - धर्म । ज्ञान शरण है, दर्शन शरण है तथा चारित्र शरण है । अरिहंत, सिद्ध और साधु ज्ञान, दर्शन और चारित्र की त्रिपुटी है और ये सब आत्मा से भिन्न नहीं है । इसीलिए भगवान महावीर ने अशरण का सूत्र दिया । उन्होंने कहा -

*'असरणं सरणं मन्नमाणे वाले लुप्पइ'*

अशरण को शरण मानने वाला अज्ञानी मनुष्य नष्ट हो जाता है ।

*'जग में शरणा दोय शुद्धातम अरू पंच गुरू ।*
*आन कल्पना होय मोह उदय जियकै वृथा ॥'*

इनका अनुशीलन आवश्यक है । पंच परमेष्ठियों ने ही स्वाधीनता का मार्ग बताया, वस्तु स्वरूप का दर्शन कराया, निर्भय होने का मार्ग बताया तथा आत्मशक्ति का परिचय कराया । अतः इनको उपकारी मानकर, विद्वान संत शासन श्री मुनिश्री राकेशकुमारजी के शब्दों में -

*"संत अनाथी के जीवन से*
*प्राप्त करें हम यह उपयोग ।*
*आत्म शक्ति से किया उन्होंने*
*आध्यात्मिक उपचार प्रयोग ॥"*

क्योंकि यह हमारे जीवन के एक ऐसे अंश को स्पर्श करता है जिससे हमारे अन्तर्मन में विशुद्ध एवं सच्चा वैराग्य जागृत हो जाता है, अन्यथा बाहर में सब कुछ पाकर भी हम अनाथ ही रह जाते है ।

व्यवहार के धरातल पर भी अशरण भावना की अनुप्रेक्षा से आचार-विचार में परिष्कार, पदार्थवादी मूर्च्छा का परिहार, संस्कार निर्माण, सामाजिक दायित्वों में सुधार व क्रांति, शांति, सहिष्णुता, मैत्री आदि भावना की स्थापना होगी । मानसिक विकृतियों एवं मिथ्या संस्कारों से निजात मिल सकेगी तथा स्वस्थ चिन्तन एवं स्वस्थ व्यक्तित्व का निर्माण हो सकेगा ।

इस तरह का आत्मविश्वास और पुरुषार्थ ही अशरणता है इसे अहंकार, दैन्य भाव, पलायन या हीनभाव न समझे । यह तो अपने अस्तित्व की स्वीकृति, पूर्णता की अनुभूति तथा संकल्प की अभिव्यक्ति है । यह तो उस चैतन्य की लौ है जो व्यक्ति को काल, निमित्त, ईश्वर, कर्म आदि के भरोसे न रखकर अज्ञान के अंधेरे से निकाल कर ज्योतिर्मय बना देती है ।

## संदर्भ ग्रन्थ सूची


१. उत्तरज्झयणाणि (२००६) : सम्पादक विवेचक - वाचना प्रमुख आचार्य तुलसी आचार्य महाप्रज्ञ
प्रकाशक : जैन विश्वभारती लाडनूं ( राजस्थान )

२. जिणधम्मो (२०१३) : व्याख्याता आचार्य श्री नानेश
श्री अखिल भारतवर्षीय साधुमार्गी जैन संघ, बीकानेर

३. जैन योग (१९९९) : आचार्य महाप्रज्ञ, संपादक - मुनि दुलहराज
प्रकाशक : आदर्श साहित्य संघ, चूरु (राजस्थान)

४. जैन धर्म कथानुयोग (२०१३) : सृजन- साध्वी डो. विजयश्री 'आर्या'
प्रकाशक : महासती श्री कौशल्या देवी साहित्य प्रकाशन, श्री वर्द्धमान स्थानकवासी जैन श्रावक संघ, १ - महावीरनगर, तिलक नगर के पास, इन्दौर (म. प्र.)

५. ज्ञानार्णव (१९७५) : श्री शुभचन्द्राचार्य विरचित :
श्रीमद् राजचन्द्र जैन शास्त्र माला
श्री परमश्रुत भावक मण्डल
श्रीमद् राजचन्द्र आश्रम अगासस्थ

६. शान्तसुधारस (२०१२) : सम्पादक / अनुवादक - शासन श्री मुनि राजेन्द्रकुमार
प्रकाशक : आदर्श साहित्य संघ, २१०- दीनदयाल उपाध्याय मार्ग, नई दिल्ली

७. भावनामृतम् (२०१५) : शासनश्री मुनि सुखलाल
प्रकाशक : आदर्श साहित्य संघ, चुरु (राज.)

८. पुराने प्रसंग-नये संदर्भ (२०१५) : मुनि श्री राकेश कुमारजी
प्रकाशक : श्री जैन तेरापंथ, उदयपुर (राज.)

(સ્કૂલમાં શિક્ષણકાર્ય કરીને આચાર્ય તરીકે વર્ષો સુધી પ્રવૃત્ત રહેનાર વિજયલક્ષ્મી મુંશીજીએ પ્રસ્તુત લેખમાં કથા દ્વારા અશરણ ભાવનાને સમજાવીને તેનું વિશ્લેષણ કર્યું છે, જે તેઓની વિષય ઉપરની પકડ દર્શાવે છે. લેખની રજૂઆતની શૈલી ખૂબ પ્રાસાદિક છે.)

# અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા

- ગુણવંત બરવાળિયા

કર્મના બોજથી ભારે બનેલ આત્માને શુદ્ધ અને હળવો બનાવવા પૂર્વાચાર્યોએ આત્મશુદ્ધિની પદ્ધતિઓ બતાવી છે. સર્વપ્રથમ ભાવના પર પૂ. કાર્તિકેય સ્વામીએ ચિંતન કરેલું. મહોપાધ્યાય વિનયવિજયજીએ બાર ભાવના અને ચાર પરાભાવનાનું શાંતિસુધારસ રૂપે વિવેચન કરી અને મુમુક્ષુ જીવો પર પરમ ઉપકાર કર્યો છે.

ભાવના એટલે અનુપ્રેક્ષા, અંતરદૃષ્ટિ, આત્મદૃષ્ટિએ જોવાથી અંતરચક્ષુ ખૂલી જાય છે અને આંતરદર્શનથી અધ્યાત્મમાર્ગને નવી દિશા મળે છે.

આપણે સ્વને કદી બરાબર ઓળખ્યો નથી અને પરને પર રૂપે જાણેલ નથી, એ કારણે જ સાચા સુખથી વંચિત રહ્યા છીએ. આપણે જ આપણા ચૈતન્યને કર્મના જાળામાં બંદી બનાવી દીધો છે. કર્મના આવરણથી ઢંકાયેલ આત્મા દેખાય જ નહિ તો તેનો પરિચય કઈ રીતે થાય ? જ્ઞાનીઓએ આત્માને કર્મમુક્ત બનાવવાની પ્રક્રિયાને વેગવંત બનાવવા માટે, વૈરાગ્યવર્ધક બાર ભાવનાઓ બતાવી છે. ધર્મધ્યાન કરવામાં નિમિત્ત, આ ભાવનાઓ, આત્માને સ્વની સાથે એની મૂળ સ્થિતિમાં અનુસંધાન કરાવનાર, આખા જીવનનું પૃથક્કરણ કરે છે. આપણો પોતાનો પર વસ્તુ સાથે સંબંધ કેવો છે અને શા કારણે થયો છે, અને કેટલો વખત ચાલે તેવો છે ? તેનું સ્પષ્ટ ભાન કરાવે છે.

**આત્મસંમોહન :**

વ્યક્તિ જેને માટે ભાવના કરે છે, જે અભ્યાસનું સતત પુનરાવર્તન કરે છે તે જ રૂપે તેના સંસ્કારોનું નિર્માણ થાય છે. આ આત્મસંમોહનની પ્રક્રિયા છે.

અનુપ્રેક્ષા એટલે ધ્યાનમાં આપણે જે કાંઈ જોયું તેના પરિણામ અંગે વિચાર કરવો અનુનો અર્થ છે. પછીથી થનાર, પ્રેક્ષા એટલે વિચાર કરવો.

પંચપરમેષ્ટીના ગુણોનું સતત ચિંતન અનુપ્રેક્ષાથી એ ગુણોનું આપણામાં અવતરણ થાય, એ ગુણો આપણામાં આત્મસાત થાય તેવી પ્રક્રિયા

કરાવે છે. જે અભ્યાસનું સતત પુનરાવર્તન કરીએ તેના જેવા થવાય છે. અરિહંત થવા માટે અરિહંતમય બનવું પડે. અશુભ ભાવોમાંથી શુભ ભાવોમાં અને શુભમાંથી શુદ્ધભાવો તરફ જવાની યાત્રા એટલે અનુપ્રેક્ષા.

ધર્મધ્યાનમાં ચાર અનુપ્રેક્ષાઓનો અભ્યાસ કરાય છે : (૧) એકત્વ અનુપ્રેક્ષા, (૨) અનિત્ય અનુપ્રેક્ષા, (૩) અશરણ અનુપ્રેક્ષા અને (૪) સંસાર અનુપ્રેક્ષા.

એકત્વ અનુપ્રેક્ષામાં આપણે એ ચિંતન કરવાનું છે કે - 'હું આ સંસારમાં એકલો આવ્યો છું, એકલો જન્મ્યો છું અને એકલો મૃત્યુ પામવાનો છું.'

માટે હવે હું આ પરસત્યનો સ્વીકાર કરું છું. મારે એકલાએ જ ચાર ગતિ અને ૮૪ લાખ યોનિમાં ભટકવાનું છે, તો શા માટે હું એકલો જ મારું આત્મહિત, મારું આત્મકલ્યાણ ન સાધી લઉં ? નમિ રાજર્ષિનો પ્રસંગ આપણે સાંભળ્યો છે. રાણીઓના હાથમાંના કંકણનો અવાજ બંધ થતાં ચિંતિત કરતાં તે કહે છે, એકમાં જ સાચી શાંતિ છે, આ વિચારમાં આત્મ પ્રતિ એકત્વભાવનું ચિંતન અભિપ્રેત છે.

**અનિત્ય ભાવના :**

અનિત્ય ભાવનામાં આપણે ચિંતન કરવાનું કે શરીર અનિત્ય છે. સાંસારિક સંબંધો અને સગપણો ચિરંજીવ કે શાશ્વત નથી. આત્મિક વસ્તુથી પર સર્વ પૌદ્‌ગલિક વસ્તુઓ તે સ્વરૂપે અનિત્ય છે. આ શરીર અને યૌવન અનિત્ય છે. સત્તા અને સંપત્તિ અનિત્ય છે, તો તેનું અભિમાન શા કામનું ? આપણા જીવનવ્યવહારમાં અનિત્ય અનુપ્રેક્ષા છે.

અષ્ટાપદની રક્ષા કરતાં સાગરચક્રવર્તીના તમામ પુત્રો મૃત્યુ પામ્યા. ત્યારે સાગર આર્તધ્યાનથી પાગલ જેવો થયો. એ સમયે ઈન્દ્ર મહારાજે તેને અનિત્ય ભાવનાની સમજણ આપી શોક દૂર કર્યો હતો.

**અશરણ ભાવના**માં અનુપ્રેક્ષા કરવાની છે કે જીવનને અન્યના આધાર પર ટકવા દેવા જેવું નથી. આધાર, ટેકો કે શરણ આપનારું જ સ્થાયીપણું નથી. અશરણ જ ભાવના આત્મશરણ પ્રતિ જાગૃતિ આણશે. જ્યારે અનાથિમુનિને મહારાજા શ્રેણિક કહે છે કે - 'હું તમને શરણ આપીશ.' ત્યારે મુનિ કહે છે કે - 'રાજન્ ! તમે પણ અનાથ છો, ખુદ તમને કોઈનું શરણ નથી તો તમે મને શું શરણ આપશો ?'

**ચાર શરણાં :**

વિશ્વનાં ચાર શ્રેષ્ઠ શરણભૂત તત્ત્વો છે -

अरिहंते शरणं पवज्जामि, सिद्धे शरणं पवज्जामि ।
साहू शरणं पवज्जामि, केवली पन्नतं धम्मं शरणं पवज्जामि ॥

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચાર શરણાં ધારણ કરે તેનું સમગ્ર જીવન મંગલમય થાય છે.

**સંસાર ભાવના :**

વિચારવાનું કે સંસારની વિચિત્ર રચના, કર્મના પ્રકારો, મનોવિકારના આર્વિભાવની ક્ષણે-ક્ષણે સ્વાર્થ, રાગદ્વેષની પરિણતી એ સંસાર ભાવનાનું ચિંતન, જીવને વીરાગતા પ્રતિ દોરી જશે.

સંસારના અન્ય પરપદાર્થો અને અન્ય સંબંધોમાંથી સુખ નહિ મળે, સુખ તો આપણા આત્મામાં જ છે.

**ભાવનાયોગ વિજ્ઞાન :**

જૈનભાવના પદ્ધતિને ભાવનાયોગ પણ કહે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં ભાવના આત્મશુદ્ધિ માટે આત્માના ઉર્ધ્વગમન માટે આવશ્યક છે. ભાવના મનોવૈજ્ઞાનિક અને શરીરવિજ્ઞાનની દૃષ્ટિએ પણ અગત્યનું સ્થાન ધરાવે છે. નકારાત્મક વિચાર દૂર કરી હકારાત્મક ચિંતન **Positive thingking** શરીર અને મનને સ્વસ્થ કરે છે.

કોઈ એક રોગી સતત ચિંતન કરે કે - 'હું રોગમુક્ત થઈ રહ્યો છું,' તો તે ઝડપથી રોગમુક્ત થશે જ. રશિયામાં પૉઝિટિવ થિંકિંગના પ્રયોગ થઈ રહ્યા છે.

## પોઝિટિવ થિંકિંગ : શ્રદ્ધાયુક્ત અનુપ્રેક્ષા

એક ફાંસીની સજા પામેલા કેદીને જેલરે કહ્યું કે - 'કાલે તારો ફાંસીની સજા દેવાનો દિવસ છે. માનવીને વધુમાં વધુ પીડા દુ:ખ આપે એવા એક ઈન્જેક્ષનની શોધ થઈ છે, જે ઈન્જેક્ષન દેવાથી એક કલાક સુધી પીડા-તડફડાટ દુ:ખ થાય છે. તે પ્રયોગ તમારા પર કરવાનો છે. તમે આ પ્રયોગ કરવા દેશો તો તમારી સજામાં ફેરફાર પણ થઈ શકશે.

બીજે દિવસે કેદીને ઈન્જેક્ષન આપતાં તેને એક કલાક સખત પીડા, વેદના થઈ, દુઃખ થયું. તેણે ધમપછાડા કર્યા. ડૉક્ટરને પૂછ્યું કે - 'આમાં કયુ કૅમિકલ હતું જેથી તેને આટલી વેદના થઈ ?' ડૉક્ટરે કહ્યું કે - 'કશું નહિ. માત્ર પાણી હતું. માત્ર નકારાત્મક ચિંતનથી આ પીડા ઉપજી.' દર્દીએ આખી રાત નૅગેટિવ થિંકિંગમાં ગાળી કે સવારે મને જે ઈન્જેક્ષન આપવામાં આવશે તેનાથી મને અપાર વેદના થશે તેના પરિણામે તેને પીડા થઈ.

એક દર્દીને ભારે શરદી થઈ. વૈદે દવા આપી. દર્દીએ દવાનું નામ પૂછ્યું. વૈદ કહે : "મહાપ્રતાપ લંકેશ્વરી રસ." દર્દીને થયું, દવા કેટલી ભારે કીમતી હશે. 'રસ' અને 'પ્રતાપ' નામ ધરાવતી દવા પ્રત્યે દર્દીને શ્રદ્ધા બેઠી કે સારું થશે જ. ટૂંક સમયમાં દર્દીને સારું થયું. વૈદને પૂછ્યું : "દવામાં શું હતું ?" તો કહે : "તે રાખ અને મરી, બે જ દ્રવ્યો દવામાં હતાં." દર્દ મટાડવા માટે શ્રદ્ધાયુક્ત અનુપ્રેક્ષા કારણભૂત હતી.

**અન્યત્વ ભાવનામાં** ચિંતન કરવાનું છે કે પોતાના આત્મતત્ત્વ સિવાય તમામ પૌદ્ગલિક વસ્તુઓ આત્માથી પર છે. અન્યત્વ ભાવનાથી સ્વ અને પરની સમજણની ઉઘાડ થાય છે. પરમાં રાચવું તે અલ્પજ્ઞતા છે. તેનું ભાન થતાં ભવચક્રની ગૂંચવણનો જલદીથી નિકાલ થાય છે અને સમજાય કે પરમાંથી સુખ ના મળે. સુખ તો આત્માની અંદર પડેલું છે.

**'આનંદ કંદ છે આત્મા, આનંદ એમાંથી મળે;**
**અન્યે ન વલખા મારતો એ મારવાથી શું વળે ?'**

મેળવવા જેવું સુખ હોય તો એકમાત્ર આત્માનું જ સુખ છે. પુણ્યના યોગે મળતા સુખમાં પણ રાચવા જેવું નથી. પુણ્યોદય સમાપ્ત થતાં એ સુખ પણ ચાલ્યું જશે. માટે એને સુખ નહિ પણ સુખાભાસ જ કહેવાય. જો રાજવૈભવમાં સુખ હોત તો તીર્થંકર તેને છોડીને જાત નહિ.

જો પત્નીમાં સુખ હોત તો સુરિકંતા તેના પતિને ઝેર ન આપત. જો પુત્રમાં સુખ હોત તો શ્રેણિક મહારાજાને કોણિક જેવો પુત્ર ન હોત, જે તેના પિતાને કેદમાં પૂરવા તૈયાર થાય. સત્તામાં જો સુખ હોત તો શુભમ ચક્રવર્તી નરકે ન જાત. માટે જ જ્ઞાનીએ કહ્યું છે કે - 'સંસારસંબંધો કે અન્યમાં સુખ નથી, સુખ માત્ર આત્મામાં જ છે.'

**અશુચિ ભાવનામાં** આપણે ચિંત કરવાનું છે કે - 'આ શરીરને આપણે આપણું પોતાનું માન્યું છે. તે તો હાડ, માંસ, લોહી અને ચરબી જેવા પદાર્થોથી ભર્યું છે.' વળી તેમાં પારાવાર અશુચિ અને રોગો ભર્યા છે. અશુચિ ભાવના ચિંતનથી, પવિત્ર શુદ્ધ ચૈતન્ય આત્મા પ્રતિ લગાવ વધશે. સનત્કુમાર ચક્રવર્તીના જીવનના પલટાતા પ્રવાહોનું નિરીક્ષણ કરવાથી આ ભાવના પુષ્ટ થશે.

**આશ્રય ભાવનામાં** અનુપ્રેક્ષા કરવાની કે જ્ઞાનીઓને આ સંસાર ભવવન સમાન લાગે છે. આ ભવવનમાં આશ્રવોનાં વાદળોની સતત વર્ષા થતી દેખાય છે એટલે આ સંસાર પરિભ્રમણમાં આત્માને સતત કર્મો ચોંટતા રહે છે. ચિત્તવૃત્તિના સંયોગનું પરિણામ આશ્રવ છે. જ્ઞાનીઓની સૂક્ષ્મ દૃષ્ટિ જીવાત્માને તળાવ રૂપે અને ઝરણાંઓને જમીનમાંથી ફૂટતા પાણીના નાના-નાના પ્રવાહને આશ્રવ રૂપે નિહાળે છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આશ્રવનું કારણ છે. આશ્રવ ભાવનાના ચિંતનમાં વિચારવાનું કે મારા પુરુષાર્થ અને સદ્ગુરુની કૃપાથી મિથ્યાત્વનાં વાદળો દૂર થઈ સમ્યક્દર્શનનો સૂર્ય મારા આત્મપ્રદેશને પ્રકાશિતકરે, વિરતિની છત્રી આ આશ્રવના વરસાદથી જીવનું રક્ષણ કરી શકે.

**સંવર ભાવના** આવતાં કર્મોને અટકાવવા તેનું નામ સંવર છે. પૂજ્ય ઉમાસ્વતિ મહારાજે 'તત્ત્વાર્થ સૂત્ર'ના નવમા અધ્યયનમાં આશ્રવ નિરોધને જ સંવર કહેલ છે. નિમિત્તથી કર્મબંધન થાય છે, તે આશ્રવ, છે તેનો પ્રતિબંધ કરવો એટલે સંવર.

**નિર્જરા ભાવના**ની અનુપ્રેક્ષા કરતાં-કરતાં કર્મ પ્રક્રિયાને સમજી લેવી જરૂરી છે. અગાઉ આપણે આશ્રય અને સંવર વિશે વાત કરી ગયા. નવા આવતા કર્મોના પ્રવાહને અટકાવવા જેમ પુરુષાર્થ જરૂરી છે તેમ અગાઉના કર્મોને ખપાવવા પણ પુરુષાર્થ જરૂરી છે. દરેક સમયે સાતકર્મો બંધાય છે. ભલે ઉદમયમાં આઠ કર્મો હોય, પરંતુ ઉદય કરતાં કર્મબંધ વધારે થયો હોવાથી આત્મા પર કર્મોના થર બંધાતા જાય છે. આત્મા પર કર્મોનો ભાર ઓછો કરવા તેનો નિકાલ કરવો જરૂરી છે. આ નિકાલની પ્રક્રિયા એ જ નિર્જરા ભાવના છે. કર્મનો બંધ આત્મા સાથે થાય છે, તે વખતે તેની સ્થિતિ પણ નક્કી થાય છે. એ સ્થિતિ

એટલે ઉદયકાળ. કર્મ વિપાક ફળ ક્યારે ઉદયમાં આવી શકે. તેનો નિર્ણય સ્થિતિબંધ કરે છે. એ સમયની પ્રાપ્તિ થાય તે પહેલાં કર્મ પડ્યું રહે, કંઈ પણ ફળ ન આપે, તે વચગાળાના સમયને અબાધકાળ કહેવામાં આવે છે.

નિર્જરા ભાવ બાહ્ય અને આભ્યંતર તપ દ્વારા કેટલાંક કર્મોને સીધેસીધા (વિપાકમાં ભોગવ્યા સિવા) આત્મપ્રદેશ ઉપરથી (પ્રદેશોદયથી) ખેરવી શકાય છે. આમ નિર્જરા દ્વારા સંચિત કર્મોનો ક્ષય થઈ આત્મા હળુકર્મી બને છે.

બાહ્ય તપ છ પ્રકારના છે - અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયાક્લેશ, સંલીનતા અને છ પ્રકારના અભ્યાંતરતપમાં - પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, શુભધ્યાન અને કાર્યોત્સર્ગનો સમાવેશ થાય છે.

કર્મબંધ બે પ્રકારે થાય છે - નિકાચિત કર્મબંધ અને અનિકાચિત કર્મબંધ. બાંધેલા કર્મો ભોગવવા પડે છે. આ જન્મમાં યા જન્માંતરમાં કોઈ પણ ઉપાયો દ્વારા નિકાચિત કર્મબંધ તૂટતો નથી, ક્ષય પામતો નથી, પરંતુ ઉગ્ર તપને સહારે નિકાચિત કર્મ પણ પ્રાયઃ મોળા પડે છે.

તપ દ્વારા જૂના કર્મોનો નાશ થયો અને જ્ઞાનબળ દ્વારા, નવાં કર્મો ન આવે તે નિર્જરા છે. જેવી રીતે સરોવરમાં આવતું નવું પાણી અટકી જાય, તેવી રીતે સંવર, આત્મપ્રદેશ પર કર્મોના આવતા પ્રવાહને રોકે છે, અને જેમ સૂર્યનો તાપ સરોવરના પાણીને શોષે છે, તેવી જ રીતે નિર્જરા જૂનાં કર્મોને શોષી લે છે એટલે નષ્ટ કરે છે.

કર્મરૂપ વ્યાધિનું ઔષધ તપ છે. બીમારી દૂર કરવા માટે જેમ ઔષધિ લેવામાં આવે છે, તેમ કર્મરૂપ વ્યાધિનો ઉપાય તપ છે. આયુર્વેદમાં ઔષધ કઈ ચીજ સાથે લેવું તે ચીજને અનુપાન કહે છે, પરંતુ પૂર્વાચાર્યોએ કર્મરોગના ઉપાય માટે અનુપાન અને ઔષધ બંનેમાં તપનો સ્વીકાર કરવા જણાવ્યું છે. જેમ કે ઔષધમાં આભ્યંતર તપમાંથી ધ્યાન કે કાયોત્સર્ગ લીધો હોય તો અનુપાન તરીકે ઉપવાસાદિ બાહ્ય તપ લઈ શકાય. વધારામાં બ્રહ્મચર્યપાલન કે અભ્યક્ષ્ય ત્યાગ, એ જિનાજ્ઞા અનુપાન છે.

આ સમજણથી તપ દુઃખરૂપ નહિ પણ સુખરૂપ લાગશે અને તપથી આંતરિક આનંદની ધારા અખંડિત વહેશે. તેથી આંતરિક પ્રસન્નતા અને

માધુર્યામાં વૃદ્ધિ થશે. અજ્ઞાનીના લાખ વર્ષના તપ કરતાં પણ જ્ઞાનીનું સમજણપૂર્વકનું, ભાવપૂર્વકનું એક શ્વાસોચ્છ્વાસ જેટલું તપ અર્થપૂર્ણ છે.

સમકિતી જીવ, જ્ઞાની સમજણપૂર્વક નિર્જરા કરે તેને સકામ નિર્જરા કહે છે. મિથ્યાત્વી જીવો અકામ નિર્જરા કરે છે, પરંતુ બંનેની કર્મનિર્જરાના પરિણામને સમજવું રસપ્રદ થઈ પડશે. એક વ્યક્તિને શિક્ષા કરવામાં આવી કે તેને આજે જમવાનું આપવામાં આવશે નહિ. મિથ્યાદૃષ્ટિ જીવની ન જમવાને કારણે અકામ નિર્જરા તો થશે, પરંતુ સાથે-સાથે તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરશે. શિક્ષા કરનાર પ્રત્યે દ્વેષભાવ કરશે તેથી તેને કર્મબંધન થશે. જ્યારે સમ્યક્ સન્મુખ જીવ, સામેવાળી વ્યક્તિ પર દ્વેષ કરશે નહિ. પોતાના કર્મને નિમિત્ત ગણી ભૂખ સહન કરી લેશે તેથી તેનાં નવાં કર્મો બંધાશે નહિ.

જ્ઞાનીઓએ કર્મનિર્જરા માટે, અભ્યંતર તપમાં ધ્યાનની વિશિષ્ટતા બતાવી છે. ધ્યાન દ્વારા વ્યક્તિ વર્તમાનમાં જીવવાનો પુરુષાર્થ કરે છે. શરીરના બાહ્ય અને આંતર અંગોની સંવેદના અને સ્પંદનોનું સાક્ષીભાવે નિરીક્ષણ કરે છે. આ પળ જીવન માટે સ્વયં સંવર બની જાય છે. આશ્રવ પ્રવાહ અટકવાને કારણે નવા કર્મ બંધાતા નથી. સંવેદન સાક્ષીભાવે સમતાપૂર્વક વેદાય, તેથી કર્મ-નિર્જરા થાય છે. પૂર્વ સંચિતકર્મોની ઉદીરણા કરે તેની નિર્જરા કરવાના સાધન તરીકે ધ્યાનનો ઉપયોગ થાય છે.

તપને માત્ર દેહદમન નહિ, પરંતુ વૃત્તિઓના ઉપશમનના ઉપાય તરીકે સ્વીકારવાનો છે અને લૌકિક મન માટે નહિ, પરંતુ પરલૌકિક કે લોકોત્તર રૂપે જે સ્વીકારી શકાય.

પૂર્વાચાર્યોએ બતાવેલી વૈરાગ્યભાવનાઓમાં મોક્ષભાવના નામની કોઈ ભાવના નથી, પરંતુ આ નિર્જરા ભાવનામાં જ સંપૂર્ણ રીતે મોક્ષભાવના અભિપ્રેત છે.

**લોકસ્વરૂપ ભાવનાનું** ચિંતન કરતાં સંસારની વ્યવસ્થા વિચારવી, એના અનેક સ્થાનો સમજી, ત્યાં પ્રાણી આવે છે અને જાય છે. એક ખાડામાંથી બીજામાં પડે છે. લોકસ્વરૂપનું ચિંતન કરતાં બે બાબતોનો વિચાર કરવો જોઈએ. એક, જ્ઞાનીઓ કહે છે કે - 'આ સંસાર-ચૌદ રાજલોકમાં એવું કોઈ પણ સ્થાન નથી કે જ્યાં આપણો આત્મા જઈ આવ્યો ન હોય. નરક અને તિર્યંચના ભયંકર દુઃખો અને યાતનાવાળા

સ્થળોએ પણ આ જીવ જઈ આવ્યો છે, અને સ્વર્ગના ભવ્ય દૈવી સુખોવાળા અનેક સ્થળે પણ આ જીવ જઈ આવ્યો છે, તો વર્તમાનના આ સુખ-દુઃખ તેની વિસાતમાં કાંઈ નથી તેવું ચિંતવતા વર્તમાનની સ્થિતિનો આપણે સહજ સ્વીકાર કરી શકીશું.'

વળી ચૌદરાજલોકની ભવ્યતા, દિવ્યતા અને વિશાળતાનું ચિંતન કરતાં આપણી અહં અને મમની દિવાલો તૂટશે.

આ સમગ્ર સંસારમાં કેવી સમૃદ્ધિ પ્રતિભાઓ છે, તેની તુલનામાં આપણું સ્થાન ક્યાં છે ? તે ચિતવના કરવાની છે.

**અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન ક્યાં ? :**

વર્તમાન સમયની ફૉર્બ્સની (Forbes) અબજોપતિની યાદીનાં અનેક લક્ષ્મીપતિઓની તમામ સંપત્તિ કરતાં લાખો ગણી સમૃદ્ધિ કુબેર પાસે હતી, અને તે સર્વસ્વ ત્યાગવાની તાકાત પણ તેનામાં હતી, તે ઐશ્વર્યની સામે આપણી સંપત્તિના સામ્રાજ્યનું શું મૂલ્ય ?

બાહ્ય અને અંતરંગ તપનો જેના-જેના જીવનમાં સમન્વય હતો તેવા ભગવાન ઋષભદેવ કે જેને માત્ર સાધુને લેવા યોગ્ય ભિક્ષા 'નિર્દોષ ગોચરી' ન મળતાં સહજ રીતે થયેલું ચારસો ઉપવાસનું તપ યુગોથી અદ્વિતીય અને અપૂર્વ રહ્યું છે.

શ્રી કૃષ્ણનો યોગ, રામની મર્યાદા, મહાવીર-બુદ્ધની કરુણા અને નરસિંહ-મીરાંની ભક્તિ જીવનની ચરમસીમાએ પહોંચી હતી. વૈરાગ્ય ભાવમાંથી ફલિત થતો ધન્ના-શાલીભદ્રનો ત્યાગ, શ્રીરામ પ્રતિ સાચા ભ્રાતૃપ્રેમમાંથી પ્રગટતો ભરતનો રાજ્ય ભોગવટાના ત્યાગનો, આ જગત પર જોટો જડે તેમ નથી.

આનંદ-શ્રાવક, ભામાશા, જગડુશા, વસ્તુપાળ અને તેજપાળ જેવા વીરોએ પોતાના ન્યાયસંપન્ન વૈભવમાંથી ઉલ્લાસભાવે સુપાત્રે દાન દઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. શેઠ સુદર્શનના શીલવ્રત અને ગણધર ગૌતમના જ્ઞાનને આપણે સદૈવ વંદન કરીએ છીએ.

જ્યારે આપણા જીવનમાં ત્યાગ, તપ, દાન, શીલ કે જ્ઞાનપ્રાપ્તિનું કોઈ સત્કાર્ય થાય કે સફળતા મળે, તે સમયે સૂક્ષ્મ અહમ્ આપણામાં પેસી જવાનો ભય હોય છે, તે ક્ષણે આવા મહાન આત્માઓનું પાવન સ્મરણ

કરી તેમના જીવનમાં તપ, ત્યાગ, શીલ, બાહ્ય અને આંતરવૈભવની સાથે આપણી સરખામણી કરવી જોઈએ, તેમ કરવાથી લાગશે કે આમાં આપણી શી વિસાત ? આ અનુપ્રેક્ષા-ચિંતન આપવામાં જાગૃતિ લાવશે. તેથી જીવનમાં લઘુતાભાવ પ્રગટ થશે, જે અહંકારના આક્રમણ સામે કવચ બની રહેશે.

રાજકીય, સામાજિક કે ધર્મસંસ્થામાં પદ મળે, પૈસા કે પ્રતિષ્ઠા મળે, જીવનમાં અહંકારના પ્રવેશનો ભય લાગે ત્યારે અંતરના પ્રવેશદ્વાર પર 'આ વિરાટ વિશ્વમાં આ પદની શી વિસાત ?'નો વિચાર અહમ્ સામે ચોકીદાર બની માન કષાયથી આપણા આત્માનું રક્ષણ કરશે.

વિશ્વચિંક બટ્રૉન રસેલે એક લઘુકથા લખી છે. તે રૂપકને થોડી જુદી રીતે આપણા નિજી જીવનમાં પરિપ્રેક્ષ્યમાં તપાસવા જેવું છે.

પ્રસિદ્ધ અને ભવ્ય મંદિરનો એક પૂજારી નિદ્રાધીન થતાં, તેને એક સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં જોયું કે - 'તે સ્વર્ગને દરવાજે પહોંચી ગયો છે, પરંતુ દરવાજો એટલો મોટો છે કે તેના છેડાઓની ખબર જ નથી પડતી. તે માથું ઊંચકી જુએ છે, તે આશ્ચર્યથી જોતો જ રહી જાય છે, પરંતુ તેનો કોઈ અંત દેખાતો નથી. એ દરવાજા પર નાના માણસના ટકોરાની શી અસર થાય ? તે અસીમ સુનકારમાં કાંઈ અવાજ પેદા ન થયો એ માથું ઠોકી ઠોકીને થાકી જાય છે અને ખૂબ દુઃખી થાય છે. કારણ તેણે તો હંમેશાં એમ જ વિચાર્યું હતું કે - 'હું ભગવાનની દિવસ અને રાત પૂજા કરું છું, એથી હું જઈશ ત્યારે ભગવાન દરવાજા સામે મારા સ્વાગત માટે હાથ ફેલાવી ભેટવા તૈયાર હશે.' પરંતુ અહીં તો દરવાજો જ બંધ છે.

ખૂબ બૂમબરાડા પાડ્યા પછી, એક નાની બારી ખૂલે છે અને પ્રકાશનો પૂંજ દેખાય છે. તે જોઈ પૂજારી ગભરાય જાય છે. દરવાજાની બાજુમાં સરકી જાય છે; કારણ કે બારમાંથી એક-બે નહિ હજાર - હજાર તેજસ્વી આંખો દેખાણી. પૂજારીની આંખો અંજાય જાય છે. તેને આંખે અંધારા આવવા લાગ્યા. પૂજારી બૂમ મારીને કહે છે : "મહેરબાની કરી અંદર જતા રહો અને ત્યાંથી જ વાત કરો, મારા સામે જુઓ નહિ." એક-એક આંખનું તેજ હજાર સૂર્ય સમાન જણાય છે. તે કહે છે : "હે ભગવાન ! આપના દર્શન થઈ ગયા." બહુ કૃપા થઈ પરંતુ પેલી તેજસ્વી આંખોવાળી

વ્યક્તિ કહે છે : "હું ભગવાન નથી. હું અહીંનો દ્વારપાળ છું અને તમે ક્યાં સંતાયા છો, મને દેખાતા જ નથી ?" પેલી હજાર આંખોવાળી વ્યક્તિને પણ તે પૂજારી ક્યાંય નજરે ચડતો નથી એટલો વામન લાગે છે. આ અદ્‌ભુત ઘટનાથી પૂજારીને લઘુતા-દીનતાની અનુભૂતિ થવા માંડી. હું વિચારતો હતો કે - 'ખુદ ભગવાન દરવાજા પર મળશે, પરંતુ આ તો ભગવાનનો દ્વારપાળ છે.' થોડી વારમાં સ્વસ્થતા કેળવી પૂજારીએ દ્વારપાળને પૂછ્યું :

"તમને ખબર નથી કે હું આવવાનો છું ?"

દ્વારપાળે કહ્યું : "તમારા જેવું જીવજંતુ અનંતકાળમાં અહીં પહેલીવાર જ દેખાયું છે, ક્યાંથી આવો છો ?" પૂજારીએ કહ્યું : "પૃથ્વી પરથી આવું છું." દ્વારપાળ કહે : "આ નામ ક્યાંય સાંભળ્યું નથી. આ પૃથ્વી ક્યાં છે ?" ત્યારે એનો શ્વાસ અટકી ગયો, હૃદયના ધબકારા બંધ થવા માંડ્યા. જો પૃથ્વીનું નામ જ નથી સાંભળ્યું તો હિન્દુસ્તાનનું નામ અને તેના ધર્મના નામ ક્યાંથી સાંભળ્યાં હોય ? એ ધર્મોના સંપ્રદાયોના નામ એ જાણતો જ ન હોય. અને અમુક ગામના મંદિરોની એને શી ખબર હોય ? અને એ મંદિરોના પૂજારીને તો એ શું ઓળખે ? જ્યારે એ તો કહે છે કે - 'પૃથ્વીનું નામ જ પહેલી વખત સાંભળ્યું છે !'

દ્વારપાળે પુનઃ પ્રશ્ન કર્યો : "ક્યાં છે એ પૃથ્વી ?" પૂજારીએ પ્રત્યુત્તરમાં કહ્યું : "સૂર્યનો એક પરિવાર છે, તેમાં પૃથ્વી એક ગ્રહ છે." પેલો દ્વારપાળ કહે છે : "તમને ખબર નથી કે કેટલા પાર વગરના સૂર્યો છે ? કઈ નિહારિકા ? તેમાંનો કયો સૂરજ ? કયો નંબર (**Index Number**) છે ?" પૂજારી દિગ્મૂઢ થઈ સાંભળતો રહ્યો. પેલો દ્વારપાળ કહે : "તમારી આકાશગંગા(**Galaxy**)નો સંકેત નંબર (**Code Number**) બતાવી શકો તો પણ તમારા સૂરજની શોધખોળ થઈ શકે કે તમે કયા સૌર પરિવારમાંથી આવો છો." પૂજારી કહે : "નંબર ? અમે તો એક જ સૂરજને જાણીએ છીએ." દ્વારપાળે કહ્યું : "ચાલો પ્રયત્ન કરવામાં આવશે. શોધતા-શોધતા કદાચ પત્તો લાગી પણ જાય, પરંતુ આ રીતે શોધ કરવી એ બહુ અઘરી વાત છે." ગભરામણમાં પેલા પૂજારીની ઊંઘ ઊડી જાય છે. જાગૃત થતાં જ તે પસીનાથી તરબોળ થવા લાગે છે, તેને પહેલીવાર જાણ થાય છે કે

કૉસ્મિક વિશ્વ, વિરાટ જગતમાં એ વસે છે, ત્યાં પૃથ્વીનું જો કંઈ સ્થાન ઠેકાણું નથી તો 'અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન ક્યાં ?'

**ધર્મચિંતન અનુપ્રેક્ષા**માં ધર્મ શું ? તે ચિંતવવાનું છે, એનું સ્વરૂપ શું છે ? ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. નિમિત્ત અને સંયોગો પરથી દષ્ટિ હટાવી અને સ્વભાવ તરફ દષ્ટિ રાખવાનો અભ્યાસ ધર્મચિંતન અનુપ્રેક્ષમાં અભિપ્રેત છે.

**બોધિદુર્લભ ભાવના :**

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રને સમજવા બહુ મુશ્કેલ છે. સમજ્યા પછી તેની પ્રાપ્તિ મુશ્કેલ છે. દસ દષ્ટાંતે દુર્લભ માનવભવમાં, સાધના દ્વારા બોધિરત્નની પ્રાપ્તિ માટેનું ચિંતન ઉપકારી છે.

આપણા અંતરમનમાં ઘૂંટાતી ભાવના જ આપણી સદ્ગતિ કે દુર્ગતિ નક્કી કરે છે.

**સદ્ગતિ કે દુર્ગતિ માનવના અંતરમનને આભારી છે :**

એ નગરમાં એક જ દિવસે બે મૃત્યુ થયાં. એક સંત મહાત્માનું અને એક ગણિકાનું. બંને એક જ સમયે વિદાય થયાં. બંનેના ઘર સામસામે, એક બીજાના ઘરમાં શું થઈ રહ્યું છે, તે બંને સારી રીતે જાણતાં હતાં.

પરંતુ યમદૂતો જ્યારે બંનેના આત્માને લેવા આવ્યા ત્યારે આશ્ચર્યકારક ઘટના ઘટી. એક યમદૂત ગણિકાનો જીવ લઈ સ્વર્ગ તરફ જવા લાગ્યો, જ્યારે બીજો યમદૂત યોગીનો આત્મા લઈ નર્ક તરફ જવા લાગ્યો. યોગીએ યમદૂતને પૂછ્યું : "ભાઈ ! તમારી કોઈ ભૂલ તો નથી થતીને ? ગણિકાને બદલે તમે મને ભૂલમાં નરકમાં લઈ જઈ રહ્યો છો ? આ તે કેવો ન્યાય ? આ કેવું અંધેર ?"

યોગીએ પૃથ્વી તરફ જોયું તો તેના દેહને પુષ્પહારથી શણગારવામાં આવ્યો હતો. મૃતદેહને મૂકવા માટે ભવ્ય પાલખી બનાવવામાં આવી હતી, અંતિમયાત્રા ધામધૂમથી નીકળવાની તૈયારી ચાલતી હતી. અંતિમદર્શન માટે ભક્તોની ભીડ જામી હતી. ભજનમંડળીઓ વાજિંત્રો સાથે આવી પહોંચી હતી, જ્યારે ગણિકા-વેશ્યાના મૃતદેહને ઉપાડનાર કોઈ હાજર ન હતું. લાશ ઘરની બહાર રસ્તામાં એક ખૂણે પડી હતી. કૂતરા અને ગીધ મિજબાની ઉડાવવા તત્પર હતાં.

આ જોઈને યોગી બોલ્યા : "તારાથી તો વધારે વિવેકયુક્ત અને ન્યાયપૂર્ણ વ્યવહાર આ પૃથ્વીલોકના માણસો કરી રહ્યા છે, એ તો જો, કંઈક સમજ અને સત્વરે તારી ભૂલ સુધાર !"

યમદૂતે કહ્યું : "પૃથ્વીના લોકો તો માત્ર બહાર દેખાય તેટલું જ જાણી શકે છે. એમની પાસે માત્ર આંખ છે. શરીર અને બાહ્ય વ્યવહાર જ આંખ દ્વારા જોઈ શકાય છે. દૃષ્ટિ હોય તો શરીરથી આગળ ઊંડાણમાં જોઈ શકાય છે. અમે તો દિવ્યદૃષ્ટિથી સૂક્ષ્મ જોયા પછી જ ન્યાયયુક્ત નિર્ણયો લઈએ છીએ. પ્રશ્ન શરીરનો નથી, મનનો છે ! શરીરથી તું સંન્યાસી હતો, પરંતુ તારા અંતરમનમાં શું હતું ? શું તારા સંપૂર્ણ મન પર વાસનાનો કબજો ન હતો ? ગણિકાના ઘરમાં થઈ રહેલા નાચગાન, રંગરાગમાં તારું મન ડૂબી ગયું હતું. તું સતત વિચારતો હતો કે - 'મારું જીવન કેટલું નીરસ વ્યતીત થઈ રહ્યું છે. આ ગણિકા કેવી રંગરેલી, મોજમજા ઉડાવી રહી છે ! હાય, હું દુર્ભાગી ! આ જ જીવનનો સાચો આનંદ માણી રહી છે.' કામવાસનાને તે ઈષ્ટ માની તેમાં આસક્ત હતો. મનથી જ ઈષ્ટના વિયોગથી તું આર્તધ્યાનમાં રહેતો, શરીર પરનાં ટીલાં, બાહ્ય વહેવારો લોકોને ધર્મમય લાગતાં. તારું ચિત્ત વાસનામાં ભડકે બળતું હતું અને ગણિકાના સાન્નિધ્યમાં સતત ઝંખના, વાંછના અને કલ્પના !"

પરંતુ તને ખબર છે કે ગણિકાની માનસિક સ્થિતિ કેવી હતી ? એ ગણિકાને તો તારા સંન્યાસી જીવનમાં જે શાંતિ અને અપૂર્ણ આનંદ દેખાતો હતો, તે પામવા માટે, સહરાના રણમાં સૂકાયેલા કંઠે પ્રવાસી શીતળ જળને ઝંખે તેવી તીવ્ર ઝંખના કરતી હતી ! રાત્રે જ્યારે તું ભજન ગાતો અને પ્રાતઃકાળે મધુર મંગળ શ્લોકો ગાતો ત્યારે એ ગણિકા પ્રભુમય બની જતી. તારા બાહ્યરૂપ અને ગાનને પવિત્ર માની ભાવ-વિભોર બની જતી. આંસુ સાથે પ્રાર્થના કરતી કે - 'પ્રભુ ! મારાં કૃત્યોને માફ કરી મને આવું નિર્મળ જીવન આપ !' એક બાજુ તારી દંભની ક્ષિતિજોનો વિસ્તાર કરતો તું સંન્યાસી હોવાના અહંકારને પુષ્ટ કરતો હતો તો બીજી બાજુ પેલી ગણિકા-વેશ્યા પોતાના પાપી જીવનનો એકરાર અને પાશ્ચાતાપથી વિનમ્ર અને પાવન બનતી જતી હતી. પરંતુ તું તારા મનથી ગર્વિષ્ઠ બનતો જતો હતો. તારા વ્યક્તિત્વ ને ક્લિષ્ટ ભાવનાઓનું

અહંકારમાં પરિણમન થયું અને ગણિકાની શુભ ભાવનાઓથી તેનું વ્યક્તિત્વ અહંકારશૂન્ય બની ગયું. ગણિકાના ચિત્તમાં, તેના મૃત્યુપૂર્વે તેની વાસના અને અહંકાર મૃત્યુ પામી ચૂક્યાં હતાં. મૃત્યુ સમયે તેનું સમગ્ર ચિત્તતંત્ર પરમાત્માની પ્રાર્થનામાં લીન હતું.

સંન્યાસી નિરૂત્તર રહ્યો !

શાંતસુધારસના ઉપાસક પૂ. વિનયવિજયજીએ કહ્યું છે કે - 'મનુષ્યના મનનું પરિવર્તન, પરિપૂર્ણ પરિવર્તન આવશ્યક છે. શારીરિક, બાહ્ય, વ્યાવહારિક કે વસ્ત્રપરિવર્તન એ આલંબન છે. માત્ર આંતરિક પરિવર્તનનું જ મૂલ્ય છે.'

માનવીની સદ્‌ગતિ કે દુર્ગતિ તેના અંતરમનને આભારી છે. **બાહ્ય આવરણ કે ક્રિયાકાંડો વ્યક્તિની મહાનતાનો માપદંડ નથી. અંતઃકરણની શુભ ભાવનાઓ જ આંતરસમૃદ્ધિમાં વૃદ્ધિ કરે છે. અલૌકિક સુખ અને આનંદ આપે છે. આંતરિક ચેતનાકેન્દ્રના વર્તુળમાં અપૂર્ણ આનંદના સ્ફુલિંગો સર્જવાની પ્રક્રિયાનું સાતત્ય રહે છે, જેનાથી ભીતરના આનંદનું વિશ્વ વિસ્તરતું જાય છે.**

હવે આપણે એ જોઈએ કે પૂર્વચાર્યોએ પ્રરૂપેલી આ ભાવનું ચિંતન કરવાથી શું લાભ થાય ? એક તો **આપણું વલણ આત્મલક્ષી બનશે** અને બીજું, આપણા જીવનની દૃષ્ટિ અને વૃત્તિનું નિરીક્ષણ કરતાં **પરિવર્તન જણાશે.**

બુદ્ધિ, તર્ક, નિમિત્ત એ સંયોગોથી આપણી પ્રવૃત્તિઓ બદલાયા કરે, પરંતુ અનુપ્રેક્ષાથી જીવનમાં સાત્ત્વિકતા અને અનાસક્ત ભાવ ઉજાગર થાય છે. અનુપ્રેક્ષા આપણી વૃત્તિઓને બદલી શકે.

**અનુપ્રેક્ષાથી વૃત્તિ બદલીએ :**

પ્રવૃત્તિનો ક્રિયા સાથે સંબંધ છે, અને વૃત્તિનો સંબંધ ભાવ સાથે છે.

પહેલા ધંધા કરતા હતા, માત્ર ધંધો, ઉદ્યોગ, વ્યવસાય. હવે એ પ્રવૃત્તિ બંધ કરી, સેવાની પ્રવૃત્તિ શરૂ કરી. વૃત્તિ ધંધાની હતી એટલે સેવામાં ધંધો ભળી ગયો. ખબર ન પડે તેમ ધીરે-ધીરે સેવાનું વ્યાવસાયીકરણ થઈ ગયું અને ધીરે-ધીરે સેવા એ ધંધો થઈ ગયો. પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ તો એની એ જ રહી.

જીવનમાં સંયમનો સ્વીકાર કરવા સન્યસ્ત જીવન સ્વીકારવા દીક્ષા ગ્રહણ કરી. ઘરબાર, ધંધોધાપો, મિત્રો, સ્વજનો છોડ્યા.

પ્રવૃત્તિ બદલાઈ ગઈ.

પુત્ર-પુત્રી, પરિવાર હતા, તેને સ્થાને શિષ્યો-શિષ્યાઓના પરિવાર. માનીતા ભક્તોએ સંસારમાં સ્થાન લીધું. સંસારમાં હતા ત્યારે બંગલો, ફૅક્ટરીના નિર્માણ અને વિસ્તારની વાત હતી. હવે મંદિરો, સ્થાનકોના નિર્માણ વિસ્તારની શૃંખલા શરૂ થઈ. આસક્તિના ડેરા-તંબૂ તણાવા લાગ્યા. પસંદગીનાં ધર્મસ્થાનકો ગમવા લાગ્યાં. ત્યાં વધુ રહેવાનું આકર્ષણ થયું. ખાસ ભક્તજનોનો સંગ વધ્યો.

પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ના બદલાઈ. અહીં એકત્વ અનુપ્રેક્ષા જરૂરી છે.

વેપાર, ધંધો કે ઉદ્યોગ સ્વકેન્દ્રી પ્રવૃત્તિ છે, મોટે ભાગે આ પ્રવૃત્તિ આપણા કુટુંબ પરિવારના સ્વહિત માટે, લાભ માટે કરતા હોઈએ છીએ. જ્યારે સેવામાં અન્યના કલ્યાણ અને માંગલ્યની ભાવના ભળેલી છે, તેથી તેમાં સ્વાર્થને બદલે પારમાર્થિક ભાવના કેન્દ્રસ્થાને છે તેથી તે પ્રવૃત્તિમાં સત્ત્વશીલતા છે.

જ્યારે સેવા સંસ્થાના હોદ્દા કે પદ પર મમત્વ જાગે ત્યારે મમ-અહમ્‌ને પણ ખેંચી લાવશે અને જેવી એ સંસ્થા અને તેના હોદ્દામાં આસક્તિ જાગશે તેવી સત્ત્વશીલતા ખતમ થઈ જશે, સાત્ત્વિકતાનો લોપ થશે. આસક્તિની વૃત્તિ બદલાશે અને અનાસક્ત ભાવ જાગૃત થશે તો જ પ્રવૃત્તિમાં સાત્ત્વિકતા આવશે. પહેલા મારા પરિવારના સ્વજનો - બંગલા પર મોહ, આસક્તિ હતા તેવા જ સંસ્થાના મકાન, સહકાર્યકરો અને પદ પર આસક્તિ છે. સંસ્થામાં દાન કર્યું છે તો ટ્રસ્ટીશીપ તો મળવી જ જોઈએ, અહીં દાન તો થયું પણ ત્યાગ ન થયો.

પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ન બદલાઈ, દાન દ્વારા લક્ષ્મીનું, પરિગ્રહનું વિસર્જન તો થયું, પણ ત્યાગ વિનાનું દાન એકડા વિનાના મીંડા જેવું છે. દાનની પ્રવૃત્તિમાં ત્યાગની વૃત્તિ ભળે તો કાંચન-મણિ યોગનું સર્જન થાય.

સેવા કરી દાન કર્યું, પછી તમારા હૈયામાં સન્માન, પદ કે શિલાલેખની ભાવના શિલાલેખની જેમ કોતરાઈ જાય તો દાન દ્વારા પરિગ્રહ વિસર્જનની ભાવના અધૂરી રહી. ત્યાગ વિના દાનનું સાફલ્ય નથી. આસક્તિની વૃત્તિ બદલવી પડશે. માત્ર પ્રવૃત્તિ બદલવાથી કલ્યાણ નથી.

જીવનની અંતિમ ક્ષણે ભગવાન મહાવીરે પોતાના પ્રિય શિષ્ય ગૌતમને દૂર મોકલી અળગો કર્યો. અનાસક્ત ભાવ ઉજાગર કરવાની ભાવનાથી પ્રભુએ આમ કર્યું ને તેના પરિણામે જ ગણધર ગૌતમ, કૈવલ્યના અધિકારી બન્યા.

એક સંતે તેના ભક્તજનને કહ્યું : "તમને ચા-તમાકુનું વ્યસન છે તે સારું નથી, તેને છોડી દો." થોડા દિવસ પછી પેલો ભક્તજન સંતનાં દર્શને આવ્યો ને કહ્યું : "બાપજી, ચા-તમાકુ છોડી દીધાં છે." સંત કહે "સારું કર્યું." પણ દિવસમાં ચા-તમાકુ યાદ આવે ત્યારે શું કરો ? ચા યાદ આવે ત્યારે કૉફી પી લઉં અને તમાકુ યાદ આવે ત્યારે ગુટખા ખાઈ લઉં !" પ્રવૃત્તિ બદલી, વૃત્તિ નહિ.

એક મુનિની પ્રેરણાથી શિક્ષણ સંકુલની સ્થાપના થઈ. મુનિના દસ વર્ષના પ્રચંડ પુરુષાર્થ બાદ સંસ્થા એક આદર્શ સંસ્કારધામ બની. કેટલીક સૈદ્ધાંતિક બાબતોમાં સંચાલકો અને ટ્રસ્ટીઓ સાથે એ જૈનમુનિને મતભેદ થયો. મુનિનું આંતર્ધ્યાન જોઈ તેમના ગુરુએ કહ્યું : "આ સંસ્થામાં તું આસક્ત થયો છે. તારું આર્તધ્યાન, રૌદ્રધ્યાન તરફ ઝડપથી જઈ રહ્યું છે. આ સંજોગોમાં તું મૃત્યુ પામે તો આ શિક્ષણ સંકુલમાં સાપ તરીકે જ જન્મે." મુનિને ઝટકો લાગ્યો. પોતાની વૃત્તિ અને પ્રવૃત્તિ પર નિરીક્ષણ કર્યું. આલોચના કરી. આખી રાતના મનોમંથન બાદ ચિત્તમાંથી વિચારોને દૂર કર્યા. વહેલી સવારે સંસ્થાના સ્થાનકમાંથી વિહાર કર્યો. મુનિની જાગૃત ચેતનાના સમ્યક્ પરાક્રમ અને ભાવ ચિંતનથી અહીં પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલાઈ ગઈ. સંસ્થામાંથી મુનિનું મહાભિનિષ્ક્રમણ, નિજી સંયમ જીવનનો મર્યાદા મહોત્સવ હતો.

અનાસક્તિના સંદર્ભે આ મહાપ્રજ્ઞાજીએ એક સુંદર દૃષ્ટાંત આપ્યું છે. નગરમાં એક સંન્યાસી આવ્યા. સંન્યાસીની જીવનચર્યા જોઈ રાજાએ સંન્યાસી બનવાનું નક્કી કર્યું. રાજપાટ, વૈભવ છોડી રાજા સંન્યાસી પાસે આવ્યા કહ્યું કે - 'મને સન્યસ્ત દીક્ષા આપો.'

સંન્યાસીએ રાજાને દીક્ષા આપી. રાજા તો જંગલમાં કુટિર બનાવી રહેવા લાગ્યા. રાજાને દીક્ષા આપનાર ગુરુ અન્યત્ર ચાલી ગયા. સંન્યાસી બનેલા રાજા માત્ર કુટિરને સ્વચ્છ સુઘડ જ નથી રાખતા, ધીરે-ધીરે કુટિરને વિશાળ બનાવે છે. વિવિધ વૃક્ષોનાં રંગીન લાકડાઓની કલાકૃતિ બનાવી.

વાંસની કમાનો બનાવી તેને શણગારે છે. વિવિધ રંગીન ફૂલો અને પર્ણોથી કુટિરનું સુશોભન કરે છે. કુટિરના વિશાળ આંગણામાં કેટલાંક પશુ-પંખીને પાળે છે. એક વર્ષ પછી રાજાને દીક્ષા આપનાર સંન્યાસી ગુરુ તે જંગલના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. રાજાએ ગુરુ સંન્યાસીને પોતાની કુટિરમાં પધારવા આમંત્રણ આપ્યું. રાજાએ કુટિર, આંગણ, પશુ, પંખી અને સુશોભન બતાવી પૂછ્યું :

"ગુરુજી, મારી કુટિર કેવી લાગી ?"

ગુરુજીએ કહ્યું : "કુટિર તો મહેલ જેવી સોહાય છે." ગુરુ દ્વારા કુટિરના વખાણ સાંભળી સંન્યાસ્ત થયેલા રાજાના મુખ પર અહમ્ અને ખુશીના ભાવ જોઈ ગુરુ વિચારે છે કે - 'રાજા મહેલમાંથી તો બહાર નીકળી ગયા, પરંતુ રાજામાંથી મહેલ નથી ગયો. ચિત્તમાં મહેલ મોજૂદ છે.'

ગુરુ કહે : "પહેલાં મહેલ અને રાજ્યનો વિસ્તાર એ શણગાર કરતા હતા, હવે કુટિરનો. પહેલા મહેલ, રાણી, કુંવરો, સેવકો પ્રત્યે મોહ હતો, હવે કુટિર, ફૂલ, ઝાડ, પાન, પશુ-પંખી પ્રત્યે મોહ. આમાં પરિગ્રહ પ્રત્યેની આસક્તિ કેમ છૂટશે ? પ્રવૃત્તિ જરૂર બદલાઈ વૃત્તિ નથી બદલાઈ." રાજામાંથી રાજર્ષિ થવું હોય તો પ્રવૃત્તિ સાથે વૃત્તિને બદલવી પડશે. સંન્યાસી બનેલ રાજાએ અનુપ્રેક્ષા કરી, પ્રસાદ અને મોહની નિદ્રામાંથી જાગૃત થયા. પશુ-પંખી, ફૂલ, ઝાડ અને કુટિરનો ત્યાગ કરી અન્ય સ્થળે ચાલી ગયા. પૂર્ણ સંન્યાસી થવા સમગ્ર સામ્રાજ્યનો અને વૈભવનો ત્યાગ કર્યો હતો તે ત્યાગ કરતા, જંગલની આ કુટિરનો ત્યાગ મહાન હતો; કારણ કે આ ત્યાગમાં ચિત્તવૃત્તિમાંથી આસક્તિનો ત્યાગ અભિપ્રેત હતો. અહીં પ્રવૃત્તિની સાથે વૃત્તિ બદલાઈ હતી. કુટિરમાંથી અન્યત્ર જંગલ તરફ જતી સંન્યાસીની યાત્રા અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા હતી.

**પ્રસન્નચંદ્ર રાજર્ષિની** વાત આપણે સૌ જાણીએ છીએ. રાજા શ્રેણિકને ભગવાન, રાજર્ષિના અંતરમનના ભાવોનું રહસ્યોઘટન કરતા કહે છે કે - 'રાજર્ષિના યુદ્ધ, હિંસા અને રૌદ્રધ્યાનના ભાવો તેના જીવને સાતમી નર્ક સુધી લઈ જવાની ભૂમિકા બાંધે છે અને તેની આલોચનાના ભાવો-અનુપ્રેક્ષા શુભ્રભાંથી શુદ્ધ તરફની યાત્રાનું પરિણામ તેને કેવલ્યના અધિકારી બનાવે છે.'

ધર્મધ્યાનમાં પ્રવેશ કરવા માટે આ બાર ભાવનાનું ચિંતન ભવચક્રના ફેરા ટાળી આત્મા સાથે અનુસંધાન કરાવનાર છે. બાર ભાવના પછી ભાવનાની ક્ષિતિજનો વિસ્તાર જ્ઞાનીઓએ ચાર પરાભાવના દ્વારા કર્યો છે.

**મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાનું** આચરણ જીવને શિવ બનાવે છે.

આ સૃષ્ટિના તમામ જીવો સાથે મારે મૈત્રી છે. ક્ષમાપના અને મૈત્રીભાવ જૈન દર્શનની વિશ્વને અણમોલ ભેટ છે.

ગુણસ્થાનના ગુણ જોઈ આનંદ થયો અને તે ગુણોની પ્રશંસા કરવી તે પ્રમોદભાવ છે.

એ ભાવના ભાવતાં તેવા જ ગુણોનું આપણામાં અવતરણ થાય. દુ:ખ વ્યક્તિનું દુ:ખ જોઈ આપણા હૃદયમાં અનુકંપાનું ઝરણું પ્રવાહિત થાય, એનું દર્દ આપણું જ દર્દ છે, એવી અનુભૂતિ સાથે તેનું દુ:ખ દૂર થાય તેવા ઉપાયો કરવાનું ચિંતન અને પુરુષાર્થમાં કરુણા **અનુકંપાભાવ** અભિપ્રેત છે.

જ્યાં પોતાનો ઉપાય ન ચાલે, શિખામણ ન ચાલે તેવા મનને આકુળ-વ્યાકુળ કરનારા પ્રસંગોએ, અન્યનું વર્તન ત્રાસ ઉપજાવે તેવું હોય, એ વ્યક્તિ અને બનાવો પ્રત્યે ઉપેક્ષાભાવ રાખી ક્રોધ કર્યા વગર સમતા રાખી શાંત વિચારણા દ્વારા તેનું યોગ્ય સ્થાન સમજવાની ધીરજ તે **માધ્યસ્થભાવ** છે. પાપી પાપ કરે તેની સામે દ્વેષનો ભાવ અને તેના પ્રત્યે કુણી લાગણીનો પણ અભાવ તે **માધ્યસ્થભાવ** છે.

**મોક્ષમાર્ગના દ્વારમાં પ્રવેશ કોને મળે ? :**

મોક્ષના દ્વારે મોટી ભીડ જામી હતી. મહામાનવ સમુદાયમાંના પ્રત્યેક માનવને મોક્ષમાં જવું હતું. દિગંતમાં જવું હતું, દિગંત એટલે જ્યાં દસે દિશાઓ વલય પામે તે સિદ્ધાલય, પરંતુ દિગંતના માર્ગે જવાનું દ્વાર ખુલતું ન હતું. દ્વારપાળ દ્વાર ખોલતો નહોતો. કેટલાક પંડિતોએ - વિદ્વાનોએ આગળ આવીને કહ્યું : "અમે જ્ઞાની છીએ, અમે હજારો શાસ્ત્રો વાંચ્યા છે. લાખો લોકોને ધર્મોપદેશ આપ્યો છે, અમારે મોક્ષમાં જવું છે, દ્વાર ખોલી નાખો !"

દ્વારપાલે કહ્યું : "અહીં શાસ્ત્રોનું મૂલ્ય નથી, અનુભવનું મૂલ્ય છે. સ્વાનુભૂતિનું મૂલ્ય છે. જનોપદેશની કિંમત નથી. ઉપદેશનું મૂલ્ય છે - તમને મોક્ષમાં પ્રવેશ નહિ મળે !"

ભીડમાંથી કૃશકાય, તપસ્વી, મુનિ, સંન્યાસીઓ આગળ આવ્યા અને તેઓએ કહ્યું : "અમે ઘોર તપસ્યા કરી છે. કેટલાય ઉપવાસ કર્યા છે, કષ્ટદાયી વ્રત-નિયમોનું પાલન કર્યું. અમારે માટે મોક્ષનું દ્વાર ખોલો."

દ્વારપાળે કહ્યું : "આ વ્રત-નિયમોનું પાલન અને તપ-ત્યાગ તમે કઈ ભાવનાથી કર્યું હતું તે જાણવું પડશે. હા, તમે તે યશ-પ્રતિષ્ઠા માટે માન-સન્માન પામવાની ઈચ્છાથી અને સ્વર્ગનાં સુખો પામવાની ઈચ્છાઓથી આ બધું કર્યું હતું. માત્ર તપ-ત્યાગ અને વ્રતનિયમોનું પાલન કરનારાઓ માટે મોક્ષદ્વારમાં પ્રવેશ નથી મળતો. બાહ્યતપ સાથે અંતરતપની જરૂર હતી. કામોચ્છારહિત તપની જરૂર હતી. તમે ધર્મક્રિયાઓ કરી હતી, પરંતુ ધર્મધ્યાન કર્યું ન હતું, માટે અહીં પ્રવેશ ન મળે... અહીંથી પાછા જાઓ."

ભીડ કંઈક ઓછી થઈ તો કેટલાક લોકો આગળ આવ્યા અને બોલ્યા : "અમે સમગ્ર જીવન પરોપકારમાં વ્યતીત કર્યું છે, દાન કર્યું છે માટે અમને પ્રવેશ મળવો જોઈએ." દ્વારપાળ કહે : "તમારા દાન પાછળ પ્રચ્છન્ન અહંકાર અને પરોપકાર પાછળ પ્રતિષ્ઠા પામવાની ઈચ્છા છુપાયેલી હતી. માટે શુદ્ધ ભાવના વગર કરેલા જીવોપકારની અહીં કશી જ કિંમત નથી !"

ભીડ ચાલી ગઈ, પરંતુ સૌથી પાછળ એક મનુષ્ય ઊભો હતો. દ્વારપાળે એને પૂછ્યું : "ભાઈ તું હજુ કેમ ઊભો છે ? અહીં શા માટે આવ્યો છે ?" તેણે કહ્યું : "કોણ મને અહીં લઈ આવ્યું છે તેની મને ખબર નથી. મારી પાસે શાસ્ત્રજ્ઞાન નથી. મેં ઘોર તપ કે વ્રતો કર્યા નથી કે કઠોર નિયમો પાળ્યા નથી. આમ મારી પાસે કશું નથી."

"હા, કોઈ જીવ સાથે શત્રુતા ન હતી. કોઈને હું નડ્યો નથી. સૌને માટે મારા હૃદયમાં પ્રેમ છે. મૈત્રીભાવનું ગાન મારા હૃદયમાં સતત ગુંજન કરે છે. કોઈને દુઃખી જોઈ મારા નમનો કરુણાજળથી છલકાઈ ઊઠતા. સંતો અને સજ્જનોને જોતાં મારું હૃદય પ્રમોદભાવથી પુલકિત થતું. મારા પ્રત્યે અયોગ્ય વર્તન કરનાર પરત્વે મને દ્વેષ ન આવતો પણ

માધ્યસ્થ ભાવ વડે હું તેની ઉપેક્ષા રાખતો, પરંતુ આટલા માત્રથી મોક્ષ માર્ગે જવાની, પ્રવેશદ્વારમાં પ્રવેશની મારી યોગ્યતા પ્રાપ્ત થતી નથી, માટે હું પણ પાછો વળું છું.'' પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે દ્વારપાલે તેને માટે મોક્ષમાર્ગનું દ્વાર ખોલી નાખ્યું હતું.

શાંત સુધારસનું પાન કરાવનાર આ એક ઉપનય કથા છે. વાસ્તવમાં મોક્ષદ્વારેથી આપણે કરોડો જોજન દૂર છીએ. આપણે સૌ એ માર્ગે જવા તત્પર છીએ, એટલે આ દૃષ્ટાંતકથાનું ચિંતન કરતા જીવનમાં મોક્ષમાર્ગે જવાના ગુણોનું સ્પષ્ટીકરણ થશે.

માત્ર જ્ઞાની કે પંડિત થવાથી એ માર્ગે જઈ શકાશે નહિ. જ્ઞાન સાથે ભાવયુક્ત ક્રિયા ભળે તો મોક્ષદ્વારે જઈ શકાશે.

ભાવનાઓનું ઉગમસ્થાન અંતઃકરણ છે, ચિત્ત છે. ભાવના વિના ક્રિયા એકડા વિનાના મીંડા જેવી છે. ધર્મ અનુષ્ઠાનોની ક્રિયાની પશ્ચાદ્ભૂમાં ભૌતિકકામના કે વાંછના સાધના માર્ગને સાચી દિશા ન આપી શકે.

બાહ્યધર્મ ક્રિયા કરી સંતોષ માનવાથી આધ્યાત્મિક અનુષ્ઠાનોને પૂર્ણ ફાયદો ઉઠાવી શકાશે નહિ. સ્વર્ગ, નર્ક કે મોક્ષનો આધાર મનુષ્યના મન પર છે. ચિત્તમાં - અંતઃકરણમાં ક્રાંતિ જ આત્માને ઉર્ધ્વગમન કરાવી શકે.

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કરુણા એ ચાર પણ ભાવનાની અનુપ્રેક્ષા આપણને મોક્ષમાર્ગના અધિકારી બનાવી શકે.

આ સોળ ભાવનાઓ જીવનનો આંતરવૈભવ છે. અનુપ્રેક્ષા શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા છે. આ ભાવનાઓથી જીવ શાંતસુધારસનું પાન કરી જીવનમાંથી શિવ બનવાના રાજમાર્ગ પ્રતિ જઈ શકે છે.

**સંદર્ભ ગ્રંથ : *પૂ. કાર્તિકેય સ્વામી - પૂ. વિનયવિજયજી, પૂ. આચાર્ય મહાપ્રજ્ઞજી.***

**ગુણવંતભાઈ બરવાળિયાએ C.A. સુધી અભ્યાસ કર્યા પછી હાલ ટેક્ષ. ઇન્ડ.માં પ્રવૃત્ત છે. તેમણે સાંઈઠ જેટલાં પુસ્તકોનું સર્જન - સંપાદન કર્યું છે. તેઓ જૈન સાહિત્ય જ્ઞાનસત્રોનું આયોજન કરે છે. 'જૈન વિશ્વકોશ, 'ગુજરાતી વિશ્વકોશ', 'જૈન આગમન મિશન' અને કેટલીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.**

# વર્તમાન સમયના સંદર્ભમાં અન્યત્વભાવના

- ડૉ. રેખા વોરા

**ભાવો ભાવના ભાવીએ, ભાવે દીજે દાન !**
**ભાવે જીનવર પૂજીએ, ભાવે કેવળજ્ઞાન !!**

ભાવ એ જૈન ધર્મની ઈમારતનો પાયો છે. આમ જુઓ તો જૈન ધર્મનાં સઘળાં સિદ્ધાંતો આ બાર ભાવનાઓ ઉપર આધારિત છે. 'શાંત સુધારસ' ગ્રંથમાં મહોપાધ્યાય શ્રી વિનયવિજયજીએ આખીયે ભાવસૃષ્ટિ દર્શાવીને જૈનદર્શનનું વિશાળ આકાશ ઉઘાડી આપ્યું છે. આ એક એવો વિરલ અને વિશિષ્ટ ગ્રંથ છે કે માનવીને વૃત્તિઓ પર વિજય મેળવીને ધર્મપરાયણ જીવન જીવવાનો રાજમાર્ગ રચી આપે છે અથવા તો એમ કહેવાય કે - 'એમણે એવું સર્વાંગ સંપૂર્ણ ભાવના-શિલ્પ રચી આપ્યું છે, જેને પામીને શ્રાવક અધ્યાત્મજીવનના ઉન્નત પંથે પહોંચે છે.'

આજના જીવનમાં માનવી અનેક વાદ-વિવાદો, મહો-માયા, રાગ-દ્વેષ, ક્રોધ, લોભ-લાલસા વગેરે કષાયોથી ગ્રસ્ત છે. વિલાસ અને વાસના એની સઘળી સીમાઓ ઓળંગી ગયા છે. ક્ષણે-ક્ષણે માનવી કષાયોથી ઘેરાયેલો, અકળાયેલો, મૂંઝાયેલો અને એમાં ખૂંપેલો અને ડૂબેલો રહે છે. આતંકવાદ અને અન્ય અનિષ્ટકારી બાબતોએ વર્તમાન સમયમાં હિંસા અને ભયનું સામ્રાજ્ય ફેલાવ્યું છે. આવે સમયે માનવી એના હૃદયની ઉત્તમ ભાવનાઓને વીસરીને ભૌતિક પરિગ્રહોની પાછળ આંધળી દોડ મૂકી છે.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય એમના 'યોગશાસ્ત્ર'માં, ઉમાસ્વાતિજીના 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર'માં અને પ્રભુ મહાવીર સ્વામીની અંતિમ દેશના જેમાં છે તેવા 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં, 'સૂત્રકૃતાંગ સૂત્ર'માં, બૌદ્ધ ધર્મના ધર્મગ્રંથ 'ધમ્મપદ'માં હિંદુ ધર્મના પ્રાચીન ધર્મગ્રંથ 'મનુસ્મૃતિ'માં તથા ઈસ્લામ ધર્મના 'કુરાન'માં આ પ્રકારે માનવજીવનને ઉન્નત કરતી ભાવનાઓનું વર્ણન મળે છે.

જૈન ધર્મમાં કુલ બાર પ્રકારની ભાવનાઓ છે. મહોપાધ્યાય વિનય-વિજયજીએ ધર્મસૃષ્ટિના આધારસ્તંભરૂપ 'શાંત સુધારસ' ગ્રંથમાં સર્વપ્રથમ અનિત્ય ભાવનાથી પ્રારંભ કર્યો છે. શાશ્વતને ઓળખવું હોય તો ક્ષણભંગુરને

જાણવું પડે. શિખરે પહોંચવું હોય તો તળેટીની ઓળખ મેળવવી પડે. એ જ રીતે નિત્યને જાણવા માટે અનિત્યની જાણકારી જરૂરી છે. અનિત્યના ત્યાગ પછી જ નિત્યનો સ્વીકાર થઈ શકે છે.

અનિત્યભાવના, અશરણભાવના, સંસારભાવના અને એકત્વભાવના પછી આવે છે. અન્યત્વભાવના. અહીં એ ભાવના પર દૃષ્ટિપાત કરીને વર્તમાનયુગમાં એની પ્રસ્તુતતાનો વિચાર કરીએ. માનવીના જીવનમાં એણે પોતાના માની લીધેલાં પદાર્થો ખરેખર એના પોતાના હોતા નથી, તેનું વિવરણ અન્યત્વ ભાવનામાં દર્શાવવામાં આવ્યું છે. આ વિશ્વમાં મારો પ્રવેશ ક્યારથી થયો, મારા માતા-પિતા, પતિ-પત્ની, પુત્ર-પુત્રી ઈત્યાદિ કોણ છે, એમની સાથે મારો સંબંધ કયા નિમિત્તથી થયો ? તે વિશે પાંચમી અન્યત્વ ભાવનામાં આલેખન કરવામાં આવ્યું છે અને આ અન્યત્વ ભાવના દ્વારા કેવી રીતે અધ્યાત્મજીવનની ઉત્કૃષ્ટતા તરફ ગતિ કરી શકાય છે, તેનું સુંદર આલેખન કરવામાં આવ્યું છે.

**આજના યુગમાં અન્યત્વ ભાવનાની ઉપયોગિતા :**

અન્યત્વ ભાવનાનો વિચાર આજના ભૌતિક યુગમાં સવિશેષ મહત્ત્વ ધરાવે છે. આજે માનવી પરિગ્રહના બોજ નીચે દબાઈ ગયો છે. એક બાજુ પરિગ્રહનો ખડકલો જોવા મળે છે અને બીજી બાજુ કારમી ગરીબી જોવા મળે છે. એક બાજુ અઢળક ધન-વૈભવ ધરાવનારા ધનવાનો છે અને બીજી બાજુ મોટા પ્રમાણમાં એવા લોકો છે જેને બે વખતનું ભોજન પણ મળતું નથી અને કેટલાંક એવા પણ લોકો છે જેને મુઠ્ઠીભર અનાજ પણ નસીબ થતું નથી.

આજે ભવ્ય બજારો કે મૉલમાં વસ્તુઓને આકર્ષક સ્વરૂપે મૂકવામાં આવે છે. જુદા-જુદા પ્રકારનાં પ્રલોભનો આપવામાં આવે છે. 'બાય વન, ગેટ વન ફ્રી' કે 'ડિસ્કાઉન્ટ' કે 'સેલ'ના નુસ્ખાઓ અજમાવીને માનવીને લલચાવવામાં આવે છે. ભૌતિક મનોવૃત્તિ એવી છે કે એક વાર વ્યક્તિને એનું વળગણ જાગે, પછી એનો ક્યાંય અંત હોતો નથી. આયુષ્યનો અંત હોય છે, પરંતુ એની લાલસા કે એષણાઓનો કદી અંત કે છેડો આવતો નથી.

અન્યત્વ ભાવના કહે છે કે જેને તું પોતાનું માને છે, તે ખરેખર તારું પોતાનું નથી, પણ અન્ય છે. એટલે કે તારું ઘર, તારા સગાં-સંબંધી એને

ભલે તું તારા માનતો હોય, પરંતુ ખરેખર તો તારું ઘર બહાર નથી, ભીતરમાં છે. અન્યત્વ ભાવના આજના માનવીને એની ભીતરમાં રહેલાં આંતરમંદિરને શોધવાનો અને હૃદયમંદિરને સજાવવાનો સંદેશ આપે છે. માનવી મમતાની પાછળ દોડે છે. અન્ય ચીજવસ્તુ પ્રત્યે આસક્તિ ધરાવે છે. પ્રિયજન પ્રત્યે ઘેલછા રાખે છે, પરંતુ અન્યત્વ ભાવના કહે છે કે - 'આ બધું તો અન્ય છે, પારકું છે. એમાંથી એકેય તને રક્ષણ આપનાર નથી, તેથી જીવનમાં બહારની આ દોડ વ્યર્થ છે.' એક કથા છે કે, એક માણસને દેવદૂતે એમ કહ્યું કે - 'તું દોડીને જેટલી જમીન પસાર કરે, તે તારી.' પેલો માણસ દોડવા લાગ્યો. થાકી ગયો, હાંફી ગયો, લથડ્યો છતાં દોડ્યો; કારણ કે તેને વધુમાં વધુ જમીનના માલિક થવું હતું. આમ દોડતાં-દોડતાં એણે પ્રાણ ગુમાવ્યા અને વાર્તાના અંતે લેખક કહે છે કે - 'માણસને કેટલી જમીન જોઈએ ? માત્ર છ ફૂટ અને તે ય એને દફનાવવા માટે.

અન્યત્વ ભાવના બાહ્ય જગતમાંથી તમને ભીતરની દુનિયામાં જવાનો સંદેશો આપે છે. એ કહે છે કે - 'તારું બાહ્ય શરીર નાશવંત છે. તારો આત્મા એ જ શાશ્વત છે.'

સમ્યગ્દર્શનનું મૂળ અન્યત્વ ભાવના છે. તેને વિવેક ભાવના અથવા ભેદજ્ઞાન પણ કહી શકાય. આમાં શરીર અને આત્માની ભિન્ન ભાવના પુષ્ટ થતાં મોહનીય કર્મનો ઘાત થઈ જાય છે. અહીં 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'નું સ્મરણ થાય છે. ભગવાન મહાવીર સ્વામીનો અંતિમ ઉપદેશ જેમાં છે તેમાં કહ્યું છે કે :

'दाराणि य सुयाचेव, मित्ता य तह बन्धवा ।
जीवन्त मळु जीवन्ति, मयं नाळुव्ययन्ति ॥'

*(ઉત્તરાધ્યયન ૧૮/૨૪)*

અર્થાત્ 'સ્ત્રી અને પુત્ર, મિત્ર અને બંધુઓ આયુષ્ય સુધી છે. પાછળ-પાછળ ચાલે છે, મૃત્યુ પછી કોઈ સાથ નથી આપતા.'

'સમયસાર'ના રચયિતા શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે - 'માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રો આદિ બધી જ પ્રિય વ્યક્તિઓ મારી નથી. આ આત્મા એનાથી સંબંધિત નથી. તે બધા પોતાના કર્મને આધીન થઈને સંસારમાં પરિભ્રમણ કરે છે.' આ સંદર્ભમાં 'મરણસમાધિ'માં એક સુંદર શ્લોકમાં કહ્યું છે :

'अन्त इमं शरीरं, अज्जो जीवुति निश्चय मइयो ।
दुक्ख परि कसकरं छिंद ममत्तं शरीराओ ॥'

(મરણસમાધિ પ્રકીર્ણક-૪૦૨)

અર્થાત્ 'આ જીવ અન્ય છે અને શરીર તેનાથી જુદું છે. આવા પ્રકારની નિશ્ચિત બુદ્ધિવાળી વ્યક્તિ, શરીરને દુઃખ તથા ક્લેશનું કારણ માની શરીર પરના મમત્વને છોડી દે છે.'

શ્રીમદ્ ભગવત્ ગીતાના ૧૩મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને શરીર અને આત્માની ભિન્નતા દર્શાવતાં અન્યત્વ ભાવનાનું સુંદર દર્શન કરાવે છે.

હકીકતમાં માનવીની ઇન્દ્રિયો એને બાહ્ય જગતમાં રાખે છે. એની આંખ બહારની દુનિયા જુએ છે. એના કાન બહારના કોલાહલને સાંભળે છે. એનું ચિત્ત બહારની ચીજવસ્તુમાં ડૂબેલું રહે છે. આમ ઇન્દ્રિયો આપણને બહિર્મુખ રાખે છે. આ બહિર્મુખતાનું આકર્ષણ અનુભવનારને એના ભીતરનો અવાજ સંભળાતો નથી. પરિણામે બાહ્ય બાબતોના બાહ્ય આકર્ષણમાં અને એને પ્રાપ્ત કરવાની મોટી-મોટી મહત્ત્વાકાંક્ષાઓ પાછળ એ રાત-દિવસ દોડતો જ રહે છે. અને જ્યારે એ એના જીવન વિશે વિચારવાનું શરૂ કરે છે, ત્યારે તો સામે મૃત્યુ આવીને ઊભેલું દેખાય છે. કાળ એનો કોળિયો કરવા માટે બારણે આવીને ઊભો હોય છે.

માનવી કેવો છે ? તો એમ કહેવાય કે - 'આપણું શરીર એ રથ છે, બુદ્ધિ એ સારથિ છે, મન એ લગામ છે અને તું પોતે અર્થાત્ આત્મા મુક્તિપંથે જતો વીરપુરુષ છે.'

સાંસારિક સંબંધોની વ્યર્થતા અને દેહની ભંગુરતા અને માનવજીવનની ચીજવસ્તુઓની નશ્વરતા કહે છે કે - 'એમાંથી બહાર નીકળીને શાશ્વતની ઉપાસના કરવી.'

બૌદ્ધ ધર્મના ધર્મગ્રંથ ધમ્મપદમાં કહ્યું છે કે -

'पुत्ता मत्थि धनुमत्थि, इति बालो विहज्जति ।
अत्ता हि अत्तनो नत्यि, कुत्तो पुत्ता कुत्तो धनं ॥'

અર્થાત્ 'મારા પુત્રો, મારું ધન આ મિથ્યા ચિંતનને કારણે મૂઢ વ્યક્તિ વ્યાકુળ બને છે, જ્યારે આ શરીર અને મન પણ આપણા નથી, તો ક્યાંથી આપણા પુત્રો થયા ! કે ધન ક્યાંથી આપણું થાય.'

મહોપાધ્યાય શ્રી વિનયવિજયજીએ 'શાંતસુધારસ'માં અન્યત્વ ભાવનાના પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે - 'જો પારકાને આપણા ઘરમાં દાખલ કરીએ, તો તે વિનાશ નોતરે છે.'

આજના યુગમાં પણ આ વાત સત્ય લાગે છે - 'અજાણ્યાને ઘરમાં પ્રવેશ ન અપાય. જો આપીએ તો તે ચોર-ડાકુ, બળાત્કારી, આતંકવાદી કોઈ પણ હોઈ શકે. તેવી રીતે આત્મા જ્ઞાનથી ભરેલો છે. તેમાં કર્મના પરમાણુઓ દાખલ થઈને અનેક કષ્ટો આપે છે.'

આથી આ ભાવનામાં અન્યને ત્યજવાની વાત છે. જે સંબંધો ક્ષણજીવી છે, તેને શાશ્વત માનવાને બદલે અલ્પકાલીન માનવા જોઈએ. ધન હોય, સંબંધ હોય, સ્નેહી હોય એ સઘળું મૃગજળ સમાન છે. તમે એની પાછળ દોડશો, તો કશું હાથ નહિ લાગે. જે મૃગજળની પાછળ દોડે છે, અંતે તો તેને ધગધગતી રેતી જ મળે છે.

તેથી જ મહોપાધ્યાય વિનયવિજયજી અન્યત્વ ભાવનાના અષ્ટકના અંતિમ શ્લોકમાં જણાવે છે તેમ - 'જેને કોઈનો આધાર કે ટેકો ન હોય તેને સહાય કરનારા જિનપતિ-તીર્થંકરદેવને તું ભજ. મોક્ષગતિ પ્રાપ્ત કરવાનો એ સહેલો ઈલાજ છે અને તું શાંતસુધારસ(અમૃતપાન)નું પાન કર.'

વર્તમાન સમયમાં આપણા જીવનમાં અન્યત્વ ભાવના છે ખરી ? ભાવનાઓ ઊંચા આકાશને અડતી હોય અને લોકો ખીણમાં જીવન જીવતા હોય એવું તો બનતું નથી ને ! આ ભાવનામાં શરીર પ્રત્યેના મોહની વાત કરી છે અને આજે આપણે જોઈએ છીએ કે માનવી એના જીવનનો નેવું ટકા ભાગ પોતાના શરીરના રોગ, એની સ્થિતિ અને એની સજાવટ પાછળ ગાળે છે. એવી જ રીતે અન્યત્વ ભાવનામાં કહ્યું છે.

'તું તારા જીવનમાં અનેક પ્રકારની ચીજો અને ધન આદિનો પરિગ્રહ કરે છે અને વધાર્યા કરે છે, પરંતુ જ્યારે તું પરલોકમાં ગમન કરીશ, ત્યારે એક તલનો તેરમો ભાગ પણ તારી સાથે આવવાનો નથી.'

આવી અપરિગ્રહની ભાવના આજે તો સમાજમાંથી લુપ્ત થઈ ગઈ છે. ક્યાંક ધર્મને બદલે અધર્મની બોલબાલા છે, તો ક્યાંક પોતાના પરિગ્રહનું સતત પ્રદર્શન છે. એવી જ રીતે કહ્યું છે કે - 'તારા

ધર્મના માર્ગે જુદા-જુદા પંથના વટેમાર્ગુઓ મળે પણ એમની સાથે શા માટે તું મમતાનું ખોટું બંધન રચે છે ?

આજે આપણે એ પણ વિચાર કરવો જોઈએ કે ભગવાન મહાવીરના શાસનમાં આપણે કોઈ પંથ કે સંપ્રદાયના બંધનમાં તો જકડાયા નથી ને ! આમ આ અન્યત્વભાવના એ પરિગ્રહમાંથી અપરિગ્રહ તરફનું, બાહ્ય આકર્ષણોમાંથી આત્માની ઓળખનું અને સર્વવ્યાધિઓને શમાવનાર એવા જિનપતિ-તીર્થંકરદેવને ભજવાની વાત કરે છે.

આજે તો એટલી જ આશા રાખવાની કે અન્યત્વભાવના એ આપણા જીવનથી અલાયદી એવી કોઈ 'અન્ય' ભાવના નથી, પરંતુ મોક્ષપ્રાપ્તિ માટેનું પરમાત્મભક્તિનું સહજ અને સરળ આત્મઔષધ છે, તેને આપણે પામીએ.

**(રેખાબહેન વ્યવસાયે એક્યુપ્રેશરની સારવાર આપે છે, સાથે-સાથે જૈન ધર્મ-દર્શનમાં ઊંડી રુચિ ધરાવે છે. તેઓએ 'ભક્તામર સ્તોત્ર' ઉપર Ph.D. કર્યું છે અને ભગવાન આદિશ્વર ઉપર પણ તેમનું પુસ્તક પ્રકાશિત થયેલ છે. પ્રસ્તુત લેખમાં વર્તમાન સમયના સંદર્ભમાં અન્યત્વ ભાવનાને તેઓએ સમજાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.)**

# બોધિ દુર્લભ ભાવના

- શ્વેતલ શાહ

શ્રમણ ભગવાન મહાવીરે અંતિમ દેશનામાં, 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં માનવજીવનની અને સમ્યગ્ બોધિની દુર્લભતા બતાવી છે.

'चत्तारि परमंगाणि, दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥'

(અ. - ૩, શ્લો. ૧)

પ્રાણી માત્રને જીવનવિકાસના ચાર વિભાગો આ સંસારમાં પ્રાપ્ત થવા દુર્લભ છે. તે આ પ્રમાણે છે - (૧) મનુષ્યત્ત્વ, (૨) શ્રુતિ (સત્ય શ્રવણ), (૩) શ્રદ્ધા (અડગ વિશ્વાસ) અને (૪) સંયમની શક્તિ.

ઉપરોક્ત શ્લોકથી સ્પષ્ટ છે કે સમગ્ર જીવ યોનિઓમાં માનવજીવન દુર્લભ છે અને ઉત્તરોત્તર શ્રુતિ, શ્રદ્ધા અને સંયમ વધુ ને વધુ દુર્લભ છે. આથી મનુષ્યએ પ્રાપ્ત કરેલી આ દુર્લભતાને સાર્થક કરવા વિશેષ પ્રયત્નશીલ રહેવું જરૂરી છે. અનુભવ સિદ્ધ જ્ઞાનીઓએ માનવજીવન સાર્થક કરવાના રસ્તાઓ સ્પષ્ટ બતાવ્યા છે. 'નવતત્ત્વ પ્રકરણ' એ જૈન ધર્મના સિદ્ધાંતોને સમજવા માટે પાયાનું અને સર્વ સ્વીકૃત અભ્યાસનું માધ્યમ છે. વિશ્વના દરેક પદાર્થોને આવરી લેતી વર્ગીકરણ વ્યવસ્થા એટલે નવતત્ત્વ. આ નવતત્ત્વમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વોનો સમાવેશ થાય છે.

જેમાં છઠ્ઠું સંવર તત્ત્વ ૫૭ ભેદો દ્વારા સમજાવવામાં આવ્યું છે. જે આવતા કર્મનું રોકાણ કરે તે સંવર. સંવરના ૫૭ ભેદ આચરવાથી નવાં કર્મો આવતાં નથી. બાર ભાવનાનો સમાવેશ સંવરના ૫૭ ભેદો પૈકી બાર ભેદ તરીકે કરવામાં આવ્યો છે.

સંવરનું આચરણ એ મોક્ષમાર્ગના સાધકની પૂર્વભૂમિકા છે. બાર ભાવનાના આચરણ અને અમલ દ્વારા મનુષ્ય તેની મોક્ષલક્ષી સાધનાને આગળ વધારી શકે છે.

સંવર તત્ત્વનું આચરણ એ નિર્જરા તત્ત્વના આચરણની પૂર્વશરત છે. નિર્જરા તત્ત્વ એ મુખ્ય છે; કારણ કે નિર્જરા તત્ત્વના આચરણ દ્વારા સંચિત

કર્મોથી છૂટકારો મળે છે. નિર્જરા તત્ત્વને બાર પ્રકારના તપ આચરવામાં આવે છે. જેમાં બાહ્ય અને અભ્યન્તર તપનો સમાવેશ થાય છે. આવા તપની સાધના દ્વારા જ મનુષ્ય જીવનની સાર્થકતા મેળવી શકાય છે, જે અંતે આત્માને મુક્તિ અપાવી શકે છે.

માનવજન્મની દુર્લભતા જૈન ધર્મની દૃષ્ટિએ ઊંડાણથી સમજવા જેવી છે. કર્મના યોગથી, પાછલા જન્મોના સારા સર્મો દ્વારા માનવજન્મ પ્રાપ્ત થાય છે. તેમાં પણ આર્યદેશમાં જન્મ થવો, ઉત્તમ એવી પાંચ ઈન્દ્રિયોવાળું આરોગ્યવાન શરીર પ્રાપ્ત થવું, ન્યાયોચિત અને અહિંસક આજીવિકાનું સાધન મળવું, વાસનાઓનું મંદ થવું, ધર્મમાં અનુકૂળ એવા કુટુંબીજનો મળવાં, સત્ય પદાર્થ અને સજ્જનોની સંગતી મળવી, સદ્ધર્મની આરાધના કરવાનો ભાવ થવો તેમજ આત્માની સાધના કરવાની વૃત્તિ એ ક્રમશઃ એકથી એક મહાદુર્લભ સંયોગ છે.

ઉત્તમ એવા માનવજીવન દરમિયાન મનુષ્યએ ઉત્તમ વિચારો સેવવા ખૂબ જરૂરી છે. આવા શુભ વિચારોની અસર મનુષ્યના જીવન પર તો થાય જ છે, પરંતુ એકંદરે તેની શુભ અસર આત્મપ્રદેશ ઉપર પણ થાય છે. સારા વિચારોની શૃંખલાને ભાવના કહી શકાય. અથવા તો જેનાથી આત્મા ભાવિત થાય છે તેને ભાવના કહેવામાં આવે છે. જૈન દર્શનમાં આ પ્રકારની અનિત્ય આદિ બાર ભાવનાઓનું વિશેષ મહત્ત્વ છે. બાર ભાવનાઓનું મનન - ચિંતન મનુષ્યના આંતરિક વિકાસનું મહત્ત્વનું કારણ બની રહે છે.

સમતા ગુણની સિદ્ધિ માટેનું બીજ ભાવનાઓમાં રહેલું છે. માટે જ 'સૂત્રકૃતાંગ સૂત્ર' આગમમાં જણાવ્યું છે કે - 'ભાવનાયોગથી શુદ્ધ થયેલો આત્મા પાણીમાં તરતી નાવડી જેવો બને છે. જેમ નાવ કિનારે પહોંચે છે, તેવી જ રીતે શુદ્ધ આત્મા સર્વ દુઃખોમાંથી મુક્ત થઈને લક્ષ્ય સ્થાને પહોંચે છે.

**બોધિ દુર્લભ ભાવના :**

બાર ભાવનાઓના સેવન દ્વારા આત્મ-ઉત્થાનના આગળના પડાવ એટલે કે કર્મનિર્જરા અને તપ ધર્મની આચરણા તરફ જવા મળે છે. બોધિ દુર્લભ ભાવના એ બાર ભાવનાઓમાં શિખર સમાન ભાવના છે. જેનો ક્રમ સાધારણ રીતે ૧૧મી બાવના તરીકેનો છે. તો ક્યાંક તેનો ક્રમ

૧૨મી ભાવના તરીકે પણ જોવા મળે છે. બાર ભાવનાઓના ગુચ્છમાં તેનું સ્થાન અંત તરફનું હોવાથી તેમાં રહેલાં ઊંચા વિચારોનો ખ્યાલ તેના વિશેષ અભ્યાસ દ્વારા પ્રાપ્ત થાય છે.

જૈન ધર્મમાં 'બોધિ' શબ્દ એ વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે. મૂળતઃ 'बोधि' સંસ્કૃત શબ્દ છે. પ્રાકૃત ભાષામાં 'બોહિ' તેનો સમાનાર્થી શબ્દ છે. બોધિ શબ્દ બુધ્ ધાતુ ઉપરથી આવેલો છે. બુધ્ એટલે જાણવું. પ્રબુદ્ધ, વિદ્વાન, જ્ઞાની માણસ માટે પણ 'બુધ' શબ્દ આત્માના જ્ઞાન પ્રકાશ માટે વપરાય છે. જેમ વ્યવહારમાં કીમતીમાં કીમતી પ્રકાશમાન પદાર્થ તે 'રત્ન' છે, તેમ અધ્યાત્મમાં બોધિને રત્નનું રૂપક આપવામાં આવે છે. બોધિ શબ્દ એ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પણ વપરાય છે.

सम्यग्‌दर्शन, ज्ञानचारित्राणा मत्रया प्रायणं बोधि ।

જેને સમ્યગ્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ ન હોય અને તે પ્રાપ્ત થાય તો તેને બોધિ કહેવાય. જૈન દર્શનમાં એ સ્પષ્ટ છે કે - 'સમ્યક્ત્વની પ્રાપ્તિ વિના મોક્ષ અશક્ય છે.' માટે જ બોધિ બીજની પ્રાપ્તિ એ ખૂબ જ જરૂરી છે.

ભાવનાઓના ક્રમમાં દસમે ક્રમે આવતી 'લોકસ્વરૂપ' ભાવનામાં ભાવકને સંસારની અસારતા, અનિત્યતા, અશુચિ વગેરેને સમજાવ્યા બાદ અનંત એવા ૧૪ રાજલોકના વિશાળ વિશ્વનું દર્શન કરાવાય છે. જેમાં છએ દ્રવ્યોના પરસ્પર સંબંધથી એકજાતની વિચિત્ર ઉથપાથલોથી ભરપૂર આ જગતની વાસ્તવિકતાનું વિહંગાવલોકન થાય છે. જેનાથી પુદ્‌ગલોના પર્યાયની અશાશ્વતતા સમજાય છે. ત્યાર બાદ અગિયારમા ક્રમે આવતી 'બોધિદુર્લભ' ભાવનાને સમજાવવા એમ કહી શકાય કે વિકટ રણમાં મીઠી વિરડી જેમ દુર્લભ છે. તેમ વિકટ એવા ૮૪ લાખ યોનિયુક્ત સંસારમાં સમ્યક્ત્વ સાથેનો મનુષ્યજન્મ ખૂબ જ દુર્લભ છે. અને તેની દુર્લભતા સમજાય તે અતિ દુર્લભ ઘટના છે.

બોધિના અર્થને વધારે સ્પષ્ટ કરતા જણાવાય છે કે બોધિ એટલે સ્પષ્ટજ્ઞાન, વિવેકપૂર્વકનું જ્ઞાન અને શુષ્કતા વગરનો પ્રકાશ. એટલે કે આત્માનો પ્રકાશ કે જે સત્યના સ્વરૂપને ગ્રહણ કરી શકે. માનવજીવનમાં સાધનોને સાધ્ય માનવાથી ઘણા અનર્થો સર્જાય છે. માટે જ અનુભવના આધારે ફરી ને ફરી ઈતિહાસનું પુનરાવર્તન ન થાય એ અનર્થો થતાં

અટકે તે માટે સંભાળ રાખવાની આવશ્યકતા છે. મનુષ્યત્વ પ્રાપ્ત કરીને પણ જો માનવી મોહ-મિથ્યાત્વ કે માયા-કપટથી ઘેરાઈ જાય અને સંસારના અગાધ કૂપમાં વધારે ઊંડો ઊતરતો જાય તો તેને મળેલો દુર્લભ સંયોગ એટલે કે માનવજીવન વ્યર્થ કરી બેસે છે.

દુઃખ કે સુખની હાજરીમાં બોધિ સંપૂર્ણ પ્રાપ્ત કરી શકાતી નથી. દેવલોકના વૈભવી સુખો વચ્ચેના જીવનમાં બહુદીર્ઘકાળ સુધી આનંદ અને વિલાસ હોય છે. આવા દેવભોગો બોધિરત્નને પરિણામે સહજ પ્રાપ્ત થાય છે. જોકે વિશિષ્ટ બોધિરત્નને ઓળખનારને એ સુખની વંછના હોતી નથી. તેવી જ રીતે સંસારના દુઃખોને કારણે પણ મનુષ્ય અજ્ઞાન-મિથ્યાજ્ઞાનમાં પડી જઈ પ્રકાશ પામતો નથી. તો કેટલીક વખત શંકાઓ કરી માર્ગભ્રષ્ટ થાય છે. પોતાના નાના સંસારિક વર્તુળ-(સર્કલ)ને સર્વસ્વ માની મનુષ્ય એમાંજ મસ્ત રહે છે અને જરાપણ પ્રગતિ કર્યા વગર આવ્યો હોય તેવો જ પાછો ચાલ્યો જાય છે. આ માટે જ કહેવાય છે કે - 'બોધિરત્ન વગરનું મનુષ્યત્વ તદ્દન નિરર્થક છે; કારણ કે બોધિ વગર મનુષ્યભવ ઉદ્દેશ વગરનો થઈ જાય છે.' વળી ધર્મની અંદર પણ અનેક પ્રકારના પેટા ભેદો જોવા મળે છે. જેમાં પોતાને જ બુદ્ધિશાળી માનનારા લોકો દલીલોની ગુંચવણ ઊભી કરે છે. જેનાથી માણસનું મગજ ગુંચવણમાં પડી જાય છે. અંશ સત્યને સર્વ સત્ય માનવા - મનાવવાની ઈચ્છા વચ્ચે ભ્રમમાં પડી જવાના પ્રસંગો બની શકે છે, જે શુદ્ધ બોધિની પ્રાપ્તિમાં બાધારૂપ છે.

'કાર્તિકેય અનુપ્રેક્ષા' અનુસાર બોધિના ત્રણ પ્રકાર છે - જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધિ. સંસારમાં ખરેખર ધન-વૈભવ દુર્લભ નથી, પરંતુ માનસિક શાંતિ દુર્લભ છે. જે માત્ર સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. અહીં જે સમ્યગ્ કર્યું છે તેના પાંચ લક્ષણો છે :

(૧) આસ્તિકતા - આત્મા, કર્મ આદિમાં શ્રદ્ધા.

(૨) શમન - ક્રોધ આદિ કષાયોનું શમન.

(૩) સંવેગ - મોક્ષ પ્રત્યેની તીવ્ર અભિલાષા.

(૪) નિર્વેદ - વૈરાગ્ય.

(૫) અનુકંપા - કૃપાભાવ. પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા.

આમ આવા સમ્યગ્ પ્રકારનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ બોધિની પ્રાપ્તિ કરવામાં સહાયક છે.

વ્યવહાર જગતના ઉદાહરણો દ્વારા પણ બોધિદુર્લભને સામાન્ય જીવો માટે સમજાવવામાં આવે છે.

એક દરિદ્ર વિપ્ર હતો. ખૂબ કષ્ટથી ઘર-ગુજરાન ચલાવતો. આવી પરિસ્થિતિમાં તેને લગ્ન કરવાની દુર્બુદ્ધિ થઈ. એ પરણ્યો, દારિદ્ર વધ્યું અને ગુલામ દશાના એ વિપ્રે અનેક ગુલામીઓ વધારી. તે કંટાળ્યો અને ઘર મૂકીને દૂર દેશમાં ભાગ્યો. ત્યાં તપ કરવા લાગ્યો અને કોઈ દેવની કૃપાથી તેને ચિંતામણી રત્ન મળ્યું. એ રત્નના પ્રભાવથી તેને ઈચ્છિત દરેક વસ્તુ મળવા લાગી. વિપ્ર રાજી થયો અને વહાણમાં બેસી ઘરે આવવા નીકળ્યો. વહાણમાં ઊભો-ઊભો રત્ન લઈને નાચવા લાગ્યો. નાચતા-નાચતા રત્ન હાથમાંથી છટકી ગયું અને દરિયામાં જઈ પડ્યું. મહામહેનતે મળેલું રત્ન ઘડીકમાં ખોવાઈ ગયું.

જેમ વિપ્ર માટે રત્નની પ્રાપ્તિ દુર્લભ હતી, પરંતુ રત્નની પુનઃ પ્રાપ્તિ અતિદુર્લભ બની તેવું જ મનુષ્ય જીવનનું છે. તે પ્રાપ્ત થવું દુર્લભ છે અને તેમાં પણ બોધિની પ્રાપ્તિ અતિદુર્લભ છે.

**ક્ષુલ્લકકુમારની કથા :**

એક નગરમાં રાજા-રાણી રહેતાં હતાં. રાજાના મૃત્યુથી રાણી વિધવા થયાં, અને તેમને શુદ્ધ વૈરાગ્ય થવાથી દીક્ષા લીધી. દીક્ષા લીધાં બાદ ખબર પડી કે રાણી ગર્ભવતી છે. વિચક્ષણ ગુરુણીએ પ્રસૂતિ કાર્ય ગુપ્ત રીતે કરાવ્યું અને પુત્રનો જન્મ થયો. એ પુત્ર એજ ક્ષુલ્લકકુમાર. તે બહુ જ ચાલાક અને ઉદાર મનનો થયો. ભણી-ગણીને કુશળ થયો. બાર વર્ષની તેની ઉંમર થતાં તેણે દીક્ષા લીધી. પરંતુ બાર વર્ષ સંયમમાં રહ્યાં બાદ તેને સંસારમાં જવાની ઈચ્છા થઈ, પરંતુ માતા સાધ્વીના આગ્રહે તે બીજા બાર વર્ષ સંયમમાં રહ્યાં. માતાની ગુરુણીના આગ્રહે ત્રીજા બાર વર્ષ સંયમમાં રહ્યાં અને ગચ્છાધિપતિના આગ્રહે ચોથા બાર વર્ષ સંયમમાં રહ્યાં.

સાઠ વર્ષની ઉંમરે સંસારમાં પડવાં નીકળ્યાં. માતાએ રત્નકંબળ નિશાની તરીકે રાખ્યાં હતાં, જેના કારણે અડધું રાજ્ય મળે તેમ હતું. ક્ષુલ્લકકુમાર રાજમહેલમાં ગયાં. તે રાત્રિનો વખત હતો. રાજમહેલમાં નાટક ચાલતું હતું. ક્ષુલ્લકમુનિ પણ તે જોવા ઊભાં રહ્યાં. આખી રાત નાટક ચાલ્યું. રાત્રિની બેઘડી બાકી રહી ત્યારે નાચનાર વારાંગના ઢીલાં પડવાં લાગ્યાં. રાજા-રાણી પણ હતાં. મિજલસ જામી હતી. નગરજનો પણ મોટી સંખ્યામાં હતાં.

યુવતી વારાંગના જરા ઢીલા પડવા લાગી, ગાઈ-ગાઈને થાકી. તેને બગાસું આવ્યું. તે જોઈને તેની વૃદ્ધ માતા જે હાજર હતી તે શ્લોક બોલ્યા.

'सुहु गाइयां, सुहु वाइयं, सुहु नाच्चियं सामसुंदरि ।
अणु पातियं, दीह राइओ, सुमिणंते मा पमायदा ॥'

"હે શામસુંદરી, તે સારી રીતે ગાયું, સારી રીતે વગાડ્યું, સારી રીતે નૃત્ય કર્યું. દીર્ઘ રાત્રિ એ પ્રમાણે પસાર કરીને હવે રાત્રિને અંતે દાન મળવાને અવસરે પ્રમાદ ન કર."

આ શ્લોક ત્યાં હાજર અનેકને બંધબેસતો આવ્યો. ક્ષુલ્લકકુમારે વિચાર કર્યો કે - 'સાઠ વર્ષ ગુરુકુળ વાસ સેવ્યો અને હવે અવસર પાક્યો છે, ત્યારે મેં આ શો ધંધો આદર્યો છે ?' આમ વિચારી પોતાનું રત્નકંબળ ઈનામમાં ફેંકી દઈ પાછો ફર્યો. ગુરુ પાસે જઈને પોતાનું જીવન સફળ કર્યું.

અહીં શાસ્ત્ર જાણનાર અનુભવી મહાત્માઓ મનુષ્યમાત્રને એ જ બોધ આપે છે કે - 'પ્રમાદ, વિકથા, ખોટીચર્ચા વગેરે દ્વારા માનવજીવન રૂપી અણમોલ તકને ગુમાવવી ન જોઈએ. મહામુસીબતે મળેલ બોધિરત્નને જરા પણ વેડફી નાખવા જેવું નથી.

## બોધિ દુર્લભ કે સુલભ ?

બોધિ એ પોતાના આત્મ તત્ત્વને જાણવાની ઉચ્ચ આધ્યાત્મિક ક્રિયા છે. આત્મ તત્ત્વ એ જીવની પોતાની સાથે જ છે. માટે બોધિની પ્રાપ્તિ એક અપેક્ષાએ ખૂબ જ સુલભ છે. આપણે આપણી નિરંકુશ પ્રવૃત્તિઓથી બોધિને દુર્લભ બનાવીએ છીએ. બોધિને મેળવવામાં ચાર મોટા અંતરંગ શત્રુઓ તે ચાર સંજ્ઞાઓ છે - (૧) આહાર સંજ્ઞા, (૨) ભય સંજ્ઞા, (૩) મૈથુન સંજ્ઞા અને (૪) પરિગ્રહ સંજ્ઞા. માટે જ જીવે એ સંજ્ઞાઓ ઉપર વિજય મેળવવાના પુરુષાર્થ દ્વારા બોધિને સુલભ કરવાનું છે.

## બોધિનો મૂળ સૂત્રોમાં ઉલ્લેખ :

'લોગસ્સ સૂત્ર'ની છઠ્ઠી ગાથામાં બોધિનો ઉલ્લેખ.

'कित्तिय वंदिय महिया जे ए लोगस्स उत्तमा सिध्धा ।
आरुग्ग बोहिलाभं समाहिवर मुत्तमं दिंतु ॥'

જેમને ઈન્દ્ર વગેરે એ સ્તવ્યા છે, વાંદ્યા છે, પૂજ્યા છે અને જેઓ લોકને વિશે ઉત્તમ સિદ્ધ ભગવાન થયા છે. તેઓ મને આરોગ્ય, બોધિ (સમગ્ = દર્શન)નો લાભ અને પ્રધાન ઉત્તમ સમાધિ આપો.

'ઉવસગ્ગહરં સ્તોત્ર'ની છેલ્લી (પાંચમી)ગાથામાં બોધિનો ઉલ્લેખ.

**'ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥'**

હે દેવ ! શ્રી પાર્શ્વજિન ચંદ્ર ! મને જન્મોજન્મને વિશે બોધિ (સમગ્ = દર્શન) આપો.

જય વીયરાય સ્તોત્રની ચોથી ગાથામાં બોધિનો ઉલ્લેખ.

**'दुक्खखओ कमक्खओ समाहिमरणं च बोहिलाभोअ ।**
**संपज्जउ मह एहं तुह नाह पणाम करणेणं ॥'**

હે નાથ ! તમને પ્રણામ કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિ મરણ તથા બોધિબીજનો લાભ એ ચાર સંપ્રાપ્ત થાઓ.

એકંદરે બોધિની દુર્લભતાનું ચિંતન-મનન કરતાં અને એ ભાવનાનું સેવન-આચરણ કરતાં જીવ ઊંચી અધ્યાત્મદશા પ્રાપ્ત કરે છે. આમ, વૈરાગ્યની અને આત્મ ચિંતનની બાર ભાવનાઓમાં બોધિદુર્લભ ભાવનાનું વિશેષ મહત્ત્વ છે. અને બોધિદુર્લભ ભાવના એ જ્ઞાન અને આચરણને ધર્મને જોડતી કડીરૂપ છે.

**સંદર્ભ :**


(૧) શ્રી વિનય વિજય ઉપાધ્યાય કૃત **'શાંત સુધારસ'**
વિવેચક - શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા.

(૨) **'બાર ભાવના : એક અનુશીલન'** (હિન્દી)
લેખક - ડૉ. હુકમચંદ ભારિલ્લ

(૩) **'અમૂર્ત ચિંતન'** (હિન્દી)
લેખક - શ્રી આચાર્ય મહાપ્રજ્ઞ

(૪) **'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા'** - પં. જયચંદ્રજી છાવડાની ટીકા
અનુવાદક - શ્રી સોમચંદ અમથાલાલ શાહ



**(શ્રી શ્વેતલભાઈ દહેરાદૂનથી પર્યાવરણ વિજ્ઞાનમાં M.Sc. થયેલ છે, ઇન્દૌરથી તેમણે M.Tech. કરેલ છે. ધાર્મિક વિષયોમાં રસ ધરાવે છે. પ્રસ્તુત લેખમાં તેઓએ સરળ શૈલીમાં બોધિ દુર્લભ ભાવનાની સમજૂતી આપી છે.)**

# बारह भावनाओं का मूल संदेश

*डॉ. वीरसागर जैन*

जैन दर्शन में 'बारह भावना' एक ऐसा विषय है, जिस पर न केवल जैन विद्वानों और आचार्यों ने, अपितु जैनेतर बहुत से विद्वानों ने भी लेखनी चलाई है । आज हमारे समक्ष शताधिक लेखकों द्वारा रचित बारह भावनाए उपलब्ध हैं । आचार्यय कुन्दकुन्द ने भी इस विषय पर एक स्वतंत्र ग्रंथ की रचना 'बारस अणुदेक्खा' नाम से की है । आचार्य कार्तिकेय ने भी 'कार्तिकेयानुप्रेक्षा' नामक ग्रन्थ में इन भावनाओं का सविस्तार वर्णन किया है ।

संसार, शरीर और भोगों से वैराग्य जगाकर आत्मकल्याण की दिशा में अग्रसर होने के संदर्भ में बारह भावनाओं का क्रम अत्यन्त महत्त्वपूर्ण है । निरन्तर भावना के बल पर न केवल पारलौकिक प्रयोजन की सिद्धि होती है, अपितु ऐहलौकिक कार्यों और विभिन्न प्रकार के सुख-भोग भी भावनाओं के निरन्तर प्रयोग से हमें प्राप्त हो सकते हैं । आधुनिक मनोविज्ञान और मेडिकल साइंस ने भी इस तथ्य का समर्थन किया है, इसके साथ ही हमारी प्राच्य विद्याओं के अनेक ग्रन्थ इन तथ्यों से भरे पडे हैं कि -

"जाकी रही भावना जैसी, प्रभु मूरति देखी तिन तैसी ।"

अथवा - "जैसी मति, वैसी गति ।"

अथवा - "जैसा चिंतन, वैसा जीवन ।"

उदाहरणार्थ - जो व्यक्ति सदा शिक्षक बनने की भावना करता है यह बड़ा होकर शिक्षक बन जाता है और जो व्यक्ति व्यापारी बनने की भावना करता है, वह व्यापारी बन जाता है । यही बात डॉक्टर, लेखक, खिलाड़ी आदि सभी पर घटित होती है ।

तात्पर्य यह है कि जो जैसा बनने की सच्ची भावना करता है वह वही बन जाता है, अतः हमें सदैव बुरी भावनाओं का त्याग

करते अच्छी भावनाए भानी चाहिए । यही बारह भावनाओं का मूल सन्देश है ।

इसी बात को एक संस्कृति - कवि ने इस प्रकार कहा है -

*"चिंता चिता समा उक्ता, बिन्दुमात्रविशेषत: ।*
*सजीवे दहति चिंता, निर्जीवे दघते चिता ॥"*

*अर्थ* - 'चिंता और चिता' ये दो शब्द ऐसे हैं जो दिखने में समान लगते हैं, बस बिन्दुमात्र का ही अन्तर है, किन्तु वास्तव में इन दोनों में बड़ा भारी अन्तर है । 'चिता' तो निर्जीव (मृतक शरीर) को ही जलाती है, किन्तु 'चिंता' जीवित व्यक्ति को ही जला देती है ।

तात्पर्य यह है कि चिंता अग्नि से भी अधिक द्योतक है, तथापि हम लोग अधिकांशता चिंताओं में ही जलते रहते हैं, 'चिंता' के बजाय 'चिंतन' नहीं करते ।

आज 'चिंता' से ही अनेक प्रकार की समस्याए उत्पन्न हो रही हैं - आध्यात्मिक ही नहीं, मानसिक और शारीरिक आदि भी । मनुष्य महादु:खी है, जल-जलकर काला पड़ चुका है । उसका सारा जीवन मिट्टी में मिला जा रहा है, अत: आवश्यकता है कि 'चिंता' को 'चिंतन' में बदल जाए, अनुचिंतन में बदला जाए, दुर्भावनाओं को सद्‌भावनाओं में बदला जाए ।

यही कारण है कि जैन आचार्यों ने प्रतिदिन बारह उत्तम भावनाए भाने का उपदेश दिया है, जिसे 'द्वादशानुप्रेक्षा' भी कहते हैं । जो जीव इन बारह भावनाओं को भाते हैं वे अध्यात्म के उन्नत मार्ग पर तीव्रता से अग्रसर हो जाते हैं और उन्हें किसी प्रकार की कोई बाधा विचलित नहीं कर पाती है । वे अपनी सच्ची सुख-शांति का लक्ष्य अनिवार्य रूप से प्राप्त कर लेते हैं ।

'भावना' के सम्बन्ध में एक और महत्त्वपूर्ण बात यह है कि सच्चे हृदय से भाई हुई भावना कभी निष्फल नहीं जाती, अवश्य

फलीभूत होती हैं, अतः हमें संसार-शरीर-भोगों की अनित्यता, अशरणता, असारता आदि को पहचानकर आध्यात्मिक सम्पत्ति प्राप्त करने की सच्ची भावना भाना चाहिए ।

प्राप्त ज्ञान के संरक्षण और संप्रयोग हेतु भी 'भावना' का बड़ा महत्त्व बताया गया है । यथा -

*शतेन गुणिताऽऽयाति सहस्रेण तु तिष्ठति ।*
*सहस्राणां सहस्रेण प्रेत्य चेह य तिष्ठति ॥*

*अर्थ* - विद्या सौ बार दोहराने से प्राप्त होती है, हजार बार दोहराने से टिकती है और लाखों बार दोहराने से अगले जन्म में साथ जाती है ।

अभिप्राय यह है कि प्राप्त ज्ञान भी भावना के बिना ऊपर-ऊपर ही तैरता रहता है, हृदयगम नहीं होता, अतः भावना अत्यन्त उपयोगी है -

*विद्या अभ्यासेनैव पच्यते ।*

इन बारह भावनाओं का वर्णन यद्यपि मुनिराजों के संदर्भ में शास्त्रों में मिलता है, परन्तु वास्तव में इनकी उपयोगिता मुनिराजों से अधिक हम गृहस्थों को है, क्योंकि मुनिराजों का जीवन चो ज्ञान-वैराग्य से सदा परिपूर्ण रहता है, अज्ञान और कषायों में तो गृहस्थ ही अधिक उलझे-फंसे रहते हैं । शास्त्रों में एक विशेष दृष्टान्त आता है -

सांप और नेवले की लड़ाई के बीच में नेवला बार-बार नागदमनी घूंटी को सूंघता रहता है, इसलिए उस पर सांप का विष नहीं चढ़ता और वह सर्प पर विजय प्राप्त कर लेता है ।

ठीक इसी प्रकार यदि हम संसारी गृहस्थ बार-बार (प्रतिदिन) बारह भावनाओं का चिंतन करेंगे तो हमें गृहस्थी के मोह का विष नहीं चढ़ेगा और हम वीतरागता के मार्ग पर आगे बढ़ सकेंगे, किन्तु यदि इन बारह भावनाओं का चिंतन नहीं किया

तो हमारे ऊपर घर-गृहस्थी के मोह का विष चढ़ जायेगा, हम संसार में मूर्च्छित होकर जन्म-मरण करते रहेंगे ।

अतः हमें प्रतिदिन अनिवार्य रूप से बारह भावनाओं का चिंतन-मनन करना चाहिए । यह परम हितकारी औषध हैं, ये अपने आप में परिपूर्ण भी है, क्योंकि इनमें शुरु की ६ भावनाए वैराग्य उत्पन्न करती हैं और उसके बाद की ६ भावनाए तत्त्वज्ञान प्रदान करती हैं ।

बारह भावनाओं में एक क्रमिकता भी है । सर्वप्रथम यह बताया गया है कि सभी पदार्थ अनित्य है, जब अनित्य है तो कोई शरण कैसे हो सकता है, अतः दूसरे क्रम पर अशरण भावना आई । यही इस संसार का स्वरूप है । इस संसार में जन्म-मरण एवं सुख-दुःख को अकेला जीव स्वयं भोगता है, कोई साथी नहीं है, यहां तक कि अपना शरीर भी अपना नहीं है, यह भी अत्यन्त अपवित्र है । इस प्रकार अनित्य, अशरण, संसार, एकत्व, अन्यत्व और अशुचि - ये छह भावनाए वैराग्योत्पादक बताई गई हैं ।

इसके अनन्तर आने वाली क्रमशः छह भावनाए आस्रव अर्थात् कर्मगमन दुःखकारक हैं और उनके रोकने का नाम संवर है । पूर्वागत कर्मों का एकदेश क्षय होना निर्जरा है । लोक के स्वरूप का विचार करने से वैराग्य होगा, ऐसा वैराग्य अत्यन्त दुर्लभ है और इसका फल आत्मधर्म की प्राप्ति है । इस प्रकार क्रमशः आस्रव, संवर, निर्जरा, लोक, बोधिदुर्लभ और धर्म भावनाए बताई गई हैं । जीवन में ज्ञान-वैराग्य की प्राप्ति ही इन बारह भावनाओं का मूल संदेश है ।

(પ્રો. ડૉ. વીરસાગર જૈન દર્શનશાસ્ત્રના પ્રખર વિદ્વાન છે અને તેઓએ સોનગઢ ખાતે યોજાયેલ ૨૩મા 'જૈન સાહિત્ય સમારોહ'માં 'બાર ભાવના'ના સત્રમાં આ વિષયનું ટૂંકમાં પણ પાંડિત્યપૂર્ણ અધ્યયન રજૂ કર્યું હતું.)

# એકતા ભાવના - કથાને આધારે સમજૂતી

- જાગૃતિ વોરા

**સોળ પ્રકારે ભાવના ભાવો,**
**ધર્મ હૈયામાં નિત્ય વસાવો;**
**દૃઢતા સ્થિરતા ઉત્તમ લાવો,**
**તો હોવે શિવસુખનો લ્હાવો.**

ભાવના એટલે વસ્તુના સ્વરૂપની વારંવાર એવી વિચારણા કે જેનાથી આપણને સાચી શાંતિ અને સુખ મળે, ખૂબ નિર્જરા થાય અને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. આ ભાવનાઓની વારંવાર વિચારણા કરવાથી કેટલાક કાળ બાદ આપણો આત્મા એવો બની જાય છે કે નાના-મોટા સુખના કે દુઃખના પ્રસંગોમાં પણ મનથી સદા પ્રસન્ન, શાંત અને સુખી બને છે અને આમ ભાવનાઓથી આપણા મન - વચન - કાયાના યોગો એવી રીતે પ્રવર્તે છે કે જેનાથી આપણે ખૂબ ઝડપથી મોક્ષની નજીક ને નજીક જઈએ છીએ.

શુભ ભાવનાના અમૃતરસથી ભરપૂર 'શાંતિસુધારસ' ગ્રંથની રચનાનું પ્રયોજન જણાવતા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે કે - 'ભાવનાઓથી જ શાંતિ મળે છે. શાસ્ત્રોથી, તપથી, દાનથી અને બીજી ધર્મક્રિયાઓથી પુણ્ય પ્રાપ્ત થશે, પરંતુ શાંતિ નહિ. મનની શાંતિ, ચિત્તનો ઉપશમભાવ તો ભાવનાઓના રમણ કરવાથી જ પ્રાપ્ત થાય છે. આવી સુંદર બાર ભાવનાઓમાંની ચોથી ભાવના 'એકત્વ ભાવના'ને કથાને આધારે સમજવા પ્રયત્ન કરીશું. આ એકત્વ ભાવનાને સમજવા માટે 'નમિરાજા'નું ઉદાહરણ શ્રેષ્ઠ છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં શ્રમણ ભગવાન મહાવીરે સ્વયં નમિરાજાનું પૂરું એક અધ્યયન કહ્યું છે. ઈન્દ્ર અને નમિરાજર્ષિનો સંવાદ વાસ્તવમાં હૃદયસ્પર્શી છે.

નમિરાજા મિથિલાના રાજા હતા. તેમને પાંચસો રાણીઓ હતી. અપાર રાજ્ય, સમૃદ્ધિના તેઓ માલિક હતા. એક દિવસ તેમને શરીરમાં દાહજ્વર ઉત્પન્ન થયો. વૈદ્યોએ અનેકવિધ ઉપચારો કર્યા, પરંતુ તેમનો દાહજ્વર શાંત ન થયો. શરીર ઉપર ચંદનનો લેપ કરવા માટે રાણીઓ

ચંદન ઘસવા લાગી. રાણીઓના હાથ પર અનેક કંકણ હતા. એ કંકણોના ઘર્ષણથી અવાજ આવતો હતો. એ અવાજ નમિરાજાથી સહન થતો ન હતો. તેમનો ખબર ન હતી કે આ અવાજ રાણીઓના કંકણનો આવે છે. તેમણે કહ્યું : "આ અવાજ બંધ કરો." રાણીઓએ તરત જ સૌભાગ્યનું એક-એક કંકણ રાખીને બાકીના કંકણો ઊતારી દીધા. અવાજ બંધ થઈ ગયો. રાજાએ પૂછ્યું : "હવે અવાજ કેમ બંધ થઈ ગયો ?" રાણીઓએ પ્રત્યુત્તર આપ્યો : "સ્વામી અમારા હાથ ઉપર અનેક કંકણો હતા એટલે પરસ્પર ઘર્ષણનો લીધે અવાજ થતો હતો. અમે સૌભાગ્યનું એક-એક કંકણ રાખીને બાકીના ઊતારી દીધા. એટલે અવાજ બંધ થઈ ગયો." રાણીઓએ આ વાત સહજભાવે કરી હતી, પરંતુ નમિરાજાએ એનો આધ્યાત્મિક અર્થ કર્યો - 'અનેકમાં સંઘર્ષ છે એકમાં શાંતિ છે. અનેકમાં દુ:ખ છે. એકમાં સુખ છે.' એકત્વ અને સમત્વમાં જ શાંતિ અને સુખ છે એટલા માટે મારો દાહજવર શાંત થતા આ સંસારનો ત્યાગ કરીશ, અણગાર બનીશ.

નમિરાજાનું શરીર નિરોગી થાય છે, તે 'પ્રત્યેક બુદ્ધ' બને છે, એટલે કે કોઈનાય દ્વારા ઉપદેશ પામ્યા વિના જાતે વિરક્ત બનીને અણગાર બને છે. મિથિલાનો, રાજપરિવારનો, રાજઋદ્ધિનો ત્યાગ કરીને ચાલી નીકળે છે. સ્વર્ગલોક જેવા શ્રેષ્ઠ ભોગસુખો પ્રત્યે વિરક્ત બની પુત્રનો રાજ્યાભિષેક કરી તેમણે મહાભિનિષ્ક્રમણ કર્યું. ત્યારે દેવરાજ ઈન્દ્ર પોતાના અવધિજ્ઞાનથી નમિરાજાને જુએ છે અને ઈન્દ્રને આશ્ચર્ય થાય છે. નમિરાજાનો વૈરાગ્ય દુ:ખગર્ભિત છે કે જ્ઞાનગર્ભિત છે. એ જાણવા ઈન્દ્ર બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર આવે છે અને નમિરાજાને પ્રણામ કરીને પ્રશ્ન પૂછે છે : "હે રાજર્ષિ ! આજ મિથિલામાં, મહેલોમાં અને ગૃહોમાં સર્વત્ર રુદન, વિલાપ સંભળાઈ રહ્યા છે કારણ શું છે ?" રાજર્ષિએ કહ્યું : "હે બ્રાહ્મણ ! ઉદ્યાનમાં રહેલું મનોરમ વૃક્ષ પ્રચંડ આંધી, તોફાનમાં પડી જાય છે. ત્યારે એની ઉપર બેઠેલા પક્ષીઓ દુ:ખી થાય છે, આશ્રયહીન થાય છે, એટલા માટે તેઓ રુદન કરે છે, એટલે કે લોકો પોતાનો સ્વાર્થ નષ્ટ થવાથી રડે છે. મારી પ્રવજ્યાને કારણે રડતા નથી."

દેવેન્દ્રએ કહ્યું : "રાજર્ષિ ! આપ મિથિલા તરફ જુઓ તો ખરા ! મિથિલા આગમાં બળી રહી છે. આપના અંત:પુરમાં આગ લાગી છે.

રાણીવાસ સળગી રહ્યો છે. આપ કેમ એ તરફ જોતા નથી ? રાજર્ષિ સમતાથી બોલ્યા : "सुहं वसामो जीवामो । અમે સુખથી જીવીએ છીએ, સુખથી રહીએ છીએ." મારું કશું બળતું નથી. હે બ્રાહ્મણ ! સ્ત્રી-પુરુષ વગેરે સ્વજનોનો ત્યાગ કરનારા અને સર્વ પાપવૃત્તિઓનો પરિહાર કરનારા ભિક્ષુઓને કોઈ વસ્તુ પ્રિય હોતી નથી, કોઈ વસ્તુ અપ્રિય નથી હોતી. એમને તો સર્વત્ર સમભાવ - સમત્વ હોય છે. હે બ્રાહ્મણ ! પરિગ્રહથી સર્વથા મુક્ત અણગાર એવા ભિક્ષુઓને તો હું એકલો છું, એવી એકત્વની મસ્તીમાં ઘણું સુખ મળે છે.

ત્યારે ઈન્દ્ર કહે છે : "હે રાજર્ષિ ! તમારી વાત ઠીક છે, પરંતુ તમે કિલ્લા બનાવીને, અટ્ટાલિકાઓ, ગોપુર, યુદ્ધના સ્થાન, શસ્ત્રાગાર ઈત્યાદિ બધું જ વ્યવસ્થિત બનાવીને જજો." ત્યારે રાજર્ષિએ પ્રત્યુત્તર આપ્યો : "હે બ્રાહ્મણ ! મેં એક અભિનવ નગર વસાવ્યું છે. શત્રુ ઉપર વિજય પામવા માટે શસ્ત્ર વગેરે પણ બનાવી લીધા છે." સાંભળો :

'શ્રદ્ધા નામે નગર વસાવ્યું છે.'

'પ્રશમને નગરનો મુખ્ય દરવાજો બનાવ્યો છે.'

'સંવરને કમાડ બનાવ્યા છે.'

'ક્ષમાને ગઢ બનાવ્યો છે.'

મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિને અટ્ટાલિકા, ખાઈ અને શસ્ત્ર બનાવ્યા છે.

'પાંચ સમિતિની ધનુષ્યની દોરી બનાવી છે.'

'ધૈર્યને ધનુષ્ય પકડવાની મૂઠી બનાવી છે.'

'તપ'ના બાણ - તીર બનાવ્યા છે.

હે બ્રાહ્મણ ! તપના તીરોથી કર્મશત્રુઓને મારીને મુનિ સંગ્રામવિજેતા બને છે અને સંસારમાંથી મુક્ત થાય છે.

ઈન્દ્રનું ચિત્ત આનંદિત થાય છે તે કહે છે : "રાજર્ષિ વાસ્તુશાસ્ત્ર અનુસાર પ્રાસાદ, વિશિષ્ટ રચનાવાળા ઘર ઈત્યાદિનું નિર્માણ કરાવીને પછી નિષ્ક્રમણ કરવું."

રાજર્ષિએ કહ્યું : "જે માણસને પોતાની યાત્રામાં સંશય હોય છે તે માણસ માર્ગમાં ઘર કરે છે. જેણે યાત્રાનો નિશ્ચય, ગમનનો નિશ્ચય કરી

દીધો છે તે તો પોતાના ઈષ્ટ સ્થાન ઉપર પહોંચ્યા પછી જ આશ્રય કરે છે. એટલા માટે હું મુક્તિને જ આશ્રય બનાવવા પ્રયત્નશીલ છું.

ઈન્દ્રે કહ્યું : "રાજન્ ! મોટા-મોટા યજ્ઞો કરાવીને શ્રમણ, બ્રાહ્મણ વગેરેને ભોજન કરાવીને, ગાયોનુ દાન આપીને ઈષ્ટ, મિષ્ટ અને પ્રિય વિષયસુખો ભોગવીને સ્વયં યજ્ઞાદિ કર્યા પછી ત્યાગમાર્ગ પર જજો." નમિરાજાએ કહ્યું : "હે બ્રાહ્મણ ! કોઈ માણસ પ્રતિમાસ ૧૦-૧૦ લાખ ગાયોનું દાન આપતો હોય અને એક માણસ એક પણ ગાયનું દાન ન આપતો હોય છતાં પણ હિંસા વગેરે પાપોના પરિહારરૂપ સંયમ આદિથી તે શ્રેષ્ઠ હોય છે."

ઈન્દ્રે કહ્યું : "ઠીક છે, પરંતુ આપ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને સંન્યાસાશ્રમની ઈચ્છા કેમ કરો છો ? હે રાજન્ ! ગૃહસ્થાશ્રમમાં રહીને પૌષધવ્રતમાં રત રહો."

નમિરાજર્ષિએ જવાબ આપ્યો : "હે બ્રાહ્મણ ! કોઈ અજ્ઞાની મનુષ્ય એક-એક મહિનાના પારણે અતિ અલ્પ આહાર ગ્રહણ કરતો હોય છતાં પણ તે તીર્થંકર પ્રણિત મુનિધર્મના સોળમા ભાગ સમાન પણ ન હોય. તીર્થંકરોએ મુનિધર્મને જ મુખ્યરૂપે મુક્તિમાર્ગ બતાડ્યો છે. ગૃહસ્થાશ્રમ નહિ."

ઈન્દ્રે કહ્યું : "સોનુ, મણિ, મોતી, મૂલ્યવાન વસ્ત્રો, વાહન, ધનભંડાર ઈત્યાદિની વૃદ્ધિ કરીને અણગાર બનજો."

નમિરાજાએ કહ્યું : "હે બ્રાહ્મણ ! મેરુપર્વત જેવા સોના-ચાંદીના અસંખ્ય પહાડ મળી જાય, તો પણ તૃષ્ણાતુર મનુષ્યને અલ્પ પણ સંતોષ થતો નથી; કારણ કે ઈચ્છા આકાશ સમાન અનંત હોય છે."

ઈન્દ્રે રાજર્ષિની અદ્વેષ ભાવનાની પરીક્ષા કરવા કહ્યું : "જે રાજાઓ તમારી આજ્ઞા નથી માનતા તેમને આજ્ઞાધીન કરીને જજો. તેવી તમારામાં શક્તિ છે."

નમિરાજાએ કહ્યું : "હે બ્રાહ્મણ ! દુર્જય સંગ્રામમાં જે સુભટ દસ લાખ સૈનિકો ઉપર વિજય મેળવે છે, તે સુભટ જો વિષય-કષાયમાં પ્રવૃત્ત એવા અતિ દુર્જય એક આત્માને જીતી લે છે, તે પરમ વિજેતા કહેવાય છે. આત્માએ આત્માની સાથે યુદ્ધ કરવાનું છે. બહારના દુશ્મનો સાથે લડવાથી શું લાભ ? પાંચ ઈન્દ્રિયો ક્રોધ, માન, માયા, લોભ

અને દુર્જય મન આ બધા ઉપર આત્મવિજય પ્રાપ્ત થતા સહજતાથી જીતી શકાય છે.''

ઈન્દ્રને 'નમિરાજા'નો વૈરાગ્ય જ્ઞાનમૂલક છે એ વાતની પ્રતીતિ થઈ ગઈ. તેમને અતિ હર્ષ થયો. તેમણે પોતાનું ઈન્દ્રરૂપ પ્રગટ કર્યું અને નમિરાજાના ચરણોમાં ભાવપૂર્વક વંદન કરીને સ્તુતિ કરી - 'હે રાજર્ષિ ! આપે ક્રોધને જીતી લીધો છે. માન-અભિમાનને હરાવી લીધા છે. માયાનું વિસર્જન કર્યું છે અને લોભ સ્વાધીન કરી દીધો છે. આપની કેવી શ્રેષ્ઠ સરળતા છે ? કેવી અપૂર્વ નમ્રતા છે ! કેવી અલૌકિક ક્ષમા છે અને કેવો અલૌકિક અસાધારણ સંતોષ છે. આપ ઉત્તમ ગુણોથી સંપન્ન છો, એટલા માટે વર્તમાન જીવનમાં ઉત્તમ છો અને પરલોકમાં પણ ઉત્તમ હશો. આપ કર્મમુક્ત બનીને મુક્તિપંથે જશો.' આ રીતે સ્તુતિ કરીને ઈન્દ્ર દેવલોકમાં ગયા.

'ઉત્તરાધ્યયન સૂત્ર'માં ભગવાન મહાવીર સ્વામી કહે છે : ''ઈન્દ્રે પ્રત્યક્ષ થઈને નમિરાજાની સ્તુતિ કરી, તો પણ નમિરાજર્ષિ ગર્વિષ્ઠ ન બન્યા, પરંતુ વિશેષરૂપમાં આત્મભાવમાં લીન બન્યા. '**नमि नमेइ अप्पाणं**' નમિ પોતાના આત્મભાવમાં લીન બન્યા. પ્રશંસા સાંભળીને રજમાત્ર બાહ્યભાવમાં ન ગયા. આત્માની અદ્વૈતની મસ્તીમાં જીવનારા મિથિલાના નમિરાજર્ષિ અને અવંતીના રાજા ભર્તૃહરિ સ્મૃતિની છીપમાં મોતી બની જાય છે અને અકથ્ય આનંદની અનુભૂતિ કરાવી જાય છે. 'રહેવું સૌની વચ્ચે પણ સૌથી જુદા' તેની મજા કંઈક ઓર છે.''

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી 'શાંતસુધારસગ્રંથ'માં ચોથી 'એકત્વ ભાવના'ના ગેયકાવ્યમાં જણાવે છે કે - 'સોના જેવી મૂલ્યવંતી ધાતુ જો હલકી ધાતુમાં મળી જાય તો તે પોતાનું નિર્મળરૂપ ખોઈ બેસે છે, એવી રીતે આત્મા પરભાવમાં પોતાનું નિર્મળરૂપ ખોઈ બેઠો છે. આત્મા જો કર્મોના મેલથી મુક્ત થઈ જાય તો શુદ્ધ સોનાની જેમ ચમકી ઊઠે છે. આત્મા સદૈવ જ્ઞાન - દર્શન - ચારિત્રના ભાવોથી પરિપૂર્ણ હોય છે.'

આ આત્મા એક જ છે, આ જ ભગવાન છે, જ્ઞાન દર્શનના તરંગોમાં મસ્ત છે. એના સિવાય જે કંઈ છે તે સર્વ મમત્વ માત્ર છે, કલ્પનાનું વિશ્વ છે આ મમત્વ વ્યાકુળતા વધારનાર છે. આ આત્મતત્ત્વ ઉપર જ ચિંતન મનન કરવાનું છે. જે આપણે પોતે છીએ એનું સ્વયંનું પોતાનું

જ ચિંતન કરવાનું છે. ભાવનાના આલોકમાં એ આત્મદ્રવ્યને જોવાનું છે. આત્માની મસ્તીનો અનુભવ કરવાનો છે.

**આતમ સર્વ સમાન, નિધાન મહાસુખ કંદ;**

**સિદ્ધ તણા સાધર્મી, સત્તાએ ગુણકંદ.**

ચૌદ રાજલોકની ઉપર જે 'સિદ્ધશિલા' છે, ત્યાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત આત્માઓનું સ્થાન છે. જે પૂર્ણાનંદી છે, જે પૂર્ણ સુખી છે, પૂર્ણ જ્ઞાની છે. એ આપણા સાધર્મિક કહેવાય છે. આપણે પણ એમના જેવા જ છીએ. તેમનામાં અનંત ગુણો પ્રગટ થયા છે જ્યારે આપણામાં પ્રચ્છન્ન છે.

કેટલી ઉલ્લાસપ્રેરક, ઉત્સાહપ્રેરક વાત કરી ! '**एव एव भगवान-यमात्मा ।** આ આત્મા જ ભગવાન છે.' શુદ્ધ નયદૃષ્ટિથી આ ભાવના સદૈવ ભાવવાની છે, એનાથી પાપોનો નાશ થાય છે. અને આત્મસ્વરૂપ પ્રગટે છે.

**દેહ - મન - વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;**

**અક્ષય, અકલંક જીવનું, જ્ઞાન આનંદ સરૂપ રે, ચેતન, જ્ઞાન અજવાળીએ.**

'અમૃતવેલી' કાવ્યમાં ઉપાધ્યાયશ્રી યશોવિજયજીએ આ ઉપદેશ આપ્યો છે. મન, વચન, કાયાથી, કર્મોથી યુક્ત આત્મસત્તાનું ચિંતન કરવું. આ રીતે સ્વગુણચિંતન કરતા આત્મા નિશ્ચલ આનંદની અનુભૂતિ કરે છે અને સમતારસનો આસ્વાદ કરે છે, આ છે આત્માની એકત્વની ભાવના. એનું મન તૃણ અને મણિને સમાન જુએ છે. આત્માના એકત્વનું ચિંતન કરવાથી આત્મવિશ્વાસ ઉત્પન્ન થશે. આત્મશ્રદ્ધા ઉપજશે. સાચા અર્થમાં આ આપણી ઓળખ છે. જ્યાં સુધી આત્માની ઓળખ ન થાય ત્યાં સુધી તપ-સંયમ પણ વ્યર્થ છે. સંસારનો અંત આવતો નથી.

**કષ્ટ કરી સંજમ ધરો, ગાલો નિજ દેહ;**

**જ્ઞાનદશા વિણ જીવને, નહિ દુઃખનો છેહ.**

જ્યાં સુધી આત્મતત્ત્વની ઓળખાણ થતી નથી, ત્યાં સુધી સુખ-દુઃખ સંસારના ભોગવવા પડે છે. આત્મજ્ઞાન થયા પછી જ ભવદુઃખ મટે છે. વાસ્તવિક તત્વ એકમાત્ર આત્મા જ છે. બાકીનું સર્વ કલ્પના છે. માત્ર મમત્વ છે. જીવને આ અજ્ઞાનજન્ય મમત્વ જ દુઃખી કરે છે.

જે હું નથી, જે મારું નથી એને 'મારું સમજવું' એ જીવની જડતા છે. બુદ્ધિશૂન્યતા છે. અનામી અને અરૂપી આત્મતત્ત્વની ઓળખ કરીને આત્મરમણતા કરીને જ્ઞાનાનંદ, આત્માનંદનો અનુભવ કરવો હોય તો નામ અને રૂપથી પ્રાપ્ત થનાર ક્ષણિક અને તુચ્છ આનંદનો ત્યાગ કરવો જ પડશે. પરદ્રવ્યનો, પરપર્યાયનો પરિચય ત્યાગવો જ પડશે. જો આત્મતત્ત્વની સાચી ઓળખાણ થઈ જાય તો પછી પરભાવનું કૃતત્વ રહેતું જ નથી, બાહ્યક્રિયાઓ ગમે તેટલી કરતા હોય, પરંતુ જેઓ સ્વભાવ અને પરભાવની વાતોથી અનભિજ્ઞ છે. તેઓ અજ્ઞાની છે; કારણ કે તેઓ પાંચ ઈન્દ્રિયોના આવેગોને વશ થઈ જાય છે. પરદ્રવ્યોને પુદ્ગલોને પોતાના માને છે તેઓ તે જાણતા જ નથી કે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શના વિષયો મારા સ્વભાવભૂત નથી. પરભાવરૂપ છે. એટલા માટે તે વિષયોને પોતાના માને છે મમત્વ બાંધે છે, દુઃખી થાય છે.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ પોતાના મનને સંબોધિત કરતા કહે છે : "ઓ મારા મન, પરભાવના આ આવરણો ચીરીને જરા મુક્ત થા, જેથી આત્મ વિચારરૂપ ચંદનવૃક્ષની શીતલ હવા તને સ્પર્શ કરી શકે."

આપણો આત્મા અનંતકાલ સુધી નિગોદ નામની યોનિમાં રહ્યો હતો. જ્યાં જીવ એકેન્દ્રિય હોય છે. ત્યાં અનંતકાલ દુઃખ સહન કર્યા છે. એનાથી કર્મોની 'અકામ નિર્જરા' થઈ. કર્મોનો ભાર કંઈક ઓછો થયો. અને જીવ 'બાદર નિગોદ'માં આવ્યો ત્યાં પણ 'પુદ્ગલરસ'ને કારણે અસંખ્ય વર્ષો વ્યતીત કર્યા. આત્માના વિકાસકાળની આ પ્રારંભિક અવસ્થાઓ હોય છે. અહીંથઈ પુદ્ગલભાવનો રાગ જીવની સાથે લાગી ગયેલો છે. કેટલો પ્રગાઢ અને કેટલો તીવ્ર હશે એ રાગ-રસ ? આ પુદ્ગલરાગને દૂર કરવાનો ભવ્ય પુરુષાર્થ આ જીવનમાં કરવાનો છે. જિનેશ્વર ભગવંતોએ મનુષ્યગતિને દેવગતિ કરતા વધારે સારી બતાવી છે. આવી શ્રેષ્ઠ મનુષ્યગતિ પામ્યા પછી શા માટે વિષયરાગી પુદ્ગલરાગી બનીને મનુષ્યજીવન બરબાદ કરવું જોઈએ ? પૌદ્ગલિક સુખો ગમે તેટલા ભોગવો. તો પણ મન અને ઈન્દ્રિયોને તૃપ્તિ થતી નથી; જે રીતે આગમાં ઘી નાખવાથી આગ શાંત નથી થતી, પરંતુ વધારે પ્રજ્જ્વલિત થાય છે. જીવોને ઈન્દ્રિયજન્ય વૈષયિક સુખો સારા લાગે છે, પરંતુ તેના

પરિણામનો વિચાર અજ્ઞાની જીવ કરી શકતો નથી. કિંપાક નામનું જંગલીફળ ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે, પરંતુ એનું પરિણામ મોત હોય છે એ જ રીતે વૈષયિક સુખો ભોગવવામાં સારા લાગે છે, પરંતુ જનમજનમના દુ:ખદાયી હોય છે. આવું સમજીને વિષયસુખોથી વિમુખ થઈને આત્મભાવની સન્મુખ થવું જોઈએ.

આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં અનંતજ્ઞાની છે, પરંતુ પુદ્‌ગલભાવથી આવૃત્ત છે. અનંતશક્તિનો સ્વામી છે. પરંતુ પુદ્‌ગલભાવે તેને કાયર બનાવી દીધો છે. સિંહ જેવો આત્મા પરાધીન છે. સિંહ પાંજરામાં છે શું કરે ? સિંહ જેવો શક્તિશાળી આત્મા કર્મોના પિંજરામાં બંધ છે. પુદ્‌ગલનું પિંજરુ તેણે ગમે તેમ કરીને તોડવું પડશે. તપથી, ત્યાગથી, જ્ઞાનથી, ધ્યાનથી, ઉપશમથી ગમે તે ઉપાય કરીને સિંહ સમાન આત્માને મુક્ત કરવો પડશે.

ઉપાધ્યાયજી વિનયવિજયજી મહારાજે આત્મચિંતનને ચંદનવૃક્ષોની ઘટામાંથી આવતા સુગંધિત શીતલ પવન સમાન ગણ્યું છે. જો પવનમાં ચંદનની સુવાસ અને શીતલતા હોય તો ભીતરમાં જ પરમ આનંદની અનુભૂતિ થાય છે. જો ભીતરમાં ચિદાનંદ પામવો હોય તો આત્મચિંતન કરવું જ પડશે. આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગ છે. જીવનમાં આધ્યાત્મિક દૃષ્ટિ પામીને મોહની છાતીમાં આત્માના એકત્વનું તીર મારવાનું જ છે. પરમસુખ પામવાનો માર્ગ એકત્વની આરાધના જ છે. આ દૃઢ નિર્ણય મહાત્માઓને કઠોર ઉપસર્ગોમાં પણ વિચલિત થવા દેતો નથી. અનુકૂળ ઉપસર્ગોમાં પણ વિચલિત થવા દેતો નથી. મોક્ષનો આદાર મનના ભાવ પર છે. મનનો સારો ભાવ વચન અને કાયાને સારી દોરવણી આપે છે. માટે મનને સતત જાગ્રત રાખવું એ જ મુદ્દાની વાત છે.

**"The unity of heart, head and hand leads to liberation."** હૃદય (જે શ્રદ્ધાનું પ્રતિક છે.) મસ્તક (જે જ્ઞાનનું પ્રતિક છે.) હાથ (જે ક્રિયાપ્રવૃત્તિનું પ્રતિક છે) એ ત્રણેના સંયોગ યા સુમેળથી મુક્તિ પમાય છે.

**(જાગૃતિ બહેને B.Com. કર્યા પછી હસ્તપ્રત શાસ્ત્રનો કોર્સ કર્યો છે. 'રાસ પદ્માકર' ભાગ-૩નું સંપાદન તેમણે કર્યું છે. પ્રસ્તુત લેખમાં એકત્વ ભાવનાની સરળ શૈલીમાં, કથા સાથે સમજૂતી આપી છે.)**

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને કોબા તીર્થમાં તારીખ ૧૨-૧૩-૧૪ જુલાઈ - ૨૦૧૮ના યોજાનાર ૨૪મા જૈન સાહિત્ય સમારોહમાં શોધપત્રો રજૂ કરનાર વિદ્વાનોની યાદી**

## વિભાગીય સત્ર પ્રમુખ : શ્રી ગુણવંત બરવાળિયા

## વિષય : જૈન જ્યોતિર્ધર અંતર્ગત સમર્થ શ્રાવકો

| ક્રમ | વિદ્વાનનું નામ | શહેર | વિષય |
|---|---|---|---|
| ૧. | જાદવજી કાનજી વોરા | મુંબઈ | કામદેવ શ્રાવક |
| ૨. | ચિત્રાબહેન મોદી | અમદાવાદ | મહામંત્રી અભયકુમાર |
| ૩. | સ્મિતાબહેન સી. શાહ | અમદાવાદ | સમ્રાટ વિક્રમાદિત્ય |
| ૪. | વસંતભાઈ વીરા | મુંબઈ | શકડાલ પુત્ર |
| ૫. | શ્રુતિ દેસાઈ | મુંબઈ | શ્રીપાળ રાજા |
| ૬. | મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી | ઉમરગામ | શ્રાવકપુણિયો |
| ૭. | ડૉ. મધુબહેન બરવાળિયા | મુંબઈ | આર્દ્રકુમાર |
| ૮. | ડૉ. રતનબહેન છાડવા | મુંબઈ | કુંડકૈલિક |
| ૯. | ડૉ. ઉત્પલા કાંતિલાલ મોદી | મુંબઈ | આનંદ શ્રાવક |
| ૧૦. | ડૉ. પૂર્ણિમા મહેતા | અમદાવાદ | રાજા શ્રેણિક |
| ૧૧. | ઉર્વશીબહેન શાહ | ભાવનગર | શાલીભદ્ર |
| ૧૨. | માલતીબહેન ન. શાહ | અમદાવાદ | મંત્રી ચાણક્ય |
| ૧૩. | વિધિ રોનક શાહ | અમદાવાદ | કભાઈ બારોટ |
| ૧૪. | હંસાબહેન વિનયચંદ શાહ | ભાવનગર | જિનદાસ |
| ૧૫. | ડૉ. પ્રફુલ્લાબહેન વોરા | ભાવનગર | વિક્રમાદિત્ય હેમુ |
| ૧૬. | રાજુલાબહેન ટી. શાહ | ભાવનગર | ધનદત્ત |
| ૧૭. | હંસાબહેન પ્રવીણચંદ્ર શાહ | જામનગર | મૌર્યવંશ સમ્રાટ ચંદ્રગુપ્ત |
| ૧૮. | હંસાબહેન પ્રવીણચંદ્ર શાહ | જામનગર | શેઠ ભવડશા |
| ૧૯. | હસમુખ જેઠાલાલ પારેખ | મુંબઈ | સિદ્ધાર્થ જયસિંહ |
| ૨૦. | ભાનુબહેન શાહ | મુંબઈ | શ્રાવક કવિ ઋષભદાસ |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | ડૉ. રશ્મિ ભેદા | મુંબઈ | પંડિત ટોડરમલ |
| ૨૨. | ડૉ. નમન બુચ | મુંબઈ | રાજા સાંપ્રતિ |
| ૨૩. | પ્રફુલ્લ એ. મહેતા | રાજકોટ | રાજા વસ્તુપાલ |
| ૨૪. | સુધાબહેન પી. મહેતા | રાજકોટ | રાજા તેજપાલ |
| ૨૫. | ધ્યાના નીરવ શાહ | અમદાવાદ | વનરાજ ચાવડો |
| ૨૬. | રાજલ શાહ | અમદાવાદ | મંત્રી શાંતનુ |
| ૨૭. | હીના યશોધર શાહ | અમદાવાદ | મંત્રી વિમલ |
| ૨૮. | હંસાબહેન પ્રમોદભાઈ શાહ | ભાવનગર | જિનદાસ |
| ૨૯. | મહેશ્વરી મહેતા | ભાવનગર | મહાશતક |
| ૩૦. | ઈન્દિરાબહેન જે. કામદાર | તીથલ | મહારાજા કુમારપાળ |
| ૩૧. | જિજ્ઞાબહેન વિશાલ શાહ | અમદાવાદ | શ્રેષ્ઠી ચંપક |
| ૩૨. | બીના રાજેશ શાહ | અમદાવાદ | અમૃતલાલ કાલીદાસ |
| ૩૩. | મીતેશભાઈ શાહ | કોબા | શ્રીમદ્ રાજચંદ્ર |
| ૩૪. | ડૉ. શોભના શાહ | અમદાવાદ | હીરાલાલ જૈન |
| ૩૫. | ડૉ. પ્રીતિ એન. શાહ | અમદાવાદ | વીરચંદ રાઘવજી ગાંધી |
| ૩૬. | ડૉ. નલિનીબહેન શાહ | અમદાવાદ | વખતચંદ શેઠ |
| ૩૭. | ડૉ. પ્રીતિબહેન એ. શાહ | અમદાવાદ | શ્રેણિકભાઈ કસ્તુરભાઈ |
| ૩૮. | બાબુલાલ સારેમલ શાહ | અમદાવાદ | પેથડશા |
| ૩૯. | ડૉ. અનીતા ડી. આચાર્ય | ભાવનગર | રતિલાલ દીપચંદ દેસાઈ |
| ૪૦. | ચેતન સી. શાહ | ભાવનગર | કુંવરજી આણંદજી કાપડિયા |
| ૪૧. | હર્ષદ કાંતિલાલ શાહ | ભાવનગર | અનુપચંદ મલુકચંદ |
| ૪૨. | જસ્મિન અ. શાહ | ભાવનગર | સવા સોમા |
| ૪૩. | કોકિલાબહેન પારેખ | ભાવનગર | શેઠ ત્રિભોવનદાસ ભાણજી |
| ૪૪. | દક્ષાબહેન મુકેશ શાહ | ભાવનગર | શ્રાવક જગા |
| ૪૫. | માલતીબહેન કે. શાહ | ભાવનગર | મોહનલાલ દલીચંદ દેસાઈ |
| ૪૬. | શૈલેષી હેમાંગ અજમેરા | ચેન્નાઈ | જૈન જ્યોતિર્ધરના ગુણદર્શન |
| ૪૭. | નિરંજના દેસાઈ | મુંબઈ | શાંતિદાસ ઝવેરી |

| | | | |
|---|---|---|---|
| ૪૮. | ગુણવંત બરવાળિયા | મુંબઈ | શ્રી લાડકચંદ વોરા |
| ૪૯. | અંજનાબહેન રશ્મિભાઈ ઝવેરી | મુંબઈ | શ્રી જેઠાભાઈ ઝવેરી |
| ૫૦. | ઈલાબહેન શાહ | મુંબઈ | પ્રતાપરાય ભોગીલાલ |
| ૫૧. | દિનેશભાઈ મહેતા | રાજકોટ | દુર્લભજીભાઈ વીરાણી |
| ૫૨. | હેમાંગ સી. અજમેરા | ચેન્નાઈ | જૈન જ્યોતિર્ધરના મૂલાધાર |
| ૫૩. | વિનોદ જે. વસા | મુંબઈ | દેવકરણ મૂલજી સંઘવી |
| ૫૪. | ડૉ. રેણુકા પોરવાલ | મુંબઈ | મહામેઘવાહન ખારવેલ |
| ૫૫. | હિંમતભાઈ ગાંધી | મુંબઈ | ગી. મો. કાપડિયા |
| ૫૬. | મમતાબહેન યોગેશ બાવીશી | મુંબઈ | શેઠ ધનજી દેવશી |
| ૫૭. | નીલેષા અભિલાષ ઝાટકિયા | મુંબઈ | ચીમનલાલ ચકુભાઈ |
| ૫૮. | સંગીતા બી. શાહ | મુંબઈ | પંડિત સુખલાલ |
| ૫૯. | મહેન્દ્ર બી. ગાંધી | રાજકોટ | પેથડશા |
| ૬૦. | અમીષા જયેશ દોશી | મુંબઈ | ગીરધરલાલ દફતરી |
| ૬૧. | સુધાબહેન પંડ્યા | વડોદરા | ત્રિભુવન વી. હેમાણી |
| ૬૨. | ગુણવંત બરવાળિયા | મુંબઈ | સમર્થ શ્રાવક શોભેચંદ |
| ૬૩. | ઈલાબહેન શેઠ | અમદાવાદ | ખુશાલદાસ શેઠ |
| ૬૪. | ડૉ. સુધાબહેન પંડ્યા | વડોદરા | શ્રી જયભિખ્ખુ |
| ૬૫. | રમેશભાઈ કે. ગાંધી | વાપી | પંડિત પ્રભુદાસ પારેખ |
| ૬૬. | મણિલાલ ગાલા | મુંબઈ | મેઘજી પેથરાજ |
| ૬૭. | કિરીટભાઈ શાહ | અમદાવાદ | સોમચંદ ડી. શાહ |
| ૬૮. | ભરતકુમાર ઠાકર | અંજાર | કેશવજી નાયક |
| ૬૯. | મનુભાઈ શાહ | ભાવનગર | હરગોવિંદ ભગત |
| ૭૦. | કાનજીભાઈ મહેશ્વરી | ગાંધીનગર | શેઠ જગડુશા |
| ૭૧. | ભાવેશ શાહ | અમદાવાદ | પંડિત બેચરદાસ |

## ૨૪મા સાહિત્ય સમારોહમાં જૈન જ્યોતિર્ધર - સમર્થ સાધુ વિષયમાં ભાગ લેનાર વિદ્વાનજનોની યાદી

### વિભાગ અધ્યક્ષ - ડો. અભય દોશી

### પ્રાચીન કાળ

| | | |
|---|---|---|
| ૧. | ભદ્રબાહુ સ્વામી | - પ્રવીણભાઈ શાહ |
| ૨. | જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ | - જાગૃતિબહેન ઘીવાળા |
| ૩. | શ્રી કુંદકુંદાચાર્ય | - રોમેશ શાહ |
| ૪. | સ્થૂલિભદ્રજી | - જ્યોતિ અજમેરા |
| ૫. | વૃદ્ધવાદી અને સિદ્ધસેન દિવાકર | - સરોજબહેન શાહ |
| ૬. | હરિભદ્રસૂરિ | - રીનાબહેન શાહ |
| ૭. | હેમચંદ્રાચાર્ય | - અભય દોશી |
| ૮. | પૂજ્યપાદ સ્વામી | - બીના શાહ |
| ૯. | જયશેખરસૂરિ | - ઉષા લોડાયા |
| ૧૦. | કામિતકલ્પતરુ જિનકુશલસૂરિ | - પારુલ ગાંધી |
| ૧૧. | માનતુંગસૂરિ પ્રભુ મહાવીર પૂર્વેના | - રેખા વોરા |
| ૧૨. | અષાઢાભૂતિ મુનિ | - અર્ચના શાહ |
| ૧૩. | સુકોશલ સાધુ | - પીના શાહ |
| ૧૪. | દઢ પ્રહરી | - વસુમતી પારેખ |
| ૧૫. | હેમચંદ્રાચાર્ય | - પ્રકાશ વીરા |
| ૧૬. | સ્થૂલિભદ્ર | - ખુશી અદાણી |
| ૧૭. | ગૌતમ સ્વામી | - ભારતી શાહ |

### મધ્યકાળ

| | | |
|---|---|---|
| ૧. | આનંદઘનજી | - જીજ્ઞા શાહ |
| ૨. | ઉપાધ્યાય યશોવિજયજી | - સુવર્ણા જૈન |
| ૩. | જ્ઞાનવિમલસૂરિ | - વિરતિ શાહ |
| ૪. | ડુંગરશી સ્વામી | - મંજુલા મહેતા |

૫. મોહનવિજયજી - સીમા રાંભિયા
૬. વીરવિજયજી - ચંદ્રિકા શાહ
૭. ધર્મઘોષસૂરિ - હર્ષદ મહેતા
૮. પાર્શ્વચંદ્રસૂરિ - કાનજી મહેશ્વરી
૯. અજરામરજી - ખીમજીભાઈ છાડવા

## અર્વાચીનકાળ

૧. આત્મારામજી - પારુલ મહેતા
૨. વિજયવલ્લભસૂરિ - શ્વેતલ શાહ
૩. કનકસૂરિ - ગીતા શાહ
૪. બુદ્ધિસાગરસૂરિ - અલકા શાહ
૫. લબ્ધિસૂરિ - ફાલ્ગુની ઝવેરી
૬. પ્રેમસૂરિ - વિધિ શાહ
૭. પુણ્યવિજયજી - દીપક મોદી
૮. જિનવિજયજી - જ્હોની શાહ
૯. નીતિસૂરિજી - નિરાલી શાહ
૧૦. સંતબાલજી - મૂળવંત સંઘાણી
૧૧. કૈલાસસાગરસૂરિ - જોલી શાહ
૧૨. ભદ્રકરવિજયજી - ભારતી મહેતા
૧૩. પ્રાણલાલજી - અલકાબહેન અજમેરા
૧૪. કલાપૂર્ણસૂરિજી - પ્રીતિ શાહ
૧૫. જંબૂવિજયજી - દીક્ષા સાવલા
૧૬. જંબૂવિજયજી - સુદર્શના કોઠારી
૧૭. અમરેન્દ્રવિજયજી - જિતેન્દ્ર કામદાર
૧૮. ભદ્રગુપ્તસૂરિ - ઉર્વશી પંડ્યા
૧૯. મેરુપ્રભસૂરિ - ચેતના શાહ
૨૦. મહાપ્રજ્ઞજી - જશવંત શાહ
૨૧. પરમ દાર્શનિક જયંતમુનિ - ગુણવંત બરવાળિયા

## ભાગ લેનાર વિદ્વાનોની યાદી

## વિભાગીય બેઠકના અધ્યક્ષ - ડૉ. માલતીબહેન શાહ

## ૨૪મો જૈન સાહિત્ય સમારોહ - કોબા તીર્થ ખાતે
## (૧૨, ૧૩, ૧૪ જુલાઈ - ૨૦૧૮)
## જિન શાસનની મહાન સાધ્વીજીઓ

### આ વિભાગમાં આવેલ શોધ નિબંધોની યાદી

| ક્રમ | વિષય | રજૂકર્તા | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧. | સાધ્વી ચંદનબાળા | ડૉ. રશ્મિબહેન કાનાવાલા (અમદાવાદ) | ૯૪૯૯૫૧૪૨૫૦ |
| ૨. | ચંદનબાળા સજ્ઝાય | હેલી દીક્ષિતભાઈ શાહ (અમદાવાદ) | ૮૭૮૦૯૫૪૫૪૪ |
| ૩. | સાધ્વી મૃગાવતી | ધરા કીર્તિકુમાર મહેતા (ભાવનગર) | ૯૪૨૬૫૯૨૨૮૧ |
| ૪. | સાધ્વી ભદ્રામાતા | મૃદુલા હસમુખ શેઠ (અમદાવાદ) | ૯૬૮૭૩૧૧૭૫૯ |
| ૫. | સાધ્વી મદનરેખા | અમી રચિતભાઈ શાહ (ભાવનગર) | ૯૪૨૭૭૫૫૦૯૪ |
| ૬. | સાધ્વી સુનંદા અને મનોરમા | હીના દેસાઈ (મુંબઈ) | ૯૩૨૩૩૩૪૫૦૧ |
| ૭. | સાધ્વી તરંગવતી | પાયલ વી. શાહ (અમદાવાદ) | ૯૯૯૮૮૮૮૨૨૨ |
| ૮. | સાધ્વી યાકિની મહત્તરા | ડૉ. કોકિલા શાહ (મુંબઈ) | |
| ૯. | સાધ્વી પાહિણીમાતા | મીતા કેતનકુમાર ગાંધી (અમદાવાદ) | ૯૩૨૮૪૨૯૫૬૦ |
| ૧૦. | સાધ્વી ધર્મલક્ષ્મી (પદ્મલક્ષ્મી) | જિજ્ઞા જગત પાદશાહ (અમદાવાદ) | ૯૩૨૮૯૩૮૨૦૬ |
| ૧૧. | Sadhvi Padmashri | Sangita Bipin Shah (મુંબઈ) | |

| | | | |
|---|---|---|---|
| ૧૨. | રુદ્રદેવ સોમા | કૈલાસ એ. શાહ (અમદાવાદ) | ૯૯૦૯૭૧૬૦૨૨ |
| ૧૩. | અ. યોગિની પૂ. શ્રી લલિતાબાઈ મ.સ. (બાપજી) | ડૉ. ગુણવંતભાઈ બરવાળિયા (મુંબઈ) | ૯૮૨૦૨૧૫૫૪૨ |
| ૧૪. | सती शेखरा महासती सरदारांजी | विजयलक्ष्मी मुंशी ( उदयपुर ) | ૯૪૧૩૭૬૩૯૨૮ |
| ૧૫. | મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રી | જ્યોતિબહેન હર્ષદભાઈ શાહ (ભાવનગર) | ૯૪૦૮૭૮૭૧૭૯ |
| ૧૬. | સાધ્વીજી રત્નચૂલાશ્રીજી | ડૉ. નંદિની ઝવેરી (અમદાવાદ) | ૯૬૦૧૪૦૦૯૭૫ |
| ૧૭. | સાધ્વી દેવાનંદા | ઈલાબહેન શાહ (મુંબઈ) | ૮૮૫૦૯૭૧૫૨૭ |
| ૧૮. | સાધ્વી શુભોદયાશ્રીજી | પુષ્પક ઝવેરી (અમદાવાદ) | ૮૧૨૮૮૦૫૩૧૦ |
| ૧૯. | સાધ્વી શીલવતીશ્રીજી અને સાધ્વી મૃગાવતીશ્રી | જયશ્રી દોશી (મુંબઈ) | ૯૮૭૦૪૦૨૮૨૯ |
| ૨૦. | સાધ્વી પુષ્પચૂલા | કનુભાઈ શાહ (અમદાવાદ) | ૬૩૫૧૩૬૨૬૦૫<br>૯૭૨૫૮૯૩૩૫૫ |
| ૨૧. | મહત્તરા સાધ્વી મૃગાવતીજી | માલતી શાહ (ભાવનગર) | ૯૮૨૪૮૯૪૬૬૯ |

## ૨૪મા સાહિત્ય સમારોહમાં જૈન જ્યોતિર્ધર વિષય સમર્થ શ્રાવિકા અંતર્ગત ભાગ લેનાર વિદ્વાનો

### વિભાગીય બેઠક અધ્યક્ષ - ડો. સેજલ શાહ

| ક્રમ | નામ | વિષય | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧. | ડૉ. છાયાબહેન પ્રવીણભાઈ શાહ | કોશા | ૯૯૯૮૩૩૬૯૯૨<br>૦૭૯-૨૬૬૧૨૮૬૦ |
| ૨. | ડીમ્પલ નીરવ વોરા | કમલાવતી રાસ | ૭૯૯૦૧૭૩૯૬૭ |
| ૩. | શીતલબહેન મનીષભાઈ શાહ | પુન્યપાલ ગુણસુંદરી રાસ | ૯૪૨૬૪૨૫૬૦૦ |
| ૪. | ડૉ. પ્રીતિ નયન પંચોલી | હરકુંવર શેઠાણી | ૯૮૨૫૧૪૬૬૧૬ |
| ૫. | હર્ષદા જતીનકુમાર શાહ | સોમ | ૯૯૨૫૯૨૯૬૯૯ |
| ૬. | હંસાબહેન વિનયચંદ્ર શાહ | અંજના સતી | ૯૪૨૭૨૦૨૩૦૩<br>૦૨૭૮૨૨૦૮૧૦૦ |
| ૭. | શોભનાબહેન પંકજભાઈ શાહ | શ્રાવિકા રેવતી | ૯૮૨૦૯૧૫૨૧૫ |
| ૮. | ઉત્પલા કાંતિલાલ મોદી | સુલસા શ્રાવિકા | ૮૮૭૯૫૯૧૦૭૯<br>૦૨૨-૨૬૮૩૬૦૧૦ |
| ૯. | કીર્તિબહેન બી. દોશી | કામલક્ષ્મી | ૭૦૨૧૫૬૧૦૫૮<br>૦૨૨-૨૮૬૩૭૫૪૩ |
| ૧૦. | યોગેશભાઈ ભૂપતરાય બાવીશી | શ્રાવિકા મીરાંબહેન | ૯૮૨૧૨૪૧૮૪૦ |
| ૧૧. | સુબોધી સતીષભાઈ મસાલિયા | શ્રાવિકા કૌમુદી | ૮૮૫૦૦૮૮૫૬૭<br>૯૮૯૨૧૬૩૬૦૯ |
| ૧૨. | સંધ્યાબહેન બિપીન શાહ | શ્રીમતી | ૯૩૨૪૬૮૦૮૦૯ |
| ૧૩. | ડોલી કનકભાઈ અજમેરા | યશોદા | ૯૪૨૭૭૨૦૧૦૦ |
| ૧૪. | પ્રદીપભાઈ અમૃત ટોલિયા | ચેલાના રાણી | ૮૫૧૧૫૬૩૦૧૫<br>૮૭૮૦૯૩૨૮૧૨ |
| ૧૫. | તેજસ ગાંધી | ચંપા શ્રાવિકા | ૯૪૦૯૧૬૪૫૭૫ |
| ૧૬. | જેપલ શાહ | - | - |
| ૧૭. | ઉષાબહેન વોરા | અંજના સુંદરી | ૯૯૭૯૮૭૭૩૦૪<br>૦૨૭૮-૨૨૦૩૦૪૯ |
| ૧૮. | ગુણવંત બરવાળિયા | હરકુંવર શેઠાણી | ૯૮૨૦૨૧૫૫૪૨ |
| ૧૯. | પારુલ વોરા | - | - |
| ૨૦. | સુધાબહેન ગાંધી | જયંતિ શ્રાવિકા | ૯૪૦૯૧૬૪૫૭૫ |
| ૨૧. | હીનાબહેન સોદાગર | પ્રભાવતી શ્રાવિકા | ૯૧૦૪૮૫૪૫૭૫ |

